
00675

# હીરનો હીંચકો

શોભના પરમાર
જ્યોત્સના મેકવાન

વિશ્લેષક:
ડૉ. સરૂપ ધ્રુવ



# હીરનો હીંચકો

## ભાલબારાની વણકર બહેનોનાં ગીતોનું
## સામાજિક અને સાંસ્કૃતિક વિશ્લેષણ


આયોજક અને સંકલનકર્તા
શોભના પરમાર
જ્યોત્સના મેકવાન

વિશ્લેષક
ડૉ. સરૂપ ધ્રુવ



**અમી પબ્લિકેશન**
હિંગલોક જોષીની પોળ, બાલા હનુમાન,
ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

HIR NO HINCHAKO

Published by : Amee Publication
Ahmedabad-1
E-mail : navbharat@icenet.net
Visit us at : www.navbharatonline.com

પ્રથમ આવૃત્તિ : નવેમ્બર, ૨૦૦૧


© લેખિકાનાં

કિંમત : રૂ. ૧૫૦-૦૦

**પ્રકાશક :**
હસુમતી એ. શાહ
**અમી પબ્લિકેશન**
હિંગલોક જોષીની પોળ, બાલા હનુમાન,
ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧

ટાઈપ સેટિંગ :
સ્ટાઈલસ, ૨૩, જયો માળ,
ઈલોરા કોમ. સેન્ટર, અમદાવાદ-૧.

**યુનિક ઓફસેટ**
એન. આર. એસ્ટેટ, તાવડીપુરા,
શાહીબાગ, અમદાવાદ-૪.



ભાલબારાની વહાલી સહુ બહેનોને સપ્રેમ અર્પણ

## આ પુસ્તક તૈયાર કરવામાં પોતાનો ફાળો આપનાર વ્યક્તિઓ

- શોભના પરમારે વરસડા તેમજ ગાંફ – બંને ગામમાં ફિલ્ડવર્ક કરીને, સતત બહેનોના સંપર્કમાં રહીને તેમની સાથે આત્મીય સંબંધો બાંધ્યા સાથે-સાથે અલગ-અલગ વયનાં બહેનોનાં જૂથોને મળીને મૌખિક પરંપરાઓ તથા તેમના જીવનને અસરકર્તા પાસાં વિશે માહિતી એકત્ર કરી છે. ફિલ્ડમાં પડતી મુશ્કેલીઓ વેઠીને પણ માહિતી એકત્ર કરેલ છે. એમના વગર આ પુસ્તક શક્ય બનત નહીં.

  એક હજારથી પણ વધારે ગીતોને વાંચીને તેમાંથી એકસો સાઈઠ ગીતોની પસંદગીનું કાર્ય કરવામાં મદદ કરેલ છે. જેમ જેમ લખાણ થતું હતું તેમ તેમ વાંચીને સતત ટીકા-ટિપ્પણી, સલાહસૂચનો આપ્યાં છે. શરૂઆતથી માંડીને આખાય લખાણને પુસ્તકનું સ્વરૂપ અપાય ત્યાં સુધી તેમણે સંકલન કરવાનું કાર્ય કરેલ છે.

  પ્રકરણ-૩ પિતૃસત્તાક "મૂલ્યો અને લોકગીતોનું અર્થઘટન"માં "સમાજમાં ભાઈ-બહેનનો સંબંધ"ને લગતાં ગીતોનું વિશ્લેષણ કર્યું છે. પુસ્તક માટે વરસડા તથા ગાંફ ગામના નકશાઓ તેમજ પરિશિષ્ટ : ૧ તથા પરિશિષ્ટ : ૨ બનાવ્યાં છે.

- જ્યોત્સના મેકવાને એક હજાર છત્રીસ ગીતો વાંચીને તેમાંથી એકસો સાઠ ગીતોની પસંદગીનું કાર્ય કરવામાં મદદ કરેલ છે. આ પુસ્તકમાં શું કહેવા માંગીએ છીએ ? કયા મુદ્દાઓ લેવા છે ? કયો સંદેશ આપવો છે – તેનો નિર્ણય તેઓએ કરેલ છે. જેમ-જેમ લખવાનું કાર્ય થતું હતું તેમ-તેમ વાંચીને તે બાબતે સતત ટીકા-ટિપ્પણી, સલાહસૂચનો આપ્યાં છે. પાયાથી માંડીને અંત સુધીના કાર્યમાં સતત મદદ કરેલ છે.

- દર્શન સંસ્થાના સરૂપબહેન ધ્રુવ લાંબા સમયથી વિકાસલક્ષી લેખનકાર્ય સાથે સંકળાયેલાં છે. તેઓએ આ ગીતોનું વિશ્લેષણ કર્યું છે. અમારી પાસે તો ફક્ત ગીતોરૂપી કાચી સામગ્રી હતી, એ ગીતોનું વિશ્લેષણ કરીને તેને પુસ્તકરૂપી આગવો આકાર આપવાનું કાર્ય તેઓએ કરેલ છે. લખાણને વાંચીને અમે અમારી સંસ્થાની વિચારધારા પ્રમાણે ફેરફારો કરાવતાં હતાં. બીજાં ઘણાંય કાર્યનો બોજો હોવા છતાં ધીરજથી, રસપૂર્વક અને તકલીફો વેઠીને પણ અમારા કાર્યને સંપૂર્ણ ન્યાય આપેલ છે. તેઓના સહકાર વડે જ અમે આ પુસ્તક દ્વારા લોકો સુધી પહોંચી શકીશું જે માટે અમે તેઓના આભારી છીએ.

## અમે આભારી છીએ

જેઓના સહકાર વગર આ પુસ્તકની કલ્પના જ કરી શકાય તેમ નથી તેવા ભાલબારા વિસ્તારના ગાંફ તથા વરસડા ગામના વણકર બહેનોનો આભાર માનીએ છીએ કે જેઓને ખેતરનાં, ઢોરનાં, ઘરનાં કામો હોવા છતાંય અમારી સાથે બેસી મૌખિક પરંપરાઓ (ગીતો, ગરબાઓ, વાર્તાઓ, ઉખાણાંઓ, દૂહાઓ, કહેવતો, કથાઓ) ગાઈ આપ્યાં અને અમે તેને એકત્ર કરી શક્યાં.

આ પુસ્તકમાં બહેનોનાં ગીતોને મધ્યમાં રાખીને તેમનું સાંસ્કૃતિક ઘડતર કેવી રીતે થાય છે તેનું વિશ્લેષણ કરવું – આ નવો વિચાર આપવા બદલ તેમજ આખાય સંશોધન દરમ્યાન સલાહસૂચનો, નવા વિચારો તેમજ સહકાર આ કાર્ય માટે જેમણે આપ્યો છે તેવા ફા. ફ્રાન્કોનો ખાસ આભાર માનીએ છીએ.

ફિલ્ડમાં સતત બહેનોની સાથે સંપર્કમાં રહીને મૌખિક પરંપરાઓ એકત્ર કરનાર એસ્તર, જ્યોત્સના, ઉષા તથા સ્વાતિનો આભાર માનીએ છીએ. તેઓએ ફિલ્ડમાં ઘણી જ મુશ્કેલીઓ વેઠીને આ કાર્ય કરેલ છે. એક હજાર છત્રીસ જેટલી મૌખિક પરંપરાઓ એકત્ર કરવાનો યશ તેઓના શીરે છે.

બિહેવિયરલ સાયન્સ સેન્ટરના હાલના મુખ્ય સંચાલક શ્રી પ્રસાદ ચાકો તેમજ અગાઉના સંચાલક શ્રી વિજય પરમારનો અમે આભાર માનીએ છીએ કે જેઓએ આ પ્રોજેક્ટને સંપૂર્ણ સહકાર તથા ટેકો આપ્યો છે. સ્ટાફના દરેક સભ્યોનો આભાર માનીએ છીએ અને ખાસ તો તેઓનો કે જેઓએ આ પુસ્તક વાંચીને સલાહસૂચનો આપ્યાં છે.

જેઓના સહકાર વગર આ ગીતો પુસ્તકરૂપે રજૂ ના થઈ શક્યા હોત તેવા દર્શન સંસ્થાના હિરેન ગાંધી તથા સરૂપ ધ્રુવનો આભાર માનીએ છીએ.

આ લખાણને પુસ્તકનું સ્વરૂપ આપવા માટે, કોમ્પ્યુટરમાં માહિતી મૂકવા માટે સુશ્રી મીનાક્ષી, સુજા, બીના તેમજ એડ્‌મિનિસ્ટ્રેશનને લગતી સેવાઓ આપવા બદલ એડ્‌મિનિસ્ટ્રેટિવ ટીમનો આભાર માનીએ છીએ.

બિહેવિયરલ સાયન્સ સેન્ટર, એક બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થા છે જે ૧૯૭૭ની સાલથી ગ્રામ્યવિસ્તારના શોષિતો, ગરીબો, દલિતો સંગઠિત થઈ (સક્ષમ) શક્તિમાન બને એ ઉદ્દેશથી કાર્ય કરી રહી છે. ગુજરાત રાજ્યના આણંદ, અમદાવાદ, બનાસકાંઠા જિલ્લાઓમાં ૧૦૦ ગામડાંઓમાં કાર્ય કરે છે. ખંભાતના ભાલબારા વિસ્તારમાં ૪૨ ગામડાંઓમાં વણકર તથા વાલ્મીકિ સમાજ સાથે, ધંધુકામાં ૩૬

ગામડાંઓમાં વણકર તથા કોળી પટેલ સાથે, દાંતામાં ૨૨ ગામડાંઓનાં આદિવાસી સમાજ સાથે કાર્ય કરે છે.

ભાલમાં સ્ત્રીઓ સાથે છેલ્લાં દશ વર્ષથી તથા ધંધુકામાં છેલ્લાં સાત વર્ષથી કાર્ય ચાલી રહ્યું છે. આ કાર્ય કરતાં લાગ્યું કે બહેનો જે રીતે તેમની સાંસ્કૃતિક દુનિયામાં જીવે છે, જીવનની મુશ્કેલીઓને વેઠે છે અને ગમે તેવા સંજોગોમાં પણ ઉમંગથી તો કોઈ વાર દુઃખથી ગીતો તો ગાય છે પરંતુ તેની પાછળ શું અર્થ છે... આ ગીતો બહેનોને શું સંદેશો આપે છે... બહેનો પોતે આ બધું જાણે છે ? બહેનોને આ પુસ્તક દ્વારા અમે આ જણાવવા માંગીએ છીએ. આ પુસ્તકમાં ભાલનાં વણકર બહેનોનાં તથા ધંધુકાનાં વણકર બહેનોનાં ગીતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

–શોભના પરમાર

–જ્યોત્સના મેકવાન

## ''પુસ્તક વિશે બે બોલ''...

*હું શોધી રહ્યો છું ભગવાન*
*મારે કોનું ધરવું ધ્યાન ?*

ભારતીય સમાજવ્યવસ્થાનો જ્યારે જ્યારે વિચાર કરું છું ત્યારે મને થાય છે કે વર્ણવ્યવસ્થા રચવાનો વિચાર પહેલી વાર જેને આવ્યો હશે તે બ્રાહ્મણ કે સવર્ણ કેટલો કુટીલ અને નિષ્ઠુર હશે ? તેમાંય જેણે અસ્પૃશ્યતા દાખલ કરી તેની નિકૃષ્ટ મનોવૃત્તિની તો વાત જ શી ? ખરેખર કોણે આ શરૂ કરી હશે ?

'હીરનો હીંચકો' પુસ્તકમાં આવા જ પાયાના સવાલો પુછાયા છે : એક વર્ગ બીજા વર્ગનું દમન કેમ કરે ? દમન કરી શકે તેવાં શોષણકારક મૂલ્યો આવ્યાં ક્યાંથી ? 'ભેદભાવ એ આપણને મળેલો કોઈ "દૈવી વારસો" છે ?' તેમને આ 'હક્ક' કોણે આપ્યો ? એમ કરનાર કોઈ 'ભગવાન' છે ?

'હીરનો હીંચકો'માં ભાલબારા પ્રદેશના વરસડા અને ગાંફ આ બે ગામોની વણકર બહેનોના ૧૪૧ લોકગીતોનું ત્રણ ત્રણ વર્ષની જહેમત પછી શોભનાબહેન અને જ્યોત્સનાબહેને સંકલન કર્યું છે અને સરૂપબહેને નવા સમાજની રચના માટે જરૂરી સમાનતા અને માનવતાને કેન્દ્રમાં રાખી આ ગીતોનું પ્રગતિવાદી વિશ્લેષણ કર્યું છે, સરસ આસ્વાદ કરાવ્યો છે.

આ ૧૪૧ ગીતોનું વિષય વાર વર્ગીકરણ કરીએ તો અહીં લગ્ન ગીતો, કન્યાદાન, સાસુસસરાની સેવા પરનાં, મરસિયાં, ફટાણાં, ભક્તિગીતો ને ભજનો – એમ ઘણી જાતનાં ગીતો મળે છે. થોડાંક ગીતોમાં બહેનોએ હસતાં રમતાં વડીલશાહીની મશ્કરી-ટીકા કરી છે તે સાથે પિતૃસત્તાક સમાજ સામે આક્રોશ પણ વ્યક્ત કર્યો છે.

દલિત સમાજમાં પણ તથાકથિત ઉજળિયાતોની જેમ દીકરી જન્મે એ આનંદનો પ્રસંગ નથી :

*'દીકરો જનમે ત્યારે દેવળ કેવાય*
*દીકરી જનમે ત્યારે પત્થર કેવાય*
*ઓછા સે માન ઈના ઓછા સે માન'*

પિતૃસત્તાક સમાજમાં, પછી એ દલિત હોય કે સવર્ણ, સ્ત્રીનો દરજ્જો હજુય ઊતરતો જ ગણાય છે. એ માટેના બે સાચા કિસ્સા : મારી એક 'બ્રાહ્મણ' બહેનપણીનો પતિ કોઈ બીજી સ્ત્રી સાથે ઘરથી જુદો રહેવા લાગ્યો. બહેનપણીનાં

સાસુસસરા ખૂબ સારાં, એમણેય વિરોધ કર્યો. વહુને બીજી વાર પરણાવવા તૈયાર પણ બહેનપણી બાળકોને કારણે ફરી પરણવા રાજી નહીં. સાસુસસરાએ બહેનપણીને બ્યુટી પાર્લર ખોલી આપ્યું કેમકે પતિએ આર્થિક મદદ બંધ કરી હતી. બ્યુટી પાર્લર ખૂલ્યા પછી સારું ચાલવા માંડ્યું એટલે પતિએ ધાકધમકીથી બંધ કરાવ્યું, 'બ્યુટી પાર્લરો તો કહેવાના ખરેખર તો બધા ગણિકાગૃહ જ હોય છે !' બહેનપણી ભણેલી નહોતી એટલે બીજું કંઈ કરી ન શકી ને ઘરમાં ગોંધાવું પડ્યું.

આવો જ એક દાખલો માર્ટીનભાઈ મેકવાને 'નયા માર્ગ'માં મૂકેલો : બી. એ. થયેલાં એક દલિત બહેનને ત્રણેક હજારની નોકરી મળી. સામાન્ય રીતે પતિએ ખુશ થવું જોઈએ. પણ આ બહેનના પતિ દારૂ પી પડી રહેતા, કંઈ કામ ન કરતા. એ પત્નીનો વિકાસ જોઈ લઘુતા અનુભવવા લાગ્યા. એમનામાંનો પતિ જાગી ઊઠ્યો : 'કાલથી નોકરી છોડી દે.'

'શું ? પછી હું શું કરું ? છોકરાંવોને ખવડાવશે કોણ ?' જવાબમાં વર્ણાશ્રમ વ્યવસ્થા અને પિતૃસત્તાક સમાજ બંને દૂષણોના ભોગ બનેલા દલિત ભાઈ બોલ્યા, 'આપણને તો ભીખ માગવાનો અધિકાર છે. કાલથી તું ભીખ માગવા જજે !'

પણ હવે દલિતોમાં ને બધે શિક્ષણ વધ્યું છે, શહેર તરફ સ્થળાંતર વધ્યા છે, નવા વિચારો સાથેનો સંસર્ગ વધ્યો છે. તે બધાની વિધેયાત્મક અસરો અહીં મુકાયેલ ઘણાં ગીતોમાં ડોકાય છે. સવર્ણ કે દલિત બધી સ્ત્રીઓ હવે અન્યાય સામે અવાજ ઉઠાવતી થઈ છે. 'એક અભણ વર ના શોધો'નો આગ્રહ રાખનારી બહેનો છે. તે સાથે ધર્મ સામે, પથ્થરના ભગવાન સામેય આક્રોશ છે : 'હું શોધી રહ્યો ભગવાન મારે કોનું ધરવું ધ્યાન ? પથ્થરના મંદિર બનાવ્યા પથ્થરના ભગવાન.' ભગવાન કોનો ? એને ક્યાં શોધવો ? પથ્થરમાં ? વળી પથ્થરના મંદિરમાં મને (દલિતને) પ્રવેશની છૂટ નથી તેનું શું ? આવા સવર્ણો પાસે સીધો જવાબ માગતા સવાલોય અહીં ઉઠાવાય છે. ધર્મને નામે સાધુડા અમનચમન કરે છે ને 'અમને' વંચિત રાખે છે જેવો રોષ પણ અહીં દેખાય છે.

ફરી બહેનોની વાત કરીએ તો 'પિતૃસમાન આ ચીનની દીવાલોમાં બહેનો નાની મોટી તિરોડા પાડતી જાય છે.' (સ. ધુ.) એટલે 'જબરી વહુ' પર ગીત છે. વળી જેને 'ન્યાયી હુમલો' કહેવાય તેવું કરનાર મીરાંય અહીં છે. કુટુંબ ગોઠવ્યા રાણા સાથેના લગ્નનો મીરાં પાયામાંથી વિરોધ કરે છે : 'રાણો માડીજાયો વીર હો માતા મોરી' પછી રાણા સાથેનો મીરાંનો સંવાદ છે જે દબાયેલી પત્નીને સત્તાધીશ પતિને બદલે 'શોષક અને શોષિત' વચ્ચેનો છે. જેમાં મીરાં પિતૃસત્તાક સમાજ સામે ખુલ્લેઆમ બંડ પોકારી પોતાની 'સ્વાયત્તતા' સિદ્ધ કરે છે.

દિલમાં દુઃખી જાય એવાં થોડાંક ગીતોય અહીં છે. લગ્નગીતમાં કન્યાને ખૂબ ઘરેણાં પહેરાવીશું, એને મહેલાતો મળશે, મેવા-મીઠાઈ ખાશું, જેવાં જે વંચિત દલિત સમાજના ન બની શકે તેવાં 'સપનાં' જોવાય છે.

ઉજળિયાતોના આવા ખોટા અનુકરણથી આપણે બચીએ છતાં એટલું જરૂર કે આ 'સપનાય' દલિતની અસ્મિતા બતાવે છે, એમાં ઊંડે ઊંડે સવર્ણ સાથે સમાન બનવાની ઝંખના છે. ઘરેણાંથી લદાયેલી કન્યાય અહીં છે. પણ ઘરેણાંથી ઘેલછા જ



શા માટે ? સ્ત્રીઓ ઢીંગલી થોડી છે ? આપણે સરસ, વ્યવસ્થિત સગવડોવાળું જીવન જરૂર ઝંખીએ પણ સપનાં તો પૂરા સમાજમાં સમાનતા સ્થપાય ને માનવતાનું ચલણ પ્રવર્તે તેવાં જ જોઈએ. અને અહીં બહેનો ન્યાયી કાયદાના પાલન માટે ફરિયાદ આવું જ કંઈક કહે છે :

*'ભારે થઈસે કોંગ્રેસ સરકાર*
*કાયદા ક્યારે ઊઘડશે*
*પાંચના મણ ઘઉં બસોએ વેચાય સે*
*રોટલી સીની બનાવું સરકાર*
*મજૂરી કરવા બારે જઈએસીએ*
*છોકરા સીના ભણાવું સરકાર ?'*


માનવમાત્રને વિકસવા માટે જ નહીં સ્વસ્થ રીતે જીવવા માટે પણ અભિવ્યક્તિની એટલે કે મનની લાગણીઓ, દુઃખ, સુખ, રોષ, આક્રોશ, પ્રેમ, ઘૃણા બધાને વાચા આપવાની જરૂર હોય છે. અહીં ચોવીસ કલાક કામના ઢસરડાની થાકેલી બહેનો, સ્ત્રી તરીકે મળતા અપમાનથી ત્રસ્ત બહેનો, જાતીયવૃત્તિની અભીપ્સા રજૂ કરતી હિંમતવાળી બહેનો – એ સૌ માટે ગીતો રચાયાં છે, સદીઓથી ગવાતાં આવ્યાં છે. આજે વણકરબહેનોનાં ગીતો સંકલિત થયાં, કાલે ચમાર બહેનોનાય થાય, જુદા જુદા દલિત-વંચિત જૂથોનાય થાય. લોકગીતોના સંકલનની આસપાસ દલિત ચેતના ને અસ્મિતા વિકસે. એ ગીતોમાં વ્યક્ત થતી વધુ પડતી લાચારી, ઉજળિયાત મૂલ્યોનાં ખોટાં અનુકરણમાંથી બચીએ પણ સંકલન તો કરીએ જ. આવાં વધુ ને વધુ પુસ્તકો થાય તો આજની અભિવ્યક્તિ કાલના આક્રોશમાં અને કાલનો આક્રોશ પરમ દિવસના એવા પ્રયત્નોમાં પરિણમે કે જે પછી ખરું સમાજ પરિવર્તન થાય જ્યાં કોઈ વંચિત ન હોય, દલિત ન હોય, બ્રાહ્મણ ન હોય, સવર્ણ ન હોય માત્ર માનવ હોય તથા પાબ્લો નેરુદાની ચાંદા જેવડી રોટલીમાંથી બધા એક સાથે જમતા હોય ને સૌનો એક જ ધર્મ હોય : માનવ ધર્મ.

–સુવર્ણાબહેન
અમદાવાદ

## અનુક્રમણિકા



૧. ભૂમિકા ૧
૨. પ્રકરણ ૧ : પિતૃસત્તા અને સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ ૮
૩. પ્રકરણ ૨ : લોકસાહિત્ય એક સાંસ્કૃતિક જરૂરિયાત ૨૨
૪. પ્રકરણ ૩ : પિતૃસત્તાક મૂલ્યો અને લોકગીતોનું અર્થઘટન ૨૮
૫. પ્રકરણ ૪ : લગ્નની અલગ અલગ વિધિઓ અને એમાંથી પ્રગટતી વડીલશાહી ૭૫
૬. પ્રકરણ ૫ : સામંતશાહીના પડછાયા અને આપણાં આ ગીતોમાં એના પડઘા ૧૧૭
૭. પ્રકરણ ૬ : સ્ત્રીઓ અને ધર્મશ્રદ્ધા ૧૨૬
૮. પ્રકરણ ૭ : દલિત અસ્મિતાની આછેરી ઝલક ૧૬૨
૯. પ્રકરણ ૮ : નવી ક્ષિતીજો... નવો ઉઘાડ (ઉપસંહાર) ૧૬૬
૧૦. પરિશિષ્ટ : ૧ ગીતોની યાદી ૧૭૨
પરિશિષ્ટ : ૨ ગીતોનું વર્ગીકરણ ૧૮૩
૧૧. સંદર્ભ સૂચિ ૨૩૧
Notes on Writer & Contributors ૨૩૨


ભારતના નકશામાં
ગુજરાતનું સ્થાન



ગુજરાત

## ગુજરાતના નકશામાં ધંધુકા તથા ખંભાતનું સ્થાન





ગુજરાત


## ખંભાત તાલુકો


## ખેડા જિલ્લો


## ગામ વરસડા



ગુજરાત
તાલુકો ધંધુકા
જિલ્લો અમદાવાદ
ગામ ગાંફ








# હીરનો હીંચકો

**ભૂમિકા :**

ગુજરાતના ભાલબારા વિસ્તારનાં વરસડા અને ગાંફ ગામોની વણકર કોમની સ્ત્રીઓ દ્વારા ગવાયેલાં આ ગીતોને અભ્યાસ-સામગ્રી તરીકે રાખીને, એ સમાજની વાસ્તવિકતા, મૂલ્યવ્યવસ્થા, માનસિકતા અને વલણોની તપાસનો પ્રયાસ કરવા ધાર્યું છે. ખાસ તો આ ગીતોની ગાનારી બહેનો આ ગીતોમાં પોતાની કેવી છબિ ઉપસાવે છે અને પોતાનું કેવું રૂપ નિહાળે છે એ જોવાનો આશય પ્રથમ છે.

આ ગીતો એમના સમાજમાં અને આપણા સમગ્ર સમાજમાં સ્ત્રીઓની કેવી ઓળખ સ્થાપે છે એનો અભ્યાસ કરવાનો આ એક પ્રયત્ન છે. સમાજવ્યવસ્થાએ સ્ત્રીને "વસ્તુ" બનાવી દીધી છે; પણ સ્ત્રીની "વ્યક્તિ" તરીકેની મહત્તા કેવી રીતે સ્થપાય છે તે તાગવાની અહીં કોશિશ છે.

**શા માટે ગીતોની જ પસંદગી :**

આમ તો કહેવાય છે કે કોઈ પણ સમાજની સાંસ્કૃતિક ઓળખ મેળવવા માટે તેની મૌખિક પરંપરાને તપાસવી રહી – એનાં લોકવાર્તા-લોકગીતો-કહેવતો-કથાગીતો વગેરેનો અભ્યાસ કરવો જોઈએ. તો પછી અહીં, આ અભ્યાસમાં માત્ર બહેનોએ ગાયેલાં "ગીતો"ની પસંદગી શા માટે કરવામાં આવી છે એ પ્રશ્ન આરંભે જ થાય.

અમે આ ગીતોનાં સંગ્રાહક કાર્યકર્તા તેમજ અભ્યાસુઓ તરીકે કંઈક ચોક્કસ ધારણાં તેમજ વિચારોને અનુસરીને ગીતો જ પસંદ કર્યાં તે થોડી સ્પષ્ટતા શરૂઆતમાં જ થવી જરૂર જણાય છે.

કંઈ પણ કામ કરતાં કરતાં કે પછી ફુરસદની પળોમાં, કોઈ પણ સારેમાઠે અવસરે કે પછી વાર-તહેવારે; થોડાંક જણ ભેગાં થતાં જ... ગાવું, ગણગણવું કે લલકારી ઊઠવું એ સ્વાભાવિક ક્રિયા છે. ખાસ તો સ્ત્રીઓ આવું વર્તન કરતી સહજપણે જોવા મળતી હોય છે. માત્ર ગ્રામીણ કે શ્રમજીવી બહેનો જ નહીં; કોઈ પણ તબક્કાની સ્ત્રીઓમાં ગાવાને પ્રત્યે – (ગેય અભિવ્યક્તિ) સ્વાભાવિક ઝોક દેખાય છે.

આવી માનસિકતાનાં કારણે સ્ત્રીઓના મનોજગતમાં ડોકિયું કરવા એમનાં ગીતો – એ પછી પરંપરાનો વારસો હોય કે એમાં સમયે થતાં ઉમેરા-વધારા-ઘટાડા હોય – એક સાચુકલી બારી સમાં છે.

એમાંય... ગ્રામીણ-શ્રમજીવી સ્ત્રીઓ તો સમૂહમાં કે એકલદોકલ, શુભપ્રસંગે કે માઠા પ્રસંગે, કામ કરતાં કે હરતાંફરતાં ગાતી જ રહેતી હોય છે. સવારથી માંડી મોડી રાત સુધી... ચૂલો પેટાવતાં, રોટલો ઘડતાં, પાણી ભરતાં, કપડાં ધોતાં, છોકરાને નવડાવતાં, છાણાં થાપતાં, ગાય દોહતાં, છાણ-વાસીદું કરતાં, ઈંધણ-બળતણ વીણતાં, લણતાં, પૂળા-ચાર બાંધતાં કે ડાંગર રોપતાં, દળતાં, છડતાં, ઝાટકતાં, ખાંડતાં, ઢોર ચારતાં કે હાંકી લાવતાં... બહેનો તો ગાતી જ સંભળાય છે.

સ્ત્રીઓ કામ કરતાં અને એકલી એકલી પણ ગાતી રહે છે. એ એના કામને હળવું બનાવવાની કોઈ નાનીશી યુક્તિ છે. થાક ઓછો લાગે તેવું વલણ છે. પોતાને માથે આવી પડેલી ફરજો પાળવાની છે – એ ફરજોને સહ્ય બનાવવાની રીત છે. અમુક વાર એકલાં એકલાં, જાતને જાણે સધિયારો આપવા એ ગાતી હોય છે. જાત સાથે જાણે વાત કરતી હોય છે.

વાર-તહેવારે ને શુભ પ્રસંગે એ ઉમંગથી મહાલતાં પોતાનો આનંદ પ્રગટ કરવા ગાતી હોય છે. રોજના વેઠ-વૈતરાં આજે નથી, રોજની ઘટમાળામાં આજે કંઈક ફેરફાર થયો છે – એવી નાનીશી યુક્તિને પેટ ભરી માણવા એ ગાતી હોય છે. સરખેસરખી ભેગી થઈ છે એનો ઉલ્લાસ છે, એકમેકનો આનંદ વહેંચવા એ ગાતી હોય છે. રિવાજોને જાળવવા અને જીવંત રાખવા ગાતી હોય છે. વારસારૂપે મળેલી ભાષા, કહેવતો, રૂઢિપ્રયોગો જાળવતી હોય તેમ ગાતી હોય છે. તહેવારનાં કરોઠાંની વિગતો ને માહિતીઓની જાણે વહેંચણી થતી હોય છે. અરસપરસ વહેવારની આપલે પણ ગાઈને જ થતી હોય છે.

શોકની વેળાએ હૈયાંનો ભાર ઠાલવવા ગાતી હોય છે. શોકપ્રદર્શન ગાતાં ગાતાં જ થાય એમાં શોકને-મૃત્યુને જરાક તટસ્થ બનીને તપાસવાની પ્રક્રિયા થતી હોય છે. કૂટતાં કૂટતાં ગવાય ત્યારે હૈયે બાઝેલી ડૂમો મોકળો થાય છે. મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાના ભાગરૂપે આવાં શોકગીતો ગાવાની સગવડ સ્ત્રીઓ ઊભી કરી લેતી હોય છે.

આજકાલ તો મહિલા-મંડળો અને સભાઓમાં, ભેગી થતાંની સાથે બહેનોના કંઠ મોકળા થઈ જાય છે. એમાં પોતાનાં સુખદુઃખની વાતો તો ગવાય છે જ... સાથે સાથે નવા વિચારો, પ્રગતિ, વિકાસની હવા પણ એ ગીતોના માધ્યમથી જ પામતી હોય છે, વહેંચતી હોય છે.

આમ... આપણે જોતાં-જાણતાં આવ્યાં છીએ કે, જૂનાં હોય કે નવાં – જીવનના કોઈ સંદર્ભ માટે, બહેનો પાસે ગીતો છે. ગીતો ગાવાની હોંશ છે – ભાવના છે – તૈયારી છે. એમનાં જીવનને જાણવાં-પામવાં હોય તો આ ગીતો પાસે જવું જોઈએ.

## અમને લાગ્યું કે...

ભાલબારા વિસ્તારની વણકર બહેનો સાથે કામ કરતાં કરતાં અમે એમની સાથે જીવતાં ઘણાંબધાં ગીતો અમે સાંભળતાં હતાં. તક મળે ત્યારે આગ્રહ કરીને ગીતો ગવડાવતાં પણ ખરાં. આ ગીતો એમનાં જીવન સાથે વણાઈ ગયાં છે એવું લાગતાં અમને લાગ્યું કે આ ગીતો વિશે કંઈક કર્યું હોય તો ?... અમને પણ લાગણી



થઈ... સવાલો થયા કે... હા ! આ ગીત ખજાના જેવાં છે, પણ બહેનો પોતે પોતાના આ "ખજાના"ની કિંમત સમજતી હશે ? આ બહેનો આ જ ગીતો કેમ ગાય છે ? ગાતી હશે ત્યારે એમને શું થતું હશે ? ગાયાં કરે છે ત્યારે એના વિશે કંઈક વિચારતી હશે ? પોતે આવાં ગીત ગાય છે, ત્યારે બીજાંઓનાં મન ઉપર શી અસર પડતી હશે એનો એને ખ્યાલ હશે ? એ અસર કેવી હશે – એનાથી એના જીવનમાં કંઈ ફેરફાર થાય એવું છે ખરું ?... આવા અનેક સવાલો-સાથે અમે ગીતોનો અભ્યાસ શરૂ કર્યો – કહો કે પેલી બારીઓમાંથી સ્ત્રીઓનાં જીવનમાં ડોકિયું કર્યું ત્યારે શું શું સાંપડ્યું એને આ પ્રયત્નમાં સમાવવાની કોશિશ કરી છે.

આમ, આ દર્શન અમારે માટે છે, બીજાં અભ્યાસીઓ માટે પણ છે, ભાલબારા વિસ્તારમાં સમાજકાર્ય કરનારાં તાલીમાર્થીઓ માટે પણ છે અને આ ગીતોની ગાનારી બહેનો માટે પણ છે જ, કે આ અધ્યયન વાંચીને એ આપણને કહે કે આપણે એમને ઓળખ્યાં છે તે સાચું છે – ખોટું છે – સાચાની નજીક છે કે પછી કંઈક બીજું ?... ને હા ! અલબત્ત, આ વાંચીને એ બહેનો પોતે પણ ગીતોના અરીસામાં જોઈને પોતાની ઓળખ પણ પામે... નવેસરથી... એવી કોશિશ પણ ખરી જ.

## પ્રક્રિયા અને અભ્યાસ પદ્ધતિ :

ભાલબારા વિસ્તારની બહેનો દ્વારા ગવાતાં ગીતોનો સંગ્રહ સંસ્થાનાં કાર્યકર બહેને કર્યો, જેની સંખ્યા એક હજાર પંદરસો જેટલી થવા જાય છે.

એમાંથી આ અભ્યાસ માટે, કાર્યકર બહેનો તેમજ સંસ્થાનાં નિર્ણાયક જૂથ દ્વારા ગીતોની પસંદગી કરવામાં આવી.

**આ પસંદગી પાછળનો મુખ્ય માપદંડ હતો :** મૂલ્યો. સ્ત્રીઓમાં કયાં મૂલ્યો વ્યાપેલાં છે, સ્વીકારાયેલાં છે, કયાં મૂલ્યોને એ આમ ગાઈને – વરસોવરસ અને પેઢી દર પેઢી – ગાઈ ગાઈને રૂઢ બનાવતી ગઈ છે, કયાં મૂલ્યો સ્વીકારવાલાયક છે, કયાં મૂલ્યો છે જે એની ઓળખને સ્થાપે છે ને કયાં મૂલ્યોનો સ્વીકાર ને નકાર એની કોઈ નવી ઓળખને નવેસરથી સ્થાપવામાં સહાયક બની શકે ?... આમ, "મૂલ્યો" ઉપર ભાર મૂકીને, વિવિધ મૂલ્યોનો સમાવેશ થઈ જાય તેવાં સારાંશ અને સંદેશ ધરાવતાં ૧૬૦ ગીતોની અહીં પસંદગી કરવામાં આવી છે. ગીતો વણકર કોમની બહેનો દ્વારા ગવાયેલાં છે, **પરંતુ એવું નથી કે માત્ર ભાલની કે ગુજરાતના અન્ય વિસ્તારની, ફક્ત વણકર કોમમાં જ ગવાતાં આ ગીતો હોય.** વણકર સિવાયની અન્ય દલિત કોમોમાં તેમજ કહેવાતી ઉજળિયાત કોમોમાં પણ આમાંનાં ઘણાં ગીતો ગવાય છે.

એ જ રીતે, માત્ર ભાલ વિસ્તાર પૂરતાં જ આ ગીતો મર્યાદિત નથી. ઘણાં ગીતો બોલીફેર કે થોડાંઘણાં ફેરફાર સાથે ગુજરાતના અન્ય વિસ્તારોમાં પણ ગવાય છે.

આ મુદ્દાઓને ધ્યાનમાં લઈને અહીં એમ કહી શકાય કે, અભ્યાસ-સામગ્રી તરીકે પસંદ કરેલાં આ ગીતો ભાલબારા વિસ્તારનાં બે ગામોની વણકર બહેનો દ્વારા વર્ષોથી ગવાય છે. સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતા, આ સમુદાયનાં જીવન, વર્તન, વલણ

અને મૂલ્યો વિશે વધુ જાણવા માટે ઉપયોગી થઈ રહે તેવી અભ્યાસ-સામગ્રી આ ગીતોમાંથી સાંપડી શકે તેમ છે.

આ ગીતોના **પ્રથમ વાંચન પછી,** પહેલવારકા પરિચય પછી **આ ગીતો વિશે કેટલીક છાપ ઉપસે છે, કેટલાક મુદ્દા ઊભા થાય છે, જેમ કે...**

૧. બહેનો સૌથી વધુ તો લગ્નપ્રસંગે અને તેની સાથે સંકળાયેલાં ટાણાં-અવસરે ઉમંગભેર, મુક્ત મને ગાવાની તક મેળવે છે એને એનો સારી પેઠે લાભ લે છે.

૨. ગઈ સદીમાં ગવાતાં હતાં એવાં – દળણાં, ખાંયણાંનાં અલગ-આગવાં ગીતોને બદલે, વિવિધ ભાવો પ્રગટ કરતાં ગીતો બહેનો, શ્રમની વેળાએ ગાતી રહે છે – એ પછી ઘરખૂણે એકલી ગાતી હોય કે સમૂહમાં શ્રમજીવી બહેનો-ભાઈઓની સાથે ગાતી હોય – એના શ્રમ સાથે ગીતો ઓતપ્રોત થઈ ગયેલાં છે.

૩. મૃત્યુ ટાણે પણ સમૂહમાં ગાવાનો મોકો એને મળે છે, એકલદોકલ મરસિયાં ગાઈને પોતે ને બીજાંને – રોઈરોવડાવીને, હૈયાનો ભાર ઠાલવવાની, લાગણીઓ વહેવડાવી દેવાની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાની એ ભાગીદાર પણ બની શકે છે. ભલે, આ પારંપરિક અવસર હોય, એનું મહત્ત્વ ચિત્તતંત્ર સાથે ઠીકઠીક સંકળાયેલું છે.

૪. તહેવારો અને મેળાઓમાં મહાલતાં મહાલતાં એ જ્યારે ગાય છે ત્યારે એના છૂપા કોડ અને રૂઢિરિવાજને કારણે દાબી રાખવામાં આવેલા મનોભાવોને એ મોકળા મને ગાઈ શકે છે, એમાં એ ડોળ કે દંભ રાખવામાં નથી માનતી.

૫. પોતાની આજુબાજુની દુનિયા બદલાઈ રહી છે, શહેરો-ઉદ્યોગો, વાહનવ્યવહાર, વેપાર, બજાર વધી રહ્યાં છે એની સાથે સાથે એનું પોતાનું જીવન પણ એવા નવા રંગો સજાવી રહ્યું છે એ વાત એનાં ગીતોની ભાષામાં વ્યક્ત થાય છે. પૂરેપૂરા તો નહીં, પણ શબ્દોમાં, અમુક ઉપમાઓમાં કે ઉદ્‌ગારોમાં આપણી બહેનો આધુનિક જમાનાની અસર ઝીલી શકે એટલી જીવંત અને ચકોર છે.

૬. સ્ત્રીઓનાં પોતાનાં ને પોતીકાં કહેવાય એવાં આ ગીતોમાં પણ જોકે પરંપરાએ સોંપેલી – કુશળ, ઘરરખ્ખુ ગૃહિણી તરીકેની છાપ ખાસી એવી ઊભી થાય છે.

૭. અલબત્ત, ક્યાંક ને ક્યારેક ઘરસંસારની ઘટમાળમાં અટવાતી અને કામકાજની ચક્કીમાં પિસાતી સ્ત્રીની છાની પીડા પણ વ્યક્ત થાય છે તો ખરી.

૮. કુટુંબજીવન : ખાસ કરીને સાસુ, સસરા, નણંદ, જેઠ, જેઠાણી, દિયર, પિતા, ભાઈ, વેવાઈ, વેવાણ સાથેના ખાટા-મીઠા-કડવા સંબંધોની ગૂંથણી આ ગીતોનો મોટો ભાગ રોકે છે. સ્ત્રીની વાસ્તવિકતા કુટુંબજીવન સાથે ગાઢ રીતે સંકળાયેલી છે.

૯. સ્ત્રીની સ્વતંત્ર – વ્યક્તિગત ઈચ્છાઓ – કુંવારી કન્યાના કોડરૂપે, ઈચ્છાવરની ઝંખનારૂપે, હરવાફરવાની હોંશ કે સંતાનની ઝંખનારૂપે ગીતોમાં પ્રગટ થાય છે ત્યારે ક્યારેક બહુ લાક્ષણિક રીતે પરંપરાનો રંગ આ વ્યક્તિગત ઈચ્છાઓ ઉપર ચડી જતો જોવા મળે છે.

૧૦. ફટાણાંઓમાં જોકે સામાજિક માળખાં ને રૂઢ ચોકઠાંની ઠેકડી ઉડાડી શકે છે.

૧૧. એની વાસ્તવિકતા તો ગરીબી, મજૂરી, નાતજાતના ભેદભાવ અને કહેવાતા ઉજળિયાતો દ્વારા થયેલાં શોષણની છે; પણ એનું સીધું પ્રતિબિંબ લગભગ નથી



જોવા મળતું. (બેત્રણ અપવાદ સિવાય – જે પારંપરિક ગીતો નથી, નવાં છે. ઉપસંહારમાં આના વિશે વાત કરવા ધાર્યું છે.)

૧૨. બહુ લાક્ષણિક રીતે, કહેવાતાં ઉજળિયાત મૂલ્યો-માન્યતાઓ-રિવાજો-વિધિ વગેરેનો સ્વીકાર કરતાં કેટલાંક ગીતો મળે છે જે વલણ ખાસ તપાસ માગી લે છે.

૧૩. વાસ્તવમાં જે નથી મળ્યું એવા સમૃદ્ધ જીવનનાં સપનાં ગીતોમાં વણાયેલાં જોવા મળે છે. એમાંથી કહેવાતા ઉપલા સ્તરના ઉજળિયાતોની ભાષા પ્રગટે છે.

૧૪. ધર્મશ્રદ્ધાની બાબતે, લોકમાતાઓ અને કહેવાતા મુખ્ય પ્રવાહના ધર્મ-સંપ્રદાયોની દેવીપૂજાનો પ્રભાવ ઘણોબધો છે તે સ્ત્રીત્વ અને સ્ત્રી-સન્માનના મુદ્દાને સૂચવે છે.

૧૫. કહેવાતા મુખ્ય પ્રવાહનાં દેવીદેવતા-સંતો-પીરોની ભક્તિનાં ગીતોમાં પોતીકાપણું ઝાઝું નથી; એમાં તેઓ પોતાના સમાજના પુરુષોનાં પગલાંમાં પગલું મૂકતી હોય એવું સંભળાય છે.

ઉપરનાં નિરીક્ષણો વિશે વિચાર કરતાં, પ્રત્યેક ગીતની ઊંડી તપાસ કરીને આ સવાલોના જવાબો અને મુદ્દાઓનું પૃથક્કરણ કરવું – એ આખા અભ્યાસનું હાર્દ બની રહેશે. ઉપરનાં નિરીક્ષણોને મનમાં રાખીને, એનાં કારણોમાં ઊતરીને માપદંડો નક્કી કરીને, એ માપદંડોથી ગીતોના અર્થ અને સાર તેમજ ખુલ્લા ને છૂપા સંદેશ સુધી પહોંચવાનો પ્રયાસ કરીશું અને એ દ્વારા બહેનોની દેખીતી અને વણદેખીતી ઓળખ પામીશું.

**માપદંડો :**

હવે જોવાનું એ છે કે, આપણી બહેનો અને એમનાં ગીતો : એટલે કે ગ્રામીણ દલિત – શ્રમિક સ્ત્રીસમૂહ આ પરિબળો વચ્ચે કેવી સ્થિતિમાં છે.

શું આ ગીતો દ્વારા સ્ત્રીઓ...

૧. પરિસ્થિતિ અને પરિબળોનો સ્વીકાર કરે છે ?

૨. મને કે કમને, ટકી રહેવા માટે સમાધાન કરે છે ?

૩. પીડા પ્રગટ કરે છે ?

૪. અજંપો, અકળામણ વ્યક્ત કરે છે ?

૫. હસી કાઢે છે ?

૬. ઠેકડી કરીને પરંપરાનો વિરોધ કરે છે ?

૭. મનમાં ધરબાયેલો ઊભરો ઠાલવી દે છે ?

૮. આક્રોશથી વિરોધ પ્રગટ કરે છે ?

૯. જાણ્યે-અજાણ્યે પરંપરા અને શોષણનાં સાંસ્કૃતિક મૂલ્યોને બેવડાવે છે – પુનઃસ્થાપન કરે છે ?

૧૦. પોતાનો પરિવેશ બદલવાની ઈચ્છા ધરાવે છે ?

૧૧. "વસ્તુ" કે "વ્યક્તિ" – સ્ત્રી આખરે કેવી છબિ આપે છે – પોતાની ?

ઉપરોક્ત મુદ્દાઓ, પ્રશ્નો... પરિવેશ અને માપદંડોને ધ્યાનમાં લઈને આખા અભ્યાસની પ્રક્રિયા આ મુજબ છે :

**આ ગીતોની આસપાસના પરિબળો :**

૧. ગીતોની તપાસ માટેનાં પરિબળોમાં પહેલો મુદ્દો છે **પિતૃસત્તા** અથવા તો પિતૃસત્તામૂલક સમાજવ્યવસ્થા. જેમાં કુટુંબ, લગ્નસંસ્થા, શિક્ષણ, ધર્મ સંપ્રદાયો, જાહેર માધ્યમો, કાનૂની વ્યવસ્થા, રાજ્યસત્તાનો સમાવેશ થાય છે. સ્ત્રીઓ અને તેમનો સમાજ, આ સમાજવ્યવસ્થાનો એક ભાગ છે; તેથી આ મૂલ્યો સ્ત્રીઓનાં જીવન અને અભિવ્યક્તિ (ગીતો) ઉપર ચોક્કસ અસર કરે. આ માપદંડોને ધ્યાનમાં રાખીને ગીતો જોતાં જઈશું.

૨. ભાલબારાની બહેનો હોય કે ભારતની – **જ્ઞાતિ વ્યવસ્થા અને ઊંચનીચના** ભેદભાવ એ તેમની વાસ્તવિકતા છે. જીવનપદ્ધતિ, વિચારસરણી અને વલણો ઉપર આ ભેદભાવોની અસર પડતી જ હોય છે. ગીતોમાં આ ભેદભાવરૂપી શોષણનું પ્રતિબિંબ કેવું પડે છે તે જોવું જરૂરી છે.

૩. ભારત સ્વતંત્રતા પછી લોકશાહી સમાજવાદી દેશ તરીકે ઓળખાય છે. પરંતુ ભાલબારા જેવા પ્રદેશમાં, ભૂતકાળના પડછાયાસમી રાજારજવાડાંની રહેણીકરણી, ભાષા અભિવ્યક્તિ, કલા-કારીગરી અને સૌથી વધુ તો મૂલ્યો-વલણો હજી અમુક અંશે જીવતી છે. આ **સામંતી ઓછાયાથી** બહેનોનાં ગીતો પણ ઘેરાયેલાં છે. આને લીધે બહેનોનાં જીવન અને એમની ઓળખને શું શું વેઠવું પડ્યું છે તે જોઈશું.

૪. એક તરફ હજી બળદગાડાં – હળ અને કૂવા – તળાવડી-વીરડાની અભાવગ્રસ્ત જિંદગી છે તો બીજી તરફ બહુમાળી મકાનોથી ભરચક શહેરો, ઉદ્યોગોનો ધમધમાટ અને અણુ-અખતરાઓ છે. પાનમસાલાથી માંડીને મોટરકાર સુધી સેંકડો વિવિધ પસંદગીની ચીજોથી બજારો ઊભરાય છે. આ **દેખીતી આર્થિક પ્રગતિ અને બજારપ્રધાન સંસ્કૃતિની** અસરથી બહેનો કેવી રીતે અળગી રહી શકે ? આપણા અભ્યાસમાં આ મુદ્દો પણ અગત્યનો છે.

૫. સ્ત્રીઓ અને ધર્મશ્રદ્ધા.

૬. દલિત-અસ્મિતા અને સ્થાનિક સંતો, વીરનરો.

૭. નક્કર વાસ્તવ અને નવો ઉઘાડ.

આમ કુલ ૭ (સાત) વિભાગોમાં, વિષયવાર વિવિધ તાણાવાણા તપાસીશું અને એના દ્વારા મળતા સંદેશ વિશે ચર્ચા કરીશું.

**સીધી રીતે મૂકીએ તો :**

૧. કુટુંબજીવન અને સંબંધોની ગૂંથણી.
૨. લગ્નની વિધિઓ અને સંસારજીવન.
૩. સ્ત્રીની વ્યક્તિગત ઇચ્છા, જાતીય ઝંખના.
૪. સામંતી વારસો : વલણો અને વાણીમાં.
૫. ધર્મશ્રદ્ધા.



૬. દલિત અસ્મિતા અને સ્થાનિક વીરો-સંતો.
૭. નક્કર વાસ્તવ અને નવો ઉઘાડ.

છેલ્લા ખંડમાં ગીતોનું અર્થઘટન તો છે જ જેની સાથે ઉપસંહાર સાંકળી લઈને આખા અભ્યાસ-તપાસનો સારાંશ તારવવાનો પ્રયત્ન કરીશું.

**પરિશિષ્ટો :**

૧. અભ્યાસી સામગ્રી માટેનાં ગીતો (વિષયવાર વર્ગીકરણ કરેલાં)
૨. સંદર્ભગ્રંથો.

❑

## પ્રકરણ-૧

# પિતૃસત્તા અને સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ

ભાલબારા વિસ્તારની બહેનોનાં આ ગીતો ઉપરથી, જે મુદ્દો સૌથી પહેલો આગળ તરી આવે છે તે પિતૃસત્તા ! આ ગીતોમાં પ્રગટ થતાં મૂલ્યો અને પરિસ્થિતિ; સ્ત્રીઓનાં વલણ અને વર્તન... સૌ ઉપર પિતૃપ્રધાન વિચારસરણીનો પ્રભાવ ઘણો બધો છે. પિતૃસત્તા અથવા પિતૃપ્રધાન વિચારસરણી વિશેનો થોડો ઉપયોગી પરિચય મેળવીને, આ ગીતોમાં એનાથી શું થયું છે, તે જોવું જોઈશે.

❖ શબ્દકોશમાં (સાર્થ જોડણીકોશ) પિતૃસત્તાનો અર્થ છે : "પિતાનું અથવા કુટુંબના વડાપુરુષનું શાસન."

થોડાં વર્ષ પહેલાં, જ્યારે સમાજવાદી ને નારીવાદી વિચારસરણી વધુ પ્રચલિત નહોતી થઈ કે નારીવાદી દૃષ્ટિકોણથી જીવનનાં વિવિધ પાસાંનો અભ્યાસ કરવાની ખાસ શરૂઆત નહોતી થઈ ત્યાં સુધી આપણે "પિતૃસત્તા" શબ્દનો સહેલો ને સરળ અર્થ કરતા હતા – **'વડીલશાહી'** અને એનું ક્ષેત્ર હતું મોટા ભાગે આપણું કુટુંબ; ખાસ તો સંયુક્ત કુટુંબ. આપણાં કુટુંબમાં બાપુજી, મોટા બાપા કે દાદા – કુટુંબના મુખ્ય પુરુષોની મરજી અને તેમની વિચારસરણી મુજબ જ કુટુંબોનો વ્યવહાર-કારભાર ચાલતો હોય છે. કુટુંબના દરેક સભ્યે શું કરવું, શું ના કરવું તેનો બધો નિર્ણય આવા વડીલો કરતાં હોય છે. ઘર, જમીન, ખેતર, ઢોરની લેવેચ, કીમતી જણસોની ખરીદીથી માંડીને ઘરનું રાચરચીલું કે રોજ ખાવાની શાકભાજી સુધ્ધાં એમના હાથમાં હોય છે. કુટુંબનાં સભ્યોનો અભ્યાસ, નોકરી-ધંધો; તેનો નિર્ણય પણ વડીલો કરે છે. વળી, વાર-તહેવારની ઉજવણી, લગ્નપ્રસંગોની લેવડ-દેવડ, પ્રસંગની ધામધૂમ કેટલી કરવી, કેટલું ખર્ચ કરવું, કોને બોલાવવા, દરેકને શો વહેવાર કરવો, શું જમણ આપવું... તમામ બાબત વડીલો નક્કી કરે છે. રહેણીકરણી, ખાનપાન, પહેરવેશ, બોલચાલ અને રોજિંદી રીતભાત ઉપર પણ એમનું ચલણ હોય છે. આમ, કુટુંબમાં એમનું એકહથ્થું શાસન ચાલે છે અને બીજા કોઈને પૂછવાનું હોતું નથી કે બીજા કોઈએ પણ વડીલોના નિર્ણય સામે સવાલ ઉઠાવવાનો હોતો નથી, ત્યાં સુધી આ હકીકત છે કે કુટુંબમાં **'વડીલશાહી'**, **'પિતૃસત્તા'** ચાલે છે.

આજે બદલાયેલા સંદર્ભમાં, સંયુક્ત કુટુંબો તૂટવા-વિખેરાવા લાગ્યાં છે. નવાં, વિભક્ત કુટુંબોમાં ઘરગથ્થુ નિર્ણયોમાં સ્ત્રીઓને હવે પુછાતું થયું છે. પણ મુખ્ય દોર



તો પુરુષના હાથમાં જ જોવા મળે છે. અને વાર-તહેવાર પ્રસંગે તો કહેવાતું વિભક્ત કુટુંબ, પાછું મૂળ સંયુક્ત કુટુંબની શિસ્તનું પાલન કરે છે. ભાગ્યે જ સ્વતંત્ર નિર્ણયશક્તિ યુવાન પેઢી કે સ્ત્રીઓના હાથમાં જોવા મળે !

પણ પિતૃસત્તાનું કેન્દ્ર માત્ર કુટુંબ જ નથી. એ બહાર વિસ્તરે છે. વિવિધ એકમો અને સંસ્થાઓ રૂપે અને સમગ્ર રીતે જોતાં આખા માનવસમાજને પોતાની પકડમાં બરોબર જકડી રાખે છે.

ગામનું પંચ, જ્ઞાતિનું પંચ, પોલીસખાતું, ગ્રામપંચાયત, વિકાસ અધિકારી અને એવી સરકારી કચેરીઓથી માંડીને સચિવાલય વિધાનસભાથી માંડીને સંસદ સુધી પિતૃસત્તાની બોલબાલા દેખાય છે.

ખેતીનાં કામમાં સ્ત્રીઓ-યુવાનો સૌનો ફાળો હોય છે, પણ "જગતનો તાત" અને "અન્નદાતા" તો ખેડૂત-ઘરનો મુખ્ય પુરુષ જ ગણાય છે. કારીગરી ધંધા – નાના ઉદ્યોગોમાં સ્ત્રી-પુરુષ બન્ને કામ કરે છે ને સ્ત્રીઓના ટેકા વગર કદી ચાલતું નથી, છતાં નિર્ણયોનો અધિકાર પુરુષોનો હોય છે ને સંપત્તિની માલિકી પણ પુરુષની. મોટા ઉદ્યોગોમાં કે મોટા વેપારી સાહસોમાં સ્ત્રીઓ ભાગ્યે જ પડી શકે છે કેમ કે એને માટે એ દિશા મોટે ભાગે બંધ રાખવામાં આવી છે અને પરંપરા તો પુરુષોને જ 'ઉદ્યોગપતિ' કહેતી આવી છે. જોકે આજના જમાનામાં મહિલાઓ ઉદ્યોગ માટે આગળ આવતી દેખાય છે; છતાં માનવવસતીના કેટલા ટકા ? અને તે પણ સમાજના કહેવાતા ઉપલાં સ્તરમાંથી જ !

આમ જોઈએ તો... કુટુંબથી માંડીને આખા સમાજ સુધી વડીલો, વડીલ પુરુષો, પુરુષોની સત્તા જોવા મળે છે. આ કોઈ "જાતિનું" – એટલે કે આખી "પુરુષજાતનું કાવતરું" નથી, પણ સમાજવ્યવસ્થાને ઠરીઠામ કરવાના, વ્યવસ્થિત અને નિયંત્રિત રાખવાના ખ્યાલનાં, એ મુજબનાં વલણ અને વર્તન તેમજ અમલીકરણનાં પરિણામો છે. અલબત્ત, આ ખ્યાલોએ પુરુષોને – એક વર્ગને વધુ ફાયદો અપાવ્યો છે એ હકીકત છે.

જોકે આપણા સમાજમાં ધનિકો, કહેવાતી ઉપલી જ્ઞાતિઓ પણ આવા ચોક્કસ વર્ગના હિતોનો જ લાભ ખાટતા આવ્યા છે.

આ તબક્કે પ્રશ્ન થાય કે આવાં શોષણકારક મૂલ્યો આવ્યાં ક્યાંથી ? એક વર્ગ બીજા વર્ગનું દમન કેમ કરતો થયો ? વર્ગની સાથે સાથે જાતિ સ્ત્રી-પુરુષ) અને જ્ઞાતિના ભેદભાવો પણ આ જ રીતે દમન અને શોષણના સંબંધો ધરાવે છે. શું સમાજની ઠેઠ શરૂઆતથી આ જ સ્થિતિ હતી ? – ભેદભાવ એ આપણને મળેલો કોઈ 'દૈવી વારસો" છે ? "સર્જનહારની દેણ" છે ? કર્મનાં ફળ કે પાપ-પુણ્ય જેવાં તત્ત્વોનો એમાં ફાળો છે ?... આ ને આવા સવાલો સમાજ સાથે કામ કરનારાં, સમાજ વિશે અભ્યાસ કરનારાં, સમાજ વિશે ચિંતા કરનારાં... સૌને થાય.

જેના જવાબો માનવસમાજ અને સભ્યતાના ઇતિહાસમાંથી શોધી શકાય. સમાજવાદી વિદ્વાનોએ સો-સવાસો વર્ષોથી આ તપાસ માંડી દીધી છે. છેલ્લાં પચીસેક વર્ષથી નારીવાદી વિદ્વાનો પણ આ દિશામા મથી રહ્યાં છે. ગઈ સદીમાં જ સમાજવાદી વિદ્વાનોએ પોતાના ઊંડા અભ્યાસ પછી જાહેર કર્યું, જેમાં સંસ્કૃતિવિજ્ઞાન-

નૃતત્વવિજ્ઞાન, પુરાતત્ત્વ અને ભાષાવિજ્ઞાન જેવાં વિજ્ઞાનો – શાસ્ત્રોએ આ પ્રશ્નનો તાગ મેળવવામાં સહાય પણ કરી છે. આ અભ્યાસોમાંથી જાણવા મળે છે કે આજે જે પિતૃસત્તાક સમાજવ્યવસ્થા છે તેની પહેલાં, હજારો વર્ષ પહેલાં, માતૃસત્તામૂલક સમાજવ્યવસ્થા હતી. કેવો હતો એ સમાજ ?

**માતૃસત્તામૂલક સમાજવ્યવસ્થા :**

અલબત્ત, ત્યારે માણસ જાત તેની સભ્યતાના સાવ પ્રાથમિક તબક્કામાં હતી. જંગલોમાં-પર્વતોની ગુફાઓમાં માણસજાત કબીલાઓ-સમૂહોમાં-ટોળાઓમાં જીવતી હતી. સ્ત્રીઓ પોતાની પ્રજનનશક્તિને કારણે બીજાઓ દ્વારા માનપૂર્વક-આશ્ચર્યપૂર્વક જોવાતી હતી. પોતાની સંતતિ, પોતાના કબીલાનું ભરણપોષણ કરવાની જવાબદારી માતાની હતી. પુરુષ સભ્યો તેને શિકાર કરવામાં મદદ કરતા. પ્રજનનક્રિયામાં મદદ કરતા. 'નેતા' માતા હતી. સંતાનો માને નામે ઓળખાતાં હતાં. ત્યારે ભૂખ, ભય અને પ્રજોત્પત્તિ સિવાય સમાજ સામે બીજા પ્રશ્નો, બીજાં કર્તવ્યો નહોતાં અને આ તમામ માટે નિર્ણયકર્તા "માતા" હતી; વડીલ "સ્ત્રી" હતી.

પણ પ્રત્યેક વ્યવસ્થા બદલાતી થવા ઈચ્છે છે. પ્રત્યેક સમાજ પણ પોતાની સ્થિરતા ઝંખે છે. સદીઓ વીતતાં, સ્ત્રીની પ્રજનનશક્તિનો "ચમત્કાર" લોકોને સમજાઈ ગયો. આ વિશિષ્ટ શક્તિ એ સ્ત્રીની શારીરિક અવસ્થા, પરિવર્તનશીલ પ્રક્રિયા હતી એ પણ સમજાઈ ગયું. આ "શક્તિ" સ્ત્રીની "મર્યાદા" પણ હતી જ. જેને કારણે તેની હેરફેર, મુક્તિ, કામ કરવાની તાકાત ઉપર પણ અસરો પડતી હતી. પ્રસૂતિ અને તે પછીનો ગાળો, એ પહેલાંની જેમ મહેનત કે હેરફેર નહોતી કરી શકતી. બાળકના ઉછેર પાછળ પણ એનાં સમય-શક્તિ રોકાય છે એ પ્રગટ થતું ગયું.

**વ્યવસ્થા બદલાય છે : કર્તાહર્તા 'મિલકત' બને છે !**

સ્ત્રીની નેતાગીરી જાણે ઊણી પડતી હતી ને સમાજને આગળ વધવું હતું. સ્ત્રીની અશક્તિ અને મર્યાદાઓને કારણે વ્યવસ્થા અને નિર્ણયશક્તિ પુરુષોના હાથમાં આવતી ગઈ. સમાજને નિયંત્રિત અને વ્યવસ્થિત કરવાના ખ્યાલથી કબીલાઓ તૂટ્યા ને પ્રાથમિક અવસ્થામાં કુટુંબો શરૂ થયાં. પ્રજનન અને જાતીયજીવન વિશે પુરુષ સમુદાયે નિર્ણય કર્યાં અને પુરુષની મરજી અને નિર્ણયશક્તિ હેઠળ સ્ત્રી દ્વારા કુટુંબની વૃદ્ધિ અને કુટુંબની જાળવણીની કામગીરીની શરૂઆત થઈ. હવે પુરુષો સ્ત્રીઓને પસંદ કરીને પોતાના સંતાનોની માતા બનાવતા થયા. ટૂંકમાં, લગ્નસંસ્થાની શરૂઆત થઈ. પશુપાલન અને ખેતી જેવાં વ્યવસાયો પણ પુરુષના નિર્ણય હેઠળ આવતા ગયા. આદિમ અવસ્થાની નેતા – નારી માત્ર પોતાના કબીલાનું પેટ ભરવા શિકાર અને ખેતી કરતી હતી. હવે પુરુષે એ જ ઉત્પાદન દ્વારા ભરણપોષણ ઉપરાંત વેચાણની વ્યવસ્થા પણ ગોઠવી. આમ પુરુષ દ્વારા જમીન-ખેતર-ઢોર-કુટુંબની સાથે સાથે સ્ત્રી પણ મિલકતરૂપ બની ગઈ. એનું રક્ષણ અને પાલનપોષણ પુરુષના અધિકારની નીચે આવ્યું. શરૂઆતના તબક્કામાં એકમેકની મિલકતની સાથે સાથે સ્ત્રીની ખેંચતાણ,



હત્યા, અત્યાચાર અને હાથબદલો શરૂ થયો. મિલકત-વસ્તુનાં રૂપમાં સ્ત્રીનું સ્થાન નિશ્ચિત થયું.

પુરુષે જ્યારે નિર્ણયનો દોર હાથમાં લીધો ત્યારે, વધુ સંતાનપ્રાપ્તિ કરવા અને અન્ય મિલકતની સાચવણી કરવા, વધુ શ્રમ કરીને, વધુ ઉત્પાદન મેળવવા એ વધુ સ્ત્રીઓને પરણતો થયો. એક કરતાં વધુ પત્નીની પ્રથા શરૂ થઈ. પતિને પોતાનો બનાવી રાખવા, ખુશ રાખવા સ્ત્રીઓ-સ્ત્રીઓ વચ્ચે સ્પર્ધાભાવ શરૂ થયો. સ્ત્રીની સુંદરતા, નાજુકાઈ, લાગણીશીલતા જેવા ભાવો ઉપર ભાર મુકાતા થયા. સામે પક્ષે સ્ત્રીમાં પણ સલામતીપ્રિયતા, આધીનતા અને સેવાભાવના જેવા ભાવો દૃઢ થતા ગયા. આમ કુટુંબ અને સમાજ : બન્ને તરફ પુરુષ વર્ગ, સમાજનાં અન્ય પાસાંને પણ પોતાની નિર્ણયશક્તિ અને વિચારસરણીથી કાબૂમાં લેવા માંડ્યા અને આખીય સમાજવ્યવસ્થા ઉપર ધીમે ધીમે પુરુષ વર્ગની વિચારસરણી અને સત્તાની પકડ વ્યાપી ગઈ અને વ્યવસ્થાનો એ સ્વભાવ-ગુણ છે કે સ્થાયી બનવા, સ્થિર થવા માટે શક્તિશાળી વર્ગ, શક્તિહીન કે ઓછા શક્તિશાળી વર્ગ ઉપર દમન કરે, તેનું શોષણ કરે. **આમ, સેંકડો વર્ષોથી આવી કહેવાતી સ્થાયી, સ્થિર પણ દમનકારી, શોષણકારી વર્ગીય – જાતીય હિત ધરાવતી વ્યવસ્થા અમલમાં આવી, જેની પાછળનું મુખ્ય પરિબળ હતું પિતૃસત્તાક વિચારસરણી.**

આ વિચારસરણીએ સમાજનાં બીજાં કયાં કયાં પાસાંને આવરી લીધાં તે જોવું મહત્ત્વનું છે કેમ કે ત્યારે જ વધુ સ્પષ્ટતા થશે કે સેંકડો વર્ષોથી, માત્ર કુટુંબમાં જ નહીં – બહાર પણ અને આસપાસ પણ... સ્ત્રીઓનું સ્થાન કેમ નીચે ઊતર્યું – કેવું બન્યું – એની વર્તમાનમાં શી હાલત થઈ !...

## પિતૃસત્તાક વિચારસરણી હેઠળનાં સમાજનાં અન્ય ક્ષેત્રો

### ૧. કુટુંબની અંદર – સ્ત્રીની પ્રજનનશક્તિ :

આપણે જોયું કે એક કાળે જે શક્તિના પ્રતાપે સ્ત્રી માતૃકા-દેવીરૂપે પૂજાતી હતી, જગત ઉપર શાસન કરતી હતી અને સૃષ્ટિના સર્જનહારની કક્ષાનું માનપાન પામતી હતી તે જ શક્તિ – પ્રજનનશક્તિના કારણે સ્ત્રી પિતૃસત્તાની આશ્રિતા બની ગઈ. સ્ત્રીની જાતીયતા, શારીરિક ઈચ્છાઓ અને સંતાનોત્પત્તિને કાબૂમાં લેવા માટે લગ્ન વ્યવસ્થાની શરૂઆત થઈ. એમાં સ્ત્રીને ખુશ રાખવા, વશમાં રાખવા સુંદરતા વગેરે માપદંડો નક્કી કરવામાં આવ્યા. સ્ત્રીની ઈચ્છાઓ-રુચિઓને ચોક્કસ રીતે વાળવામાં આવી. લગ્નજીવનનાં પરિણામરૂપ બાળકો પાછળ પિતાનાં નામ લાગવા માંડ્યાં. પિતૃવંશના વારસદાર માટે દીકરાના જન્મની ઈચ્છાએ લગભગ ઘેલછાનું રૂપ ધારણ કર્યું. હિંદુસમાજની વાત કરીએ તો "દીકરા"ને વંશવારસ, નર્કમાંથી તારનાર અને માબાપના પાલનહાર તરીકે એટલું બધું મહત્ત્વ આપી દેવામાં આવ્યું કે સદીઓથી "દીકરી"ને ઓછો આવકાર મળે, એને દૂધપતી કરવામાં આવે અને આજે આધુનિક વિજ્ઞાન-યુગમાં ગર્ભમાં જ સ્ત્રી-ગર્ભની હત્યા કરવામાં આવે છે. બીજી બાજુ

પાખંડી ધર્મગુરુઓ પુત્રજન્મની ધાર્મિક વિધિઓ કરાવીને રાજાથી માંડી રંકને છેતરતા ફરે. દીકરો આપી ન શકનારી સ્ત્રીને માથે શૉક્યની તલવાર સતત લટકી રહે. વધુ દીકરીઓની માને માથે સાપના ભારા જેટલો ભાર હોય છે. સ્ત્રીએ કેટલાં બાળકને જન્મ આપવો, એ નિર્ણય મોટે ભાગે પતિ અથવા અમુક જગ્યાએ ઘરની વડીલ સ્ત્રી-સાસુના હાથમાં હોય છે. ગર્ભધારણ કરવો કે ન કરવો, સંતતિ નિયમન કરવું કે ન કરવું, કયાં સાધનો વાપરવાં, ઑપરેશન કોણે કરાવવું : પુરુષ કે સ્ત્રીએ... આ નિર્ણયો પતિના કે પતિપક્ષના હાથમાં હોય છે. પિતૃસત્તાના એક મહત્ત્વના કાર્યક્ષેત્રસમી ધર્મસત્તા પણ આ બાબતમાં બેધડક દખલગીરી કરતી આવી છે. હિંદુશાસ્ત્રો અને કૅથોલિક ચર્ચ આનાં જાણીતાં ઉદાહરણો છે. સ્ત્રી સમાજની વૃદ્ધિ કરનાર છે એ આનું મુખ્ય કારણ છે. આ તો થઈ પ્રજનનશક્તિની વાત, પણ કુદરતી કારણસર બાળકને જન્મ આપી શકવા અસમર્થ સ્ત્રી પણ બદનામ થાય છે ! "વાંઝણી" જેવી ગાળથી માંડીને, સવારે મોં ન જોવાય – નામ ન લેવાય એવી – અપશુકનિયાળ સ્ત્રી તરીકે જીવવું પડે છે. સમાજમાં ને કુટુંબમાં એનો દરજ્જો ઊતરી જાય છે. આવાં મૂલ્યો ને વલણોને લઈને, સ્ત્રી જાણે "વ્યક્તિ" નહીં, પણ બાળક પેદા કરનારું મશીન ન હોય... એવી હદે એને ઉતારી પાડવામાં આવી છે.

**૨. કુટુંબની અંદર અને બહાર – સ્ત્રીની ગતિશીલતા/હલનચલન :**

સ્ત્રીની જાતીયતા અને પ્રજનનશક્તિ ઉપર નિયંત્રણ રાખવા માટે એના હરવાફરવા ઉપર અંકુશ રાખવો જરૂરી બની જાય છે. પિતૃસત્તાક વલણોએ સ્ત્રીની આ સ્વતંત્રતા ઉપર ખાસી મોટી તરાપ મારી છે. માન, મર્યાદા, આમન્યા, શિયળની રક્ષાનાં કારણો આપીને સ્ત્રીને લાજ (ઘૂંઘટ), બુરખો, પડદા પ્રથા આપીને ઘરની ચાર દીવાલોની અંદર જ એની દુનિયાને બાંધી દીધી છે. ઘરની બહારનાં વિશ્વ સાથે એનો નાતો કાપી નાખ્યો છે. કામમાં પણ ઘરનાં કામ સ્ત્રીને ભાગે અને બહારનાં કામ પુરુષોને ભાગે – એવી વહેંચણી મોટા ભાગના સમાજોમાં જોવા મળે છે. સાંજ પછી ઘરની બહાર ન જવાય, એકલદોકલ તો ક્યારેય-ક્યાંય ન જવાય, પરપુરુષ કે અજાણ્યા પુરુષો સાથે વાતચીત ન કરાય જેવી બાબતો સ્ત્રીની ગતિશીલતા પરના અંકુશો છે. માત્ર કહેવાતા પછાત-નિરક્ષર કે ગ્રામીણ સમાજની જ આ બાબત નથી. શહેરનાં કહેવાતાં શિક્ષિત – આગળ પડતાં કુટુંબોમાં પણ કિશોરવય વટાવી ચૂકેલી દીકરીઓ, ભલે ભણે-ગણે પણ શાળા-કૉલેજના સમય સિવાયના સમયે થતી પ્રવૃત્તિઓ, પ્રવાસ-પર્યટનો ઉપર તો કાપ જ મૂકવામાં આવે છે. નોકરી કરતી સ્ત્રીઓ પણ નોકરીનાં સમય અને સ્થળની મર્યાદામાં રહીને જ બહાર નીકળી શકે છે. આવું નિયંત્રણ સદીઓથી સ્ત્રીઓના વિકાસમાં મોટામાં મોટી આડખીલી બનતું રહ્યું છે. પિતૃસત્તાએ રક્ષણ અને પોષણના બહાને સ્ત્રી ઉપર લાદેલાં આ નિયંત્રણો અન્યાયી કે એકપક્ષી છે. એક જ કુટુંબનાં દીકરા-દીકરી માટે, ઉછેરના અલગ અલગ માપદંડોથી શરૂઆત થાય છે અને મોટપણે સ્ત્રી-પુરુષ ભેદભાવ જેવાં ઊંડાં દૂષણોનાં મૂળિયાં આ નિયંત્રણનાં પરિણામે જ મનમાં ને સમાજમાં નખાય છે, પોષાય છે અને ફેલાય છે.



**૩. આર્થિક ક્ષેત્રે, ઉત્પાદનનાં સાધનો અને મિલકતનો અધિકાર :**

કહેવાય છે કે સમાજમાં, ખેતીની શરૂઆત સ્ત્રીએ કરી હતી.. પણ આજે ?... સ્ત્રી ખેતરની માત્ર મજૂર બની ગઈ છે. જમીનની માલિકી, ઉત્પાદનની આવક, ભાવ નક્કી કરવા... જેવા મુદ્દે સ્ત્રીનો કોઈ અધિકાર રહ્યો નથી. એ સિવાય ઉદ્યોગ-ધંધાઓ પણ પુરુષને હસ્તક છે. પ્રસૂતિ, બાળઉછેર, ઘરકામ જેવાં કારણો આપીને સ્ત્રીને ઉદ્યોગ-ધંધાના સાહસોથી દૂર રાખવામાં આવે છે. ગૃહઉદ્યોગ, હસ્તકલા-કારીગરી ક્ષેત્રે પણ સ્ત્રીઓ મોટા ભાગનું ઉત્પાદન કરતી હોય છે. પણ ભાવનિયંત્રણ-બજારવ્યવસ્થા – વેચાણ-ખરીદી અને આવક ઉપર પુરુષના નિર્ણયો અને પુરુષનો અધિકાર ચાલતો હોય છે. આ સિવાય પણ, મિલકતના અધિકારના કાયદા થયા હોવા છતાં – સામાજિક ડર અને પોતાની કેળવાઈ ચૂકેલી માનસિકતાને કારણે સ્ત્રીઓ આવા અધિકાર મેળવવા આગળ આવતાં ડરે છે – આવવાનું પસંદ કરતી નથી. પરિણામે આશ્રિતતા, આર્થિક લાચારી અને શોષણનાં ભોગ બનવું પડે છે. અમુક સમાજોમાં દહેજની પ્રથા, આણાં-જીયાણાંના રિવાજો સ્ત્રીની આ આર્થિક પરાધીનતાનાં જ પરિણામો છે, જેને કારણે સ્ત્રીને માત્ર આત્મગૌરવ જ નહીં, જીવ પણ ગુમાવવો પડે છે !

ઉપરાંત, કામના સ્થળે પુરુષોની સરખામણીએ ઓછું વેતન માત્ર ગરીબ-શ્રમિક સ્ત્રીઓનો જ પ્રશ્ન નથી. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં પણ સ્ત્રીઓની નોકરી, વેતન, આબરૂ... કશાંની સલામતી નથી આપવામાં આવતી. અમુક સ્થળે સ્ત્રીને ઓછું વેતન ચાલે – તેથી સ્ત્રીકામદારોની ભરતી કરવામાં આવે છે. તે નમ્રતાથી વર્તે છે. યુનિયન બનાવતી નથી તેથી હંગામી ધોરણે રાખી મૂકવામાં આવે છે. પ્રસૂતિ વગેરેની રજાઓ માંગ્યા છતાં મળતી નથી; ત્યારે ઊલટું એને નોકરી ગુમાવવાનો ભય હોય છે. બઢતી, બદલી જેવા પ્રશ્નો તો સતત સંકળાયેલા જ છે. આથી જ સ્ત્રીઓ નર્સ, શિક્ષિકા જેવા વ્યવસાયોમાં વધારે જોવા મળે છે અને અમેરિકા-યુરોપના કહેવાતા વિકસિત દેશોમાં પણ વ્યવસાયિક ક્ષેત્રે સ્ત્રીનું સ્થાન પુરુષોથી ઊતરતું અને અસલામતીભર્યું જ જોવા મળે છે.

સંયુક્ત રાષ્ટ્ર સંઘના (યુ.એન.ઓ.) માહિતી-આંકડા ચોંકાવી દેનારા છે : દુનિયામાં કરવામાં આવતા કામના કલાકોના ૬૦ ટકાથી વધુ કલાકોનું કામ સ્ત્રીઓ કરે છે, પણ તેની સામે તેઓને દુનિયાની કુલ આવકમાંથી ૧૦ ટકા જ વળતર મળે છે. વિશ્વની કુલ મિલકતોમાંની માત્ર ૧ ટકા પર જ સ્ત્રીઓનો અધિકાર છે.

**૪. ધર્મ :**

જગતના મોટા ભાગના ધર્મો પિતૃપ્રધાન વિચારસરણી ધરાવે છે. કેમ કે ધર્મો સમાજને નિયંત્રિત કરવા, વ્યવસ્થિત બનાવવા, સ્થિર અને સુખી બનાવવા માટે અથવા તો એવી કલ્પનાપૂર્વક રચાયા છે, સ્થપાયા છે. શરૂઆતથી જ સ્ત્રીઓ કરતાં પુરુષોની સ્થિરતા અને સ્થાયીપણાને ઉચ્ચતા આપવામાં આવી હોવાથી ધર્મક્ષેત્રે પણ એ જ બન્યું છે. બલકે કહી શકાય કે કુટુંબ-અર્થવ્યવસ્થા-રાજ્યવ્યવસ્થા આદિની વિચારણા

પર ધર્મસત્તાએ આખરી મહોર મારી આપી છે. આખા જગતના ધર્મોની વિધિઓ, કર્મકાંડ, યજ્ઞો, આદેશો, સંસ્કારો, ઉપદેશ આપવાનું કામ પુરુષપુરોહિતો – પૂજારીઓ-આચાર્યો-ગુરુઓ-બાપુઓ-ભગતો-ભૂવાઓ-સ્વામીઓના હાથમાં છે. સમાજવ્યવસ્થા બદલાતી હોય, રાજ્યવ્યવસ્થા બદલાતી હોય ત્યારે ત્યારે ધર્મસત્તાએ પણ પવન પ્રમાણે પીઠ ફેરવી છે. પોતાનું હિત જળવાય તેવી સવલતો લઈ લીધી છે, અધિકારો અબાધિત અને સુરક્ષિત રાખ્યા છે અને સ્ત્રીઓ જેવા આખા વર્ગ વિશેનાં વલણોને 'જૈસે થે' રાખીને, સામાજિક/જાતીય ભેદભાવ પણ 'જૈસે થે' રાખવામાં મોટો ફાળો આપ્યો છે.

કૌટુંબિક અને સામાજિક સંબંધોનું સંચાલન સીધી યા આડકતરી રીતે ધર્મસંસ્થાના હાથમાં જ હોય છે. લગ્ન, છૂટાછેડા, સંતાનઉત્પત્તિ, વારસાહક – જેવા મુદ્દા ધર્મ ઉપર આધારિત છે. જે તે ધર્મસંપ્રદાયના પાલનકર્તા લોકોએ ઉપરોક્ત બાબતે, પોતપોતાનાં શાસ્ત્રોની આજ્ઞાને માન્ય રાખવી પડે છે. મનુસ્મૃતિ વગેરે સ્મૃતિઓ, બાઈબલ, કુરાન, તૌરાહ, અવેસ્તા – આદિ ધર્મગ્રંથોની આજ્ઞા મુજબ ઉપરોક્ત સામાજિક સંબંધોનું નિયમન થાય છે. કેથોલિક ધર્મમાં છૂટાછેડા "ધર્મ વિરુદ્ધ" છે, કે હિંદુ ધર્મવિધિ મુજબ પુરોહિત દ્વારા કરાવેલાં વિધિસરનાં લગ્નને જ "કાયદેસર" ગણાય છે. એ દાખલા તો જગજાહેર છે. પુત્ર સંતાનનું મહત્ત્વ એશિયાના તમામ ધર્મોમાં છે.

વલણોની બાબતે જોઈએ તો દરેક ધર્મમાં ઓછાવધતા અંશે "બ્રહ્મચર્ય"નું મહત્ત્વ આંકીને, પવિત્ર આધ્યાત્મિક જીવન માટે સ્ત્રીને 'પ્રલોભનનું મૂળ" કહી છે. "નારી નર્કની ડોકાબારી" કે "પાપનું મૂળ સ્ત્રી" જેવી કહેવતો પ્રખ્યાત છે. તમામ ધર્મોમાં સૃષ્ટિના આરંભની કથામાં મોટેભાગે પુરુષને સ્ત્રીથી ચડિયાતો, પ્રથમ માનવામાં આવ્યો છે. ક્યારેક માતૃદેવીઓની પૂજા થતી હતી પણ પછી તો મોટાભાગની "દેવીઓ"ને દેવોની "પત્ની" બનાવીને, પગ દબાવતી પણ દેખાડાઈ છે. ખુદ સર્જનહારે પણ ભેદભાવ સર્જ્યા છે એવી ફિલસૂફી ઠાંસીઠાંસીને આપવામાં આવે છે. મોટાભાગના ધર્મોમાં પુરુષના જેટલો જ મોક્ષનો અધિકાર સ્ત્રીને નથી ! બૌદ્ધધર્મ જેવા સમતાવાદી ધર્મમાં પણ આ બેવડાં ધોરણ જોવા મળે છે !

સર્વસાધારણ સમાજમાં જોઈએ તો પાપ, પુણ્ય, વ્રત, ઉપવાસ, કરોઠાં, પારંપરિક અનુષ્ઠાનો સ્ત્રીએ જ પાળવાનાં ! દાન-યાત્રાનું પુણ્ય, યજ્ઞ-તપસ્યાનું પુણ્ય જો પુરુષની "સહધર્મચારિણી" હોય તો જ મળે ! સ્ત્રીનો સ્વતંત્ર ધર્મ ન હોય. સાસરીનો ધર્મ તે એનો ધર્મ ! એનાથી અલગ પડવા જાય એને મીરાંબાઈની જેમ દેશવટો મળે કે ઝેરનો પ્યાલો પીવો પડે !

ટૂંકમાં ધર્મસંસ્થાએ સ્ત્રીઓને – એમના વિકાસને – અટકાવી રાખ્યા છે, રૂંધી રાખ્યા છે અને એની આંતરિક સમૃદ્ધિ ઉપર ખાસી પક્કડ જમાવી રાખી છે. અહીં એટલું ઉમેરીને મુદ્દાને સમેટીએ કે સ્ત્રીઓની જેમ જ, કહેવાતી નિમ્ન જ્ઞાતિઓ ઉપર – ભારતમાં ધર્મસત્તાએ આટલું ને આથીયે વિશેષ દમન કર્યું છે – શોષણ કર્યું છે. ધર્મોએ માનવ-અધિકારો પર મારેલી તરાપ અલગ અભ્યાસનો વિષય બની જાય છે !



### ૫. ન્યાયતંત્ર :

ઉપલા મુદ્દામાં જણાવ્યું તેમ, પારંપરિક રીતે – સ્ત્રીઓને – કુટુંબ-સમાજને લગતા કાયદાકાનૂન મોટેભાગે શાસ્ત્રપરંપરાને અનુસરે છે. એ "પર્સનલ લૉ" કહેવાય છે. કેટલાક ફાયદાકારક છે પણ મોટાભાગના "પર્સનલ લૉ" તમામ ધર્મની સ્ત્રીઓ માટે શોષણકર્તા છે.

ભારત જેવા દેશની વાત કરીએ તો સ્વતંત્ર ભારતના બંધારણે સમાનતાના મૂળભૂત અધિકારો બક્ષ્યા છે. જેમાં કાનૂની રાહે સ્ત્રીને થતા અન્યાયો સામે લડી શકાય ને સમાનતા અચૂક પામી શકાય તેવી કેટલીક જોગવાઈઓ છે. પણ તે સંદર્ભે બે મુદ્દા અચૂક વિચારણા માંગી લે છે : (૧) નવા કાયદાનાં અર્થઘટનો હજી પણ પિતૃપ્રધાન વિચારસરણીના માપદંડથી થાય છે. (૨) સામાજિક બંધનો, પારંપરિક વલણોની દઢતા, માની લીધેલા ને પિતૃસત્તા દ્વારા "મનાવડાવવામાં આવેલાં", કેટલાંક "યોગ્ય-અયોગ્ય"ના ધોરણો અનુસાર સ્ત્રીઓ પોતે, નવા કાયદા – જેવા કે વારસાહક, ભરણપોષણ – મેળવવા ભાગ્યે જ આગળ આવી શકે છે. લાગણી, અંગત સંબંધો અને સમાજનો ડર એમને આવા હકો ભોગવતાં રોકી રાખે છે.

આ સિવાય પુરુષપ્રધાન અદાલતો કે પોલીસતંત્રની તો વાત જ કરવા જેવી નથી ! જગતભરના કાયદા અને વ્યવસ્થાતંત્રો હજુ પિતૃપ્રધાન વિચારવર્તનમાં જ જડબેસલાક છે !

### ૬. શિક્ષણવ્યવસ્થા :

એક તરફથી, જોરશોરપૂર્વક એમ કહેવાય છે કે શિક્ષણ આવશે તો પ્રગતિ, બુદ્ધિનિષ્ઠા અને વિકાસ તેમજ સમૃદ્ધિ આવશે. પણ સવાલ એ છે કે આ આદર્શ સુધી સમાજના બધા વર્ગોને પહોંચવા દેવામાં આવે છે ? શા માટે શિક્ષણથી કહેવાતા શૂદ્રોને અને સ્ત્રીઓને – પરંપરાગત રીતે દૂર રાખવામાં આવ્યાં ? – પોતાના વર્ગીય હિતો સચવાય તે માટે મુઠ્ઠીભર લોકોએ "શ્રમિકોના" આ બંને સમુદ્દાયો (સ્ત્રીઓ, શૂદ્રો)ને શિક્ષણનો પ્રકાશ આપવામાં દિલચોરી કરી છે. ભારતની વાત કરીએ તો, વેદકાળ પછી સમાજને વધુ "વ્યવસ્થિત" થવું હતું તેથી વેદો-શાસ્ત્રો ને સંસ્કૃત ભાષા ભણવા ઉપર સ્ત્રીઓ, કહેવાતા શૂદ્રો ઉપર પ્રતિબંધ મુકાયો – શિક્ષાઓ સરજાઈ ! ગુરુકુળો બ્રાહ્મણવાદી હતા ને બ્રાહ્મણો સિવાય, રાજકુળના ક્ષત્રિયોને જ શિક્ષણની સગવડ હતી જેથી પરસ્પર સ્વાર્થ જળવાઈ રહે. પેલી તરફ પશ્ચિમમાં, શિક્ષણ ચર્ચ આધારિત હતું – જે પણ પિતૃપ્રધાન સંસ્થા હતી ને છે ! વળી શિક્ષણની છૂટ હતી એવા સમાજોમાં સાધ્વી સંઘના હાથમાં એની વ્યવસ્થા હતી; જે પોતે પિતૃપ્રધાન ધર્મસંસ્થાની આશ્રિતાઓ હતી. આજે પણ "કોન્વેન્ટ"નું શિક્ષણ વખણાય છે તે આ જ મુદ્દે !

સ્વતંત્ર ભારતની વાત કરીએ તો, શિક્ષણનો મૂળભૂત અધિકાર હવે બંધારણે, સૌને માટે સમાન કરી આપ્યો છે. પણ એ સમાનતા મેળવનાર સ્ત્રીઓની સંખ્યા કેટલી ? આંકડામાં નહીં ઊતરીએ, છતાં ગરીબી, બેકારી, પ્રાકૃતિક સંસાધનોનો અભાવ, હોનારતો, વિકાસની અસમતોલ યોજનાઓ વગેરેને લીધે સ્થળાંતરો પણ

શિક્ષણના અભાવનાં "આમ" કારણો છે. એમાંય "છોકરીની જાત" તો "પારકી થાપણ" – એને ભણાવીને શું વળતર મળવાનું ? મોટાભાગની ભારતીય દીકરીઓ પ્રાથમિક શિક્ષણ સુધ્ધાં મેળવી શકતી નથી. શિક્ષણની ઝુંબેશના નામે ચાલતાં તૂત અટકાવવાં એ એક રસ્તો છે અને સ્ત્રી કેળવણી માટે સમાજને – સ્ત્રીપુરુષ બંનેને – માનસિક રીતે તૈયાર કરવા એ બીજો રસ્તો છે. બંને માર્ગો ઝૂઝારૂ સંઘર્ષ માંગી લે છે. તો જ જોવા પામીશું આવતી કાલનો – નવો – પ્રગતિશીલ અને ખાસ તો સમાનતા ઝંખતો સમાજ.

બીજી તરફ જોઈએ તો શિક્ષણતંત્રમાં પણ પાયાગત ખામીઓ છે. મૂળે સદીઓથી શિક્ષણ પુરુષપ્રધાન હતું પુરુષોને જ આપવાનું હતું તેથી પાઠ્યક્રમ વિશેનો દૃષ્ટિકોણ પિતૃપ્રધાન રહેલો છે. હજી સ્ત્રી-પુરુષની અલગ કેળવણીની નિશાળો-કોલેજો પણ ભેદભાવને બહાલી આપી રહી છે. માત્ર સંસ્થાઓ જ નહીં – પાઠ્યક્રમમાં પણ આવા જાતીય ભેદભાવો શા માટે ? શિક્ષણ જો પ્રગતિ અને સમાનતા લાવનારું હોય તો અલગતા પોષક સામગ્રી શા કામની ? આ અને આવી સમસ્યાઓનો હલ પણ ઝંખે છે આવતી કાલનો સમાનતા ઝંખતો સમાજ.

### ૭. જાહેર માધ્યમો :

છાપાં, સામયિકો, રેડિયો, ટી.વી., ફિલ્મો જેવાં દશ્યશ્રાવ્ય માધ્યમો તથા લેખિત માધ્યમોની સાથે સાથે સાહિત્યમાં પણ ખૂબ બહોળા પ્રમાણમાં પિતૃસત્તાક મૂલ્યો ચોતરફથી મજબૂત બની રહ્યા છે. ક્યારેક ઉઘાડે છોગ તો ક્યારેક સૂક્ષ્મ રીતે – વર્ષોથી, સદીઓથી – બદલાતાં યુગોમાં બદલાતા સમૂહ માધ્યમોએ સ્ત્રીની જે છબી ઉપસાવી છે તેથી સ્ત્રીની જુગજૂની – રૂઢિચુસ્ત-પરંપરાગત ભૂમિકા જ મજબૂત બને છે. ઉપલાં તમામ માધ્યમો, નાટકો, નવલકથા, વાર્તા જેવા સાહિત્યમાં પણ સ્ત્રી એટલે ઘરરખ્ખુ, સહનશીલ ગૃહિણી, ત્યાગમૂર્તિ, કહ્યાગરી ગાય જેવી દીકરી, ભાઈને આધિન બહેન વગેરે તસવીર ઉપસાવ્યે રાખી છે. હા, છેલ્લા બે દાયકાથી સ્ત્રીની નવી ભૂમિકા, સ્ત્રીનું વ્યક્તિત્વ અને સ્ત્રીસમુદાયની સમસ્યાઓ – શોષણ ઉપર ધ્યાન ચોક્કસ અપાવા લાગ્યું છે; પરંતુ એ તો પેલો રૂઢિપ્રયોગ છે ને – "આટેમેં નમક બરાબર !" (લોટમાં ચપટીક મીઠા જેટલું) જેટલા લાંબા સમયથી અને જેટલી જોરદાર રીતે સ્ત્રીની, પરંપરામાં જકડાયેલી પિતૃસત્તાને મજબૂત કરનારી છબી પ્રગટી છે તેની સામે આ નવા પ્રયાસો તો હજી ઉણા પડે છે – કાચા પડે છે.

રાજાશાહી, સામંતી, ગુલામયુગ ગયો પણ જે મૂડીપ્રધાન-બજારસંસ્કૃતિ આવી છે તેણે પણ નવી રીતે સ્ત્રીની છબીને ધૂળમાં રગદોળવા માંડી છે. અસંખ્ય, ચેનલો, ધોધમાર જાહેરાતો, બળાત્કાર-હિંસાથી ભરપૂર ફિલ્મોમાં સ્ત્રી માત્ર "શરીરરૂપે" જ જોવાય-બતાડાય છે. હજામતની બ્લેડથી માંડીને હુન્ડાઈ કારના વેચાણના "મોડેલ" તરીકે અધૂરાં કે નહિવત્ કપડાં પહેરેલી સ્ત્રીની સુંદરતાને બજારમાં ઉતારી દેવાઈ છે. ટી.વી. નાટકોમાં પણ એકમેકની ઈર્ષ્યા કરતી, ભૌતિક સુખોમાં રાચતી, સ્વછંદી જીવન ગુજારતી, કહેવાતા ઉપલા અને ધનવાન કુટુંબોની, શણગારેલી ઢીંગલીઓ સમી સ્ત્રીઓની ભરમાર છે. તો સ્ત્રી ઉપરના અત્યાચારોને પણ જુદો જ – ઘેરો રંગ



આપીને એમાંથી રસનાં ચટાકાં લેતી ફિલ્મો ધમધોકાર છે. સ્ત્રી એક "શણગારેલો દેહ છે" એવું ચિત્ર આજની એકવીસમી સદીનાં જાહેર માધ્યમો દ્વારા જનતાના માનસ ઉપર ધમધોકાર ઢોળવામાં આવી રહ્યું છે.

બીજી તરફ સાહિત્ય પણ કહેવાતાં ઉજળિયાત મૂલ્યોમાં રાચે છે અને સંસ્કૃતિ-સમાજની કહેવાતી રક્ષાનાં ઘસાઈ ગયેલાં વાજાં વગાડી રહ્યું છે. ઓછામાં ઓછું, મોટાં ભાગનું ગુજરાતી સાહિત્ય તો પ્રગતિશીલતા અને બૌદ્ધિક અભિગમથી માઈલો દૂર રહ્યું છે.

આજે આવા વિવિધ જાહેર માધ્યમોનાં વિવિધ ક્ષેત્રે સ્ત્રીઓ પણ સક્રિય છે, પદ શોભાવી રહી છે છતાં પણ દુઃખ સાથે નોંધવું પડે છે કે ટકી રહેવાના લોભે કે પછી લોકપ્રિયતાની ખોટી વ્યાખ્યાની ગેરસમજપૂર્વક અથવા તો સંપત્તિની લાલચે કરીને, આવી સ્ત્રીઓ પણ આ જ ઢોલનગારાંમાં જોડાઈ જતી જોવા મળે છે.

ખરું જોતાં, આજના વિજાણુયુગમાં જાહેર માધ્યમો ઘણી સારી અસર પાડી શકે. સંદેશો ઝડપથી અને વ્યાપક રીતે ફેલાવી શકે... પણ જો એ હકારાત્મક અને પ્રગતિશીલ મૂલ્યો મુજબ ચાલવાનું પસંદ કરે તો !

### ૮. રાજ્યવ્યવસ્થા :

રાજાશાહી અને તેનીયે પહેલાંનાં ગણરાજ્યોના (પ્રાથમિક લોકશાહી) – સમયમાં પણ સ્ત્રીનો રાજવહીવટ કે સત્તામાં ભાગ હોઈ શકે એ સપનામાં પણ વિચારાતું નહોતું. રઝિયા સુલતાન કે ઝાંસીની રાણી પ્રખ્યાત રાજકર્તાઓ હતાં. પણ એમના યુગમાં – શાસનમાં જીવતી સ્ત્રીઓને એમની સત્તાનો કોઈ ફાયદો થયો હોય એવું ઈતિહાસમાં ક્યાંય નોંધાયું નથી. એ લોકો પોતાના સમયની શાસનવ્યવસ્થાનાં એક ભાગ હતાં જે પિતૃપ્રધાન મૂલ્યો ધરાવતી હતી; તેથી આવી પરાક્રમી રાણીઓ પણ પિતૃપ્રધાન વિચારસરણીને જ આગળ વધારતી હતી. દુનિયાભરમાં આ જ હાલત હતી. માત્ર સ્ત્રીને જ સત્તા પર બેસાડી દેવાથી મૂલ્યો ને પરિસ્થિતિ બદલાતાં નથી એ હકીકત છેલ્લા ત્રણ દાયકા દરમ્યાન ત્રીજા વિશ્વના દેશો – ભારત, શ્રીલંકા, પાકિસ્તાન અને મધ્યપૂર્વ ઈઝરાયેલ કે બ્રિટન જેવાં દેશોનાં સ્ત્રીશાસકોનો ઈતિહાસ જોતાં સાચી પુરવાર થાય છે.

આપણી ગ્રામપંચાયતોથી માંડીને સંસદ સુધી પિતૃસત્તાની બોલબાલા છે. ૩૩ ટકા વાળો ખરડો અટકીને ઊભો છે. જે જે પંચાયતોમાં સ્ત્રી-સરપંચો કે સભ્યો છે તે કાં તો કુટુંબના પુરુષોની કઠપૂતળી છે, કાં તો અક્ષમ છે. સંસદ કે વિધાનસભાઓમાં નામ કે વાસ્તે ખુરશી શોભાવતી મહિલાઓ પણ છે, તો બીજી બાજુ હકને માટે ઝૂઝતી પણ સતત પાછી પડતી, હેરાનગતિ વેઠતી મહિલા – સંસદસભ્યો પણ છે. જેમની સામેનાં બીજા સભ્યોનાં વલણ-વર્તન પિતૃપ્રધાન વિચારસરણીની ચાડી ખાય છે.

સ્વૈચ્છિક સંગઠનો, નારીવાદી આંદોલન અને સમાજવાદી-સામ્યવાદી વિચારસરણી ધરાવતાં પક્ષો સ્ત્રીકરણની પ્રક્રિયા અને લડત ઉપાડી ચૂક્યાં છે પણ સમૂળગું ચિત્ર બદલાતાં હજી વાર લાગશે. શિક્ષણ અને સામાજિક જાગૃતિની ખૂટતી કડીઓ હજી મેળવવાની બાકી જ છે.

આપણા દેશમાં સ્વતંત્ર થતાંની સાથે જ મહિલાઓને મતાધિકાર મળી ગયેલો, જ્યારે યુરોપ-અમેરિકાના કહેવાતા પ્રગતિશીલ દેશોની સ્ત્રીઓને હજી ગઈ સદીમાં મતાધિકારની લડત ઉઠાવી, ઝૂઝ્યા પછી માંડ મતાધિકાર મળ્યો છે. અમેરિકા જેવા આગળ પડતા, એક નંબરના દેશમાં સ્ત્રી રાષ્ટ્રપ્રમુખ થઈ શકે એ તો સપનું જોવા બરાબર છે – એટલી પિતૃસત્તા ત્યાંના સમાજમાં દૃઢમૂળ થઈ ગઈ છે. સ્ત્રીઓની ઉગ્ર લડતના અંતે પણ મૂડીવાદી દેશોમાં સ્ત્રી હજુ "વસ્તુ" અને "બજાર"ની ખેંચતાણમાં જ અટવાયેલી દેખાય છે. વિશ્વભરનું "બજાર" જેમ જેમ "એક" થતું જાય છે તેમ તેમ "સ્ત્રી" પ્રત્યેનાં વલણો નીચે ઊતરતાં દેખાય છે.

આ પરિસ્થિતિ જોતાં દેખાય છે કે પિતૃપ્રધાન મૂલ્યોની સાથે સાથે મૂડીવાદી જીવનપદ્ધતિ અને વિચારવલણોએ પણ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાની ખાઈને પહોળી કરવામાં કંઈ બાકી નથી રાખ્યું. સ્ત્રી "વસ્તુ" છે એવી દૃષ્ટિ બદલાતાં વાર લાગી છે. તે આ ઉપભોક્તાવાદી – તમામ ખરીદી શકાય એવા "માલ"ને "ભોગવવાની" મૂડીવાદી વિચારસરણીને કારણે !

સમાજમાં સમાનતા લાવવાનું સ્વપ્ન જોનારાઓએ, આમ પિતૃપ્રધાન જ નહીં; બજારપ્રધાન મૂલ્યો સામે પણ લડતાં રહેવાનું છે – જેણે સ્ત્રીની કિંમત એક બાજુ કોડીની કરી નાંખી છે ને બીજી બાજુ સ્ત્રીના દેહની હરાજી બોલાવવા સુધીની નફ્ફટાઈ આચરી છે.

**❖ પણ આટલું ન ચૂકીએ... ભૂલીએ !**

પિતૃસત્તા વિશે આટલી વાત કર્યા પછી કેટલાક નોંધપાત્ર મુદ્દામાં સ્પષ્ટ થઈ જવું જરૂરી છે – જેને વિશે વિચાર્યા-સમજ્યા પછી, સમાજમાં સ્ત્રીઓની સ્થિતિનો ઈતિહાસ અને વર્તમાન સમજવામાં મદદરૂપ થશે અને ભાવિ સમાનતામૂલક અને બહેતર સમાજવ્યવસ્થા રચવામાં સહાયભૂત બનશે.

૧. પિતૃસત્તા કે વડીલશાહી તરફથી જેમ સ્ત્રીઓને તેમજ યુવાન પેઢીના પુરુષોને પણ વેઠવું પડતું હોય છે. સંયુક્ત કુટુંબોમાં તેમજ નાતજાતના માળખાંવાળી આપણી સમાજ-રચનામાં જ્યાં દાદા-મોટા બાપા-કાકા-ફુવા-સસરા... વગેરે વડીલોનું વર્ચસ્વ ચાલતું હોય છે ત્યારે પચાસ-સાઠ વર્ષના દીકરાએ પણ એમના નિર્ણયો વિના વિરોધે સ્વીકારી લેવા પડતા હોય છે.

૨. દાદી-મોટીમા-ભાભુ (મોટા કાકી)-સાસુ-વડસાસુ-જેઠાણી.... જેવાં સ્ત્રીવડીલો પણ પિતૃપ્રધાન સત્તામાંથી બાકાત નથી. પોતાને મળેલી થોડીઘણી કૌટુંબિક સત્તા પોતાના હાથ નીચેના નબળા વર્ગ ઉપર અજમાવવામાં એમને પણ પોતાની સલામતી જળવાતી લાગે છે. વહુ-દેરાણી-દીકરીઓ ઉપર દાબ રાખીને અપ્રિય બને છે અને પેલી કહેવતો પ્રચલિત થાય છે કે "સ્ત્રીની દુશ્મન સ્ત્રી" કે "સો દહાડા સાસુના" વગેરે.

૩. આમ ખરેખર તો પુરુષસત્તા નહીં, પણ પિતૃસત્તા અથવા તો પિતૃપ્રધાન મૂલ્યો, વલણો વિચારધારા સામે વિદ્રોહ હોવો જોઈએ. આ કોઈ સ્ત્રી-પુરુષજાતનું



સામસામું યુદ્ધ નથી પણ સ્ત્રીઓ-પુરુષો : બંનેએ સાથે મળીને જેનો વિરોધ કરવાનો છે એવી વિચારધારા છે-વર્તનપ્રથા છે-પરંપરા છે.

૪. આવું વર્ગીય હિત ધરાવતી બીજી પ્રથા "જ્ઞાતિપ્રથા" છે. જેણે પણ ભારતના સમાજની ઘોર ખોદી છે ! સ્ત્રી-પુરુષ-બાળકો.... સૌને સ્પર્શતી એ ઉધઈ જેવી વિનાશકારક પ્રથાએ સમાજના પાયા હચમચાવી નાંખ્યા છે અને કહેવાતા ઉજળિયાતોએ કહેવાતા પછાતવર્ગને પ્રગતિ-વિકાસ-સમૃદ્ધિથી આઘો ને આઘો રાખ્યો છે. ભારતની વાસ્તવિકતા એ પણ છે કે કહેવાતા ઉજળિયાતોની આર્થિક સ્થિતિ અને કહેવાતા પછાત વર્ગની આર્થિક સ્થિતિ પણ આ ભેદભાવ વધારવામાં મોટું કારણ હતું. જ્ઞાતિવાદ અને સ્ત્રી-પુરુષ અસમાનતાની સાથે સાથે, તેનાથીય મોટા દૂષણ ગરીબી-બેરોજગારી સામે પણ સંઘર્ષ કરવાનો જ છે-ને તે સ્ત્રી-પુરુષોએ સાથે મળીને કરવાનો છે; ફલાણી-ઢીંકણી જ્ઞાતિના ગરીબોએ સાથે મળી કરવાનો છે; એટલે જ્ઞાતિઓની અને જાતિઓની (સ્ત્રી-પુરુષ) એકતા ખૂબ જ જરૂરી છે-પાયાની છે.

**નથી ટકતી; નથી અટકતી કાયમ કોઈ વ્યવસ્થા :**

૫. સમાજ, સંસ્કૃતિ, સભ્યતાના અભ્યાસીઓ હંમેશાં કહેતા આવ્યા છે કે કોઈ પણ વ્યવસ્થા જડબેસલાક ના હોઈ શકે. "અજર-અમર" ના હોઈ શકે. માનવસમાજ સ્થાયી થવા, સ્થિર થવા વ્યવસ્થા ગોઠવતો ગયો છે અને વધુ સુખી થવા એમાં સમય સમયે ફેરફાર પણ થતાં જ રહ્યા છે. આદિમ અવસ્થાની મોકળાશ આપણે ભલે ગુમાવી બેઠાં હોઈશું પણ આજે આપણે ટાઢ-તડકા-વરસાદથી રિબાવું નથી પડતું. વિચિત્ર-અજાણ્યા રોગોથી સડીને મરવું નથી પડતું. કાચું માંસ પણ ખાવું નથી પડતું... ટૂંકમાં માનવસમાજ વધુ સુખી, વધુ સમૃદ્ધ, વધુ સમજદાર થઈ આગળ વધતો જ રહ્યો છે. વ્યવસ્થા જૂનીપુરાણી થાય ત્યારે તૂટે જ. મોટાભાગના સમાજને નુકસાનકર્તા હોય તો એને તોડવામાં આવે જ. એટલે જ જૂની ગુલામશાહી, સરમુખત્યારશાહી, રાજાશાહી હવે નથી. એ જ પ્રમાણે લાંબા ગાળે, ગમે ત્યારે મૂડીવાદી વ્યવસ્થા પણ જવાની !

વ્યવસ્થાની સાથે સાથે મૂલ્યો પણ બદલાય જ. પરિવર્તન એ માનવસમાજનું ટકી રહેવાનું મુખ્ય પરિબળ છે, ભલે તે ધીમું લાગે – નજીવું લાગે છતાં વ્યવસ્થાની સાથે વલણો બદલાય છે તે નોંધવું જ જોઈએ.

**દાખલા તરીકે આપણા સમાજનાં દલિતો અને સ્ત્રીઓ :** આપણે ગમે તે કહીએ પણ આ બંને સમુદાયોની સ્થિતિ, ભૂતકાળમાં હતી એવી જ આજે નથી. દલિતોને ગળે કુલડી બાંધવી પડતી, પૂંઠે સાંવરણો ! ને ત્રણ બાંયની બંડી ને માથે ફાળકો પહેરવા પડતાં... "છેટાં રેજો મા-બાપ"ની બાંગ પોકારીને નીકળવું પડતું તેવી સ્થિતિ આજે છે ?

બહેનો પણ જરૂર કહી શકશે કે એમની વડદાદી કરતાં દાદી અને દાદી કરતાં એમની બા અને બા કરતાં પોતે – કોઈ ને કોઈ રીતે આગળ વધી જ છે ને ?

સૌથી મોટો ફરક તો એ છે કે ગઈ સદી સુધી દલિતો અને સ્ત્રીઓની સ્થિતિ બદલવાનો વિચાર સુધ્ધાં નહોતો થતો – તે હવે થાય છે. દલિત સ્ત્રીઓ જાતે આંદોલન કરતાં થયાં છે, માથું ઊંચકતાં થયાં છે, જાતે અવાજ ઉઠાવતાં થયાં છે, પોતાની હાલત બદલવા માટે "સક્રિય" બન્યા છે.

કેમકે એમણે જોયું કે ગરીબ ખેડૂતો અને મજદૂરોએ ધનવાનો ને જમીનદારો સામે આંદોલન કર્યું હતું. ફ્રાન્સ-રશિયા-ચીન અને યુરોપના કેટલાક દેશોમાં ભલે ટૂંકા ગાળા માટે – પણ વર્ગીય સમાનતાની વ્યવસ્થા ઉપર આવી હતી અને વિચારધારા તો આજે પણ છે ને કાલે પણ રહેવાની !

કેમકે એમણે જોયું કે છેલ્લી સદીના પાછલા ભાગમાં, દુનિયાભરની સ્ત્રીઓએ એક થઈને સમાનતાનું આંદોલન છેડ્યું છે; જ્યાં દેશ-રંગ-કોમ-ધર્મ-આર્થિક સ્થિતિ... કોઈ ભેદભાવ નથી રહ્યા ! અને જે આંદોલને આજે "નારીમુક્તિથી માનવમુક્તિ" ભણી ગતિ કરવી મુનાસિબ માની છે એવાં મુક્તિ-આંદોલનોએ સારાયે સમાજના – તમામ વર્ગોને બળ પૂરું પાડ્યું છે.

આમ ગઈકાલ કરતાં આજે... ને આજ કરતાં આવતીકાલે વધુ બહેતર, વધુ ન્યાયપૂર્ણ અને વધુ સમાનતાપૂર્ણ સમાજ રચવા લોકો તત્પર જ હોય છે. વ્યવસ્થા અને વલણો જરૂર બદલાય; જો બદલવાની તૈયારી હોય – સક્રિયતા હોય તો !

આમ છતાં પણ પરંપરાગત રીતે, સમાજે તમામ વર્ગની સ્ત્રીઓ પ્રત્યે ચોક્કસ હીણું અને ઊતરતું વલણ દાખવ્યું છે – અપમાનજનક અને શોષણમૂલક વર્તન કર્યું છે. આપણે જે સ્ત્રી-સમુદાયનો અભ્યાસ હાથ ઉપર લીધો છે એ તો ખરેખર સૌથી વધુ શોષિત સમુદાય છે. કેમકે ભારત જેવા અલ્પવિકસિત – ત્રીજા વિશ્વના દેશમાં, ગુજરાત જેવા રાજ્યના, ભાલબારા જેવા આર્થિક-સામાજિક રીતે પછાત અને કુદરતી સંસાધનોથી અભાવગ્રસ્ત પ્રદેશના ગરીબ મોટેભાગે ભૂમિહીન – ખેતમૂજૂર અને દલિત સમાજની આ સ્ત્રીઓ છે ! "દલિતનીયે દલિત" – એવી સ્ત્રીઓના મનોજગત અને વ્યવસ્થાની તપાસ કરવા આપણે બેઠાં છીએ; ત્યારે તો આખાય જમાનાના શોષણ અને અસમાનતાના દૂષણોનો ભોગ બનેલા સમુદાય વિશે વિચારવા આપણે બેઠાં છીએ એ ન ભૂલીએ !

તો શું આ "દલિતનીયે દલિત" એવી બહેનો "જીવતી" નહીં હોય ? હંમેશાં મૂઢ-મૂંગાં ઢોરની જેમ માત્ર શ્વાસ લેતી – શ્રમ કરતી – બાળક જણતી અને જિંદગીનો ઢસરડો વેંઢારતી હશે ? હરગિઝ નહીં.

## ગીતો : હીરનો હીંચકો

આ બહેનો કેવું જીવે છે અને કેવું જીવવા માંગે છે ? – એનીસ્તો વાત છે આ 'હીરના હીંચકા'માં ! ગીતો એને માટે મોકળાશની બારીઓ છે, મુક્તાંગણ છે.

પિતૃસત્તામાં એણે રહેવાનું છે એ વાત નક્કી છે. માત્ર સલામતી ને સ્વાર્થના સંબંધે નહીં – લાગણીના સંબંધે પણ એ પુરુષસમાજ સાથે સંકળાયેલી છે. આ દાદા, પિતા, ભાઈ, પ્રેમી, પતિ, પુત્ર... બધા એના "પોતાના" છે. ને છતાં એમનું વર્તન –



એમનું વલણ એને કઠે છે ખૂંચે છે કે પછી ક્યારેક તો સમજાતું નથી, કળાતું નથી... ત્યારે એ મૂંઝાય છે, અકળાય છે, રિસાય છે પણ અલબત્ત, કદી ગભરાતી નથી ! પોતાની રીતે – "પગે બારણું વાસતી હોય" એ રીતે એ વલણો-વર્તનો ને વ્યવસ્થા વિશે "કહી" તો નાંખે જ છે – "ગાઈ" તો લેજ છે !

એ સાચું છે કે એ પરંપરાની ભાષામાં ગાય છે, પરંપરાનાં મૂલ્યોથી રંગાઈને કે રગદોળાઈને ગાય છે, ક્યારેક એમ કરવામાં પરંપરાને પણ "પંપાળી" બેસે છે એ પણ ખરું... છતાં પોતાને "મળેલા" મુક્ત આકાશમાં એ પાંખો ફફડાવીને ઊડી તો લે જ છે.

આ આકાશ (મુક્તિ) એ ક્યારેક મેળવે છે બીજાઓ પાસેથી... તો ક્યારેક ખૂંચવવું પણ પડે છે ! ક્યારેક છાનુંમાનું ગોતવું પડે છે તો ક્યારેક મળેલાને સંતાડીને રાખવું પડે છે તોય આકાશ તો આકાશ છે ! અને એમાં એનાં ગીતોનો હિંચકો હિલ્લોળાય છે, એ ઊંચો જાય છે, એનેય ઊંચકતો જાય છે... એ ન ભૂલીએ... ન ચૂકીએ ! આ ગીતો એના વિદ્રોહના અને એનાં સંઘર્ષનાં પ્રતીકો છે. તેની સાથે સાથે એના આ સમાજમાં જીવતા રહેવાના ને ટકી રહેવાના પ્રયાસો પણ છે જ ! આમ જુઓ તો એણે કોઈ પણ ભોગે આ સમાજમાં ટકી રહેવાનું છે. તો પોતાનું જીવન જ નહીં; મોટેભાગે દંપતિજીવન – લગ્નજીવન – સ્ત્રીપુરુષનું સહજીવન (પતિ જ નહીં – બાપ, ભાઈ, દાદા વગેરે સાથેનું જીવન) "ટકાવી" પણ રાખવાનું છે. ટકી રહેવાની ટેકણ લાકડી સમાં આ ગીતો એની અતિશયોક્તિ જ નથી; એનો આધાર પણ છે જ.

આમ જુઓ તો મોટા ભાગનાં ગીતો સ્ત્રીઓને પરંપરામાંથી, મા-દાદી પાસેથી વારસામાં મળે છે. સમયે સમયે ને પ્રસંગોપાત, જમાના પ્રમાણે ને મનની મોજ પ્રમાણે, જરૂર પડે ત્યારે સ્ત્રીઓ મૂળ ગીતના માળખાંને જેમનું તેમ રાખીને, નવા શબ્દો, નવી માહિતી, નવા નામ ઉમેરતી રહે છે – બદલતી રહે છે. આ ગીતોને કેટલાક નવા ગીતો. પરંપરા સામે અમુક વખત વિરોધ કરવાનાં નાનકડાં શસ્ત્રો બની જતાં હોય છે. એ રાહે ભાલબારાની બહેનો પણ લોકગીતનાં હથિયારથી જાણે જીવનસંગ્રામમાં ઝૂઝવા નીકળી હોય એવું લાગે છે.

બહુ રસપ્રદ છે આ લોકગીત નામની બારીઓ-હીંચકાઓ-હથિયારો ! એને વિશે જાણવું-સમજવું, લોકગીતોની સાંસ્કૃતિક ભૂમિકા સમજવી અને એની સામાજિક-સાંસ્કૃતિક જરૂરિયાત વિશે થોડી વાત કરવી અહીં અસ્થાને નહીં જણાય આ અપ્રસ્તુત કે વધારાની નહીં ગણાય.

□

# પ્રકરણ–૨
# લોકસાહિત્ય એક સાંસ્કૃતિક જરૂરિયાત

આપણે આગળ જોયું તેમ, આપણી સંસ્કૃતિ ભેદભાવમૂલક છે. માત્ર ગુજરાત કે ભારતના સંદર્ભમાં જ નહીં; આખીય દુનિયામાં કંઈ ને કંઈ ભેદભાવ પોષાતા રહે છે ને માણસજાતના ભાગલા પડતા રહે છે. નાત-જાત કે ગરીબ-અમીરના ભેદભાવ, શહેરી-ગ્રામીણ અને શિક્ષિત-અશિક્ષિતના ભેદભાવ, કાળા-ગોરા કે પછાત-ઉજળિયાતના ભેદભાવ દુનિયાભરમાં જોવા મળે છે. જ્યારે એક કહેવાતો શક્તિશાળી સમુદાય સત્તા, સંપત્તિ અને સાંસ્કૃતિક સંચારના માધ્યમો (સાહિત્ય, શિક્ષણ, કળાઓ, છાપાં, ટી.વી., રેડિયો, રંગભૂમિ, સિનેમા જેવાં સમૂહમાધ્યમો) ઉપર પોતાનો એકહથ્થુ ઈજારો જમાવી બેસે છે ત્યારે બાકીનો કહેવાતો શક્તિહીન સમુદાય શું ચૂપ બેસી રહેવાનો છે ? નિષ્ક્રિય-નિર્જીવ થઈ જવાનો છે ? એણે પોતાની વાત કહેવાની જ હોય છે... ને એટલે ભલે પેલો શક્તિશાળી સમુદાય જાહેરમાધ્યમોનાં સાધનો સંતાડી રાખે – પેલો કહેવાતો પછાત-શક્તિહીન સમુદાય પોતાનાં હથિયાર પોતાની મેળે ઘડી લેવાનો છે. પોતાના રસ્તા પોતાની મેળે શોધી લેવાનો છે. શક્તિશાળી સમુદાયે સાહિત્યને અઘરું બનાવ્યું ગૂંચવી કાઢ્યું. પહેલા સંસ્કૃતમાં ને પછી પ્રશિષ્ટ ભાષાઓમાં રચ્યું અને સાથે સાથે પેલા શક્તિહીન સમુદાયને શાસ્ત્રોની આણ દઈને શિક્ષણથી વંચિત રાખ્યો – સાહિત્ય જેવી જીવનને ઊંચે લઈ જનારી કલાઓથી દૂર રાખ્યો – ઢોરની જેમ શ્રમ કરાવ્યે રાખ્યો – ચોમેરથી શોષણ કર્યે રાખ્યું પણ ખરેખર તો એ શક્તિહીન સમાજ કંઈ મૂંગું ઢોર નહોતો ! જીવતાં માણસને રોટલાયે જોઈએ અને અસ્મિતા પણ જોઈએ. માણસ કંઈ માત્ર રોટલાથી નથી જીવતો ! હસવા-રડવા ને ખાવાપીવાની જેમ ગાવાએ જોઈએ અને નાચવાએ જોઈએ. પોતાની શ્રદ્ધા પ્રગટ કરવા – પોતાની લાગણી, સંવેદના વ્યક્ત કરવા અને પોતાના વિચારો દૃઢ કરવા, ફેલાવવા એને પણ અભિવ્યક્તિનાં માધ્યમો જોઈએ... તમે જકડી રાખ્યો છે; ભલે ! અમે અમારાં નવલાં ઓજારો ઘડીશું – એ ખુમારીમાંથી જન્મી લોકકળાઓ-લોકસાહિત્ય-લોકધર્મો-લોકસંસ્કૃતિ.

### 'લોકસાહિત્ય' એટલે શું ?

લોકસાહિત્ય વિશે સીધીસાદી વ્યાખ્યા તો એમ જ અપાતી હોય છે કે 'લોકોનું, લોકો માટેનું અને લોકો દ્વારા સરજાતું સાહિત્ય એટલે લોકસાહિત્ય.' પણ આ વ્યાખ્યા



સીધી ભલે લાગે; અપૂરતી છે. ક્યારેક ગેરમાર્ગે પણ દોરી શકે. એને વધુ સ્પષ્ટ કરવી હોય તો કહી શકાય કે જે સાહિત્યમાં લોકો પોતે, પોતાની વાત – પોતાની બોલીમાં અને પોતાની સંસ્કૃતિનાં રૂપકો-પ્રતીકો દ્વારા કરતા હોય તે લોકસાહિત્ય.

લોકોની પોતાની વાત કહીએ એનો અર્થ છે લોકોનાં સામાન્ય જીવનની, એમના શ્રમ અને સુખદુઃખની વાત. એમની સમસ્યાઓ અને એમના સંઘર્ષોની વાત. એમનાં સંવેદનો અને એમની લાગણીઓની વાત. એમનાં રિવાજો-રીતભાત-વલણો અને વિચારોની વાત. એમના વારસાની, વર્તમાનની વાત અને એમનાં ભાવી જીવનનાં શમણાંની વાત.

આવું પોતીકું સાહિત્ય અસલમાં મૌખિક રીતે જ વહી આવ્યું હોય છે. સાધારણ લોકસમુદાય શિક્ષણથી વંચિત છે. શું ભૂતકાળમાં કે શું આજકાલ – એમની અભિવ્યક્તિ લેખિતરૂપો, છાપકામ, પુસ્તકો-ગ્રંથોથી દૂર ને જિવાતા જીવનની નજીક રહેતી આવી છે. કહેવાતાં, સંભળાતાં, સાંભળીને આગળ ચલાવાતાં ને એમ પેઢી દર પેઢી યાદ રખાતાં આ મૌખિક સાહિત્ય સ્વરૂપો છે : ગીતો, ભજનો, રાસ, રાસડા, ગરબી, ગરબા, દૂહા, છંદ, લગ્નગીતો, ફટાણાં, મરસિયા, ખાયણાં, ટીપણીગીતો, બીજાં શ્રમગીતો તેમજ વાર્તાઓ, દંતકથાઓ, ટૂચકા, ઉખાણાં, જોડકણાં, રૂઢિપ્રયોગો, કહેવતો, ઓઠાં (ઉદાહરણ-કથાઓ) વગેરે.

આમ જુઓ તો આવું મૌખિક અને પરંપરાગત સાહિત્ય દરેક સમાજમાં, દરેક સમુદાય પાસે હોય છે જ. પણ મૂળ મુદ્દો છે એની સામૂહિક ભૂમિકાનો. દરેક મૌખિક સાહિત્યને 'લોકસાહિત્ય' ન કહેવાય. જેમ કે જ્યારે છાપખાનાં નહોતાં ત્યારે નરસિંહ મહેતા-મીરાંબાઈ-તુકારામ-એકનાથ-કબીરજી-નાનકજી વગેરે મધ્યકાળનાં સંતકવિઓ મૌખિક રચના જ કરતાં પણ એ એમની વ્યક્તિગત રચનાઓ હતી, સામૂહિક નહીં. વળી એની ભૂમિકા પણ જનસાધારણ વલણોની નહિ, વ્યક્તિગત ચેતનાની હતી, તેથી તે લોકસાહિત્ય ન કહેવાય. વ્યક્તિગત છતાં મૌખિક સાહિત્ય કહેવાય. પણ જ્યારે જ્ઞાતિ, જાતિ, વર્ગ-સંઘર્ષનો સંદર્ભ હોય ત્યારે 'લોક' એટલે સમાજચિંતક કાર્લ માર્ક્સ જેને 'પિપલ' કહે છે તે જ લોક છે. આજકાલની વ્યાખ્યામાં જેને 'સબાલ્ટર્ન' સમુદાય કહીએ છીએ તે 'લોક' છે. સહેલું કરીને કહેવું હોય તો કહી શકાય કે જેમનું આર્થિક-સામાજિક-સાંસ્કૃતિક શોષણ દમન થતું આવ્યું છે તેવો વંચિત સમૂહ તે 'લોક.' અહીં એમના મોટા ભાગના મૌખિક સાહિત્ય વિશે ચર્ચા-અભ્યાસ કરવાનો છે તે મૌખિક સાહિત્ય જ સાધારણ રીતે 'લોકસાહિત્ય'ના નામે ઓળખાય છે. આ સમૂહ શહેરી પણ હોય – ગ્રામીણ પણ હોય અને આદિવાસી પણ હોય જ. સવાલ ભૌગોલિકતાનો નથી, ઐતિહાસિકતા અને સાંસ્કૃતિક ભિન્નતાનો છે. એક ચોક્કસ પ્રકારની સાંસ્કૃતિક ભૂમિકા તેમજ તેની સમજ હોવી જરૂરી છે. પરંપરા એ લોકસાહિત્યનું મૂળ છે, મૂળ વાહન પણ છે.

કોણ રચે છે આ 'લોક સાહિત્ય' એ બહુ મહત્ત્વનું છે. 'લોક' – 'સમુદાય' દ્વારા એનું સર્જન થાય છે એ તો પ્રાથમિક મુદ્દો છે પણ એ કેવી રીતે સરજાય છે એ મહત્ત્વનો મુદ્દો છે.

ઉપર જોયું તેમ, એ વ્યક્તિગત રીતે નથી સમજાતું. એટલે કે, કોઈ એકાદ વ્યક્તિની લાગણીઓ – સુખ-દુઃખ-પ્રેમ-ક્રોધ-આક્રોશની અભિવ્યક્તિનને 'લોકસાહિત્ય' ન કહેવાય પણ જો એ સમુદાયની અભિવ્યક્તિ હોય તો જ લોકસાહિત્ય બને છે. આથી લોકસાહિત્ય એ અમુક ચોક્કસ જૂથ-કોમ-બોલી-ગ્રામ-પ્રદેશ-સ્ત્રી કે પુરુષો – ચોક્કસ પ્રકારનું કામ/શ્રમ સાથે સંકળાયેલું મૌખિક સાહિત્ય છે. વળી મોટે ભાગે એ પરંપરાથી જ આગળ ચાલતું રહે છે. પેઢી દર પેઢી જળવાતું રહે છે. એની શરૂઆત કોણે-ક્યારે કરી એ ચોક્કસ કહેવું મુશ્કેલ છે કેમ કે એના રચનારા મોટેભાગે તળપદાં-અંતરિયાળ સમાજમાંથી આવે છે ને બીજું, કે એમને નામનાની ઝંખના નથી હોતી – પોતાની લાગણીની અભિવ્યક્તિની પડી હોય છે. પોતાના સમાજનું પ્રતિબિંબ રજૂ કરવાની સભાનતા નથી હોતી પણ સમાજને સ્વાભાવિક રીતે – અનાયાસ રીતે વહેતો મૂકવાનો, વહેતો રાખવાનો આનંદ હોય છે. ક્યારેક ક્યારેક લોકસાહિત્ય ચોક્કસ પ્રસંગ કે બનાવની વિગતો અને તે વેળાનાં સંવેદનો લઈને પણ જન્મે છે. જેમકે, 'છપ્પનિયા દુકાળનાં ગીતો', 'રેલગાડી આવ્યાની જાણ કરાવતાં ગીતો', પોરબંદરનું વિખ્યાત વહાણ વીજળી ડૂબ્યું તે પછી રચાયેલો કરુણ રાસડો – 'હાજી કાસમા તારી વીજળી' કે પછી તાજેતરમાં – જૂન ૧૯૯૮માં કચ્છ-સૌરાષ્ટ્રમાં આવેલાં વાવાઝોડાં પછી રચાયેલાં ગીતો 'કંડલા માથે કોપ', 'દરિયો બન્યો દાનવ' વગેરે. આપણાં સંગ્રહમાં લગભગ બધાં જ ગીતો 'સર્વસામાન્ય' (જનરલ) લાગણીઓ-સંવેદનો-પ્રસંગોનાં છે, એક ચોક્કસ સમુદાયનાં (ભાલબારાની દલિત બહેનો) છે પણ એક આગવું કથાગીત આવું – ઐતિહાસિક દસ્તાવેજી મહત્ત્વ ધરાવતું છે – મકવાણા વીરનું ગીત ! આ ગીત એક ચોક્કસ વ્યક્તિ – ચોક્કસ સમય – ચોક્કસ બનાવની વિગતો રજૂ કરે છે.

લોકસાહિત્ય 'કોણે રચ્યું' એની પ્રક્રિયા પણ રસપ્રદ બને. આપણે ઉપર કહ્યું કે લોકસાહિત્ય સમૂહનું સર્જન છે – એટલે શું ? અલબત્ત, એવું તો ન જ હોય કે આખા સમુદાયનું એક સાથે, એક સરખો વિચાર આવે – એક સરખો મુદ્દો સૂઝે અને એકસરખો લયઢાળ નક્કી થઈ જાય ને એક સરખી લીટીઓ બધાંની પાસેથી એકી અવાજે મળી આવે !!! – આ તો અશક્ય જ છે. તો પછી 'સમૂહ સર્જન' એટલે શું ?

આપણે જ્યારે એક સમુદાય-જૂથ-સમાજ એક કહીએ છીએ ત્યારે એ સમુદાય/જૂથનું જીવન, એમની વાસ્તવિક પરિસ્થિતિ, એમના સંજોગો, એમનો શ્રમ, એમના રીતિ-રિવાજો-પરંપરા, એમના ઉત્સવો, એમનું શિક્ષણ, એમની આર્થિક સ્થિતિ, એમનાં વિચારો-વલણો અને બોલ-લઢણો લગભગ એકસરખું – એક સમાન હોય છે એ મહત્ત્વનું છે. પરિણામે એમની – એ જૂથની અભિવ્યક્તિ પણ એક સમાન હોય છે.

મોટેભાગે શ્રમિક બહેનો-ભાઈઓની સાથે કામ કરવાની, સાથે આરામ કરવાની તકો સરખી હોય છે. આ વખતે એ લોકો સાથે મળીને અભિવ્યક્તિ કરવાની તક ઝડપી લેતાં હોય છે. આમ આ સભાન પ્રક્રિયા નથી હોતી. મૂળમાં તો શ્રમનો કંટાળો દૂર કરવા, થાક ઓછો કરવા કે ઉતારવા, ઝડપનું નિયંત્રણ કરવા કામ કરતાં કરતાં ગાઈ ઊઠે છે અથવા ફુરસદના વખતે વાતો-ટૂચકા-કથાઓ માંડી બેસે છે. આ જ



અભિવ્યક્તિ તે લોકસાહિત્ય.

ઉદાહરણ તરીકે કાલાં ફોલતાં, દળતાં, ખાંડતાં, ખેતર નીંદતાં, કાપણી કરતાં, હલેસાં મારતાં, ડુંગરો ચઢતાં-ઊતરતાં, કપડાં ધોતાં... સમૂહમાંથી એકાદ જણ કંઈક લલકારી ઊઠે છે. બીજાં એને ઝીલે છે – બેવડાવે છે – ઘૂંટે છે અને વળી એકાદ નવી વ્યક્તિ એમાં કંઈક નવું ઉમેરે છે. આમ લીટીઓ જોડાતી જાય છે, રચાતી જાય છે અને ગવાતાં ગવાતાં દૃઢ બનતી જાય છે ને ફેલાતી પણ જાય છે. જરૂરી નથી કે કાલાં ફોલતી બહેનો રૂ-કપાસ-ગાદલાંની જ વાત કરતી હોય... એ પોતાની બીજી લાગણીઓયે ગાતી હોય; અંતે તો એ આખી અભિવ્યક્તિ એ જૂથની સંસ્કૃતિનો પરિચય જ આપે છે. જેમકે આ ગીતોના સંગ્રાહક-સંશોધક બહેનને ભાલબારાની નિંદણ કરતી બહેનો દ્વારા ગવાતું એક વિશિષ્ટ ગીત પણ સાંપડેલું – જેમાં જાન જોડવાની વાત છે ! એક છેડે નીંદવાનું શરૂ કર્યું ત્યારે પહેલી લીટી જોડાઈ હતી – પછી એક પછી એક લીટીઓ જોડાતી ગઈ ને હરોળ પૂરી થઈ. આખું ખેતર નીંદાઈ ગયું ને પેલી બાજુ મજાનું ગીત પણ તૈયાર થઈ ગયું ! – તો આવી હોય છે 'લોકસાહિત્યના સર્જનની પ્રક્રિયા'.

સામે પક્ષે આપણો સમાજ જેને [illegible]સાહિત્ય કહે છે તેમાં માત્ર વ્યક્તિગત શક્તિઓનું જ પરિણામ હોય છે. વિચાર, વલણો, ભાષા વગેરે વ્યક્તિગત સ્તરે જ અભિવ્યક્ત થતાં હોય છે. જોકે સાહિત્યકાર વધુ વિશાળ દૃષ્ટિ ધરાવતાં હોય તો એનું સર્જન બીજાંઓની લાગણીનો પડઘો પણ પાડી શકે અને બીજાંઓને માર્ગદર્શન પણ આપી શકે. આનંદ પણ આપી શકે – આઘાત ને દુઃખથી હચમચાવી પણ શકે અને વિચાર કરતાં પણ કરી શકે. જોકે આવું સર્વવ્યાપી ને સર્વ સ્પર્શી સાહિત્ય સહેલું નથી અને ખાસ સાંપડતું પણ નથી હોતું. તદ્ઉપરાંત મહત્ત્વનો મુદ્દો એ પણ છે કે વ્યક્તિગત સાહિત્યનાં સર્જકો પોતાની વ્યક્તિગત શક્તિ, પ્રતિભા, પ્રક્રિયાને ખૂબ મહત્ત્વ આપતાં હોય છે અને સદીઓથી એમના જેવાઓ દ્વારા વ્યક્તિગત સર્જનને ઊંચા સ્થાને લોકસાહિત્ય વિશિષ્ટ અગત્ય ધરાવે છે બાકી તો પેલા કહેવાતા સાહિત્યકારોએ એને ગમાર-ગામડિયાંનું, 'લોકવરણનું', 'હલકું' અથવા તો ગડબડિયું મૌખિક 'ગાણું' કહીને એક ચોક્કસ દૃષ્ટિથી જુએ છે. ઝવેરચંદ મેઘાણી જેવા સંશોધકે એને દરજ્જો અપાવવાનો ઘણો પ્રયાસ કર્યો છે છતાં આપણી સંસ્કૃતિની ખાસિયતને કારણે એક રીતે જોઈએ તો પેલું વ્યક્તિગત – શિષ્ટ-સાહિત્ય સમા છેડે જ રહ્યાં છે.

વિચિત્ર વિશિષ્ટતા તો એ છે કે આમ સામસામે હોવા છતાં પરસ્પરની અસરો પણ એકબીજાએ ઘણી ઝીલી છે. ભાષાસાહિત્યમાં તો ખાસ ! ઠેઠ વેદકાળથી માંડીને આજના છેલ્લામાં છેલ્લી ઢબના અનુ-આધુનિક સાહિત્ય સુધી શિષ્ટ સાહિત્ય લોકસાહિત્યનાં વલણો – તરાહે અને વૈવિધ્યને અપનાવતું આવ્યું છે. આપણી સમૃદ્ધ લોકબોલીઓ આપણા શબ્દકોશોને વધુ સમૃદ્ધ કરે છે અને લોકઢાળો શિષ્ટ સંગીતને જીવંતતાનો સ્પર્શ આપે છે. આવું તો કંઈકેટલુંયે તારવી બતાવાય.

પરંતુ અલબત્ત, આપણે અહીં લોકસાહિત્ય વિશે વાત કરવા નથી બેઠાં, પણ આપણા અભ્યાસની સામગ્રી છે લોકસાહિત્ય – લોકગીતો અને તે પણ, આપણી

સમાજવ્યવસ્થાના છેક છેવાડાના સમાજ – વણકર સમાજની બહેનો છે. એક તો આપણા ઊંચનીંચના ભેદભાવમાં સડી રહેલા સમાજનો છેવાડાનો ભાગ હોવું અને એમાંય તે સ્ત્રી હોવું – એ ખરેખર એક વિશિષ્ટ બાબત છે. કેમ કે દલિતોમાંયે દલિત છે સ્ત્રી ! આ ઉપરાંત, ભાલ વિસ્તાર પોતે પણ એક ખાસ ભૌગોલિક ખાસિયત ધરાવે છે. ગુજરાતમાં 'નપાણિયો ભાલ' – 'ખારો પાટ' – પછાત – 'ઉજ્જડ' – દુકાળિયો દેશ એટલે ભાલ પ્રદેશ. કુદરતી સંસાધનોની રીતે વંચિત પ્રદેશ અને રાજકીય – સામાજિક રીતે પણ શોષિત પ્રદેશ. વરસાદનો સતત અભાવ, ખરાબ – ખારી જમીન, ભાંભળાં, આછાં પાણી અને અસહ્ય ગરીબી. વારંવાર દુકાળની પરિસ્થિતિને કારણે લગભગ નિયમિત રીતે થતાં સ્થળાંતર, ખાલી ભેંકાર ગામડાં, સગવડો અને જરૂરિયાતોથી વંચિત પ્રજા, શિક્ષણવિહોણા યુવાનો ને બાળકો... અને જાણે બધાંયનો ભાર વેંઢારતી હોય એવી બહેનો. આ છે આપણી કઠોર વાસ્તવિકતા અને એ વાસ્તવિકતા વચ્ચે જીવે છે આપણી આ બહેનો; જેમની પાસેથી આપણે આ ગીતો મેળવ્યાં છે અને જે ગીતોનો અભ્યાસ કરવા આપણે બેઠાં છીએ.

આ બહેનો જાણે આ ગીતો દ્વારા જીવી રહી છે – ટકી રહી છે. એમના અથાક પરિશ્રમમાં વિસામા જેવાં છે આ ગીતો – એમની નિરસ ઘરેડમય દિનચર્યામાં આનંદના ફુવારા જેવાં છે આ ગીતો. રિવાજો અને રૂઢિઓની ગૂંગળામણ વચ્ચે સંવેદનાની સરવાણી જેવાં છે આ ગીતો. પરંપરાની પકડ વચ્ચેય મુક્તિના નાના અંકુરણો ફૂટે છે આ ગીતોમાં અને આખી જિંદગી દબાણ હેઠળ જીવતાં-જીવતાં, જે કાંઈ કરી નથી શકાતું – મોં ખોલી નથી શકાતું તે હસતાંરમતા – રડતાંગાતાં કહી દેવાય છે આ ગીતોમાં... એટલે સ્તો આ ગીતોને આપણે લોકસંસ્કૃતિના ગઢકિલ્લાની 'બારીઓ' કહીએ છીએ !

આમ તો લોકસાહિત્યમાં બીજા અનેક પ્રકારો છે પણ ગીતો એક અત્યંત પ્રચલિત અને લોકપ્રિય પ્રકાર છે. વળી આપણે આગળ, ભૂમિકામાં જોયું તેમ, સ્ત્રીઓના સમગ્ર જીવન સાથે વણાઈ ગયેલો સાહિત્ય પ્રકાર છે. ગવાય છે. સંભળાય છે. છૂટથી ફેરફાર કરાય છે. મોકળામને નવું નવું ઉમેરાય છે અને દૂર દૂર સુધી ફેલાય છે એવો પ્રકાર છે. અને કદાચ એટલે જ ગીતો ટકી જાય છે... સદીઓ સુધી; કાળના ઝપાટાની સામે અને સાંસ્કૃતિક પરિવર્તનોની વચ્ચે પણ. હા, ગીતો એક એવો પ્રકાર છે કે નાટક, સિનેમા, ટી.વી. જેમાં મનોરંજનના ધોધમાર મારા સામેય ટકે છે – બલકે, એ મનોરંજનનાં સાધનોને, આજે એકવીસમી સદીમાં પણ ગીતો – ને એમાંય લોકધુનો ઉપર આધારિત ગીતોનો સહારો લેવો પડે છે... કેમ કે ગીતો લોકજીવનનું સતત ધબકતું, જીવંત અંગ છે. આપણી બહેનો પણ આ બધા પરિવર્તનોની સામે અને સાથે સાથે – ગીતો દ્વારા સમાજમાં પોતાની ચોક્કસ ભૂમિકા ભજવી રહી છે; અથવા તો એમ કહેવાય કે આ પિતૃસત્તાક પુરુષપ્રધાન સમાજવ્યવસ્થાને એને જે ભૂમિકાઓ ભજવવાનું સદીઓથી સોંપ્યું છે તે ભજવતાં ભજવતાં પણ, પોતાની અસલ વાત કહેવા એણે આ ગીતોને સાધન બનાવ્યાં છે – માધ્યમ બનાવ્યાં છે. પોતાના અધિકાર માટે સંઘર્ષના હથિયાર બનાવ્યાં છે. આ 'લડાઈ' કેવી રીતે ચાલે છે એનો આપણે



અભ્યાસ કરીશું.

જોકે એવું નથી કે ગીતો હંમેશાં લડવા માટે જ ગવાય છે ! સ્ત્રીઓને આ સમાજમાં ટકવું હોય – સ્થાન મેળવવું હોય અને એ સ્થાન ટકાવવા તો કંઈક યુક્તિઓ કરવી પડે છે. માત્ર સામી છાતીએ લડવાથી વાત ન બને; કદીક ગેરિલા યુદ્ધની જેમ છૂપાઈને છાપો મારવો પડે, કદીક જાસૂસની માફક અંદર ઘૂસીને – ભળી જઈને પછી પોત પ્રકાશવું પડે તો કદીક સમાધાનની સફેદ ઝંડી ફરકાવી, સામસામે બેસીને ચર્ચા કરવી પડે; ના છૂટકે જ નીચી મૂંડીએ શરણાગતિ સ્વીકારવાનો વારો આવે ત્યારે પણ પોતાનું અસ્તિત્વ તો ટકાવી રાખવું પડે. આ અને આવી અનેક વ્યૂહ-રચનાઓ લઈને આવે છે આ ગીતો.

ગીતોની આ બધી ભૂમિકા તરફ જતાં પહેલાં, આપણે એ સમજી લેવું જોઈએ કે આ ગીતો કઈ ભોયમાં ઊગ્યા છે ને કેવી આબોહવામાં ઊછર્યા છે ?... તો એ છે આપણી સદીઓ જૂની પિતૃપ્રધાન, સામંતી મૂલ્યોવાળી, શોષણમૂલક સમાજવ્યવસ્થા – આ સમાજવ્યવસ્થાની ખાસિયતો ખપ પૂરતી જાણી લેવી જરૂરી બને છે. પિતૃપ્રધાન વ્યવસ્થા કહીએ ત્યારે જ્ઞાતિ-કુટુંબ-ગામ-પ્રદેશ-રાજ્ય બધાંનો સમાવેશ થાય. સાથે સાથે ધર્મસંસ્થા, શિક્ષણ પ્રથા અને સમૂહમાધ્યમો પણ એ વ્યવસ્થાના ભાગરૂપે જ કામ કરતાં જણાય. આ બધું એકત્ર થઈને જ પેલી પિતૃપ્રધાન વ્યવસ્થા રચાય છે... તો આગામી પ્રકરણમાં આપણે સદીઓથી બદલાતી રહેતી રાજકીય-આર્થિક-સામાજિક પરંપરામાં પહેલાં પિતૃપ્રદાન વલણો-વિચારોનો ટૂંકો પરિચય મેળવીશું.

❑

## પ્રકરણ–૩

# પિતૃસત્તાક મૂલ્યો અને લોકગીતોનું અર્થઘટન

### કુટુંબજીવન :

સ્ત્રીઓનું મુખ્ય કાર્યક્ષેત્ર 'કુટુંબ' જ મનાયું છે. પારંપરિક રીતે આ મૂલ્ય સેંકડો વર્ષોથી આપણાં મનમાં, જીવનમાં, આચરણમાં મજબૂત મૂળિયાં નાખીને પડ્યું છે. શ્રમજીવી બહેનો ભલે ને ટાઢ-તડકો-વરસાદ વેઠીને ખુલ્લા આકાશ નીચે વૈતરાં કરતી હોય; એમની 'અસલ જગ્યા' તો ઘરની 'અંદર' જ કહેવાય.

આપણાં મૂલ્યોને; આપણા તહેવારો, ઉત્સવો, ઉજવણી, વ્રતો, શિષ્ટ તેમજ લોકસાહિત્ય અને નાટક-સિનેમા-ટી.વી. જેવાં મનોરંજન તેમજ માહિતીલક્ષી જાહેર માધ્યમો વગેરે દ્વારા પોષણ મળતું રહ્યું છે. અંતે કુટુંબસંસ્થા એ સ્ત્રીઓની મુખ્ય 'કર્મભૂમિ' બની રહી છે.

સાથે સાથે એ પણ નોંધવું જોઈએ કે, સ્ત્રીઓ દ્વારા કુટુંબો રચાય છે, ઘડાય છે, ચાલે છે, ટકે છે છતાં સ્ત્રીની કુટુંબમાં કદર નથી. કદી કદી સાહિત્ય અને બીજા જાહેર માધ્યમો સ્ત્રીનાં વખાણ કરે તો છે પણ એમાં કાં તો અતિશયોક્તિ હોય છે કાં તો ઉપરછલ્લું વલણ હોય છે. કાં તો રમૂજ હોય છે કાં તો પોતાને ફાવતું રોમેન્ટિક રંગરંગીન ચિત્રણ.

છતાં મોટે ભાગે, સ્ત્રીઓ ત્યાગની ને સહનશીલતાની મૂર્તિ છે. માતૃત્વ અને વાત્સલ્ય એના સૌથી મહત્ત્વના ગુણો છે. એનું જીવન પતિ-બાળકો અને બીજાં સાસરિયા માટે જ સરજાયું છે અને બહાર કામ કરતી, પતિથી વધુ અને વધારે સારું કામ કરતી-કમાતી સ્ત્રી કંઈક 'ગુનો' કરી નાંખે છે જેથી મનોમન તો પોતે જ પસ્તાય છે – એવું ચિત્ર આ માધ્યમો દ્વારા ઊભું કરવામાં આવે છે. જેથી જાણ્યે-અજાણ્યે પણ પેલી જૂની વાત વરસોવરસ બેવડાયા કરે છે.

ચિંતાની અને દુઃખની વાત તો એ જ છે કે બાકીનો સમાજ જ નહીં; સ્ત્રીઓ પોતે પણ આ મૂલ્યને જ સાચું માનતી થઈ ગઈ છે. ભણેલી હોય કે અભણ હોય કે અલ્પશિક્ષિત – બધી સ્ત્રીઓ માટે 'ઘર' જ સર્વસ્વ છે અને તે સિવાય એ જે કાંઈ કામ કરે, અંગત સિદ્ધિ હાંસલ કરે કે અંગત વ્યક્તિત્વને ઊંચે લાવવા પ્રયાસો કરે – કલા, કારીગરી તાલીમ લે – તો એ બધું 'નકામું' છે. સ્ત્રીના કુટુંબને તોડનારું છે. પતિબાળકોથી દૂર લઈ જનારું છે એવી નકારાત્મક ભાવના ઊભી કરીને એક જાતનો



ડર પેદા કરવામાં આવે છે. જેથી સ્ત્રીઓ કુટુંબના કલ્યાણ સિવાય બીજું વિચારી જ ના શકે. સ્થૂળ રીતે અને સૂક્ષ્મપણે; ઉંબરાની બહાર નીકળતાં એ અસલામતી અનુભવે છે ને પરિણામે કુટુંબસંસ્થા સ્ત્રીનું પોષણ કરવાને બદલે શોષણ કરે છે; વિકાસ કરવાને બદલે ગૂંગળામણ ઊભી કરે છે.

આવું હોવા છતાં, ઉઘાડે છોગ સ્ત્રીઓ આ ગૂંગળામણનો વિરોધ ભાગ્યે જ કરે છે. શિષ્ટ સાહિત્યમાં તો એને ભાગ્યે જ તક મળે છે પણ લોકસાહિત્યમાં એ ભાગ્યે જ પોતાની 'સાચી' વાત રજૂ કરે છે. મોટેભાગે એ પરંપરાગત મૂલ્યોને જ ગાતી રહે છે. આવું કેમ થતું હશે ? અથવા તો એ ગૂંગળામણમાંથી મુક્તિ મેળવવા એ કયા 'રસ્તા' લે છે ? કઈ 'યુક્તિ'ઓ વાપરે છે ? એવો પ્રશ્ન આપણને અચૂક થાય.

ભાલ પ્રદેશની વણકર બહેનો પાસેથી મળેલાં આ ગીતોમાં આપણે જોઈએ કે કુટુંબવ્યવસ્થા અને સ્ત્રીઓ વચ્ચે કેવો સંબંધ છે, કેવું આદાનપ્રદાન છે, કયાં મૂલ્યો બહાર આવે છે અને એથી સ્ત્રીઓનું કેવું ચિત્ર સામે આવે છે.

### કુટુંબજીવનમાં 'દીકરી'

કુટુંબમાં સ્ત્રીને વિવિધ, પરંપરાગત ભૂમિકાઓ સોંપવામાં આવી છે. 'ભૂમિકા' એટલે (૧) જમીન – ભોંય, ઊભા રહેવાનું – કામ કરવાનું ક્ષેત્ર અને 'ભૂમિકા'નો બીજો અર્થ છે : (૨) પાત્ર – ભજવણી, 'રોલ' ! સમાજમાં સ્ત્રીઓના સંદર્ભે આ બંને અર્થ બરોબર બંધબેસતા આવે છે. થોડુંક ઊલટાવીને એમ કહી શકાય કે, પરંપરાગત રીતે – સ્ત્રીને મળેલી – સોંપવામાં આવેલી ભૂમિકા મુજબ તે પોતાનું કાર્યક્ષેત્ર સંભાળે છે. કામ કરતી રહે છે.

સમાજમાં સ્ત્રીને એક વ્યક્તિ તરીકે, સ્વતંત્ર-સ્વાયત્ત (સ્વઆધારિત, પગભર) સંપૂર્ણ એકમ તરીકે જોવામાં નથી આવતી. સ્ત્રીની ઓળખ હંમેશાં પુરુષ ઉપર આધારિત છે : ફલાણા ભાઈની દીકરી – ઢીંકણાભાઈની પત્ની – અમુકની બહેન ને અમુકની બા ! ઘણી વાર તો સ્ત્રીનું નામ સુધ્ધાં બોલવામાં નથી આવતું – એટલું જ નહીં; ઘણા લોકો એનું સાચું નામ પણ જાણતા નથી હોતા – કુટુંબનાં સભ્યો સુધ્ધાં ! અરુણની બા '(મમ્મી)' કે પછી 'સુરેશની પત્ની' કે 'મીસીસ (શ્રીમતી) પટેલ' અથવા તો પછી 'મોટીબા' 'ભાભી' 'નવી કાકી' 'વ્હાલી ફોઈ'ના નામે જ આખે આખું આયખું પૂરું કરી નાંખતી સ્ત્રીઓ આપણી વચમાં જીવન જીવતી જોવા મળે છે. ટૂંકમાં સ્ત્રી કાયમ 'કોઈની' 'કશુંક' છે એ પોતે 'કાંઈ' નથી અને ખૂબીની વાત તો એ છે કે સમાજ-સંસ્કૃતિ-સાહિત્ય ને જાહેર માધ્યમો ગાઈવગાડીને નામહીનતાનો મહિમા કરે છે : 'નામથી નહીં – કામથી જ સ્ત્રીઓ તો સમાજમાં ઓળખાય છે – પૂજાય છે !'

આવી પરિસ્થિતિ હોય તેવા સમાજમાં 'દીકરી' હોવું કે 'છોકરી' થઈને જન્મવું એ એક ખાસ અર્થ ધરાવતી ભૂમિકા બની રહે છે. સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવની શરૂઆત ઠેઠ દીકરીના જન્મથી જ, કહો કે તેના જન્મતાં પહેલાં જ થઈ જાય છે. સૃષ્ટિના સર્જનમાં સ્ત્રી, પુરુષ કરતાં શારીરિક રીતે જુદી છે તેથી ઊતરતી કોટીની છે – નબળી છે – અબળા છે, ઓછી બુદ્ધિશાળી ને વધુ લાગણીશીલ છે એવા ભેદભાવ

પોષતા મૂલ્યોથી જોવાની શરૂઆત 'દીકરીના' જન્મ પહેલાં જ થઈ જાય છે એ 'પારકી થાપણ છે', 'ગાય છે – દોરો ત્યાં જાય છે', 'પરાયું ધન છે', 'પથરો છે', 'સાપનો ભારો છે', 'હૈયાસગડી' છે... જેવાં વિધાનો આપણા માનસમાં ઊંડે ઊંડે ઘર ઘાલી ચૂક્યાં છે એટલે જ તો કહેવતો બની ગઈ છે.

દીકરીની / સ્ત્રીની નિયતિ લગ્ન જ છે. લગ્ન અને પછી સાસરામાં વાસ... એમાંથી કોઈ સ્ત્રીનો છુટકારો નથી તેથી તે દુઃખિયારી જીવ છે તેથી જ એનું ઘડતર-ઉછેર-વાણી-વિચાર પારકા ઘરને અનુકૂળ થાય તેમ જ કરવામાં આવે છે. લગ્નસંસ્થા આ વલણને મજબૂત બનાવે છે. વારસાના અધિકારો, કાયદાઓ, પર્સનલ લૉઝ સ્ત્રીની આ ભૂમિકાને "જૈસે થે" રાખવામાં મદદ કરે છે. દહેજ અને કન્યાવિક્રય જેવા રિવાજોને જન્મ આપે છે. પ્રોત્સાહન આપે છે.

દીકરીના આ ભારરૂપ 'અવતાર'ને એટલે જ સમાજ ઇચ્છતો નથી. એક જમાનામાં દૂધ પીતી કરાતી હતી એ દીકરીને આજે આધુનિક વિજ્ઞાનની શોધખોળના દુરઉપયોગથી, ગર્ભમાં જ મારી નાંખવામાં આવે છે. સદીઓ જૂના આ ભેદભાવને કોણ પડકારશે ? કદાચ આપણી ભાલની બહેનો ?

હા... આપણને મળેલાં આ ગીતોમાં એક ગીત એવું છે જેમાં કોઈ પણ જાતના ઢાંકપિછોડા / વિના સ્ત્રીઓ ગાઈ નાંખે છે કે–

*"દીકરો જન્મે ત્યારે દેવળ કહેવાય,*
*દીકરી જન્મે ત્યારે પથ્થર કહેવાય,*
*ઓછાં સે માન – ઈના ઓછાં સે માન"* (ગીત-૧)

સમાજની આ કડવી ને વરવી વાસ્તવિકતા વિશે આ બહેનો કોઈ પણ પ્રકારના ખચકાટ વગર પેટ ઠાલવી દે છે. એમણે પસંદ કરેલાં રૂપકો જુઓ : 'દીકરો દેવળ... દીકરી પથ્થર' અહીં માત્ર પેલી કહેવતનું પુનરુચ્ચારણ નથી. કદાચ પેલા ઊંચા દેવળના પાયામાં પુરાયેલા પથ્થર તરફ ઈશારો છે કે શું ? પુરુષના જીવનમાં સ્ત્રીના સ્થાન વિશે આડકતરો ઉલ્લેખ તો નથી ને ?

મુખડાથી આગળ વધીએ તો આવે છે કે બહુ મહત્ત્વની વાત – દશ વર્ષની દીકરી ભણીગણીને હોશિયાર બની. આ વિશિષ્ટ બાબત છે – દીકરી છે – ભણતી દીકરી છે. હોશિયાર દીકરી છે. સાધારણ રીતે ભેદભાવમૂલક ઉછેરમાં દીકરીને ભણાવવાની તક ભાગ્યે જ મળે છે, પણ અહીં તો ભણીગણીને હોશિયાર બનેલી દશ વર્ષની દીકરીની વાત છે – આશાસ્પદ અને પગભર થવાની તૈયારી બતાવતી પરિસ્થિતિની વાત છે – પણ એક બીજી આશંકા પણ જન્મે છે : સાધારણ સંજોગોમાં દશેક વર્ષની થાય, એટલે દીકરી માની ટેકણલાકડી થઈ જાય – હાથવાટકી થઈ જાય. નાનાં ભાંડુઓ ઉછેરવાની, ઢોરો ચરાવવાની, ઘરનાં નાનાં-મોટાં કામ કરવાની જવાબદારી પણ એને માથે આવતી થાય. આવે વખતે ભણીગણીને હોશિયાર થતી – દશ વર્ષની દીકરીનું શિક્ષણ ક્યારેક – ના – મોટેભાગે – અટકાવી દેવામાં આવતું હોય છે. આ ગીતમાં ખુલ્લે ખુલ્લું તો નથી કહેવાયું પણ ક્યાંક આવી આકાંક્ષા તો



ઊઠે જ છે કે દશ વર્ષની થયેલી આ હોશિયાર દીકરીનું ભાવિ શું ? અહીં માત્ર દલિત દીકરીની વાત નથી... ને તરત આગળ વધે છે. ગીત 'સોળ વરસની સુંદરી બની' એમાં એનાં બાપની ચિંતા વધી ! કેવી વેધક છે આ વાસ્તવિકતા ? કહેવાતું શિષ્ટ સાહિત્ય હોત કે ચીલાચાલુ ફિલ્મી ગીત હોત તો સોળ વર્ષની સુંદરીની સુંદરતાનાં વર્ણન હોત – એનાં નખરાં અને એના કોડ અરમાનની રંગીન વાતો હોત – પણ આ તો છે દલિત સમાજની દીકરીનું ગીત : એ તો ઉકરડી – દહાડે ન વધે એટલી રાતે વધે – ને રાતે ના વધે એટલી દહાડે વધે – ને વધે એટલે એને સાચવવી ભારે ! એણે કાંઈ ગઢમાં પુરાઈ નથી રહેવાનું ! ઊભા વગડે જતાં, મજૂરીએ જતાં, કૂવે તળાવે જતાં પુરુષની – ને ખાસ તો ગામના કહેવાતા ઉજળિયાત – માથાભારે પુરુષની ગંદી નજરથી બચતાં રહેવાનું છે. આવી દીકરી સોળ વરસની થાય ત્યારે મા-બાપને ચિંતા સિવાય બીજું શું થાય ? ને એટલે જ એની જવાબદારીમાંથી જાણે છૂટવાની ઉતાવળ ન કરતા હોત... તેમ બીજી એક ચિંતા સેવવા લાગી જાય – કેવું ઘર શોધશું ને કેવો વર મળશે અમારી દીકરીને ? દીકરીને તો છેવટે પારકી જ કરવાની ને ? અને એટલે જ ગીતમાં કહે છે કે... ગાય જેવી દીકરી, દોરે ત્યાં જાય... ચોધાર રડતી માતાનો સંસાર સૂનો થઈ જાય પણ કરે શું ? પરંપરાની મારી એ પણ દીકરીનાં લગ્ન ટાણે સાકર વહેંચતી હોય. દીકરીનાં લગ્નના અવસરે તો આંસુ સારવા સિવાય એ કંઈ કરી શકતી નથી ! આ ભેદભાવ તદ્દન વાસ્તવિક છે. એટલું જ નહીં પણ જમાના જૂનો પણ છે. વારંવાર બેવડાતી-ગવાતી ધ્રુવ પંક્તિઓ – 'ઓછાં છે માન' શું સુચવે છે? દીકરીની દશા ઉપર આમ રોઈને બેસી રહેવાનું છે ? ગીત વાટે આ ભૂંડા ભેદભાવને જરાક ઉજાગર કરીને નીચી મૂંડીએ વેઠતાં જ રહેવાનું કે પછી... ?

જોકે અનુભવી કે અભ્યાસીની દૃષ્ટિ તરત જ પારખી શકે એવી બાબત એ છે કે આ ગીત ચોક્કસ 'જૂનું' નથી જ ! પરંપરાગત રીતે ચાલતાં બીબાંઢાળ ગીતો કરતાં શરૂથી જ જુદું પડી જાય છે. આ કદાચ આધુનિકસાંપ્રત લોકગીત છે જ્યારે દીકરા-દીકરી વચ્ચેના ભેદભાવને ચોક્કસ રીતે ન્યાયઅન્યાય ભેળવવાની રીતે જોવાની દૃષ્ટિ ખૂલવા માંડી છે એવા સમયમાં રચાયેલું ગીત છે. ગવાતું થયું છે એ બતાવે છે ક્યાંક આ ભેદભાવ સામે આખાબોલી થઈને આ બહેનો પોતાનો અણગમો વ્યક્ત કરતી તો થઈ જ છે. 'માન' જેવી ભાવના ઉપર સ્ત્રીઓ ભાર મૂકતી થઈ છે. એ 'માન'ની ચિંતા કરતી થઈ છે. ઓછા મળતાં માન સામે સવાલ કરતી થઈ છે. આ એક સાહસ છે – મોટું પરાક્રમ ના કહીએ છતાંયે, કૌટુંબિક-સામાજિક માળખાની ચુસ્ત જડતા સામે પોતાનો અણગમો રજૂ કરી શકવાનું સાહસ છે. આજે બહેનો આટલો વિરોધ પ્રગટ કરતી થઈ છે તો આવતીકાલે... પરમ દિવસે આ વિરોધ વિદ્રોહ બની શકે એવી આશા રાખવી કંઈ બહુ વધારે પડતી અપેક્ષા નહિ કહેવાય !

આમ જુઓ તો પાશેરામાં પહેલી પૂણી લાગતી આ કડી ખરેખર દાદ માંગી લે તેવી છે. કેમ કે ભેદભાવમૂલક આ જડ સમાજવ્યવસ્થામાં પોતે પોતાની વાત કરવી સહેલી નથી.

આ ભેદભાવ આપણા હાડોહડમાં કેવો ઓગળી ગયો છે – વ્યાપી ગયો છે એની સાબિતી એક બીજું ગીત આપે છે. (ગીત-૨) આમ તો ફટાણાંરૂપે ગવાયેલું આ ગીત છે.

"હંસાબેન દૂધના સવાદિ રે
પાડો દોવા જાય"

કોઈ શહેરી મહેમાન કદાચ વેવાણના સવાદિયાપણાની ઠેકડી ઉડાડતું ગીત છે પણ એ ભૂલવા જેવું નથી કે ઠેકડી એક સ્ત્રીની ઊડે છે – ને મશ્કરીને પાત્ર એનું સવાદિયાપણું. ગાનારી બહેનો કયું નકારાત્મક મૂલ્ય પુનઃસ્થાપિત કરે છે, તે પકડાય છે? સ્ત્રીને તે વળી સ્વાદ કેવા ? કે પછી અસ્ત્રીની તો જાત જ ભુખાવળી – આપણે દીકરા-દીકરીના ઉછેર વચ્ચેના ભેદની વાત કરતાં હતાં ને ? તો એ માત્ર પેંડા ને જલેબી જેટલો સીધોસાદો નથી હોતો કે ! ભણવાની-રમવાની – આગળ કારકિર્દી કરવાની તકો પૂરતા જ સીમિત હોતા નથી ! આપણે ત્યાં તો છોકરા-છોકરીના ભાણામાં દૂધ-ઘીનો તફાવત થતો હોય છે – ગરીબના ઘરમાં તો શાક ને ગોળનાંય દીકરીને સાંસા ! દીકરી તો કંકોડાની વેલ ! એને વધતા વાર લાગે ? અરે, ધાવણ સુધ્ધાં દીકરીને ઓછું ને દીકરાને વધારે – આવા સમાજમાં દીકરી જીભ સવાદિયણ હોય તે કેમ પોસાય ? એમાંય દૂધના અભળખા પણ હોય તેણે તો પાડો દોહવા જેવો જ અશક્ય – ભગીરથ પુરુષાર્થ કરવો પડે ! મજાક જેવું લાગે પણ ચાગળું દૂધ માટે મા-બાપ-ભાઈના ઢીંકા-ધબ્બા-ચૂંટિયા ખાતી છોકરીની અસલ હાલતનો જરાક વિચાર કરી જુઓ જોઈએ ! અને આ કંઈ આજની વાત નથી ! પરંપરાથી ચાલ્યું આવે છે. આપણે વ્રત-ઉપવાસ વિશે ક્યારેય આ રીતે વિચાર કર્યો છે ? કેટલાક પુરુષ પ્રધાન દૃષ્ટિકોણથી થયેલા અભ્યાસોમાં 'સસરો દેજો સાવદિયો' જેવાં લોકગીતોનું અર્થઘટન એવી રીતે થયું છે કે છોકરીઓની જીભ મોટી, બોલ્યે બંધ નહિ, ખાવામાં ભૂખાળ તેથી જીભ-મોઢું બંધ નહીં. આ જીભ અને ભૂખને નાથવા માટે પરંપરાએ ધાર્મિક વ્રતોનું પ્રયોજન કર્યું જે ભાવિ સંસાર માટે તેના સંસ્કાર ઘડે છે. ભૂખ અને જીભ પર લગામ આવે તેથી રાંધતા ચાટવા-ચાવવાનું બંધ થાય અને જીભનો લવલવાટ ઓછો થાય ! (ખોડિદાસ પરમાર – લોકસાહિત્યમાં કન્યાકેળવણી – પ્રકરણ ૬ – ૮૯) છે ને બલિહારી ! હકીકતે આપણે જાણીએ છીએ કે ઘરમાં સૌથી છેલ્લી જમે સ્ત્રી-ઘરની વહુવારુ ! મીઠાઈ-પકવાન-શાકપાન વધે તો જ વહુને પહોંચે. વહુને ભાગે ટાઢું વાસી વધારાનું ! આવી સ્થિતિમાં બેજીવસોતી સ્ત્રી કદીક હાંડલું ખોલીને ચાટીચાખી લે એને ગુનો કહીશું ? પણ ખેર આ તો પારંપરિક પુરુષસત્તા-પ્રધાન અર્થઘટન હતું ! આપણે મુદ્દાની વાત કહીએ તો જે સમાજવ્યવસ્થામાં ધાવણથી માંડીને ખાંપણ સુધી સ્ત્રી-પુરુષના ભેદ થતા હોય ત્યાં બહેન દૂધનો સ્વાદ રાખે તે કઈ રીતે ચલાવી લેવાય ? ને હા સાસુના 'સ્વાદ'ને 'ભૂખાળવાપણું' કહેવાય પણ સસરા ભૂખવળા હોય તો 'સવાદિયા' કહેવાય !

આ ટૂંકું નાનું – કંઈક અભદ્ર અને હાસ્યાસ્પદ લાગતું ગીત ઊંડા ઊતરીએ તો ઘણું કહી જાય તેવું છે. પણ મજા(!)ની વાત એ છે કે સ્ત્રીઓ જ આ દૂધના સવાદી 'વેવાણ'ની મજાક કરે છે ! વેવાઈપક્ષ સામેવાળાનો ખરો : પણ 'વેવાણ' આખર સ્ત્રી છે એ સ્ત્રીઓથી તો કેમ ભુલાય ? આવાં વલણને કેમ કરીને રોકશું ?



'ફટાણાં' વિશે વધુ વાત તો કરીશું લગ્નગીતો વખતે. અહીં જે મુદ્દો હતો તે દીકરી – સ્ત્રીના ઉછેરમાં અને દીકરા પુરુષના ઉછેરમાં થતા ભેદભાવને કારણે જે વલણો આપણી વચ્ચે 'ઘર' કરી જાય છે તેનો. આવાં વલણો કેવી નાની ને તુચ્છ દેખાતી બાબતથી શરૂ થતા હોય છે ને છેવટે ક્યાં જઈને અટકતાં હોય છે ?

સ્ત્રીજીવનની વિવિધ ભૂમિકાઓમાં આપણે સૌથી પ્રથમ 'દીકરી' વિશે વાત શરૂ કરી છે. આ દીકરી માંડ માંડ ઊછરી જાય એટલે એ પણ 'નાનકડી સ્ત્રી' બનવા લાગે છે. હજુ તો સાડા ચાર-પાંચ વરસની થઈ ના થઈને માને કામ કરાવતી થઈ જાય છે. નાનાં ભાંડુઓને રમાડવાં, એમના ઘોડિયાની દોરી તાણવી, એમને કેડમાં તેડીને ફેરવવાં ને માને બાકીનું કામ કરવા દેવું. સીમમાં ઢોર ચારવા જવું. છાણાં વિણાવવાં, ઈંધણાં એકઠાં કરવાં, ચાર એકઠી કરવી, નાના-નાના પૂળા બાંધવા, લણણી કરાવવી... કેટકેટલાં કામ કરે છે આ દીકરી ? જોકે એવું પણ નથી કે એને બાળપણ માણવા નથી મળતું, ગીત, રમતો-રમતગીતો, ઉખાણાં, જોડકણાંની રમઝટ વચ્ચે એની બપોર પસાર થતી હોય છે. ગોરમા ને શંકર-પારવતી વ્રત વખતે ઉપવાસની સાથે સાથે દેદો કૂટવો ને ગોરમાનાં ગીતો ગાવાની લ્હાણ પણ એ ઊજવતી જ હોય છે. ઘરકામ-રમતો અને ગીતોમાં એનું બાળપણ વીતે છે ને સાથેસાથે એને ભાવિ ગૃહિણી થવાના પાઠ ભણાવવામાં આવે છે. બાળપણથી જ સારો વર ને સારું ઘરનાં સપનાં જોતી દીકરી 'લગ્ન' વિશે વિચારતી તો ક્યારનીય થઈ ગઈ હોય છે.

**લગ્નગીતોમાં કુંવારી કન્યાના કોડ :**

પણ એના લગ્ન વિશેનાં શમણાંની વાત કરતાં પહેલાં, ભાલબારા વિસ્તારના લગ્નસરા વિશે થોડી પૂર્વભૂમિકા જોઈ લઈએ. આ પ્રસંગ અને તેની માનસિકતા વિશે માંડણી કરીને, જોઈએ લગ્નગીતોમાં 'દીકરી'ની ભૂમિકા.

સવારથી માંડી સાંજ સુધીનાં કામના અનંત ઢસરડા, ઘર-ખેતર-ઢોરાં ને છોરાંની પળોજણ, વર ને સાસરિયાંની મરજીની સાચવણી અને ખૂટતાં જતાં જારબાજરી, ઘી-તેલ, ઈંધણ પાણીની સતતની ફિકર ચિંતાના, રણમાં મીઠી વીરડી શમો આવે છે લગનગાળો.

એ વેળાએ, નવાં સગાં-વહેવાઈની આગતાસ્વાગતા, આર્થિક લેવડ-દેવડ, પ્રસંગ રંગેચંગે પાર પાડવાની જવાબદારી અને દીકરી વળાવવાની કપરી વેળા કે પછી નવી વહુને વધાવવાની ઈંતેજારી જેવાં અનેકવિધ ભાવ-લાગણીઓ વચ્ચે રૂમઝૂમતી, અટવાતી સ્ત્રીઓ સૌથી વધુ રાહ જોતી હશે કદાચ લગનટાણાંનાં ગીતો ગાવાની !

કંકોતરી લખવાથી માંડીને, ગણપતિ સ્થાપન – માટલી આપવી – પીઠી ચોળવી, જાન ઉઘલાવવી – જાન પોંખવી – કન્યા પધરાવવી – હસ્તમેળાપ – મંગળફેરા – ચોરી – વર-વહુ પોંખવા – કન્યાવિદાય જેવી અનેકવિધ અને અટપટી વિધિઓની વચ્ચે આપણી બહેનો પોતાનો ખાસ સમય કાઢી લે છે – ગીત ગાવાનો. લગભગ દરેકે દરેક વિધિ માટે ગીત છે અને વિધિ ચાલતી હોય તેની સાથે સાથે ગાવા ઉપરાંત, બહેનો બહેનો સાથે બેઠી હોય ત્યારે ગાયા કરતી હોય છે, જેમકે

કન્યાના શણગાર ચાલતા હોય, વરકન્યાને પીઠી ચોળતી હોય, પેલી બાજુ ગોરમહારાજ અટપટી વિધિઓ કરાવી રહ્યા હોય કે વડીલ પુરુષો લેવડ-દેવડની વાટાઘાટો ચલાવી રહ્યા હોય... આપણી બહેનો ભેગી થઈને ગાતી હોય છે. આવે વખતે વિધિનાં ગીત સિવાય પણ સ્ત્રીઓની ભાવનાનાં, ખાસ કરીને પરણનાર કન્યાના છાના કોડનાં ગીતો ગવાતાં હોય છે. અહીં એક મુદ્દો ખાસ આંખે ઊડીને બાઝે છે : દીકરીના આ કોડ બે પ્રકારના હોય છે : (૧) સુંદર વસ્ત્રો, ઘરેણાં સજવાનાં, જે મોટેભાગે શક્ય નથી તેવી સમૃદ્ધિમાં મ્હાલવાના કોડ અને (૨) મનમાનીતો, રૂડોરૂપાળો, હેતભર્યો પતિ મેળવવાના.

આ બંને 'કોડ' દેખીતી રીતે સ્ત્રીની સ્વ-ઈચ્છાની અભિવ્યક્તિ છે. વ્યક્તિગત ઝંખના કે મનોકામના છે. પોતાની વાસ્તવિકતાને વખોડીને ઉપરવટ જઈને કરેલી મનોકામના છે. કેમ કે સ્ત્રીઓની... ને ખાસ કરીને આપણી ભાલબારા વિસ્તારની સ્ત્રીઓની વાસ્તવિક પરિસ્થિતિ એ છે કે મોટે ભાગે એ લોકો અછત, ગરીબી કે ખેંચતાણની અવસ્થામાં જીવતી હોય છે. સ્ત્રી-પુરુષ બંને રાત-દહાડો તનતોડ મહેનત મજૂરી કરે ત્યારે કુટુંબનો બે ટંકનો રોટલો નીકળતો હોય છે. નાની મોટી નોકરી કરનારને માટે પણ વારતહેવારે કે સારા-માઠા પ્રસંગે રોજિંદા ખર્ચ કરતા વધારાનું ખર્ચ કરવાનું હોઈ દેવાં કરવા વેળા આવતી હોય છે. આમ, માંડ બે છેડા ભેગા કરી શકતી બહેનો જ્યારે રાજરાણી જેવી સમૃદ્ધિથી કલ્પના કરે એને શું કહીશું ? ગુલાબી સ્વપ્નાં ? અતિશયોક્તિ ? કે પછી પલાયનવૃત્તિ ?

કોઈ પણ તારણ પર આવતાં પહેલાં, એમના પોતાના જ શબ્દો પર નજર નાખી જોઈએ : (ગીત-૩)

*"લીલા પીળા મારા જસી બેનના હાથ*
*રૂપાળા હાથોમાં બંગડી શોભે કે રંગી મારા રાજ !*
*લીલાં પીળાં મારા વડુલિયાનાં પાંદ*
*રૂપાળાં પાંદુમાં વડલો ફાલ્યો કે રંગી મારા રાજ !"*

અને પછી જેમ રૂપાળા પાંદ – લીલાં પીળાં પાંદમાં વડલાના ઝાડની શોભા વધતી જાય છે, એમ કન્યાના રૂપાળા હાથ, પગ, ડોક વગેરે અંગોપાંગમાં શોભી ઊઠે છે. કન્યા જાણે લીલું-પીળું વૃક્ષ છે. હર્યુંભર્યું સુંદર, મીઠી-શીતળ છાયા આપતું વૃક્ષ. પિયરમાં ટાઢક અને શાંતિ આપતું વૃક્ષ, મા-બાપની આંખની ટાઢક સમું વૃક્ષ અને એનાં એક એક અંગે શોભતા શણગારનું સાદું, સરળ નિરૂપણ છે. અહીં મિથ્યા ઠાઠ-આડંબર નથી. રૂપક જ કેવું મજાનું – થોડુંક અસાધારણ છે ! આમ તો દીકરી-સ્ત્રી વેલ જેવી નાની-નાજુક હોય, કોઈના ટેકે વળગેલી લાગે પણ અહીં તો દીકરી સ્વયં વડલો ! અતિશયોક્તિ, પણ એનો અર્થ સાંભળનારને ક્યાં સુધી પહોંચાડે છે !

હવે વિચારો કે રૂપક/ઉપમાઓની ભરમારની વચ્ચેથી પણ કેવું તાજું રૂપક નીકળી શકે છે ? શણગારની વાત તો સામાન્ય છે પણ દીકરીની વડલા સાથેની સરખામણી આડકતરી રીતે કેવું અવનવું કહી જાય છે ? ગીતોમાં નવી વાત, મુક્ત



આબોહવાની લેરખી આમ ક્યારેક ક્યારેક સ્પર્શી જાય છે ત્યારે ખરે જ, કહી શકાય કે આવાં ગીતો સ્ત્રીઓની રળિયામણી કલ્પનાસૃષ્ટિનો પરિચય કરાવી દે છે. (ગીત-૩)

પણ ક્યારેક કન્યા એવી આકાશી ફૂલડાં મંગાવવા જેવી ઝંખના કરતી જોવા મળે છે કે માતા-પિતાને માટે આવી આશા પૂરી કરવી અશક્ય ! પણ અહીં ક્યાં ખરેખાત કશું જોઈએ છે ? આ તો અશક્યની કલ્પના ગાઈ લઈને સંતોષ માણવાની વાત છે. આવાં ગીતો આપણી પ્રજાની અતૃપ્ત સુતૃપ્ત-ઝંખનાનાં પ્રતીક છે – ભલે તે સભાનપણે ન ગવાતાં હોય, ગાતી વખતે ગાનારાનાં મનમાં આવી કોઈ ઈચ્છા ન હોય ને માત્ર પરંપરાગત સુંદર કલ્પનાના આકર્ષણથી જ એ ગવાતાં હોય ! છતાં ઊંડે ઊંડેથી ક્યાંક વણકહ્યા સૂર પણ સંભળાય છે – સમજી શકાય છે. (ગીત-૪)

*"મેડીએ મેલ્યો સોનાનો બાજઠિયો*
*મા મારો સોના-રૂપાનો બાજઠિયો !"*

શા માટે મૂક્યો સોનાનો બાજઠ ? કન્યાનાં ઘરેણાં ચડાવવા. એક પછી એક ઘરેણું મુકાતું જાય છે પણ સોનાનો બાજઠ અમૂલ્ય રહે છે. દીકરી પરણાવતાં એનાં મૂલ લેનારી પ્રજાનું આ ગીત છે. કિંમતી દાગીનાની સામેય એમની દીકરી અણમોલ પુરવાર થાય છે. એવો કોઈ ઈશારો છે અહીં ? દીકરીની સામે ધન લે છે – લેવું પડે છે – વર્ષોથી લેતા આવ્યા છે એના આછા પસ્તાવાનો કોઈ ભાવ દર્શાવાય છે અહીં ? સોનાના બાજઠ જેવી મહામૂલી દીકરી, ગમે તે દેતાં પણ દઈએ એવી ગરિમા-સ્વાભિમાનની ભાવના છે અહીં ? ખરે જ, વિશિષ્ટ રૂપક છે દીકરી માટે અને એવો જ લાક્ષણિક અર્થ પકડાય છે એ રૂપકને સમજવા જઈએ તો ! નાનકડું ગીત રિવાજ અને તેની સાથે સંકળાયેલી માનસિકતાની રજૂઆત પણ કરી દે છે તે જોયું ?

સ્ત્રી સમુદાય દીકરીના પૈસા લેવાની રૂઢિનો ઉઘાડેછોગ વિરોધ નહીં કરી શકતો હોય પણ તક મળ્યે, આવા રૂપકનો ઉપયોગ કરીને પોતાનો મત પ્રગટ કરી દઈ શકે છે.

વસ્ત્ર, અલંકાર, શણગાર કોડીલી કન્યા અને સારાયે સ્ત્રી સમાજની સાથે સંકળાયેલાં છે. લગ્નગીતો હોય અને શણગારની વાત ન હોય તો એવું ભાગ્યે જ બને ! પણ શણગાર કોણ લાવે છે, ક્યાંથી લાવે છે એનીય રૂઢ પરંપરા હોય છે. ગીતોમાં આ પરંપરા પ્રગટ થાય છે. માહિતી મળે છે ને આવનારી નવી પેઢીઓ દ્વારા એ પરંપરા જળવાતી રહે એવો છૂપો સંદેશ પણ ઠેર ઠેર ગવાતો રહે છે. (ગીત-૫). ભાલબારાના વણકર સમાજનાં વરપક્ષ અને વધૂપક્ષને એકબીજા માટે કંઈ કંઈ શણગાર લાવવાની પરંપરા હોય છે. હાર, બંગડી, ચૂની, પગના સાંકળા વગેરે વરપક્ષ વહુને માટે લાવે. જ્યારે વરમાળા અને કન્યાનું પાનેતર કન્યાના બાપ જ લાવે છે. પણ આ ગીતમાં માત્ર એટલી માહિતી હોત તો ગીતનું કંઈ મહત્ત્વ નહોતું. બે-ત્રણ વિશિષ્ટ બાબતો ધ્યાન ખેંચે તેવી છે. જેનાથી ગીત આકર્ષક બની જાય છે. (ગીત-૫) ગીતની શરૂઆત છે :

*"ફૂલેકું ઊતર્યું રે ફૂલની વાડીએ...*
*શૈલેષભાઈ ઉતાર્યા રે આંબાની ડાળ..."*

વરઘોડો આવે છે, ફૂલની વાડીએ ઉતારો રાખ્યો છે. ગમે તેટલું સાધારણ ઘર હોય પણ શણગારેલો જાનીવાસો, ભપકા ભરેલો માંડવો કુટુંબની આબરૂ રાખવા તૈયાર કરવો જ રહ્યો અને વરરાજા જાણે આંબાની ડાળે (હેઠળ) આરામ કરે છે. ઉજ્જડ પ્રદેશમાં, સામાન્ય સ્થિતિમાં, ગામને છેવાડે આવેલા વાસમાં રહેતા આ લોકો પ્રસંગોપાત કેવા સુંદર કલ્પનો કરીને, પોતાની અંતરની ઇચ્છા વ્યક્ત કરી દે છે ? પણ વધુ રસપ્રદ તો હવે પછીનો મુદ્દો છે. લાડી પૂછે છે વરરાજાને શું શું લાયા શણગાર – કેવી મુક્તિ, નીર્ભિક નારી દેખાય છે આમાં ? સામે મોઢે પૂછી લે છે ! પણ વરરાજા ઓછા નથી – કહે છે : 'હાર લાયા ને હાંસડી લાવશું, સેલું લાયા ને ચૂંદડી લાવશું, ઘડિયાળ લાયા ને પોંચી લાવશું...' કન્યાને રાજી રાખવા એક ઘરેણું લાવી બતાવે છે ને બીજું લાવીશુંનું વચન આપે છે ! આ તો અસ્ત્રીની જાત... ઘરેણાં આપીને એને રાજી રાખવાની પણ છે ને એટલા બધા વરસી પડવાનું પણ નથી કે જેથી એ ચડી વાગે ! પુરુષ જાણે છે કે સ્ત્રીને કેટલી અને કેવી રીતે ખુશ કરવી – ખુશ રાખવી પરંપરાએ એને શીખવી રાખ્યું છે.

ઘરેણાં અને એ વિશેના આકર્ષણની વાત નીકળી જ છે તો પિતૃસત્તા સાથે એને સાંકળીને એના વિશે થોડું મનન મંથન કરી જ લઈએ : શું છે આ ઘરેણાં ? શા માટે એ સ્ત્રીઓને હંમેશાં આકર્ષતાં હોય છે ? સંબંધ સાચવવા, વધારવા-ટકાવી રાખવા ઘરેણાંની ખરેખર જરૂર છે ખરી ?

કહેવાતું શિષ્ટ સાહિત્ય, લોકસાહિત્ય, ચિત્રકળા, શિલ્પકળા અને બીજા જાહેર માધ્યમોએ અલંકારોની શોભા અને એનાથી શોભતી સુંદરીઓનાં વર્ણન હંમેશાં કર્યાં છે. સ્ત્રીઓનો અલંકાર પ્રેમ બહુ બહુ ગવાતો રહ્યો છે. પણ આ દરેણાં એના બંધન સમાન છે, મોહનાં હથિયાર છે એ વિચાર ક્યારેય થયો છે ? સ્ત્રીને શણગારીને પુરુષસમાજ અહમ્ અનુભવે છે. એના ઉપર પોતાની માલિકી મજબૂત બની – એવું માનીને ઘમંડ કરે છે, એવો ખ્યાલ આવ્યો છે કદી ? ઘરેણાંના બદલામાં સ્ત્રી મેળવી શકાય છે, પોતાની સમૃદ્ધિનું પ્રદર્શન કરવા સ્ત્રીને સોનાચાંદીથી લાદીને દુનિયામાં દેખાડો કરી શકાય છે ને જેમ ગાય-બળદને શિંગડે-ડોકે માળામણકાથી મઢી દઈને ફેરવાય છે એમ જ સ્ત્રીને પણ નાથવાને માટે અંગ છેદીને, હીરા-મોતી લટકાવાય છે; એવો વિચાર આપણને આવ્યો છે કદી ? ક્યારેક બહેનો આવું કશું વિચારતી થશે ત્યારે આવા ગીત ગાતાં પહેલાં બે પળ અટકી જાય તોય ઘણું !

અને આમાં વરરાજા બાકીનાં ઘરેણાં લાવવાનો જે વાયદો કરે છે એના ઉપરથી એક બીજી શંકા પણ જાય છે. આ સમાજમાં વહુને ઘરે લાવવા માટે અમુક-તમુક જણસો વહુના પિતાને આપવી પડે છે. વરપક્ષની સ્થિતિ ઠીકાઠીક હોય તો સવાલ નથી પણ એવુંય બનતું હોય છે કે બે ટંક રોટલાનાંય વાંધા હોય છે ત્યારે જણસો ઘડાવવી, એ આપીને વહુને તેડવી મુશ્કેલ બની જાય છે, એમાં વરસોનાં વરસ લાગી જાય છે ને વર-વહુની જુવાની એમની એમ જ વીતી જાય છે. આ રિવાજના સંદર્ભમાં પણ ઘરેણાંની માંગણીનો વિચાર કરી જોવા જેવો ખરો !



આ મુદ્દાઓ ઉપર વાચકોને વિચાર કરતાં મૂકીને ચાલો, કુંવારી કન્યાની એક બીજી તસ્વીર જોઈએ જેમાં વળી પિતૃસત્તાનું એક ઓર પ્રતિબિંબ જોવા મળે છે. (ગીત-૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧)

આ ગીતોમાં દીકરીઓને મોં ખોલીને મનની વાત કહેતી બતાવાઈ છે. સાધારણ રીતે આપણે જાણીએ છીએ કે આપણા સમાજમાં બાળલગ્નો થાય છે. અને જ્યાં બાળલગ્નો નથી થતાં ત્યાં પણ વિવાહ-લગ્ન તો વડીલોની મરજીથી જ થાય છે. જ્ઞાતિ, કુળ, ગોળ, સંપત્તિ, ભણતર, દેખાવ, સ્વભાવ, અન્ય લાયકાતો – બધું જ વડીલોની પરંપરા અને વડીલોના માપદંડ મુજબ જ વરની કે વહુની પસંદગી કરવામાં આવે છે. આર્થિક લેવડ-દેવડ, સાટાં-પેટાંની સગવડ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

આવી સ્થિતિમાં કજોડાંનો ભોગ બનતી સ્ત્રીઓની પીડા એમનાં હૈયામાં જ ધરબાઈને રહેતી હોય છે. 'પડ્યું પાનું નિભાવી લેવાનું', 'એક ભવમાં બે ભવ ન કરાય', 'અસ્ત્રીનો અવતાર તો વેઠવા માટે જ સરજાયો છે' જેવાં મૂલ્યો એ નાનપણથી શીખતી આવી છે. કુટુંબની વડીલ સ્ત્રીઓને પણ એવી રીતે મૂંગે મોંએ સહન કરતી જોતી આવી છે. આવા વાતાવરણમાં જીવતી યુવતી / કિશોરી પોતાને કેવો પતિ હોય તો ગમે કે પછી મનમાં કોઈ વસી ગયો છે એની સાથે પરણાવો – એવું તો કઈ રીતે કહી જ શકે ? આમ તો કંઈ આ વિસ્તારની અમુક-તમુક કોમ પૂરતું જ મર્યાદિત નથી; લગભગ આખા દેશના પરંપરાગત સમાજમાં દીકરીની મરજી કોઈ પૂછતું નથી. દીકરીની યોગ્યતા મુજબનું પાત્ર કોઈ શોધતું નથી.

અને છતાં આપણાં લગ્નગીતોમાં આવાં ગીતોની ભરમાર હોય છે. દાદા કે પિતાને વિનવતી, મા આગળ હૈયું ઠાલવતી કે સહિયરો પાસે ઊભરો કાઢતી સ્ત્રીના મુખે ગવાયાં હોય તેવાં ગીતો લગ્નપ્રસંગે ગવાય છે એમાં પોતાને મનગમતો વર કેવો હશે એનું વર્ણન કરે છે : (ગીત-૬)

*"એક રંગીન મેલમાં બેઠાં પ્રેમુબેન દાદાએ હસીને બોલાવ્યાં*
*એક ઊંચો તે વરનો હોરો હો દાદા – ઊંચો તે નત નેવા ભાંગસે રે,"*

દીકરી દાદા / પિતાને કહે છે કે ઊંચો તાડ વર ના જોતા, એ તો રોજ નેવાં ભાંગશે – એમ અભણ વર પણ ના જોશો. અભણ હશે તો કુટુંબ લજવશે. કાળો હશે તો કુળ બોળશે. આ બધી ઇચ્છા તે વારાફરતી દાદા / પિતા, માતા, ભાઈને વિનવે છે. તે છેલ્લે પોતાને ખરેખર કેવો વર જોઈએ છે તે જઈને મામાના મોઢે કહે છે. નહીં ઊંચો – નહીં નીચો – નહીં કાળો – નહીં અભણ પણ ભણેલો વર જોઈએ છીએ જે કુળને સજાવે.

**અહીં બે મુદ્દાઓ આપણું ધ્યાન ખેંચે છે :**

સુંદર કે ધનવાન કે પ્રેમાળ પતિની ઇચ્છા પણ કન્યા કરી શકી હોત, પણ એ ભણેલા વરને સૌથી ચઢિયાતો ગણે છે. સ્વાભાવિક છે કે આ ગીત નવા જમાનું હોય. ભણતરનો મહિમા આખા સમાજમાં અને છોકરીના મનમાં પણ જાગ્યો હોય તેવા

આધુનિક સમયનું આ ગીત છે. સમાજમાં આ નવું મૂલ્ય પ્રસરવું બહુ જરૂરી છે. યુવતીઓ પોતે જ જ્યારે આ ગુણની પસંદગી કરે છે ત્યારે બીજી યુવતીઓને માટે દાખલારૂપ બની શકે તેવું આ ગીત છે.

બીજો મુદ્દો આમ તો નાનો છે, પરંપરાગત રીતે આપણાં સગાંનાં નામની યાદીમાં ધ્યાનબહાર રહી જાય છે તેવો પણ 'મામા'નો ઉલ્લેખ. પિતૃસત્તામાં મોટેભાગે પિતૃપક્ષ – બાપનાં પક્ષનાં સગાં મહત્ત્વ હોય કેમ કે પિતૃકુળ મહત્ત્વનું છે. દાદા, કાકા, ભાઈ જેવો પુરુષવર્ગ જ મોવડી ગણાય છે. આમ છતાં તમામ મંગળ પ્રસંગોમાં 'મામા'ને પણ મહત્ત્વ અપાય છે. પિતૃસત્તા વચ્ચે માતૃપક્ષને આટલું મહત્ત્વ આપીને સમાજ ક્યાંક સમતોલન (બેલેન્સ) કરવા માંગે છે ? કુટુંબજીવનનાં પલ્લાં સમધારણ રાખવાનો પ્રયત્ન કરે છે ? વળી એ પણ આની સાથે જોડવા જેવું છે કે આપણને બાળપણથી જ મોસાળ, મામા, મામીનું આકર્ષણ હોય છે. મામા વિશેનાં હાલરડાં, જોડકણાં નાનપણથી જ ગાતાં-સાંભળતાં આવીએ છીએ. મોસાળ જવાનો ઉમંગ કદી છાનો રહી શકતો નથી. એ વખતે કન્યાને પણ મામા સાથે એવો લગાવ હોઈ શકે કે એ એમને મોઢે પોતાના મનની વાત કહી શકે !

આ જ ભાવનાં, પોતાના મનગમતા વરની પસંદગીના... 'ઈચ્છાવર'ના કોડનાં બીજાં ગીતોમાં ઊંચો, નીચો, કાળો વર ન જોવા અને ખાસ તો 'ભણેલો' જોવાની ભલામણ કરે છે. અલબત્ત, એકાદ ગીતમાં તે રસિક અને ઉજળા વાનનો વર પણ ઝંખે છે : (ગીત-૭)

*"ઊંચા તે ઊંચા દાદે ગઢડા ચણાવ્યા... ગઢ રે ચડીને બેની દેવી બા જુએ,*
*... આવ રાયવર રસનો ભરેલો.*
*... તડકાના તેજે રાયવર શામળો*
*... ઉજળા રે ઉજળા મારા વરના જાનૈયા*
*... તેથી રે ઉજળો વર લાડલો, કઈ યુવતીને રઢિયાળો વર ના ગમે ?"*

એક બીજા ગીતમાં મનગમતો વર સીધો સીધો દીકરી પિતા પાસે માંગી લે છે. આ દીકરી અને સાથે સહિયરોએ એને વખાણ્યો છે એટલે સખીનો અભિપ્રાય પણ માન્ય રાખવાની ભલામણ કરે છે : (ગીત-૮)

*"એક ભર રે જોબનિયામાં બેઠાં રેખાબેન,*
*દાદાએ હસીને બોલાવિયાં રે..."*

ત્યારે રેખાબહેન કહી દે છે :

*"એક કોલેજ કરતો ને ક્રિકેટ રમતો,*
*કેડે પાતળિયો અને મુખે શામળિયો,*
*એવો મારી સૈયરે વખાણ્યો રે... !"*



આમ ઈચ્છાવરની ઝંખના રજૂ તો કરી દે છે આ કન્યાઓ અને જો પોતાની ઈચ્છાને ધ્યાન પર લેવામાં ન આવે તો દીકરી રૂસણું પણ લઈ લે છે. (ગીત-૯)

*"આવું તે રૂડું આસોપાલવનું ઝાડ રે*
*તેની રે નીચે ઉષાબેન સોડ તાણી રહતાં રે*
*એમના દાદા રે બોલાવે તોય ના બોલે રે !"*

સુંદર કલ્પનાચિત્રથી ગીત શરૂ થાય છે. આસોપાલવના ઝાડ નીચે, રિસાઈને સૂતેલી દીકરીને દાદા / પિતા બોલાવે છે તોય નથી બોલતી !

આ 'રૂસણું' એ આપણી વિસ્તારની બહેનોનું એક ખાસ વર્તન છે. એક નાનકડું હથિયાર છે પરંપરા સામે ઉગામવાનું ! અણગમો, કંટાળો, થાક, ત્રાસ... જો લડીઝઘડીને વ્યક્ત ન થઈ શકે, દલીલોથી સામાના ગળે ના ઉતારી શકે તો સ્ત્રી રિસાઈને પિયર ચાલી જાય છે. આ તો થઈ પરિણીતા વહુવારુના રૂસણાની વાત પણ કુંવારી કન્યા મનગમતા વરની વાત બાપને કહી ન શકે તો રિસાઈ જાય છે. બાપ મનાવે, વિનવે ત્યારે છેવટે મોકો જોઈને મનની વાત રજૂ કરી દે છે. આવી સ્થિતિમાં દીકરીની વાત માન્યા વગર બાપને છૂટકો જ નથી ! (એવાં ગીત પરથી ચિત્ર ઊભું કરવાનો પ્રયત્ન થાય છે.) દીકરી હઠ લે છે :

*"દાદા રે મોરા એક વચન પૂરા પાડો...*
*વરસડા શહેરમાં છોકરો છે બાળકુંવારો રે...*
*તેની સાથે પરણાવો તો જ હું તો બોલું રે...*
*નહીંતર હું તો રહીશ બાળકુંવારી રે !"*

આમ બાળકુંવારી રહેવાની આ ધમકીભરી પ્રતિજ્ઞા એ માને, ભાઈને, સૌને કહે છે ને મનગમતા વરની માંગણી કરી લે છે. અલબત્ત કોઈ કન્યા પોતે નથી ગાતી; એના વતી એનો સમુદાય ગાય છે.

ભાલબારાની આ બહેનોના દૃષ્ટિકોણ બદલાવા માંડ્યા છે, આધુનિક વિચારણાએ પ્રવેશ કર્યો છે. થોડુંક ભણેલી સ્ત્રીઓનાં વલણ બદલાવા માંડ્યાં છે ને શહેરીકરણનો પવન પણ આછો આછો વાઈ રહ્યો છે.

આ સૂક્ષ્મ પરિવર્તનની પાછળ કયું પરિબળ કામ કરે છે ? છોકરીઓ આગળ ભણતી થઈ છે. શહેરની કૉલેજમાં આવતીજતી થઈ છે. એમની રુચિ, દૃષ્ટિ અને પસંદગી ઉપર નવો પ્રભાવ પડ્યો છે. એ પરિબળો અને બદલાતા વાતાવરણને લીધે, બદલાતી રુચિનું પણ એક ગીત આપણને મળે છે : (ગીત-૧૦)

*"અમાર બેની કૉલેજ કરવા ગ્યાંતા...*
*ત્યારે જમાઈ પટાવાળા થિયાતા...*
*અમાર બેની પિક્ચર જોવા જ્યાંતા,*
*ત્યારે જમાઈ ટીકીટવાળા થિયાતા..."*

આમ તો આ ગીત ફટાણાં પ્રકારનું છે, છતાં યુવતીઓ ઉપર થતી શહેરી જીવનની અસર નોંધવા જેવી છે. જે એમને ઇચ્છાવર વિશે વિચારવાની – વ્યક્ત કરવાની – રૂસણું લેવાની હિંમત આપે છે.

જોકે એ ચોક્કસ નોંધી રાખવા જેવું છે કે આ માત્ર 'ગીતો' છે. 'ગવાય' છે અને એ વખતે એ ગવાય છે જ્યારે કન્યા મહિયરમાં બેસી ચૂકી હોય છે. જેને એણે ભાગ્યે જ જોયો હોય છે – એની યોગ્યતા કે એના ગુણોથી એ અજાણ હોય છે. જેવો હોય એવા વરને સ્વીકારી લેવાનો હોય છે ને સંસાર ચલાવી લેવાનો હોય છે ! આ એક કરુણ વાસ્તવિકતા છે અને એનો સામનો કરવા જ જાણે પોતાના નવા વિચારો, નવા મૂલ્યો શબ્દોમાં, ગીતોમાં વ્યક્ત કરીને સ્ત્રીસમાજ એમની આસપાસની આબોહવા બદલવાની સૂક્ષ્મ કોશિશ કરતો થઈ ગયો છે.

મોટે ભાગે ઇચ્છાવરના કોડ ધરાવતી કન્યા સાથે વડીલો અને સમાજ છેતરપિંડી જ કરતા હોય છે : (ગીત-૧૧)

*"નદીકિનારે બેન રમતાંતા એકલા*
*જોતાંતા દાદાની વાટો રે લગન કાજે ઉજાગરા*
*દાદાએ સાસરું ગોત્યું છે ગામડું.*
*બેની મારાં શેરના શોખીન...*
*કાકાએ જમાઈ ગોત્યા છે અભણ*
*બેની મારાં મેટ્રિક પાસ રે...*
*માતાએ જમાઈ ગોત્યા છે કાળા...*
*બેની મારાં ચંદરમાનું તેજ રે..."*

બીજું ગીત આ જ કરુણતાને વધુ ઘૂંટી બતાવે છે : (ગીત-૧૨) દીકરીને જાણે કહેવાય છે કંઈક બીજું (બોલી કરી છે) ને બને છે કંઈક જુદું !

*"મારી બેની અંગ્રેજી ભણેલાં*
*ને સાથે ગુજરાતી ભણેલાં*
*કે બેનીના જીવન ઉદાસ ઉદાસ..."*

ભણ્યા પછી છોકરીને સુખ થવું જોઈએ, એનું જીવન બહેતર બનવું જોઈએ તેને બદલે 'જીવન ઉદાસ ઉદાસ...' છે. આવાં ગીતોમાં ભાગ્યે જ જોવા મળતી સચ્ચાઈ, કરુણ-કડવા સત્યની ઝાંખી અહીં થાય છે : 'શહેરની અતિ બોલી કે બેનીને ગામડામાં પરણાયાં' પણ અંતરમાં વાગી જાય એવું ક્રિયાપદ તો હવે આવે છે : 'સમજાયાં !'

*"બેનીને હારની બોલી કે બેનને ચેનમાં સમજાયાં*
*બેનીને એરિંગની બોલી કે બેનને રીંગોમાં સમજાયાં."*

ચઢિયાતી ભેટનું વચન આપીને પછી ઊતરતી ભેટ આપીને 'સમજાવી-પટાવી' દેવામાં આવે છે તેમજ ભણાવી-ગણાવીને, દિશાઓ દેખાડીને, પાંખો આપીને પછી



પિંજરામાં પૂરી દેવામાં આવે છે. આપણી દીકરીને ! જાણે એનાં મનની ક્ષિતિજો વિસ્તરી છે, પણ એનાં કુટુંબીજનો એનો સમાજ હજી અંધારિયા કૂવાનો રહેવાસી છે ! પિતૃસત્તાની પકડ એટલી મજબૂત છે કે નવુંસવું શિક્ષણ, નવા નવા વિચારો અને પ્રગતિશીલ મૂલ્યો હજી જોઈએ તેવું ગજું કાઢી નથી શક્યાં.

આમ છતાં મહત્ત્વની વાત એ છે કે નવી વાત કરવાની શરૂઆત થઈ ગઈ છે અને તે બહેનો દ્વારા જ પોતાની રીતે, પોતાને મળતી દરેક તકનો ઉપયોગ કરીને ! પહેલાં જે પીડા હૈયામાં દબાઈને રહેતી હતી તે હવે છડેચોક ગવાતી થઈ છે. જે અણગમો અને વિરોધ છે તે આડકતરી રીતે પ્રગટ થાય છે અને સ્ત્રીની-કન્યાની એક નવી છબી ઊપસે છે. જે કહ્યાગરી – દોરે ત્યાં જાય તેવી દીકરીના મહોરા નીચે સંતાઈને પડી હોય છે. ગાનાર અને સાંભળનાર, મોટે ભાગે આ ગીતોને ગંભીરતાથી લેતા હશે કે કેમ એ સવાલ છે છતાં હવામાં વહેતા થયેલા શબ્દો-ભાવનાઓ-ઇચ્છાઓ કાલ ઊઠીને તો જીવનમાંથી પ્રગટ થશે એવું ચોક્કસ કહી શકાય. કેમ કે ગયા બે દાયકા પહેલાં આ બહેનો કૉલેજ જતી – પિક્ચર જોતી કે ક્રિકેટ રમતો ઇચ્છાવર માગતી કન્યાનું સપનું જોવાનું પણ સાહસ નહોતી કરી શકતી.

આ કન્યાઓ/યુવતીઓ પોતાની આગલી પેઢી કરતાં તો ચોક્કસ વધુ તક મેળવતી થઈ ગઈ છે અને આવાં ગીતો એવી તકની સાક્ષી પૂરે છે. જે તે વિસ્તારના કહેવાતા શિષ્ટ સાહિત્યમાં ભલે આવી આછી નોંધ પણ ન લેવાઈ હોય, સ્ત્રીઓના આ સામુદાયિક સાહિત્યે તો સામ્પ્રતને કલાત્મક રૂપ આપ્યું જ છે.

**લગ્નગીતોમાં પિયરનો ઉલ્લેખ :**

પિયર-પિતૃગૃહ, મહિયર-માતૃગૃહ... કોઈ પણ પરિણીત સ્ત્રીના મનમાં આ શબ્દ રોમાંચ ઊભો કરી શકે છે. કેટલાંય ગીતો, કેટલીય કહેવતો આ 'પિયર'ને કેન્દ્રમાં રાખીને લોકજીવનમાં વ્યાપેલાં છે. પિયર એટલે માત્ર માબાપનું જ 'ઘર' ક્યાં છે ? ત્યાં તો ભાઈ, બહેન, ભાભી, કાકા, દાદાની છત્રછાયા છે. બાળપણમાં રમેલાં એવી સૈયરોની માયા છે. વ્રત-તહેવાર-ઉજવણી, રમતગમતની મીઠી સાંભરણ છે. જ્યાં રમ્યાંતાં-ઘૂમ્યાંતાં એવાં નદી-તળાવ-વડ-પીપળા-આંબલી-લીમડાની યાદગીરી છે. પિયરનું તો ઝાડવુંય લીલુડા વનની ગરજ સારે ને પિયરની દિશાનો પવન પણ માના શીતળ હાથની હૂંફ લઈને આવે. 'પિયર' એ તો એક સ્ત્રીના આખાય બાળપણ જીવનના સૌથી મીઠામધુરા દિવસોની થાપણ છે.

અને લગ્ન પછી આવું પિયર છોડીને પ્રત્યેક સ્ત્રીને જવું જ પડે છે. આપણી પિતૃસત્તાક સમાજવ્યવસ્થાએ, લગ્નપ્રથા સાથે સાંકળેલી મુખ્ય શરત છે : સ્ત્રીનો સાસરામાં રહેવાસ. લગ્ન પછીની પોતાની સમગ્ર આવરદા, શક્તિ, સમય, શ્રમ, શ્રમનું વળતર (જો નાણાંમાં મળતું હોય તો) અને એના કરતાંય વધુ તો લાગણી, સંવેદનો ભાવઅભાવ અને વિચારસરણી... બધું જ સાસરાપક્ષને આધીન કરવું પડે છે.

જ્યારે આદિકાળમાં માતૃસત્તા ચાલતી હતી ત્યારે આનાં કરતાં અવળી સ્થિતિ હતી. જોકે ત્યારે સૌ સ્ત્રી-પુરુષો કબીલામાં, એક સમૂહમાં રહેતાં હતાં અને એકમેક

ઉપર માલિકીહક્ક નહોતા ધરાવતા. તેથી સાસરું-પિયર જેવી સંસ્થાઓ જ નહોતી, પણ આજે જ્યાં માતૃસત્તા તો નહીં, પણ માતૃવંશી સમાજવ્યવસ્થાના લિસોટા રહી ગયા છે એવા, કેટલાક છૂટાછવાયા સમાજોમાં સ્ત્રીને બદલે પુરુષ પોતાને સાસરે રહેતો હોય છે. જેમ કે દક્ષિણ ભારતમાં કેરળની અમુક જાતિ (નાયર), કે પૂર્વોત્તર ભારતમાં આસામ-મણિપુરના કેટલાક કબીલા. આપણા ગુજરાતમાં વસાવા જેવી આદિવાસી કોમોમાં છૂટક કુટુંબોમાં આજે પણ આ પ્રથા ચાલુ છે. કહેવાતા સવર્ણોમાં ચાલતી ઘરજમાઈની પ્રથા કરતાં આને જુદી, જૂની અને આગવી વ્યવસ્થા ગણવી જોઈએ. આવા સમુદાયોમાં સ્ત્રી માટે પિયર કે સાસરીનાં સંવેદનો બાકીની સ્ત્રીઓ જેવાં નથી હોતાં.

આપણા ભાલબારાની વાત કરીએ તો આ સ્ત્રીઓને મન પિયરનું ઘણું હોય છે. કેમ કે વણકર કોમોમાં આસપાસના ગોળમાં પરણાવવાનો પ્રતિબંધ છે. એક જ પરગણાનાં ગામોનાં યુવાનો-યુવતીઓ ભાઈ-બહેન ગણાય છે. ત્યાં પરણાવવાય નહીં. તેથી દૂર દૂરના વિસ્તારોમાં દીકરી પરણાવવી પડે છે. વળી ભૌગોલિક રીતે ભાલનો વિચાર કરીએ તો ભુખ્ખડ ધરતી ને ઉજ્જડ વગડાનો પ્રદેશ. દુષ્કાળ અને પાણીની અછતને કારણે થતાં વારંવારનાં સ્થળાંતરને લીધે કુટુંબ વ્યવસ્થાયે વેરવિખેર થતી હોય છે. જેને કારણે સ્ત્રીને માટે પિયરની મુલાકાતો સહેલી કે સ્વાભાવિક નથી રહી. ગમે તે હોય – સ્ત્રીને માટે પિયર એક વિશિષ્ટ સ્થળ છે જ્યાં તેના હૃદયનો એકાદ ટુકડો એ કાયમ માટે છોડીને આવી હોય છે.

આમ તો, શરૂઆતમાં થોડાક લાંબા ગાળાનાં આણાં ફર્યાં પછી જ યુવતી કાયમ માટે સાસરે આવતી હોય છે. આણાંની આ પ્રથાને કારણે સાસરા સાથે ધીરે ધીરે જોડાતી યુવતી પેલી તરફ પિયરથી ધીરે ધીરે વિખૂટી પડતી જાય છે. કહેવાતા સવર્ણોની સાસરવાસની પ્રક્રિયા કરતાં આ રસમ વધુ વ્યવહારુ, મનોવૈજ્ઞાનિક અને સંવેદનશીલ છે. આમ છતાં 'સાસરું' એ પિતૃસત્તાનું વડું મથક છે. ત્યાં સ્ત્રીનું તન-મન-ધનથી શોષણ થતું આવ્યું છે. તેથી ગમે ત્યારે પણ પિયર છોડવાવારો આવે – સ્ત્રીનું મન કોઈ અજાણ્યા ભય અને અસલામતીથી ભરાઈ જાય છે. ત્યાંના નવા જ વાતાવરણમાં પોતાનું કોઈ નથી એ ડર એના મનને ડામાડોળ કરી મૂકે છે. ભર્યાભાદર્યા પિયરઘરમાં માબાપની આંખની કીકી સમી, દાદા-દાદીની લાડકી, કાકા-કાકીની હથેળીમાં રમતી ને સૌનાં હેત પામતી દીકરી સાસરે શું થશે... એ ભયની મારી લગભગ થરથરતી હોય છે.

આપણને મળેલાં ગીતોમાંનું આ ગીત સાદું-સીધું છતાં સંવેદનભરપૂર છે. (ગીત-૧૩) દીકરી જાણે માની આગળ આ ભય પ્રગટ કરી રહી છે.

*"પિયર છોડીને જવું – બેનને પરદેશ*
*કાકા કુટુંબ રે માડી ! મારું કોઈ નથી રે !"*

બસ, આ ધ્રુવપંક્તિ જ કેટલી હદે હૃદયદ્રાવક છે – 'મારું કોઈ નથી રે... !' આવી નિરાધારી પિયરમાં કદી નથી અનુભવી. પિયરમાં તો કાકાનું કુટુંબ, મોસાળે



મામાનું કુટુંબ, બાપના ઘરે વીરો... સૌ કોઈ છે. પણ ત્યાં ? મારું કોઈ નથી રે ! ત્યાં કુણ લે મારી સંભાળ્યું રે– ! હા, પિયરમાં તો ભલે પાણી માંગતાં દૂધ મળે એવી સ્થિતિ ન હોય... પણ લોકોની હૂંફ અને લાગણી તો છે જ. સ્વજનો વગર ત્યાં એને કોણ પૂછશે કે બેન, તેં ખાધું ? તારું આંખ, માથું દુઃખે છે ? આવું ઝીણું જોનારાં પણ કોણ હશે ત્યાં કે વહુ કેમ છે ? વહુ સમી તો છે ને ? કેમ કે આપણે ત્યાં તો વહુ એટલે 'માણસથી પર' ! એણે બધું જ વેઠવાનું ને ગમે તે સંજોગોમાં જીવવાનું, વેઠ-વૈતરું કરવાનું. કહેવત છે ને ? 'ટાઢ વાય સહુને, ન વાય વહુને' ! આમ પારકા પરદેશમાં, અજાણ્યા લોકો વચ્ચે સ્ત્રીએ જાતને સ્થાપવાની હોય છે. પોતીકી ધરતીમાંથી એ તો કાયમનું વિસ્થાપન વેઠતી આવી છે. મા આગળ કરેલી આ વિનવણી કેટલી કરુણ છે – કેટલી વાસ્તવિક છે એ તો સાંભળનાર-વાંચનાર પ્રત્યેક સ્ત્રીને સ્પર્શ્યા વગર રહે તેમ નથી.

બીજું ગીત એક સંદેશો લઈને આવે છે. આમ જોઈએ તો અહીં સીધો સંદેશ નથી. કન્યાની બહેનો-બહેનપણીઓનાં કંઠે ગવાતાં આ ગીતમાં કન્યા માટે કેવી રીતે પિયરની માયા ત્યજીને સાસરામાં સમાવાનું છે તેની વાત છે (ગીત-૧૪). કદાચ હસ્તમેળાપ પછી, મા દ્વારા જ ગવાતું આ ગીત છે. સરખી સહિયરો જાણે જાહેર કરે છે કે :

*"મારી બેને ભરી સભામાં ફૂલ ફેંક્યાં રે ગજરો ગુલાબી*
*મારી બેને વરસડાની માયા છોડી રે, ગજરો ગુલાબી*
*મારી બેનને સાસરાની માયા લાગી રે, ગજરો ગુલાબી..."*

સવાલ તો એ છે કે બહેનને સાસરીની માયા 'લાગી' છે કે 'લગાડવાની' છે ? પણ આ જ તો રીત છે સ્ત્રીઓની ! 'જે છે તે નહીં', 'જે હોવું જોઈએ' તેની વાત તેણે કરવી પડે છે. અને આ પણ પિતૃસત્તાની અનિવાર્ય શરત છે. ગીતમાં આ પછી પિતાની માયા છોડીને સસરાની, માને બદલે સાસુ, ભાઈને બદલે દિયર, બહેનને બદલે નણંદને વહાલાં કરવાનાં છે, રાજી રાખવાનાં છે. એ વાત આડકતરી રીતે 'માયા લાગી – માયા લાગી'ની રટણા કરી કરીને જાણે કન્યાના મનમાં હસાવવામાં આવે છે કે હવે પિયરનાં તે 'પારકા' ને સાસરિયાં તે 'સ્વજન' થવાનાં.

ખાસ તો ઉપાડની પંક્તિ જોવા જેવી છે : 'બેને ભરી સભામાં ફૂલડાં ફેંક્યાં' જાણે કે કન્યા જગજાહેર કહે છે – સભા વચ્ચે ફૂલે વધાવીને સાસરાનો સ્વીકાર કરે છે એવો ભાસ થાય છે. સમાજની સાક્ષીએ સ્ત્રીએ સ્થળાંતર કરવાનું છે ને ફૂલે વધાવતી હોય તેમ ઉમંગ-ઉલ્લાસભેર પિયર છોડીને સાસરે જવાનું છે. ગુલાબી ગજરા સાથે સાસરાને વધાવવાનું છે. આંસુ નથી સારવાનાં, નિસાસા નથી નાખવાના. કેવી કઠોર કસોટી કરે છે આ સમાજ આપણી કોડીલી કન્યાઓની ? અને તે પણ ગીતો જેવાં કોમળ કાવ્ય પ્રકારમાં... ને તેય એની સાથે રમી ચૂકેલી સહિયરોના જ ફાળે આવે છે આ કઠોર કૃત્ય ! પિતૃસત્તાએ સાચે જ સ્ત્રીને ફૂલ સમી કોમળ રહીનેય વજ્જર જેવી કઠોર બનવાની ફરજ પાડી છે.

સ્ત્રીના જીવનમાં આવતા આવા ઊંચાનીચા ઢાળનાં ગીતોની વચ્ચે એક જરા જુદા પ્રકારનું ગીત મળ્યું. સામાન્ય રીતે હિંદુ દેવીદેવતાની કલ્પના કરતી વખતે આપણી પાસે, આપણું – માણસોનાં જીવનનું જ મોડેલ હોય છે. એમનાં ચાર-આઠ-વીસ હાથ કે ચાર માથાં વગેરેને બાદ કરતાં એ દેવીદેવતાનું કુટુંબજીવન, એમનાં વલણો, વર્તણૂક બધું આપણા – માણસો જેવું લગભગ વણવાનું હોય છે. દેવો ગુસ્સે થતાં હોય છે, ઈર્ષા કરતા હોય છે, પરસ્ત્રીના પ્રેમમાં પડી જતા હોય છે, ભૂખ-તરસ બધી પીડા આપણી જેમ જ અનુભવતા હોય છે. એ જ રાહે આપણાં શંકર-પાર્વતીનું સંસારજીવન પણ ચાલતું હોય છે ! આપણી કોઈ પણ બહેનની જેમ દેવી પિયરની વાટ પકડે છે ને ત્રણ દિવસનો વાયદો આપ્યા પછી નવ નવ મહિના લગીયે પાછાં આવતાં નથી ત્યારે શંકર અધીરા થઈ જાય છે ને એમને પાછાં લાવવાની કેવી યુક્તિ કરે છે એનું એક રસપ્રદ ગીત આપણી પાસે છે (ગીત-૧૫).

*"સવ કોઈ પિયરમાં જાય રે મહાદેવજી*
*પાર્વતીને પિયર જવાના ઘણા કોડ છે..."*

અને પછી રથ જોડીને પાર્વતી પિયર જવા નીકળે છે ત્યારે સાધારણ રીતે પતિ પૂછે એવો સવાલ શિવજી પણ પૂછી લે છે – 'એ તમે કેટલા દિવસે પાછાં આવશો ?' ત્રણ દિવસનો વદાડ, મહાદેવજી – 'ત્રણ દિવસનો વદાડ રે !' મજાની વાત છે ને ? પાર્વતીની ઈચ્છા અને એના તુરંત અમલીકરણમાં જે સ્વતંત્રતા છે એ ઉલ્લેખનીય છે.

**દલિતબહેનોની સ્વાતંત્ર્યતાનો મુદ્દો :**

આપણી કહેવાતી ઉજળિયાત બહેન આમ કોડ જાગે કે તરત ઊભી થઈને પિયરની વાટ પકડી શકે છે ? પણ આ તો 'દેવી' છે ને ? આ સ્વાતંત્ર્ય 'લોકોત્તર' લોકોની મર્યાદાથી પર જઈને કરાતું વર્ણન છે. સામાન્ય લાગતી રીતભાતમાં આટલી 'અલૌકિકતા' છે. શિવના પ્રશ્નમાં પણ જે ઉત્સુકતા કે નરમાશ છે તે પણ આપણા સામાન્ય પુરુષના સ્વરમાં નથી હોતી. ત્યાં તો આજ્ઞા હોય કે 'આટલા દિવસમાં આવી જજે !' પણ આપણો લોકસમુદાય દેવદેવીના દામ્પત્યમાં એવા 'આદર્શ' નિરૂપણ કરે છે જે એમના મનમાં રમે છે – એમનું રંગીન કલ્પનાભર્યું સ્વપ્ન છે, એટલે જ ત્યાં સ્ત્રી આટલી સ્વાયત્ત અને પુરુષ આટલો પ્રેમવિનમ્ર છે.

વળી પાછાં ગીત તરફ જઈએ : અને પાર્વતી સ્વાભાવિકપણે જ ચોથા દિવસે પાછાં આવતાં નથી. નવ નવ માસ પિયરમાં રહી પડે છે. અહીં સૂના પડી ગયેલા શિવજીને પાર્વતીના બોલ યાદ આવે છે – કે પછી મનોમન, પોતાની પરિસ્થિતિ પર કટાક્ષ કરતાં મહાદેવજી જાતને જ કહી રહ્યા છે. 'ગણો પીપલડીનાં પાન, મહાદેવજી... એ એવા એટલા દિવસે પાછા આવશું રે...' પીપળાનાં પાન ગણતાં ન ખૂટે અને પાર્વતીને આવવાનો દિવસ ન ઊગે ! કેવી મસ્તી ને નીડરતાપૂર્વક પાર્વતીએ વાયદો આપ્યો છે ! ખ્યાલ છે, એક બીજું લોકગીત... 'ગણજો ગોરી ! પીપળ પાન, એટલામે દહાડે આવશું રે લોલ... !' એમાં તો રજવાડાની ચાકરી કરવા, પરગામ – દૂર જતા



પતિને પત્ની પૂછે છે કે ક્યારે પાછા આવશો ? એના જવાબમાં પતિ આ વદાડ આપે છે ! એ સ્વાભાવિક છે, પુરુષોચિત્ત છે ને સામંતી જીવનનો ક્રમ છે. પણ આમાં તો અવળી ગંગા વહે છે. સ્ત્રીઓ એક સ્ત્રીના મુખે આવો વાયદો કરાવે છે – પેલી જ પંક્તિ, પેલું જ રૂપક વાપરીને ! સામાજિક ભૂમિકાને ઊલટાવવાનું સ્વાતંત્ર્ય આમ લોકગીતમાં જ લઈ શકાય છે, એ ભૂલવા જેવું નથી !

પાર્વતીએ પાછાં બોલાવવા શંકર એક યુક્તિ કરે છે : વેશપલટો કરીને તપાસ કરવા જાય છે. એ શું કહીશું ? અનહદ પત્નીપ્રેમ કે પછી પિતૃપ્રધાન માલિકીભાવના ? જોકે મહાદેવજીએ નવ નવ માસ રાહ જોઈ છે, ધીરજ રાખી છે, પરંતુ આપણા સમાજમાં, વાસ્તવિકતા આનાથી જુદી છે. કયો પુરુષ-પતિ આટલી વાટ જોઈ શકે ?

ખેર, શંકર તો મોચીનો વેશ લઈને, સાથે સુંદર-રંગબેરંગી મોજડીઓથી ભરેલો સૂંડલો લઈને પાર્વતીના પિયરના ગામે પહોંચી જાય છે. વેશપલટો એ તો જાણીતી કથા કે ઘટક, જાણીતી યુક્તિ છે. પણ મોચી બનીને જવું એક વિશિષ્ટ બાબત છે. અહીં બે મુદ્દા ઉપર ધ્યાન જાય છે :

(૧) આ દલિત બહેનોનાં ગીત છે. એમના સમાજમાં પણ જ્ઞાતિની ઊંચ-નીચતા છે. વણકર કરતાં મોચી-ચમાર કહેવાતી ઊતરતી જ્ઞાતિ છે. મહાદેવજીને ઊતરતી જ્ઞાતિના વ્યક્તિ બનાવીને સ્ત્રી કદાચ મનોમન પોરસાતી હશે ? પત્ની કરતાં પતિની જ્ઞાતિ ઊતરતી ના હોય; માત્ર આવા રમૂજી લોકગીતમાં વાસ્તવિકતાને વળોટી શકાય છે ? અને (૨) આજે પણ ભાલ પંથકમાં દરબારો અને કહેવાતા ઉજળિયાતના ડરથી અને પોતાના સમાજનાં પિતૃસત્તાક મૂલ્યોને કારણે દલિત સ્ત્રીઓ જાહેરમાં પગરખાં પહેરીને જઈ નથી શકતી. ક્યાંક છૂટાંછવાયાં ગામોમાં અને ગણ્યાંગાંઠ્યાં શિક્ષિત – આગળ પડતાં દલિત કુટુંબોમાં જ – ગ્રામીણ સ્તરે – ચંપલ પહેરેલી બહેનો જોવા મળે ! આવી વાસ્તવિકતા વચ્ચે મહાદેવજી પોતે, ખભે મોજડીઓનો ટોપલો મૂકીને, પાર્વતીને પહેરાવવા ચાલી નીકળે એ ખરેખર મોટી વાત લાગે છે ! સ્ત્રીઓ આવી હિંમત લોકગીતમાં જ બતાવી શકે છે !

સરખી સાહેલીઓ સાથે પાણી ભરવા નીકળેલાં પાર્વતી મોજડીઓ પર મોહી પડે છે. મોલભાવ કરવા બેસે છે. ને મોચીને કહે છે કે મારા પગમાં લાલ મોજડીઓ પહેરાવો ! કેટલો દમામ છે આ દેવીનો ? અને પાછા મોજડીના મૂલ તરીકે મોચીડાને બેચાર ગામ આપી દેવાની સાહ્યબી, ઉદારતા પણ બતાવે છે ! હકીકતે તો પિતૃસત્તાક સમાજમાં સ્ત્રીના હાથમાં નાણાંનો વહીવટ ભાગ્યે જ હોય છે. ત્યાં ગામ આપી દેવા જેવી, મિલકત આપી દેવા જેવી, સ્થિતિ તો અશક્ય જ હોય. વળી આ રાજી થઈને બેચાર ગામ આપી દેવાની સાહ્યબી તો દરબારોને જ શોભે – કોઈ સ્ત્રી અરે, એ દરબારની સ્ત્રી માટે પણ અસંભવ છે કે એ પોતાની મરજીથી આવું કશું દાન કરી શકે. અહીં તો પાર્વતી દેવી છે. તેથી એના બહાને સ્ત્રીસમાજને કદી ન મળેલી સ્વતંત્રતા, દલિતબહેનોને કદી ન મળતા સામાજિક હક્કો અને પતિ-પત્ની વચ્ચેના આવા અનોખા દામ્પત્ય જીવનનાં ગુલાબી શમણાં ગીતોનાં બહાને ગાઈ નાખે છે.

છેવટે શિવજી પોતાને પ્રગટ કરે છે. કહે છે કે મારે બેચાર ગામ નથી જોઈતાં કે તારો હીરાનો હાર પણ નથી જોઈતો. મારે તો એટલું જ જોઈએ કે હવે પાછાં પિયર પધારો, તમે રાંધો ને અમે જમીએ ! પાછાં ગૃહિણી તરીકેની તમારી ફરજે ચડી જાઓ ને અમે તમારી 'સેવા લેવાનું' રાબેતા મુજબ શરૂ કરીએ. તમારું સ્થાન તો રસોડામાં જ છે !

ગીતનો અંત પાછો આપણને વાસ્તવિકતાની ધરતી ઉપર લાવીને મૂકી દે છે. સ્ત્રી મનોમન પોતાને દેવી બનાવે, સ્વતંત્ર બનાવે, મિલકતનો મન ફાવે તેવો ઉપયોગ કરતી બતાવે... ગમે તેટલી ઊંચે ઊડે પણ એની પાંખે દોરી તો ઘરનાંએ વીંટાળેલી છે. એ એણે કદી નથી ભૂલવાનું ! કલ્પનામાં ભલે એ પોતાને 'જગજનની', શિવની 'અર્ધાંગિની' પાર્વતી તરીકે જુએ – છે તો એ રસોડાની જ રાણી !

આ ગીતમાં દેખીતી રીતે પિયરના મહિમાનું ગીત હોવા છતાં બધા જ મુદ્દાને આવરી લે છે. આવાં ગીતો હોંશે હોંશે ગાતી બહેનો પિતૃસત્તાનાં ઘણાં બધાં મૂલ્યો સામે હસતાં હસતાં ઘણું કહી જાય છે. ઓછામાં ઓછું, પોતે જો સ્ત્રીની સ્વાયત્તતાની કલ્પના કરે તો કેટલે સુધી ઉડાન ભરી શકે છે એની તો ચોક્કસ ખાતરી કરાવી દે છે આ ગીત !

પિયર જોકે સ્ત્રીને માટે મનનો વિસામો છે અને પરણ્યા પછી એનું જીવન એવું તો પલટાઈ જાય છે કે સાસરી અને પિયર વચ્ચેનું અંતર આકાશ-પાતાળ જેટલું જ નહીં; એને મન તો સ્વર્ગ-નરક જેટલું છેટું પડી જતું હશે. બાળપણથી જ ગોરમાનાં ગીતોમાં શીખેલા બોલથી શરૂ કરીને કન્યાવિદાય ટાણે પણ સાસરામાં શું હશે – ત્યાં કેમ કરીને દિવસો જશે – ત્યાં શી રીતે એણે રહેવું પડશે... ના પાઠ/સંદેશ/કેળવણી એને મળતાં જ રહે છે. એમાં અસલામતી છે, ડર છે, શંકા છે અને છૂપું – ન સમજાય તેવું સુખ પણ છે જ ! આવા મિશ્ર ભાવો સાથે સ્ત્રી સાસરાનો પરિચય મેળવે છે.

આપણી પાસે સાસરીની કલ્પના, વાસ્તવિકતા અને ચેતવણીથી માંડીને શિખામણ સુધીનાં કેટલાંક ગીત છે તે જોઈએ અને સ્ત્રીજીવનના એક મહત્ત્વના વળાંકનો પરિચય મેળવીએ.

**સાસરું-સાસરિયાં વિશેનાં ગીતો :**

સાસરું જાણે પિતૃસત્તાનું વડું મથક છે. કન્યાવિદાય વખતે કે લગ્નવિધિ ચાલતી હોય ત્યારે કન્યાના પિયરપક્ષની સ્ત્રીઓ સાસરા વિશેના પોતાનાં સ્વાનુભવો અને પારંપરિક ગૃહિતો, પૂર્વગ્રહો અને ધારણાંઓનું અનુપમ મિશ્રણ કરતી કરતી પિતૃસત્તાની આ ચીનની દીવાલમાં નાનીમોટી તિરાડો પાડતી જાય છે. ક્યારેક એમાં શિખ સાથે ચેતવણી પણ હોય છે (ગીત-૧૬).

*"જેવી વહુલિયાની સાયા, એવી માતા-પિતાની માયા*
*બેનને છોડવી પડશે, સાસરે જવું પડશે."*

આવી મીઠી કલ્પના સાથે ફરજનું ભાન કરાવતું આ ગીત આગળ ચાલે છે. ત્યારે સાસરામાં જે નવા સંબંધો બંધાવાના છે એની સરખામણી નવા જમાનાની સાથે થાય છે. ઝડપી વાહનો સાથે કરાય છે. જેમ કે સાઇકલના ઝપાટા એવા નણંદના



ઝપાટા કે જેવા મોટરના ઝપાટા એવા સાસુના ઝપાટા અથવા તો પછી જેવા ગાડીના ઝપાટા એવા સસરાના ઝપાટા... અહીં નવા જમાનાનો પ્રવેશ માત્ર વાહનોનાં નામ પૂરતો છે. ખરી સરખામણી એની ગતિ સાથેની છે. એ ગતિની ગ્રામીણ બહેનોને જે બીક લાગતી હશે એના તરફ ધ્યાન દોરવા જેવું છે. અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં પેલાં ત્રણ વાહનોની અવરજવર જ્યારે થતી હશે ત્યારે એનાથી નહીં ટેવાયેલી કે ઓછી ટેવાયેલી આપણી બહેનો એની અડફેટમાં ચડી જવાના ડરથી સાવધ થઈ જતી હશે ! અથવા તો એ વાહનોથી થતાં અનેક અકસ્માતો આ બહેનોની માહિતીમાં હશે. જેમ કે બની શકે કે એમનાં કુટુંબીઓ ટ્રાન્સપોર્ટમાં કે બસ ડ્રાઈવર/કંડક્ટરનાં કામ કરતાં હોય કે પછી શહેરમાં આજીવિકા માટે જતાં હોય ને એમના મુખે તેજ વાહનોની ગતિ અને અકસ્માતો વિશે જાણ્યું હોય... આથી આ ભયપ્રદ વાહનો સાથે સાસરિયાંને સરખાવી લે છે. એક બાજુ ગ્રામીણ લેન્ડસ્કેપના (પ્રકૃતિદૃશ્ય) અનિવાર્ય ભાગ સમો વડલો છે – એની શીતળ છાંય છે તે સામી બાજુ ધુમાડા કાઢતાં, પેટ્રોલથી ગંધાતાં, ભોં ભોં કરતાં, સપાટાબંધ વાહનો છે જાણે સાસુ-સસરા-નણંદ ! સતત ઝડપની માગણી કરતાં, સતત એને ઊભેપગે રાખતાં, સતત પોતાના અસ્તિત્વનું ભાન કરાવતાં રહેતાં સાસરિયાં ખરે જ, એના શાંત-ઠંડા જીવનમાં વિક્ષેપ કરનારાં છે. પણ શું થાય ? આ તો નિયતિ છે. આ વાહનોની વચ્ચે જ એણે જીવવું પડશે... ઝપાટા વેઠવા પડશે... સાસરે જાવું પડશે !

આ ગીત જરા ખાસ પ્રકારનું છે – માથામાં વાગે એવી વાસ્તવિકતા લઈને આવ્યું છે. ફટાણાંની પડખે બેસે તેવું છે. પણ સૂર ચેતવણીનો છે અને દીકરીને સાવધ રહેવાની વાત છે. ટીકા આકરી છે. કડવી છે, પણ કદાચ આ સ્વાનુભાવની કડવાશ છે (ગીત-૧૭).

*"ગીતાબેન, સાસરીમાં જાઓ તો સાવધ રહેજો*
*સાસરિયું છે ચોર હો બેની સાસરિયું છે ચોર !"*

આમ સીધા આક્રોશથી જ લાલબત્તી બતાવી દીધી છે. ગીત આગળ વધે છે ત્યારે વધારે આંખ ઉઘાડનારું બને છે. 'તમારી સાસુ ઘડિયાળ ચોરશે તમને બનાવશે ચોર હો બેની', 'સાસુ નથણી ચોરશે ને તમને બનાવશે ચોર હો બેની !' વહુ પારકા ઘરની છે – એ કેવી હશે કહેવાય નહીં માથે આળ ચડાવો – એને બદનામ કરો... ને વાત માત્ર ઘડિયાળથી નથી અટકતી, 'નણદી રૂમાલ ચોરશે ને તમને બનાવશે ચોર હો બેની', 'જેઠાણી સાડી ચોરશે', 'દિયર વીંટી ચોરશે', 'દેરાણી ઘડિયાળ ચોરશે' ને બધાં ભેગાં થઈને નવી વહુને ચોર ઠરાવશે ! ભલે થોડી અતિશયોક્તિ લાગે પણ સરવાળે આ વાસ્તવિકતા હોય છે. પારકી જણી પારકી છે, એ આપણું બધું ચોરી લેવા આવી છે – 'દીકરો' સુધ્ધાં ! આ ભાવના સાસરિયાં દ્વારા સતત પ્રગટ થતી હોય છે. મોઢે બોલવાનું કે વહુ અમારા ઘરની લક્ષ્મી છે, પણ એને કદી પોતાના ઘરની ન માનવી અને હલકી ને ઊતરતી જ માનવી ને નાનીમોટી ચીજોની ચોરીનું આળ મૂકીને એને ઉતારી પાડવી એ આપણાં હિંદુકુટુંબોનાં સાસરિયાં માટે કંઈ અશક્ય વાત નથી

જ ! જે સાસરિયાં ભેગાં મળીને, ઠંડે કલેજે વહુને સળગાવી શકતાં હોય અને પછી આત્મહત્યાનો દેખાવ (પ્લોટ) રચી શકતાં હોય એમને માટે વહુને 'ચોર' ઠરાવવી એ તો સાવ નિર્દોષ (!) બાબત કહેવાય !

સાસરિયાં દ્વારા વહુને મહેણાં-ટોણાં, મારપીટ, ધોલધપાટ, ભૂખી રાખવી, ઘરબહાર કાઢી મૂકવી, એ તો ઘર ઘરની વાત છે; અને આંકડાકીય માહિતીમાં ન ઊતરીએ તોય, વહુઓનાં અપમૃત્યુમાં ગુજરાત, દેશમાં મોખરાનું સ્થાન જાળવે છે એ જગજાહેર છે... ત્યારે આવું એકાદું આખાબોલું – ચેતવણી ગીત આઘું કેમ કરીને હડસેલાય ? પિતૃસત્તાની ક્રૂરતા સામે આપણી બહેનો ભાગ્યે જ આટલી નઠોર બનીને બાખડી શકતી હોય છે... પણ અફસોસ ! માત્ર શબ્દોમાં, ગીતોમાં... અને તેય હસી કાઢવાની રીતે !

પછી તો પિતૃસત્તા ટકી રહે ને મજબૂત બને એમાં શી નવાઈ ? આમ છતાંય કહેવાતા ઉજળિયાતોની દાંભિકતા આ દલિત બહેનોમાં નથી અથવા તો એટલા મોટા પ્રમાણમાં નથી એ ઉલ્લેખનીય બાબત છે. ઉજળિયાત સ્ત્રીઓ, ખાસ કરીને ભાલબારાની બહેનો માટે જે તત્કાળ નમૂનારૂપ છે તેવી દરબાર કુટુંબની બહેનો તો વેઠતી જ રહે છે ને વેઠવાને ખાનદાનીનો ગુણ માનતી રહે છે ! એમની સરખામણી એ આ દલિત બહેનો ઘણી વાર જેવું લાગે તેવું કડવું, તીખું, (ખુલ્લેખુલ્લુ, આખાબોલું) પણ બોલી નાખે છે જે એમના મનમાં ધરબાઈને રહેલી આક્રોશની અભિવ્યક્તિ છે. એક જાતનું વિરેચન-કેથાર્સિસ છે – પેટની વાત ઠાલવીને કોઠો ટાઢો કરવાની યુક્તિ છે. જેથી મનની વેદનાનું ઝેર એમને ટીપે ટીપે ના મારે... જેમ દરબાર કુટુંબની બહેનોને ડેલીનાં બંધ બારણે દબાતાં-ચંપાતાં જીવવું પડે છે ને ઘણી વાર કમોતે મરવું પડે છે... ચુપચાપ ! આથી જ પિતૃસત્તા સામે વિદ્રોહનો ઝંડો ફરકાવતી કોઈ નવી વહુના નવતર શબ્દોને વધાવી લેવાનું ગમે છે. ભલે પછી એ શબ્દો જ હોય – પણ આક્રોશને વાચા તો મળે છે... ને એ છે દલિત સમાજની નિર્ભીકતા (ગીત-૧૮).

*"હું નહીં જાઉં સાસરિયે, મને પિયર વહાલું લાગે."*

કહેવાની હિંમત આ સ્ત્રીમાં છે. ને પછી જે ઉઘાડી ભાષામાં એ એક એક સાસરિયાંની ઠેકડી ઉડાવે છે તે ભલે ફટાણાં જેવું લાગે, પણ એમાંનો છૂપો અણગમો અને તે બતાડવાની તાકાત આ સ્ત્રીમાં છે. 'રીંગણા જેવો જેઠ મને વહુ કહી બોલાવે, બટાકા જેવો સસરો મને વહુ કહી બોલાવે, દડા જેવો દિયર મને ભાભી કહી બોલાવે...' કહેનાર વહુની રમૂજવૃત્તિ અને ભાષાશક્તિ પણ દાદ માંગી લે તેવી છે. પણ આ તો પુરુષવર્ગની વાત થઈ, એ તો વહુ કહીને આઘા રહેવાના છે. પણ સાસરીનો સ્ત્રીવર્ગ સીધો શોષણકર્તા બનીને રોજ એનું લોહી પીવાનો છે : 'જોડા જેવી જેઠાણી મને પગડા ધોવડાવે, નાની મારી નણંદી માથેડાં ગૂંથાવે...' સાસરીના ઢસરડા તાણવાની આવી ધરાર ના ખરેખર પિતૃસત્તાની દીવાલમાં ગાબડું નહીં, તો તિરાડ તો ચોક્કસ પાડી શકે.



પણ બધી વહુવારુની જીભે આમ 'સરસ્વતી' નથી વસતી હોતી. કે સીધી ના કહેવાની તક પણ બચી નથી હોતી. સાસરીનો સંતાપ વેઠ્યા પછી ક્યારેક તક મળતાં, બાપને મોઢે જાણે કહેવાતી હોય એવી વિલાપકથા રેલવતું આ પ્રસિદ્ધ ગીત પણ આપણી જ બહેનોમાંથી મળ્યું છે (ગીત-૧૯).

*"દાદા હો... દીકરી ! દાદા... હો દીકરી !*
*વાગડ શહેર ના દેશો રે જી*
*વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે..."*

અહીં સાસરીના ત્રાસની સાથે એક ખાસ પ્રદેશને પણ સાંકળવામાં આવ્યો છે. વાગડ – બનાસકાંઠા ને કચ્છની વચ્ચેનો પ્રદેશ. આવળબાવળ, બોરડી ને ઝાંખરિયા રણવિસ્તારમાં પાણીનો ત્રાસ, જમીન ભુખ્ખડ ને માનવી પણ એ કારણે સજ્જડ ! પાણીની સરવાણીના સાંસા, ત્યાં હૈયામાં હેતની સરવાણીએ શોધી ના જડે એવું લોક ! તનતોડ મહેનત કરે તોય માંડ બે છેડા ભેગા થાય એવો મલક ! એમાં સ્વાભાવિક છે કે વહુવારુના માથે જ આ તનતોડ મહેનત અને વૈતરાંની વેઠ આવે. આ ગીતની દીકરી પણ આ બધું વેઠી ચૂકી છે એટલે જ સ્વાનુભવ વર્ણવતી જાય છે ને બાપને વિનવતી જાય છે કે 'વાગડના દેશમાં ન દેશો જી રે'... પણ કોને ? એનો ભોગ તો આ વેદી ઉપર લેવાઈ ચૂક્યો છે, કદાચ એની બહેન કે એના કુળકુટુંબની બીજી કોઈ દીકરી... અરે, ગામપ્રદેશની બીજી કોઈયે દીકરીને વાગડમાં આપવા જેવી નથી કેમ ? સાસુ દિવસે ખંડાવે ને આખી રાત દળાવે છે. ઘરકામનો જાણે કોઈ અંત નથી. ઓછું હોય તેમ પાછલી પરોઢે પાણી ભરવા તગેડે છે ! ને પછી કેવી કરુણતા છે... 'ઓશીકે ઈંઢોણી મારે, પાંગતે દાતરડું રે, ખોરડાની ઓસરિયે મારું બેડલું રે !' પળેપળ કામમાં જ રહેવું પડે એવી આ સ્થિતિ છે. મનગમતા પતિ સાથે ઢોલિયો ઢાળવાની વાત જ નથી ! ફૂલ પથારી કે રેશમની રજાઈનાં ગીતો તો શહેરમાં બેઠેલા સુખાળવા કવિઓ જ લખતા રહે – વાસ્તવિકતા તો આ છે !

વળી વેલડું, દાતરડુંનો ઉલ્લેખ સૂચવે છે કે ફસલ-કાપણીના સમયે આ વહુવારુને જ વાઢવા જવાનું હશે. કદાચ પુરુષોનાં કામ પણ એણે જ કરવાનાં હશે ? સતતના સ્થળાંતરનો આ વિસ્તાર; ઢોર લઈને દેશાવર ભટકતા પતિ/પુરુષવર્ગને પાછળ રહી ગયેલા સ્ત્રીસમુદાય – ઘરની ને ખેતરની બન્ને જવાબદારીઓ નિભાવતો હશે ? જે હોય તે... વહુની વેદના અપાર છે. પાણી ભરવા વહેલી પરોઢે નીકળવાનું ને આ તો વાગડના કૂવા ! ઘડો ના પહોંચે, રાશ ટૂંકી પડે, ઓછું હોય તેમ કૂવાના પાવડા પણ ઊંચા ઊંચા, નાનકડી નારનો પગ પણ ના પહોંચે, આવી વાસ્તવિકતા વચ્ચે દહાડા કાપતી દીકરી દાદાને આમ જ વિનવે ને કે મારો તો બગડ્યો પણ બીજી દીકરીઓનો ભવ ના બગાડતા !

હૈયું વલોવે તેવી વેદનાની સાથે સાથે અહીં પિતા-પુત્રી વચ્ચે જે 'સંવાદ' થઈ શકે છે તે મહત્ત્વનું છે. વાસ્તવમાં આવું ઝાઝું જોવા મળે ખરું ? શું કહેવાતા સવર્ણ કે શું દલિત... દીકરી વળી ક્યારે મોં ખોલીને બાપને આવી વેદના વર્ણવી શકતી

હશે ? – ખરે હકીકતમાં નહીં તો ગીતમાં સહી – આ ગીતે વાગડની વઢિયારી સાસુને તો ઠીક ઠીક ઉઘાડી પાડી છે, એની ના નહીં !

**કન્યાવિદાય :**

સાસરું, સાસરિયાં ને એમના વિશેનાં આ તમામ ભય-આગાહી-પૂર્વગ્રહો ઉપરાંત કન્યાને જવાનું છે તો ત્યાં જ; માબાપ, સહિયરો, સ્વજનો – સૌ જાણે છે કે દીકરીને એવા અંધારિયા કૂવામાં નાખીએ છીએ જ્યાંથી એનો પાછો બોલ ભાગ્યે જ સંભળાવાનો છે ને છતાંય વાજતે-ગાજતે એને વળાવવી પડે છે.

કન્યા-વિદાયના પ્રસંગને શું કહેવાતા શિષ્ટ સાહિત્યમાં, શું લોકસાહિત્યમાં, શું નાટક-સિનેમા જેવાં જાહેર માધ્યમોમાં – કાયમ બિરદાવવા-બહેલાવવામાં આવે છે. આ કરુણમંગલ ઘડીએ ગવાતાં ગીતો, અપાતી શીખ અને વહેતી લાગણીઓની વચમાંથી સમાજમાં પિતૃસત્તાએ, પિતૃસત્તાક મૂલ્યોએ સ્ત્રીનો જે દરજ્જો સ્થાપી આપ્યો છે તેની પૂર્ણરૂપે ઝાંખી થાય છે.

ભાલબારાની બહેનોનાં કન્યાવિદાયનાં ગીતો પણ ખૂબ લાગણીસભર અને મીઠાબોલાં છે (ગીત-૨૦).

*"બાઈએ મેલ્યાં ઢીંગલાં મેલ્યાં પોતિયાં રે*
*ફલાણી બાઈએ મેલ્યો સૈયરુનો સાથ, મેલીને ચાલ્યા સાસરે."*

આ ગીતમાં ઢીંગલા એના સમગ્ર બાળપણનું પ્રતીક બને છે. બાળપણ, તેની સાથે જોડાયેલી નિર્દોષતા, આનંદ, રમત-ગમત, સ્વજનોની હૂંફ, હેત અને આખો પરિવેશ છોડીને અને સાસરે જવું પડે છે એ કઠોર વાસ્તવિકતા છે. એક અન્ય ગીતમાં (ગીત-૨૧) માબાપ જ્યારે વરપક્ષને ભલામણ કરે છે :

*"મારું પાંખ વિનાનું પંખી બેની તમે પાળજો રે..."*

પિયરથી વિખૂટી પડેલી દીકરી જાણે પાંખ વિનાનું પંખી છે, લાચાર છે, પરાધીન છે. એની સંભાળ હવે કોણ લેશે ? લાડકોડમાં ઉછેરેલી દીકરીને કોણ હેતથી પૂછશે ? માબાપ, કાકા, મામા, ભાઈ સૌ સ્વજનોથી દૂર જતી દીકરીની અસહાયતા અહીં સુંદર રીતે વર્ણવાઈ છે. આગળ વધીએ તો ત્રીજું ગીત મળે છે (ગીત-૨૨).

*"કિશોર જમાઈ તમને વીનવું રે,*
*મારી બેની છે નાનેરું બાળ રે,*
*પ્રેમથી સાચવજો, પાણી માંગે,*
*તો દૂધ આપજો રે અને ઝાઝા લડાવજો લાડ !"*

એક અન્ય ગીતમાં પિયરઘર, સ્વજનો, તેમની માયામમતા છોડવાની વાત જરાક જુદી રીતે કહેવાય છે : (ગીત-૨૩) વરરાજાને 'વનનો મોરલો' કહ્યો છે જે આવીને દીકરીને લઈ જવાનો છે–



*"વનનો મોરલો આંગણે આવ્યો અમારા દેશ રે,*
*બેની મારાં હાલુંચાલું થઈ રિયાં રે બેની રાધા હવે જાય રે...*
*બેની તમે હવે આજની ઘડીના મહેમાન છો."*

દીકરીનું મૂળ સ્થાન સાસરું છે, પિયર તો એનો પળવારનો વિસામો છે, દીકરી તો પિયરનો પરોણો છે એ માન્યતાઓ ને મૂલ્યો આ ગીતમાં રજૂ થાય છે ને દૃઢ બને છે. (ગીત-૨૪) પણ આ જ કહે છે :

*"દાદાના ખોળા બેનીએ વિસારી મેલ્યા,*
*સસરાના ખોળા વાલા લાગ્યા ચંપાબેન*
*દેખાતા ડુંગર બેનીને વાલેરા લાગ્યા."*

આ સંવેદનાથી છલકતાં ગીતોમાંથી એક બીજો મુદ્દો પણ મળે છે : દીકરી ન પિયરની, ન સાસરીની ! આપણે આગળ જોયું એમ, સાસરામાં એ પારકી છે – એને શંકાની નજરે જોવાય છે – એને કામ કરનારા કે બાળક જણનારા મશીનની જગ્યાએ 'વસાવાય' છે – એના દામ ચૂકવાય છે ને પૂરેપૂરા વસૂલ કરાય છે. આપણે એ પણ જાણીએ છીએ કે માબાપની નજરે દીકરો જ ચઢિયાતો છે અને દીકરીના ઉછેરમાં તફાવત થાય છે. દીકરીને ડગલે-પગલે અન્યાય થાય છે. છતાં ગીતોમાં તો એવું ગવાય છે કે દીકરીને ભરપૂર લાડમાં ઉછેરી હોય – પાણી માંગતાં દૂધ દીધું હોય ! આને વક્રતા કહીશું કે લાચાર માબાપની મજબૂરી ? તમાચો મારીને ગાલ લાલ દેખાડવાની વૃત્તિ ? જે હોય તે, આ ગીતો ઘણી વાર બે મોઢાંની વાત કરતાં લાગે છે. બેવડાં ધોરણો આચરતાં લાગે છે. અને આ પિતૃસત્તાક મૂલ્યોની ખાસિયતો છે – બેવડાં ધોરણો, દાંભિકતા.

આપણી પાસે પણ આ બેવડાં ધોરણો, દાંભિકતા અથવા તો પછી માબાપની તમાચો મારી લાલ ગાલ રાખવાની વૃત્તિની સાબિતી સમું આ ગીત મળે છે : (ગીત-૨૫)

*"રોઈ રોઈ લાડી, આંખ જ રાતી, શાને તમને દુઃખ આયાં ?*
*સસરા તમારા દશરથ જેવા, સાસુ તમારાં કૌશલ્યા જેવાં ?*
*સ્વામી તમારા રામ જેવા, શાને તમને દુઃખ આયાં રે ?*
*દિયર તમારા લક્ષ્મણ જેવા, દેરાણી તમારાં ઊર્મિલા, શાને તમને."*

દીકરીને સમજાવવા, એને હૈયાધારણ આપવા અપાતું આ દૃષ્ટાંત જોયું ? આખું અવધકુળ અહીં વર્ણવ્યું છે, જેમાં સ્વાભાવિક રીતે જ દીકરીની સરખામણી સીતા સાથે થાય છે. સીતા રાજકુંવરી હતી, રાજરાણી થવા જઈ રહી હતી. દલિત સમાજનું આ સ્વપ્ન તો ખરું જ – એને વિશે આગળ ઉપર જોવાનાં જ છીએ, પણ તે સિવાય પણ બે મહત્ત્વના મુદ્દા બહાર આવે છે :

૧. સીતા સાથે દીકરીને સરખાવી એટલે એનું સત, એની ધીરજ, એનું પતિવ્રતાપણું, એની પવિત્રતા અને સૌથી વધુ તો દુઃખ સહન કરવાની અપાર

સહનશક્તિ – આ બધા ગુણોની અપેક્ષા રખાય છે દીકરી પાસે ! એક તરફ આપણે જોયું કે સાસરિયાં ને સાસરાનું બિહામણું ચિત્ર અને અહીં જોઈએ તો એક 'પરમ આદર્શ' રજૂ કરીને દીકરી પાસે એ આદર્શ સુધી પહોંચવાનો માપદંડ મૂકીને ઘણી મોટી અપેક્ષા રાખી શકાય છે.

૨. બીજો મુદ્દો, વધુ વિચારતા કરી મૂકે તેવો છે – સીતાના આ 'આદર્શ'ની સામે એક બીજો માપદંડ પણ છે જ. સમસ્ત હિંદુ સમાજ અને હિંદુ પુરાણકથાથી થોડો ઘણો માહિતગાર એવો અન્ય સમાજ પણ જાણે છે કે આ સંસારમાં સીતા જેટલું દુઃખ ભાગ્યે જ કોઈ સ્ત્રીને પડ્યું છે ! એણે જેટલાં અપમાન વેઠ્યાં છે, જેટલું કષ્ટ સહન કર્યું છે, જેટલી કપરી કસોટીઓમાંથી પાર ઊતરવું પડ્યું છે એવું કોઈ સ્ત્રીને નથી સહેવું પડ્યું. એક જાણીતું ઓઠું છે : 'સતી સીતાને પડ્યું એવું દુઃખ કદી કોઈને નવ પડજો' આવાં મૂલ્યો પ્રવર્તમાન હોય ત્યાં ક્યાં માબાપ પોતાની આંખની કીકી સમી દીકરીને સીતા જેવી બનવાના આશીર્વાદ આપે ? ને છતાંય આ આદર્શ સ્ત્રીઓ દ્વારા જ સ્ત્રીઓ માટે રજૂ કરવામાં આવે છે. વરસોવરસ ગાવામાં આવે છે અને પિતૃસત્તાની સમાજ પાસેની ઊંચામાં ઊંચી, કપરામાં કપરી અને કદાચ સૌથી વધુ શોષણકારક અપેક્ષા દૃઢમૂલક કરવામાં આવે છે. શું કરીશું આવાં ગીતોનું ?'

સરખી સાહેલીઓ કન્યાને વિદાય આપતાં જાણે શુભેચ્છા આપી રહી હોય એવું એક ગીત આપણા સંગ્રહમાં છે. (ગીત-૨૬) આમ તો આગળ કહેવાઈ ગયેલી વાત છે :

*"દાદાના બંગલા આજ સૂના રેવાના,*
*સસરાના બંગલા આજ ગાજી રેવાના..."*

આમ, પારંપરિક લઢણમાં કાકાના ને મામાના બંગલા સૂના મેલીને, કન્યા બાઈ જેઠ-દિયરના બંગલા ગજવવા-શોભાવવા જતાં રહેવાનાં એ જ વાત છે. પરંતુ ખાસ ધ્યાન ખેંચે એવી પંક્તિઓ છે : 'મસ્ત મારી બેની, તું મસ્ત રહેવાની, તિજોરીની ચાવી તારી પાસે રહેવાની' : વહુના હાથમાં તિજોરીની ચાવી આવે એ ખરેખર એક ગુલાબી શમણું છે. વડીલશાહીમાં ઘરની ચાવી તો સાસુમા હોય ત્યાં સુધી બીજાના હાથમાં જાય જ શાની ? ત્યાં વળી નવીસવી આવનારી વહુના હાથમાં તો ભાગ્યે જ આવે... છતાં સહિયરો એને એક સપનું પકડાવી દે છે ને એ આનંદમાં મસ્ત રહેવાનું જાણે અત્યારથી જ શીખવી દેવાય છે. જે નથી તેની ઝંખના છે આ લોકગીત. બીજી પંક્તિમાં જોઈએ તો મોટે ભાગે આ ગીત દલિત સમાજની સ્ત્રીઓ જ ગાય છે. જેમને માટે બંગલા એ પણ ગુલાબી શમણું છે. ગામને છેડે, વાસમાં-કૂબામાં જીવતાં આ જણ બંગલાનાં શમણાં જુએ એમાં શી નવાઈ ? ને પેલી તિજોરી ? એ તો એથીય અદકું શમણું નથી ?

ચલો, એનોય આપણને વાંધો નથી; પ્રશ્ન તો એ છે કે સ્ત્રીના-વહુના હાથમાં તિજોરીની ચાવી આવી જવાથી એની વાસ્તવિક હાલતમાં કંઈ ફેર પડવાનો ખરો ? એ



તિજોરીમાં મૂકેલી જણસ એની પોતાની કહેવાવાની ? એમાંથી મન ફાવે તેટલું ને મન થાય એને માટે – એ વાપરી શકવાની ? માત્ર સંપત્તિની કહેવાતી ઘણિયાણી બનવાથી એના બીજા સામાજિક પ્રશ્નો હલ થઈ જવાના ? એ ને એની બહેનો સદીઓથી જે ગુલામી વેઠતી આવી છે એની જંજીરો તૂટી જવાની ? ગાનારી બહેનોને આવા પ્રશ્નો તરફ આંગળી ચિંધી ન શકીએ ? ને ચાવીની વાત આવી એટલે પેલા બીજા એક ગીતની વેધક પંક્તિઓ પણ સાંભરી ગઈ : 'ચાવી ઝૂડો સોંપી દ્વાર વાસ્યાં રે, સાહેલડી !' – પિતૃસત્તાએ સ્ત્રીને માટે વાસેલાં દ્વાર જો આ ચાવીથી ખૂલવાનાં હોય તો ભલે... એનાથી આપણી બેની મસ્તીમાં આવી જતી; બાકી તો... !

**લગ્નગીતોમાં વરપક્ષનો સૂર :**

બની શકે કે ઉપલું ગીત વરપક્ષ તરફથી મૂકવામાં આવેલો આદર્શ હોઈ શકે. કેમ કે મોટા ભાગે વરપક્ષ પોતાને ચડિયાતો મનાવતો હોય છે. પોતાની સમૃદ્ધિ, પોતાનું સુખી-વાત્સલ્યમય વાતાવરણ, ઝાઝાં સગાંની ફોજનું ગુલાબી ચિત્ર આવનારી વહુને આકર્ષવા (કે આંજી દેવા ?) રજૂ કરાતું હોય છે. સાથે સાથે વહુનું સ્વાગત, મીઠાં વખાણ અને લાડકોડ તો ખરાં જ ! થોડાંક આવાં ગીતોની તાસીર જોઈએ અને સમાજવ્યવસ્થા પોતાને સમધારણ (બેલેન્સ) કેવી રીતે રાખવા ઇચ્છે છે એનો તાગ મેળવીએ.

સૌથી પહેલું ગીત જોઈએ વહુની શોધનું. (ગીત-૨૭)

*"ઝીણી ઝીણી વાદળીમાં વીજલડી ચમકે*
*માર આંખલડી જાવને વીરા માંડવડે કન્યા કુંવારી."*

વરપક્ષવાળાને સંતોષ છે કે દેશપરદેશ જોઈ વળ્યા, ઘણાં ખાંખાંખોળા કર્યા. ઘણી છોકરીઓની કસોટી કરી ત્યારે આ (દીપિકા) વહુ ઉપર અમારી આંખ ઠરી છે. વરની બહેન આ ગીત ઉપાડે છે. એના સૂરમાં એક જાતનું અભિમાન છે. અમારો ભાઈ (અમૃત) કંઈ જેવોતેવો નથી. એને યોગ્ય કન્યા શોધવામાં અમે કોઈ કસર નથી રાખી. હવે અમૃતભાઈ જોડે દીપિકાની જોડી શોભે છે તે જોઈને આંખ ઠરે છે. ઝીણી ઝીણી વાદળીમાં ચમકતી વીજળીના ઝબકારે જાણે કન્યારત્ન અમે શોધી કાઢ્યું છે. સૌ કોઈ માંડવે આવો અને આ અમારી પસંદ કરેલી કન્યાકુમારીને જોતા જાઓ. વહુ જાણે 'કીમતી જણસ' છે, જોવાલાયક 'સામગ્રી' છે અને એને ઘણી છાનબીન પછી પારખીને લાવ્યાં છીએ તે અમારી હોશિયારી છે – એવો કાંક હુંપદનો ભાવ સંભળાય છે ?

બીજું ત અને ત્રીજું ગીત જાણે એકમેકની આગળ-પાછળ ચાલે છે (ગીત-૨૮, ૨૯).

૧. કાળી છે કોયલ સાદ સોહામણી – આયાં તે કોયલ આપણા દેશમાં.

૨. કાળી તે કોયલ કંઠ સોહામણી – આવ રે કોયલ આપણા દેશમાં.

બન્ને ગીતોમાં વહુને 'કોયલ' કહીને બિરદાવી છે. એના શ્યામવર્ણને ચિંધ્યો હશે ? કે પછી ઘર ગજવનારા, મીઠા-મધુર કંઠને ? બન્ને ગીતમાં સાસરાને વહુ માટે

'આપણો દેશ' કહીને સ્થાપે છે અને એ રીતે મોકળા મને સ્વાગત કરતાં જણાય છે. ૨૯મા ગીતમાં સાસરીપક્ષની સ્ત્રીઓના સ્વાગતના જવાબમાં વહુ કહે છે : 'આપણા તે દેશમાં નદિયું ઝાઝેરી, કેમ કરી આવું આપણા દેશમાં ?' – ત્યારે સાસરિયણો હોશભેર હોડીઓ તરતી મુકાવે છે.' 'તેડાવો માછીડા, હોડિયું હંકાવો...'ને ૨૮મા ગીતમાં અજાણી ગભરૂ વહુ પૂછે છે જાણે : 'નામ ના જાણું કેમ કરીને આવું આપણા દેશમાં ?...' ત્યારે દરેકનું નામ દઈ દઈને, વર-સાસુ-સસરાની જાણે ઓળખવિધિ કરાવવામાં આવે છે. આ રીત આવકારદાયક છે. નવી વહુનો સંકોચ તોડવો, એને એક એક સગાંથી માહિતગાર કરવાની આ સૂરીલી રસમ મજાની લાગે છે. ગીતો આ જ રીતે વહુની અસલામતી, સંકોચ અને અજાણપણું દૂર કરવાના ઉપાય સમા છે. ગાંફ અને વરસડા – બન્ને ગામની વણકર બહેનો આવતી કાલની નવોઢાને આમ હૂંફભરી રીતે સ્વીકારે છે. અહીં ચીલાચાલુ સાસુવહુની દુશ્મનાવટનું વરવું ચિત્ર નથી જોવા મળતું એ આશ્વાસનરૂપ હકીકત છે.

પરંતુ આ રઢિયાળું ચિત્ર બહુ લાંબું નથી ચાલતું. આ સૂરીલી સરગમ તરત જ તૂટે છે અને સંસારગીતનો બેસૂરો સાદ છાપરે ચડીને પોકારે છે ! સાસુવહુ ને નણંદ-ભાભી વચ્ચેના અસલી વહેવારનું વાસ્તવદર્શન જોતજોતામાં થઈ જાય છે.

**લગ્નગીતો અને અન્ય ગીતોમાં સાસુ-વહુનો સંબંધ :**

આપણે ત્યાં જેને લોકગીતનો આછો આછો પરિચય હોય તેને માટે પણ જાણીતું હોય એવું લોકગીત છે (ગીત-૧૯).

*"દાદા હો દીકરી ! દાદા હો દીકરી*
*વાગડમા ન દેશો જી રે*
*વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે !"*

'દાદા !... હો દીકરી !' શાનું ગીત છે આ ? 'વાગડમાં ન દેશો જી રે વાગડની વઢિયારી સાસુ દોહ્યલી રે !' એક દીકરી પોતાને વાગડમાં ન પરણાવવાની આજીજી કરે છે અને એના મૂળમાં છે વાગડની સાસુ. પણ સાસુ તો સાસુ હોય છે – વાગડની હોય કે વલસાડની કે પછી વિલાયતની હોય ! કોઈ પણ વહુને માટે સાસુ એક બિહામણું, અણગમતું, ત્રાસદાયક પ્રાણી છે; ને સામે પક્ષે સાસુને મન વહુ પણ અણગમતી, પારકી, દીકરાને ઝૂંટવી લેનારી વ્યક્તિ જ છે : હા, અહીં એક રીતે જોઈએ તો કુટુંબ ક્ષેત્રનું રાજકારણ છે. સાસુ અને વહુ – બન્નેને સાંકળનાર એક વ્યક્તિ છે. દીકરો અથવા પતિરૂપે પુરુષ. પેલી બન્ને સ્ત્રીઓ આ એક વ્યક્તિ સાથેના પોતાના અલગ અલગ સંબંધને કારણે એકબીજાં સાથે સંકળાયેલી છે. બન્ને ઈચ્છે છે કે પોતાનો પુરુષ પોતાને વશ રહે અથવા તો સામે છેડે જઈને એમ કહી શકાય કે પોતે પોતાના પુરુષની સૌથી પ્રિય વ્યક્તિ, નજીકની વ્યક્તિ, ભરોસાપાત્ર વ્યક્તિ બની રહે. અને આપણી પુરુષપ્રધાન સંસ્કૃતિ આ ઈચ્છાને 'સત્તા'નું લેબલ આપીને ઠસાવવા માગે છે કે સાસુ ને વહુ બન્ને ઈચ્છે છે કે પોતે આ પુરુષ : દીકરા/પતિ પર રાજ ચલાવે !



ખરેખર તો આપણે એ વિચારવું જોઈએ કે કુટુંબમાં-સમાજમાં કોનું રાજ ચાલે છે ! ટૂંકમાં, સાસુવહુનો સંબંધ પેલી એક પુરુષવ્યક્તિ સાથેના પોતાના ગાઢ સંબંધની શ્રેષ્ઠતા અને નિકટતા સ્થાપવાની હૂંસાતૂંસીને કારણે સદાય તંગ રહેતો હોય છે. એકને મન એ હજી 'એક નાનું બાળક' છે – હજી એ પોતાના વગર પગલુંયે ભરી શકે તેમ નથી એવી 'ભ્રમણા'માં એ હજી જીવે છે. જ્યારે બીજીને મન એ પોતાનું 'જીવન સર્વસ્વ' છે અને એ પુરુષ વિના પોતે પાંગળી છે – એકલી-અટૂલી છે એવી 'આધારિત ભાવનાના' ભ્રમમાં જીવે છે. પણ અસલમાં તો પુરુષ આ બન્ને સ્ત્રીઓને ભ્રમમાં રાખીને પોતાનું ધાર્યું કામ કરે છે ને કરાવે છે તે આપણી સામાજિક અને સાંસ્કૃતિક વાસ્તવિકતા છે. અલબત્ત, એવું નથી કે આ પુરુષને પેલી બન્ને સ્ત્રીઓ માટે લાગણી નથી – મમતા નથી... પણ સંબંધો સાથે જે સ્વાર્થનું ગણિત સંકળાયેલું છે તે મુજબ જોતાં, પેલો પુરુષ આ બન્ને સ્ત્રીને સાથે ઈચ્છે છે – બન્ને પાસેથી એને સલામતી, હૂંફ, આત્મીયતા અને ન્યોછાવરીની ઈચ્છા હોય છે. જેને કારણે પેલી બન્ને સ્ત્રીઓ વચ્ચે સતત મનોમન સરખામણી અને ચડસાચડસીનું વલણ ઉગ્ર થતું જોવા મળે છે. સસરા ઘરના વડીલ તરીકે આઘા રહીને બધું જોતા રહે છે. અંદર પડવા નથી માગતા પણ બહારથી એ પોતાનો કક્કો ખરો કરાવ્યે રાખે છે. વહુ સાથે સીધો વહેવાર સાસુનો છે તેથી સાસુ અળખામણી લાગે છે તે સસરા દેવપુરુષ !

સાસુવહુ વચ્ચેના સંબંધો ખાટામીઠા કે ખારા-કડવા હોવા પાછળનું એક બીજું સબળ કારણ છે 'સાસુપણું.' આપણી કુટુંબવ્યવસ્થામાં, પિતૃપ્રધાન સમાજવ્યવસ્થામાં વહુની સામે સીધા સંઘર્ષમાં આવે છે – સાસુ ! વહુ દાબમાં રાખવી, ઠેકાણે રાખવી, કુટુંબની મર્યાદામાં રાખવાનું કામ સાસુનું હોય છે. ખરેખર તો આ 'દાબ', 'ઘરની રીત', 'મર્યાદા'... બધા પારંપરિક મૂલ્યોને છે તે પિતૃપ્રધાન વિચારસરણીમાંથી જ ઊભાં થયેલાં હોય છે. આપણી સામાન્ય કુટુંબ વ્યવસ્થામાં પુરુષોની ઘરની બહાર રહેતા-ફરતા હોય છે તે સ્ત્રીઓ ઘરની અંદર ! એમાં પેલી પિતૃપ્રધાન વિચારધારા ઘરની વડીલ સ્ત્રી-સાસુનાં વલણ, વાણી ને વર્તન દ્વારા હરપળે પ્રગટ થતી રહેતી હોય છે. સાસુનું ચલણ ઘરમાં અમથુંયે ચોવીસ કલાક, બારે માસ ચાલતું હોય છે. એ ઘરની કર્તાહર્તા હોય છે, કેમ કે એ પણ સ્ત્રી છે. તે એનું સ્થાન પણ ચાર દીવાલોની અંદર જ હોય છે. એ પણ ઘરકામ અને સાસરિયાની મરજી સાચવાની ઘટમાળમાંથી પસાર થઈ છે અને થઈ રહી છે. ઘર-કૂળના વટ-વહેવાર સાચવવાની જવાબદારી એની જ છે. પણ એ જે હુકમો અખત્યાર કરે છે તેના મૂળ સંચાલકો તો કૂળ-કુટુંબના પુરુષો જ હોય છે – રહેતા આવ્યા છે. એ તો માત્ર 'ચિઠ્ઠીની ચાકર' છે ! એને પોતાને આ બધું વિચારવાનું હોતું જ નથી – પરંપરા અને પરંપરાવાદી પુરુષો-વડીલોએ વિચારી રાખ્યું છે. એનો અમલ કરવાનું જ એનું કામ છે પણ એની પદવી 'પોલીસ' જેવી છે. પાસે સત્તા છે, સજાનો દંડ છે અને પીઠબળ પરંપરાનું છે. આપણી વહીવટી વ્યવસ્થામાં પોલીસ પણ આ જ કામ કરે છે – એ કંઈ કાયદા લખતો નથી કે ઘડતો નથી. છતાં આમજનતા એને જ કાયદાનો રક્ષક અને શાંતિનો સ્થાપક માને છે અને મૂળ વહીવટ વ્યવસ્થામાં રહેલી તાનાશાહી કે બીજી મર્યાદાઓનો પ્રચારક માની બેસે છે. પરિણામે પોલીસ અપ્રિય અને અળખામણો બની બેસે છે. સાસુનું પણ આવું જ છે. વડીલશાહીના વેલાને

અલબત્ત, એ મજબૂત બનાવે છે. પણ ખરું જોતા એ વડીલશાહીના ભરડાથી મુક્ત તો નથી જ ! સાદી ભાષામાં, આપણી રીતે આપણે પણ ઘણી વાર કહેતા હોઈએ છીએ કે સાસુ એ ભૂલી જાય છે કે 'સાસુ ભી કભી બહૂ થી !'

પણ આ બધા ખેલ 'સત્તા'ના છે. વડીલશાહીમાં સત્તાનો હાથબદલો આ જ રીતે થતો આવે છે કેમકે વડીલશાહી વ્યક્તિકેન્દ્રી નથી – મૂલ્યકેન્દ્રી છે. સાસુ અને નણંદ – એક પુરુષની માતા અને બહેન : બંને એને ચાહે છે, બંને એનું સો ટકા ધ્યાન-લક્ષ્ય- હેત પોતાના ભણી વાળવા ઇચ્છે છે. એક જ લોહીમાંસની છે તેથી મા-દીકરી પોતાની 'ભાગીદારી' બતાવી શકે છે. પણ પેલી 'પારકી જણી' તો સહેજે સહેવાય તેમ નથી ! અને આ લાગણીઓની તીવ્રસંકુલતાના વડીલશાહી ઉપયોગ કરે છે – મજા માણે છે – પોતાની પક્કડ વધુ મજબૂત બનાવે છે. પ્રાચીન ગ્રીસમાં – રોમમાં બે કુસ્તીબાજો(ગ્લેડિયેટર)ની લડાઈ જોવાની અમીર-ઉમરાવોને મજા આવતી હતી. બે ગુલામો અંદરોઅંદર બાખડે – લોહીલુહાણ થાય અને એકનું મોત નિશ્ચિત બને ત્યારે પેલા ઉમરાવો મીઠાઈ મમળાવતા, આસવ ગટકાવતા મોજ માણતા હોય, તાલી બજાવતા હોય ! બસ, વડીલશાહીના બે ગુલામો – સાસુ-વહુ આમ જ બાખડે છે. લોહીલુહાણ થતાં રહે છે અને સ્વાભાવિક રીતે શોષિત પક્ષનું વધુ શોષણ થાય છે; ને વડીલશાહીને એમાંથી મનોરંજન મળે છે. સાસુ-વહુની લડાઈનાં નાટકો, સિનેમા, સાહિત્યની રેલં-છેલ થાય છે ને એક કહેવત પણ બને છે ને જોરશોરથી એનો પ્રચાર થાય છે : 'સ્ત્રીની દુશ્મન સ્ત્રી !'

સમાજની વાસ્તવિક સ્થિતિ જ્યારે આવી હોય ત્યારે ભાલબારાની બહેનો, ગીતોમાં શી રીતે વ્યક્ત થાય છે ? પેલી વાગડની સાસુથી આપણે શરૂઆત કરી હતી ને ? કેવી લાચાર, દયનીય અને કરુણાત્મક હાલત છે વહુની ? પણ તેથી કંઈ વહુ ચૂપ બેસી રહેવાની છે ? વાસ્તવમાં, કંઈક 'કરી' ન બતાવી શકતી હોય તો ગીતમાં પણ એ તો પોતાનો આક્રોશ અચૂક પ્રગટ કરવાની !

**ત્રણ વિશિષ્ટ પ્રકારનાં ગીતો મળ્યાં છે** : જેમાં રમૂજ પણ થાય છે અને ખીજ પણ ! (વરસડા ગીત નંબર-૩૦ અને ગાંફ ગીત નંબર-૩૧), આ બંને ગીતો લગભગ સરખાં છે. સ્પષ્ટ રીતે જ વહુ પોતાની સાથે સાસુની સરખામણી કરે છે. વહુના મુખે જ ગવાયેલાં આ ગીતોમાં, વહુના દિલમાં ધરબાયેલો સાસુ પ્રત્યેનો રોષ છતો થાય છે અને પ્રત્યેક સરખામણીમાં સાસુ કરતા પોતાને તે ચડિયાતી ઠેરવે છે : (ગીત-૩૦)

*"મારે બાર તે હાથનું બાજરિયું...*
*મારે તેર હાથનું રાંડુ – બાલુજીનું બાજરિયું"*

આ બારને તેરની સરસાઈ પણ આવો જ કંઈ ઈશારો હશે કે શું ? અને પછી સાસુવહુના ઝઘડાનું સીધું જ વર્ણન છે – 'મારી સાસુએ ઝાલ્યો ચોટલો; કંઈ મેં ઝાલ્યા બે કાન' વહુ સાસુથી ગાંજી જાય તેવી નથી. આ વાગળની વહુ જેવી લાચાર નથી – આ તો સામસામે સામનો કરી શકે તેવી જબરી વહુ છે. કદાચ આ ગ્રામ્યસમાજની પણ વાસ્તવિકતા હોઈ શકે. ઘેર ઘેર નહિ – વારંવાર નહીં પરંતુ ક્યારેક – તો વાજ



આવેલી વહુ આવો સામનો કરવામાં છોછ નહિ રાખતી હોય એવો આખાબોલો ને નિખાલસ છે આ સમાજ – ને એટલે જ, પોતાનો ચોટલો ઝાલનારી સાસુના બે કાન પકડી લેતી વહુનું ચિત્ર રમૂજ નહિ, પણ એક જાતનો 'ન્યાયી' હુમલો રજૂ કરે છે. વળી બોલવામાંયે એ પાછી પડે તેવી નથી – 'કંઈ મેલોને બચજી ચોટલો, કંઈ જશે તમારા કાન'ની ધમકી પણ ભેગાભેગી આપી જ દે છે ! અને પછી સાસુના સાંબેલા સામે ખાટલાની જાડી ઈસ લઈને ફરી વળતી વહુ 'બેઉ બળિયા, બાથે મળિયા' – જેવું ચિત્ર ખડું કરે છે ને ? રિસાયેલી વહુ બજાર ભણી નીકળી જાય છે, ને સાસુ આખી શેરીમાં આ પરાક્રમની ચૂગલી કરવા નીકળી પડતાં જણાય છે ! પણ હવે ખરી ચડસાચડસી વર્ણવાઈ છે : 'સાસુના ઘરે મે'માન આયા... કંઈ મારે આયા મારા વીર !' પેલા મહેમાન સામે એનો 'વીર' છે 'ભાઈ' છે. મહેમાન પણ વહુનો જ ચડી જાય ! અને પછી સાસુ-વહુ કેવી કેવી મહેમાનગતિ કરે છે, જુઓ : સાસુએ ઓરી કોદરી... મેરે ઓરી ઝીણી સેવ' અને હવેની પંક્તિઓ તો સ્ત્રીઓ જ રચી શકે : 'સાસુજીની કોદરી ખદબદ ને ભલી ચડે મારી સેવ... !' બંનેના મહેમાનો જમે છે ને પછી કંઈક ભેટ આપે છે. સાસુના મહેમાન એને કાપડું આપે છે, પણ વહુનો વીર તો ભૂરી ભેંસ ભેટ આપતો જાય છે ! ને છેલ્લે ?... 'સાસુનું કાપડું ફાટી ગયું પણ મારી રહી ભૂરી ભેંસ' – આમ ઘરસંસારની તીખીખાટી વાનગી જેવું આ ગીત વાસ્તવિકતાની સાથે સાથે વહુનું છૂપું સ્વપ્ન પણ છતું કરે છે – સાસુથી સવાયાં થવાનું !

બીજું ગીત બહેનો ગાય છે : ગીત નંબર-૩૧ જે લગભગ પહેલા ગીત જેવું જ છે; ફક્ત ક્રિયાનો ક્રમ ઊલટાઈ ગયો છે.

*"સાસુને આંગણે લીંબોળી જીરે*
*મારે આવે વળતી છાંય*
*લીલાધર લીંબોળી જીરે"*

સાસુ-વહુના મહેમાન પહેલાં આવે છે, અલગ ભેટો આપીને જાય છે, ભેટોની ટકાઉપણાની ચડસીચડસી પછી થાય છે ઝઘડો, મારામારી ! સાસુના સાંબેલા સામે વહુ બેવડી રાશ લે છે ને સાંબેલું તોડીને જ જંપે છે ! પછી થાય છે છુટ્ટા હાથની મારામારી ને જેમાં સાસુના કાન તૂટવાની પૂરી વકી છે !

બંને ગીતોના ઉપાડ અને ધ્રુવપદમાં યોજાયેલા બાજરિયું, લીંબડી, લીલાધર છાંય વિશે એટલું નોંધી લઈએ કે વરસડા કરતાં ગાંફની બહેનોનાં ગીતો વધારે કલ્પનાશીલ છે જ્યારે વરસડાની બહેનો વાસ્તવિકતામાં રાચે છે. આથી સરખામણીની જરૂર નથી.

ખેર, શું સૂચવે છે આ બે ગીતો ? – જીવનની કડવાશને ગીત દ્વારા બહાર કાઢી નાખવાની યુક્તિ ? અતિશયોક્તિ અને રમૂજ દ્વારા સંબંધોનું દુઃખ હસી કાઢવાની આદત ? કે પછી એકમેકને સમજવાની ઘસીને ના પાડતા બે ગ્લેડિયેટરની બથ્થંબથ્થા ? પણ તાલીઓ પાડીને બધાં ટેસડો માણી રહ્યા છે એ કેમ કરીને સહેવાય છે આ બહેનોથી !

સાસુ-વહુ જેવો જ સંબંધ છે નણંદ-ભોજાઈનો ! બલ્કે વરસડા અને ગાંફના સંદર્ભમાં વાત કરીએ તો આ નણંદ-ભાભી પાછાં બીજા નાતે પણ સંકળાયેલાં હોય છે. સાટા-પેટાની પ્રથાને કારણે બંને એકમેકની નણંદ અને એકમેકની ભાભી થતી હોય છે. તો શું પેલા ખાર ને તિરસ્કાર પણ બેવડાવાના ? જોકે અહીં પસંદ કરવામાં આવેલાં ગીતોમાં જરા જુદી ભાત પડે છે ખરી... પણ આખરમાં હાથમાં શું આવે છે એ જોવું જરૂરી છે : પહેલું નણંદ-ભાભીનું ગીત લઈએ તો એમાં સહીપણાં અને ભાભીનો મહિમા થતો જણાશે. (ગાંફ ગીત નંબર-૩૨)

*"રસોડાની રાણી પીરસોને થાળી*
*દાળ-ભાત, રોટલી ને માથે ખમણ-ઢોકળી*
*મારો વીર બોલાવે ભારી બજાર ફરવા જાવ રે"*

જાણે કે નણંદ-ભોજાઈ વચ્ચેનો સંવાદ છે. જેમાં નણંદ કહે છે 'રસોડાની રાણી ! પીરસોને થાળી...' ભાભી જોડે ગોઠડી માંડતાં એને 'રસોડાની રાણી' કહેવામાં આવે છે – 'રાણી' ખરી પણ 'રસોડાની !' પછીની પંક્તિઓમાં નણંદ એક પછી એક સ્થળનું નામ દઈને કહે છે કે જાઓ જોવા જાવને 'મારો વીર બોલાવે... બજાર ફરવા જાવ ને' – પિક્ચર જોવા જાવ ને', 'ફોટા પડાવવા જાવ ને'... આમ અવનવી જગ્યાએ ભાઈ બોલાવે છે અને ભાભીના કોડ પૂરા 'કરાવતી' હોય તેમ નણંદ કહે છે "ભાભી જાવ ને" જાણે કે ભાભી રસોડામાં ગોંધાઈ રહી છે, ઘરકૂકડી સમી બની ગઈ છે ને નણંદ એને બહાર ખેંચે છે... "મોકલી આપે છે" કહો કે "રજા આપે છે !" આ વીરની બહેનને આપણે પૂછી શકીએ કે તારી ભાભીને ઘરકૂકડી કેમ બનવું પડ્યું ? "રસોડાની રાણી જ થઈને" કેમ રહેવું પડ્યું ?

પણ વધુ રસપ્રદ તો છે ભાભીનો જવાબ : "બજાર ઘણું દૂર છે ને તમારી જરૂર છે".. કે પછી "ટોકીઝ ઘણી દૂર છે ને તમારી જરૂર છે." અને "સ્ટુડિયો ઘણો દૂર છે ને તમારી જરૂર છે." ભાભી પેલી જગ્યાઓની દૂરતા ચીંધે છે ને નણંદનો સાથ ઝંખે છે. નણંદનો જાણે ટેકો માગે છે. નણંદને સાથે લીધા વિના નથી જવું – એવો સંકલ્પ બતાવે છે.

અહીં બે-ત્રણ અર્થઘટન સૂઝે છે : (૧) વણકર સમાજમાં, અમુક વર્તુળોમાં હજુ પણ જુવાન પતિ-પત્ની જાણે "એકલા" બહાર જઈ શકતાં નથી. સાથે નાની નણંદીને રાખવામાં આવે છે. યુગલને પૂરેપૂરી મુક્તિ કે સ્વતંત્રતાનો આનંદ આપવો સામાજિક દૃષ્ટિએ હિતાવહ નથી હોતો. ગીતમાં શાણી ભાભી જાણે જાતે જ આ "મર્યાદા સ્વીકારીને" નણંદને સાથે લેવાનો મીઠો આગ્રહ કરે છે. ભલે પછી મનમાં કોઈક બીજી વાત હોય... એણે તો સમાજ-પરંપરાએ પઢાવેલી ભાષામાં બોલવાનું છે ને ! વડીલશાહીની વહુ-દીકરા ઉપર નજર રાખવાની, દાબ રાખવાની આ આડકતરી, અહિંસક પદ્ધતિ હશે ? કે પછી એક કરતાં વધુ આણે ફરનારી નવી વહુવારુ ધીમે-ધીમે પતિથી હળતીમળતી થાય એ સારુ રખાતી દેખરેખની એક રીત હશે ? નાની નણંદ, જે પોતે પોતાની ભાભીની પણ થવાની છે એની સાથે આત્મીયતા કેળવે – સહીપણું બાંધે એને માટે થઈને આ રિવાજ હશે ?



નવોઢાને જાણે પોતાના જ પતિ સાથે "દૂર" જવાનો ક્યાંક છૂપો ડર છે; સાથે નાની નણંદી હોય તો એ "અંતર" સહીસલામત રીતે કપાઈ જાય. એવી સુરક્ષાની ભાવનાથી આ રસમ ચાલતી હશે ? વરસો વરસ અને ઠેર ઠેર આ પંક્તિઓ ગાતી ભાભીઓના મનમાં SEXની આછી આછી બીક હશે ? પતિપત્ની બે એકલાં જ હોય તો શું નું શું થઈ શકે ? ભલે જાતીય કુતૂહલ પણ સળવળતું હોય, ભલે કામના ઝંખના બનીને કેવડિયાના કાંટાની જેમ મીઠી મીઠી ડંખતી હોય પણ જાતીય સંબંધની વાસ્તવિકતા, અજાણ ભય એને કદાચ આછો આછો પીડતો હશે. તેમાં નાની નણંદીને સાથે રાખવી હશે ? કે ખાટામીઠા સ્પર્શ આદિ વ્યવહારો થઈ પણ જાય તો વાંધોયે નહીં ને એથી આગળ વધવાનો મોકોય નહીં ! અવનવાં પડ છે આ ગીતમાં; ઉકેલવા બેસીએ તો આ બધું એક સાથે પણ હાથમાં આવે ! સ્ત્રીના માનસની કેવી અટપટી ગૂંથણજાળીઓ લઈને આવે છે આ ગીતો ?

નણંદ-ભાભી વિશેનાં બીજાં બે ગીત જુદાં જ રૂપે આવે છે. બંને સંવાદ ગીતો છે – રમતગીતો છે – અભિનય ગીતો છે. ગામની દીકરીઓ (નણંદો) અને ગામની વહુવારુઓના બે પક્ષ પાડી દેવામાં આવે છે. સાતમ-આઠમે કે જાગરણ વખતે આ રમતગીત ગવાય-રમાય છે. સામસામા બંને પક્ષ બોલબોલી-ચડસાચડસીમાં પોતપોતાનું ચડિયાતાપણું સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે... ને રમતગીતના અંતે ? ચાલો આપણે જાતે જોઈએ-તપાસીએ. (વરસડા ગીત નંબર-૩૩ અને ૩૪ : "સૈયર મોરી ચાલોને રમીએ" અને "મરચું બાંધ્યું ઓલી આંબલિયાની ડાળ"). પહેલું ગીત સીધી વડછડને બદલે આડકતરી રીત અજમાવે છે :

*"સૈયર મોરી ચાલોને રમીએ*
*અમને રમતાં ન આવડે"*

દીકરીઓનો પક્ષ વહુઓને રમવાનું જાણે નોતરું આપે છે – વહુઓ વચકાય છે ! અહીં કુટુંબમાં જે નથી કરી શકતી તે કરવાની "છૂટ" લઈ લેતી લાગે છે આ વહુવારુઓ ! જુઓ આ "છૂટ" બોલવામાંય કેવી જબરી લાગે છે. નણંદો કહે છે "અમે રમી બતાવીએ"... હાથ ઊંચો છે – કશુંક શિખવાડવાની વડાઈ છે પણ પેલી ભાભીઓ ફટ દઈને રોકડું પરખાવે છે : "તમારું રમેલું ન રમીએ." આમ ઘસીને "ના" હકીકતે ક્યાં પડાય છે ? પછી તો નણંદો મનાવે છે, કંઈ કંઈ દાગીના આપવાના પ્રલોભનો પણ બતાવે છે, મોટેરાનાં નામ દઈને એમને નામે "બોલાવે" છે પણ વહુઓ તો "અડી" ગઈ છે ! ધરાર ના પાડે છે અને સતત કહેતી રહે છે : "તમારું રમેલું ન રમીએ", "તમારું પહેરેલું ન પહેરીએ... !" આ છૂટ આવા વારતહેવારે ને રમતગમત ટાણે જ લેવાતી હોય છે, એટલે કચકચાવીને વારંવાર નન્નો ભણવાનીયે મજા લૂંટે છે આ ભાભીઓ ! આ જીદની પાછળ છે પેલી તાબેદારીને લીધે મનમાં ધરબી રાખેલો રોષ ! બાકી તો નણંદ કહે તે જ દાગીના-લૂગડાં એણે પહેરવાનાં હોય છે. એની મનમરજી પ્રમાણે જ ચાલવાનું હોય છે. અરે, એ માનસિકતાના તો રિવાજોયે કેવા પડ્યા છે : વહુના આણાની પેટીમાંથી મનગમતી સાડી નણંદ લઈ શકે ! વહુની પેટીના

દાગીના પૂછ્યા વગર નણંદ પહેરી શકે ! વહુના દાગીના દીકરીને ચડાવી દેવામાં આવે. આવી પરંપરા સામેની ખીજ આવે ટાણે વહુઓ કાઢી લેતી લાગે છે.

બીજું ગીત જાણે સીધી-સામી છાતીની લડાઈ છે. એની ભાષા જુઓ : (ગીત-૩૪)

*"મરચું બાંધ્યું ઓલી આંબલિયાની ડાળ*
*મારે લડવું ઓલી જસી વહુ સંગાથ"*

કેવો વિરોધાભાસ ! શું સૂચવે છે અવળવાણી ? – આંબો તે જાણે કુટુંબજીવન છે. આમ તો ત્યાં મીઠા મરવા ઝૂલતા હોવા જોઈએ, પણ "મરચું" કેમ ? – દીકરીઓ/નણંદો ચોખ્ખું એલાન કરે છે : "મારે વઢવું ઓલી જસી વહુ સંગાથ" કુટુંબના આંબા ઉપર મરચું ઝૂલે છે... મીઠાશને બદલે તીખાશ... મનમેળને બદલે ઝઘડો ! કેવું સરસ રૂપક વાપરીને આ બહેનો પોતાનાં વલણને છતાં કરે છે ! ને નણંદ ચોખ્ખું કહે "મારે વઢવું છે." – જાણે કે "વઢવું" એક જરૂરિયાત ન હોય ! એક સામાજિક-માનસિક અનિવાર્યતા ! **(psycho – socio – cultural need)** ઘરમાં રોજેરોજ વાસણ ખખડતાં હોય તોય જાહેરમાં લડવાની હોંશ તો જુઓ ! અહીં પેલો બેમુખી ભાભી-નણંદનો સંબંધ જોર કરતો હશે ? કોણ કોની ભાભી ને કોણ કોની નણંદ ? એટલે જે ગામમાં રણભૂમિ હોય એની જીત કે પછી હાર ? ગીતમાં તો ભઈ, વહુવારુની જીત ને સહિયરું/દીકરીયું/નણદીયુંની હાર છે ! કેવું સોનેરી શમણું ? ને પછી ઊછળીને ગાતી દીકરીયુંને સાંભળો – "જીત્યા ઉપર તે કંઈ ઢોલ વગાડાય... ! જીત્યા ઉપર તો કંઈ શરણાયું વગાડાય... ! અને સામે પક્ષે હાર્યા ઉપર તે કંઈ ગધેડાં મૂતરાંય... કૂતરાં મૂતરાંય... !" ભાષાની આ નિર્બંધતામાં પણ એક જાતનો તોર છે – છાક છે ! હારજીતની આ રમત જાણે "કૅથાર્ટિક" છે. મનનો મેલ ધોઈવિંછળીને સાફ કરી નાખનારી છે. હસતાં, તાલી લેતાં, ઠેકડા ભરતાં રમાતું આ રમતગીત ખરે જ – સ્ત્રીઓની મુક્ત અભિવ્યક્તિના નમૂના સમું છે અને માનવમાત્રના મનમાં રહેલી લડવા-જીવવાની ઝંખનાના દાખલા સમું ! કેટલીક લાગણીઓ-ભાવનાઓ-ઝંખનાઓથી કોઈ પર નહીં રહી શકતું હોય – દબાયેલી દીકરીઓ કે તાબેદાર વહુઓ : છેવટે તો સૌ સ્ત્રીઓ જ છે ને ? એમની આ લડાઈ અસલ તો પેલી વડીલશાહી સામે હશે, નહીં વારુ ?

આ સંસારરણમાં નણંદ અને સાસુ નામના ઉના વાયરા આપણી બહેનોના જીવનમાં કાયમી રહેવાના. એનાથી છૂટકારો કોને મળ્યો છે ? બહેનોને પૂછો તો ગમ્મતમાં કહેશે, કદાચ ગીત પણ જોડી કાઢશે. સીતા વહુ ને કૌશલ્યા સાસુનું ! કૈકેયીએ અંગૂઠાનો રાવણ કરીને, રામને ચડાવીને સીતાને વળી પાછાં વનમાં મોકલી આપ્યાની કથા કોણ નથી જાણતું ? – તો આમ સતી સીતાનેય કૈકેયી સાસુનો ત્રાસ વેઠવો પડેલો ! આ અને આવી વાસ્તવિકતાઓ, ધારણાઓને લઈનેસ્તો આપણને બેત્રણ વિશિષ્ટ પ્રકારનાં ગીતો મળે. ત્રણમાંના બે ગીતોમાં તો સ્પષ્ટ રીતે મીરાંબાઈના સાસુ, નણંદ, પતિની જોહુકમી-ત્રાસ અને એમણે મીરાંને મારી નાખવા સુધીના કરેલાં કાવતરાનું નિરૂપણ છે. વિગતો જાણીતી છે, દંતકથાઓ જૂની ને બહુ પ્રચલિત છે પણ



એનું ટકી રહેવાપણું આ "સાસુ-નણંદ"ની ખાસ "કારીગરી"ના કારણે હશે એવું અનુમાન ચોક્કસ થાય છે. સાસરિયાંના હાથે કે કારણે – અપમૃત્યુ અને હત્યાથી મરતી વહુઓના સમાજમાં મીરાંબાઈ જેવી સંત-સાધ્વીની સંસારકથાને ભેળવીને, "અલૌકિક" – "અસાંસારિક" સ્ત્રીઓને લલાટે પણ આ લેખ લખાયેલા છે તેવી કોઈ વાત કરી જાય છે આ ગીતો.

ભલે, કદાચ આ ગીતો મીરાંનો મહિમા કરવા ગવાતાં હોય – ભજનભક્તિથી ગવાતાં હોય પરંતુ પાછળનો સાંસારિક સૂર પણ તપાસવો જોઈએ. બહેનો પુરુષસત્તા સામે ભક્તિભાવનાના બહાને પણ મુક્કી ઉગામી લે છે કે શું ?

**મીરાં : વિદ્રોહી વહુવારુ :**

ભાલબારાની વણકર બહેનો મીરાંબાઈનાં ભજનો તો કદાચ ગાતી હશે પણ મીરાંબાઈ વિશેનાં જે ગીતો ગાય છે તે ચોક્કસ એક નોંધપાત્ર ઘટના છે. આવાં કુલ ત્રણ ગીતો આપણને મળે છે. જેમાંનું એક આપણે આગળ ઉપર જોવાનાં છીએ; પણ બાકીના બે વિશે આપણે આ પ્રકરણમાં ચર્ચા કરીશું.

પિયરના મહિમાની વાત કરતાં આપણું શિવ-પાર્વતીનું આપણી બહેનોએ કરેલું માનવીયકરણ માણ્યું. અહીં પણ મીરાંબાઈ કદાચ આવાં કોઈ સરખાપણાને લીધે આપણી બહેનોને વધારે આકર્ષી ગયાં હશે ? કેમ કે મીરાંના જીવનને વિશે માહિતીમાં એમનો સાસરવાસ કે સાસરિયાં સાથેનો એમનો કડવો-ખાટો સંબંધ ખાસો ગવાયો છે. સાધારણ રીતે, આપણે જાણીએ છીએ તે મુજબ મીરાંએ સાસરાની દેવીપૂજા નહોતી સ્વીકારી ને પોતાના પિયરનો વૈષ્ણવધર્મ પાળતા હતાં. તેને કારણે સાસુ-નણંદ અને પતિ પણ મીરાં પર નારાજ રહેતાં હતાં ને જે કાંઈ જુલમો-અન્યાયો મીરાંએ સહેવા પડ્યા એ આ સાંપ્રદાયિક ભિન્નતાને કારણે.

આ કારણની આપણી બહેનોને એટલી અગત્ય નથી લાગતી જેટલી સાસુ-વહુના મીરાં સાથેનાં વર્તાવની હોય ! મીરાંબાઈ વિશેનાં આ ગીતો કામ કરતાં કરતાં કે પ્રભાતિયાંની જેમ અથવા તો ભજનમંડળીમાં ભજન તરીકે ગવાય છે. ત્યારે મીરાંબાઈ એમને મન માત્ર "સંત કવિ" નહિ હોય – એક "અત્યાચાર સહેતી વહુવારુ" પણ હશે જ. પણ આ અત્યાચાર એણે આગવી રીતે ઝીલ્યા છે. આગવી ખુમારી સાથે, હસતે મોઢે છતાં વિનયપૂર્વક વિદ્રોહ આચર્યો છે – એ ગુણો કદાચ આપણી બહેનોને આકર્ષી ગયા હશે ? બાકી તો મીરાં કદી ગૃહજીવન કે સંસારના બંધનને ગાંઠ્યાં નથી. એટલે એક વહુવારુ કે જે રાજકુળની પુત્રવધૂ હોવા છતાં પોતાને સોંપાયેલી ભૂમિકા વિટોળી શકવાનું સાહસ કરે છે એવા સાહસને બિરદાવવા આપણી બહેનો મીરાંબાઈ વિશેનાં આ ગીત ગાતી હશે ?

સામાન્ય રીતે તો સ્ત્રી એટલે આજીવન ગૃહિણી. લગ્ન જ એની નિયતિ, કહો કે એ જન્મથી જ નહિ પણ જન્મ પહેલાં કે પૂર્વનાં અનેક જન્મોથી કપાળે લેખ લખાવીને આવતી હોય છે ભવોભવના ભરથારના ! અને સાવ બાળપણથી જ એને સંસારજીવનના પાઠ પઢાવવાના શરૂ થઈ જાય છે. ઢીંગલા-ઢીંગલીનાં લગ્ન, ગોર્યો ને

જયાપાર્વતીના વ્રત કે ઘર-ઘરની રમતથી જ જાણે એની શરૂઆત થઈ જાય છે. છ-સાત વરસની દીકરી ઘરકામમાં આળસ કરે તો મા કે દાદી મહેણાં મારે કે "સાસરે જઈને શું કરીશ ? અમારું નાક કપાવીશ !" સ્ત્રીનો જન્મ જાણે પરણીને પારકે ઘરે જવામાં અને ઘરસંસારની ચક્કીમાં પિલાઈ જવામાં જ પૂરો થાય છે અને કરુણતાની વાત તો એ છે કે સ્ત્રીસમાજને પોતાને પણ એમાં જ પોતાના જીવનની સાર્થકતા જણાય છે !

ઓછું હોય તેમ સિનેમા, ટી.વી. જેવા જાહેર માધ્યમો કે સાહિત્ય, લોકસાહિત્ય અને ધર્મશાસ્ત્રો. આ રૂઢ માનસિકતાને જ બહાલી આપે છે. પિતૃસત્તાએ સ્ત્રીને કામકાજના એક મશીનના રૂપમાં પલટી નાંખી છે અને પુરુષાધીન બનાવી દીધી છે. તેની પાછળ આવા દષ્ટિકોણનો બહુ મોટો ફાળો છે. "લગ્ન એ જ નિયતિ" – એ માટે મનુસ્મૃતિ જેવા ગ્રંથો પણ કહેતા રહ્યા છે કે : "બાળપણે પિતા રક્ષે, યૌવને પતિ પોષતો, વૃદ્ધાવસ્થા પુત્રને શરણે – સ્ત્રીને સ્વાતંત્ર્ય હોય ના !"

આવી પૂર્વભૂમિકા હોય ત્યાં મધ્યકાળ જેવા અંધારયુગમાં મીરાંબાઈ પોતાની જિંદગી પોતાની જાતે ઘડે ત્યારે તેમણે કેટલું જબ્બર, વિદ્રોહી પગલું ભર્યું ગણાય ? મીરાં રાજસ્થાનનાં રજવાડી રૂઢિચુસ્તતાનો સૂરજ મધ્યાહ્ને તપતો હતો ત્યારે ખુદ રાજકુટુંબમાં જન્મેલા. એમનો જમાનો તો "સૂપડામાં પરણાવવાનો" પણ દંતકથાઓ કહે છે કે એમનું ઘડતર જરાક જુદી રીતે થયેલું. કહે છે કે એમના દાદાએ એમને કૃષ્ણની મૂર્તિ રમવા આપેલી અને બાળપણથી જ મીરાં મનોમન કૃષ્ણને વરી ચૂકેલા. પણ એ તો એમનું મનોજગત હતું. વાસ્તવમાં જગત તો કંઈક જુદું હતું. એમની સગાઈ તો ચિત્તોડના રાણા સાથે થઈ ચૂકી હતી. બાળવય માંડ પૂરી થઈ હશે ત્યાં બારણે વાજતે-ગાજતે ચિત્તોડની જાન આવી પહોંચી હતી. આપણને મળેલું પહેલું ગીત (ગીત-૩૫).

*"કોના ઘોડાને કોની વેલ માતા મોરી કોના ઘોડાને કોની વેલ રે*
*કોના હાથીડા આવે ઝૂલતા હો જી રે"*

જાણે કે આ પ્રસંગનું જ છે. જાનની ધામધૂમ જોઈને બાળીભોળી મીરાં પોતાની માતાને પૂછપરછ કરે છે કે આ કોની જાન છે અને કોને માટે આવી ઊભી છે ? "કોના ઘોડા ને કોની વેલ માતા મોરી ?" ત્યારે એની રાજવણ મા કહે છે "ચિત્રકોટ (ચિત્તોડનું શાસ્ત્રીય નામ) આવે જાન હો મીરાં મોરી... રાણોજી આવે તમને પરણવા હોજી !"

મીરાંની આ અબોધતાને શું કહીશું ? એની અલગારી કે બેપરવાઈ કે પછી "દીકરીને પૂછવાનું શું ?" એવી વડીલોની પિતૃપ્રધાન વિચારસરણી ? સાધારણ રીતે ભાલબારાના સમાજમાં ગોઠવાયેલાં લગ્ન જ થતાં હોય છે. હા, ક્યારેક આ સમાજનાં શિક્ષિત કુટુંબોમાં છોકરા-છોકરીની મુલાકાતનું ગોઠવાયેલું, નામનું નાટક પણ ભજવાતું હોય છે છતાં સરવાળે તો વડીલોના અભિપ્રાય, ગામમાં નક્કી કરેલા કુળ-ગોળ અને લેવડ-દેવડની રકમના આધારે લગ્નસંબંધ બંધાતા હોય છે. પરણનારને – ને એમાંય



દીકરીને તો પૂછવામાં જ નથી આવતું હોતું ! મીરાંની આ અબોધતા-અજાણપણું આપણી બહેનોની સાથે સરખાવાય તેવું છે. જાણે કે મીરાંને પણ કોઈએ પૂછ્યું નથી. જાન છેક બારણે આવીને ઊભી રહે ત્યાં સુધી દીકરીને ખબર પણ ન હોય કે લગ્ન "મારાં" છે. – એ ભલે જરાક અતિશયોક્તિ જેવું લાગે પણ એની પાછળ છુપાયેલો સૂર આપણે પકડવાનો છે, કે મીરાંબાઈની પરિસ્થિતિ પણ આ દેશના કોઈ પણ પછાત-અશિક્ષિત-રૂઢિચુસ્ત અને પિતૃપ્રધાન વિચારસરણી ધરાવતાં કુટુંબની દીકરી જેવી જ છે. અને તેથી જ ભાલબારાની બહેનોમાં આ ગીત જીવતું રહ્યું છે – ગવાતું રહ્યું છે. પણ માનો આ જવાબ સાંભળીને મીરાં જે "ધડાકો" કરે છે તેમના જીવનમાં "પહેલું સાહસ" હશે. : "રાણો માડીજાયો વીર હો માતા મોરી રાણો માડીજાયો વીર રે..." રાણાને એ પરણવાની નથી એમ સીધું કહેવાને બદલે એક સવાઈ સત્ય મીરાં માને સંભળાવી દે છે કે, રાણો આ ભવનો એનો ભાઈ છે, એટલું જ નહીં પણ પેલા ભવનોય બંધવો છે કે બંધુ છે ! એટલે કે એ માણસ સાથે એને એક્કેય ભવનું કોઈ કહેતાં કોઈ કર્મબંધન નથી કે એને એની સાથે પરણવું પડે ! (ભાલબારાની) કઈ દીકરી પોતાનાં મા-બાપ આગળ આટલી ચોખ્ખી "ના" પાડી શકતી હશે ? "ડાહી દીકરી" કદી નન્નો ન ભણે એવું તો એને ગળથૂથીમાં પવાતું હોય છે. ને આ દીકરી આમ ઘસીને ના પાડે છે; ત્યારે મા અકળાય નહિ તો બીજું શું કરે ? તરત જ એ તો પોતાની દીકરી માટે જમાનાજૂનું રૂપક વાપરી નાંખે છે. "તારા કરતા મારા પેટે પથરો અવતર્યો હોત તો ધોબીને કપડાં ધોવા કામે લાગ્યો હોત !" તું તો કુળબોળામણ પાકી – કુળલજાવણ પાકી ! પિતા-કાકા-મામા... બધાનું નામ બોળ્યું ! પિતૃપક્ષ-મોસાળપક્ષ બધાને લજવી માર્યા ! કેવી કઠોર અને હૈયાસૂની વાણી છે માતાની ? એ નથી સાસુ કે નથી નણંદ, નથી જેઠાણી કે નથી શોક્ય... સગ્ગી જનેતા છે છતાંય દીકરી માટે – એક સ્ત્રીના સ્ત્રીને માટે આ ઉદ્ગાર છે !

આ પિતૃસત્તાના ઉદ્ગાર છે. માત્ર વડીલ કે પુરુષ કે સાસુ-નણંદના મુખેથી જ નીકળે એવું થોડું છે ? પિતૃપ્રધાન વિચારસરણી એ વ્યક્તિ આધારિત કે જાતિ (જેન્ડર) આધારિત મુદ્દો છે જ નહીં – એ અમુક પ્રકારનાં વલણો છે – અમુક ચોક્કસ વિચારસરણી છે. પરંપરા છે – રૂઢિજડતા છે અને એ માતાના પુત્રી પ્રત્યેના વર્તાવમાં-વાણીમાં પણ હોઈ શકે એ આપણે સમજવાનું છે અને એ વાતે જ ભાલબારાની બહેનો પણ કદાચ સભાન હશે; જેને કારણે મીરાંબાઈની નિડરતા એમણે આજેય ગાઈ વખાણી હશે.

પણ મીરાંબાઈ આ પિતૃસત્તાને ગાંઠે એમ ક્યાં હતાં ? એ આ સરખામણી સામે જવાબ આપે છે. એટલું જ નહીં; એ જાણે છે અને માને જાણે ઢંઢોળતાં હોય એવા શબ્દોમાં પરખાવી દે છે – "હીરલો આવ્યો તારે પેટ હો માતા મોરી... પારખવી હોય તો પારખો હોજી !" – પથરો પથરો શું કહે છે મા ! તારે પેટ તો હીરલો પાક્યો છે, પારખવાને આંખ હોય તો પારખી લેજે ! – પણ પિતૃપ્રધાન વિચારસરણીના પાટા જેની આંખે બંધાયા હોય એવી મા ઘરઆંગણાના રતનને કેમ ઓળખી શકે ? માતાને મન દીકરી તો પથરો, સાપનો ભારો ને ગરીબડી ગાય ! એટલે જ મીરાં કહે છે કે

"મા, ખોલો ખિડકીના દ્વાર" મનનાં બંધિયાર બારી-બારણાં ખોલી નાંખો, રૂઢિચુસ્ત ખ્યાલોને ખંખેરી નાંખો અને તમારી દીકરીને ઓળખવાની કોશિશ કરો ! કેટલું આત્મગૌરવ છે આ શબ્દોમાં ? ભક્તિએ એને પોતાને તો આંતરિક રીતે મુક્તિ આપવી જ છે. પોતાની શક્તિ અને પોતાનું મૂલ્ય સમજવા જેટલી આંતરસૂઝ પણ એણે કેળવી લીધી છે. પ્રશ્ન છે એને પાવા-પારખવાનો !

ગીત/ભજન અહીં પૂરું થાય છે. અહીં આપણને મીરાં દઢતા અને નીડરતાની સાથે સાથે સ્વ-રૂપ અને સ્વ-ગુણની એમની સમજદારીનો પરિચય મળે છે. આવું અનોખું ગીત હાલતાં ને ચાલતાં ગાતી બહેનો પોતે પોતાની કિંમત જાણે છે ખરી ? એમને આવા નિર્ણયસ્વાંતત્ર્યની અને ઇન્કાર કરવાના અધિકારની તક મળે છે ખરી ? રોજ ગવાતાં ગીતો આપણને કેવો મોઘમ ઇશારો કરી જાય છે ?

બીજું મીરાં-ગીત પણ સંવાદગીત છે. મીરાંનો તેના પતિ-રાણાજી સાથેનો સંવાદ છે. (ગીત-૩૬).

*"મીરાંબાઈ દેગમ આવળગાની દીકરી રે*
*એના સગપણ રાણાદેની સાથે વૈરાગ લાગ્યો રે*
*બાળા વેશમા રે"*

આ એક કમાલની વાત જણાય છે કે હકીકતે આપણી બહેનો ભાગ્યે જ આમ ઉઘાડેછોગ સંવાદ કરી શકતી હોય છે ! કોમ્યુનિકેશનનો અભાવ – પોતાના મનની વાત સામાને નહીં કહી શકવાની પીડા એ એમની શોષિત પરિસ્થિતિનું એક કારણ પણ છે અને ગીતોમાં જુઓ તો "સંવાદ" સંભળાય છે !

આ વાતચીતમાં મીરાં પતિ સાથે આખાબોલી છતાં નમ્ર રીતે પોતાના વિશે, પોતાના જીવનમંત્ર વિશે પેટછૂટી વાત કરતી જણાય છે. આ જુઓ તો આ પતિ-પત્ની વચ્ચેના સંવાદ કરતાં પિતૃસત્તાની જોહુકમીને અને સ્ત્રીની સ્વપસંદગી વચ્ચેનો સંવાદ છે. શોષક અને શોષિત વચ્ચેનો સંવાદ છે અને સંવાદ વળી સંદેશાના પત્રરૂપે છે. રાણાજી મીરાંને પ્રેમસંદેશ મોકલે છે તો મનની મક્કમ મીરાંબાઈ એ પ્રેમસંદેશો પાછો વાળે છે. એને એવા માનવીય પ્રેમની કોઈ ઝંખના નથી – એણે તો હરિ સાથે હેત બાંધ્યું છે. અને એટલે જાણે રૂઠેલી રાણીને રીઝવતો હોય તેમ રાણો પુરુષસહજ / પતિ-સહજ ભાવે રેશમી પટોળાં, હીરાના હાર, મેવામીઠાઈ ને દૂધના કટોરા મીરાંને મોકલે છે પણ મીરાંને મન તો આમાંનું એકેય પ્રલોભન પ્રભુપ્રેમની તોલે આવે તેમ નથી. મીરાંબાઈ તો એક પછી એક પ્રલોભન પાછાં વાળે છે ને કહે છે કે મારે તો રેશમ પટોળાં, મીઠાઈ ને મેવા, હીરાના હાર કે દૂધના કટોરા કશા કામના નથી; કારણ ? તો કહે : "વૈરાગ્ય લાગ્યો રે બાળપણમાં" ભક્તિનો રંગ જેને લાગ્યો હોય એને તો ભગવો ભેખ, તુલસીની માળા, ખીચડી, આટો ને સરવરના તાજાં નીર જ પૂરતાં છે. મીરાંએ પોતાનો વિકલ્પ પસંદ કરી લીધો છે, પણ આ વિકલ્પની, સ્વપસંદગીની સજા શી મળે છે : ઝેરનો કટોરો ! મીરાં પોતાની ટેકને માટે મોતથીયે ડરતાં નથી. હસતે મુખે ઝેર પી જાય છે... જે અંતે તો એમને શીતળ ઝરણાં જેવા



નિર્મળ બનાવી દે છે ! વૈરાગ્ય, ગરીબી, સ્વમાન અને ઈશ્વરપરાયણતાની આ સીમા છે. સત્યને ખાતર શહીદી વહોરવાની ખુમારી છે પણ સૌથી વધારે તો કોઈ પણ પ્રકારની લાલચને વશ ન થવાની દઢતા દાદ માંગી લે તેવી છે.

પિતૃપ્રધાન મૂલ્યો ધરાવતાં સાહિત્ય-કહેવતો વગેરેમાં તો માનવા, ને ઠાંસી-ઠાંસીને મનાવવામાં આવ્યું છે કે સ્ત્રીનું મન તો નબળું ! એ લોકો માને છે કે સુખ-સાહ્યબીની લાલચ આપો તો સ્ત્રી ઝટ લઈને ઝૂકી જાય ! સામે સતી સીતાનો દાખલો આપે કે સોનેરી ચામડાંની કાંચળીના લોભે તો સીતાનુંયે મન ચળે ! સ્ત્રીને જરાક લૂગડાં-ઘરેણાંનો ચળકાટ બતાવો કે તમારી જિંદગીભરની ગુલામી સ્વીકારવા તૈયાર !!!

પણ આ બધી માન્યતાને ઠેબે ચડાવે છે આ મીરાંગીત અને મીરાંબાઈનું જીવન ! અને આ ગીતને જીવતું રાખનારી સ્ત્રીઓ પણ જાણે, કદાચ પોતે જીવનમાં જે કરી નથી શકતી તે કલ્પનામાં ગાઈ લે છે... મીરાંબાઈને નિમિત્તે !

આ સિવાય, એક રીતે જોતાં એ પણ પુરવાર થાય છે કે મીરાંબાઈની ફકીરી અને ગરીબીથી આપણી બહેનોએ એને નાયિકા પદે સ્થાપી છે. અલબત્ત, એમની ભક્તિ અને સંતપ્રતિભાએ ખરી જ ! અભાવ અને અછત વચ્ચે જીવતી-ઝૂઝતી આપણી બહેનો પણ અપમાનનાં ઝેરનાં ઘૂંટડા પીતી આવી છે. આ નાતે પણ એમને મીરાંબાઈ સાથે દઢ જોડાણ છે. પિતૃસત્તાના આ બંને પ્રભાવકબળો સામે સ્વતંત્રતાનું અને સ્વપસંદગીનું મૂલ્ય લઈને આવતાં બંને ગીતોને માત્ર ભક્તિગીતો તરીકે ન જોતાં આમ નવી નજરે જોઈશું તો ભાલબારાની બહેનોની સ્વ-પસંદગીનું મૂલ્ય પણ પામી શકાશે.

## સમાજમાં ભાઈ-બહેનનો સંબંધ

**– શોભના પરમાર**

ભાલની બહેનોનાં આ "ગાણાં" લોકજીવનના આયના છે – સમાજના પ્રશ્નો અને વલણોનું આબેહૂબ પ્રતિબિંબ પાડતા આયના ! લગ્નગીતોમાં કે બીજા પ્રકારના ગીતોમાં, સ્ત્રીઓ જ્યારે ભાઈ-બહેનના સગપણની વાત ગાય છે ત્યારે માત્ર પ્રેમના તાણાવાણા જ નહીં; રૂઢિ અને પરંપરાના બુટ્ટા પણ ઊપસી આવે છે.

સ્ત્રીને મન ભાઈ એટલે પિયરની આબરૂનો રખેવાળ. ભેટ-બક્ષિસો આપતું રહેતું કલ્પવૃક્ષ. સુખ-દુખના દહાડાનો વિસામો.

પોતાની માએ, દેવની આગળ વિનવી-કરગરીને જે ભાઈ માંગ્યો છે એવો ભાઈ, બહેનના જીવનનાં તમામ સગપણોમાં એક મુઠ્ઠી ઊંચું અને અદકું સ્થાન ધરાવે છે. બહેનની જિંદગી જાણે ભાઈની આજુબાજુ જ રમતી ઘૂમતી હોય છે. બહેન નાની હોય ને ભાઈ મોટો હોય ત્યારે તો ભાઈ અદલ જાણે એનો રક્ષક બનીને ઊભો રહેતો હોય છે. નાનપણમાં બહેનોને સંભાળવાની, જુવાની આવે ત્યારે જમાનાની ભૂંડી નજરથી બચાવવાની જવાબદારી એની છે. નાની અમસ્તી છેડતી કે સહેજ અમથો અપશબ્દ બહેનને માટે સાંભળતાવેંત ભાઈ બાંયો ચડાવી લડવા તૈયાર થઈ જતો હોય છે. બહેનના શિયળનો ને કહેવાતી કે સમાજમાન્ય પવિત્રતાનો એ ચોકીદાર છે.

ઉંમરમાં આવતાં, બહેનને પરણાવવાની જવાબદારી પણ કદીક ભાઈને જ નિભાવવી પડતી હોય છે. પરણાવવું એટલે ? તમામ વિધિ રંગેચંગે પાર પાડવાની ને સમાજમાં મોઢું ઊજળું રાખવાનું. સગાંવહાલાંનાં માન સાચવવાનાં ને પગલે પગલે પૈસા ખરચવાની તૈયારી રાખવાની. બહેનનાં સાસરિયાંને કાચના વાસણની જેમ સાચવવાનાં ને ઘર-કુળની આબરૂ જળવાય એવા વહેવાર કરવાના – ભાઈએ ! પરણેલી બહેનનાં આણાં-જિયાણાં – વારતહેવારનાં – નાણાંવહેવારના ને જમાઈને રાજીખુશી રાખવાની જવાબદારી પણ ભાઈની જ છે. કદાચ ભાઈ નાનો હોય તોય, પરણેલી બહેનના જીવનના બધા પ્રસંગો એણે જ સાચવવાના છે. ભાણા-ભાણીનાં લગ્નનાં મામેરા-દાગીના-ચૂડો-પાનેતર તો મોસાળથી જ આવે. વર-ભાણાની સૂટ મામા જ સિવડાવે. આ ઉપરાંત બળેવ (રક્ષાબંધન) વીરપસલી અને ભાઈ-બીજની ભેટ, પસલી, સાડલો, કાપડું, વાસણ કે વધુ સારી સ્થિતિ હોય તો સોના-ચાંદીની જણસ ભાઈ આપે – આપે ને આપે જ ! અને સામે બહેન શું કરે ? અઢળક વહાલનાં ઓવારણાં તો ખરાં જ... ને ભાઈબીજ-ભેબારશ-પોષી પૂનમ જેવાં વ્રત-વરતુલાં ને ઉપવાસ-એકટાણાં કરે, મનથી આશિષ આપે ને ભાઈ પોતાને ઘેર આવે ત્યારે હરખથી અડધી અડધી થઈ જાય. પોતાનાં નાનાં બાળકોનાં હાલરડાંમાંય ગાય... "મામાનું ઘર કેટલે... મામો લાગે મીઠો... મામો પીરસે દૂધ ને ભાત"... ! આમ, ભાઈબહેનનાં સંબંધમાં સ્નેહની સાથે સાથે વહેવાર અને કુળની મર્યાદાના તાણાવાણા વણાયેલા છે.

પ્રસ્તુત ગીતોમાં, ભાઈ અને ભાઈ દ્વારા આપેલી ભેટોથી બહેનની/સ્ત્રીની આગવી ઓળખ ઊભી થાય છે જે એની સાસરીમાં એનું સ્થાન નક્કી કરે છે.

સાથેસાથે પિતૃસત્તાક સમાજની જડ વ્યવસ્થા પણ નજરે ચડે છે કે જેમાં બહેન જાણે કિંમતી જણસ છે; જેને ભાઈએ જાળવવી પડે ! વહેવારો જાણે વહેપાર છે અને ભાઈ એ વહેપારની શરતો નહીં મંજૂર રાખે કે વહેવાર સાચવવામાં ઊણો ઊતરશે તો સ્ત્રીનું માન કોડીની કિંમતનું થઈ જશે ! કેમ જાણે સગપણની સાર્થકતા રૂપિયા-આના-પાઈનો સરવાળો જ ના હોય ?

એવી જ રીતે આ ગીતો પિતૃસત્તાનો બીજો સંદેશ આપે છે તે છે સ્ત્રીના રક્ષક તરીકે સમાજે ભાઈને માથે લાદી દીધેલી ફરજોનો ! બેન આવે તો માંગતી જ આવે – આ વાત કહેવત બનીને ભાઈઓનાં મનમાં ઘર કરી ગઈ છે. પ્રેમથી આપેલી નાની શી ભેટની વાત નથી... તમામ પ્રસંગે જાત ઘસી નાખનાર ભાઈઓની માર્મિક પીડાની વાત છે ! જો સાસરીપક્ષની માંગણીઓ ભાઈ પૂરી ન કરે તો બહેનને મહેણાંટોણાં સાંભળવાં પડે, મારઝૂડ વેઠવી પડે ને ઓછું હોય તેમ લોભી, ભૂખ્યા ડાંસ જેવાં સાસરિયાં સ્ત્રીને જીવતી સળગાવી પણ મારે ! આ બધાની પાછળ જવાબદારી કોની ? ભાઈની ! એણે જ પેલી લાલચો પૂરી ન કરી ! બહુ લાગણશીલ બહેન હોય તો વળી જાતે ઝેર પી લે કે ગળાફાંસો ખાઈ લે. સમાજ એ પાપ તો પેલા ભાઈને માથે જ ઢોળવાનો – એણે બહેનની આબરૂ ના સાચવી ને ? સમાજના કપાળે કાળી ટીલી જેવા આવા બનાવો આજે પણ બને છે. આ ગીતોમાં પણ આવી દુઃખિયારી, ઓશિયાળી, ભાઈની ભેટની રાહ જોતી, વલોપાત કરતી બહેનોનાં ચિત્રો ઊભાં થાય છે જ ¹!



બીજી તરફ, સાથે ઊછરેલાં – સહોદર ભાઈ-બહેનનાં ભેદ પણ પાડવામાં આવે છે ને ભેદ તો સગાં માબાપ કરતાં આવ્યાં છે ! બહેન નાની હોય કે મોટી – ગળથૂથીમાંથી જ એને પાઠ મળે છે કે એણે "ભૈલા"ને સાચવવાનો ! એણે ભૈલાને ખાતર સારું ખાવાનું-પહેરવાનું-રમવાનું જતું કરવાનું ! ભૈલો "ઘરનો દીવો" ને દીકરી તો "સાપનો ભારો" ! "ખમ્મા મારા વીરા" કહેતાં કહેતાં જીભ મોંમાં ન ઘાલતી બહેન, માબાપને ઘેર જ આવા ભેદભાવ ને કડવા ઘૂંટડા બાળપણથી જ પીતી આવતી હોય છે ને છતાંય – એ જ ભાઈના હાથમાં એ જ આબરૂ છે – ઓળખ છે – સલામતી છે ! વિરોધાભાસી વલણો આપણે ગળે કેવી રીતે ઊતરતાં રહે છે ?

ઓછું હોય તેમ, પરંપરાને લીધે બહેન તો નાનપણથી જ જાણે છે કે બાપાના ઘરનો વારસદાર તો ભાઈ જ – દીકરો જ ! મા પણ પિતૃપ્રધાન સમાજની ભાષા બોલતી હોય ને દીકરો-દીકરો જ ઝંખતી હોય ત્યારે મોટી થતી જતી દીકરીના મનની વેદના કોણ સમજી શકે ? આપણા સમાજમાં તો દીકરા વગરના કુટુંબમાંની દીકરીને કોઈ પરણતું પણ નથી ! કોઈ યુવતીને ભાઈ ના હોય તો સમાજ કહેશે – "આને ભાઈ નથી ને ?" એની સાથે સગપણ નથી કરવું ! શા માટે ? સાટાં-પેટાંની ખોટ જાય એ માટે હશે ? કે પછી "નભાઈ" સ્ત્રીની જરૂરિયાતો-ભેટ-બક્ષિશો પૂરી પાડનાર કોઈ ન હોય તેથી ? કે પછી સાસરી પક્ષવાળાની કઠોરતાથી ? માબાપ મરી જાય પછી છોકરીનું કોણ ? એવી દહેશત પણ આવા કિસ્સામાં કામ કરી જતી હોય છે. નભાઈ ને નપિરી (પિયર વગરની) – જેવી ગાળો સ્ત્રી કેવી રીતે સહન કરી શકે ? ઉપરાંત સમાજની કહેણીઓ પણ કેવી ક્રૂર છે ? - "સો છોડીઓએ કંઈ છોકરાવાળા ન કહેવાઈએ !" – સો સો દીકરીઓની કંઈ જ કિંમત નહીં ? – આવાં આવાં વલણો ચોતરફ જોતી ને વેઠતી દીકરી પછી ભાઈની મહત્તા સમજે જ ને ? ને ક્યારેક તો આ સમાજમાં એવુંયે જોવા મળ્યું છે કે પિયરનું બારણું બંધ થઈ જવાની દહેશતથી ભાઈ વગરની સ્ત્રીએ પોતાના ઘરડા બાપને, પોતાને સ્વ-હસ્તે બીજાં લગન કરાવી આપ્યાં હોય ! આ કંઈ માત્ર મેઘાણીભાઈની વાર્તામાં જ બને છે એવું નથી; આપણી સંસ્થા(બી.એ.સી.)નાં કાર્યકરબહેન આગળ ભાલબારાની બહેનોએ કહેલી સ્વાનુભાવની ઘટના છે !

માની લો કે આવી અપવાદરૂપ દીકરી એકલદોકલ જડી આવે; પણ સગા ભાઈના અભાવે ધરમનો ભાઈ કરનારી બહેનો તો હાલતાંચાલતાં જડશે ! અને આવા ધરમના ભાઈઓ સગ્ગા ભાઈની જેમ જે ટાણે-અવસરે બહેનની ભીડ ભાંગતા જોવા મળશે.

આ ભાવના આપણા સમાજમાં એટલી તો દૃઢ બની ગઈ છે કે જીવંત માણસો જ નહીં; નાગદેવતાનેય પોતાને ભાઈ બનાવનાર ઓશિયાળી બહેનની દંતકથા આખાય ગુજરાતમાં કહેવાય-સંભળાય છે. લગભગ દોઢેક હજાર વર્ષ જૂની જૈન-અપભ્રંશ કથા – "આરામશોભા"નાં મૂળ-બીજ આપણા સૌરાષ્ટ્રની ખાંડિયા-બાંડિયા નાગભાઈઓની નપિરી-ઓશિયાળી બહેનની લોકવાર્તામાં છુપાયેલા છે.

સંક્ષેપમાં કહીએ તો આપણા સમાજમાં ભાઈ-બહેનનો સંબંધ એક તરફ બિનશરતી, નિર્વ્યાજ પ્રેમના નમૂના સમો છે તો બીજી તરફ, અસમાનતામૂલક સમાજવ્યવસ્થાની ચાડી ખાય છે. સમાજમાં પૈસા એ જ મુખ્ય બાબત છે અને સ્ત્રી પોતે પણ ચીજવસ્તુ છે; પ્રેમ કરતાં પૈસાનો વહેવાર જ માનવસંબંધોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે એવી વરવી વાસ્તવિકતાઓ પણ છતી થાય છે.

ભાલની બહેનોનાં ગીતોમાં, ભાઈ-બહેનોના સંબંધના આ કડવા-મીઠા, સુખ-દુઃખનાં તમામ રંગો ઝલકે છે જે સ્ત્રીજીવનની કરુણતા છે.

ગીત નંબર-૩૭ – બહેનના ઘરે લગન છે, છોકરાનું મામેરું લઈને ભાઈ આવવાનો છે; પણ હજી સુધી દેખાયો નથી. વાટ જોઈને અડધી થઈ ગયેલી બહેન લાચારીપૂર્વક લવલવે છે :

*"વીરા, ચાંદલિયો ઉગ્યો ને, અરણ્યું આથમી રે...*
*ક્યાં લગણ જોઉં તમારી વાટ રે...*
*મામેરાવેળા વય જશે રે... !"*

અજવાળી રાતના ઉજાગરા કરીને ભાઈની વાટ જોતી બહેન તારા ગણે છે ! રાત વીતી ચૂકી છે. હરણ્યું (મૃગશિર્ષ નક્ષત્ર) આથમી ચૂકી છે ને ચાંદલિયો ઊગ્યો છે. જોતજોતામાં સવાર પડશે ને જોતજોતામાં ઢોલ ધડૂકશે ! આખોય સમાજ ને સાસરિયાં પૂછાપૂછ કરશે... "વરનો મામો મામેરું લઈને કેમ ના આવ્યો ? ક્યાં છે વહુનો ભાઈ ?" આ શરમજનક સ્થિતિમાં પોતાને ના પડવું પડે એટલે બહેન વિનવણી કરે છે. ચાંદાના અજવાળે વહેલો વહેલો આવે તો જ એ જે જણસો લાવ્યો છે તે સૌ કોઈ જોઈ શકે ને વખાણી શકે કે ના, વહુનો ભાઈ મામેરું તો મોંઘામૂલું લાવ્યો છે ! પોતાની – પોતાના પિયરની સાખ ના જાય તેના ડરથી બહેન વિનવણી કરે છે.

ત્યારે ભાઈ શાં કારણો આપે છે ? "સારું મહૂરત જોઈને આવવાનું હતું – જોષીડાએ વાર લગાડી ! ઘોડો લઈને આવતો હતો – પાણી પાતાં વાર લાગી ! તારા માટે ઘરેણાં ઘડાવતાં – એનાં મૂલ મૂલવતાં, કપડાં વહોરતાં (ખરીદતાં) વાર લાગી." પણ આ બધાં કારણ બહેન કદાચ માની લે; સાસરિયાં તો સાંભળવા જ ક્યાં તૈયાર હોય ? એ તો એમ જ કહે ને કે વહુનો ભાઈ નકામો – મામેરું કરવાનું આવ્યું ત્યારે છટકી ગયો ! આમ સ્ત્રીને જ "હોળીનું નાળિયેર" બનાવીને સૌ સાસરિયાં તાલ જોતાં રહે છે !

આ ગીતનો એક બીજો છૂપો સંદેશ એ પણ છે કે બહેનનો ભાઈ ભલે ને ગમે તે લાવે... બધું સાસરિયાં ઓહિયાં કરી જવાનાં છે ! સ્ત્રીની પોતાની કહેવાય એવી મિલકત જ ક્યાં છે ? આ ભાઈ જે મામેરું લાવવાનો એના ઉપર બહેનનો હક્ક થોડો જ થવાનો ? એ તો સાસુજીની પેટીમાં, તિજોરીમાં પધરાવાઈ જશે ને પેટી કે તિજોરીના તાળાની ચાવી સાસુની કેડે શોભવાની ! સ્ત્રીનો સંપત્તિનો અધિકાર પણ એક સળગતો સવાલ છે.



આ ગીતમાં વર્ણાયેલી બહેન કરતાં વધુ ઓશિયાળી, વધુ દુઃખિયારી ને વધુ દયામણી બહેન જોવા મળે છે. (ગીત-૩૮માં)

*"હે એવા ઊંચા ટીંબે માડી મારું સાસરું...*
*નીચા છે કે મૈયરિયાના મોલ રે...*
*માડી મારા વીરને..."*

વલખતી આ બહેન કેવી રૂપાત્મક ભાષામાં સાસરી-પિયર વચ્ચેનો, આસમાન-જમીનનો ભેદ છતો કરી દે છે ? એવા "ઊંચા" સાસરાની દાસી સમી બહેન ભાઈને જાણે ઘા પોકાર કરી રહી છે કે વહેલો આવ ને મને આણે તેડી જા... !

ગુજરાતની વણકર તેમજ અન્ય ઘણી જ્ઞાતિઓમાં એ અમુક વિસ્તારોમાં બાળલગ્નનો રિવાજ આજે પણ ચાલે છે. બાળપણમાં પરણાવેલી દીકરી ઉંમરમાં આવે એટલે એને સાસરે વળાવાય છે. તે વખતે કપડાંલત્તાં, દાગીના, વાસણ વગેરે આપવામાં આવે છે. દીકરી સાસરે ૧૦-૧૫ દિવસ રહે છે ને પાછી પિયર આવે છે. આ રીતે ૮, ૧૦ આણાં ફર્યા પછી જ સ્ત્રી સાસરે ઠરીઠામ થાય છે. આપણે માટે મહત્ત્વનો મુદ્દો એ છે કે પ્રત્યેક આણા વખતે ભાઈએ બહેનને કંઈ ને કંઈ ભેટ-બક્ષિસ-કપડાં-લત્તાં-દાગીના આપવાં જ પડે છે.

ગીતની નાયિકા "ટીંબો" અને "ખાડા"નાં રૂપકો દ્વારા સાસરી-પિયર વચ્ચેના આર્થિક તફાવતનો ઉલ્લેખ કરી જ દે છે. આવી, પિયરથી પાતળી સ્ત્રી એ પણ કહેવા માંગે છે કે ગમે તેટલું કરે, પિયરિયાનું સ્થાન સમાજમાં નીચું જ ગણાવાનું ! આ કઠોર વાસ્તવિકતા ગીતમાં કેવી આબેહૂબ ગવાઈ છે !

બહેનની સ્થિતિ કફોડી છે. આગલે આણે ભાઈએ આપેલાં કપડાં તો ફાટી ગયાં છે – ઘૂંટણથી ઘાઘરો, ઉરેથી પોલકું ને ઘૂંઘટેથી ઓઢણી ફાટી ગઈ છે; તો ભાઈ... મારી લાજ જતી બચાવવી હોય તો તું વહેલો વહેલો આવ ને આણું પૂર ! – કપડાં જે જે જગ્યાએથી ફાટ્યાં છે એ સ્ત્રીની "લાજ" મર્યાદા-આબરૂની જગ્યાઓ છે ! જો આ અંગ ઉઘાડાં રહે તો સમાજ એને ફટફટ કહેશે – પરપુરુષની ભૂખી નજરો એને ભરખી જશે, તે જુદું ! આવે સમયે ભાઈ સિવાય બીજું કોણ એની ભેર તાણવાનું છે ? બહેનને માટે પોતાની આબરૂ તે પિયરની આબરૂ છે – ભાઈની આબરૂ છે. ભાઈની ટેક જાય નહીં. એની ચિંતાથી ફફડતી બહેનનું આવું વિનવણી ગીત એક બીજો સંદેશ લાવે છે. સાંભળતા જ સવાલ થાય છે કે સ્ત્રી પરણીને સાસરે આવે પછી એનાં ભરણપોષણ-કપડાંલત્તાં અને લાજઆબરૂની જવાબદારી કોની ? સાસરિયાંની નહીં ? તો પછી એ સાસરામાં માત્ર કામવાળી દાસી છે ? સૌની મરજી સાચવનાર સેવિકા છે ? પતિને ખુશ રાખનારી પૂતળી છે ? ઘરનો વેલો જીવતો રાખવા છોકરા જણનારું મશીન છે ? એનાં કપડાંલત્તાં સુધ્ધાં હજુ પણ એના પિયરયાંની જવાબદારી છે ? એની પોતાની કહેવાય એવી મિલકત તો એને નામે છે જ નહીં; સાસરિયાં એને આમ "ઉઘાડી" રાખે તો માત્ર પિયરિયાંએ જ જીવનભર એને પાળવા-પોષવાની ? ભાઈના માથે આટલો બધો ભાર ? અલબત્ત, કોઈ પણ ભાઈને મન બહેન બોજારૂપ

ભલે ન હોય પણ સવાલ સાસરિયાંની સ્વાર્થી નીતિનો છે – સમાજના આવા શોષણકર્તા રિવાજોનો છે.

જોકે આવાં મૂલ્યો બીજા કેટલાક સવાલ પણ ઊભા કરે છે : દલિત તેમજ અન્ય જ્ઞાતિઓમાં વારતહેવારે ને ટાણે-પ્રસંગે જ પિયરિયાંને, ભાઈને ઘસાવું પડે છે. અલબત્ત, આ કંઈ ઓછું નથી – વધારે પડતું જ છે અને ભાઈના ગજા બહારનું પણ હોય છે, પરંતુ અહીં જે દુઃખિયારી બહેનનો ઉલ્લેખ છે તે તો રોજિંદા કપડાંની માંગ પણ ભાઈ પાસે કરે છે ! દલિત સમાજમાં આટલો હીન રિવાજ તો કદી જોવા નથી મળતો. ઓછામાં ઓછું ધણીની આટલી જવાબદારી તો હોય જ છે કે પોતાની પત્નીનું પ્રાથમિક ભરણપોષણ કરે. જ્યારે બીજી તરફ, સૌરાષ્ટ્રના રાજપૂતોમાં એવો રિવાજ જોવા મળે છે કે સ્ત્રીનાં લગ્ન પછી પણ દાતણથી માંડીને ખાંપણ સુધીની, રોજિંદી જરૂરિયાતો પણ પિયરિયાંએ – ભાઈએ જ પૂરી પાડવાની ! ભાલબારાનો દલિત સમાજ, પોતાની સાથે સતત જીવતા આ કહેવાતા ઉજળિયાત (છતાં પછાત – દરબાર કોમના અનુકરણથી આવું ગીત ગાતો હશે ? કે પછી આખું ગીત કદાચ પેલા દરબાર સમાજનું હોય ને દલિત બહેનો શીખી ગઈ હોય ને અંદર રહેલો અનુકંપાનો ભાવ એમને પણ હૈયે વસી ગયો હોય ? – બેમાંથી જે કારણ હોય તે પણ ભાલની દલિતબહેનોના કંઠે ગવાતું આ ગીત સમાજની ક્રૂર વાસ્તવિકતા ગાય છે એમાં કોઈ શંકા નથી.

ગીત નંબર ૩૯માં ભાઈ, બહેનના લગનની ચૂંદડી લાવવાનો છે ને એ કેવી મહામૂલી ચૂંદડી હશે... એના કોડ હોંશે હોંશે ગવાયા છે.

*"આવી આવી પાવાગઢની ચૂંદડી,*
*મુલવો મુલવો જગદીશભાઈ !*
*પાવાગઢની ચૂંદડી..."*

આ ગીતમાં બહેનનું પાત્ર કંઈક જુદી વાત કરે છે – ચૂંદડી એટલી મોંઘી છે કે બહેનને ચિંતા થાય છે કે ભાઈને ઘણા ખર્ચાના ખાડામાં ઊતરી જવું પડશે !

પણ ભાઈ કંઈ ચિંતા કરે તેવો નથી – પાવાગઢથી આવેલો ચૂંદડીવાળો લાખ-બે લાખની ચૂંદડી લઈને આવ્યો છે તે પોતાની બહેનને માટે ખરીદીને જ જંપે તેવો છે ! શ્રમજીવી બહેન આટલી મોંઘી ચૂંદડી પહેરવાની ના પાડે છે પણ ભાઈ માનવાનો છે કંઈ ? જોકે ગરીબ બહેનને પણ મોંઘામૂલી ચૂંદડી ઓઢવાના છાના કોડ તો છે જ ! (કઈ સ્ત્રીને વસ્ત્રોનો શોખ ન હોય ?)

જોકે આ ગીતમાં ચૂંદડીને એટલી તો "મોંઘી" ને "મોટી" બનવાઈ છે કે ઓઢે તો શેરીઓ બોળાય... જાણે શેરી વળાતી હોય એવું લાગે; ધુવે તો દરિયો ડોળાય ને સૂકવે તો ધરતી ઢંકાય ! આવા અતિશયોક્તિભર્યા વર્ણન દ્વારા બહેનો શું કહેવા માંગે છે ? – ચૂંદડી ગમે તેટલી મોંઘી હોય, ભાઈ લાવ્યા વિના રહેવાનો નથી જ ! કેમકે બહેનની આબરૂ આ ચૂંદડીના મૂલમાં છુપાયેલી છે ને ?

બીજી એક વાત એ પણ છે કે ગરીબો-દલિતો પોતે જે જીવન જીવી નથી શકતા એનાં કોડ, આમ ગીતોમાં – અતિશયોક્તિભર્યા વર્ણનોમાં ગાઈ રાચી લે છે.



એમનાં શમણાંને એમનાં જીવન વચ્ચે આભ-જમીનનું છેટું છે છતાંય કલ્પનાની દુનિયા વસાવતાં-ખીલવતાં એમને કોણ રોકી શક્યું છે ?

ગીત-૪૦ પણ બહેનની અપેક્ષાઓનું સૂચન કરે છે.

*"ચોક વચ્ચે ચંપો રોપાવો રે... દેરાણી !"*

બહેનને ઘેર પ્રસંગ છે. બહેન ભાઈની વાટ જોતી બેઠી છે. દેરાણી સાથે મનની વાત કરતી જાય છે કે મારો ભાઈ આવવાનો છે. એના સ્વાગત માટે ચોક વચ્ચે ચંપો રોપાવજો. અતિશયોક્તિ હોવા છતાં સુંદર રૂપક છે, ભાષાની ઝાકઝમક છે. ભાઈ જાણે રાજકુંવર હોય એમ વાડીમાં ઊતર્યો છે જે મામેરું લઈને આવ્યો છે. કહેવાતી નિમ્ન જ્ઞાતિની સ્થિતિ આમ વાડીમાં ઉતારા કરવાની કે ચોકમાં ચંપો રોપવાની ક્યાં હોય છે ? છતાં કઠોર વાસ્તવિકતાને વટોળીને, કલ્પનાના રંગ રેલાવતી બહેન મનોમન રાચે છે ને સાથે સાથે મનમાં ને મનમાં વિમાસે છે પણ ખરી કે ભાઈ બધાંય સાસરિયાનું મન ભરાય એવી ભેટો લાવશે તો ખરો ને ? આ ડરની મારી એ જાણે ભાઈ સાથે મનોમન સંવાદ કરે છે કે "સંપત હોય તો આય માના જાયા"... જો તું આ બધાને રાજી રાખી શકે એટલી સંપત્તિ લઈને આવ્યો હોય તો જ અહીં આવજે ! નહીં તો વાડીએથી જ પાછો વળજે." કેવી કરુણ ને દયાજનક સ્થિતિ છે આ બહેનની ? ભાઈ જેવા ભાઈને કહેવું પડે ને બીજી તરફ દેરાણી આગળ નાક ઊંચું રાખવા કહેવું પડે કે ચોક વચ્ચે ચંપો રોપવજો ને મારા વીરનું વટભેર સ્વાગત કરજો ! આ બેવડી જવાબદારી, બેવડી ચિંતા અને વિરોધાભાસી વાણી-વલણ શું સૂચવે છે ? પિતૃસત્તાએ પિયરિયાંની જે સ્થિતિ કરી મૂકી છે એનું જ અહીં પ્રતિબિંબ છે !

સાસરાનાં એક એક સગાને રીઝવવાનાં છે ને એમની આગળ પોતાનું સ્વમાન ખડું કરવાનું છે. આ બધું કરવાની જવાબદારી પેલા ભાઈની છે ! પેલી કહેવત છે ને "એક બાજુ રામ ને બીજી બાજુ ગામ !" ભાઈ પોતે પુરુષ હોવા છતાં પિતૃસત્તાક, સાસરીપ્રધાન, સમાજવ્યવસ્થામાં ભાઈનું સ્થાન આમ જોઈએ તો શોષિત વ્યક્તિનું છે. પોતાની બહેન – સ્ત્રી સમુદાયથી જરાક જ ઊંચું સ્થાન એનું છે. ભલે ને, એ પોતાના ઘરનો મોભી હોય કે કુલદીપક – અહીં તો લાચાર બહેનનો લાચાર ભાઈ જ છે પણ... ગીત નંબર-૪૨માં ભાઈની ભૂમિકા જુદી છે. એ પોતાના ઘરનો મોભી છે ને નિર્ણાયક વ્યક્તિ છે. બહેનને માટે પૂજનીય છે ને એની આજ્ઞાથી જ બહેન પગલું ભરી શકે તેમ છે એ ભાવના દર્શાવતું આ ગીત એક લગ્નવિધિ સાથે સંકળાયેલું છે. (ગીત-૪૧)

*"દાદાની આજ્ઞામાં બેની ઉપવાસ ઘડી,*
*વીરા એમના આજ્ઞા આલો, પરણાવવાની ઘડી."*

લગ્નના દિવસે આ બાજુ કન્યા ને પેલી બાજુ વરને ઉપવાસ રાખવાનો રિવાજ છે. એટલું જ નહીં; કન્યાદાન દેનારાં – કન્યાનાં મા-બાપ અને ભાઈએ પણ ઉપવાસ રાખવો પડે છે. મન શાંત ને શુદ્ધ રાખવા, કન્યાદાન જેવા ધન્ય અવસરે પવિત્રતા જાળવી રાખવા ને કન્યાદાનનું પૂરેપૂરું પુણ્ય મેળવવા આ ઉપવાસ રાખવાનો વિધિ છે

– જે હિંદુશાસ્ત્રોમાં જણાવવામાં આવેલ છે. આપણો દલિત સમાજ પણ એ વિધિનું અનુકરણ કરીને ઉપવાસ રાખે છે.

એ સિવાય આ ગીત એક બીજો સંદેશ પણ આપે છે કે બહેને લગ્ન વખતે, વિદાયવેળાએ, આણે જાય ત્યારે બાપુની, દાદાની, ભાઈના – ઘરના સર્વે પુરુષવર્ગની આજ્ઞા લેવી જરૂરી છે. આ પુરુષોને પૂછ્યા વિના, પોતાના જીવનના મહત્ત્વના પ્રસંગે પણ એ પગલું માંડવા સ્વતંત્ર નથી.

ગીતની બીજી એક પંક્તિ પણ બહુ સૂચક છે : "સોના કેરો ગજરો ને રૂપા કેરી સાડી"... કોણ જાણે કેમ, પણ આપણાં લોકગીતોમાં આ સોના-રૂપાનો ઉલ્લેખ વારંવાર આવતો રહે છે. સમૃદ્ધિ અને શોભા જાણે આ પીળી ધાતુ-સફેદ ધાતુમાં જ ન સમાઈ જતી હોય ! અને આ ગાનારાં છે દલિતબહેનો – જેમને માટે સોનુંરૂપું પામવું એ આખ્ખી જિંદગી લોહી-પરસેવો વહેવડાવીને કરેલી મહેનત પછી પણ અઘરું છે ! પણ એ જ તો છે લોકગીતની ખૂબી (કે ખામી) કે જે નથી તેનું જ ગાણું ગાઈ ગાઈને મનોમન રાચી લેવાનું ! આ એક જાતની છૂપી-મૂંગી વેદના બહાર કાઢવાની બહેનોની આગવી રીત છે – જે દેખાતી નથી પણ જાણે અજાણ્યે ગવાઈ તો જાય છે જ ! હિંદુસમાજમાં, લગ્નવિધિમાં કન્યાદાનનું મહત્ત્વ સતત જીવંત રહ્યું છે. અતિ પ્રાચીનકાળથી માંડીને આજ વર્તમાન સુધી અને કહેવાતા સવર્ણો-શિક્ષિતો-ધનિકોથી માંડીને કહેવાતી નિમ્નજ્ઞાતિઓ – ગ્રામીણો કે ગરીબો... તમામ લોકોએ કન્યાદાનને જીવનનું અદકેરું પુણ્ય માન્યું છે. જેને દીકરી ન હોય તે પોતાના ભાઈની, બહેનની કે કુટુંબની – ગોત્રની કોઈ પણ દીકરીનું કન્યાદાન દઈને આ પુણ્ય મેળવવા ઝંખે છે. સવાલ એ છે કે કન્યા-દીકરી, તે કોઈ ચીજવસ્તુ છે કે ગાય છે... જેનું દાન કોઈને કરી દેવાનું ? આ "દાન"ની ભાવના પાછળથી એક બીજો સંદેશ એ પણ સંભળાય છે કે એક વાર દાન કર્યું એટલે બસ, એ પારકી થઈ ગઈ ! પછી જેની પાસે તે છે એને એનું ગમે તે કરવાનો હક્ક રહે છે. જેમ આપણે કોઈ વસ્તુ-પૈસા, ભેટ કે દાનમાં આપ્યા પછી પૂછતા નથી કે ચિંતા પણ કરતાં નથી કે એ "દાન" શી રીતે વપરાયું – કોણે વાપર્યું વગેરે... તો દીકરીને પણ દાન "કર્યા" પછી માતા-પિતા-કાકા-ભાઈ છૂટી જાય છે કે હવે દીકરીનું જે થવું હોય તે થાય !

આપણા સંગ્રહનું ૪૨મું ગીત "હીરનો હિંચકો" કેવું રૂડુંરઢિયાળું છે, પણ એમાંથીયે આ કન્યાદાનના મહિમાનો જ સૂર સંભળાય છે...

*"આવી રૂડી આંબલિયાની ડાળે, હિંચકો બાંધ્યો હીરનો રે, માણા રાય."*

દીકરીના બાળપણના, સુખના, પિયરના લાડકોડના દિવસોનું પ્રતીક છે હિંચકો... ને તેય છે હીરનો – રેશમનો. બચપણ-પિયર-લાડકોડ... બધું જ આ રેશમની સુંવાળપમાં અને હિંચકાના મસ્તીભર્યા હિલ્લોળમાં સમાઈ જાય છે. આંબાની શીળી ઘેરી છાંય જાણે પિયરની છત્રછાયા છે અને ત્યાં બાંધેલો હીરનો હિંચકો, પળે પળ સુખનો ઉમંગનો ઉછાળ છે. પણ દીકરી જાણે છે કે આકાશમાં હિલોળાયેલું હૈયું ભલે ગમે તેટલાં શમણાં જુએ; એના પગ તો એક દિ' ધરતી પર મૂકવાના જ છે !



ધરતી – કઠોર વાસ્તવિકતાની ધરતી, સાસરિયાની ધરતી ! એ જ પળે એ પોતાના ભાઈ આગળ હૈયાનો વલોપાત ઠાલવે છે કે લાંબાની વાટ મારે હાલવું... હિંચકાથી હેઠાં ઊતરીને એણે હવે બહુ દૂર જવાનું છે. સાસરી આઘેના ગામમાં છે. પોતાનું સર્વસ્વ ને આખું બાળપણ જાણે પિયરમાં છોડીને આઘે આઘે જવાનું છે. પાછાં આવવાનું તો ભાગ્યમાં લખ્યું હશે તો... એવો છૂપો નિસાસો પણ સંભળાય છે.

અહીંના 'માણા રાય' – વહાલાં લોકોને છોડીને અજાણ્યા લોકો વચ્ચે જવાનું છે. અજાણ્યા – આઘેના દેશમાં પિયરની યાદ તાજી રહે એવું કોઈ સંભારણું લઈને જવા માંગે છે. બાપને, કાકાને, ભાઈને એ આવી ચીજો આપવાનું વિનવે છે. કહે છે કે તમારે મને જે દેવું હોય તે દઈ દો !'

કેવું ભોળપણ છે આ દીકરીમાં ? પિયરથી મળેલી ચીજો તે વળી એની પાસે કોણ રાખવા દેવાનું છે ? એ તો જશે સાસુની પેટીમાં કે સસરાના પટારામાં ! ને આવી ભોળી પારેવડીનું દાન કાકા કરે છે – પુણ્ય મેળવે છે... ભાઈ વે'લ શણગારીને બહેનને વિદાય કરે છે. ભાઈ દાન કરે છે આ વે'લનું ને કાકા કરે છે દીકરીનું ! જાણે બંને સરખી ચીજો (!). ઓછું હોય તેમ અનેક કિંમતી ભેટો-બક્ષિસો આપીને ભાઈ, કાકા બધા જ ભેગા થઈને દીકરીને સાસરે વિદાય કરે છે. પેલો હીરનો હિંચકો જાણે અધવચ હવામાં જ થંભી જાય છે. જે વીરો હોંશે હોંશે બહેનીને હિંચકાવતો હશે એ જ જાણે એને કઠોર વાસ્તવની ભોંય પર લઈ આવે છે.

ભાલબારાની બહેનોના કંઠે ગવાતાં આવાં મીઠાં ગીતો કેવાં કઠોર છે એનો ખ્યાલ એમને આવતો હશે ખરો ? કેમ કે ભાઈની આ સમાજદીધી ભૂમિકામાં બહેનો પણ એવી તો ખોવાઈ ગઈ છે કે ભાઈ પોતાની ફરજ બજાવવામાં ઊણો ઊતરે તો બહેનને ઓછું આવી જાય છે. અરે, કોઈ કોઈ બહેન તો આવી રીસની મારી એવા છેલ્લા પાટલે જઈને બેસે છે કે પોતાના મનની વાત ઠાલવતાં એવુંયે કહી બેસે છે કે જે ભાઈ એને ટાણે-અવસરે ભેટબક્ષિસ ન આપીને પિયરનું હીણું દેખાડતો હોય, સાસરીમાં એનું માન જાળવતો ન હોય એવો ભાઈ હોય તોય શું ને ના હોય તોય શું ?

પિતૃસત્તાના આવા આવા પાઠ ભણેલી આપણી બહેનોને સગપણના સાચા-નિસ્વાર્થ અર્થ ક્યારે સાંપડશે ? સંગ્રહમાંનું (ગીત-૨૭) જરાક જુદી અને બહેનના ભાઈ પ્રત્યેના ફરજભાનની વાત લઈને આવે છે.

*"ઝીણી ઝીણી વાદળીમાં વીજલડી ચમકે..."*

ગાતી બહેન વીજળીના ચમકારામાં પોતાના ભાઈ માટેની કન્યા શોધવા ફરે છે. સુંદર, સુશીલ, કહ્યાગરી ભાભી જોઈએ છે. પોતાના ભાઈને સારી રીતે રાખે એટલું જ નહીં; પોતે પણ પિયર જાય ત્યારે પોતાને માન આપે, સ્નેહ આપે એવી ભાભી જોઈએ છે. સાથે સાથે એ દહેશત પણ ખરી જ કે પોતાને સારે-માઠે પ્રસંગે, વારતહેવારે ભાઈ જે ભેટ આપતો રહે છે એમાં વાંધોવચકો ના પાડે એવી ભાભી પણ હોવી જ જોઈએ. નહિ તો ભાઈ-બહેન વચ્ચે તિરાડ પડી જાય... એટલું જ નહીં પણ સાસરીમાં પોતાનું ને ભાઈનું – સર્વે પિયરિયાનું માન ધૂળધાણી થઈ જાય એટલે સ્તો, એ જાણે ઘરની નિર્ણયકર્તા વડીલ હોય એમ ભાઈની વહુ પસંદ કરવાનું સાહસ કરે છે.

આમ, દેખીતી રીતે આ ગીતમાં બહેનની ભૂમિકા ઊંચી ઊઠેલી લાગે છે પણ એની પાછળ જાણે એને પોતાનીયે ચિંતા વસેલી છે એ ભાવ પકડાયા વિના રહેતો નથી !

બીજી એક પંક્તિમાં બહેન ગાય છે કે મારા ભાઈ માટે કુંવારી કન્યા ગોતવી છે... ત્યારે શો અર્થ પ્રગટ થાય છે ? માત્ર કુંવારી – નાતરું કરનારી નહીં – એટલું જ ? કદાચ કુંવારીની પાછળ એવી કન્યાની શોધ છે જેનું કૌમાર્ય અખંડિત રહ્યું હોય – દેહ વણબોટેલો હોય ! દેખીતી રીતે આ સ્વાભાવિક લાગે પણ આ આખું મૂલ્ય પુરુષપ્રધાન દૃષ્ટિકોણ / પિતૃસત્તાત્મક વિચારધારાની દેણગી છે. સ્ત્રીઓ પોતે ઊઠીને આવા વિચારો ગાતી થાય, વહેતા મૂકતી થાય ત્યારે એક સવાલ ઊઠે કે આ બાબત પ્રત્યે તેઓ સભાનતાપૂર્વક વિચારતી હશે ખરી ?

□

## પ્રકરણ-૪

# લગ્નની અલગ અલગ વિધિઓ અને એમાંથી પ્રગટતી વડીલશાહી

આપણો દલિતસમાજ અમુક અમુક પ્રસંગોમાં કહેવાતા ઉજળિયાત સમાજના કર્મકાંડને અનુસરે છે; જેમાં લગ્નવિધિ મુખ્ય છે.

ગણેશસ્થાપના, પીઠી ચોળવી, કંકોતરી લખવી, માટલી વધાવવી, મંડપ રોપવો, મીંઢળ બાંધવા-છોડવા, હસ્તમેળાપ, મંગળફેરા, કન્યાદાન જેવી વિધિઓ સામાજિકતાની સાથે સાથે પિતૃપ્રધાન મૂલ્યો પણ પ્રગટ કરતી રહેતી હોય છે તેથી તેનો ઉલ્લેખ અને તેની સાથે સંકળાયેલાં ગીતોનો ઉલ્લેખ આ પ્રકરણમાં કરીશું.

વિધિઓ માટે જેમ પુરુષ-પુરોહિત (બ્રાહ્મણ, ગોર, ભગત વગેરે) જરૂરી છે તેમજ વડીલોની હાજરી પણ ખાસ જરૂરી છે. વડીલોના આશીર્વાદ, વડીલોની છત્રછાયા, વડીલોની દેખરેખ અને વડીલોનાં સલાહ-સૂચન વગર કોઈ પણ પ્રસંગ – સારો કે માઠો – શોભે જ નહીં; પૂરો થયો ગણાય જ નહીં – એવાં વિચારવલણ આપણા દેશના તમામ સમાજોમાં પ્રચલિત છે; એથી જ તો પેલી કહેવત પડી હશે ને "ઘરડાં વગર ગાડાં ન વળે" ભાલબારાના દલિતસમાજમાં પણ આ બાબત આંખે ઊડીને વળગે છે; જે ગીતોમાં ઝિલાય છે.

જેમ બીજે તેમજ ભાલબારાના સમાજમાં પણ વડીલો પોતાનં. મોભો, પોતાની મોટાઈ સમજે છે. કુટુંબને જ્ઞાતિને – ગામને પોતાની જરૂર છે એ પણ સમજે છે અને એટલે જ અમુક પ્રસંગે વડીલો માન માંગે છે, વારંવાર નોતરાં માંગે છે, તેડાં મોકલો ત્યારે માંડ આવે એવી ઢબે વરતે છે, રિસાઈ જાય છે, જૂના વાંક-દોષ આ ઘડીએ યાદ કરીને "વાંકું પાડે છે", જાન-જમણ વિધિમાં મોડું કરાવે છે. આમાં એ પોતાનો આગવો મોભો સમજે છે – અધિકાર સમજે છે. ભારતના તમામ સમાજો આવી "વડીલશાહી"ના સાક્ષી છે.

વળી આ વડીલોનો મહિમા થાય, એમનાં ખાસ નામ લઈ લઈને ગાણાં ગવાય ત્યારે એ લોકો પોરસાય છે, હરખાય છે. ગીતોમાં નામોલ્લેખનો તો એવો મહિમા છે કે એ ગીત પછી "ફટાણું" કેમ ન હોય ! "પોતાને ગાયા" છે એટલું જ એમના માટે બસ છે ! આ બતાવે છે કે સમાજમાં એમની ગણતરી થાય છે, એમની નોંધ લેવાય છે, એમનો "પાટલો પડે છે !"

ગીતોની ગાનારીઓ પણ આ બાબતની ખાસ તકેદારી રાખતી હોય છે અને જો ન રાખે તો એને ટોકવામાં આવે છે. આવે વખતે બહેનો આવી તકનો "લાભ" લેવાનું ચૂકતી નથી ! સાધારણ રીતે તો વડીલોને માનપૂર્વક વખાણતી હોય છે પણ અમુક વાર મજાક-ઠેકડી કરી લેતી હોય છે, મનનો રોષ ઠાલવી દેતી હોય છે અને વાસ્તવ જીવનમાં જે નથી કહી શકતી તે "ગાઈ લેતી" હોય છે.

ભાલબારાની બહેનોનાં આ ગીતોમાં વડીલશાહીનો આ ઠસ્સો ક્યાં ક્યાં મળે છે અને એની સામે સ્ત્રીઓએ પોતાની આગવી ઢબે કયાં કયાં "તકનો લાભ લીધો છે" એ જોવાની શરૂઆત કરીએ.

જે જે વિધિઓમાં વડીલોની જરૂર છે તેમાંની મુખ્યત્વે છે : (૧) માંડવો રોપવો, (૨) જાન ઉઘલાવવી (૩) જાન પોંખવી/વધાવવી (૪) કન્યાદાન (૫) કન્યાવિદાય (૬) મામેરું.

આમાં જે તે વિધિ સમયે જે તે પક્ષનાં – વરપક્ષ ને કન્યાપક્ષ – વડીલો હાજરી આપે છે, આશિષ આપે છે, સલાહ-સૂચન આપે છે ને નાણાંની લેવડદેવડ ઉપર નજર રાખે છે.

આપણી પાસે સૌથી પહેલાં મળે છે માંડવો રોપાવવાની વિધિનું ગીત : (ગીત-૪૩)

*"માંડવડો રોપાવો મારો માંડવડો રોપાવો, મારા રાય..."*

કન્યાને ઘેર મંડપ મહૂરત થાય છે. સુંદર માંડવો બંધાવવાનો છે. એમાં ઝીણી ઝીણી ચાંદલિયો મૂકીને (આભલાં-ચાટલાં) શોભાવવાનો છે. ચંદરવાની શોભા અને કલાત્મકતા દરેક સમાજની આગવી હોય છે આપણા દલિત સમાજનું ભરતકામ, આભલાંકામ, પેચવર્કનું કામ તો જગમશહૂર થઈ ગયું છે. એવો જ રૂડોરૂપાળો મંડપ બંધાવવાનો છે. મંડપ શોભા તો ત્યારે પૂરી થાય જ્યારે એમાં વડીલો બેઠા હોય. બહેનો એક પછી એક વડીલને સંભારતી જાય છે. "દાદાને તેડાવો ને એમના વીરાને તેડાવો..." "માતાને તેડાવો ને કન્યાના બાપને તેડાવો..." એમ એક પછી એક સગાંનાં નામ દેવાય અને કન્યાપક્ષના તમામ વડીલોને માનમોભો આપવામાં આવે... કેમ કે ગીતમાં કહ્યું છે તેમ : "લાડેકોડે દીકરી પરણાવો મારા રાય... !" દીકરીને પૂરા લાડકોડથી પરણાવવાની છે. ઠેઠ નાનપણથી જે લાડકોડથી એને ઉછેરી છે, એને ચાહી છે, એવાં જ લાડકોડથી આજે એને પરણાવવાની છે. આજથી એ "પારકી લક્ષ્મી" થવાની છે. એને લાડ કરવાનો આ છેલ્લો અવસર છે. કોઈને બોલાવવાનું ચુકાય નહીં, કોઈનાં લાડ અધૂરાં રહી જાય નહીં !

સૌનું, દીકરી પ્રત્યેનું હેત જાણે આવે અવસરે છલકાઈ ઊઠે છે. સાથે સાથે પોતાનાં સગાંવહાલાંનો જથ્થો પણ પ્રસંગને રંગેચંગે પાર પાડવા જરૂરી હોય છે. જાન તેડાવવી, જાનને રાખવી, જમાડવી – સૌની ઝીણીમોટી દેખરેખ રાખવી. સૌની મરજી સાચવવી કંઈ એકલા હાથે ન બને ! એમાં કન્યાનાં બધાં સગાંવહાલાંની સહાય જરૂરી છે. લગ્નપ્રસંગે તો ઝાઝા હાથ રળિયામણા ! વળી વડીલોની બેઠક અને એમનો જથ્થો



પણ જરૂરી ! નાનીમોટી બાબતે કોઈનાં મન ઊંચા થાય – કોઈને વાંકું પડે – કોઈને લેણદેણમાં કંઈ વત્તુંઓછું લાગે તો વાતને સાચવી લેવા, ધ્યાન રાખવા, વાતાવરણની માંગલિકતા જાળવી લેવા વડીલોની સૂઝબૂઝ અને અનુભવ વગર કેમ ચાલે ? તેથી વિધિમાં ને ગીતોમાં વડીલોને આટલું બધું માન અપાતું હોય છે.

બીજાં બે ગીતો "મામેરું" વધાવવાનાં છે. (ગીત-૪૪ અને ૪૫) મામાને મામેરા માટે તેડું મોકલવાનું છે.

*'ઝાલાવાડી મેમાન આયા રાય,*
*ચોખલીયે વધઈ લેજો રાય...'*

કન્યાનો મામો શુભપ્રસંગમાં મહત્ત્વનો છે તેમ વરનો મામો પણ ખરો જ ! અગાઉ "માતૃસત્તા" વિશે (પ્રકરણ-૧)માં વાત કરી તેમ, આજે ભલે આપણા ગુજરાતમાં મોટા ભાગના સમાજમાં પિતૃસત્તા ચાલતી હોય પણ શુભપ્રસંગે "મામા"નું મહત્ત્વ વધી જાય છે. મામા કન્યા/વરનું મામેરું-મોસાળું કરે છે. લગ્નપ્રસંગે આ રીતે આર્થિક ટેકો થાય છે. કન્યા-વરની માતા : જે મામાની બહેન કે તેને પ્રૌઢ વયે પણ પોતાના ભાઈનો સ્નેહ, હૂંફ અને ટેકો મળે છે. જેથી એનો ઉમંગ અને આત્મવિશ્વાસ પણ વધે છે. પ્રસંગ પાર પાડવામાં પિયરપક્ષની સહાય મળે છે તેથી પણ તેનું આત્મસન્માન વધે છે ને સમાજમાં એનો "વટ" પડે છે – જ્યારે એનો ભાઈ સારું એવું મામેરું લાવે ! વળી પરણનાર કન્યા/વરને માટે પણ મોસાળ-મામા-મામીનો ઘણો મહિમા છે. હેતાળ સંબંધને અહીં નક્કર રૂપ અપાય છે – ભેટો, આર્થિક સહાય દ્વારા. આ રીતે જોતાં "મામેરું" એ લગ્નપ્રસંગને માત્ર એક જ કુટુંબ-ગોત્રનો અવસર ન બનાવી દેતાં – બંને કુટુંબ-ગોત્રનો સહિયારો પ્રસંગ બનાવે છે. સમાજમાં સાથ અને સહકારનું ઘણું મહત્ત્વ છે. સમાજ સહકારથી જ ટકી રહે છે. શુભ-અશુભ પ્રસંગે સંખ્યા પૂરતો જ નહીં; સગાંનો નૈતિક-આર્થિક ટેકો આજ "સહકારને"ને મૂર્ત કરતો હોય છે.

ગીત-૪૫માં ગવાયું છે : 'પાછલી ચિઠ્ઠી તે લખીને આપણે સઘળે ગદ્‌ગદ લખ્યા ફૂલવા રે..." ફૂલના અક્ષરે જાણે સંદેશો મોકલાય છે. પહેલી કંકોત્રી તો પહોંચી ગઈ હશે – આ હવે પાછલી બીજી ચિઠ્ઠી છે. જે ખાસ મામેરાનું નોતરું હશે.

*"ઘમ્મર વલોણાં રે – અવસર આવ્યો રે આંગણે."*

આંગણે અવસર આવી ચૂક્યો છે. મહેમાનને જમાડવા દૂધ-દહીં-ગોરસ-ઘી જોઈશે... વલોણાં ઘમ્માઘમ્મ ચાલી રહ્યાં છે ! વલોણું ગ્રામીણ – ખેતી પ્રધાન સમાજની સમૃદ્ધિની નિશાની છે. જો ઘરે ઢોરઢાંખર હોય તો જ વલોણું થાય ને ! વળી ઝાઝાં મહેમાન જમાડી શકાય એવી સ્થિતિ હોય તો જ વલોણાં ઘમકારતાં હોય ! આમ, લગ્ન પ્રસંગે ઘરની સમૃદ્ધિ, ઘેર મહેમાનોની અવરજવર અને ઉત્સાહઉમંગ - બધાંનું નિરૂપણ આટલી-શી ગીતપંક્તિમાં થઈ જાય છે.

આગળ ગવાયું છે "સજનીયા તે કન્યાના મામા તો ધોળે ઘોડે આવશે ?" અહીં મામાની સમૃદ્ધિ અને ઠાઠમાઠનું ચિત્રણ જણાય : જે મામા ઘોડેસવારી કરીને આવતા હોય એમનો દોરદમામ કેવો હશે ? બીજી બાજુ સુખસમૃદ્ધિથી છલકાતા આ લગ્નસમારંભનું રંગદર્શી ચિત્રણ છે. મામેરું પણ એક રીતે જોઈએ તો સમૃદ્ધિના પ્રદર્શનનો અને આર્થિક સહાયતાનો અવસર છે. એ માટે મામાનું-મામીનું હોંશભેર સ્વાગત થાય છે. ગીત-૪૫માં ગવાયું છે તેમ મામા, "... ફૂલડે વધાઈ લેજો..." "ચોખલિયે વધાઈ લેજો" કહી કહીને મામા-મામીને ખૂબ માનપાન દેવામાં આવે છે. પિતૃસત્તામાં મામાનું માન આ જ દિવસે હોય છે. એને આમ બઢાવી-ચડાવીને કહેવાનો મતલબ સમાજમાં પોતાનો મોભો સ્થાપવાનો પણ હોઈ શકે જે આમ અવસરે ગાઈ લેવાય. બીજો એક સવાલ પણ રમતો થાય છે કે સાધારણ રીતે સમાજમાં માતૃપક્ષનું સ્થાન ઊતરતું હોય છે. સ્ત્રીને ગમે તે ઉંમરે પણ હીણાં પિયરની ગાળ-મહેણાં સાંભળવા પડતાં હોય છે ત્યારે આવે વખતે મોસાળિયાનું મહત્ત્વ સ્થાપતાં ગીતો શું સૂચવે છે ? – ત્યાંથી જે આર્થિક ટેકો મળવાનો છે તેને કારણે આટલાં વખાણ કરવાનો ચાલ પડ્યો હશે ?

## ગણેશ – ગણપતિ :

## સવર્ણોનો પ્રભાવ કે પછી અવળી ગંગા ?

ગણપતિ કોના દેવ ? આર્યોના કે તેનીય પહેલાં વસતી આર્યેતર (આર્યો સિવાયની) પ્રજાના ? કહેવાતા ઉજળિયાતના કે શ્રમિક-દલિત પ્રજાના ? સમાજના બંને સ્તરોમાં સરખા જ લોકપ્રિય અને એકસરખી રીતે પૂજાતા – માન પામતા આ દેવ સૌને લાડકવાયા છે.

અમુક વિદ્વાનો માને છે કે "ગણ" એટલે પ્રજા-જનતા-લોકસમુદાય. ગણના નાયક-નેતા તે ગણપતિ. એટલે સ્તો ગણેશ-ચતુર્થી (ગણપતિચોથ)નો તહેવાર જાનજાગૃતિ તહેવાર તરીકે ઉજવવો અને એમ કરીને ભારતની પ્રજામાં અસ્મિતા જગાડવી એવો નિર્ણય સ્વાતંત્ર્યસંગ્રામના અગ્રણી લોકમાન્ય તિલકે લીધો હતો ને ? – પણ એથીય જૂનો અભિપ્રાય જણાવે છે કે ગણેશ ખેતીવાડીના દેવ છે. શ્રમજીવી સમુદાય તે "ગણ" અને તે "ગણ"ના નાયક તે ગણેશ. એમની સૂંઢ, દાંત, હાથમાં રાખેલું ખુરપી જેવું સાધન બધું ખેતીવાડી જોડે સંકળાયેલું છે. વળી ગણપતિનું ચિત્ર કે મૂર્તિ જોઈએ તો વળી એ ઉંદર પર બેસે છે – એ એવું દર્શાવે છે કે એ ઉંદરના વંશને વશમાં લેતા દેવ છે કેમકે ઉંદર ખેતરમાં નુકસાન કરે છે. એમણે કમરે પહેરેલાં પિતાંબર ઉપર એ નાગનો પટો બાંધે છે – "નાગબંધ" કહેવાય છે. સૌ ખેડૂતો નાગને "નાગબાપા", "ખેતરપાળ દેવ" કહીને પૂજે છે કેમકે પાકને નુકસાન કરનાર ઉંદર આદિ જીવજંતુનો કાળ છે આ નાગ. આ બધાં ચિહ્નો બતાવે છે કે ગણપતિ મૂળે; ખેતીવાડી કરતી, આર્યોથીએ જૂની પ્રજાના કોઈ દેવ હોવા જોઈએ.



આ તો શાસ્ત્રીય ચર્ચા થઈ; પણ લોકજીવનમાંયે જોઈએ તો તોરણ, બારસાખ, ટોડલા, ઉંબરા બધે ગણપતિનું પૂજન થાય છે. ભરતકામ, મોતીકામ, પેચવર્ક, લીંપણ, ભીંતચિત્ર, રંગોળી, કંકોતરી – સઘળી જગ્યાએ ગણપતિની આકૃતિ કંડારેલી હોય છે અને એ જ બતાવે છે કે ગણપતિ ખરા લોકનાયક હોવા જોઈએ. વળી આ સઘળી કળાકારીગરી સ્ત્રીઓ સાથે સંકળાયેલી છે. એટલે ગણપતિ પણ સ્ત્રીઓના કલ્પનાજગત, કલાજગતના આદિદેવ જણાય છે.

એમનો ભોળો દેખાવ, ભોજનપ્રેમ અને માતા પાર્વતી સાથેનો એમનો સંપર્ક સ્ત્રીઓને વિશેષ આકર્ષે તેવા મુદ્દા છે. જોકે ધાર્મિક વિધિઓમાં ગણપતિનું પ્રથમ મહત્ત્વ – એ કદાચ આંશિક રીતે સવર્ણપ્રભાવ હોઈ શકે – પણ બધી જ વિધિઓની આચરનાર છે સ્ત્રીઓ; અને સ્ત્રીઓની પહોંચ શાસ્ત્રો સુધી ક્યાં હોય છે ! એ તો લોકધર્મ અને લોકજીવનમાં જ પ્રગટ થઈ શકતી હોય છે ! આથીસ્તો વડીપાપડના પાટલાથી માંડીને વર-પોંખણાના તોરણ સુધી સ્ત્રીઓ ગણેશને ચીતરે છે – ગાય છે – પૂજે છે.

આપણા ગીત સંગ્રહમાં પણ ગણપતિનાં બે લગ્નગીતો મળે છે. આપણી બહેનો તો મજાક કરનારી – એમણે ગણપતિ બાપાનેય નથી છોડ્યા ! લાડાના લગનટાણે આપણી બહેનો ગણેશને આમંત્રણ આપે છે ને ભેગી એમના દેખાવ વિશે ગમ્મત પણ કરી લે છે. (ગીત-૪૬)

*'કેડે દુંડાળા ગણપત કેડે દુંડાળા, લાડાના લગન જો...'*

"કેડે દુંડાળા ગણપત" – કહીને બહેનો ગણપતિની સૂંઢ-ફાંદથી જ ઓળખ સ્થાપે છે ! પછી આગળ શું કહે છે : લાંબી સોટી શા કામણગારા ! ખરે, દેવ હોય કે દેવી – સ્ત્રીઓની મજાકવૃત્તિથી કોઈ બચ્યું નથી ! ક્યાં ગોળમટોળ – ઢીંગુજી સરખા – વરવા દેખાવના – સુપડકન્ના – ગણેશજીને ક્યાં આ બહેનોએ ગાયા એવા કામણગારા ? કોણ કહે છે સ્ત્રીઓમાં વિનોદવૃત્તિનો (સેન્સ ઑફ હ્યુમરનો) અભાવ છે ? ગીત-૪૭ જરાક વધુ વિસ્તૃત અને વધુ કહેવાતા સવર્ણપક્ષી રંગે રંગાયેલું જણાય છે. બહેનો ગાય છે :

*'દેવ દુંડાળા અને મોટી ફાંદાળા, તેત્રીસ કરોડ દેવતા સીમાડે આવ્યા'*

તો દેવ દુંદાળા ને મોટી ફાંદવાળાને જ ! પણ સાથે સાથે તેત્રીસ કરોડ દેવતાને પણ નિમંત્રે છે. પોતાને ઘેર મંગળ પ્રસંગ છે. સૌ દેવતાઓને નોંતરું છે, પણ ખૂબી તો એ દેવતાને કોણ કોણ વખાણે છે સ્વાગતપૂર્વક આવકારે છે; એમાં સમાયેલી છે. બહેનો ગાય છે કે ગણેશજીની આગેવાની હેઠળ તેત્રીસે કરોડ દેવતા મારે ત્યાં આવવા નીકળ્યા. સીમાડે આવ્યા ત્યારે ગોવાળિયે વખાણ્યા. સરોવરે પહોંચ્યા ત્યારે ઢોલીએ વખાણ્યા ને ઠેઠ માંડવે આવી પહોંચ્યા ત્યારે બ્રાહ્મણે/ગોરબાપાએ સત્કાર્યા.

આમાં દેવતાઓનો સત્કાર ગામના પ્રત્યેક સ્તરે અલગ અલગ સ્તરના લોકો

દ્વારા થાય છે એ મહત્ત્વનું છે. જેમકે ગોવાળિયો, માળી-શ્રમજીવી છે; તો પાણિયારી સ્ત્રીઓ, આપણા સમાજનો ચોક્કસ વર્ગ છે અને ઢોલી તો કહેવાતી પછાત કોમનો – દલિત જ હોય છે ! આમ શ્રમિકો-દલિતો-સ્ત્રીઓ – જે ગામનાં મહત્ત્વનાં સભ્યો છે તેમનો સ્વીકાર પામ્યા પછી જ દેવતાઓને માંડવે પહોંચાડાય છે. ને ઠેઠ ત્યારે ગોરબાપા/બ્રાહ્મણ એમને વખાણે છે. બ્રાહ્મણના વખાણ જાણે ટોચનાં વખાણ છે એવું લાગે છે, પરંતુ શરૂઆત તો ગોવાળિયાથી થાય છે ! આમ ગ્રામજીવનમાં દેવતાઓએ પણ ગામના દરેક જાતિના આર્થિક-સાંસ્કૃતિક સ્તરનાં લોકોની સ્વીકૃતિ મેળવવી જરૂરી હોય એવો સંદેશ આ ગીતમાં મળે છે. ભલે દેખીતી રીતે ગણપતિ અને ૩૩ કરોડ દેવતાનો સંદર્ભ કહેવાતો સવર્ણ પ્રભાવ લાગે પણ આખા ગીતનો સંદર્ભ જનપક્ષી છે એ ખાસ નોંધવું જોઈએ અને આ વર્ણન સ્ત્રીઓ દ્વારા થયું છે એ વળી એથીય વધુ નોંધપાત્ર ઘટના બની રહે છે.

વર અને કન્યાને પીઠી ચોળવાનો રિવાજ આમ મજાનો છે. ગમતીલો છે અને એ બહાને બહેનો હસતાંરમતાં વરની કે કન્યાની માલિસ, પાલિસ પણ કરી નાંખતી હોય છે એ ખૂબીની વાત છે, પણ આપણને મળેલું ગીત કંઈક પ્રતીકાત્મક વાત લઈને આવે છે. કન્યાપક્ષનું ગીત છે : (ગીત-૪૮)

*"ભમરે ડુંગર ખુંધ્યા રે, ભમરો ધોળો છમ્મરે*
*ભમરે ફરફર કરતો ભમરો ઊડી બેઠો રે..."*

(અથવા તો પછી કન્યાના ઘેર પીઠી-તેલ-નહાવાનું પાણી વગેરે લઈને, કન્યાને નવડાવવા આવેલી વરપક્ષી બહેનોનું ?) જેમાં કન્યાના શરીરની શોભા પ્રતીકાત્મક રીતે વર્ણવી છે. હળદર, નાળિયેર, સોપારી વગેરે મંગલપ્રસંગે જરૂરી એવી સામગ્રીનું પણ વર્ણન થઈ જાય છે.

શુભપ્રસંગે જે જે જોઈએ – હળદર-નાળિયેર-સોપારી – ત્યાં ત્યાં જઈને ભમરો બેસે છે. વળી આ ભમરો "કાળો" નથી "ધોળો છમ્મ્' છે ! ફરફર કરતો ઊડી ઊડી બેસે છે નાળિયેરના છોડે – હળદરીના છોડે – સોપારીના છોડે.... અને આ ભમરોએ તો ડુંગરા ખૂંધ્યા છે ! આ ભમરો જાતીય સુખનું કે પુરુષની દૃષ્ટિનું પ્રતીક હશે ? જે કન્યાના શરીરના ઉતારચઢાવ ઊતરે – નિહાળે – જઈને બેસે માણે...? આ ગીતમાં બહુ જ છૂપી રીતે – આડકતરી રીતે કન્યાના દેહની શોભા વર્ણવાઈ છે અને દેહ ઉપર "ભમરો" જઈને અધિકાર જમાવશે એવી પુરુષપ્રધાન વાત પણ ગવાઈ છે. કન્યા હવે લગ્ન માટે તૈયાર છે; લગ્ન એટલે સાસરું-સાસરિયાં, કામકાજ, જવાબદારી તો ખરાં જ – પણ પ્રિય પતિ – પુરુષ અને એની સાથેનું દામ્પત્યજીવન પણ ખરુંને ? પુરુષની દૃષ્ટિ તો ભમરા જેવી જ છે – એક ફૂલથી બીજા ફૂલ પર જઈને બેસે... આપણી કન્યાએ પણ ઠેરઠેર કરનારા આવા કોઈ ભમરાને પનારે જ પડવાનું છે અને લાડકોડે ચડાવેલી પીઠીભર્યો દેહ એને ધરી દેવાનો છે; એવું કશું કહી જાય છે આ ગીત ?!



## માતૃપક્ષથી ચાલો, વળી પાછા વરપક્ષે-પિતૃપક્ષે જઈએ

આપણા લગ્ન સમારંભનું એક અગત્યનું અંગ છે – "ઝાઝેરી જાન, ઝાઝેરી જાન" એવા રૂઢિપ્રયોગો બતાવે છે કે જાનમાં માણસની સંખ્યા, વડીલોનાં માથાં અને મોભાની બાબત છે. "વરઘોડો" પછી ભલે ઘોડાને સ્થાને મોટર હોય કે વર "રાજા" પગપાળા – હાથમાં શ્રીફળ લઈને હીંડી રહ્યા હોય. એમનો દોરદમામ એ દિવસે જેટલો દેખાય છે તેટલો બીજે ક્યારેય દેખાયો જાણ્યો નથી ! આ અવસરે વડીલો-સગાંવહાલાંનું ખાસ મહત્ત્વ છે. ગીતોમાં પણ તમામ સગાંવહાલાંને યાદ કરી કરીને ગવાય છે. પિતૃપક્ષની વડાઈ – સત્તાનું પ્રદર્શન કરવાનો આ સારો મોકો હોય છે. એનાથી માત્ર કન્યા ઉપર જ નહીં, મહોલ્લામાં-ફળિયામાં-શેરી ને ગામમાં... નાતજાતનાં... ફરતા પરગણામાં વરપક્ષનો સિક્કો પડે છે ! અને સરવાળે સમાજમાં પિતૃવ્યવસ્થાના પાયા વધુ મજબૂત, વધુ ઊંડા જતા દેખાય છે. ગીતોમાં પણ જુઓ (ગીત-૪૯, ૫૦, ૫૧) ત્રેપનમાં ગીતથી શરૂઆત કરીએ :

*"લીલુડા વાંસની વાંસળી રે, આડા માર્ગ વાગતી જાય;*
*ગામના ગરાસિયે પૂછીયું આ કેનો રાજા જાય ?"*

વાજતે ગાજતે સરિયામ રસ્તે વરરાજા પરણવા જઈ રહ્યા છે અને ગામના ગરાસિયાને એમને જોઈને પ્રશ્ન થાય છે કે, મારા રાજમાં આ વળી ક્યાંનો રાજા જઈ રહ્યો છે ! ત્યારે જાનડીઓ કહે છે કે "નથી રાજા, નથી રાજવી રે, મારા બળવંતભાઈ પરણવા જાય...!" આ તો સીધોસાદો (દલિત ?) યુવક છે – ક્યાંયનો રાજા નથી – પણ એના ભપકા રાજા-રાજવી જેવા જ છે. તેથી ગરાસિયાનું કુતૂહલ શમતું નથી. ઊલટું એ તો જઈને સરપંચને પૂછે છે ને સરપંચ પણ એનો એ જ જવાબ આપે છે – ને એમ સૌ ઉપરી અધિકારી – વડીલો – ગામના મોટેરા પૂછપરછ ચલાવે છે પણ જવાબ તો એનો એ જ છે "નથી રાજા – નથી રાજવી; અમારા બળવંતભાઈ પરણવા જાય !" આ શું બતાવે છે ? વરરાજાનો ઠાઠમાઠ, દમામ, રુઆબ, જે માત્ર ગરાસિયા/રાજવી કોમ-કુટુંબમાં જ શક્ય છે તે એક દલિત યુવાન દર્શાવી રહ્યો છે. આ પંક્તિના બીજા અર્થઘટન વિશે આગળ ઉપર વાત કરીશું પણ અહીં એટલું જ કહીને આગળ ચાલીએ કે "વર" પછી તે ગમે તે સમાજ-કોમ-કુળનો હોય, પરણવા જાય ત્યારે "રાજા" જેટલો રુઆબદાર લાગે છે !

બીજું ગીત કહે છે તે મુજબ જાનમાં બધાં સ્વજનો અનિવાર્ય છે. (ગીત-૫૦)

*"ભમરો ઊડ્યો રંગમોલમાં રે !*
*પડી નગારાની દાંડી ભમર તારી જાનમાં રે..."*

જાનમાં જાણે ગાઈવગાડીને કહેવામાં આવી રહ્યું છે કે સ્વજનો વિના કેમ કરીને ચાલશે ? વરરાજા અહીં "ભમરો" છે. ફૂલે ફૂલે કરનારો ને મધ ચૂસનારો (વિવિધતાનો શોખીન પુરુષ પણ "ભમરો" જ કહેવાય છે ને ?) વરરાજા ભલે ગમે તેટલો ભમરવૃત્તિનો

હોય એની જાનમાં વડીલો વિના નહીં ચાલે ! આ વાત ભાર દઈને ગવાય છે. પેલા લોકો હરખાય છે અને એમનો માનમોભો વધી જાય છે. દાદા, પિતા, માતા, બહેન, ફોઈ : આ બધાં મહત્ત્વનાં સગાંવહાલાં છે ને "એમના વિના કેમ ચાલશે રે..." આવાં ગીતો એ પણ સૂચવે છે કે લગ્ન એ આપણા સમાજમાં માત્ર સ્ત્રી-પુરુષ એમ બે વ્યક્તિનું જોડાણ નથી. એમાં તો બંને સાથે સંકળાયેલાં કુટુંબો (પિતાનું-મોસાળનું), ગોળ, જ્ઞાતિ, પરગણું, ગામ... એમ આખો સમાજ સંકળાય છે. કહેવાતા ઉજળિયાત ને હિંદુ સમાજમાં જેમ અગ્નિ, બ્રાહ્મણ, ગાય, તુલસી અને સૂર્યચંદ્રની સાક્ષી અનિવાર્ય છે તેમજ આ સમાજમાં – કદાચ મોટાભાગની માનવ સભ્યતાઓમાં, લગ્નપ્રસંગે "સમાજ"ની સાક્ષી અનિવાર્ય છે. સ્ત્રીઓની બાબતે આમાં નોંધપાત્ર એટલું છે કે કુટુંબમાં પુરુષસગાંની સાથે સાથે મા, બહેન, ફોઈ જેવી સ્ત્રીઓનો પણ સરખેસરખો દરજ્જો સ્વીકાર્યો છે. સમાજ ઓછામાં ઓછું – શબ્દોમાં તો સ્ત્રીઓની મહત્તા ગણકારે છે.

વરઘોડા/જાન વિષયક આપણને મળેલું ત્રીજું ગીત (ગીત-૫૧)

*"મોટર હાલે ઝાડી જંગલ કેમ રે ઈશ્વરભાઈ*
*મોટર ધીમી હાલે રે મોરા રાજ."*

હળવાશ સાથે આવે છે. સમાજમાં ગમ્મત-રમૂજને પણ સ્થાન છે; વરઘોડા ટાણે વરની જ નહીં; વરની મોટરની પણ મજાક કરાય છે. ગ્રામસમાજ સુધી બસ, ટ્રેક્ટર, મોટર સુધીનાં યાંત્રિક વાહનો તો પહોંચી ગયાં છે. હવે "વરઘોડા" નહીં પણ "વરમોટર" નજરે ચડે છે. આવી "વરમોટર" ધીમી ધીમી કેમ ચાલે છે એની પૂછપરછ થાય છે ! (જે ઘણું કરીને કન્યાપક્ષ દ્વારા ગવાય છે) જંગલ-ઝાડી વટાવતી આ મોટર વરરાજાનાં સગાંવહાલાની વાટ જોવામાં ધીમી પડી ગઈ છે ! વરરાજા કહે છે કે, "મારે મારા દાદાજીની વાટ... મારે મારા માતાજીની વાટ... મારે મારા વીરાજીની વાટ... મારે મારા ભાભીજીની વાટ... મારે મારા મામાજીની વાટ..." – આમ ઈશ્વરભાઈ વરરાજા તમામ સગાંની વાટ જુએ છે ને ગાનારીઓ પ્રત્યેકનાં નામ દઈને એમનું મહત્ત્વ ગાતી જાય છે.

વડીલોનું મહત્ત્વ પ્રગટ કરતું – ખાસ કરીને વરપક્ષના વડીલોનું – એક વિશિષ્ટ ગીત આપણને મળે છે. (ગીત-૫૨)

*"કન્યા કાગળ મોકલે તમે રાયવર વેલા આવજો."*

કેવી હૃદયસ્પર્શી કલ્પના છે ! ભાગ્યે જ જ્યાં વંચિત ગરીબ સમાજની સ્ત્રીઓ ભણતર પામે છે ત્યાં આ કન્યા પોતાના થનાર પતિને જાણે મંડપે વહેલા પધારવા કાગળ મોકલે છે. જાન પોંખતી વેળાના આ ગીતમાં કન્યાના કોડની સામે પેલો "રાયવર" જાણે બહાનાં કાઢી રહ્યો હોય એવો દેખાય છે. પણ મૂળ સૂર તો આપણા સમાજના યુવાનો-પુરુષોને પણ વડીલો ને વડીલશાહી આગળ ઝૂકવું પડે છે એ છે. પોતાના મનના ઉમળકાને દબાવી રાખવા પડે છે અને રિસાળવા, માનભૂખ્યા અને ગુમાની વડીલોને મનાવ્યા પછી જ પગલું ભરવું પડે છે – માત્ર વરઘોડામાં જ નહીં; જીવનમાં પણ ડગલે ને પગલે જુવાનપેઢીએ વડીલોને "પૂછીને પાણી પીવું પડે છે" એ



વાસ્તવિકતાનું અહીં રંગદર્શી અને રૂપાળી ભાષામાં વર્ણન કરવામાં આવ્યું છે. "હીર મોતીનો લુમખો ને કન્યા મોતીનો દાણો" કન્યા ગમે એટલી મોંઘેરી હોય – મોતીના દાણા જેવી સુંદર, નાજુક અને મૂલ્યવાન હોય પણ વડીલોનાં રિસામણા આગળ, "રાયવર" એ રાજમોતીના દાણાને કોઈ ગણતરીમાં ન લઈ શકે ! "હું આમ આવું એકલો મારા દાદા છે રિસામણા..." કન્યા પણ ઉત્સુક છે, અધીરી છે. રસ્તો સુઝાડે એટલી હોશિયાર છે. "તમારા દાદાને તમે મનાવો... રાયવર વેલા આવજો !" પણ કુલાભિમાન હોય કે પછી ઉંમર અનુભવનું ગુમાન હોય... આ વરના દાદા, કાકા, વીરા, મામા, બધા રિસાયા છે તે વરને વહેલા આવવામાં વખત વીતતો જ જાય છે. કન્યાની આંખ વાટ જોતી જ રહે છે ! ખાસ નોંધપાત્ર મુદ્દો એ છે કે આ રિસાયેલા વડીલો માત્ર ઘરના પુરુષવર્ગના જ છે ! આપણી બહેનો આવાં ગીત ગાઈને, ગુમાની પુરુષવર્ગના જ તોછડાઈ-આડોડાઈ વિશે કેવું દાઢમાં મહેણું મારી લે છે !

પરંતુ સમાજમાં આ વડીલોની અપેક્ષાઓ પણ ઘણીબધી હોય છે. વહુવારુઓ – અરે, બહેનદીકરીઓ પણ વડીલો સાથે સામા મોઢે વાતચીત ન કરી શકે, વડીલોની હાજરીમાં ખાટલે-ખુરશીએ બેસાય નહીં, અમુક વિસ્તારમાં ચંપલ પહેરીને જવાય નહીં, પતિ જોડે હસાય-બોલાય નહીં અને સૌથી મહત્ત્વનું તો એ કે લાજ કાઢવી પડે ! (વહુઓએ.)

આ લાજ વિશે બે વાત ચોક્કસ કરવી જોઈએ. બહેનોએ લાજ શા માટે કાઢવી જોઈએ એ વિશે સમાજમાં – સ્ત્રીઓ ને પુરુષો બન્ને વચ્ચે ખાસા અલગ અલગ અભિપ્રાય સાંભળવા મળે છે. મૂળ મુદ્દે તો મોઢે એમ કહેવાય છે કે વડીલોની હાજરીમાં માથું ઢાંકવું – મોં ન બતાવવું એ એક જાતની આમન્યા છે – જે પાળવી જરૂરી છે. માથે ઓઢવાનો રિવાજ તો માત્ર વહુવારુ માટે જ નહીં, સ્ત્રી માટે "માન આપવાનું" પ્રતીક છે. ફક્ત વડીલોની નહીં – મંદિર, દેવસ્થાને જાય ત્યારે, ધાર્મિક વિધિ કે દર્શન કરે ત્યારે, દાનપુણ્ય આપે ત્યારે પણ સ્ત્રીમાત્રનું માથું ઢાંકેલું હોવું જોઈએ એ ધાર્મિક ફરમાન છે. જે માત્ર હિંદુધર્મમાં જ નહીં, ખ્રિસ્તી અને ઈસ્લામ, પારસી અને યહૂદી તમામ ધર્મોમાં એકસરખા ભારપૂર્વક કહેવાય છે.

પણ "લાજ"નો મુદ્દો જુદો છે. મુખ્યત્વે "માન" આપવાનું કે "આમન્યા"નું કારણ ભલે અપાતું હોય પણ એની પાછળ બીજાં કારણો પણ છે – ઘરના વડીલો અને પતિની દૃષ્ટિએ વહુવારુ એક જણસ છે – ચીજ છે – મિલકત છે. ખરીદીને આણી છે ને નાણાં ચૂકવવાથી એની લે-વેચ થઈ શકે છે. હાથબદલો થઈ શકે છે. ઘરની કીમતી જણસને જાળવીને રાખવાની હોય, મજૂસ-પટારા-તિજોરી-કબાટમાં તાળાંચાવીમાં રાખવાની હોય, કોઈની નજરે ચડે – કોઈ ઝૂંટવી ન જાય – ઉઠાવી ન જાય એ બીકે એને "અદશ્ય", કોઈને ન દેખાય એવી રીતે રાખવી પડે છે ! અને આ "કોઈ" તે છે વડીલો જ ! "બહારના" જ નહીં, "ઘરના" પણ ! પતિ-સસરો-જેઠ-મામાજી-કાકાજી વગેરે પુરુષો-વડીલોથી સ્ત્રીએ મોઢું ઢાંકવું પડે, એટલું જ નહીં સાસુ અને બીજી વડીલ સ્ત્રીઓની લાજ પણ કાઢવી પડે ! સત્તા અને વડીલશાહી માત્ર પુરુષવર્ગનો જ ઈજારો નથી; એ આપણે આગળ પણ જોઈ ગયા. સ્ત્રીવડીલોની વાત

બાજુએ રાખીએ. પરંતુ પુરુષવડીલો અને અન્ય પુરુષોનું શું ? બજારમાં-ચૌટામાં સરીઆમ રસ્તે-પાણીઘાટે અને ચોવીસ કલાક ઘરકામ કરતાં વહુએ લાજ કાઢવી જ પડે. વારતહેવારે, ગરબે રમતાં કે રાજીયા ગાતાં, આરતી કરતાં કે ભોજનસમારંભમાં જ્યાં સાસરીપક્ષનાં વડીલો હોય ત્યાં વહુનું મોં ખુલ્લું ન રહેવું જોઈએ ! જો વહુની આમાં ભૂલચૂક થાય તો વડીલો ખોંખારો ખાય, ઘરની વડીલસ્ત્રીઓ આગળ જરાક ફરિયાદ કરે કે વહુને ટોકજો અથવા તો ચાર ભેગા થયા હોય તો વહુ કેટલી "વહી ગઈ છે" એનું વગોવણું ચાલે. વડીલ સ્ત્રીઓ તો આ "વાંક"નું વતેસર કરી મૂકે ને વહુને મહેણાંટેય ખરી – "તારા પિયરમાં આવા સંસ્કાર આપ્યા છે ?" એમ કહીને છેક પિયરિયાંને પણ ટોકી મારે ! આમ "લાજ" એ જાણે પરિણીત સ્ત્રી માટે અનિવાર્ય રસમ હોય એવું આપણા ગ્રામીણ સમાજમાં જોવા મળે છે. માત્ર દલિત જ નહીં – ગ્રામીણ સમાજમાં તો તમામ કોમમાં લાજનો રિવાજ અકબંધ છે. શહેરી સમાજમાં, અમુક કહેવાતી ઉજળિયાત કોમોમાં જેને "ખાનદાની" કહે છે એવાં કુટુંબોમાં (દરબાર, જૈન, મારવાડી, પાટીદાર, લોહાણા વગેરે) લાજ અથવા તો સ્ત્રીને માથે ઓઢવાનું સાર્વત્રિક ફરમાન હોય છે. "લાજ" સાથે આમ કહેવાતી "ખાનદાની"ને સાંકળી લેવામાં આવે છે.

આ અને આવાં કારણોસર તો આપણા તમામ સમાજોના કલા, સાહિત્ય, ગીતસંગીતમાં "ઘૂંઘટ" કાઢેલી સ્ત્રીની શોભાનાં અઢળક વર્ણન-વખાણ જોવા મળે છે ને ? મોટા ભાગની બધી કોમોનાં લગ્નગીતો-નારીગીતો-લોકગીતોમાં પણ લાજ-ઘૂમટો, શણગાર-ઘૂંઘટના અસંખ્ય ગીતો છે. ભાલબારાની બહેનો પણ આવાં ગીતો હોંશે હોંશે ગાતી લાગે છે. બલકે કહો કે, પરંપરામાં શીખતી લાગે છે ! આપણી પાસે બે ગીતો છે, જેમાં લાજ કાઢવાની રસમને ઉમંગપૂર્વક રજૂ કરવામાં આવી છે કે પછી શિખામણરૂપે ગળે ઉતારવામાં આવી છે. (ગીત-૫૩)

*"ધીમે ચાલો બહેની, ઠેસલડી નાં આવે રે..."*

ગીતમાં કન્યાને/બેનીને ધીમે ચાલવાની શીખ અપાય છે. જેમાં સામે જો સસરો બેઠા હોય, જેઠ બેઠા હોય તો લાજ કાઢજે – ઘૂંઘટો તાણી રાખજે એમ તકેદારી અપાય છે. દિયર નાનો કહેવાય તોય એની સાથે મસ્તી ના કરીશ એવી સલાહ અપાય છે ને સૌથી વધુ તો સામે એના પોતાના પિતા બેઠા હોય તોયે ઝીણું બોલજે – અવાજ ઊંચો ના થાય એની કાળજી રાખજે એમ ચોખ્ખું કહેવાયું છે ! પુરુષવડીલો : એમાં પછી સાસરિયાં હોય કે પિયરિયાં હોય; સ્ત્રીઓએ તો સૌની આગળ નમતાં જ રહેવું પડે છે – વિનયમાં રહેવું પડે છે. મર્યાદા જાળવવી પડે છે અને "મર્યાદા"નું નક્કર રૂપ છે ઘૂમટો-લાજ.

પણ બીજું ગીત આપણી સામે વધારે ગંભીર સવાલો ખડા કરે છે. (ગીત-૫૪)

*"લીલી ઈંઢોણી હીરની રે,*
*મને પાણી ભર્યાની ઘણી હોંશ રે... લીલી..."*



આ ગીત જાણે વહુવારુ પોતે ગાય છે અને પોતાના કુટુંબના સભ્યો જોડે પોતે કેવો સંબંધ રાખશે – કેવો વ્યવહાર રાખશે – પોતાનું આચરણ કેવું હશે તેની વાત કરે છે. "લીલી લીલી ઈંઢોણી હીરની રે..." લીલી, રેશમી ઈંઢોણી લઈને પાણી ભરવા હોંશે હોંશે જતી આ વહુને સાંકડી શેરીમાં એક પછી એક સગાં (સાસરિયાં) સામાં મળે છે. આ શબ્દ જુઓ – "સાંકડી શેરી." એવી જગ્યા જ્યાં આઘાંપાછાં ન થવાય, જ્યાં એક વાર સામસામે આવી ગયાં પછી બીજાને જગ્યા કરી જ આપવી પડે ને વહુએ પોતાની જગ્યા સમજી લેવાની છે – પોતાનું માપ સમજી લેવાનું છે. સામે જે કોઈ મળે તેની સાથે કેવી રીતે વર્તવું એ કાળજી લેવાનું છે. એ એક પછી એક વર્તનનો પ્રકાર વર્ણવે છે. એમાં સાસુના પગે પડવાનું છે, જેઠ આગળ ઝીણું બોલવાનું છે, દેરની મજાક કરી શકાય છે, નણંદીનું માથું ગૂંથી આપવાનું છે ને સસરા સામે આવે ત્યારે લાજ કાઢવાની છે... ને આ બધું કરવાની એને હોંશ છે. બધું હોંશપૂર્વક-ઉમંગથી-ઉલ્લાસભેર અંતરનાં (સ્વ) ઉમળકાથી કરવાનું છે !

લોકસાહિત્યના બીજા અભ્યાસગ્રંથોમાંય આ ગીતનો વારંવાર ઉલ્લેખ થતો જ હોય છે. એક સ્થળે આ ગીતનું ઉદાહરણ ટાંકીને એમ પણ કહેવાયું છે કે આવાં ગીતો સ્ત્રીઓએ સમાજમાં કેવી રીતભાતથી રહેવું જોઈએ – કેવા માનમરજાદ જાળવવા જોઈએ એની આચારસંહિતા(code of conduct)ના પાઠ ભણાવે છે ! પ્રશ્ન એ છે કે આવા બોધપાઠો ફક્ત સ્ત્રીઓ માટે જ શા માટે ? ઉપરથી આવાં ગીતો "પરંપરાનો વારસો", "કુળની મર્યાદાના" નામે સ્ત્રીઓ ઉપર લાદવામાં આવે છે એવું નથી લાગતું ? સ્ત્રીઓને પોતાને "ખરેખર" આવી "હોંશ" થતી હશે કે પછી : આવું નહીં ગાઉં, વર્તું – નહીં જીવું તો કુટુંબમાં મારી સલામતી શી ? એવા ડરથી-આશંકાથી એ આવાં ગીતોની ગાનારી બહેનોને "પોતાને" કંઈ કહેવાનું હશે ?

વરસો જૂની આ વડીલશાહીના વારસામાં ગીતો સમેટતાં પહેલાં એક બીજું બહુ જાણીતું લોકગીત જોઈ જવા જેવું છે : (ગીત-૫૫)

*"સાસુજી ! ઘડુલો ફૂટ્યો વહુ રે કેમ કરતા ફૂટ્યો."*

વહુવારુ સાસરીપક્ષનાં એક એક સભ્ય સાથે સંવાદ કરે છે. પોતાનાથી કંઈક થઈ ગયું છે. વહુ એ કેટલી નિખાલસતાથી જણાવી દે છે તે જુઓ : "સાસુજી ! ઘડૂલો ફૂટ્યો." સામે સાસુ પૂછે છે : "વહુ રે ! કેમ કરતાં તૂટ્યો" ને વહુ બિચારી સાચું કારણ પણ જણાવી દે છે – કશું છુપાવતી નથી. એને માટે આ નજીવું નુકસાન છે પણ એને શી ખબર કે આટલી સરખી ભૂલની આવડી મોટી સજા મળશે ? – સાસુ તો ફરમાવી દે છે : "વહુ રે ! ઘરમાંથી જાવ !" કેવી હાલત છે આપણી વહુઓની ? જાણે આ એનું "ઘર" જ નથી ! શાસ્ત્રો – સમાજના મોવડીઓ – માધ્યમો – બધાં ઢોલ વગાડી વગાડીને ગાયાં કરે છે, "સ્ત્રી તો ડોલીમાં (કન્યા જે વેલ/પાલખીમાં બેસીને સાસરે આવે છે) એક વાર સાસરે આવે તે પછી ઠેઠ એની ઠાઠડી બહાર જાય !" ને બીજી બાજુ આ શું ? પેલી કહેવતમાં સ્ત્રીનું અતિશય દમન અને આ વહેવારમાં પણ અપાર શોષણ ! આ સમાજવ્યવસ્થાએ સ્ત્રીની કેવી ત્રિશંકુ અવસ્થા કરી મૂકી છે !

નહીં ઘરની, નહીં ઘાટની ! આ ગીત જ નહીં – કંઈક નાનીમોટી ભૂલ થાય કે તરત હુકમ છૂટે છે "જા, તારે પિયર જા... !" બસ આમ જ સાસુજીનું ફરમાન છૂટે છે, પણ વહુ ભલી છે. એને હજી આશા છે કે આ ઘરના વડીલ તો મને આમ નહીં ધુતકારે ! એ જ આશાથી એ કહે છે, "હમણાં જઈશ, તમણાં જઈશ, મારા સસરા આવશે ત્યારે જઈશ." ને સસરા આગળ પછી ભોળાભાવે પેલી વાત મૂકે છે. પણ સસરા તો ખરા કર્તાહર્તા નીકળ્યા ને એમ જ હોય છે ! મોટા ભાગે વહુ સાથે કંઈ જ ન બોલનાર સસરો, આવે વખતે મૂળ સ્વરૂપ બતાવી દે છે. "લાખનું લાખેણું બેડું, અડધું તો ચતરામણ બેડું..." 'કેવું કીમતી બેડું હતું, કેવું કલાત્મક બેડું હતું અને તેં તોડી નાખ્યું ?' વહુ રે ઘરમાંથી જાવ..." થયું ! હવે વહુનું કોણ ? ઘરના વડીલ જ આમ કઠોર-ક્રૂર વર્તન કરતા હોય ત્યાં બીજા ઉપર શી આશા ? ને એમ જ થાય છે – વહુની આશા લંબાય છે – જેઠ પોતાને ન્યાય કરશે એવા વિચારે ફરી જેઠને કહે છે, પણ જેઠ પણ એક હુકમ છોડે છે. આ સઘળાં પિતૃસત્તાનાં પૂતળાં છે. એ તો વળી પરંપરાથી વિરુદ્ધ જઈને વિચારતાં હશે ? બેડાની કિંમતમાં અતિશયોક્તિ લાગે પણ એ બેડું કદાચ માત્ર બેડું નથી – સસરાની આબરૂ-પ્રતિષ્ઠાનું પ્રતીક છે ને વહુથી આવું કાંક થયું છે કે પ્રતિષ્ઠા ભાંગી છે એનું આ પરિણામ છે – તિરસ્કાર છે. પણ પિતૃસત્તાના ખારપટમાં મીઠી વીરડી જેવું એક જણ છે – વહુનો પરણ્યોજી – પતિ ! ને ત્યાં સ્ત્રીની આશા ફળીભૂત થાય છે – પતિ આગળ વાત પહોંચે છે ત્યારે એ એકલો કહે છે કે "ગોરી રે ! ઘરની વચ્ચે રો !" આ એનો પ્રેમ છે, એની હિંમત છે, પિતૃસત્તાને પડકારવાની તાકાત છે. આ તાકાતની પાછળનું પરિબળ છે બંને વચ્ચેનું ઐક્ય ! એ કયા નામે પત્નીને બોલાવે છે તે જુઓ – 'ગોરી' પોતાની પત્નીને મીઠાશથી, જાણે એકાંત ગોઠડી કરતો હોય એવા હેતથી સંબોધે છે – "ગોરી રે ! ઘર વચ્ચે રો !", "ઘર વચ્ચે" શબ્દમાં કેવી હૂંફ છે – કેવી સલામતી છે ! સ્ત્રીને આ પ્રેમ – આ હૂંફ – આ સલામતી માટે સદીઓથી કેટકેટલું સાંભળવું પડ્યું છે... વેઠવું પડ્યું છે – રિબાવવું પડ્યું છે... અરે, મરવુંયે પડ્યું છે !

ગીતના 'અંત' વિશે વાત કરીએ છીએ ત્યારે 'પતિ'ની ભૂમિકા વિશે બે વાત કરી લઈએ. આ ગીતની જેમ જ, બીજા કેટલાંક ગીતોમાં પણ સ્ત્રીનો હાથ છેવટે પતિ જ ઝાલે છે – મદદે આવે છે – એનો અંતિમ આધાર એ જ પુરવાર થાય છે. દા.ત., "મોરલી તે ચાલી રંગરૂસણે", કે પછી 'વીંછૂડો' કે પછી "કેર કાંટો વાગ્યો..." આ ગીતોમાં સાસરીપક્ષના સર્વે સગાં શોષણકર્તા તરીકે પ્રગટ થાય છે પણ પતિ સ્ત્રીની ભેર તાણતો બતાવાયો છે. પણ આ શું બતાવે છે ? પુરુષો – ખાસ કરીને યુવાન પુરુષો, નવા જમાનાનો શિક્ષણનો – પ્રગતિશીલતાનો કાંઈકેય પ્રકાશ પામેલા પુરુષો ધારે તો પિતૃસત્તાનો મક્કમ સામનો કરી શકે. પરંપરા તોડવી હશે, સ્ત્રીઓના શોષણના સદીઓ જૂના પ્રવાહને ક્યાંક રોકવો હશે તો આવા યુવાનોએ આગળ આવવું જ રહ્યું. પોતાનું આંતરિક કૌવત બતાડવું જ રહ્યું.

બહેતર સમાજવ્યવસ્થામાં સ્ત્રીપુરુષની સમાનતા, સાથ, સહકાર અને સ્નેહ... બધું જ જરૂરી છે. સ્ત્રીઓનું શોષણ અટકાવવા, સ્ત્રીઓનો પક્ષ લેવા આખીય



પુરુષજાતને પિતૃસત્તાની 'કઠપૂતલી' માની લઈને આક્ષેપાત્મક વલણ રાખવાથી કે સતત નકારાત્મક રીતે જ જોયા કરવાથી નહીં ચાલે. પુરુષજાત કંઈ "દુશ્મન", "સામેવાળા" – "એ લોકો" નથી ! સંસારની ગાડીનું બીજું પૈડું છે. બંને પૈડાં સરખાં નહીં હોય, સાથે એક તાલે નહિ ચાલતાં હોય તો સંસાર કેમ કરીને ચાલી શકવાનો છે ? એ માટે આવાં ગીતો, આવા સંદેશ, આવા મુદ્દાને પ્રકાશમાં લાવવા જ જોઈએ. ગીતની ગાનારી બહેનોનું ધ્યાન પણ આવા "મીઠા વિસામા" ભણી ખેંચવું-ખેંચાવું જોઈએ નહીં તો જાણે લોકગીતો શોષણનાં માધ્યમો જ છે એવી કંઈક ધૂંધળી આબોહવા સરજાશે !

## સ્ત્રીની જાતીય લાગણીઓ અને માંગણીઓ દર્શાવતાં ગીત

પતિ-પત્ની વચ્ચેના મીઠા-સંબંધની વાત, પરસ્પર વિશ્વાસ અને ભરોસાની વાત શરૂ થઈ જ છે, ત્યારે સમાજમાં સ્ત્રી પોતાની કામના, પ્રેમ પ્રગટ કરવાની ઇચ્છા, જાતીય ઝંખના કેવી રીતે પ્રગટ કરી શકે છે એ મુદ્દો તપાસવો જોઈએ.

ખાસ કરીને, ભારતીય-હિંદુ સંસ્કૃતિમાં અને સમગ્ર રીતે જોતાં ભારતીય સમાજ પરંપરામાં પુરુષો હોય કે સ્ત્રી – જાતીય ઇચ્છા ખુલ્લેખુલ્લી પ્રગટ કરવા ઉપર એક જાતનો જાતે જ ઊભો કરેલો પ્રતિબંધ છે. જે સંસ્કારવશ સંકોચને કારણે ઊભો થતો હોય છે પણ બીજી તરફ પારંપરિક રીતે પણ "આવું તેવું" ઉઘાડે છોગ જણાવી શકાતું નથી – આમેય સ્ત્રીઓ દ્વારા તો આવી લાગણી કે માંગણી પ્રગટ થાય જ શાની ? આથી જ; આપણા દેશના સાહિત્ય-ચિત્ર-નૃત્ય-સંગીત આદિ કળાઓમાં માનવસમાજની જાતીયવૃત્તિઓ વ્યક્ત કરવા જાતજાતનાં પ્રતીકો વપરાતાં હોય છે. પ્રતીકાત્મક અને આડકતરી ભાષા વપરાતી હોય છે. ફૂલનું મધ ચૂસતો ભમરો, ચાંચમાં ચાંચ પરોવતા પંખીઓ, નાગનો ડંખ, વીંછીનો આંકડો, કળી ખીલે ને ફૂલ બને તે, કરમાયેલાં ફૂલ, કૂવો ને રાશ, વાંસનો અંકુર વગેરેના ઉલ્લેખો દ્વારા જાતીય અંગો અને ઇચ્છા તેમજ ઇચ્છાતૃપ્તિના ઇશારા કલાઓ દ્વારા રજૂ થાય છે. જાણીતું રામ-સીતા સંવાદનું લોકગીત પણ રામ-સીતાના ઓઠાં હેઠળ સ્ત્રીપુરુષની જાતીય લીલાનું જ સરસ વર્ણન છે. (ગીત-૫૬)

*"લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યાં જો !*
*ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યાં જો !"*

જોકે ક્યારેક, અમુક વિસ્તારના – અમુક સમાજમાં કશો જ છોછ રાખ્યા વગર ગીતો દ્વારા જાતીય લાગણી પ્રગટ કરાતી હોય છે. કેમ કે લોકમાં દંભ નથી હોતો, છુપાવવાની કે પછી ગુનો કરતાં હોય એમ રસ માણવાની બેવડી નીતિ નથી હોતી. કહેવાતા ઉજળિયાત સમાજ કરતાં કહેવાતો પછાત ગ્રામીણ સમાજ કુદરતી ઇચ્છાઓની અભિવ્યક્તિની બાબતે મુક્ત અને નિખાલસ વલણો અપનાવે છે; એ એક

ઉલ્લેખનીય અને નોંધપાત્ર હકીકત છે.

આપણા સંગ્રહમાં પણ સ્ત્રીની જાતીય લાગણીઓ રસમય રીતે પ્રગટ કરતાં કેટલાંક ગીતો છે. કેટલાકમાં પ્રતીક યોજના છે તો કેટલાંક નિખાલસભાવે ગવાયાં છે. "વીંછુડા"નું લોકપ્રિય ગીત જાણીતું છે. આ ગીતમાં કરેલી કલ્પના જુઓ (ગીત-૫૭).

*"મારી સોનાની સોપારી રે, અરરર... ઓય ઓય વીંછુડો"*

આમ તો "સોપારી" પુરુષના જાતીય અંગનું પ્રતીક છે પણ એને જ્યારે "મારી" કહે છે "સોનાની સોપારી" ત્યારે જાતિ બદલાતી લાગે છે. ને પછી "હું છાણા વીણવા ગઈતી રે... મને વીંછુડે ચટકારી રે..." અહીં વગડામાં – બહાર – સીમમાં – એકાંતમાં થયેલા જાતીય અનુભવની વાત છે, સ્ત્રીઓને મોટે ભાગે તો ઘરના ઉંબરાની બહાર નીકળવા માટે 'પણ કામકાજનું બહાનું હોવું જોઈએ. કહો કે કામકાજ હોય તો જ સ્ત્રી ઘરની બહાર નીકળી શકે ! છાણાં-ઈંધણાં વીણવા, પાણી ભરવા, લણવા-નીંદવા, ચાર લેવા... આમ કામના નિમિત્તે જ મુક્તિ મળે !

હકીકતમાં જાણવા-સાંભળવા-વાંચવા મળતા કિસ્સાઓમાં આવા કામકાજ સારું વગડાના – સીમના એકાંતમાં ગયેલી બહેનો ઉપર કહેવાતા ઉજળિયાત કે ગામના માથાભારે પુરુષો સહેલાઈથી જાતીય હુમલા કરતા જાણ્યા છે. સ્ત્રી એક "વસ્તુ" છે ને એને મનફાવે ત્યારે "વપરાય" એવી માનસિકતા ધરાવતા કેટલાક પુરુષો જેમાં એના જ વિસ્તારના કહેવાતા ઉજળિયાતો, એને કે એના વરના કુટુંબીજનોને મજૂરીએ રાખનારા મુકાદમો – વચેટિયા કે જૂની અદાવત ધરાવનારાં સગાંઓ, અથવા તો પછી ઘરમાં દૂધ પીતા સાપની જેમ છુપાયેલા સસરા-જેઠ-નણંદોઈ-બનેવી જેવાં સગાંઓ આવી તકનો લાભ લેવાનું ચૂકતા નથી હોતાં ! પણ અહીં એવા કોઈ "જુલ્મ" કે "શોષણ"નું ગીત નથી મળતું !

અહીં તો વાત જ જુદી છે. આ સ્ત્રીની "સ્વેચ્છા" કે "કામના"નું ગીત છે. જે વીંછીએ ડંખ માર્યો છે, તેનાથી તો સ્ત્રીને "અવળા-સવળા લૈર આવે છે" – લ્હેરિયાં – લ્હેરખી – મીઠી પીડા છે ! એ પીડાના વર્ણનમાં પણ સંકેત છે અને પીડા દૂર કરવાની માંગણીમાં પણ સંકેત છુપાયો છે. પોતાને ચટકેલા વીંછીની "જાહેરાત" કર્યા પછી લોકગીતની પરંપરા પ્રમાણે સગાંને જાણ કરવાની વાત થાય છે. અહીં સૌથી પહેલાં દાદાને જાણ કરવાનું કહે છે. દાદા દીકરીનું દુઃખ સમજે તેવા છે. દીકરીનો બાપ (દાદા ?) પ્રત્યેની, બાપ(દાદા)ની પુત્રી પ્રત્યેની અતૂટ અને ઊંડી લાગણી આ પંક્તિમાંથી પ્રગટ થાય છે : "મારા દાદા દુઃખડા લેશે, મારા દાદા વૈદડા લાવશે." દીકરીના "દુઃખડા" લેનાર આ દાદાનું ચિત્ર કેવું હેતાળ ભાસે છે ? આગળ સાસરિયાં-પિયરિયાંની સરખામણીનાં ગીતો જેવો સંદર્ભ અહીં પણ છે : "મારા સસરાને તેડાવો" પરંતુ "મારા સસરાના વૈદડા ખોટા...!" પણ અહીં એ સરખામણી કરતાં મોટો સવાલ એ છે કે ખરેખર આ વીંછીનો ડંખ કોણ ઉતારશે ? પીડા કોણ હરશે ? સ્ત્રીની ઈચ્છા કોણ સંતોષશે ? ત્યારે એની સહિયરો કહે છે કે "ઈના પરણ્યાને તેડાવો રે... એના પૈણ્યો વીંછુડો ઉતારશે રે..." પરણ્યો પતિ જ આ વીંછીનું ઝેર ઉતારી શકે તેમ છે કેમ



કે "ઝેરનું મારણ ઝેર". સ્ત્રીની ઈચ્છા પતિ જ પૂરી પાડેને ? આવું ગીત "અભિનયગીત" તરીકે ગવાતું હોય છે. ચોફેર બહેનો હીંચ લે, વચ્ચે મુખ્ય ગાનારી બહેન જાણે વીંછી ચટક્યો હોય એમ ધ્રૂજવાનો – ઝેર ચડવાનો અભિનય કરતી જાય ને સંવાદ ચાલે, છેવટની કડી સખીઓ ગાય અને સ્ત્રીના અંતરની વાત – હૈયાના કોડને વાચા આપે.

"વીંછુડાને" લગતું જ આવું બીજું ગીત પણ છે જેમાં સ્ત્રીને વીંછુડાનો ડંખ લાગ્યો છે – એની કામના જાગૃત થઈ ઊઠી છે. (ગીત-૫૮)

*"વનરા તે વન એક ગાવલડી પોદરા ઝાઝા કરે જો*
*છોકરી ગઈતી છાણાં વીણવા વીંછુડે ચટકાઈ જો*
*હાથના હલ, પગના હલ, જબરી કરી નાંખી જો..."*

આમ હાથ-પગ જડ થઈ ગયા છે. મૂઢ થઈ ગયેલી કોડીલી કન્યાનું મન બસ એક જ ઝંખના કરે છે... "વીંછુડાના વૈદડા તેડાવો, વીંછુડા ઉતરાવો જો"... ને પછી સ્વાભાવિક રીતે જ વીંછુડાના વૈદ બનીને એનો પતિ/પ્રીતમ આવશે ને ઝેર ઉતારશે એવા મતલબનું આ ગીત પણ આગલા ગીતની જેમ જ પતિને ઝંખે છે.

સામાન્ય સ્ત્રીઓને પણ આ જ ભાષામાં ઈચ્છા વ્યક્ત કરવાની હશે પણ આ "છાણાં વીણવા"નો ઉલ્લેખ ખાસ શ્રમિક – દલિતબહેનો – ગ્રામીણબહેનોની સાથે સંકળાયેલ છે. એટલે આ પરિભાષા મોટાભાગે દલિતબહેનોની હશે. આ સમાજમાં નાનપણમાં કે કિશોરાવસ્થામાં કરાવેલ લગ્ન પછી દાંપત્યસુખ માણવાનું આણું આવે ત્યારે ! ને એ આણું આવતાં વખત લાગે. નાણાં-ઘરેણાં વગેરેની નક્કી કરેલી લેવડ-દેવડ થાય ત્યારે વડીલો નિર્ણય કરે એટલે યુવાન હૈયાં એકમેકને મળવા-હળવા સ્વાભાવિક રીતે જ તલસતાં હોય. ક્યારેક આછોપાતળો સ્પર્શ આદિ પણ અધુંઅધૂરું માણી ચૂક્યાં હોય – પેલો "વીંછુડો" ચટકી ચૂક્યો હોય – પરિણામે દેહ-મનની ઝંખના જાગી ઊઠી હોય અને એની તૃપ્તિ ક્યારે થશે એવો તલસાટ વધી ગયો હોય. આ લાગણીઓને "વીંછુડાના ઝેર" સિવાય કયા પ્રતીકથી વ્યક્ત કરાય ? આમ અડધું પ્રગટ કરીને ને અડધું છુપાવીને – દાદાને, પિતાને, સખીઓને જાણે સ્ત્રી એલાન કરી દે છે કે હવે આણું કરો-કરાવો... સાસરામાં પણ ઊંચુંનીચું કરો નહીં તો આ "ઝેર" જીરવાશે નહીં ! ખરેખર, આવાં ગીતો ન હોય તો પરંપરાએ જેને મૂંગા રહેવાની ફરજ પાડી છે તેવી સ્ત્રીઓની લાગણીને – માંગણીને વાચા કેમ કરીને મળે ?

સ્ત્રીની જાતીય ઈચ્છા કે મુક્ત ભાવનાનું પ્રતીકાત્મક નિરૂપણ કરતો એક જાણીતો ગરબો આપણા સંગ્રહમાં છે. (ગીત-૫૯)

*"ગરબરિયા કોરાવો, ગોરી ગરબે રમવા આવો જો..."*

આમ તો આ ગીત/ગરબામાં ગોરીને – સુંદર સ્ત્રીને ગરબે રમવા આવવાનું જાણે નોતરું અપાઈ રહ્યું છે. સંવાદ જેવું ગીત છે – એક જણ નોતરું આપે છે ને સામે પેલી ગોરી પોતે નહીં આવી શકે એવી પરિસ્થિતિનાં કારણો આપે છે. પેલું નોતરું

આપનાર કોણ છે ? ગવાય છે ત્યારે તો જાણે સખી-સૈયરો દ્વારા નોતરું અપાતું હોય એમ લાગે છે. "દેવજીભાઈની નાર મારા ગરબે રમવા આવો જો" એમ નોતરું મોકલાય છે ત્યારે દેવજીભાઈની નાર શું કહે છે ? "હું કેમ આવું એકલી, રાત છે અંધારી જો... !" આગળ વધતાં પહેલાં આ દેવજીભાઈની નાર શબ્દ ઉપર અટકીએ ? સ્ત્રીનુ નામ નથી – એ દેવજીભાની નાર છે ! આગવી ઓળખ ગુમાવી બેસતી આમ ઓરતની આ પ્રતિનિધિ છે ને એ કહે છે, હું એકલી ગરબે રમવા શી રીતે આવું ? રાત તો અંધારી છે ! ત્યારે નોતરું આપનાર કહે છે કે – રાત ભલેને હોય અંધારી ગોખે દીવા મેલો જો... ને પેલી નાર કહે છે – ગોખે દીવા મેલું તો નાની નણંદ બા જાગે જો – નાની નણંદ જાગે તો સાડીનું કપડું માંગે જો – અહીં શંકા જાય છે કે, આ તે કેવું નોતરું જ્યાં નાની નણંદ વિના જવાનું છે ? બાકી તો ગરબા ગાવા બધી સ્ત્રી સમુદાયને જવાનું હોય ! નણંદથી છાનું ક્યાં રમવા જવાનું હશે ?... ને હા, પછી તો નણંદને ચૂપ રાખવા કહેવાય છે કે સાડી ને કાપડું માંગે તો કેડિયું ને કબજો લાવી દો... એક કહેતાં બે ભેટ આપજો પણ એને છાની રાખીને ગરબે રમવા આવી જજો. આવો કયો અવસર હશે જ્યાં છાનુંમાનું જવાનું હશે ? એટલે જ પ્રશ્ન થાય છે કે આ રમવાનું કંઈક બીજું હશે ? નોતરું આપનાર કોઈ સહિયર નહીં પણ કોઈ મનનો માનેલો હશે ? નણંદથી એટલે છુપાવીને જવાનું હશે ? ને વખત છે ને નણંદ જાગી જાય, જાણી જાય... તો એ તો નાની છે, સારાં સારાં લૂગડાં આપીને એને મનાવી શકાશે. ચૂપ રાખી શકાશે એવો આ ભાવ છે ? સ્ત્રીઓ જ્યારે ખરેખરો નિર્ણય કરે છે ત્યારે એને પાર પાડવા માટે ગમે તે સાહસ કરવા, ગમે તે રસ્તો લેવા તેયાર હોય છે, એ વાત અહીં આમ આડકતરી રીતે પ્રગટ થઈ છે, તે જ મહત્ત્વનું છે.

એક બીજું, જરાક વિશિષ્ટ લાગતું રમત ગીત મળે છે તે જોઈએ તો રમતનો એક અન્ય અર્થ પણ પકડાશે. (ગીત-૬૦)

*"આંબલી પીપળી રમતાં જસુબેન, ત્યાં ચંદુભાઈ નીસર્યા રે લોલ..."*

નાની, કિશોરી કન્યા આ જસુબહેન હજી તો આમલી-પીપળી રમે છે. ત્યાં ચંદુભાઈ પસાર થાય છે. જમાઈ કહ્યો છે તેથી ચોક્કસ કાં તો સગાઈ થઈ ગઈ હશે, કાં તો લગ્ન ને આણાની વાટ જોવાતી હશે એવો સમયગાળો હોવો જોઈએ. જ્યારે ચંદુ જમાઈને એની સાથે રમવાનું મન થાય છે ને જરાક ધમકી સાથે, દાદાગીરી સાથે, મીઠા દબાણ સાથે કહે છે કે રમત રમાડો નહીં તો બાજી બગાડસું ! બાજી બગાડવાની વાત કરે છે... કઈ બાજી ? ને કઈ રમત ? સ્પષ્ટ છે, ચંદુ જમાઈ હવે જસુ વગર રહી શકે તેમ નથી ને જસુ જો આનાકાની કરે તો બાજી બગાડવાની તૈયારી છે ! પણ જસુ શું કહે છે ? – અમે સે બાળકુંવારા રે લોલ ! તો ચોખ્ખી વાત છે – આ રમત તે જાતીય સંબંધનો ઈશારો કરે છે. ને પછી ચંદુ જમાઈ પૂછપરછ કરે છે. જેના જવાબમાં ગાંફના બેચરભાઈની પોતે દીકરી છે તેમ જસુબહેન ઓળખ આપે છે ! સામે પોતે પણ ચંદુને પૂછી લે છે એનું ઠામ-ઠેકાણું ને ચંદુ પણ જવાબ આપે છે. કમિયાળાના આલજીભાઈનો પોતે દીકરો છે ને ચંદુકુમાર નામ છે !



સ્વાભાવિક છે કે આ ગીત તો સ્ત્રીઓ જ સમૂહમાં ગાતી હોય છે ને પરણનારના નામ આ રીતે યોજીને ગીત રચતી હોય છે. જેમાં પરસ્પર રમવાનો – રમાડવાનો ઉલ્લેખ કરીને મનોકામના વ્યક્ત કરતી હોય છે. બીજું-ત્રીજું પડ ઉખેળીએ તો ગીતમાંથી આવા આડકતરા સંદર્ભો બહાર આવે છે. બાળલગ્ન, આણાનો રિવાજ, ક્યારેક મળી જતાં કિશોર-કોમળ વર-વહુ ને એમની વચ્ચે જાગતી રમવાનો તલસાટ... આ બધું આવાં રમૂજી છતાં મોઘમ ગીતોમાં વ્યક્ત થતું હોય છે. કુંવારી છોકરી અલબત્ત, પરપુરુષ સાથે ન જ રમે તેથી આ ગીત અગાઉ લગ્નોથી બંધાઈ ચૂકેલા છતાં હજી ઘરસંસાર શરૂ થવાનો બાકી હોય તેવા, જાતીયજીવનની શરૂઆત માટે ઉત્સુક દંપતિના મનોભાવોનું ગીત છે. એ સ્વાભાવિક રીતે પુરવાર થાય છે.

આ વિસ્તારમાં (દલિત સમાજમાં બાળલગ્ન અંગે શી સ્થિતિ છે તે ગીતોમાંથી તો ઝાઝું સ્પષ્ટ થતું નથી. એક જ ગીત બાળલગ્નનો ઉલ્લેખ કરે છે ને તે પણ આડકતરો. (ગીત-૬૧) તેથી ઓછામાં ઓછું એટલું કહી શકાય કે દલિત સમાજમાં (અથવા તો પછી જેમની પાસેથી આ ગીતો મેળવ્યાં છે તે સમાજમાં) બાળલગ્ન લગભગ નાબૂદ થઈ ગયા છે. શિક્ષણ, આધુનિકરણ, પ્રગતિશીલતા અને સમાજપરિવર્તનનું આ એક મહત્ત્વનું ચિહ્‌ન છે. આ ગીત પણ હાલમાં (વિસ્તાર-કોમ) ક્યાં ગવાય છે એ સ્પષ્ટ છે, છતાં એક મહત્ત્વના રિવાજના પડછાયાનું પ્રતિનિધિ હોવાથી એને પણ તપાસવું અગત્યનું છે.)

પંક્તિ બહુ સુંદર વર્ણનાત્મક – ભાવમય છે :

*"ચોરીના થંભે નીંદરડી આવે, બાળેકડા પરણાવીયા"*

પછી કન્યાના દાદા (પિતા ?), માતા, વીરના નામ લઈ લઈને એમને બિરદાવાયાં છે. "ઘણું જીવો બહેનના દાદા/માતા/" વગેરે... તે પછી એક વેધક પંક્તિ છે "મોટાં થયાને વિસારી મેલ્યાં !" આ કન્યાને કહેવાય છે – કન્યાવિદાય વખતે કહેવાય છે એવું જણાય છે. બાળપણમાં લગ્ન થઈ ચૂક્યાં હશે, હવે આણું આવ્યું છે, સાસરે મોકલવાની ઘડી આવી પહોંચી છે. જે દીકરીને ઉછેરીપાછ઼ીને, હેતપ્રેમથી, લાડકોડથી મોટી કરી છે તે દીકરી હવે મોટી થઈ છે, સાસરે જાય છે... ત્યારે આ સર્વે પિયરમાંની માયા એને ભૂલી જવાની છે એનો ઈશારો છે આ કન્યા વિદાયના ગીતમાં. છે તો કન્યાવિદાયનું ગીત પણ વારંવાર થયેલા "બાળકડા પરણાવીયા" કે "નાનકડા પરણાવીયા"ના ઉલ્લેખથી બાળલગ્નોનો ઈશારો પણ મળે જ છે.

ભારતીય હિંદુસમાજમાં એક યા બીજા કારણસર, આજે પણ એક કરતાં વધુ લગ્ન કરવાનો ચાલ છે જ. દ્વિપત્નીધારો કે નારીમુક્તિ આંદોલન... કશાની ઝાઝી પડી રાખ્યા વગર, પિતૃપ્રધાન સમાજમાં સંતાન માટે, પુત્ર-સંતાન માટે કે પછી અંગત આકર્ષણને કારણે પુરુષો એક ઉપર બીજી કરતા જ રહ્યા છે.

આદિવાસી, દલિત અને ખ્રિસ્તીધર્મ અંગીકાર કર્યા પછીના આદિવાસી અને દલિત સમાજમાંથી પણ આ રિવાજ હજી સો ટકા નાબૂદ થઈ શક્યો નથી.

જોકે આપણા સંગ્રહમાં સ્ત્રીના આ પ્રકારના શોષણને પ્રગટ કરતાં ગીતો ખાસ

જડતાં નથી. ફટાણામાં વેવાણની ટીકા કરતાં કે વર/અણવર/કન્યાના દિયરની મજાક કરતાં આ રસમનો ઉલ્લેખ થયો છે એટલું જ. અહીં પણ ફટાણાંમાંથી જ તારવીને, એક વર બીજી સાથે પરણે છે, તેવું ચર્ચવું મુનાસિબ ધાર્યું છે. (ગીત-૬૨)

*"મારી પૈસાની પેટી મારે પ્રેમ ચડી..."*

નવી પત્ની કરવા સાથે આ પૈસાની પેટીને શો સંબંધ હશે ? આ સમાજમાં તો કન્યાના પૈસા આપવા પડે છે – તે પૈસાની પેટી પ્રેમમાં પડીને કંઈક હઠે ચડી છે એવો કંઈ ઈશારો હશે ? ખેર, મુદ્દાની વાત બીજી પંક્તિમાં છે – સુનીલભાઈ નવી ગોરી લાયા ! ને તરત જ જાણે બહેનો જમાનાજૂનું સત્ય ઉચ્ચારે છે : "નવી નવ દહાડા રહેશે !" અહીં એવું લાગે કે બહેનોને આ લગન સામે વિરોધ છે તેથી આ કહેવત ગાઈ આડકતરો વિદ્રોહ જાહેર કરે છે... ને આગળ કહે છે "જૂની જનમારો રહેશે" ગમે તે કારણ હોય, પુરુષે બીજી પત્ની કરવી અમાનવીય વહેવાર છે. પેલી પ્રથમ પત્ની, ચોરીમાં ચાર ફેરા ફરતી વખતે એની સાથે આખી જિંદગી રહેવાની પ્રતિજ્ઞા લઈને પેઠી છે આ ઘરમાં... અને જાકારો દેવાશે ? બહેનો જાણે જૂની સ્ત્રીની – વંચિત અને અન્યાયનો ભોગ બનેલી સ્ત્રીનો પક્ષ લેતી હોય એવું લાગે છે.

પણ ત્યાં બીજી પંક્તિ કંઈ બીજું જ કહે છે : "સરોજ ખૂણે બેસી રડે !" કોણ છે આ સરોજ ? નવી સ્તો ! ને તેથી જ પૂછપરછ ચાલે છે : "સરોજ શીદને રડે છે ?" સ્વાભાવિક છે કે સરોજને – નવીને લાગે છે કે એને છેતરવામાં આવી છે ! જૂની હોવા છતાં સુનિલ એને લઈ આવ્યો છે ! એ રડે નહીં તો બીજું શું કરે ? ને તરત બહેનો એને પણ આશ્વાસન આપે છે : "જૂની જાતી રહેશે !!!"

ફટાણું છે – મજાકમાં બે પક્ષ પડ્યા હોય ને ગવાતું હોય તો જુદી વાત છે, બાકી એક જ જૂથ આ ગીત ગાતું હોય તો જરૂર પ્રશ્ન થાય છે – કોનો પક્ષ લે છે આ બહેનો ? નવીનો કે જૂનીનો ? માની લો કે સામસામી ટુકડીમાંયે ગવાય છે ને મજાક આગળ ચાલે છે તોપણ પ્રશ્ન તો એનો એ જ રહે છે – કોનો પક્ષ લેશે આ બહેનો ? નવીનો કે જૂનીનો ?

પરંપરાના પઢાવેલા પાઠ પઢતી આ બહેનો એક પળ ઊભી રહીને વિચારે કે, ધારો કે એ પોતે – આ બેમાંથી એક – નવી કાં તો જૂની હોય તો એમની શી દશા ? સમાજે કયું સ્થાન આપ્યું છે આ સ્ત્રીને ? નવીને ને જૂનીનેય તે !!!

પોતાના સમાજની અને સ્ત્રીસમુદાયને જ લગતી આવી સમસ્યાઓને આમ હળવાશથી હસી કાઢવાનું શું પ્રયોજન હશે ? બની શકે કે પુનર્લગ્નની છૂટ આપનારો સમાજ હોવાથી, જૂની માટે પણ નવી જિંદગીની તક છે, બીજાં લગ્ન કરીને ઠેકાણે પડવાનો રસ્તો છે એથી આ પ્રશ્ન ગંભીર ન લાગતો હોય ?

છતાં પણ, પોતે છે ને પતિ બીજી લાવે એ અપમાનજનક સ્થિતિને પણ જોનાર તરીકેય વધુ સહાનુભૂતિથી કે સમવેદનાથી આપણે ન જોવી જોઈએ ? સ્થિતિની બંને બાજુ રજૂ કરતી કહેવતો, સિક્કાનાં બંને પાસાં રજૂ કરતા આપણા રૂઢિપ્રયોગો આપણી દહીં-દૂધમાં પગ રાખવાની બેવડી નીતિ... વડીલશાહીની ભાષા જ છે ને આ ? આ



ભાષાને વારસો માનીને વધાવ્યા કરીશું કે એના વિશે કંઈક વિચારીશું ? નવેસરથી ?

આપણી પાસે એક નાનકડું ગીત છે – જમના ઝાંઝરિયું ! (ગીત-૬૩) અભિનય ગીત – રમતગીતની જેમ ગવાય છે. યુવતી જાણે રઢ લઈને બેઠી છે.

*"મેળે નથી જાવું માર... જમના ઝાંઝરિયું !*
*મળ્યું હોય તો આલો... જમના ઝાંઝરિયું !"*

ત્યારે બીજી સખી/ સામો પક્ષ જવાબ આપે છે – મેં નથી ભાળ્યું તારું, જમના ઝાંઝરિયું... વળી પેલી ટુકડી / સખી કહે છે – રસ્તામાં ખોવાયું મારું જમના ઝાંઝરિયું. અહીં સુધી આવતાં તાળો મળે છે કે સ્ત્રીનું કશુંક ખોવાઈ ગયું છે – આડે મારગે ખોવાઈ ગયું છે... અને એ નહીં જડે ત્યાં સુધી મેળાની મજા માણવી નથી... એના વગર મેળાની મજા સૂની છે ! – શું છે આ ઝાંઝરિયું ? એનું હૈયું ? એનો મનનો માનેલો ? કે પછી એવા મનના માનેલાએ ભેટમાં આપેલું ઝાંઝરિયું... કે જે પહેરીને મેળામાં આવવાનો મળવાનો વાયદો એણે આપ્યો હોય ? જરૂર કોઈ મોંઘામૂલી ચીજ છે જે એ ખોઈ બેઠી છે ને હવે સખીઓ આગળ વ્યક્ત કરે છે ! ઓછું હોય તેમ, એમાંની જ એક સખીનું નામ દઈને કહે છે – મણચી(કી)ને જડ્યું મારું જમના ઝાંઝરિયું – શું મતલબ હશે આ પંક્તિનો ? મણકી સાથે મીઠી હરીફાઈ ? ને એટલે જ એનો આગ્રહ વધી જાય છે – વિનવણી કરે છે – જડ્યું હોય તો આલ... ને છેવટે લાચાર થઈને માંડી વાળવું પડે એવી હાલત થાય છે ત્યારે ગાય છે – "જડ્યું હોય તો આલ, નઈતર કરું કલ્યાણ... મારું જમના ઝાંઝરિયું !"

આવા નિર્દોષ, રમતિયાળ ગીતોમાં સ્ત્રીના છાના કોડ, છાના સંબંધો અને એમાં મળતો સહિયરનો સાથ... સહીપણાં – બહેનપણાં – આજે નારીવાદી પરિભાષામાં જેને sisterhood (સિસ્ટર હૂડ) કહે છે એવી એકતા અને સહકારની એંધાણી મળે છે.

આપણા ગ્રામીણ સમાજમાં – ખાસ કરીને શ્રમજીવી સ્ત્રીઓ વચ્ચે આવું સહીપણું એક સ્વાભાવિક લક્ષણ છે. એમનું જીવન એકમેક સાથે સંકળાયેલું રહેતું હોય છે. (સાથે સાથે) મહેનતમજૂરી કરે છે, સાથે સાથે નવરાશની પળો માણે છે, સાથે સાથે વારતહેવાર ઊજવે છે ને સાથે સાથે પીડા ને દુઃખ પણ વેઠે છે. એકમેકનાં સ્મિત અને આંસુને એ બરોબર ઓળખે છે કેમકે એ એમની સહિયારી મૂડી છે – ને એ મૂડી પ્રગટ થાય છે આવાં ગીતોમાં !

આવા જ સહીપણાનું એક બીજું ગીત પણ આપણી પાસે છે. (ગીત-૬૪)

*"કોરું કંકુ શીશી ભરેલ, મંઈ અત્તરનો વાસ...*
*ખોડિયું મારું ખાલી પડ્યું ને જીવ છે બેની પાસ."*

મૂળમાં સાસરે વિદાય થતી કન્યા અને એની બહેનપણીઓ વચ્ચે ગવાતું ગીત છે, પણ નવા સંદર્ભમાં ગવાય છે એ પણ અનોખો સંદર્ભ છે – પુસ્તકના અંતે એના વિશે વિગતવાર વાત કરવાના છીએ – મહિલામંડળની શિબિર પૂરી થાય ત્યારે

શિબિરમાં ભાગ લેનારી બહેનો, શિબિર ચલાવનાર બહેનોની વિદાય લેતાં ગાય છે.

ગીતની શરૂઆત પણ જાણે બે પ્રકારનાં સ્ત્રીજૂથોની ઓળખ આપે છે : "કોરું કંકુ શીશી ભરેલ, મંઈ અત્તરનો વાસ..." કંકુ સાથે અત્તરની મહેંક ! કંકુ સ્ત્રીનું ચિહ્ન ને અત્તર પણ સૌન્દર્યની સાથે જડાયેલું... સુગંધ અને સુંદરતા... બન્ને સાથે ! મૈત્રી પણ એવી સખીઓની – જે સુંદર પણ છે અને સુગંધ જેવી ટકાઉ પણ ! કંકુમાં લાલ રંગનું સૂચન છે. લાલ રંગ સ્નેહનો-આકર્ષણનો-કસુંબીનો – એકમેક ઉપર ઓળઘોળ થઈ જવાનો રંગ છે.

મૂળ ભાવને આગળ ચલાવીએ તો કન્યાની આ સહિયરો સાથેની મૈત્રી આવી જ અતૂટ-ટકાઉ-સુંદર અને સુગંધમય છે. એકમેક માટે ન્યોછાવર થઈ જવાની ભાવના છે. બાળપણાંની, સહીપણાંની વાત છે ભવોભવનાં સગપણ કરતાંયે એનું બંધન અનોખું છે.

ગીત આગળ ચાલે છે : 'ખોળિયું મારું ખાલી પડ્યું ને જીવ છે બેન પાસે.' સાસરે જતી કન્યાનો મનોભાવ આબાદ રીતે વ્યક્ત થાય છે. ને પછી આ વળતાંનાં વળામણાં આગળ ચાલે છે : અવાશે તો અમે આવશું, એ તમને છેલ્લે છેલ્લા જુહાર... કન્યા સાસરે જાય પછી પાછાં આવવાનું ક્યાં એના હાથમાં હોય છે ? જોકે અહીં એ નોંધવું જોઈએ કે આ કહેવાતા ઉજળિયાતોની આ બહેનો ઉપર પડેલી અસર છે.– કેમ કે દલિત સમાજમાં તો સાસરે જાય પછી તરત પાછી ફરે છે. તે પછી ધીમે ધીમે આણે ફરતી થાય છે ને બેત્રણ વર્ષ પછી જ કાયમી સાસરવાસ કરે છે. જોકે, આવો પ્રભાવ હોય કે ન હોય... સ્ત્રી માટે સાસરવાસ, ગમે ત્યારે જેલવાસ કે કાળાંપાણી જેવો જ હોય છે એ આપણે બીજાં ગીતોમાં પણ જોઈ ગયાં છીએ. આવી જગ્યાએથી પાછાં ફરાય કે ન ફરાય... છેલ્લા જુહાર, છેલ્લા નમન બહેનપણીઓને કરી લે છે. છેલ્લા કેમ ? – સાસરે જતી પ્રત્યેક સ્ત્રીના દિલમાં અસલામતીનો કાંટો ખટક્યા કરતો હશે ? સળગાવી દીધી – કૂવે પડી – ઝેર પી લીધું – ગળાફાંસો ખાઈ લીધો – ધણીએ ટૂંપાવી દીધી – આવા આવા કોઈ ને કોઈ અંજામનો ડર એને સતાવતો હશે ? છેલ્લા જુહારના ઊંડાણમાં મોતના ભણકારા સંભળાય છે ને ? એટલે જ સખી કહે છે કે : 'યાદ રે રાખજે મારી બેનડી... આ જ હૈયે રાખજો જૂની પ્રીત... પણ બોલ્યાં-ચાલ્યાં કરજો માફ... અમે ચાલ્યાં અમારે દેશ !'

દૂહાના પ્રકારમાં વહેતી થયેલી આ પંક્તિઓમાં કબીરવાણીનાય પડઘા છે... બાબુલ મોરા... મૈં ચલી પિયા કે દેશ... નવું જીવન – જૂનો નાતો, બાળપણ... યૌવન, પિયર પણ પરદેશ ને હજી તો સાસરુંયે વિદેશ... પાંદડા જેવું આ જીવન, આમથી તેમ ઊડે છે – હવામાં ફંગોળાય છે; ક્યાં જઈને ઠરશે આ પાન ?

કન્યાને વિદાય આપવા સખીઓ છેક પાદર લગી જતી હોય છે ને પછી કન્યાની વેલ-મોટર-બસ વિદાય થાય પછી પાછી ફરતી હોય છે. પણ આ વિદાયગીતમાં તો કદીક અવનવું બને છે. પાદરથી પાછાં ન વળ્યાં; બેનુંને દીધાં ઘણાં આદર ને માન ! આ સંદર્ભ કદાચ મહિલામંડળનો છે. ખાસ નોંધવા જેવું એ લાગે છે કે જૂના દૂહા સાથે નવી વાત મેળવતાં થોડીક અસંબદ્ધતા-અસ્પષ્ટતા રહી જાય છે. અને જૂના સંદર્ભમાં નવો બંધ બેસાડતાં પણ મેળ જામ્યો નથી. આવાં ગીતોને નવી દિશામા ભરાતી પા પા પગલી



કહી શકાય ? આને વધારે સભાન રહીને, મઠારી શકાય ?

આપણને એક વિશિષ્ટ ગીત મળે છે : (ગીત-૬૫) ઉપર ઉપરથી તો વણઝારાને કોઈ વિનવણી કરતું હોય તેમ જણાય... પણ આગળ જતાં એ વણઝારો બીજો કોઈ નહીં, પણ ગાનારી નારીનો વર જ નીકળે છે ! આખું ગીત એક પ્રસંગ જેવું લઈને આવે છે – એક પરિસ્થિતિનું વર્ણન કર્યું છે.

એક ભર્યાભાદર્યા સંયુક્ત કુટુંબની, વચેટ દીકરાની વહુ છે; જે આ ગીતની ગાનારી છે – મુખ્ય પાત્ર છે. સસરો, જેઠ, દિયર સૌ મોટા વેપારી સોદાગર છે. બડી બડી પીઠો વારાફરતી વિદાય થાય છે. પણ વચેટ દીકરો કદાચ થોડો મોળો છે કે પછી વચેટ છે તેથી એને બાપ અને મોટાનાના ભાઈ સાથે વેપાર ખેડવાની તક નથી મળતી, ઘર સાચવવાની જવાબદારી એને માથે છે. સ્વાભાવિક છે કે આવી સ્થિતિમાં એને ભાગે વધારે કામ છે, મોભો-મરતબો ઓછો છે. પેલા બહાર જનારા મોટાનાના ભાઈઓ વેપારી કહેવાય છે, સોદાગર કહેવાય છે. જેઠાણી, દેરાણી આથી વધારે સન્માન પામતાં હશે, સાસુ તો વડેરાં શેઠાણી થઈને મહાલતાં જ હશે, પણ પેલી વચેટ વહુ આ બધાંનાં હુકમ ઉઠાવતી, મૂંગી મૂંગી ઢોરવૈતરાં કરતી હશે અથવા તો ઘરખૂણે ચુપચાપ જીવી રહી હશે... ને એનો પતિ આ બધી જવાબદારી સાચવવા છતાં મોળો ઠરતો હશે, એનું કે એની સ્ત્રીનું આવા શેઠકુટુંબમાં ઝાઝું ઊપજતું નહીં હોય ! આવી સ્થિતિમાં ક્યાં સુધી રહેવાય ? તેથી આવાં અપમાનમાંથી બહાર નીકળવા વચેટ વહુ ઉપાય સૂચવે છે... આપણે અલગ વેપાર કરીએ – અલગ થઈ જઈએ. ત્યારે પતિ જવાબ આપે છે – સામો સવાલ પણ કરે છે – ગાંઠે પોતાની કહેવાય એવી મૂડી છે જ નહીં – પછી વેપાર કઈ રીતે કરી શકાય ? ત્યારે સ્ત્રી પોતાના ઘરેણાં વેચીને પણ વેપાર ખેડવાની હિંમત આપે છે. છેવટે પતિ તૈયાર થાય છે. સ્ત્રી પૂછે છે ક્યારે આવશો ? પતિ વદાડ આપે છે. સ્ત્રી કશીક એંધાણી માગે છે – પતિ વીંટી આપે છે ને ઘૈડિયાની સંભાળ રાખવાનું સોંપીને નીકળી પડે છે. સમય વીતે છે ને સસરા-દિયર-જેઠ પાછા ફરે છે. એક વચેટ જ બાકી રહે છે. અહીં વિરહિણી વચેટ વહુનો વિલાપ વર્ણવતાં ગીત પૂરું થાય છે.

આ છે ગીતનો સારાંશ. ગીત પોતે શી રીતે મંડાય છે ને કેવા ભાવ ઉપસાવે છે તે તો લીટીએ લીટી પસાર કરીએ તો જ પામી શકાય : (ગીત-૬૫)

*"ચાલી રે મારા સસરાની પોઠ,*
*આપણી પોઠ ક્યારે ચાલસે રે, વણઝારા હો જી !"*

વચેટ વહુનો પ્રશ્ન છે – આજીજી છે – ઓરતા છે ! આપણા સંબંધોમાં પતિ સાથેની આત્મીયતા અને એની વચેટ હોવાની લાચારી સમજવા છતાં જાણે આગ્રહ છે. પરિસ્થિતિ બદલવાની સ્ત્રીને જરૂર લાગે છે. નહીં તો પોતે પોતાનો પતિ – આવડા મોટા કુટુંબમાં કોઈ જાતની અસ્મિતા પામ્યા વિના જ ખોવાઈ જવાનાં ! વહુ વિચારશીલ છે, બાહોશ છે, સ્વતંત્રતાની ઝંખના છે એનામાં, પતિ, વટનો ખોટો ખ્યાલ છોડીને, પત્ની આગળ પોતાની મજબૂરીનો સ્વીકાર કરે છે : નથી રે મારી ગાંઠનાં

નાણાં, નાણાં વેચી લાવું દીકડો રે... અહીં એ મહત્ત્વનો મુદ્દો નોંધી લઈએ – પતિપત્ની વચ્ચે ખાસ્સી નિકટતા છે. પતિ ભલે વડીલશાહી-સંયુક્ત કુટુંબનો નબીરો હોય, એ જ વાતાવરણે એને પોષ્યો હોય પણ એનામાં વડીલશાહીનાં, ધણીપણાના અવગુણો નથી પેઠાં લાગતા. કદાચ એ પણ સંજોગોનો ભોગ બન્યો છે. ને એ પણ અપમાન વેઠી રહ્યો છે તેથી મનોમન સાક્ષીની રુએ પત્ની સાથે એનો આંતરિક નાતો હોય એવું લાગે છે. બન્ને વચ્ચે સરખી પીડાનો નેડો છે જાણે ! ને પત્ની પછી એક પછી એક દાગીના કાઢતી જાય છે – વાળી, હૈયા કેરો હાર, પગનું ઝાંઝર એમ વેચીને માલમૂડી ઊભી કરે છે અને પતિ પોતાની પોઠ તૈયાર કરે છે ત્યારે પત્ની એને રોકે છે ને પોતાના માટે કોઈ એંધાણી-યાદગીરી-સ્મૃતિચિહ્‌ન આપતા જવાનું વિનવે છે : 'તમે રે નાયક ! ચાલ્યા પરદેશ, શી શી ભાળવણી આલસો રે ?' 'આલું રે મારા હાથની વીંટી વીંટી જોઈ દન જસે રે...' આમ પતિ યાદગીરી તરીકે પોતાની વીંટી આપતો જાય છે, જે જોઈ જોઈને પત્ની વિજોગના દહાડા પસાર કરી શકે.

અહીં એક બીજું, જાણીતું લોકગીત યાદ આવે છે ? "કેટલામે દહાડે આવશો રે, લોલ ? ગણજો ગોરી ! પિપળિયાનાં પાન – એટલા દહાડે આવશું રે... લોલ !" વિજોગણના એ ગીતમાં ને આ ગીતમાં એક બીજું પણ સરખાપણું છે – એમાંય વચેટ દીકરાને વેરણ ચાકરીએ ધક્કેલાય છે. આ ગીતમાંય વચેટ દીકરો વડીલશાહીમાં પિલાય છે ! વચેટની આ વ્યથા તો સાહિત્યમાં સદીઓથી વર્ણાવાતી આવી છે. ઉપર જણાવ્યું એ લોકગીત જ યાદ કરીએ તો એમાં રાજાની ચાકરીએ વચેટને ધક્કેલાય છે, કેમ કે સસરો વૃદ્ધ છે ને સાસુ એમને એકલા જવા દેવા માંગતી નથી, જેઠ-જેઠાણીને ત્યાં બચરવાળ છે – જેઠ ઘરનો મોભી છે એ આંખથી આઘો જાય તે કોઈને પરવડે નહીં ને રખે ને રાજની ચાકરીમાં ધીંગાણે જવું પડે તો ?... તો દિયર-દેરાણી હમણાં જ પરણ્યાં છે ને જાતે નાનું બાળ છે – જુવાનજોધ છે – હજી જુવાની માણી નથી, એમનાં કોડ પૂરા નથી થયા, ત્યારે બાકી કોણ રહ્યું ? વધારાનું કોણ છે – વચેટ સ્તો ! મોકલો એને – ને એની વિજોગણ વહુ ભલે પિડાતી !... આ કરુણ લોકગીત એક બાજુ તો બીજી બાજુ છે મહાભારત કથા. કુંતામાને ત્રણ દીકરા – મોટા યુધિષ્ઠિર પાટવી, નાનો અર્જુન લાડકવાયો ને રહ્યો તે વચેટ – ભીમ ! પેલા નકુલ-સહદેવ તો બીજી રાણી માદ્રીના ! આમ, ભલે પાંડવ પાંચ – પણ કુંતાનો વચેટ તો ભીમ જ ! અને જુઓ, જ્યારે જ્યારે સાહસ કરવાનું હોય, રાક્ષસને મારવાનો હોય કે અડધી રાતે સળગતા મહેલમાંથી ભાગી છૂટવાનું હોય – બધે પહેલ તો ભીમે જ કરવાની – વચેટ ખરો ને ? તદ્‌ઉપરાંત પાંચેય ભલે દ્રૌપદીને વર્યા પણ દ્રૌપદીને વહાલો તો અર્જુન જ ! યુધિષ્ઠિર રાજા બન્યા ત્યારે દ્રૌપદીને પટરાણી બનાવ્યાં, અર્જુન દેશદેશાવર ગયો ને સુભદ્રા, ચિત્રાંગદા, ઉલૂપી... એમ દેશ દેશની કુંવરીઓને વરતો રહ્યો ને સુભદ્રાને માનીતી બનાવી. પેલો ભીમ – વનની રાણી હિડિંબાને પરણ્યો... પણ એ તો વનવાસી હતી ને – જંગલની – એને કંઈ રાજધાનીમાં લવાય ? એટલે ભલે પહેલી રાણી હતી, ભીમની માનીતી હતી, છતાં એને રાખી ત્યાંની ત્યાં, વનમાં જ ! ને અન્યાય તો કેવો ? એ બેનો દીકરો ઘટોત્કચ સૌથી પહેલો જન્મેલો, પણ રાજગાદીનો



વારસ તો ન થયો ને મહાભારતનાં યુદ્ધમાં સૌથી પહેલો મરવા માટે આગળ ધરી દેવાયો તે જુદું ! કેમ કે એ વનવાસીનો દીકરો હતો, એ વચેટ દીકરા અને વહુનો પુત્ર હતો માટે !

વચેટને જ વેઠવાનું હોય – એ વાતને પુરવાર કરતી એક બીજી કથા પણ મહાભારતમાંથી જ મળે છે. મધ્યમની, પાંચ પાંડવો ને માતા કુંતી લાક્ષાગૃહમાંથી નાસી છૂટીને એકચક્ર નગરીમાં બ્રાહ્મણવેશે છૂપ્યાં છે. જે ઘરમાં આશરો લીધો છે એ પણ બ્રાહ્મણ કુટુંબ છે – ત્યાં ત્રણ દીકરા છે. એકચક્ર નગરીમાં કાળો કેર વ્યાપ્યો છે. બકાસુર નામનો રાક્ષસ મણ મણના લાડવાની સાથે રોજ એક માણસનો ભક્ષ કરે છે. રાજાએ તોડ કાઢ્યો છે – રોજ દરેક ઘરમાંથી એક માણસને મોકલવો – આ ભક્ષ તરીકે ! ને એક વાર આ બ્રાહ્મણ કુટુંબનોય વારો આવે છે. મરવા કોણ જાય ? બ્રાહ્મણ તો વૃદ્ધ છે, બ્રાહ્મણીયે ઘરડી ! મોટો તે મોભી અને નાનો તે નાનેરું બાળ... રહ્યો કોણ તે વચેટ ! વચેટને રાક્ષસ પાસે મોકલવાનું નક્કી થાય છે. આ બધું બીજા ઓરડામાં બેઠેલાં કુંતામાતા સાંભળી રહ્યાં છે. મનમાં વિચારે છે કે આ બ્રાહ્મણે તો અમને આશરો આપ્યો છે, એના ઉપકારનો બદલો વાળવાની ઘડી છે; એનો દીકરો મરાશે તો ગરીબના ઘર પર ઘા થશે – લાવને, મારે તો પાંચ છે – બળિયા છે, ભલું હશે તો રાક્ષસ સાથે લડી પણ શકશે ! ને માનશો... એમના પાંચમાંથી કોની પસંદગી થઈ ? ભીમની સ્તો ! એક તો એ સૌથી બળવાન, બીજું એ કુંતીનો – પોતાનો – માદ્રીનો નહીં... ને ત્રીજું એ રહ્યો વચેટ ! એના હાથે બકાસુર મરાયો એ વાત જુદી પણ મરવા માટે એની પસંદગી થઈ એ મહત્ત્વનું છે !

આ જ કથા ઉપરથી સંસ્કૃત ભાષાના એક કવિએ – ભાસે વળી એક નાટક લખ્યું – "મધ્યમવ્યાયોગ." એમાં વાત આની આ જ પણ મહિમા કરે તો ભીમ પરાક્રમની ! આમ... શું પ્રાચીન સાહિત્ય કે શું લોકસાહિત્ય... કે પછી પ્રશિષ્ટ ગણાયેલા સંસ્કૃત કવિનું સાહિત્ય... બધે જ આ વચેટની વ્યથા અને અન્યાય સહેવાની પ્રથાનું વર્ણન થયું છે, છતાં મહત્ત્વનું એ છે કે આવી કથાઓમાં કે સાહિત્યમાં મુખ્ય મુદ્દા તરીકે વીરતા, ઉદારતા, ઉપકારનો બદલો વાળવાની ઈચ્છા... જેવા જ મુદ્દા આગળ ધરવામાં આવે છે; ક્યાંય એની પાછળ વડીલશાહી કેવી રીતે વચેટનો ભોગ લેતી આવી છે એ વાત ખુલ્લી પાડવામાં નથી આવી !

તો આવા અન્યાયી મૂલ્યોને કોણ પડકારશે – આપણા ભાલબારાની બહેનો. આ ગીત આગળ અટકીને, આટલા વિસ્તારથી વાત કરી એની પાછળ આ જ કારણ છે કે આ ગીત ભાલબારાની બહેનો હોંશે હોંશે ગાતી હશે, વિજોગણની વેદનાની ભાગીદાર થઈને ગાતી થઈ હશે. આમ તો આ એમના સમાજનું ગીત નથી, આ વેપારી સમાજનું ગીત છે, એમના કરતાં કહેવાતી ઉજળિયાત કોમનું ગીત છે, પણ શ્રમજીવી સમાજમાં ગવાય છે તેથી કહી શકાય કે એનો સંદેશ ક્યાંક સૌને સ્પર્શી જાય એવો છે. પણ માત્ર વિજોગના સંદેશને જ નહીં; વડીલશાહીના શોષણના સંદેશને પણ આપણે ધ્યાન ઉપર લઈએ, એટલું જ અહીં કહેવાનું.

ગીતનો કરુણરસ તો આગળ ચાલે છે. વીંટીની એંધાણી લીધા પછી પણ પત્ની

વિનવે છે, "તમે રે નાયક, ચાલ્યા પરદેશ, શી શી ભાળવણી આલસો રે..." ત્યારે પતિ જે કામ સોંપે છે તેમાં ભાળવણી શબ્દનો બીજો અર્થ જોવા મળે છે – સોંપણી. પતિ વિજોગણને કામ સોંપે છે કે "રહેજો રે તારાં ઘૈડિયાની પાસ, ખડખડ દાંત ન કાઢસો રે... હો જી !" વહુએ ઘેર રહેલાં ઘૈડિયાની – ઘરડાં વડીલોની સેવાસંભાળ કરવાની છે ને એવા વિનયથી રહેવાનું છે કે દાંત કાઢીને હસવાની છૂટ નથી – વહુવારુને એમ હસવું ન શોભે ! પતિ ભલે ગમે તેટલો આત્મીય હોય, ગમે તેટલો સ્વતંત્ર થવા ઈચ્છતો હોય... પણ છેવટે છે તો આ ઘરનાં વડીલોનું છોરું જ ને ! જતાં જતાં એ પણ આમન્યામાં રહેવાની શિખામણ આપવી ચૂકતો નથી ! અને પછી સમય વીતે છે, સસરા-જેઠ-દિયરની પોઠો પાછી વળે છે. વહુ પૂછે છે – કપાતે કાળજે પૂછે છે : "નાયક(ને) ચ્યાં મેલ્યા... વણઝારા હો જી !" મારા પતિને ક્યાં મૂકી આવ્યા ? કશો જવાબ મળતો નથી. ગીત નિરુત્તર જ પૂરું થાય છે. વચેટ વિશે વળી ચિંતા શાની ?

આ નાનકડા કરુણ કથાગીતમાં વડીલશાહીનાં જે મૂલ્યોની વાત છે તેની સામે વિચારતાં થવાનું છે. કંઈક સવાલ કરતાં થવાનું, ક્યારેક એમાંથી બહાર આવવાનું સાહસ કરતાં થવાનું વિચારતાં થઈએ તો બસ ! જોકે, પ્રતીકો સિવાય પણ સ્ત્રીઓ ઘણી વાર ઉઘાડેછોગ આ વૃત્તિઓ-વલણો-વર્તણૂકોની વાત કરી દેતી હોય છે, પણ એમાં "પોતાની" નહીં, "બીજી" સ્ત્રીની વાત હોય છે. સ્ત્રીની જાતીયવૃત્તિ અને પિતૃસત્તાનો દાબ એ બે વચ્ચેના ઘર્ષણમાંથી એક "ભાષા" જન્મે છે – ઠઠ્ઠાની, ઠેકડીની, સીધા વર્ણનની, આખાબોલી વાણી ! એક ગીત મળે છે એમાં જુઓ : (ગીત-૬૬)

*"ફલાણીની બેની મુંબઈ ગઈ તી*
*નવ મહિના રહી આઈ,*
*નવ મહિના નવ છૈયા લાઈ..."*

અતિશયોક્તિ છે, પણ કોઈ સ્ત્રીના ગુપ્તસંબંધો વિશે ચોખ્ખી જ વાત છે ! ગામમાં જાણીતા લોકો વચ્ચે આવી વાત છાની શી રીતે રહે ?

*"સીમાડે આઈ ગોવાળે પૂછ્યું આ શો ગજબ વાળિયો ?"*

ત્યારે પેલી સ્ત્રી કહે છે : "નય તારા બાપના, નય તારા ભઈના બોનનો શેડો લઈ આઈ !"

ક્યાં છેડો મળે છે ? – આ બાળકો તો બહેનનાં છે... બહેનનાં કે બનેવીનાં ? સાળી સાથે બનેવીએ કંઈક એવું વર્તન કર્યું છે પરિણામે એ કાં તો સગર્ભા થઈ છે કાં તો વાત ઉઘાડી પડી ગઈ છે !

આપણા સમાજમાં સાધારણ રીતે કહેવાય છે : "સાળી – આધી ઘરવાળી !" સાળીને બહેનના ઘરે કામે-પ્રસંગે વારંવાર જવું પડતું હોય છે. ખાસ તો સ્ત્રીની પહેલ પછીની સુવાવડો પછી જ્યારે પોતાને સાસરે થાય ત્યારે મદદ માટે, બાકીનાં બાળકોની સંભાળ માટે પોતાની નાની બહેનને બોલાવી હોય છે અથવા તો બનેવી નિર્દોષ સાળીને ભોળવી શકતો હોય છે. આ ગીતમાં આવા કોઈ છાના સંબંધનો ઈશારો હશે ? ઘણી વાર તો કન્યાઓનું જાતીયતા અંગેનું કુતૂહલ અને બનેવી જેવા સગાનું



સાન્નિધ્ય આગમાં ઘી હોમવાનું કામ કરે છે. કુટુંબોમાં જ ગૂંચવાયેલા આવા સંબંધો ભલે વાતચીતમાં ન પ્રગટ થાય, પણ આવાં લગ્નગીતો દ્વારા એનાં મોઘમ સૂચન જરૂર થઈ જાય છે. જે હોય તે... કિશોર-યુવતીઓ અહીં જાતીય સતામણી નહીં, તો શોષણનું હાથવગું સાધન બને – તો અચૂક જણાય છે.

આવી જ એક નિર્દોષ અથવા તો કહો કે ભોળી-અભાન-કુતૂહલનો ભોગ બનેલી બીજી કિશોરીને લગતું ગીત પણ આ વિસ્તારમાં ગવાય છે તે બહુ નોંધપાત્ર છે. બની શકે કે વિસ્તારની કોઈ સત્ય ઘટના ઉપરથી પ્રેરાઈને બહેનોએ ગીત રચ્યું હોય ને જાણે સ્ત્રીસમુદાયને એના દ્વારા કોઈક ચેતવણી આપવી હોય એવા ભાવથી પણ ગવાતું હોય ! (ગીત-૬૭)

*"ભાણી થઈ ગઈ ભજનમાં ભગતાણી."*

આપણા દરેક ગામમાં એકાદ મંદિર તો હોય જ. ઘણું કરીને ગામબહાર નદી/તળાવ કાંઠે, ટેકરી ઉપર કે સીમને છેવાડે આવી નાનીમોટી દેવસ્થળીઓ આવેલી હોય છે. ત્યાં બાવાજી/પૂજારી રહેતા હોય. મોટે ભાગે ગામલોકો આપે તે સીધુંસામાન ઉપર જ એમની આજીવિકા ચાલતી હોય. રાતે-વારે-તહેવારે ભજનમંડળી પણ જામતી હોય છે. આપણા સમાજમાં આવા સાધુ-બાવાને સંતોષીને પુણ્ય કરનારાની ક્યાં ખોટ છે ? ગામલોકો હોંશે હોંશે – ભોળી શ્રદ્ધાથી પ્રેરાઈને આવા બાવા-સાધુને મોંમાગ્યું આપતા હોય છે. આવી જ ભોળી-શ્રદ્ધાળુ ભાણી પાછી ભજનકિર્તનની રસિયણ છે. તંબુરાના તાલે તાલે ખેંચાઈને ભજનમંડળીમાં આવી જાય છે. આવા બાવાના પાછા ચેલા હોય છે. એકાદ જવાનિયો ચેલો ભાણીને ભટકાઈ જાય છે : "નાગ ગુરુને બેહર ચેલો ભટકાણો" ને બસ પછી તો ન થવાનું થઈ ગયું ! "ભાણી ભેખડમાં ભટકાણી", "ભાણીને તો ગર્ભ રહ્યો..." ને ચોક્કસ સૌએ એની કરમકથા જાણી ! હવે તો આ સ્ત્રીને ગામ વચ્ચે રખાય કેમ ? ગામના ભગત પાછા આવી સ્ત્રીનો ન્યાય તોળવા બેસે છે : "કડવો ભગત કહે આવી ભાણીને ખેંચીને લાવો તાણી !" એનાથી "પાપ થઈ ગયું છે." એ "અપવિત્ર" થઈ ગઈ છે. એને પવિત્ર, નિર્મળ, નિરવાણી કરવી પડશે એને માટે જોઈશે ગંગાજમના જળ... "ગંગાજમનાનાં પાણી લાવો ભાણીને કરો નિરવાણી" પિતૃપ્રધાન મૂલ્યોની આ બલિહારી જોઈ ? ભાણી "પાપણી" થઈ ગઈ, એને "પવિત્ર" કરવી પડશે... પેલા બાવાના ચેલાનું શું ? એનો કોઈ વાંક નથી ? એનું "પતન' થયું – બ્રહ્મચર્યનું વ્રત એ ચૂક્યો એનું કંઈ જ નહીં ? એને કોઈ શિક્ષા નહીં – પ્રાયશ્ચિત્ત નહીં – ગંગાજળનું નાવણ નહીં ? હા, કહેવાયું છે ને સ્ત્રીનું ચારિત્ર્ય કાચના વાસણ જેવું – એક નાનીસરખી તિરાડ પડી કે ખલાસ... પણ પુરુષો તો તાંબાનો લોટો, ઘસ્યે ઘસ્યે ઉજળો. અહીં એ ચાલાકનું નામનિશાન નથી ગીતમાં – પેલા કડવા ભગત માત્ર ભાણીને જ સજા ફટકારે છે ! – યાદ આવે છે બાઈબલના "શુભ સંદેશ"ની પેલી અભાગણી ઓરતની કથા ! આખા ગામના પુરુષો એને ધક્કેલતા ધક્કેલતા ગામની બહાર તાણી ગયા હતા ને પથ્થરે પથ્થરે એ "પાપણી"ને પૂરી કરવા ઈચ્છતા હતા ! ને ત્યારે પેલા ઓલિયા ઈસુએ અબળાની વહાર કરી હતી !

એણે કંઈ પેલા કડવા ભગતની જેમ ગંગાજળથી એને નવડાવવાનું ફરમાન નહોતું કર્યું. એણે તો બસ, પેલા પાખંડી-દાંભિક પુરુષટોળાને એટલું જ કહ્યું કે, "જેણે એક પણ પાપ ના કર્યું એ પહેલો પથ્થર મારે." પણ આપણી બાપડી ભાણીના કિસ્સામાં તો પેલો ગુરુ, પેલો ચેલો ને આ ગામનો કડવો ભગત... ને એને આમ "ગાનારા-વગોવનારા" આપણે સૌ પિતૃસત્તાની ભાષા બોલતાં થઈ ગયાં છીએ ને ? આવી ભાણીઓની કહાણી કંઈ એકાદ ગામની થોડી છે ? ગામેગામ ને ઠામેઠામ આવી ભાણીઓને ભ્રષ્ટ કરીને ઢોંગી ધર્મગુરુઓ ધર્મસિનો શોભાવતા જોવા મળે છે ! ધર્મસત્તા અને પિતૃસત્તા... આમ હાથમાં હાથ મિલાવીને ચાલતી હોય ત્યારે આપણી બહેનો ખાલી આવાં ગીતો ગાઈને જ ચૂપ બેસી રહેવાની છે ?

આ પિતૃપ્રધાન મૂલ્યોથી ખદબદતા સમાજે સહેજ સ્વતંત્ર થવા જતી સ્ત્રી સામે હંમેશાં અવરોધો ઊભા કર્યા છે, પિતૃસત્તા કેવાં બેવડાં ધોરણો – બેવડાં કાટલાં ધરાવે છે એ તો જુઓ : એક બાજુ સ્ત્રીને મનગમતી સાસરી ન મળ્યાનું દુઃખ ગવાય છે, કજોડાંની પીડા વર્ણવાય છે પણ જ્યારે, કોઈ સ્ત્રી કદાચ એવા દુઃખથી છટકવાં જાય છે ત્યાર વળી પાછી મૂલ્યની બેડીઓ એના હાથે-પગે ઘાલવા આ જ સમાજ ઉપરતળે થઈ જાય છે. જેમ "ભાણી" એમ જ ગામની દીકરી "રાજુડી"નું ગીત પણ મળે છે. આ પણ એક વિશિષ્ટ ગીત છે – સત્ય ઘટના ઉપર આધારિત છે. પરંતુ ભાણીના ગીતમાં દયા-કરુણા-સહાનુભૂતિપૂર્વક ભાણીનું દુઃખ આ ગીતમાં ગવાયું છે. જ્યારે આ ગીતમાં રાજુડીને ફિટકાર વરસાવવામાં આવ્યો છે. કેમ કે સમાજ સ્વેચ્છાચાર ઝાઝો સહન નથી કરી શકતો – રાજુડીએ "સ્વેચ્છાને" મહત્ત્વ આપ્યું. ઘર-વર છોડ્યાં, સાસરિયાંને તજ્યાં, પિયરિયાંને તજ્યાં અને મનગમતા પુરુષ સાથે નાસી છૂટી છે ને એટલે જ સમાજ ગાય છે : (ગીત-૬૮)

*"ફલાણી તારો અવતાર એળે જશે."*

આ સ્ત્રીને જ્યારે રાજુડી તરીકે સંબોધવામાં આવે છે ત્યારથી જ ખબર પડી જાય છે કે સમાજ એને ફિટકાર આપે છે ! આ રાજુડીએ નવો ચીલો ચાતર્યો છે. સમાજમાં સ્ત્રીએ જેમ રહેવું જોઈએ તેમ નથી રહી. પિતૃપ્રધાન મૂલ્યો અને કુટુંબની કહેવાતી મર્યાદા જળવાય એવું પહેરવા-ઓઢવાથી માંડીને પતિવ્રતા બનીને, મૂંગે મોઢે ઘરસંસાર ચલાવ્યા કરવો... એમાંની એકેય આજ્ઞા એણે નથી માની. તેથી સમાજ કહે છે તારો અવતાર-જન્મારો-જિંદગી વ્યર્થ જશે – નિષ્ફળ જશે – એળે જશે ! "સવરે છોડીયું કાપડું પહેરે... રાજુડી પોલકું પહેરે..." "સવરે છોડિયું ઘાઘરો પહેરે – રાજુડી ચણિયો..." "સવરે છોડિયું ઓઢણિયું ઓઢે... રાજુડી સાડી પહેરે !" આમ રાજુમાં "શહેરનો પવન" ભરાયો છે જાણે ! કદાચ આવા શહેરીકરણથી રાજુ વંઠી ગઈ છે એવું કહેવું છે આ ગીતમાં ?... "સવરે છોડિયું બંગડિયું પહેરે રાજુડી ઘડિયાળ પહેરે" આવી વંઠી ગયેલી – હાથબહાર ગયેલી રાજુ છેવટે "ગામબહાર" – "હદબહાર" નીકળી જાય છે ! "વડગામ મેલ્યું, આખોલ મેલ્યું, તારાપુર રાજુડીએ ઝાલ્યું." ને ઠેઠ તારાપુર કેમ જવું પડ્યું ? વડગામમાં હંગરી નઈ. આખોલમાં ના હંગરી "ત્યારે



તારાપુરમાં ઠેકાણું પડ્યું !" આ રાજુડીએ મનના માનેલા સાથે જીવવા ઘાટ ઘાટનાં પાણી પીધાં, ગામેગામ રખડી રખડી એટલું જ નહીં, ઘરમાં માની જણસો-દાગીના-કપડાંની ચોરી પણ કરીને નાઠી હતી ! આવી સાહસિક રાજુડીને શું સુખ મળ્યું એ તો ગવાયું નથી, પણ એના પરાક્રમથી માબાપ-ભાઈબહેન સૌ દુઃખી થઈ ગયાં, વગોવાઈ ગયાં, નાતબહાર મુકાઈ ગયાં !

*"વાહ બાર મેલ્યા, વસતી બાર મેલ્યા, નાત બાર મેલ્યા..." ને પછી ?"*
*"તારી માયને કૂવે પાણી ના દીધાં ભરવારે..."*

દલિતબહેનોને કહેવાતા ઉજળિયાતોના કૂવાને અડવાનોય બાધ છે. એ કહેવાતા ઉજળિયાતો મહેરબાની કરે તો પાણી મળે એવા સાધારણ સંજોગો હોય છે. એમાં વળી આ તો રાજુડીની મા – થૂ થૂ થઈ ગઈ બિચારી !

*"વાહમાં નીકળતી તાર તારી માનં નીચું ઘાલવાનું... માત રે રૂવે,*
*બાપ રે રૂવે, નાનકડો ભઈ રૂવે, રાજુડી – તારો અવતાર એળે જશે... !"*

ગેલ-ગમ્મત-ઠઠ્ઠા-મશ્કરી-ઠેકડીમાં સ્ત્રીના મુક્તાચાર ગાઈ લેતો અને હસી કાઢતો આ સમાજ આવા સાચા કિસ્સા બને ત્યારે કેવો "આળો" બની જાય છે ? ને દીકરીની લાજ તો જાણે ચીનાઈ કાચ... ! ગામનો કોઈ દીકરો આડી લાઈને ચઢી ગયો હોય ત્યારે આવાં ગાણાં ગવાતાં હશે ? પણ ના – આ તો દીકરી ! – વહુ ! – સ્ત્રી ! આપણા સમાજમાં અને પરંપરામાં શાસ્ત્રોમાં ને સાહિત્યમાં, કળાઓમાં ને જાહેર માધ્યમોમાં છાપરે ચડીને પોકારાયું છે કે સમાજની-કુળકુટુંબની મર્યાદાની જાળવણી તો સ્ત્રીએ જ કરવાની છે ! સ્ત્રીની ચાલચલગતમાં સહેજે આમતેમ થયું તો જાણજો કે સમાજ-પૃથ્વી-સૃષ્ટિ રસાતાળ જવાની ! એની ને એનાં કુળકુટુંબની વગોવણી આમ ગામેગામ ને ચોરેચૌટે ગવાવાની ! આવા ગીતની ગાનારી બહેનો પણ આવાં મૂલ્યોની મારી જ આમ પોતાની જ "બહેનની" બદનામી ગાવાનો લહાવો લેતી હશે, નહીં વારુ !

**લોકગીતોની અખબારી ભૂમિકા :**

સમાજમાં બનતા – બની રહેલા બનાવો અને તે અંગે લોકમત, વલણો અને મૂલ્યોને તરત-તત્કાળ પકડવાનું કામ આમ જુઓ તો છાપાં-અખબારોનું છે. ક્યારેક લોકગીત પણ આ ભૂમિકા બજાવતાં જોવા મળે છે. હોનારતો-અકસ્માતો-મંગળપ્રસંગો વિશે તો ઘણાં લોકગીતો જાણીતાં બન્યાં છે, પણ આવી નાની ઘટનાઓ જે ગામ-કોમ કે ફળિયાં-સ્તરે ઘટી જતી હોય છે તેને વિશે પણ લોકો પોતાનો અભિપ્રાય ગીતો દ્વારા વહેતો અચૂક મૂકે છે. એમાંય સ્ત્રીઓનું આ ખાસ વલણ જોવા મળ્યું છે. સ્ત્રીઓ – ખાસ કરીને ગ્રામીણબહેનો, જેને અશિક્ષિત કે અલ્પશિક્ષિત રહેવું પડ્યું છે તેમને માટે ખબર ફેલાવવા – ખબર મેળવવા ને ખબર ઉપર પોતાનું મૂલ્યાંકન પ્રગટ કરવાનું સાધન છે આ ગીતો.

છાપાં-અખબારોને પણ અમુક વાર સનસનાટીભર્યા સમાચાર અથવા તો કોઈ

સમાચાર પાછળ રોમાંચકતામાં રસ પડી જતો હોય છે. એને મલાવી-બહેલાવીને રજૂ કરવાનો આનંદ મળતો હોય છે, જેથી છાપાનું વેચાણ પણ વધતું હોય છે. ગીતમાં જોકે આ મુદ્દો નથી હોતો, પણ લોકપ્રિયતા અને ટકી રહેવાની તાકાત આવાં કારણોસર જરૂર છે. જે વાત ગામની ખાનગી ગણાતી હોય – કોઈના ઘરની "આબરૂ" તરીકે ઢાંકવાની હોય એના બદલે આવાં ગીતો દ્વારા ચોમેર ગવાતી થઈ જાય છે – ગાજતી થઈ જાય છે.

આ જે હોય તે – પણ તેને કારણે સમાજનાં મૂલ્યો અને વલણો જરૂર પ્રગટ થાય છે જે સમાજવિજ્ઞાનના અભ્યાસીઓ માટે આગળ ઉપર ઘણાં મહત્ત્વનાં બની રહે છે. "ભાણી", "રાજુડી" જેવાં ગીતો એક બાજુ પિતૃસત્તાની બોલબાલા કરે છે, બીજી બાજુ કોઈક અપવાદરૂપ નારીની બંડખોરીનો પરચો પણ આપે છે. પરિવર્તન અને પ્રગતિશીલતા માટે આ સંઘર્ષ બહુ જરૂરી છે.

## ફટાણાં

### ફટાણાંની લાક્ષણિક્તાઓ :

લગ્નગીતોની વાત કરતાં કરતાં આપણે આખરે "ફટાણાં" સુધી પહોંચી આવ્યા છીએ. કહેવાતા "માન્ય જોડણીકોષમાં" એનો અર્થ આપ્યો છે – ભૂંડું-બીભત્સ ગીત કે બોલ. (!) પણ બીજી તરફ જોઈએ તો લોકસમુદાય – ખાસ કરીને સ્ત્રીઓ ફટાણાં ગાવા કેટલી ઉત્સુક હોય છે ? પુરુષો પણ સામે બેસીને કે કેટલીક વખત છાના... છાના... એ સાંભળવાય કેટલા આતુર હોય છે ! બધી જ કોમોમાં – કહેવાતી ઉજળિયાત ને કહેવાતી પછાત... ફટાણાં એક યા બીજા નામે લગ્નપ્રસંગે ગવાતાં જ હોય છે. (જેમ કે અમુક કહેવાતી ઉજળિયાત કોમોમાં "જોડકણાં", "ચાંચરિયાના" નામે ફટાણાં જ ગવાય છે) આ ગીતો જાણે આપણાં લગ્નપ્રસંગોના અનિવાર્ય ભાગ બની ગયાં છે. શું એમાં "ભૂંડું" ને "બીભત્સ" ગાણું જ હોય ? કદાચ કોઈ સમાજવિદ્ કે લોકવિદ્યાના અભ્યાસી કે પછી લોકસમુદાય સાથે જીવન જીવનારાં, એમને સમજનારાં આવું સંકુચિત કે નકારાત્મક વિધાન કદી નહીં કરે. કેમ કે ફટાણાં તો જે તે સમાજના સ્ત્રીસમુદાયની આગવી સાંસ્કૃતિક સર્જકતાના નમૂના હોય છે. એવું કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી કે કોઈ પણ સમાજમાં સ્ત્રીઓ વિશેનાં વલણો-મૂલ્યો-વર્તન અંગે સ્ત્રીઓનો પોતાનો અભિગમ જાણવો હોય તો તેમનાં ફટાણાં સાંભળવાં પડે.

"ફટાણાં"નું ગીતરૂપ અને એ જોડવાની-રચવાની જે પ્રક્રિયા છે તે જોતાં એમ કહી શકાય કે જેના ઉપર "ફટ" કહેવાપણું છે – ફિટકારવા જેવું છે તે કહેવું તે "ફટાણું" ને ફટાફટ જોડાઈ જાય – રચાઈ જાય તે "ફટાણું."

આ બન્ને લાક્ષણિકતાઓ મહત્ત્વની છે. "ફટાણાં" એક જાતની શીઘ્ર કવિતા હોય છે. સામે જે સગાંવહાલાં આવે, એમની ખાસિયતો – સ્વભાવ અને મનની વર્તણૂક મુજબ સ્ત્રીઓ એમના વિશે ફટાણાં જોડી કાઢે છે. ઘણી વાર સામસામા



સવાલજવાબ માટે ફટાણાં રચાય છે. ઘણી વાર એક (વર) પક્ષ જો અમુક જાતની મજાક કરે તો સામે વળતો જવાબ વાળવા બીજો (કન્યા) પક્ષ એને લગતાં ફટાણાં જોડી કાઢે છે. કોણ ક્યારે શરૂ કરે છે એ પણ ખ્યાલ નથી રહેતો ને ફટાફટ એક પછી બીજી લીટી, એક પછી બીજી કડીઓ જોડાતી જાય છે. સ્ત્રીઓની હાજરજવાબી, ત્વરિતબુદ્ધિ, રમૂજવૃત્તિ, નિરીક્ષણશક્તિ અને શબ્દભંડોળની સાથે સાથે વડીલશાહીને પડકારવાની આંતરિક તાકાતનાં ઉદાહરણો છે આપણાં ફટાણાં.

આવા ફટાણાંની ભાષા બેવડા સ્તરે ચાલતી હોય છે. અમુક તદ્દન ઉઘાડી ભાષામાં ગવાય છે તો અમુક વખતે ખાસ અર્થ ધરાવતાં પ્રતીકો યોજાય છે. કહેવતો-રૂઢિપ્રયોગો કે ઓઠાં પણ વપરાય છે. કોઈ પણ પ્રદેશની આગવી-સ્ત્રીબોલીનો અભ્યાસ કરવો હોય તો આ ફટાણાંની ભાષા કદી ન ચૂકવી જોઈએ. નારીવાદીઓ તો કહે છે કે ફટાણાં એ નારીસંઘર્ષના "પોલીટીકલ સ્લોગન" (રાજનૈતિક સૂત્રો) છે.

ભાલબારાની આપણી બહેનો જે ફટાણાં ગાય છે એ જોતાં જઈએ અને ઉપરની લાક્ષણિકતાઓ પકડતાં પકડતાં એમાંથી મળતા સંદેશની નોંધ લેતાં જઈએ.

એક વાત ખૂબ મહત્ત્વની છે એ અન્ય ગીતો ઉપર કદાચ અન્ય કોમો કે અન્ય વિસ્તારનાં ગીતોની પરસ્પર અસરો જોવા મળી છે. પણ "ફટાણાં" તો એની રીતે એની જગ્યાએ "અસલ" છે – આગવાં છે. આપણા સંગ્રહમાં કુલ ૩૫ (પાંત્રીસ) ફટાણાં છે. જેમાંથી મુખ્યત્વે પાંચેક મહત્ત્વના મુદ્દા બહાર આવે છે : (૧) વડીલશાહીની અને એના અગત્યના પ્રતિનિધિ પુરુષોની ઠેકડી, (૨) વેવાઈઓની કંજૂસાઈ, અધીરાઈની મજાક, (૩) વેવાણોના મુક્તાચાર(ચાલચલગતની છૂટછાટ)ના નિતિકો, સમાજના ચારિત્ર્ય અંગેના ખ્યાલો ઉપરની ટીકા-ટિપ્પણ, (૪) વિધિઓ, પુરોહિત વગેરે જડ આચારોની ઠઠ્ઠા, (૫) પ્રકીર્ણ (પરચૂરણ) સ્થાનિક કે એવી મજાકો.

સૌથી પ્રથમ આપણે જોઈશું :

### (૧) વડીલશાહીની સામે ઉડાવેલી મજાક પ્રગટ કરતાં ફટાણાં :

વડીલો મોટે ભાગે કુટુંબમાં ધાર્યું કરાવતા હોય છે. એમને પૂછીને પાણી પીવું પડે એવી સ્થિતિ હોય છે. ઘરમાં બનતી વાનગીઓ પણ એમની પસંદગીની જ કરાય છે. એવે વખતે આ ફટાણામાં વડીલને પડપૂછ કરતા બતાવ્યા છે. (ગીત-૬૯)

*"લાડી લાડો જમે છે, કંસાર કેવો લાગે છે ?*
*લાડાનો બાપ પૂછે, "લા" કંસાર કેવો લાગે છે ?*
*બાપા તું તો પરણ્યો છો કે નહીં – કંસાર ગળ્યો લાગે સે."*

કન્યાપક્ષ માટે આમેય વરપક્ષ તે "સામાવાળા." લગનના આખાય પ્રસંગમાં એમની તહેનાત ઉઠાવીને, ફિકરમાં અર્ધી થયેલી બહેનો આવી તક ચૂકતી હશે ? વરના બાપની આગળ પાઘડીઓ ઉતારવી પડે – ખોળા પાથરવા પડે અથવા તો સરખો સમોવડિયો હોય તોપણ વિનય વિવેકથી વરતવું પડે; નહીં તો વેવઈને ક્યારે વાંકું પડે તે કહેવાય નહીં; ત્યારે આ ફટાણાંમાં વરનો બાપ જાણે મૂર્ખ, અધઘેલો ને

ખાઉધરો હોય એવો ચીતરાયો છે. જાણે ઘી-સાકરનો કંસાર કદી ખાધો ન હોય પણ તું પરણ્યો હોઈશ ત્યારે તો માંડવે ખાવા મળ્યો હશે ને ? આવી લાંબી મજાક થાય છે. ફટાણામાં એક સાથે એક કાંકરીએ ઘણાં પંખી પાડવાની આવડત હોય છે આપણી બહેનોમાં ! (ગીત-૭૦)

*"જમાઈનો ભાઈબંધ ઉંદરડો; હાલતો જાય – ચાલતો જાય,*
*કંસારનો કોળિયો ભરતો જાય !"*

આ ગીત પણ વેવાઈનો ભોજનપ્રેમ પ્રગટ કરે છે. જમાઈના ભાઈબંધને "અણવર" તરીકે જાતજાતનું માન આપવું પડે છે. એને ભાવતું પીરસવું પડે છે. એ ઠંડું માગે તો ઠંડું ને ગરમ માગે તો ગરમ પીણું દોડી દોડીને આપવું પડે છે. કન્યાની સખીઓની મજાક એ કરતો હોય તે સહેવું પડે છે ને આવી "સ્પેશિયલ" મહેમાનગતિ કરીને કંટાળેલી સ્ત્રીઓ એ અણવર માટે ઉંદરડાની ગાળ આપે તો શું આભ તૂટી પડે છે ? એ "ઉંદર" જેવો જ છે – કુટુંબમાં ઘૂસી ગયેલો ને અહીં મંડપમાં ખૂણેખાંચરે પેસી ગયેલો. એનો ઘરોબો આમ ગવાય છે. પુરુષોને વારે વારે ખાવાની ટેવ છે એનાથી કઈ સ્ત્રી પરિચિત નહીં હોય ? કઈ સ્ત્રી કંટાળતી નહીં હોય ? કઈ સ્ત્રીને એનાં કારણે સહન કરવું નહીં પડ્યું હોય ? એટલે જ કદાચ પુરુષોની આ ખાવાની (કુ)ટેવને ફટકારવાનું ચૂકતી નથી આપણી બહેનો.

એક ત્રીજું ગીત પણ વેવાઈના ભોજનપ્રેમ (!)નું છે. (ગીત-૭૧)

*"દેખો દેખો આ દુનિયાની નવી ફિલ્મ...*
*પેલા વેવાઈના પેટમાં બટાટા બફાય*
*પછી ભજિયાં તળાય – પાછળ ગળાય...*
*દેખો દેખો આ દુનિયાની નવી ફિલ્મ !"*

આ ગીતમાં તો સ્ત્રીઓ આસપાસના નવા-આધુનિક જગતની નવી સૃષ્ટિનેય ઝડપી લે છે – જમણ સમારંભની જાણે ફિલ્મ ઉતારતાં હોય તેમ, એક પછી એક વાનગીનાં નામ બોલીને વેવાઈઓની પણ "ફિલ્મ ઉતારતાં" જાય છે.

સ્ત્રીને માથે એના રસોડાનો ભાર આજીવન નાખી દઈને આપણી પુરુષપ્રધાન કુટુંબવ્યવસ્થાએ ખરે જ જીવનભરનો બોજો લાદી દીધો છે. ચૂલા-ચોકાથી મુક્તિ સ્ત્રીને ક્યારેય નથી મળવાની જાણે ! ને સામે પક્ષે પુરુષો માત્ર માંગવાની તાગડધિન્ના બજાવે છે. મોટે ભાગે ભારતીય હિંદુકુટુંબોમાં પુરુષો રસોઈમાં મદદ કરતા જ નથી તે છતાંય રસોડામાં એમનું જ રાજ ચાલે છે – કરુણતા એ છે કે સ્ત્રીઓને પાછું "રસોડાની રાણી"નું બિરુદ આપવામાં આવ્યું છે. આડે દિવસે તો સ્ત્રીઓ આ બધું વેઠી-વેંઢારી લે છે પણ આવે ટાણે ફટાણાંમાં પુરુષોના ખાઉધરાપણાની ટીકા કર્યા વગર કેમ રહેવાય ? આડે દહાડે એને "તને રાંધતાં રાંધતાં ખાવાની ટેવ છે." – "તું ગોળ ચોરીને ખાય છે." "તને હોટલનું ખાવાનો ચટકો છે." કહીને પતિદેવો, સાસરિયા ફટકારતાં જ રહેતાં હોય છે. વળી રસોઈની રોજની રામાયણ પણ કંઈ કમ નથી હોતી. "ભાણું સાચવવું" એ તો



પત્નીને માથે મોટામાં મોટો ભાર છે. રસોઈમાં "મીઠું ઓછું છે" અને "મરચું વધારે છે..." આ નામના ઝઘડા તો ઘણી વાર ઠેઠ ફારગતી સુધી પહોંચતા હોય છે. આવી સ્થિતિ હોય એવા સમાજમાં પુરુષજાતનો ને અત્યારે એમનું પ્રતિનિધિત્વ કરતા વડીલો, વેવાઈઓનો – વારો આવે ત્યારે આ બહેનો એમના આ "લખ્ખણોની" ઠેકડી ઉડાવે – મનનો ઊભરો ગાઈને બહાર કાઢે એમાં શી નવાઈ !

સાસરીપક્ષનાં સભ્યોની એક અનોખી સરખામણી કરતું આ ફટાણું પણ લાક્ષણિક લાગે છે. (ગીત-૭૨)

*"કૂવાને કાંઠડે એલચી... જળ ભરવા દો."*

આ ગીતમાં સ્ત્રી કહે છે "સસરો મારો સોગઠિયો – સાસુ મારી સોગઠિયાની નાર" – સસરો સોગઠાંબાજી રમનારો – ચોપાટનો વ્યસની છે ને સાસુ એની સ્ત્રી... ! યુધિષ્ઠિરની જેમ જેને ચોપાટનું વ્યસન હોય એની સ્ત્રીની દશા દ્રૌપદીની થઈ હતી એવી જ થાય ને ? વેવાણોને આડકતરી લપાટ છે ! સાસુ-સસરા પછી જેઠ-જેઠાણીને ગવાય છે. એમની પણ એ જ હાલત છે. દિયરને "દડુલિયો" કહ્યો છે. અહીં રમતનું વિધાન તો છે જ પણ "દ"નો પ્રાસ બેસાડીને સ્ત્રીઓ આવી શબ્દચાતુરી કરી લે છે એનો પરિચય પણ મળે છે.

સાધારણ રીતે "સ્ત્રી"ને "રમકડું" માનીને એની સાથે "ખેલ ખેલાતા" હોય છે. "શણગારેલી ઢીંગલી", "શોભાની પૂતળી", "કાચની પૂતળી", "મનફાવે તેમ રમી શકાય એવું રમકડું", "માટીનો લોંદો" ફાવે તેવા ઘાટે ઘડી શકાય. આ અને આવી અનેક માન્યતા-મૂલ્યોથી ભરપૂર છે આપણા સમાજનાં વલણો ને વર્તણૂક. ફટાણાંમાં સ્ત્રીઓ આ "બાજી"ને પલટી નાખે છે ! વેવાઈપક્ષને સૌને રમતના/જુગારના વ્યસની બતાડીને એમની કિંમત કરી નાખી છે. અલબત્ત, વેવાઈઓ સાથે વેવાણોને પણ છોડી નથી, પરંતુ એ તો કન્યા પક્ષ વિરુદ્ધ વરપક્ષની "લડાઈ" છે ને – એમાં "વેવાણો" પણ વડીલશાહીની પ્રતિનિધિ જ બની જાય છે.

વેવાણોની વાત નીકળી છે ત્યારે ખાસ, વેવાણોને લગતાં ફટાણાં જોઈ જ લઈએ. સૌથી પહેલું ગીત વેવાણોની સરખામણી માછલી સાથે કરીને એને વેચવા કાઢી છે. એની ગંધ કેવી અસહ્ય છે એની ઠેકડી ઉડાવાઈ છે. (ગીત-૭૩)

*"રાજા રામની તલાવડી રે... એમાં માછલી રોળાય..."*

ને પછી વેવાણોમાંથી કોઈ એકનું નામ લઈને ગવાય કે : "જેવી માછલી રોળાય એવી ફલાણી રોળાય." – સ્ત્રી આ સંસારમાં "રોળાય" છે. હેરાન થાય છે. તરફડે છે. એનું "રોણું" નહીં ફટાણું છે ! કેમ કે "સામા" પક્ષની છે ! પછી તો એ "માછલી ગંધાય એવી ફલાણી ગંધાય છે..." ને એથી વધુ તો "માછલી હાટે વેચાય – ફલાણી વાટે વેચાય !" આ "વેચાય"માં નરી મશ્કરી જ છે એવું નથી – અહીં આ સમાજની લગ્નપ્રથા ઉપર જાણે ટિપ્પણી છે. આ સમાજમાં દીકરી "વેચાય" છે ! સ્ત્રી સમુદાયને આમ વેચાવું પડે છે તે કઠતું હશે જ ને ? પણ વડીલશાહી સામે, પરંપરા

સામે કે આવા કુરિવાજો સામે તર્કબદ્ધ વિરોધ કરવાનો એને મોકો કોણ આપે છે ? આવે વખતે "વેચવા" સામે પોતાનો રોષ કાઢવા એ આવી કડવી મજાકનો રસ્તો લે છે ! ને સૌથી વધુ તો કડવાશ ત્યારે કાઢે છે જ્યારે ગવાય છે : "માછલીને સૌ કોઈ લઈ જાય ફલાણીને કોઈ ના લઈ જાય !" સ્ત્રીની આ સૌથી મોટી કરુણતા છે – 'એને કોઈ ના લઈ જાય !' સંસારમાં લગ્નના બજારમાં જો એની કિંમત ન ઊપજે તો એ ફટ્ફટ્ થઈ જાય, એનાં માબાપને નીચાજોણું થાય, સાપનો ભારો કેમ કરીને વેંઢારાય ? આ છે આપણી પ્રથાઓ અને માન્યતાઓ ! એની સામે નથી થઈ શકતી તેથી આ છેવાડાની સ્ત્રીઓ આમ તો તક જોઈને, ગાઈગજવી લે છે પોતાનો વિરોધ ! કહેવાતી ઉજળિયાત બહેનોમાં આ આક્રોશ – આ નિખાલસતા અને આ તાકાત નથી જોવા મળતી.

બીજું વેવાણ-ગીત છે જે વરને નિશાને બનાવીને તકાયું છે પણ બે લીટીની વચ્ચે વાંચવાની વાત તો વેવાણ વિશે છે. (ગીત-૭૪)

*"છોરો આવડો શો કાળો મોતી સેર મનડા રે,*
*હોંચે (શોક્ય) તડકામાં જણ્યો મોતી સેર મનડા રે."*

કન્યાપક્ષની સ્ત્રીઓ વર-કન્યાના વાનની સરખામણી કરે છે. કન્યા ગોરી છે ને વર કાળો ! શા કારણથી કાળો ? – વરની માએ – વેવાણે – તડકામાં જણ્યો તેથી કાળો ! અહીં બે-ત્રણ પંખી મરાયાં છે. પહેલું તો, ગીતની પંક્તિ છે "શૌક્યે તડકામાં જણ્યો" – વેવાણને શોક્ય કહી છે ! પોતાના પતિની બીજી સ્ત્રી ! વેવાણનો ડોળો પોતાના પતિ ઉપર છે અથવા તો પછી તદ્દન ઊલટું – પતિ વેવાણને અમુક દૃષ્ટિએ જુએ છે. પકડાઈ ગયો છે ને તેની અસલામતી ગવાય છે ? બીજું "તડકામાં જણ્યો" – સુવાવડ ઘરના છેલ્લા ઓરડામાં થાય ! વેવાઈની સ્થિતિ એવી કે માથે છાપરું નહીં ને આગળ પાછળ ઓરડાય નહીં !!! ત્યારેસ્તો તડકામાં છોકરો જણવાનો વારો આવે ને ! આમ વેવાઈની સંપતની પણ મજાક છે. પછી ગીત આગળ ચાલે છે એમાં આ વાત અલગ અલગ રીતે કહેવાય છે ને પદે પદે કન્યાના ગોરા વાનનાં કારણ પણ અપાય છે. જેમાં સરખામણીએ કન્યાપક્ષ ચડિયાતો પુરવાર થાય છે. વેવાણે સુવાવડ વખતે આડા પડદા નહોતા બાંધ્યા – પણ કન્યાના ઘેર પડદાની સગવડ હતી. વેવાણની સુવાવડના ઓરડામાં દીવા પણ બળતા ન હતા જ્યારે કન્યાની માએ તો કન્યાને મહેલમોલાતોમાં જન્મ આપેલો. વરની માએ શીરો તો શું ! કાંકરી ગોળ પણ નથી ખાધો એની સુવાવડમાં – કન્યાની માએ તો લોટની ગુણો ને ગુણો ને ઘીના ડબ્બે ડબ્બા ખાલી થાય એટલો શીરો ખાધેલો... ને ગોળની તો રેલમછેલ હતી ! આમ, કન્યાને વરપક્ષની ટપાટપીને છેક સુવાવડની ઘડીઓ સુધી તાણી ખેંચાય છે. જે વાસ્તવમાં નથી શક્ય એવી સમૃદ્ધિને વર્ણવીને – અતિશયોક્તિ દ્વારા એ બંને પક્ષો વચ્ચેની ખીણને વધુ ઊંડી વધુ પહોળી બતાવાય છે. ખરે જ, સમાજમાં વર-કન્યાના પક્ષ જાણે શત્રુપક્ષો જ છે ! આ મજાકની પાછળથી કયો સૂર સંભળાય છે ?

ત્રીજું "વેવાણ-ગીત" જરા વધુ બોલકું ને વધુ ઉઘાડું લાગે છે (ગીત-૭૫). એક



વેવાણ બીજીને કહે છે :

*"આછી આછી બંગડિયું પેર મારી વેવાણ !*
*અમદાવાદના ભાયડા કરવા મેલ મારી વેવાણ !"*

વેવાણના શણગાર શોખની ટીકા છે. એને અમદાવાદના પુરુષોનો મોહ છે એનીય ટીકા છે ! વેવાણની ચાલચલગત ઉપરનો આ સીધો આક્ષેપ શું સૂચવે છે ? ક્યારેક આવી વેળાએ છાની વાતો "છતી" થઈ જતી હોય છે, પરસ્પર વાંક કાઢીને – દોષ દેખાડીને કોઈક જૂની અદાવતો સંતોષાતી હોય છે. તો ક્યારેક અમુક છૂટછાટભર્યા વર્તન વિશે સીધું ન કહેવાતું હોય તો આમ ગીતમાં ગવાઈ જાય છે. જેને કાન હોય તે સાંભળી લે ! – ફટાણાં ક્યારેક ક્રૂર અને વધુ પડતાં ટીકાખોર લાગે, "જોડણી કોશ" કહે છે તેમ ભૂંડાબોલાં પણ લાગે... પણ ક્યારેક એની પાછળ છુપાયેલો "સામાજિક ન્યાય" પણ શોધી કાઢવો પડે ! આપણી લગ્નપ્રથા પિતૃપ્રધાન તો છે જ – એમાં સ્ત્રીનો સૌથી વધુ ભોગ લેવાય છે એ વારંવાર કહેવાઈ ગયું છે; પરંતુ તેનાથી જે બંધિયારપણું ખડું થાય છે જે સ્ત્રીપુરુષ બંનેને અસર કરે છે. ખાસ તો "કજોડાં"ની સ્થિતિથી દુભાતાં યુવાન સ્ત્રી-પુરુષને તેવે વખતે આવાં ગીતો સડેલી – સત્તાખોર લગ્નપ્રથાનાં ઠીક ઠીક ચીંથરાં ઉડાવતાં જોવા મળે છે. જે "અનિવાર્ય દૂષણ" હોય એને આમ કડવાશથી હસી જ કાઢવું રહ્યું !

આગળ એક ગીતમાં "વેચાતી વેવાણ"નો સંદર્ભ આવી ગયો. એક બીજું ગીત પણ આમ જ વેવાણો ઊભી બજારે વેચાય છે. (ગીત-૭૬)

*"લાલ પીળો હલવો વેચાય મુંબઈના ચોકમાં..."*

આ ગીતમાં રમેશ(વર/અણવર/કોઈ માનીતો જાનૈયો)ની મા પણ મુંબઈના ચોકમાં વેચાય છે. "લેવી હોય તો જજો બજાર, મુંબઈના ચોકમાં". અને પછી તો માથી શરૂ કરીને ફોઈ-માસી સર્વે વેવાણો સપાટામાં આવી જાય છે. કન્યાવિક્રયથી ચિરપરિચિત આ સમાજમાં આમ હાલતાં-ચાલતાં સ્ત્રી વેચવાની વાત ભલે હળવાશથી ગવાતી હોય પણ પાછળ ક્યાંક ડંખ તો છુપાયો હોવો જોઈએ.

ગીત નંબર-૭૭માં પણ વેવાણના શોખીન અને "છુટ્ટા" સ્વભાવનો ઉલ્લેખ છે :

*"મારે તે આંગળ પથ્થરની પાણિયારી રે,*
*ફલાણી ! તું તો પાંચ બેડા પાણી લાઈ રે,*
*ફલાણી ! તને છઠ્ઠે બેડે હારું લાગ્યું રે,*
*ફલાણી તને ફલાણો ભાયડો ના ગમે રે,*
*ફલાણી ! તને અમુક ભઈ પામ્યાની હોંસુ રે !"*

"બેડું લાવવું", "બેડું ચઢાવવું" – "બેડું ઉતારવું"માં મનગમતા પુરુષ પાસે સામે જઈને કરેલા એકરારનો સંદર્ભ જાણીતો છે. આ ગીતમાં જે સ્ત્રી (વેવાણ/ નણંદ ?) વિશે ગવાયું છે તેને પાંચ બેડાં ભર્યાં જાણે નકામાં ગયાં, ને છઠ્ઠે બેડે "સારું"

લાગે છે. એને એક પુરુષ નથી ગમતો ને બીજાને પામવાની હોંશ જાગે છે. કયા સમાજમાં આટલી છૂટછાટ છે ? કહેવાતા ઉજળિયાત સમાજમાં, મોટેભાગે ગોઠવાયેલા લગ્ન ને તે પણ મરતાં સુધી નિભાવવાનો દંભ દેખાડવામાં – ઉપદેશવામાં આવે છે. પણ આ કહેવાતા પછાત સમાજે, સ્ત્રીના ગમા-અણગમાનો કંઈક તો હકારાત્મક ખ્યાલ જરૂર કર્યો છે; તે વગર હાંસી ઉડાવવા પૂરતુંયે આવું ગાણું જોવા ન મળે ! સ્ત્રી પોતાના મનપસંદ પુરુષના આંગણે હેલ ઉતારે – એ રિવાજમાં જ કેટલો મોટો પડકાર કરે છે સ્ત્રીઓ, પરંપરા સામે ? જોકે આજે ભલે હાલતાં-ચાલતાં આવા બનાવ ન પણ બનતા હોય, પણ જે ગીત વારસામાં સચવાયા છે તે બતાવે છે કે કોઈ ને કોઈ અંશે એનું મહત્ત્વ હજી અપાય છે દલિત સમાજમાં.

ગીત ૭૮ પણ લગ્નેતર સંબંધનો મુદ્દો છેડે છે.

*"ચાર-પાંચ મંકોડાં – મંકોડાની હાર ચાલી...*
*વિનિયા ! તારી બેની રે બપોરાની પાણી ગઈ છ."*

આમ વિનિયા(વર-અણવર-માનીતો જાનૈયા)ની બહેન પાણી ભરવાને બહાને તળાવ/નદીએ પહોંચ્યા પછી એણે "બેડલિયા તો ફોડી નાખ્યાં, ઈંઢોણી તો ડાળે ભેરવી" અને "બપોરની લેરા" લઈ રહી છે. આમ બપોરની એકાંત વેળા, પાણી ભરવાનું બહાનું અને જળાશય આગળનો ઇચ્છિત સૂનકાર... યુવતી પોતાને મનગમતી રીતે સમય પસાર કરી રહી છે... "લેરા લેવી" કંઈ એમ સહેલી નથી !

ગીત ૭૯માં વર-અણવર કે માનીતા જાનૈયાને જે અપશબ્દોથી નવાજવામાં આવે છે તેમાં એને તો ઠીક; મૂળમાં એની માને – વેવાણને ગાળ પડે છે ! આ આડકતરો પ્રહાર નોંધપાત્ર છે :

*"રામપુરાની ટોપલડી રમેશના માથે મૂકો રે..."*

ને પછી કોકના પાદરમાં છાણાં વીણવા મોકલેલા રમેશને માર પડે છે ત્યારે સ્ત્રીઓ પૂછપરછ કરે છે કે "શું છે લ્યા, ......ના છોરા"... "શું છે લ્યાં ......ના છોરા"... ત્યારે એમનો ઈશારો રમેશની માના જે તે કોમના માણસો સાથેના આડા વહેવાર સામે છે, એવું લાગે છે.

સાથે સાથે એક બીજો મુદ્દો પણ હાથ લાગે છે : અમુક સમાજ કરતાં અમુક સમાજ કહેવાતો "ઊતરતો સમાજ" છે. ત્યારે અમુક કોમ ભલે કહેવાતી રીતે ઊતરતી ન હોય – સંસ્કાર, રીતભાત, સાંસ્કૃતિક મુદ્દે એ કોમને ઉતારી પાડવામાં જ આવે છે. વણકર બહેનો જ્યારે આ ગીત ગાય છે ત્યારે એમનો ઈશારો આવા કહેવાતા કુસંસ્કાર, રીતભાત પ્રત્યે હશે કે શું ? (આવી બાબતો ઘણા વિચારપ્રેરક મુદ્દા ઊભા કરે છે)

પણ હંમેશા વેવાણના કહેવાતા ચારિત્ર્યની કહેવાતી શુદ્ધતા ઉપર જ પ્રહાર થાય છે. એવું નથી નાની-મોટી કુટેવો/ટેવોની પણ રમૂજી ટિપ્પણી થાય છે. ગીત-૮૦ જુઓ : અપ્રસ્તુત શરૂઆતવાળું હોવા છતાં – મૂળ મુદ્દો ઝટ પકડાય છે. આ ગીતમાં :



*"અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો રે આપણા દેશ રે*
*બારોટજીનો ફેંટો લહેરાય જાય*
*કાંતિભાઈ ગામ સિધાવ્યા,*
*રાણી જડીબેન તે ગીતડાં ગાય..."*

ને પછી, બહારગામ ગયેલા પતિની પત્ની "બસેર પલાળેલી બાજરી... રાણી હરતાં ને ફરતાં ખાય", "ધોળિયા ઘઉંની રોટલી, રાણી ઝીમાં ડબોળી ખાય રે"... આમ જુદા જુદા આર્થિક સામાજિક સ્તરના પતિઓના નામ લઈને તેમની પત્નીઓ, પતિની ગેરહાજરીમાં મનભાવતાં ભોજન રાંધીને કેવાં માણે છે તેનું વર્ણન છે. આખા ગીતમાં જે તે આર્થિક-સામાજિક સ્તરનો ખોરાક, તેની વાનગીઓ અને સ્ત્રીઓની સમાજને ઓળખવા-પારખવાની આ તરતબુદ્ધિ અને સામાન્ય જ્ઞાન વેવાણોથી છાનું ખાવાની ટેવનો ઉલ્લેખ છે જ – જેને વિશે અગાઉ વિવરણ થયેલું જ છે કે સાસરીમાં દબાણને કારણે અને મોટેભાગે ઘરમાં પુરુષવર્ગને ભાવતી જ ચીજો રાંધવી પડતી હોવાને કારણે, પતિની ગેરહાજરીનો લાભ મળે ત્યારે સ્ત્રીઓ અધૂરા સ્વાદ પૂરા કરી શકે છે. આમાં સ્ત્રીઓના ખાઉધરાપણાં – કે છાનગપતિયાંની ટીકા થવાને બદલે એના ઉપર મુકાતા દાબની ટીકા થવી જોઈએ એવું નથી લાગતું ?

આવી જ નિર્દોષતા છે હવે પછીનાં બે ગીતોમાં – (ગીત-૮૧). અહીં કન્યાપક્ષની બહેનો વરપક્ષની બહેનોને બરાબર વાટ જોવડાવે છે :

*"થંભી રહો મંડપની બહાર, ઉતાવળ શાની કરો છો."*

આમ તો વેવાઈ-વેવાણોનું સ્વાગત કરવા સતત ચિંતાતુર આ સ્ત્રીઓ જાણે પોતાને અનુભવવી પડેલી તંગ મનોદશાનું જાણે વેર વાળે છે – આ તો કન્યાનો માંડવો છે, કન્યા માટે આજ પનોતો દિવસ છે. એણે સોળ શણગાર સમજીને આવવાનું છે... વાર તો લાગે જ ને ?! ઉપરાંત બહેનો જાણે છે કે વરપક્ષવાળાને આજે "ગરજ" છે; વહુ-લાડી લીધા વિના ક્યાં જવાના છે ? આજ સુધી બહુ દોડા કરાવ્યા છે – બહુ ઉધામા કર્યા છે અત્યારે સાટું વાળી દઈએ – કચકચાવીને રાહ જોવડાવીએ... આવો લ્હાવો ને આવો લાગ ફરી ક્યાં મળવાનો છે ?!

પણ આવી મજાકનું છે; જેમાં પ્રાસની રમઝટ છે. (ગીત-૮૨)

*"રેલગાડી આવી, મુંબઈનો માલ લાવી...*
*ગાડીમાં ભર્યા રીંગણા – જાનૈયા બધા ઠીંગણા..."*

ગાડીમાં ભર્યા ચોખા – જાનૈયા બધા બોખા... ગાડીમાં ભર્યા ગાભા... જાનૈયા બધા બાઘા... ગાડીમાં ભરી બાજરી – જાનૈયા બધા ...... ... મારી બેનો આ રેલગાડી આવી !" એક મુદ્દો નોંધપાત્ર છે – બાકીની મજાકો નિર્દોષ છે; એક માત્ર જાતિનો સંદર્ભ હિંદુસમાજવ્યવસ્થાની ચડતી ઊતરતી મોજણીની ચાડી ખાય છે !

ચોર વેવાણને પકડી પાડ્યાનું પરાક્રમ છે નિર્દોષ ઠેકડી છે. પણ વેવાણોને સામસામે ધોકા લેતી ચીતરાઈ છે. (ગીત-૮૩)

*"મારા માંડવા હેઠે, હીરની દોર, ચીરની દોર, ઘુઘરિયાળા ગોદડાં,*
*મારા ફલાણીબેન ચોર... ચોરી ગયાંતાં ગોદડાં !*
*મારા અમુક બેનો ધોકો લઈને ફરી વળ્યાં*
*રેવા દો બેન, અવ નંઈ ચોરું ગોદડાં !"*

એક બાજુ ગોદડાં ચોરવા જેટલી ગરીબ છે ને બીજી બાજુ હીરના-ચીરના દોર અને ઘૂઘરીવાળા ગોદડાંની સાહ્યબી છે. વાસ્તવિકતા અને કલ્પનાજગત વચ્ચેનો ફરક પણ તરી આવે છે.

તો (ગીત-૮૪)માં વળી વેવાઈની ટીકા છે – આ ગીત ઉલ્લેખનીય એટલા માટે લાગે છે કે વરપક્ષ પોતાનો વટ બતાડવા, પોતાના હાથ ઊંચા છે એમ દેખાડવા માંડવે પહોંચતાં જાણીજોઈને ઘણી વાર મોડું કરતો હોય છે. હકીકતે કન્યાપક્ષ એની ટીકા કરી ન શકે. મોટેભાગે વહેવારમાં ડોળઘાલું દેખાવ કરનાર વડીલો – પુરુષવર્ગ કાં તો ચૂપ રહે કાં તો હસતું મોં રાખીને જાન વધાવે છે પણ સ્ત્રીઓ સરખામણીએ વધુ નિખાલસ હોય છે. મનની વાત બહાર કાઢી નાંખતા નથી લાગતી એમને વાર કે નથી જણાતો છોછ – આ ગીત પણ વેવાઈઓએ લગાડેલી વારને ફિટકારે છે !

*"આવા આહૂરા શું આયા મારા વેવયો રે... ?"*

આટલું ટોકવાનું સાહસ તો ચલો સમજ્યા; પણ સામે વેવાઈઓ જે જવાબ વાળે તેને પણ કન્યાપક્ષ જ ગાય છે તે જોવા જેવું છે : "વાટમાં કૂતરી વિયાણી રે મારા વેવયો રે – એની બળી ખાવા રયાતા મારા વેવયો રે !" ને પછી તો ગધેડીની સુવાવડનો ટોણો પણ ગાય છે. આ ગીતમાં રોજિંદી પશુસૃષ્ટિ તો વણી જ લેવાઈ છે, સાથે સાથે જે તે પશુજાતિની માદાનો ઉલ્લેખ પાછો નોંધવા જેવો છે – વેવાણોને નડે છે તેય જાનવર-માદાઓ !!! કોઈ પણ ગાળ, અપશબ્દ પાછળનો સૂર સ્ત્રીજાતિ સાથે સંકળાતો જ હોય છે તે વિશે આ ગીતની ગાનારીઓ સભાન હશે ખરી ?!

વેવાઈઓને ભાદર નદીમાં તણાતા જોવાની મજા માણવાનું પણ આપણી બહેનો "ગાઈ નાંખે" છે ! (ગીત-૮૫)

*"આઈ આઈ ભાદરવાની રેલ...*
*આપણો વેવાઈ તણાયો જાય; ભાદર ગાજે સે !"*

આ ગીતમાં એક મહત્ત્વનો ઉપયોગ થયો છે વણકરના વ્યવસાયની પરિભાષાનો.

"નાંખો નાંખો કાંતિભાઈ દોર... તાણું તો તૂટી જાય... મેલું તો તરબોળ જાય... દોર નાંખીને વેવાઈને ઉગારી લેવાના છે પણ તાણે તો તૂટે ને મેલે તો તરબોળ થવાય... એવી દ્વિધામાં વેવાઈ છોને જાય તણાઈ ? – આમ નિર્દોષ મજાક કરીને બે પક્ષ વચ્ચેની સરસાઈ વારંવાર સાબિત થતી જોવા મળે છે.

આ ગીતમાં આધુનિક અને પારંપરિક કહેવાતા ઉજળિયાત મૂલ્યોનું અજબ મિશ્રણ છે ! (ગીત-૮૬)



*"ડિસ્કો મંડપ ડિસ્કો મંડપમાં લીલા-લહેર છે;*
*બેન છે ગોરા ગોરા, જમાઈ તો થોડા શ્યામ છે."*

પછી પાઉડર, લાલી વગેરે આધુનિક મેક-અપ સામગ્રીનો સંદર્ભ છે. આ કાળા-ગોરાનો ભેદભાવ એક રીતે જુઓ તો કહેવાતું ઉજળિયાત મૂલ્ય છે ને બીજી બાજુ આવી માન્યતાને ધાર્મિક સાહિત્ય-ફિલ્મો વગેરે પોષે છે. પેલાં રાધા-કૃષ્ણની જોડીનાં વર્ણનોમાં ! વાસ્તવમાં દલિત-શ્રમજીવી સમાજને તડકે વાન તપાવવાનું ગૌરવ જ હોય પણ ત્યારે પેલું કહેવાતું "સુંવાળું", "ઉજળું" એમને બીજી દિશામા વિચારતા-ગાતાં કરી મૂકે છે એવું નથી લાગતું ?

કન્યાવિક્રયના આ સમાજમાં વરના બાપ કન્યાને ચડાવવા માટે શી શી અને કેવી કેવી જણસો લાવ્યા છે તેનું કુતૂહલ સૌને હોય છે. અમુક વાર, ગમે તેટલું આપો પણ "ઓછું છે" કરીને ગાઈ લેવાની ગમ્મત કરવાનું સ્ત્રીઓ ચૂકતી નથી. વેવયોને ટૂંકા ગજાના, કંજૂસ, રાંકડા કહીને એક જાતનો આનંદ મળે છે. આ લોકોનાં વેવાયની "કંજૂસાઈ"નાં કેટલાંક ગીતો જોવા જેવાં છે : (ગીત-૮૭)

*"વાંકો અંબોડો દેવીબોનનો લળી લળી જાય,*
*એરે અંબોડે વેવય વેણી નથી લાવ્યા રે..."*

ને પછી ચોટલા માટે ફૂલ, કાનની વાળી ! એમ અંગે અંગ શોભતા શણગાર જે વેવાયોએ લાવવા જ પડે – તે નથી લાવ્યા એવું ગાયને દેવીબેનની અધૂરી રહી ગયેલી શોભાને કન્યાપક્ષ વર્ણવી બતાવે છે.

"મોટાનાં મામેરા આયાં ચાલો જોવા જઈએ રે"માં કન્યાના મામા કેવું મામેરું લાવ્યા છે ને કેટલા વાયદા કર્યા છે એની ઠેકડી છે ! "મામા" આમ તો કન્યાપક્ષનું મોટું માથું કહેવાય પણ કન્યાના પિતૃપક્ષ માટે પાછો એ સામેવાળો થયો; ને એ કેટલી સંપત આપવા તૈયાર છે, ખમતીધર છે એનું કૌતુક આ ગીતમાં છે ! આ રમૂજ જુઓ : (ગીત-૮૮)

*"છાબ માથે મામી નાચ, ચાલો જોવા જઈએ રે...*
*ઊંચી છે પણ ભલે નાચ, ચાલો જોવા જઈએ રે...*
*છાબ લાયા, ચુડીઓ લાયા, વાટકડીના વાયદા કર્યા,*
*પાડી લાયા, લાયા કન્યાની માડી રે !"*

અહીં કન્યાની માતાને પણ ગીતમાં ખેંચી આણી છે – માતૃપક્ષને ફરી એક વાર પિતૃપક્ષની સરખામણીએ હેઠું ચીતર્યું છે – હાંસી ઉડાવી છે !

આ કંજૂસ વેવાયની સાથે વરરાજાને પણ "ગાઈ" નાખ્યાં છે. વરરાજા-અણવર-માનીતો જાનૈયો વિશેનાં ગીતો ખૂબ નોંધપાત્ર છે. એમાં કન્યાવિક્રયની સાથે સાથે એક બીજો મુદ્દો પણ નોંધપાત્ર છે. જે ગીતો જોતા જ આંખે ઊડીને વળગે તેવો છે. (ગીત-૮૯)

"પિપરે ચડતોન પેંપરા ખાતો, ઝાડે ચડીન દુહા કે'તો રે,
ગધાડીનો ગોલો... અમારા રતનબા પગે છે અડવાં,
કડલા વિના શીનો આયો રે, ગધેડીનો ગોલો !"

અહીં રતનબા કન્યાના પગ અડવા છે. એના માટે "કડાં" લીધા વગર આવેલો આ વર શા કામનો ? ને બહેનો જે ગાળ વરરાજાને આપે છે તે સાંભળી ? – સીધા વેવાણને પહોંચે છે ને ? ઉપરાંત, આ વરને આજે આટલા માનપાન દઈએ છીએ, પણ હજુ ગઈકાલ સુધી તો ઝાડે ચડીને કાચાં ફળ ખાતો'તો, દૂહા ગાતો'તો ! ને પછી એક પછી એક અલંકારના નામ દઈને વરને ટોકાય છે કે હાર, લોકેટ વગેરે લીધા વગર કેમ આવ્યો ? ખાલી હાથે આવીને, લાખેણી લાડી લઈ જનારા વરને કન્યાપક્ષના ગાળો જ ભાંડે ને ?

એટલેસ્તો આ સ્ત્રીઓ વરરાજાને દઈ શકાય એટલા મહેણાં દે છે : (ગીત-૯૦)

"ચ્યાંથી આયો રે, ચ્યાંથી આયો રે–
ઓલા બાવળાના થડ જેવો ચ્યાંથી આયો રે... ?
લઈ ચાલ્યો રે, લઈ ચાલ્યો રે...
મારા ગુલાબના ફૂલન લઈ ચાલ્યો રે...
મારી કોયલનો ટહુકો લઈ ચાલ્યો રે !"

કેવો કરુણ કટાક્ષ છે આ પંક્તિઓમાં ? ઘર દીકરી વગર સૂનું સૂનું થઈ જશે એ વાતને કોયલના ટહુકા સાથે સરખાવીને કેવી અદ્ભુત રીતે ગવાઈ છે ? કન્યાપક્ષને મન કંઈ વરની આપેલી જણસોનું એટલું મહત્ત્વ નથી જેટલું તેમની આંખનું રતન ઝૂંટવાઈ જવાનું છે ! સદીઓથી સ્ત્રીને – દીકરીને – બહેનને સાસરે ખેંચી જતો એક આખો સત્તાધારી પક્ષ સામેનો આ રોષ છે – પુણ્યપ્રકોપ છે આવાં ફટાણાંમાં. (ગીત-૯૧)

"કાચા બાવળિયા વઢાવો... તેનો રેંટિયો બનાવો...
રેંટિયો શેર સૂતર કાંતે... તેનો ઘાઘરો સીવડાવો..
પેલા ઘનશ્યામને પે'રાવો..."

શું કહે છે ગીત ? – ઘનશ્યામ જે કાં તો વર/અણવર/વરનો મિત્ર/દિયર હોય તેને "ઘાઘરો" પહેરાવે છે. આ બહેનો ને પછી ?... "ઘનશ્યો ! પેરી પેરી નાચ..." પુરુષને સ્ત્રીવેશ પહેરાવી નાચ નચાવવો છે આ બહેનને ! આજ સુધી, જનમારા ભર, પોતે જે કર્યું છે તે હવે આ પુરુષો કરે એવું તાતું વેર વાળવું છે આ બહેનોને ! આ કંઈ નવી વાત નથી ! આધુનિક યુગમાં છેલ્લે પાટલે બેસતી નારીવાદી બહેનો પાટલૂન પહેરીને – સિગારેટ પીને આવું જ વલણ પ્રગટ કરતી હોય છે ને ? – પણ આમ, ઘડિયાળના કાંટા અવળા ફેરવવાથી કંઈ સમય બદલાઈ જવાનો છે ? પરિવર્તન આવી જવાનું છે ? પણ આપણી ગ્રામીણ બહેનો તો માત્ર આવા બોલ બોલીને, આવી કલ્પના કરીને રાચે છે, એટલું જ ! અને આ કલ્પના ધરાવતાં બીજાં ગીતોય મળે છે, જેમાં આધુનિકતા ભળી છે, નવા જમાનાના રંગ પણ ઘોળાયા છે. (ગીત-૯૨)



"રેંટિયો શેર સૂતર કાંતે... એના ઝીણા તાર નીકળે...
એની મેક્સી સીવડાવો..."

મંઈ બે બાબલા બેસાડો... બાબલા મમ્મી-પપ્પા બોલે... રમેશનાં મનડાં ડોલે..." ! રમેશને પહેરાવવામાં આવતી મેક્સી, પછી મીડી સ્કર્ટ, પંજાબી ડ્રેસમાં "બાબલા" – "મીંદડા" – "વાંદરાં"ની જોડ બેસાડવા પાછળ સ્ત્રીઓ શાનો ઈશારો કરે છે ? સ્ત્રીના ઉર ઉપર મોહ પામતા ને નજર નાંખતા પુરુષોથી એ ખિજવાયેલી છે – છંછેડાયેલી છે; એવો જ દેખાવ એ પુરુષોનો કરવા ઇચ્છે છે; એવી જ દૃષ્ટિએ એને જોઈને, એવો જ ભાવ પ્રગટ કરે છે ? આ ભાવ – દૃષ્ટિ-વલણમાં રહેલું ભૂંડું કેવું ઉઘાડું પડી જાય છે – પેલે છેડેથી પુરુષો જોતા હોય તો ?

આ ગીતોની રમૂજ ઘેરા-ઘાટા રંગની છે. અંગ્રેજીમાં જેને બ્લેક હ્યુમર કહેવાય છે – (આક્રોશયુક્ત મજાક) તે બરની છે. બીજું એક ગીત પણ આ જ રાહે જાય છે. (ગીત-૯૩)

"ઢમક ઢોલકી વાગે છે !
પરાગડો જમય ઘેર ઘેર નાચછ !"

પણ આ ગીતમાં સ્ત્રીવેશ કરતાં જમાઈનો નાચ મહત્ત્વનો છે ! પુરુષજાતે આજ સુધી સ્ત્રીઓને નાચ નચાવ્યો છે ! એ પછી ભરી સભામાં રાજનર્તકી બનાવીને કે મંદિરોમાં દેવદાસી બનાવીને, મુજરામાં તવાયફ બનાવીને, નવટંકીમાં રામજણી બનાવીને... ને બીજી દૃષ્ટિએ જોઈએ તો પિતૃસત્તા પોતાનો કક્કો ખરો કરવા દીકરી-બહેન-પત્ની-મા-બાપ – આખાય સ્ત્રી સમાજને પોતાની આંગળીના ઈશારે, સદીઓથી નાચ નચાવતી સાથે સાથે આપણા સમાજની જ્ઞાતિપ્રથા અને એના ધંધા-વ્યવસાયોનો પણ ઉલ્લેખ મહત્ત્વનો છે. "આવતાં આવતાં ભૂલો પડ્યો, ઘાંયજાના ઘરમાં પેસી ગયો – અસ્ત્રો ફેરવતાં શીખી ગયો... ચમારના ઘરમાં પેસી ગયો – છરી ફેરવતાં શીખી ગયો... ......ના ઘરમાં પેસી ગયો – ઢોલકી વગાડતા શીખી ગયો." એક રીતે જોતાં આ ગીત માત્ર પુરુષજાતિની હાંસી છે એટલું જ નથી પણ આ બહેનો, વડીલશાહી અને બ્રાહ્મણવાદી પુરાતનપંથી વિચારસરણીએ પઢાવેલા પાઠ પણ શીખી ગઈ છે ને એનું પોપટિયું રટણ પણ કરે છે – જેની પાછળની ગંભીરતાનો એમને ખ્યાલ હશે ? પોતે પણ દલિત શ્રમિક સમાજમાંથી આવે છે – અન્ય દલિત શ્રમિક સમાજ; જે વર્ણવ્યવસ્થાની દૃષ્ટિએ કહેવાતી "ઊતરતી" છે – ચમાર... એનો ધંધો "શીખી જવો" એ જાણે હીણું કામ હોય એવો સૂર અહીં ઊઠે છે ! ઘાંયજાના કોમની વાતોડિયણ – પંચાતખોર કોમ તરીકે આમ સમાજ હાંસી કરે છે; પરાગડો જમાઈ "આવો" બની ગયો એમ કહીને બહેનો આપણા શ્રમિકસમાજનાં કહેવાતા ગુણઅવગુણ-લક્ષણો વિશે બાપના વારાથી જે કહેવાતું આવ્યું છે એ જ બેવડાવે છે ! પેલી કહેવત છે ને... કૂવામાં હોય તો હવાડામાં આવે ! પિતૃસત્તા તો ખરી જ – ઊંડો, અંધારિયો, ભમ્મરિયો કૂવો છે ને ! (ગીત-૯૪)

*"મારો ઘુઘરો રે અમદાવાદથી મંગાવો...*
*વિન્યાને ટાંટિયે બંધાવો...*
*વિન્યો થેક થેક નાચે, વિન્યાની સૂતી બેન જાગે...*
*એ તો જાગે એવી માંગે... ઘમ્મર ઘુઘર વાગે રે..."*

આ ગીતમાં વિન્યાને – પુરુષને ઘૂઘરા બાંધીને નચાવવાની ઈચ્છા છે – ઘૂઘરો પાછો જેવો તેવો નહીં હોય – ઠેઠ અમદાવાદથી મંગાવેલો હશે. ને એના ઘૂઘરાના ઘમકારથી આપણી બહેનો રાચશે પણ વિન્યાની તો સૂતી બેન જાગશે ને જાગશે એવી માગશે – મામેરુ, મોસાળું, વીરપસલી... હા – સમાજમાં બહેન તો ભાઈ પાસે માંગતી જ આવવાની – એ પ્રથાને એ વિચારો – પિતૃસત્તાએ જ રૂઢ બનાવ્યા છે. એ જ જૂના પાઠ પઢતી આ બહેનો આ ગાતી વખતે ભૂલી જતી હશે કે પોતે પણ કોકની બહેન છે જ... ને બહેન કંઈ માંગણ ભિખારી નથી ?

પરાગડાની જેમ, રામજીની જેમ રમેશનું નાક વીંધાવીને નથણી પહેરાવવાની છે, ઘમઘમતો ઘાઘરો ને સડસડતા સાડલા સાથે ફડફડતું કાપડું પહેરાવવાનું છે ને ચોક વચ્ચે નચાવવાનો છે. આ ગીતમાં પ્રાસની ઝમક ઉપરાંત શરૂઆતની પંક્તિઓ (ગીત-૯૫)

*"એક સોયને સૂંથણી મંગાવો રે...*
*ઓલ્યા રમેશનું નાક વિંધાવો રે..."*

માં અતિશયોક્તિ દ્વારા રસપ્રદ ગીત જોડવું છે ! (ગીત-૯૭)

આવી આ વડીલશાહીમાં, આવા સાસરામાં, આવાં સાસરિયા વચ્ચે કન્યાને જવાનું છે – નવી દુનિયામાં પ્રવેશ કરતી કન્યાને એની વડીલ સ્ત્રીઓ-સાહેલિયો-બહેનો શીખ આપે છે પણ એય તે અહીં રમૂજ, કટાક્ષ લઈને આવે છે. (ગીત-૯૬)

*"જજો ઉષાબેન સાસરે, જરા માપમાં રેજો !"*

પછી સાસુ, સસરા, જેઠ, જેઠાણી માટે પરંપરાગત ઉપદેશ છે પણ દિયર-દેરાણીની મજાક ઉડાવાઈ છે તે જુઓ :

*"દિયર ભાળી ડોળા કાઢજો, દેરાણીને ગોદો મારજો !"*

જે દુનિયામાં જવાનું છે તે આવી જ ખાટીમીઠી છે. સંસારનો સ્વાદ આવો જ છે. આ ફટાણામાં માત્ર વડીલશાહી, પુરુષવર્ગ, પિતૃપ્રધાન મૂલ્યો સામેનો આક્રોશ જ વ્યક્ત થાય છે એવું નથી; આવનારી પરિસ્થિતિને એ બદલી શકવા શક્તિમાન નથી જ. ત્યારે એ સ્થિતિનું અસલ-વરવું રૂપ તો ઓછામાં ઓછું એ પારખે એવી કરામત છે. આ ફટાણાંના આ સંગ્રહમાં બે ફટાણાં થોડા વિશિષ્ટ છે. બંનેમાં સામ્પ્રત-વર્તમાન જીવનનો પાસ છે. પ્રગતિશીલતા તરફ આંગળી ચીંધાય છે.

આ બેમાંનું પહેલું ગીત આમ તો પરંપરાગત છે પણ એમાં સમકાલીન સંદર્ભ છે ગાંફ અને સુરતના ધંધાકીય (હીરા-ઉદ્યોગ) સંબંધનો ! પુરુષો મોટેભાગે સુરતમાં



હીરા ઘસવા રહે છે. પાછળ સ્ત્રીઓ ગામમાં એકલી વસે છે. સુરતની સ્ત્રીઓ વિશે મનોમન કેટલીક કલ્પનાઓ એમણે ઘડી રાખી હશે. એ સ્ત્રીઓ વિશે ભાલબારાની બહેનોને કુતૂહલ પણ હશે ને કદાચ સ્પર્ધાભાવ પણ હશે ! પોતાના સમાજના પુરુષોને આકર્ષી શકનારી એ સ્ત્રીઓ વિશે આ બહેનો અવળવાણી ઉચ્ચારે છે – આમ તો એમને ઉતારી પાડવાની વાત છે. પણ એની પાછળનો સૂર સંભળાય છે ? – અહીં માત્ર સુરત છે પણ બીજાં શહેરોનાં નામ દઈને સામો પક્ષ : (વરપક્ષનું નામ ગવાય છે) (ગીત-૯૭)

*"સુરતની છોડિયું અમને પૂછે...*
*હાથમાં પુસ્તક ને કાંડે ઘડિયાળ તમને રાખે તેવા સે !..."*

સુરતની છોકરીઓને "રાખે" એવા સમર્થ, હોશિયાર છે ગાંફના છોકરા... પણ માનો કે ખરેખર ગાંફના છોકરા સુરતની છોડિયુંને રાખતા ફરે તો ? – બહેનોની "ખરેખર" શી દશા થશે ? આજ પ્રમાણે વિસ્તારના વૃદ્ધોના પણ વખાણ કરાય છે. ખડતલ-ખમતીધર આ ડોસલાઓ સુરતની સ્ત્રીઓને પોતાના પુરુષોની તાકાતનો પરચો દેખાડી રહી છે ! પણ પુરુષનો અનેક સ્ત્રી રાખવાનો ચાલ એમને "ખરેખર" માફક આવે છે ? ફટાણાં દ્વારા સ્ત્રીઓને આવી બે મોઢાંની વાત ગાતી કોણે કરી હશે ?

બીજું ગીત "કાળી કાળી વાદળીમાં વિમાન ચાલે, નીચેની દુનિયા જોયા કરે" (ગીત-૯૮)

એ જાણે કે પરિસ્થિતિનું પક્ષીદર્શન કરતી હોય એવી રીતે બહેનો નિરીક્ષણ કરે છે – "ભણેલા મનહરસિંગ છાપા વાંચે – અભણ મીનાવહુ સમાચાર પૂછે... ભણેલા હિંમતભાઈ ઘડિયાળ બાંધે – અભણની છોકરી ટાઈમ પૂછે... ભણેલા અનિલભાઈ કપડાં પહેરે – અભણની છોકરી ઇસ્ત્રી કરે !" – હા એવો ભરોસો રાખીને, આ ગાનારી બહેનો પરિસ્થિતિને બદલવા માટે આટલી જ હોંશથી – બઢીચઢીને – આગળ આવે એવી આશા રાખી શકાય ?

આમ વિવિધ ભાવો અને વિવિધ રસ ધરાવતાં ફટાણાંમાંથી પસાર થતાં બહેનોના મિજાજ-રુઆબ-ખુમારી અને રમૂજવૃત્તિનો પરિચય તો મળે જ છે પણ ક્યારેક ક્યારેક ફટાણાંવાળા પણ, પરંપરાએ આપેલો વારસો અને વડીલશાહીના જૂના વિચારો સ્ત્રીઓ અળગાં નથી કરી શકી; બલ્કે વધુ જોરદાર રીતે – વધુ મનગમતી રીતે અને વધુ પોતીકી લાગે એવી બોલીમાં એને ફરી ને ફરી જીવંત રાખી રહી છે. એ દિશાએ બહેનોનું લક્ષ પહોંચ્યું છે ખરું ?

મોટેભાગે કન્યાપક્ષનાં ફટાણાંમાં વધારે રમૂજ અને વધારે રોષ જોવા મળે છે. પોતાની દીકરીને લઈ જનારા માટે શક્ય હોય એટલાં મેણાંટોણાં એમની પાસે હોય છે. આ ફટાણું જોઈએ તો જે તીખાશ છે તે ખરે જ ચમચમાવી દે તેવી છે : (ગીત-૯૯)

*"આવડી વાર ચ્યાં લાગી ગજરાના વર ?*
*બેની વેચવા ગયો તો ગજરાના વર !"*

આ ગીતમાં ગજરા તે કન્યા છે અને વરને મોડું થવાનું કારણ કન્યાપક્ષની બેની પૂછે છે – પૂછે છે ને સાથે અનુમાન પણ કરી જ દે છે – બેની વેચવા ગયો તો ! પોતાને પરણવું હોય તો વહુના બાપને જણસો ને રૂપિયા આપવા પડે; તે માટે પોતાની બહેનનું પહેલાં નક્કી થાય પછી જ રૂપિયા/જણસો મળે ને ? આમ, સાદી પદ્ધતિનું એક આર્થિક પાસું અહીં ગવાયું છે. સામસામે લેવાતા અને અપાતા આ નાણાંવહેવાર વિશેની મજાક એમને વિચારતાં પણ કરતી હશે કે જમણા હાથે લે ને ડાબા હાથે પાછું આપવું પડે અને સમાજમાં તમાચો મારીને ગાલ લાલ રાખવા પડે એવા રિવાજો, પ્રથાઓ ચાલુ રાખવાને બદલે કન્યાધન, દીકરીને મિલકતનો વાજબી હિસ્સો આપવાના કાનૂનનું અનુસરણ વધુ સારું, વધુ ન્યાયપૂર્ણ થઈ પડશે ?

ગીતમાં બેની વેચવાનો આ મતલબ નીકળે છે એટલું સમજાય છે પણ પછીની કડીમાં માડી વેચવાનો આ સંદર્ભ આવે છે ત્યારે ફરી પ્રશ્ન થાય કે સ્ત્રીને વેચવાનું કેમ વારંવાર ગવાય છે ? સ્ત્રી એક (કોમોડિટી) વસ્તુ છે, કે મશીન છે, સાધન છે એ વાત પિતૃસત્તાએ તો સદીઓથી કર્યે રાખી છે. શું ફિલ્મી ગીત હોય કે શું બીડી-સિગારેટની જાહેરાત હોય – એ ચીજ બડી મસ્ત મસ્ત છે; ધીમી બળે છે ને વધુ લિજ્જત આપે છે – આ બધું કઠતું હોય – ખૂંચતું હોય – હૈયામાં ઘા કરતું હોય તો પછી આપણે શા માટે સ્ત્રીને વેચવા આવાં ગાણાં ગાઈને રાજી થવું ?!

બીજું એક ગીત વડીલ વેવાઈઓની મજાકનું છે; જેમાં ખાસ તો વરપક્ષ, કન્યાપક્ષની સરખામણી થઈ છે. (ગીત-૧૦૦)

*"આંબા પાસે આંબલીને લળી કોયલડી !"*

જેવા નાજુક શબ્દોથી શરૂ થતું આ ગીત આગળ જતાં ચંદુ જમાઈ અને જસુબેનના દાદાઓ, પિતાની સરખામણીએ ચડી જાય છે. ગાનારી સ્ત્રીઓ જાણે કન્યાની બહેન હોય એવું લાગે છે. ગાય છે – "રસ-રોટલી જમે છે રે મારા જસુબેનના દાદા !" ગુજરાતમાં રસ-રોટલીનું જમણ સમૃદ્ધિની નિશાની છે. ગ્રામીણ દલિત સમાજમાં તો મોટેભાગે બાજરી-જાર-ઘઉંના મોટા-મોટા રોટલા ખવાતા હોય છે. રોટલી તો શહેરી અને કહેવાતો ઉજળિયાત ખોરાક છે. એમાંય રસ-રોટલી તો ખાસ કહેવાતા ઉજળિયાતોનું ઉનાળું ભોજન છે. બેનના દાદાને એ જમાડે છે ને બનેવીના દાદાને ગોટલા-છોતરાં ચૂસતા દેખાડે છે આપણી બહેનો ! રમૂજ છે – આર્થિક ભિન્નતા છે ને સાથે સાથે વરપક્ષ ઉપર કન્યાપક્ષની અહીં સરસાઈ છે.

❑

# પ્રકરણ-૫

# સામંતશાહીના પડછાયા અને આપણાં આ ગીતોમાં એના પડઘા

## સામંતશાહી એટલે શું ?

માનવસમાજ અને માનવસમાજની રાજનીતિ રાજ્યવ્યવસ્થાના ઈતિહાસમાં ક્રમે ક્રમે જે વ્યવસ્થાઓ અસ્તિત્વમાં આવી તેનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે સમાજની પ્રાથમિક અવસ્થામાં પ્રાથમિક પ્રકારનો સમાનતાવાદ ને સાથે સાથે માતૃસત્તા હતી, ત્યારપછી કબીલાઓમાંથી જનપદો થયાં. ગ્રામ્યવ્યવસ્થા થઈ અને પ્રાથમિક પ્રકારની ગણરાજ્ય-લોકતંત્રની વ્યવસ્થા આવી; જેમાં જનપદના (ગ્રામસભા) પ્રમુખની ચૂંટણી થતી, પંચની ચૂંટણી થતી; વગેરે...! ત્યારપછી ચોક્કસ વર્ગના સ્વાર્થ અને હિત પોષાય તેવી રાજાશાહી શરૂ થઈ, જેમાં "સામંતો" પેદા થયા. "સામંતો" એટલે સાદી ભાષામાં કહીએ તો રાજારજવાડાં ને એમની સાથેના ભાયાતો. આ સૌ કહેવાતા "રાજ્ય-વંશો"ની સત્તા, એમના વારસો અને પિતરાઈ ભાઈઓમાં વહેંચાતી સત્તા જેને "ગરાસ" કે "ગિરાસ"ના નામે આપણે ઓળખીએ છીએ. જે મૂળ સંસ્કૃત "ગ્રાસ" (કોળિયો) શબ્દમાંથી ઊતરી આવ્યો છે. આમ સામંતો એટલે મોટા રાજાઓના "કોળિયા" પર નભતા નાનાં રજવાડાં. જેમની પાસે ગઢવાળું મુખ્ય ગામ અને થોડાં ગામની જમીનજાગીર હોય, નાનું લશ્કર હોય અને ભાટ-ચારણ આદિ રાજ્યાશ્રિતોનો સમુદાય હોય.

આ ભાયાતો-ગરાસદાર-ગરાસિયાઓ જાતે તો પોતાની જમીન પર ખેતી કરવા ન જાય – ઉભડિયા સાથી, મજૂરો રાખે અને એમની મહેનતની ઉપજ પોતે ખાય. આ મજૂરો પાસે ખેતરની ને ગઢની વેઠ કરાવે; એમના આખા કુટુંબે એ વેઠ કરવી ફરજિયાત છે એવું માને ને મનાવતા આવે. આ જ રીતે જાતે લડવા પણ ભાગ્યે જ જાય. પોતાની તેમજ પોતાનાથી કહેવાતા નીચલી કોમના સિપાઈઓને નોકરીએ રાખે. ન્યાય, સુરક્ષા, ઉપજ, મહેસૂલ નાણાં વહેવાર વગેરે એમના એકહથ્થુ શાસન હેઠળ હોય તે સામંતશાહી. આવી સામંતશાહી ભારતમાં ઈસુની ૪થી સદીથી શરૂ થઈને ઠેઠ ૧૯૫૦માં પૂરી થઈ.

## સામંતશાહી અને લોકસાહિત્ય :

આમ તો ૧૯૪૭, ૧૫મી ઑગસ્ટે ભારતને આઝાદી મળી અને ત્યારથી આપણા દેશનો વહીવટ સમાજવાદી લોકશાહી દેશ તરીકે ચાલવા લાગ્યો છે. ચૂંટણી, પંચાયતીરાજ, લોકસભા-રાજ્યસભા-સંસદનાં ગૃહો, જમીનની ટોચમર્યાદા, મહેસૂલના નિયમો, આર્થિક-સામાજિક રીતે નબળા વર્ગો માટે અનામતવ્યવસ્થા, રોજીરોટીથી માંડીને અભિવ્યક્તિ – સ્વાતંત્ર્ય સુધીના મૂળભૂત અધિકારો અને વિશ્વભરનું સૌથી મહત્ત્વાકાંક્ષી – સમાનતાલક્ષી બંધારણ ધરાવતા આ દેશમાં ગઈ સદી કરતાં ઘણાં મૂળભૂત ફેરફારો થતાં જણાય છે. ખાસ તો યાંત્રિક પ્રગતિ, ઔદ્યોગિક વિકાસ, ખેતીનું નવીનીકરણ અને હવે તો મુક્ત બજારને કારણે દુનિયાભરના દેશો સાથે સંકળાયેલું અર્થતંત્ર પણ આપણા જીવન ઉપર ઓછોવત્તે પ્રભાવ પાડી રહ્યું છે. ગઈ સદી કરતાં શિક્ષણ પણ વધ્યું છે. કહેવાતા અસ્પૃશ્યો, સ્ત્રીઓની સ્થિતિમાં – ખાસ કરીને મધ્યમવર્ગની સ્ત્રીઓ – ફરક ચોક્કસ પડ્યો છે. શહેરીકરણ અને ટી.વી. – રેડિયો – ફિલ્મ જેવાં સમૂહમાધ્યમનો ફેલાવો વધ્યો છે ને તેથી કરીને શ્રમિક-ગ્રામીણ સમાજજીવન ઉપર એનો પ્રભાવ પણ પડતો દેખાય છે. સમગ્ર રીતે જોતાં આપણા દેશની રાજકીય, આર્થિક, સામાજિક સ્થિતિ, કહેવાતા સમાજવાદી, મૂડીવાદ તરફ ઝડપથી ગતિ કરી રહેલા, ઉદારમતવાદી લોકશાહી દેશની છે.

આમ છતાં ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ જેવા પ્રદેશોમાં તેમજ રાજસ્થાન, પંજાબ, બિહાર જેવાં રાજ્યોમાં સમાજના રીતરિવાજો, વલણો, સાંસ્કૃતિક અભિવ્યક્તિ : સાહિત્ય-સંગીત-નૃત્ય-ચિત્રકળાઓ અને તેની પાછળનાં પરિબળો તરીકે કામ કરતાં મૂલ્યો જોતાં આ સર્વે ઉપર ક્યાંક ક્યાંક, ઓછાવત્તા અંશે જુનવાણી-રજવાડી-સામંતી-રાજપૂતી ઢબછબ, ભાષા, વલણો, મૂલ્યો અને સંસ્કારોની છાપ હજી સુધી ભૂંસાઈ નથી! આનું મુખ્ય રાજકીય કારણ એ કે ઉપરોક્ત રાજ્યોમાં હજી ૧૯૫૦ સુધીના નાનાંમોટાં દેશી રજવાડાંનું શાસન ચાલતું હતું. એમની સાથે સાથે જે તે વિસ્તારોમાં ગઢવી, ચારણ, બારોટ જેવી કોમોની વસ્તી પણ મોટા પ્રમાણમાં હતી અને આજે પણ છે. એ કાઠી, રાજપૂત, ગરાસિયા કોમોના વસવાયા તરીકે રોજી રળતા અને ત્યાં જ વસતા કર્મચારી દલિતો અને કહેવાતા અસ્પૃશ્યો અમુક હદે આજે પણ જે તે વિસ્તારમાં રહે છે. ગુજરાતના સંદર્ભમાં જ વાત કરીએ તો કચ્છ-સૌરાષ્ટ્ર-ભાલ પંથક જેવા વિસ્તારોમાં આજે પણ એ રાજપૂત કોમો અને ઉપર જણાવી તે કહેવાતી વસવાયાં, દલિતો ને કહેવાતી અસ્પૃશ્ય કોમોનું સહઅસ્તિત્વ છે જ. આ રાજપૂતો "દરબારો" તરીકે ઓળખાય છે. આમ તો મોટાભાગના આ દરબારો બહુ મોટા રાજા નહોતાં કે એમની પાસે સેના, સંપત્તિ કે મોટામોટા મહેલ મહોલાતોયે નહોતાં પણ સત્તા હતી. પોતાનો ગામ-ગરાસ રળી ખાતા આ ગરાસિયાઓનાં ખેતર-વાડીમાં ઘણાં વેઠિયાં વેઠ કરતાં, જે એમની ડેલીએ પણ કામ કરતાં. ગામના/વિસ્તારનાં તમામ વસવાયાઓ ઉપર આવા નાના-મોટા દરબારો અમર્યાદ સત્તા ચલાવતા. એમનો શ્રમ અને એમની જિંદગી જાણે પોતાની મુઠ્ઠીમાં જકડી રાખતા. ઉપરથી અપમાન-



સામાજિક-શારીરિક શોષણ તો ખરું જ. ખાસ તો દલિતો અને સ્ત્રીઓ વિશેના તેમના ખ્યાલો, તેમનું વર્તન, તેમનો વ્યવહાર ખૂબ તુચ્છતાભર્યો રહેતો. પોતાને આ લોકો લગભગ સર્વશક્તિમાન સમજતા હતા.

એક રીતે જોઈએ તો આજે હવે રાજ કે રજવાડાં નથી રહ્યાં, રાજ્યની વ્યવસ્થા બદલાઈ છે, પણ સૌરાષ્ટ્ર અને ખાસ તો ભાલ જેવા વિસ્તારોમાં દરબારો પાસે સત્તા તો હજુ છે જ; અલબત્ત, એનું રૂપ બદલાયું છે – એના રંગઢંગ બદલાયા છે. જમીનની ટોચમર્યાદા – ખેડે તેને જમીન જેવા નવા કાયદાને કારણે પહેલાં હતી તેમની જમીન તેમની પાસે નથી રહી. પણ જે ગરીબો-વંચિતોને જમીન મળી છે તેમની આર્થિક હાલત એવી નબળી હોય છે કે પોતાની જમીન દરબારો આગળ ગિરવી રાખીને પોતાની જ જમીન ઉપર મજૂરી કરવી પડે છે કે પછી સતત દુષ્કાળો અને રોજીરોટીના અભાવે કરીને લાંબા સમય સુધી સ્થળાંતર વેઠવું પડે છે એથી આ બાજુ આ ગરીબો-દલિતોનાં ઘરખોરડાં કે પત્ની-બાળકોને દરબારોનાં આશ્રિત થઈને રહેવાની મજબૂરી વેઠવી પડે છે. સ્ત્રીઓની હાલત બદતર હોય છે. ખેતરે-ખળીમાં – વાડીએ-ને ડેલીએ પણ એમનું અપાર શોષણ આજની તારીખેય મોટેભાગે થતું જ રહે છે. દરબારો સિવાય પણ – ગઢવી આદિ પહેલાંની રાજ્યાશ્રિત કોમોના પુરુષો પણ દલિતો-વંચિતો ઉપર ને ખાસ સ્ત્રીઓ પરત્વે તિરસ્કાર-અપમાન અને વિવિધ પ્રકારના શોષણનો વહેવાર રાખે છે. ભલે આ દરબારો-ગઢવીઓની રાજકીય સ્થિતિ બદલાઈ હોય; એમનામાં શિક્ષણનું પ્રમાણ બહુ ઓછું જ રહ્યું છે. ઉચ્ચ અભ્યાસનું એમને જાણે કોઈ મહત્ત્વ જ નથી. એમ આર્થિક પ્રવૃત્તિઓ ચોક્કસ બદલાઈ છે. પોલીસ ખાતું, ટ્રાન્સપોર્ટ ખાતું, ટપાલ ખાતું અને નવી પંચાયતો સુધ્ધામાં એમનું લગભગ એકચક્રી શાસન છે – તેથી અને પોતાના જૂના વારસાગત અભિમાનને કારણે આ તમામ કોમોનું દલિત સમુદાય પ્રત્યેનું વલણ-વર્તન અતિશય અન્યાય-અસમાનતાથી ભરેલું છે – શોષણમૂલક છે.

ભાલની બહેનો આ અન્યાય-અસમાનતા-શોષણની સામે અવાજ કરી શકે – એ દરબારો-ગઢવીઓ (બાપુઓ)ને "ગાઈ" શકે એવી હકીકત છે જ નહીં. પાણીમાં રહીને મગર સાથે વેર બાંધવું લગભગ અશક્ય ! પણ સીધી નહીં તો આડકતરી રીતેય આ બહેનો પોતાના સમાજની આ કપરી સ્થિતિ અંગે કંઈ "ગાતી" હોય એવું જણાતું નથી; કેમ ?

સામે છેડે જઈને કહેવું હોય તો એમ પણ કહી શકાય કે ભાલના દલિત સમુદાયો સામે કહેવાતા ઉજળિયાત સમુદાય તરીકે આ દરબારો-ગઢવીઓ આદિ જ છે. સંસ્કૃતિકરણની પ્રક્રિયા મુજબ – કહેવાતી નીચલી કોમો હંમેશાં કહેવાતી ઉપલી કોમોનું અનુકરણ અને અનુસરણ કરતી હોય છે. તે ન્યાયે, આ ભાલના દલિતો સામે દરબારો અને ગઢવીઓ જ નમૂનારૂપ છે. દલિતો એક બાજુ કદાચ મનોમન દરબારો પર રોષે ભરાતા હશે પણ દેખીતી રીતે, વહેવારમાં જોઈએ તો એમના જેવા થવાનો પ્રયાસ કરતાં પણ જોવા મળે છે.

હૈયે હોય તે હોઠે આવે – એ મુજબ એમની મહેચ્છા એ લોકો આડકતરી રીતે

રજૂ કરે છે. ગાઈને ! ના – સીધેસીધું નહીં – પણ આ ગીતોમાં, ભાષાનું જે સ્તર છે એ તપાસીએ તો મોટા ભાગે પેલી રજવાડી-સામંતી જીવનશૈલી સાથે વણાયેલાં શબ્દો-પ્રતીકો-અલંકારો-સંબોધનો જોવાં-સાંભળવાં મળશે. વાર-તહેવારની ઉજવણી, મરણ-પરણની વિધિઓ, દેવી-દેવતાઓની શ્રદ્ધા અને ધાર્મિક કર્મકાંડ-વિધિઓ ઉપર પણ આ નજીકના કહેવાતા ઉજળિયાતોનો પ્રભાવ છે.

એમનાં ગીતોમાં સૌથી વધુ તો એ ભાષા આપણી આંખે ચડે છે. પછી ઉપરછલ્લું સ્તર ભેદતાં દિનચર્યા, મહેમાનગતિ, કૌટુંબિક પરિવેશ, રહેણીકરણી, ખાણીપીણી, પહેરવેશ, રીતિરિવાજ અને લગ્નવિધિઓનાં વર્ણનો-નિરૂપણોમાં આ અસર સ્પષ્ટપણે વરતાય છે. ટૂંકમાં કહીએ તો કહેવાતા ઉજળિયાત જેવા "થવા" કરતાં "દેખાવા"ની આ મહત્ત્વાકાંક્ષા, એનાથી ઘડાયેલી માનસિકતા અને મૂલ્યો – આ ગીતોની ભાષાથી માંડીને ગર્ભીતાર્થ સુધી પહોંચ્યાં છે.

સામાજિક-સાંસ્કૃતિક રીતે જોતાં આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે, પરંતુ ઘણી વાર પ્રશ્ન થાય છે કે હકીકતમાં જેના દ્વારા આખા સમુદાયનું શોષણ થતું હોય તેના જેવા થવાનું કે દેખાવાનું આકર્ષણ શી રીતે થઈ શકે ? કહેવાતા ઉજળિયાતો તરીકે માત્ર દરબારો-ગઢવીઓ જ કેમ નજરે ચડે છે ? અન્ય કહેવાતી ઉજળિયાત કોમો કે જે શૈક્ષણિક રીતે આગળ વધેલી છે, જેનાં સામાજિક મૂલ્યો પણ પ્રમાણમાં ઓછાં શોષણકર્તા છે. જે કોમો પુરુષાર્થ અને મહેનત કરીને આર્થિક રીતે આગળ આવેલી છે એવી કહેવાતી ઉજળિયાત કોમોને કેમ ઉદાહરણ તરીકે સામે રાખતાં નહીં હોય ? કેમ કે – આ દરબારો વગેરે રાજવાશ્રીત સમુદાયો આજની તારીખમાં પણ શૈક્ષણિક કે આર્થિક રીતે એટલા આગળ નથી આવ્યા, સાંસ્કૃતિક મૂલ્યો પણ એમનાં વધુ પછાત છે – દલિતો ખુદના કરતાં પણ – ને છતાંય એમના "જેવા બનવાની" "હોંશ" શા માટે ?

કે પછી આ ગીતોની ભાષાને ઉપર ઉપરના ઠઠારાથી બહેનો મોહ પામી જતાં હશે અને એનાં ઊંડા અર્થો કે માનસિકતા તરફ બહુ ધ્યાન નહીં આપતાં હોય ? આવી ભાષા – આવા અલંકારો – આવાં વલણો કયાં મૂલ્યોને ઊંડે ઉતારે છે – કયાં મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે કે કઈ પ્રગતીશીલતાને રૂંધે છે એ બધો વિચાર એમણે નહીં કર્યો હોય ? ઉદાહરણ તરીકે જ લઈએ : (ગીત-૧૦૧)

"ગરબો મારો ગરબરિયો પરઘેર રમવા જાય..."

એક નજર નાખતાંયે એમાં "ગરબો" રમવા-ફરવા જઈ રહ્યો છે – પરઘેર જઈ રહ્યો છે. શક્તિપૂજાની આ અસર છે અને વિધિનું સૂચન છે. એટલું જ નહીં – ફળિયાનાં, વાસનાં સ્ત્રીપુરુષોને "ગરાસિયો-ગરાસણી" તરીકે સંબોધીને પાઘડીમાં ફૂલ રાખનારો, ફરતે ફૂલ વીણનારાં દંપતિને બિરદાવ્યા છે. દલિત સમાજમાં સંબંધોનો કે પાઘડીનાં ફૂલ-ફૂમકાનો ઉલ્લેખ શું સૂચવે છે ? – કદાચ (૧) આ આખેઆખું ગીત ગરાસિયા સમાજ પાસેથી સાંભળીને મેળવ્યું હશે (૨) કે પછી સીધો કહેવાતો ઉજળિયાત પ્રભાવ પોતાનાં લોકો ઉપર ? કે (૩) કટાક્ષમાં પોતાનાં લોકોને 'ગરાસિયા" કહીને મનનો રોષ કાઢવાની મજાક ?

જોકે, આ સામંતીભાષા, રંગરૂપના મધ્યકાલીન ઠાઠ-ઠઠારાથી આમ જુઓ તો



કોણ મુક્ત છે ? ખાસ તો ગુજરાતી ભાષાના કહેવાતા ઉજળિયાતોના સાહિત્યમાં પણ જે ગીતો લખાય છે તેમાંનાં ૯૫ ટકા ઉપરાંત ગીતો આ જ રજવાડી ભાષાએ રાજ, કુંવર, માણારાજ, કુંવરી, દેવી, ઢોલા વગેરેથી માંડીને ગઢ-કિલ્લા-તલવાર-મહેલ-ઓરડા-ઘૂંઘટ ને રજવાડી શણગાર સજેલી સ્ત્રીઓનાં વર્ણનથી ભરપૂર છે. એવાં ગીતો ધૂમ ગવાય છે. કેસેટો બહાર પડે છે – વેચાય છે અને વિવેચનમાં, શાળા-કોલેજ-યુનિવર્સિટી શિક્ષણના ક્ષેત્રે, "સાહિત્યવિવેચન"ના ક્ષેત્રે પણ આવાં ગીતોની બોલબાલા થાય છે આ શું સૂચવે છે ? માત્ર કહેવાતા "ભવ્ય ભૂતકાળ" પ્રત્યેનું આકર્ષણ ? એ લોકો જેને "લોકસંસ્કૃતિ" માને છે તેની જાળવણી ? એ લોકો જેને "પરંપરાનું પોષણ" કહે છે તે ?

માત્ર સાહિત્યમાં જ નહીં – ટી.વી., સિનેમા, ખાણીપીણી-પહેરવેશ... તમામ બાબતોમાં, "રજવાડી" "રોયલ" ઠાઠમાઠનું આકર્પણ છે જ ! સમૃદ્ધ જીવન એટલે "રજવાડી જીવન" – એ મૂલ્ય ૨૧મી સદીમાં પગ મૂક્યા પછી પણ આપણે છોડી શક્યા નથી. આખા સમાજના આ વલણ વિશે તો ઘણું કહી શકાય પણ ભાલની બહેનોનાં ગીતોના સંદર્ભમાં એટલું જ કહીને અટકીએ કે જ્યારે આખો સમાજ આ કહેવાતા ભવ્ય ભૂતકાળ અને કહેવાતી મહાન પ્રાચીન સંસ્કૃતિની સાચવણી અને પોષણરક્ષણની આંધળી દોટમાં દોડી રહ્યા હોય ત્યારે આપણી બહેનો ને ભાષા – એ મૂલ્યો – એ અભિવ્યક્તિ મદદરૂપ થઈ શકે ખરાં કે પછી તદ્દન અવળી દિશાની આ ગતિ છે ?

## મરસિયા

ભાલબારાની બહેનોના કંઠે ગવાતા મરસિયા વિશે વિચારીએ ત્યારે આ સામંતી મૂલ્યોના વારસા વિશે આપોઆપ કેટલાક મુદ્દા ઊપસી આવે છે. સ્વજનના મૃત્યુ પાછળ 'રડવું' સહજ-સ્વાભાવિક છે, પરંતુ એ મૃત્યુ પામેલાના સ્વભાવ, વર્તણૂક, એણે કરેલાં સત્કાર્યોનું વર્ણન કરતાં કરતાં ગાતાં જવું ને રડતાં જવું તાર્કિક રીતે અશક્ય છે. મરનારની પાછળ 'ગાનાર' માટે એક જાતની તટસ્થતા, દૂરતા અને શબ્દકળા ખાસ જરૂરી છે. એ ગવડાવે ને નિકટનાં સ્ત્રીસગાં ગાય-કૂટે એ શક્ય છે, પણ તદ્દન નિકટનું સગું મરી જાય ને પત્ની-માતા-બહેન-દીકરી આમ વ્યવસ્થિત ગીત રચના કરતાં કરતાં, એને ચોક્કસ રાગમાં ગાતાં ગાતાં રડે-કૂટે એ અશક્ય જેવું છે. આમ છતાં આપણને સ્વજનોના મરણ વિશેનાં મરસિયા/રાજીયા/છાજીયાંનાં ગીતો મળે છે એ શું સૂચવે છે ?

મૂળે આ સામંતી-રજવાડી પ્રથા છે. રાજા-રજવાડા મરણ પામે ત્યારે એમનાં પરાક્રમ, દાન-પુણ્ય, ગુણગાન ગાવાં જરૂરી બને. એમની પ્રજા, એમનો સમાજ – સૌની આગળ એમની પ્રસિદ્ધિ થાય, એમનાં વખાણ થાય એ એમની જીવનકથા, વંશવેલાનો ઈતિહાસ અને જે તે રાજ્ય કે રજવાડાના સ્થાનિક ઈતિહાસ માટે મહત્ત્વનો હોદ્દો છે. આપણે જાણીએ છીએ કે જીવતેજીવ પોતાની પ્રશંસા સાંભળવા અને કુળકુટુંબનો

ઈતિહાસ જાળવવા રાજાઓ ભાટ-ચારણો-બારોટોને આશ્રય દેતા, ઈનામો-વર્ષાસનો આપતા અને એમની પાસે પોતાને વિશે લખાવડાવતા, ગવડાવતા. આ ભાટ-ચારણો-બારોટો-વહીવંચાઓને લીધે જ સ્થાનિક ઈતિહાસની જાળવણી થતી એ જુદો મુદ્દો છે, પરંતુ આવા રાજ્યાશ્રિત કવિઓ: પોતાનું સ્થાન ટકાવી રાખવા, રોજીરોટી ચાલતી રાખવા અને પોતાના અન્નદાતાને ખુશ રાખવા હકીકતોની સાથે અતિશયોક્તિ ભેળવીને વખાણ કરતા – એ પણ જાણીતું છે. ટૂંકમાં, રાજારજવાડાંઓ – પોતે ભલે જેવા હોય તેવા પણ અતિ બહાદુર-દાનેશ્વરી અને ધર્માત્મા હોવાનું ચિત્ર આવા કવિઓના આધારે જ ઊભું કરી શકતા હતા એટલું તો નક્કી જ નક્કી !

જીવતેજીવ ડાયરા ને દરબારો ભરનારા આ રાજાઓ ઈચ્છતા કે પોતાના મરણ પછી પણ આ રીતે પોતાને વખાણવામાં આવે ને ઈતિહાસમાં અમર કરી દેવામાં આવે ! પ્રજાએ પોતાની પાછળ રોવું જોઈએ. બધા હવે એવું લખનારા કવિઓ તો એની પાસે હાજર હતા – તેથી કાં તો આવા કવિઓ, કાં તો અમુક કોમની સ્ત્રીઓ (ચારણ-બારોટ), હિજડાઓ કે ભાંડ દ્વારા આવાં ગીતો રચાવીને પ્રજાને રોવડાવવામાં આવતી. આ ગીતો તે જ મરસિયા. માત્ર ગુજરાત-સૌરાષ્ટ્રમાં જ નહીં, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ, બિહાર, આસામ જેવા પ્રદેશોમાં આ પ્રથા પ્રચલિત હતી અને આજે પણ થોડાં થોડાં અંશે મોજૂદ છે.

માત્ર ભારતમાં ને હિંદુ સમાજમાં જ નહીં; અન્ય એશિયાઈ દેશોમાં, ઈસ્લામી દેશોમાં, સ્પેન-ઈટાલી-રશિયા જેવા દેશોમાં મધ્યકાળમાં આવી પ્રથા પ્રચલિત હતી. આવી કોમો, આવી સ્ત્રીઓ, આવા ગાયકોને ખાસ રાજ્યાશ્રય મળતો હતો.

પણ આપણી પાસે તો દલિત કોમોના મરસિયા છે ! એ શું સૂચવે છે ? કહેવાતા ઉજળિયાતોનો-દરબારોનો પ્રભાવ ? દલિતકોમોમાં પણ મરનારની નિકટની સ્વજન સ્ત્રીઓ મરસિયા નથી ગાતી – દૂરનાં સગાં/પાડોશીઓ કે ખાસ રાજીયા ગાનારી બહેનો કે હિજડાઓ દ્વારા મરસિયા ગવડાવાય છે અને નિકટની સ્વજન સ્ત્રીઓને કુટાવડાવાય છે – રોવડાવાય છે. જેથી મરનારની પ્રતિષ્ઠા જળવાય અને નિકટની સ્ત્રીઓનું દુઃખ સમાજ આગળ પ્રગટ કરવા રસ્તો મળે. રડી રડીને ખાલી થયેલી સ્વજન સ્ત્રીઓનું સમાજમાં 'ખોટું ન દેખાય' અને વાતાવરણની કરુણતા-ગંભીરતા જળવાઈ રહે.

બીજી રીતે જોઈએ તો એક જાતની મનોવૈજ્ઞાનિક (સાઈકોલોજિકલ) પદ્ધતિ પણ છે. અમુક વાર સ્વજનનાં મરણોનો આઘાત એટલો આકરો હોય છે કે રડવું ન આવે – ડૂમો ભરાઈ જાય. રડાય નહીં તો આવી વ્યક્તિના મગજ ઉપર – શરીર ઉપર માઠી અસર થાય. ચિત્તભ્રમ થઈ જાય કે લોહીનાં દબાણ – હૃદયરોગ જેવી શારીરિક તકલીફો પણ ઊભી થાય. આવે વખતે 'બહારના ધક્કા'થી જો લાગણીઓ ઉશ્કેરાય ને રડી લેવાય તો લાગણીઓના દબાણમાંથી છૂટકારો મળે. ક્યારેક રડી રડીને ખાલી થઈ ગયેલી સ્ત્રીઓને, લોકલાજે વારંવાર રોવડાવવા પણ આવા મરસિયા ઉપયોગી સાધન થઈ પડે. આ કારણે જ સ્વજન સ્ત્રીઓને બદલે દૂરની સગી, જમાનાની ખાધેલ વૃદ્ધાઓ, પૈસા લઈને (વળતરમાં સાડલો-અનાજ પણ ચાલે) રડનારી



બહેનો કે હિજડાઓ દ્વારા મરસિયા ગવડાવાય છે.

સાથે સાથે એક પ્રશ્ન જરૂર થાય કે આપણા આખા સમાજમાં મરણ પાછળ રડવાના રિવાજને આટલું મહત્ત્વ શાથી આપતું હશે ? બેળે બેળે પણ રુદન દેખાડવું જોઈએ એવી રસમ શા માટે ચાલુ રહેતી હશે ? મૃત્યુની ગંભીર ભયાનકતા આમ જ પ્રગટ થાય ?

આ સિવાય પણ મરસિયામાં ગવાતી દિનચર્યા-વર્ણન પરંપરા બધું કહેવાતી રજવાડી જીવનપદ્ધતિ મુજબનું હોય છે. મરનાર ભલે દલિત હોય – એની જીવનચર્યા જે ખોરવાઈ ગઈ તે – રાજારજવાડાને શોભે તેવી હોય છે. વળી પાછું એ જ... એ હકીકતમાં નથી પણ જે જીવનનું સપનું જોઈને આપણે રાચીએ છીએ તેનું જ પ્રગટીકરણ ?

જોકે આપણને મળેલા મરસિયામાં કરુણતા – સંસારની અસારતા અને સુખસગવડોની નિરર્થકતા વિશે 'ગવાયું' છે તે દ્વારા મૃત્યુ જીવનને કેવું અસાર અને વામણું બનાવી દે છે તે પણ સીધીસાદી રીતે કહેવાયું છે. આખી જિંદગી માણસ 'મારે આ જોઈએ – તે જોઈએ'ની રટણા કર્યે રાખે છે પણ એક દિવસ એવો આવે છે કે બધી જરૂરિયાતો-ચીજવસ્તુઓ-ધનસંપત્તિ ઝાંઝવાનાં જળ જેવી નિર્થક બનાવી દે છે. રોજેરોજ જેની ઝંખના થતી હતી તે બધું પાછળ રહી જવાનું છે, કશું સાથે નથી આવવાનું એ વ્યર્થતાનું તત્ત્વજ્ઞાન કોઈ બોધ-ઉપદેશની કઠોર અને લૂખીસૂકી ભાષામાં નથી અપાયું પણ સુંદર રૂપકો દ્વારા આ જીવનની મિથ્યા લાલસા વિશે ગવાયું છે જેમ કે (ગીત-૧૦૨) :

*"જળ મોળિયા રે..."*

ગીતમાં જળની જેમ જીવન વહી ગયું છે એની હકીકત એક પછી એક, દિનચર્યા-સુખસગવડનું નામ લેતાં લેતાં મુખ્ય સારની જેમ ગવાયું છે – "વહી જશે રે... આય વહી જશે રે... !" ઘરઆંગણે કાળા કેરસમું મરણ આવીને ઊભું છે; બધુંય એમનું એમ રહી જશે ! દાતણવેળા, નાવણવેળા, ભોજનવેળા, પોઢણવેળા... બધું જ વહી જશે – એમનું એમ રહી જશે. આ જ દાતણ-નાવણ-ભોજન-પોઢણનાં વર્ણનો આપણે મેમાનગતિ, જાન પોંખણું, પ્રભુસેવા જેવા વિષયો સાથે સંકળાયેલાં ગીતોમાં જોઈ જ ગયાં છીએ પણ એની એ વાત જ્યારે મૃત્યુ સાથે સંકળાય છે ત્યારે આખા જીવનની નિર્થકતાની ચોટ બહુ ઘેરી ને ગંભીરપણે હૈયા સોંસરી ઊતરી જાય છે. "વહી જશે – વેળા વહી જશે" – શબ્દોનું વારંવારનું ગાયન ઘૂંટાઈ ઘૂંટાઈને મનને ઊંડા વિચારમાં ડુબાડી દે છે. જીવતર જીવવાના માણસજાતના અબળખા કેટલા અધૂરા છે – વ્યર્થ છે એની હૃદયસ્પર્શી પિછાણ કરાવે છે આ ગીત. ગીત પૂરું થતાં કૂટવાનું શરૂ થાય છે; ત્યારે ગાવાની, વધુ તાલ અને ઝડપ સૂચવતા શબ્દોવાળી પંક્તિ ગવાય છે – 'હાય હાય, નાડી તૂટી, હાય હાય..." પછીના શબ્દો નથી જળવાયા પણ એમાં ચોક્કસ મરણની આકસ્મિકતા, ભયંકરતા અને ગ્રામીણ-લૌકિક દૃષ્ટિકોણ હશે. નાડી તૂટતાં જ એવું કંઈ બન્યું કે વેળા વહી ગઈ... અબળખા રહી ગઈ !

જે સમાજને, મરણ પછીનું તત્ત્વજ્ઞાન સમજવા માટે વિચારવા માટે

ભગવદ્ગીતા કે ગરુડ પુરાણ વાંચવાની છૂટ નહોતી અને આજ સુધી એ સંસ્કૃત ભાષાનાં – હિન્દુ ધર્મના ગ્રંથોને જે રીતે દલિત સમાજથી, ખાસ તો સ્ત્રીઓથી દૂર ને દૂર રાખવામાં આવ્યાં છે, તે સ્ત્રીઓને – તે દલિતોને જીવનની અસારતા ગાવા-સમજવા માટે આવા મરસિયા સિવાય બીજો કયો રસ્તો હોઈ શકે ? હૈયાનાં દુઃખને વહેવડાવી દેવા બીજી કઈ કેડી હોઈ શકે ?

કોઈ 'ઘૈડાં મા' (ઘરડાં મા)નો મરસિયો છે, હવે ઘરડાં મા ઘરમાં નથી રહ્યાં – આપણી વચ્ચે નથી રહ્યાં... લીલીપીળી વાદળીઓ પણ રડી રહી છે. (ઘીંસાઈ ઘીંસાઈને – ચીસ પાડી રહી છે ?) ત્યાર પછી દરજી, સોની જેવા કસબીઓને 'ભાઈ...' કહીને વિનવણી કરાઈ છે કે વાળીની, ચૂંદડીની જોડ કાઢી રાખજે – તારી દુકાનના દરવાજા અદલ ઉઘાડા રાખજે... એ શણગારનાં પહેરનારાં આજે છેલ્લી વાર સાજ સજીને જઈ રહ્યાં છે.

એ જ ગીતમાં "હાય હાય હીરલા, હાય હાય... ચૂડલો ભાંગ્યો હાય હાય... આયનો ફૂટ્યો હાય હાય..." પંક્તિઓ પણ છે જે કૂટતી વખતે બોલાતી હશે. આ પંક્તિઓમાં જીવનની ક્ષણિકતાનું સૂચન પણ છે અને ચૂડલો-આયનો વગેરે શણગાર નાશ પામી ગયાં એવું આડકતરું શોકમય કથન પણ છે. જોકે ઘૈડાં મા સાથે આ શણગારવાળી પંક્તિનો મેળ બેસાડવો અઘરો છે.

એક અધૂરા જેવો – ત્રૂટક ત્રૂટક મરસિયો મળે છે જેમાં સાધારણ રીતે આપણા ગ્રામજીવનની પરોઢ કેવી રીતે પડે છે તે મુદ્દાથી જ શરૂઆત થાય છે. (ગીત-૧૦૩)

*"વહેલી પરોઢમાં મરઘો બોલિયો રે એક રોજમાં."*

પણ આ મરઘો રોજ બોલે છે તેમ નથી બોલ્યો... જાણે કે "હાય હાય હાય" બહેનોના કૂટવાના અવાજની આગામી આગાહી આપતો હોય એવો બોલ્યો છે મરઘો ! (અન્યત્ર આવું ગીત મરઘો બોલિયો રે 'કરોધ'માં – એવું સાંભળ્યું છે). આમ તો મરઘાના અવાજથી જ ઘરનાં-ફળિયાનાં લોકો જાગતા હોય છે; પણ આજે મરઘાએ ઘરનાં લોકોને જગાડીને જાણે કહી દીધું છે – "છેલ્લી વારકા જુવાર રે... અવનંય આવું તારા બારણે રે !" આ મરઘો નહીં – જનાર વ્યક્તિનો 'હંસલો' (જીવ/આત્મા) જાણે છેલ્લી વારના જુહાર કહી રહ્યો છે ! જનાર જીવ આખા કુટુંબને છેલ્લી સલામ ભરીને જાણે વિદાય થાય છે, ફરી અહીં પાછા આવવાનું નથી એની ખાતરી છે, આ જનમારો પૂરો થઈ ગયો છે. અવલ મંજલ આવી ગઈ છે. મૃત્યુ વિશે લાંબીચૌડી ફિલસૂફીમાં પડ્યા કે પાડ્યા વગર જ, આ ટૂંકી પંક્તિઓ જીવનની અસારતા અને ક્ષણભંગુરતાનું સૂચન કરી દે છે. સ્ત્રીઓ દ્વારા જ આવા સાદા છતાં હૃદયસ્પર્શી અને હૈયાનો ડૂમો ઓગાળનાર શબ્દો સરજાય છે એ નોંધપાત્ર છે ! યાદ છે ને... એક સ્ત્રીકવિ મીરાં જ પાંચ સદી પહેલાં ગાઈ ગઈ છે.

*"મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું !"*

મૃત્યુની સાદગી અને માણસજાત સાથેની આત્મિયતા અંગે આનાથી ચઢિયાતું



બીજું કોઈ ગીત મળે ખરું ? (ગીત-૧૦૪)

*"લીલી પીળી વાદળી ઘીંસાય..."*

જેવી અનોખી પંક્તિથી શરૂ થતું આ ગીત અસલમાં મરસિયો છે. સ્ત્રી માટે શણગાર અળખામણાં થઈ જાય, અજૂગતાં કહેવાય એવી સ્થિતિ છે વૈધવ્ય. હિંદુ સમાજમાં અને તેના પ્રભાવથી, દલિત સમાજમાં પણ વિધવાઓ માટે જાણે જીવનનો રસ ઊડી જતો હોય એવી ભાવના સેવાય છે અને ગીતોમાં ગવાય છે.

આ ગીતમાં પણ વિધવા સ્ત્રી માટે શણગારની જાણે મનાઈ ફરમાવવામાં આવી હોય એવું લાગે છે. વિધવા માટે લાલપીળા મોતીનાં ઘરેણાં, લીલીલાલ ચૂંદડી, લાલલીલીપીળી બંગડીઓ, કંકુ... કંઈ જ કામનું નથી રહ્યું. તેથી પ્રત્યેક કસબીને ગીતમાં વિનવણી કરવામાં આવી છે કે તમારા શણગાર, તમારો માલ હવે અમને નહીં ખપે... કેમ કે અમારા ભાઈ હવે નથી રહ્યા ! હવે આ વિધવા સ્ત્રી દોશી, માળી, સોની... કોઈની આગળ હાથ ફેલાવીને ઊભી નહીં રહે; એના શણગારના દિવસો પૂરા થયા છે.

દલિતબહેનોની ભાષા જુઓ : "ભાઈ ડોશીડા", "ભાઈ માળીડા", "ભાઈ સોનીડા" – સૌને એ "ભાઈ" કહે છે. એનાં સૂરમાં નમ્રતા છે, આત્મીયતા છે. જાણે કોઈ સગો ભાઈ બહેનના બધા કોડ પૂરવા તૈયાર હોય તેમ આ કારીગરો પણ હોંશભેર સ્ત્રીઓના કોડ પૂરતા હોય છે. પણ આજે જ્યારે બહેનના માથે દુઃખના ડુંગર તૂટી પડ્યા છે ત્યારે એટલી જ હૂંફથી એ બહેનનાં દુઃખના ભાગીદાર પણ થવાના છે. એમને માટે પોતાનો "માલ" મહત્ત્વનો નથી; સ્ત્રીઓના/મલકની બહેનોનાં હેતનું મૂલ્ય અમૂલ્ય છે. સમાજમાં સ્ત્રીઓ અને કારીગરો-કસબીઓ-શણગારના ફેરિયાઓ વચ્ચેના મીઠા અને નરવા સંબંધના ઘણાં લોકગીતો આવા પ્રાદેશિક ખજાનાઓમાંથી મળી આવે.

જોકે આ ગીતોની બધી મીઠાશ અને આત્મીયતા ઉપરાંત આપણે માટે મહત્ત્વનો મુદ્દો છે વિધવાનું બાંડું-લુખ્ખું-શુષ્ક જીવન.

સ્પષ્ટ રીતે આ સવર્ણ-પ્રભાવ છે. પિતૃપ્રધાન મૂલ્યનો ગીત દ્વારા થયેલો સ્વીકાર છે. કેમ કે દલિત સમાજ તો વિધવાને ફરી પરણાવીને થાળે પાડવા માગે છે. સ્ત્રીનું જીવન રિબાઈ-ચુમાઈને એળે ન જાય, એના કોડ કરમાઈ ન જાય, એના જીવનનો આનંદ સુકાઈ ન જાય એનો ખ્યાલ કદાચ દલિત સમાજને વધારે છે. વૈધવ્યના ભયાનક રિવાજોનું પાલન તો કહેવાતા ઉજળિયાત સમાજનું કલંક છે. દલિતસમાજે શા માટે આ કલંક વેંઢારવું પડે ?

❑

## પ્રકરણ-૬

# સ્ત્રીઓ અને ધર્મશ્રદ્ધા

**ભજનો-પદો અને ભાલબારાની બહેનો :**

લોકસમુદાયમાં લગ્નપ્રસંગની જેમ જ, ભજનમંડળી કે ધાર્મિક તહેવારે થતા સત્સંગ સમયે સ્ત્રીઓને ગાવા-ગવડાવવાની સારી તક મળે છે અને ફુરસદ પણ. પોતાના મનોભાવોને ધર્મશ્રદ્ધા સાથે સાંકળીને ગાવાની ફાવટ આપણી સ્ત્રીઓને પરંપરામાંથી જ પ્રાપ્ત થતી આવી છે. ભજનો, ગરબા, આરતી, ધોળ, પદ કે થાળ જેવા ધાર્મિક ગીતપ્રકારોમાં વિવિધ દેવી-દેવતાઓ સાથે લોકસમુદાયનો – ને આપણા સંદર્ભે વાત કરીએ તો સ્ત્રીઓનો કેવો સંબંધ છે તે પણ જોવા-જાણવા મળે છે.

આગળ પૂર્વભૂમિકામાં જોયું તેમ, સ્ત્રીઓને ધાર્મિક સંસ્કારો તો ગળથૂથીમાંથી મળે છે. અમુક અંશે જોઈએ તો તમામ સમાજોમાં, ઘર-કુટુંબ-કુળનાં ધાર્મિક કર્તવ્યો પૂરાં પાડવાની ફરજ જાણે સ્ત્રીઓની જ હોય છે. હોળી, દિવાળી, દશેરા, નવરાત્રિ, સંક્રાંતિ જેવા કહેવાતા મુખ્ય પ્રવાહના તહેવારોમાં ઘરમાં, ફળિયામાં કે વાસનાં ચોકમાં થતી જાહેર વિધિઓમાં ભાગ લેવા સ્ત્રીઓ જ જતી હોય છે. અગિયારસ, આઠમ, પૂનમ જેવા કહેવાતા મુખ્ય પ્રવાહના "પવિત્ર દિવસો"માં સ્નાન, દાનપુણ્ય, યાત્રા, પદયાત્રા, ઉપવાસ મોટે ભાગે સ્ત્રીઓ કરતી હોય છે. આ સિવાય, નાગપાંચમ, શીતળા સાતમ, એવ્રત-જીવ્રત, જીવંતિકાનું વ્રત, દશામાનું વ્રત, ભાઈબીજ, ગોર્યો, ફૂલકાજળી, ચોખાકાજળી, વડસાવિત્રી, ભાઈબારશ, મેઘરાજાનું વ્રત, ભીમ અગિયારસ, ધરમરાજાનું વ્રત. ઉપરાંત લાલપીળું, સાત સોમવાર, સંતોષીમા, વૈભવલક્ષ્મી, જુદા જુદા નવેજ-નૈવેદ્ય કરે છે. આવાં વ્રતો તો ખાસ કરી "સ્ત્રીઓના" જ વ્રત-પર્વો છે અને કાં તો સારો વર મેળવવા – સૌભાગ્ય જાળવવા, કાં તો સંતાન મેળવવા અને સંતાનની તંદુરસ્તી, આવરદા ને સુખાકારી માગવા કરવામાં આવે છે. વ્રતો સાથે જોડાયેલી કથાઓ અને રમતો, જોડકણાં અને ગીતો વિશે અલગથી અભ્યાસ કરી શકાય. ઝવેરચંદ મેઘાણી, મનુભાઈ જોધાણી જેવા લોકશાસ્ત્રના વિદ્વાનોએ આવા પ્રયત્નો કર્યા પણ છે.

એ અભ્યાસુઓએ આ બધી સામગ્રી વિશે જ્યારે લખ્યું અને એનું હાર્દ પ્રગટ કર્યું ત્યારે ખાસ એ જ નોંધ્યું છે કે પુરુષપ્રધાન અને ખાસ તો, બ્રાહ્મણવાદી પરંપરાઓએ, સંસ્કૃતિના રખેવાળ, રૂઢિચુસ્ત ધર્માચાર્યોએ અને પરાપૂર્વથી જ



ભેદભાવમૂલક એવી આપણી સમાજવ્યવસ્થાએ; મુખ્ય વિચારથી સ્ત્રીઓને અળગી રાખી હતી. એ પછી કહેવાતા ઉજળિયાત સમાજની હોય યા કહેવાતા પછાત શ્રમજીવી-દલિત સમાજની હોય, પણ સ્ત્રીઓનાં ચિત્તમાં છલકાતી શ્રદ્ધા, ભક્તિભાવ અને ખાસ તો એમની કુટુંબવત્સલતાએ એમની આગવી ધર્મસૃષ્ટિ સરજી કાઢી છે. આ કંઈ આજકાલની વાત નથી. પ્રાચીન-આદિલોકધર્મો અને ખાસ તો, સ્ત્રીમૂલક ધર્મ સંપ્રદાયોની સમાંતરે જ, લોકધર્મો અને ખાસ તો, સ્ત્રીમૂલક ધર્મસંપ્રદાયો બનતા રહ્યા છે ને વહેતા જ રહ્યા છે. સંખ્યાબળ અને શ્રદ્ધાબળની દૃષ્ટિએ જોઈએ તો આવા લૌકિક સમાંતર પ્રવાહો વધુ પ્રબળ અને વધુ પ્રચલિત છે – એ મહત્ત્વનો મુદ્દો છે.

આપણા આ અભ્યાસમાં સંદર્ભમાં જોઈએ તો વરસડા અને ગાંફની બહેનોનાં સંગ્રહિત ગીતોમાંથી બહેનોનાં અન્ય વ્રત-પર્વોને લગતી માહિતી કે વ્રતગીતો નથી મળતાં પણ એમની સર્વસાધારણ ધર્મશ્રદ્ધા અને જે તે દેવી-દેવતાઓ સાથેના એમનો સંબંધ અચૂક પ્રગટ થાય છે.

મળેલી માહિતી મુજબ, આપણી પાસે આવેલાં ગીતો સાતમ-આઠમ વખતે, નવરાત્રિ વખતે, દશામાનાં વ્રતો દરમિયાન, પીરો-વીરોના મેળા વખતે ભજનમંડળીઓમાં અને કામકાજનાં સમયે પણ ગવાતાં હોય છે.

આપણને મળેલાં અને પસંદ કરેલાં ગીતોની એક લાક્ષણિકતા નોંધપાત્ર છે : આ ગીતોમાં વણાયેલાં દેવીદેવતામાંના અમુક ખાસ – દલિત સમાજમાં જ પૂજાય છે – જેમ કે; રામદેવપીર, ખોડિયાર મા, ગઢપીર, જોધલ પીર... જ્યારે કેટલાક કહેવાતા મુખ્ય પ્રવાહનાં દેવ-દેવીને લગતાં ભજનો-ગીતો પણ છે જેમકે, રામ-સીતા, રાધા-કૃષ્ણ, શિવ-પાર્વતી, અંબામા, હર્ષદમા, દશામા વગેરે. પણ ગુજરાતના સામાજિક-ધાર્મિક સંદર્ભમાં એટલું અચૂક નોંધવું જોઈએ કહેવાતા મુખ્ય પ્રવાહે લોકપ્રવાહના ધાર્મિક સંસ્કારો, માન્યતાઓ ઉપર અસર કરી છે છતાં આ મુખ્ય પ્રવાહનું લૌકિકીકરણ પણ લાક્ષણિક રીતે થતું જ ગયું છે. બીજું મહત્ત્વનું પાસું એ છે કે આ દેવ-દેવતાઓ સ્ત્રીઓ આગળ આવતાંમાં એમનું સહજ-સરળ માનવીયકરણ થઈ જાય છે. જાણે કે ઘરનાં કોઈ સભ્ય હોય તેમ, વાસનાં ફળિયાનાં કોઈ દંપતિ હોય તેમ, સાધારણ સાસુ-વહુ હોય એમ દેવી-દેવતાઓ સાથે વાતચીત કરતાં – વિનંતી કરતાં – દુઃખડાં રોતાં કે મનના ઊભરા ઠાલવતાં આ સ્ત્રીઓ સહેજ ખચકાતી નથી. આનો સામો છેડો જણાય તેમ, ચમત્કારો અને અતિશયોક્તિ સાથેનો મહિમા પણ થતો જ રહે છે. ટૂંકમાં હૃદય અને ચિત્ત બંનેના વહેવારો સાથે ધર્મશ્રદ્ધા સાથે સંકળાયેલી છે તે આ ગીતો દ્વારા જોવા મળે છે.

આવા માનવીકરણ સાથે એક બીજો મુદ્દો પણ સંકળાયેલો છે. અમુક વખત સ્ત્રીઓ પોતાના મનોભાવ વ્યક્ત કરવા દેવ-દેવીઓનાં ઓઠાંનો પ્રયોગ કરે છે. પોતાના હૈયામાં ચાલતા પ્રણયભાવો, મિલનની ઝંખના કે પતિ/પ્રિયતમના વિયોગનું દુઃખ રાધા-કૃષ્ણના નામે પણ ગાઈ લે છે. શા માટે આવા ઢાંકપિછોડ ? અથવા તો રૂપક-પ્રતીક યોજવા ? આ સવાલના જવાબમાં સ્પષ્ટ વાત છે કે વડીલશાહીએ, માણસજાતે કેવા ગાણા ગાવા જોઈએ ને કેવાં ન ગાવા જોઈએનો ચુસ્ત ચાંપતો કાનૂન

ઘડી કાઢ્યો છે; મોટેભાગે આમન્યાના નામે નહીં તો પછી "ચોખલિયાં" વલણોને કારણે સ્ત્રીઓને અમુક રીતે વ્યક્ત થવા ન દેવામાં "ખાનદાની." ગણાય છે. ત્યારે રાધાકૃષ્ણ કે શંકર-પાર્વતીના નામે આવા શૃંગારિક, ખટમીઠા અને ઉત્કટ સાંસરિક પ્રેમનાં ગીતો વહેતા થયાં છે. આપણા સંગ્રહમાં આવા કેટલાક દાખલા છે જ. તો સામે પક્ષે સ્ત્રીએ પતિવ્રતાનો "ધર્મ" પાળવો જોઈએ, સાસરિયાંની સેવા કરવી જોઈએ, કોઈ પણ ભોગે શિયળની સાચવણી કરવી જોઈએ, પતિનાં પગલે ચાલવામાં ગમે તેટલું દુઃખ-દરિદ્રય હોય તોય મૂંગે મોઢે એનો પડછાયો બની રહેવું જોઈએ – જેવા "સ્ત્રીના ત્યાગ"નાં મૂલ્યો સીતા-રામનાં ઓઠાં નીચે ગવાય છે. આમાં રૂપકોનો વારસો તો ખરો જ – છતાં સીધું નહીં તો આડકતરું ભાવનિરૂપણ વધારે વજનદાર મુદ્દો ગણી શકાય.

આપણા સંગ્રહમાંના વિવિધ ભજનો ને ધાર્મિક રંગવાળાં ગીતો તપાસતાં જઈએ અને સ્ત્રીસમુદાયની – ખાસ તો ભાલના સંદર્ભે – શ્રદ્ધા, ભક્તિ, લૌકિકભાવના અને સંસારી ભાવોનો અધ્યાત્મભક્તિના રંગે રંગાવાની રીતો સમજતાં જઈએ.

દલિતસમાજ જ્યારે રામ, કૃષ્ણ, શંકર, ગણપતિની પૂજા-પ્રાર્થના કરે, ભજનકીર્તન ગાય ત્યારે એક સવાલ અચૂક ઊઠે : આ બધા તો કહેવાતા મુખ્ય પ્રવાહના, હિંદુધર્મના દેવીદેવતા. હિંદુધર્મશાસ્ત્રોએ અને એના રખેવાળોએ, ખાસ તો બ્રાહ્મણો અને અન્ય કહેવાતી ઉજળિયાત કોમોએ દલિતસમાજને સદીઓથી આ દેવીદેવતાઓ, તેમનાં દેવસ્થાનો, ધર્મસ્થાનો અને પુરાણોથી જોજનો દૂર રાખ્યા છે. મનુસ્મૃતિ અને અન્ય શાસ્ત્રો એ વેદવાક્ય સાંભળનાર દલિતના તેમજ કોઈ પણ કોમની સ્ત્રીઓનાં કાનમાં ધગધગતું સીસું રેડવાની સજા ફરમાવી છે તો પછી આ તો દલિતને તેય તે સ્ત્રીસમુદાય. શા માટે આ દેવીદેવતાને રિઝાવવા ગાણાં ગાય છે ?

તો બીજી તરફ બીજો વિચાર – બીજો સવાલ પણ સામો માથું ઊંચકીને ઊભો થાય છે. શ્રદ્ધાભક્તિ ઉપર વળી ઊંચનીચના ભેદભાવના સિક્કા શાના ? સૌના કિરતારનાં મંદિરોને નાતજાતનાં તાળાંકૂંચી શાનાં ? શ્રદ્ધા તો મનનો વ્યાપાર છે. મુક્ત હવાની લેરખી છે... એને વળી રોકટોક શાની ? અમુક તમુકને ભજશો નહીં – એનું નામ લેશો નહીં – એવા હુકમો ફરમાવનારા એ લોકો તે વળી કોણ ?

આવા કોઈ વિદ્રોહનું પરિણામ હશે આ ગીતો ? કે પછી અનંત-નિર્બંધ-સનાતન શ્રદ્ધાનાં ફળસ્વરૂપે હશે આ ગીતો ?

આવા પ્રશ્નોની વચ્ચેથી વળી એક બૌદ્ધિક અભ્યાસુ જીવ કહી નાંખે છે કે આ તો કહેવાતા ઉજળિયાતો આપણો સ્વીકાર કરે, ક્યાંક આપણી આંતરિક સમૃદ્ધિ વિશે ઓછું નકારાત્મક તારણ કાઢે અને એમણે સ્થાપેલા મંદિરના આંગણાને એકાદ છેડે, એકાદ ખૂણો આપણને પણ ફાળવી આપે એવી પોકળ ઝંખનાનું જ પરિણામ આ ગીતો !

અમુક અંશે આ ત્રણે ધારણાઓ-અનુમાનો-સવાલો-તારણો સાચાં છે. આ શ્રદ્ધાગીતો, ભક્તિઆંદોલનની જેમ સભાનપણે કે ઊંડી સઘનતાથી, દલિતચેતનાના, ભક્તિયુગના ૧૫-૧૬મી સદીનાં દલિત સંત, ભક્ત, કવિઓ જેવાં કે – ગોરાકુંભાર, સંત દેવાયત, રૈદાસ કે પાનબાઈની કોટિનાં નથી. આ તો દલિતસમુદાયની સાદીભોળી ભક્તિભાવના, એમની આસપાસના ધાર્મિક જગતનો ઓછોવત્તો પ્રભાવ અને સનાતન



ભારતીય મોક્ષભાવનાથી પ્રેરાઈને, સંસારસાગરમાંથી તરી પાર ઊતરવાનાં નાના નાના તરાપા સમાં ભક્તિગીતો છે. જેની પાછળથી કદીક વડીલશાહીના સૂર ઊઠે છે તો કદીક શ્રમિકજીવનની ઘટમાળામાં પરમાર્થની મથામણ દેખાય છે.

આ પૂર્વભૂમિકા સાથે આપણે સૌથી પહેલાં, કહેવાતા ઉજળિયાતના પ્રભાવને કારણે, તેમણે કરેલાં અનુસરણરૂપે રામ-સીતાને લગતાં ભજનો પ્રત્યે નજર ફેરવીએ તો લાગે છે કે રામસીતાનો વનવાસ અને પરસ્પર વિશ્વાસ, સીતાની પતિભક્તિ અને રામની કુટુંબભાવના – આજ્ઞાધીનતા જેવાં લક્ષણોથી આ બહેનો સૌથી વધુ આકર્ષાય છે.

વરસડાની બહેનો પાસેથી મળતું આ રામના વનવાસના ચિત્રથી ઊઘડે છે : (ગીત-૧૦૫)

*"રામ-લક્ષ્મણ વનમાં ચાલ્યા, સાથે સીતા નારી."*

રામ-સીતા વચ્ચેનાં સંવાદના આ ગીતમાં, સીતા જાણે વનમાં સાથે આવવાની રટ લે છે પણ રામ વનવાસની કઠણાઈ વર્ણવીને એમને પાછાં વાળી રહ્યાં છે, પણ પાછાં વાળીને સીતાને અહીં કુટુંબ વચ્ચે જ વડીલોની છત્રછાયામાં રહેતાં રહેતાં પતિ-વ્રત પાળવાનો આગ્રહ પણ રાખે જ છે, એ મુદ્દાઓ વધુ નોંધપાત્ર છે.

રામ કહે છે કે તમે તો "રાજકુમારી અને ભાવિ રાજરાણી છો, સુખસાહેબીમાં ઊછર્યાં છો – વનમાં પણ તમને રાજમહેલ જેવી સુખસગવડ જોઈશે તે નહીં મળે; તે માટે જનકકુમારી; પતિવ્રત પાળી લો." બેસવા માટે સાગમાંચી, દાતણ માટે આવળબાવળ, નાવણ માટે તાંબાકુંડી કંઈ નહીં મળે. માટે જનકકુમારી "પતિવ્રત પાળી લો ને સાથે ન આવશો તેમ પ્રાણપતિ પ્યારી !" – આમ પતિને અઢળક પ્રેમ કરનારી સીતાને પતિવ્રત પાળવાનો આદેશ થાય છે – ને આદેશ એટલે સાસરીમાં જ રહેવું ! પતિવ્રત એટલે વડીલોની સેવાચાકરી અને સાસરીમાં સહીસલામત જીવન. લક્ષ્મણની પત્ની ઉર્મિલાને રામયણના લેખકે આવું પતિવ્રત પાળવાની ભૂમિકા સોંપી છે. અહીં આ લોકગીત વળી સીતાને એ ભૂમિકા ભજવવાનું સૂચવે છે.

ગાનારી બહેનોની દૃષ્ટિએ અને પરંપરાની દોરવણીએ – સીતાની જેમ રામની સાથે વનવાસ વેઠવા કરતાં ઉર્મિલાની જેમ સાસુઓની નિષ્ઠાપૂર્વક સેવા કરવાનું "વ્રત" ચડિયાતું છે. ઉર્મિલાનો જોકે ક્યાંય ઉલ્લેખ નથી, પણ "તપ" તો ઉર્મિલાનું જ વખણાયું છે. આ ગીતમાં રામ-સીતાના સ્નેહની સાથે સાથે વડીલશાહીનું વળગણ પણ બહેનોથી અળગું નથી થયું એનો મુદ્દો જરૂર ઊઠે છે.

બીજા એક ગીતમાં પણ રામ-સીતાના વનવાસનું જ રૂપક છે. (ગીત-૧૦૬)

*"આજ મારે ઘેર કેળ, ચંપો ને મરવો, ડોલર લહેરાયે જાયને..."*

આ રૂપકગીત છે, રામ-સીતાનાં ઓઠાં હેઠળ, કોઈ પતિ-પત્નીના વિયોગનો પ્રસંગ છે. પત્ની જાણે કે પતિને આરામ કરવા, સુખ લેવા-દેવા રોકી રહી છે, પણ પતિને વનવાસની વારી છે. દૂર દૂર જવાનું છે. આનંદ માણવાની ફુરસદ ક્યાં છે ? સુંદર વાડીના ચિત્રણથી ગીત શરૂ થાય છે – "આજ મારે ઘેર કેળ, ચંપો ને મરવો,

ડોલર લહેરાયે જાયને !" આવી મઘમઘતી વાડીમાં, પત્ની કહે છે કે "આજ પછી સીતાજી રામને કહેશેય, ઉતારા કરતા રે જાઓને !" ઉતારા પછી સ્વાભાવિક રીતે, પારંપરિક વર્ણનો આવે છે : દાતણ, નાવણ, ભોજન, મુખવાસ... જે આપણી કહેવાતી ઉજળિયાત સ્વાગતપ્રથાનાં અંગો છે. સીતાના રૂપે આપણી આ સામાન્ય, શ્રમિક ગૃહિણી પતિને કોઈ પણ બહાને, સુંદર આગતાસ્વાગતાનાં નિમિત્ત આપતી આપતી રોકી રાખવા મથે છે પણ પતિ પણ મજબૂર છે એ દર વખતે કહે છે : "આજ મારે વનવાસની છે વારી !" દેખીતું છે કે રામસીતાનાં તો માત્ર નામ જ વપરાયાં છે. કેમકે રામકથા અનુસાર તો રામસીતા સાથે જ વનમાં ગયેલાં અને પાછળથી અયોધ્યાના રાજા થયા પછી, રામે સીતાને એકલાં વનમાં મોકલેલાં... એટલે મૂળકથા કે લોકરામાયણ – ક્યાંય રામને એકલાને તો વનવાસ વેઠવાની વારી આવી જ નથી. આ ઓઠું પ્રયોજવાની પાછળ દાંપત્યપ્રેમનું નિમિત્ત છે અને કહેવાતા ઉજળિયાતોમાં જેમની "પતિવ્રતા" તરીકે મહિમા થાય છે એવા રામસીતાનું નામ લેવામાં આપણાં શ્રમિકો "ગૌરવ" અને "સન્માન" સમજે છે.

પણ ગીતની મૂળ મજા આ બધી નથી; ગીતની મૂળ અસર તો પત્ની પરદેશ જતા પતિને રોકે છે અને મજબૂર પતિ રોકાઈ નથી શકતો, તેથી ઊભી થતી વિજોગની પરિસ્થિતિની છે.

આ ગાંફ વિસ્તારનું ગીત છે. ગુજરાતમાં અહીંથી શ્રમજીવીઓનાં પુષ્કળ સ્થળાંતર થાય છે. સૂરત-મુંબઈ સુધી અહીંના પુરુષોને રોટલો રળવા ખેંચાવું પડે છે. પાછળ રહી જતી વિજોગણ પત્ની, વારતહેવારે માંડ માંડ આવવા પામતા પતિને વધુ દિવસ રોકાઈ જાણે વિનવે છે, પણ પતિને તો મજૂરીએ / કામે / ધંધે ગયા વગર છૂટકો નથી. ઘરની મીઠી મહેમાનગતિ માણવાનો અવસર ક્યાંથી ? – આમ, પોતાની સતતની વિજોગણ અવસ્થાનું દુઃખ રામ-સીતાના નામે, આપણી શ્રમજીવી નારીએ "ગાયું" છે એ અહીં નોંધવામાં આવ્યું છે.

તો શું આને ભજન કહેવાશે ? માત્ર દેવદેવીઓનાં નામ કે કોમ કે ગુણલક્ષણોનો પ્રયોગ એને ધર્મશ્રદ્ધા સાથે કઈ રીતે જોડી શકે ? આ ગીતને આપણે તો સંસારજીવનનાં ગીત તરીકે ગણીશું.

પણ આ જ વિસ્તારમાંથી બે ગીતો એવાં છે, જેમાં રામકથાના સીધા અને જાણીતા સંદર્ભો છે. (ગીત-૧૦૯ અને ગીત-૧૧૦)

આ ભજનમાં સુખ-દુઃખના તત્ત્વજ્ઞાનથી શરૂઆત થાય છે. (ગીત-૧૦૭)

*"જગમાં દુઃખની પાછળ મળજો છાંય... છાંય... છાંય !"*

અને જગજાણીતી રીતે દુઃખ વેઠનારા મહાપુરુષ શ્રીરામની કૃપા અહીં સાચી છે. "રમતાં હસે રામ, સીતાના મનમાં રમતાં વસે રામ..." – અહીં સીતાના અશોકવાટિકાના બંદીવાસની પળોનો સંદર્ભ છે. ગમે તે હોય, સીતાએ પોતાના મનમાંથી રામની રટણા ઓછી નથી કરી. આ પ્રસંગ છે રાવણ પંચવટીમાં ભિક્ષુક વેશે આવીને, સીતાને ઉપાડી જાય છે તે : "સાધુનો વેશ લઈ રાવણ આવ્યો : ભિક્ષા દીયો



સીતામા..." "થાળ ભરીને સીતા વનફળ લાવ્યાં, ભિક્ષા લીયો મહારાજ," પણ રાવણની દાનત તો ખોટી હતી. એણે તો સીધો જ પ્રસ્તાવ મૂક્યો : "ક્યો'તો સીતાજી, ચૂંદડી લઈ આપું, છોડી દો રામનું નામ !" પણ સીતાજીના હૃદિયામાં તો હાલતાં-ચાલતાં શ્રીરામ વસતા હોય તે શાનાં મચક આપે ? એમને કંઈ ચૂંદડીની લાલચથી લોભાવાય એવાં કાચી માટીનાં નથી ! એટલે જ રાવણ લાલચનો દોર આગળ લંબાવે છે : "ક્યો તો સીતાજી, હારલો ઘડાવી દઉં, છોડી દો રામનું નામ !" – બસ, હવે સીતાની ધીરજ અને આતિથ્યભાવનાની હદ આવી જાય છે. સાધુ છે – અતિથી તો દેવ સમાન ગણાય... એ બધી ગૃહિણીની ફરજો આઘી મૂકીને સીતા છેવટે પુણ્ય પ્રકોપ પ્રગટ કરે છે : "તારા તે હારને પથ્થર પછાડું, નહીં છોડું રામનું નામ !" – સીતાનું પતિવ્રત સૌથી ચડિયાતું. લંકાનો રાજવી છે એ નથી જાણતાં છતાં પરપુરુષની કોઈ જ લાલચને વશ નથી થતાં એવાં સીતાજીને સમાજમાં સ્ત્રીઓની સામે આદર્શરૂપે રાખવામાં આવે છે. આ ભજન પણ એ જ સંદેશો લઈને આવે છે. લોકગીતની લઢણ છે અને મોરબીની વાણિયણ, મેના ગુજરી, જસમા ઓડણ – વગેરે પતિવ્રતા અને ઊંચા શિયળવાળી સ્ત્રીઓની જેમ સીતાને પણ કશીયે લાલચ સામે નહિ ઝૂકતાં બતાવ્યાં છે. રાજા, બાદશાહ, કોઈ અન્ય શક્તિશાળી પુરુષ હંમેશાં પરસ્ત્રીને રીઝવવા આવી દુન્યવી ચીજોની લાલચ આપતો વર્ણવાયો છે; કેમ જાણે સ્ત્રીનું મન એટલું ઢીલું હોય કે બે બદામની લલચામણી ચીજ સામે પોતાનું ચારિત્ર્ય છોડી દે !

પિતૃસત્તાએ સદીઓથી, સ્ત્રીના લાલચુ સ્વભાવના પાઠ આપણને ભણાવ્યા છે પણ સામે સદીઓથી – આવી ટક્કર ઝીલનાર, નક્કર શિયળની સ્ત્રીઓએ રોકડું જ પરખાવ્યું છે. આ આદર્શ માત્ર કહેવાતી સતીસાધ્વીઓનો જ શા માટે હોય ? કોઈ પણ સ્ત્રી નાની સરખી લાલચને વશ ન થાય તો જ આ લોકગીત સમા ભજનની વાણી સાર્થક કહેવાશે.

લોકરામાયણોમાં અને રામકથાનાં વિવિધ રૂપોમાં એક જાણીતી વાર્તા છે – કૈકયી અંગૂઠાનો રાવણ કરે છે અને સીતા ઉપર ફરી એક વાર આળ મૂકીને, રામ દ્વારા તેને વનવાસ અપાવે છે ! ધોબીએ કરેલી રામની ટીકાના જાણીતા પ્રસંગને ઠેકાણે આ પ્રસંગ ગોઠવાયો છે. એના ઉપરથી કહેવત પડી કે "અંગૂઠાનો રાવણ કરવો !" – નાની બાબતના આધારે કોઈક જૂઠાણું ખડું કરવું ! આ જ પ્રસંગને લગતું ગીત આપણી બહેનો પાસેથી મળે છે; જેને સહજ રીતે જ સાસુ-વહુ વચ્ચેના સંબંધ વિશેના ગીત તરીકે ખપાવી શકાય ! (ગીત-૧૦૮)

*"અવળી ગંગા, સવળાં નીર – વહુના ઘેર સાસુ બેસવા જાય"*

ગીતની શરૂઆતમાં સાસુ-વહુનાં નામ લીધા વગર જ ઘટના માંડી છે. બેસવા ગયેલી સાસુ વહુને કહે છે કે, 'લંકાના શુરા લખી આપોને !' 'લખવું' ક્રિયાપદ અહીં 'ચીતરવા'ની જગ્યાએ વપરાયું લાગે છે 'આલેખન' શબ્દનો એને આધાર હશે. સાસુનો આગ્રહ છે પણ સીતાવહુ ચોખ્ખું કહે છે કે મેં કદી લંકાના રાજાને જોયા નથી કે સાંભળ્યા નથી. સાચું છે – પતિવ્રતા સીતાએ રાવણ સામે મીટ માંડીને એવું જોયું જ

નથી કે એનું ચિત્ર દોરી શકાય ! આગળનાં ગીતોમાં આવ્યું છે તેમ – સીતાનું પતિવ્રત સૌથી ચડિયાતું છે. સાસુ-કૈકયીના માનવામાં આ વાત ક્યાંથી આવે ? એ તો છેવટે 'સાસુ' છે. રીસ ચડાવીને નીકળી જાય છે ને સામેથી કહે છે કે, તું ન ચીતરે તો કંઈ નહિ; હું ચીતરી બતાવું છું ! – શા ઉપરથી ? રામકથા કહે છે કે સીતાએ એ વખતે સાસુને એટલું કહેલું કે હા, એ જ્યારે જ્યારે અશોકવાટિકામાં મને મનાવવા આવતો ત્યારે મારી નજરે એક એનો પગનો અંગૂઠો દેખાયો છે – ને તે તેણે ચીતરી બતાવું છું ! બસ, આટલા નમૂના સાથે કૈકયી તો મનમાં કંઈ નક્કી કરીને બેસી જાય છે ! ગીતમાં લૌકિક રીતે એનું સરસ નિરૂપણ થયું છે – સીતા લંકા નગરીનું ચિત્ર બનાવે છે – પાણી ભરતી પાણિયારી, છાણાં વીણતાં છોકરાં, દાતણ કરતાં ડોશીમા ને તલ વાઢતા ડોસા ચીતર્યા. હળ હાંકતો ખેડૂત ને ભાત લાવતો ભતવારો ચીતર્યો. નદીએથી નાહીને, ભીના પોતિયાભેર આવતો બ્રાહ્મણ ચીતર્યો. પછી રામ, લક્ષ્મણ બંને ભાઈના ચિત્ર દોર્યાં, સૂર્ય-ચંદ્રને સાક્ષીરૂપે ચીતર્યા, નવલખ ચાંદરણાં ને છપ્પન લાખ તારલિયા ચીતર્યા ને રાવણ સરખો મેઘો-વાદળ ચીતર્યો. અલબત્ત, અહીં ગીતની જે પંક્તિઓ મળે છે એમાંથી એ સ્પષ્ટ નથી થતું કે આ સીતાએ ચીતર્યું કે સીતા પાસેથી નાની વિગત જાણી લઈને કૈકયીએ ચીતર્યું ! ચીતરેલ – અહીં તો આખીય લંકા ! ઝીણી ઝીણી વાસ્તવિક વિગતોવાળું રેખાચિત્ર ઊભું થાય છે. અહીં છે લોકસાહિત્યની મજા. ક્યાં પુરાણ પ્રાચીન લંકા નગરી અને ક્યાં આ ચિત્રમાં વર્ણવાયેલ સાદા – ગરીબ ગામડાનું રોજિંદું ચિત્ર ! ખેર, સીતા પાસેથી આવી લંકા "લખાવી" ને કૈકયીમાતા તો રામને આ કાગળ બતાવે છે :

"હું ના જાણું મારા રામજી રે, કાગળ સીતાએ લખ્યા" – સાસુ આમ વહુને માથે આળ ચડાવે છે કે સીતાએ લંકાને કેવી માણી છે ? લંકાના રાવણને કેવો મેઘ-સમો "ભવ્ય" ચીતર્યો છે... જરૂર સીતાના મનમાં ખોટ છે માટે આ વહુ તો હવે ના જોઈએ – "સીતાને વનવાસ આપો." બસ, રામને તો માએ હુકમ કરી દીધો છે ને રામ તો કહ્યાગરો દીકરો છે. માતાની આજ્ઞા કેમ ઉથાપાય ? આ કૈકયીનું તદ્દન માનવીકરણ છે. આપણી બહેનોની અને તેમની આસપાસની કોઈ પણ સાસુ જે વલણ લે અને વહુને જે રીતે સાણસામાં જકડે, તે બધા પેંતરા કૈકયીને કરતી બતાવી છે. જે અપરમા પોતાના સાવકા તો સાવકા – દીકરાને ચૌદ ચૌદ વરસ વનવાસ મોકલી શકે ને પતિના પોચટ હૈયાને ધરાર અવગણી શકે તે વરસ વરસ "પરઘેર" રહી આવેલી વહુને શીદને સ્વીકારી જ શકે ? – ધોબીના લોકાપવાદ કરતાં સાસુનું આ વલણ ને વર્તન વધુ તાર્કિક (લૉજીકલ) નથી લાગતું ? આમાં સાસુવહુનો સંઘર્ષ છતો થાય છે તેની સાથે સાથે વડીલશાહી માનસિકતામાં, વહુના શિયળ-ચારિત્ર્ય-પવિત્રતા... બધાં મૂલ્યો વડીલશાહી દ્વારા માત્ર સ્ત્રીઓ ઉપર જ ઠોકી બેસાડવામાં આવ્યા છે ને ! ગીત આગળ ચાલે છે એમાં, ચારે ભાઈઓ માના આ ફરમાનનો વિરોધ કરે છે : "ચારે બાઝ્યા – ચારે બળિયા રે ભાઈ અમને વનવાસ આપો !" સીતાને નહીં, અમને વનવાસ આપો – સીતા નિર્દોષ છે – એમ ભાઈઓ તૈયારી બતાવે છે. પણ કૈકયી મક્કમ છે. કાળા બળદની – કાળા ઘોડાની ગાડી જોડાવે છે. સીતાની સાથે લક્ષ્મણને



મોકલે છે. પછી સીધો સીતાનો લક્ષ્મણ સાથેનો સંવાદ : "ધરતીમાંથી તમે જન્મ્યાં છો, તો પાછા ધરતીમાં જાઓ ને આનંદ મંગળથી રહો." લાડકો દિયર, સેવાભાવી-આજ્ઞાંકિત દિયર પણ માતાની ચડવણીમાં આવી ગયો છે. સ્ત્રી માટે સાસરીમાં એનું પોતાનું કોઈ નથી ! છેવટે ધરતીમા પાસે માર્ગ માગતી સીતા સમક્ષ ધરતી ફાટે છે અને "કાંણો પડે છે." સીતા ધરતીમાં સમાઈ જાય છે ત્યારે અધીરો – હાંફળો-ફાંફળો દિયર દોડીને ભાભીનો ચોટલો ઝાલી પાછાં ખેંચવા પ્રયત્ન કરે છે, પણ વ્યર્થ !

*"ધરતીમાં સીતા સમાઈ ગયાં... મગન મગન રિયા."*

સાસરિયાની શંકાઓ, પતિનું નીચી મૂડીએ સહન કરવું, પરાયું વાતાવરણ... સીતા હોય કે સામાન્ય સ્ત્રી : સૌએ છેવટે તો મોતને જ વહાલું કરવાનું ને ? કોઈ વહુને ફાંસો ખાવો પડે – કોઈને ઝેર પીવું પડે કે કોઈ અગ્નિસ્નાન કરે... સીતાના યુગથી આપણી વહુવારુઓ ઝાઝી દૂર નથી જઈ શકી ! પિતૃપ્રધાન મૂલ્યોએ અને નકારવાદી વલણોએ સ્ત્રીને અંત ભણી – મોત ભણી જ ધકેલી છે ! શું મૃત્યુ સિવાય અંતિમ ઘડી સુધી સ્ત્રીનાં દુઃખોનો બીજો કોઈ અંત નથી ? ઉપાય નથી ? સીતાના ધરતીપ્રવેશની કરુણતા અનેક સવાલો ઊભા કરે છે. લોકરામાયણનું આ પ્રસંગગીત આ સવાલોને વધુ ઘેરા – વધુ બિહામણા બનાવે છે. રામસીતા સાથે સંકળાયેલું આ ગીત સંસારજીવનને કેવો કારમો સંદેશ સુણાવતું જાય છે !

આ રીતે જોઈએ તો "રામ-સીતા" સાથે સંકળાયેલાં ગીતોમાં ધર્મશ્રદ્ધા નહીં, પણ સંસારકથા ને તેની વ્યથાનું નિરૂપણ છે. આમેય, થોડાંક વર્ષોથી રાજકીય કારણોસર જ ગુજરાતમાં રામપૂજા શરૂ કરવામાં આવી છે. મોટા ભાગે લોકસમુદાયમાં રામને સંસારજીવનના આદર્શમૂર્તિ તરીકે અને સીતાને સંસારદુઃખોને સહન કરતી આદર્શમૂર્તિ તરીકે જ યાદ કરવામાં આવે છે. રામ "ભગવાન" કરતાં આ રીતે એક પુત્ર-પતિ-ભાઈના રૂપે સ્થપાયા છે અને સીતા 'દેવી' કરતાં "પતિવ્રતા" પત્ની તરીકે જ પૂજાય છે.

લોકજીવનમાં રાધા-કૃષ્ણનાં ભક્તિગીતો જોતાં લાગે છે કે આ કહેવાતા ઉજળિયાતોની અસરનું પરિણામ હોઈ શકે; પરંતુ અહીં એક બીજો દૃષ્ટિકોણ પણ ધ્યાનમાં લેવા જેવો છે : કૃષ્ણનું પોતાનું બાળપણ પશુપાલન કરતી પ્રજાઓ સાથે સંકળાયેલું ને તેથી એમનું દૈનિક જીવન જે તે પ્રજાની તરાહમાં ચાલે છે. વળી તે પછીના કાળમાં દ્વારકાના રાજા થયા એમ કહેવાયું છે જેથી પણ સૌરાષ્ટ્રની પશુપાલન કરતી જાતિઓ – શ્રમજીવી જાતિઓ એમને પોતીકા માને છે ! ગુજરાતનો પશુપાલક-કૃષિપ્રધાન-શ્રમજીવી સમાજ કૃષ્ણભક્તિથી દૂર નથી, પરંતુ સાથે સાથે એ પણ સાચું છે કે દલિતસમાજ એ વર્ગની બહાર હોવાથી, એ સ્તરેથી નીચેનો કહેવાતો હોવાથી કૃષ્ણ પ્રત્યેનો ભક્તિભાવ એ પશુપાલક કોમોનાં સંસર્ગનો પ્રભાવ હોઈ શકે.

વળી આવાં ગીતોની સંખ્યા વધુ નથી. ભાલબારામાં કૃષ્ણને કાનો, કાનજીના નામે પણ ઓળખવામાં આવે છે. ખાસ, આ જ સમુદાયની કઈ ખાસિયતો લઈને આ ગીતો આવે છે ? (ગીત-૧૦૯)

*"ઠાકોર ફૂલવાડીમાં ઊતર્યા રે લોલ..."*

પદમાં ઠાકોર-ઠાકોરજીની મહેમાનગતી કરીને ધન્ય થતી ગોપી જેવો ભાવ અનુભવાયો છે. ભજનનો ઢાંચો પારંપરિક છે, જેમાં મોંઘેરા મહેમાનની વિવિધ પેરે આગતાસ્વાગતા ઘરઆંગણે કરવામાં આવે છે. પોતાના ઘરને ગોકુળગામ માનીને પ્રભુ આરામથી રહે તેની સઘળી સોઈ કરાઈ છે. ગોપી કહે છે કે દાતણ હરિને હાથોહાથ આપીશ, પછી હાથોહાથ તેમને નાવણ કરાવીશ, ભોજન આપીશ, મુખવાસ આપીશ, પોઢણ આપીશ એમ કહી કહીને ફૂલવાડીમાં ઊતરેલા કૃષ્ણને પોતાને ઘેર આવવા ગોપી આગ્રહભરી વિનવણી કરે છે. જાણીતા શબ્દોની રચના છે પણ એને જરાક નવેસરથી જોઈએ તો આ તો કુટુંબજીવનનો જ જાણે એક ભાગ છે. ઘરના આંગણે આવેલા અતિથિની સારામાં સારી મહેમાનગતિ કરવી, બીજે ક્યાંય ઊતર્યા હોય તોય – ઓછામાં ઓછું – જમાવાવેળા એમને ઘેર તેડી લાવવા અને પછી આપણી શક્તિ પ્રમાણે કે પછી બીજાંને સારું લગાડવા ને પોતાના આત્મસંતોષ ખાતર, એને સારામાં સારી રીતે રાખવા એ પ્રત્યેક ગૃહિણીનો ધર્મ છે. આપણી ભજન-પરંપરામાં આવાં સેંકડો-સેંકડો ભજનો મળે છે. મીરાંબાઈ સુધ્ધાંએ "ચાકર રાખો જી" ગાયું છે. આ શું બતાવે છે ? ઈશ્વર સાથે સ્ત્રીનો સંબંધ શું આ જ છે ? ચાકરીનો ? વડીલશાહી કુટુંબમાં જેવી રીતે પતિ અને અન્ય પુરુષવર્ગને "સાચવવાનો" હોય, રિઝવવાના હોય એ જ રીતે પ્રભુને પણ જમાડી રમાડી રાજી રાખવાના છે ! સ્ત્રી જાણે જનમોજનમની "દાસી" છે. એનું હૃદય પ્રભુની આવી "સેવા" કરવામાં "ધન્ય" થઈ જાય છે એનો શો અર્થ લેવાય ? સ્ત્રીઓ પાસે ઊંચી કોટિનો આધ્યાત્મિક સંતોષ કે "પરમાનંદ" મેળવવાની યોગ્યતા નથી – એવું કશું કહેવું હશે આવાં ગીતો દ્વારા ? શું કહેવાતા સવર્ણ સમાજમાં કે શું દલિતસમાજમાં સ્ત્રીઓની ઈશ્વર સાથેની આ ભૂમિકા, ધર્મની "સર્વ-વ્યાપકતા" વિશે અનેક સવાલો ઉઠાવે છે. આગળ "ભૂમિકા"માં જોયું તે મુજબ – મોટા ભાગના ધર્મોએ તમામ સ્ત્રીને માટે મોક્ષનો ઈનકાર કર્યો છે. એણે આમ સેવા કરીને જ સમર્પણ કરીને જ ધન્ય થઈ જવાનું ?

બીજું ગીત જરાક જુદી વાત કહી જાય છે. નીચે મીરાંબાઈનું નામ વર્ણવાયું છે. બની શકે – રચના મૂળ એમની હોય, લોકમુખે ગવાતાં ગવાતાં એની ભાષા – એની રચના, તળ ગુજરાતની બહેનોનાં ગીત જેવી બની ગઈ છે તે ખૂબ નોંધપાત્ર લક્ષણ છે. ભક્ત સ્ત્રી અથવા તો ગોપી જાણે કોઈ જોષીને વિનવણી કરી રહી છે : (ગીત-૧૧૦)

*"જોષી માર જોસ જુઓને...*
*અમને 'કયા દહાડે મળશે ઘેલો કહાન ?' "*

પછી ગોપી બહુ સરસ રીતે, હૃદયસ્પર્શી રીતે પોતાનો કૃષ્ણ સાથેનો વિજોગ વર્ણવે છે : 'સુખડાં અમારાં વાલ, રાઈ મગ જેવડાં ને દુઃખડાં છે મેરુ સમાન.' આજ સુધી પ્રભુમિલનથી મળેલું સુખ કેટલું ઓછું છે – વાલ, રાઈ, મગના દાણા જેટલું ને વિરહનું દુઃખ મેરુ પર્વત જેવડું જબરદસ્ત છે ! અહીં ગોપીનાં સુખ-દુઃખ સાથે આપણી બહેનોનાં જીવનમાં સુખ સાવ ઓછું નહીંવત્ હોય છે. વાલ, રાઈ, મગ દાણા જેટલું જ! પણ સામે એમનાં દુઃખ મેરુ પર્વત સમાન છે. ગરીબી, લાચારી, નિરક્ષરતાથી માંડીને મારપીટ-કજિયા-કંકાસ-મહેણાંટોણાં-વહેમવળગાડ... બધું એટલી હદે કે એનો અંત કાં તો મોતમાં આવે કાં તો કમોતમાં ! કહેવત છે તે "અસ્ત્રીનો અવતાર એટલે પળે પળે દુઃખ દળણાં." – દળી દળીને, ઝીણાં ઝીણાં દુઃખ એની રગેરગમાં વ્યાપી ગયેલાં હોય છે. સ્ત્રીનું જીવન દુઃખપ્રધાન છે. આમાંથી મુક્તિ ક્યારે ? પેલી ગોપીનાં દુઃખ તો એના કહાન આવશે કે દૂર થશે પણ આપણી બહેનોનાં દુઃખનો અંત ક્યારે આવશે ? ગીત આગળ ચાલે છે : "થાકીને થઈ છું પીળી પાન." – ગોપી વિરહના દુઃખે ફિક્કી પડી હશે પણ આપણી બહેનો આ "થાક"ને જાણે છે; એવા વેઠવૈતરાંથી થાકીને લોથ થનારી બહેનોનાં કામનો તો જાણે અંત જ નથી ને ઉપરથી ગરીબીને કારણે અડધું પેટ ભરવાનું – અસ્ત્રીનો અવતાર મળ્યો એમાંયે ઓછુંવત્તું ખાવા મળે – પૂરતું થાય તો જ નવાઈ ! પછીની પંક્તિઓમાં પ્રેમઘેલી-પ્રેમબાણથી વિંધાયેલી ને વારંવાર ગિરિધર નાગરને વિનવતી આતુર ગોપીના મનોભાવો વર્ણવાયા છે. જે આમ તો પારંપારિક રીતે જ રચાયા છે. છેલ્લી પંક્તિમાં કહે છે કે :

*"લોચનિયું સૂનું જેવું કાજળ વિના...*
*મારી દેહ રે સુની હરિના ભજન વિના."*

સ્ત્રી જાણે છે આંખના કાજળનાં મૂલ્ય – એના વગર બધા શણગાર ઝાંખા – એમ જ પ્રભુભજન-પ્રભુપ્રાર્થના વગરનું એનું જીવન શૂન્ય છે. સૂમસામ છે ! એમ સ્ત્રીનું જીવન પુરુષ આધારિત છે, પુરુષ જ એના કેન્દ્રમાં છે, પુરુષ જ એનો કર્તાહર્તા છે. ઈશ્વરનું પણ આવું જ છે. ઈશ્વર જાણે પુરુષ છે ને ભક્ત જાણે એની પત્ની પ્રિયા-સ્ત્રી છે ! બસ... વાર્તાઓ, ગીતો, નાટકો, ફિલ્મો, ચિત્ર અને સંગીતકળા... બધાએ ઈશ્વર ઉપર સ્ત્રીનું આ આધારિતપણું રૂઢીરૂપાળી રીતે, સેંકડો વર્ષોથી ઘૂંટી ઘૂંટીને આપણાં સૌના મનમાં ઊંડે ઊંડે સુધી પેસાડી દીધું છે, તેથી સ્ત્રીઓ પોતે પણ ઈશ્વર સાથે બીજો કોઈ સંબંધ બાંધવા માંગતી નથી. કોઈ નવા સંબંધની શોધનું સાહસ પણ કરતી નથી, તેથી જ તો મીરાંબાઈનું કહેવું છે – "પરણો ને દાસ છું હું શ્યામ !" સંસારજીવનમાં અને ધર્મજીવનમાં – સ્ત્રી ક્યારે આ દાસીપણામાંથી ગુલામીમાંથી છૂટકારો મેળવશે ? – સમાજ આપશે ત્યારે કે એ પોતે ગુલામી છોડવા સંઘર્ષ કરશે ત્યારે ?

પારંપરિક રીતે જોઈએ તો વૈષ્ણવ ધર્મમાં આવા વિરહભાવને શ્રેષ્ઠ ગણાયો છે – ઈશ્વર આવી જ ગોપીને વરે છે – પ્રાપ્ત થાય છે. જે આમ વિરહનાં અગ્નિમાં બળીને ભસ્મ થઈ હોય – જેનાં દુઃખ ડુંગર જેવાં હોય ને જેણે પોતાનું સર્વસ્વ પ્રભુને સમર્પણ કરી દીધું હોય. ભક્તિના જે નવ પ્રકારો (નવધાભક્તિ) ગણાવ્યા છે તેમાં "સેવા"ને ઉત્તમ સ્થાન છે અને ગોપી ઉત્તમ ભક્ત છે. જે પ્રભુની નજીક રહીને એમની બધી સગવડ સાચવવાનું સૌભાગ્ય પામી છે. નરસિંહ મહેતા જેવા પરમભક્તે પણ ગાયું છે કે "હરિના જન તો મુક્તિ ન માગે, માગે જનમોજનમ અવતાર રે; નિત સેવા, નિત કીર્તન ઓચ્છવ; નિત ભજવા કિરતાર રે !" – આમ સેવાભક્તિના આ સ્ત્રીનાં

ગુણ-લક્ષણ છે અને મુક્તિ-મોક્ષ ન મળે તે પણ સ્ત્રીની નિયતિ છે. એ રીતે જોઈએ તો સ્ત્રીભક્ત છે અને મોક્ષ કરતાં પણ ભક્તિ ચડિયાતી; એવું આ શાસ્ત્રો કહે છે.

ધર્મ અને વ્યવહારજગત વચ્ચે ઘણુંખરું વિરોધાભાસ જ દેખાય છે. એક બાજુ સ્ત્રીને ઉત્તમ ભક્ત ગણવી ને બીજી બાજુ એને મોક્ષનો અધિકાર નહીં ! એક બાજુ સ્ત્રીના સમર્પણનાં આટલાં વખાણ ને બીજી બાજુ એના એકેય કામની કદર નહીં ! એક બાજુ સ્ત્રીનાં જ બનાવેલાં ફૂલમાળા-વસ્ત્રાલંકાર ઠાકોરજીને શોભતાં હોય ને બીજી બાજુ પૂજારી તરીકે સ્ત્રી ઈશ્વરની મૂર્તિને અડી પણ ના શકે ! એ ધર્મ અને આવા નિયમોમાં ક્યાં છે ન્યાય ? ક્યાં છે સમાનતા ? ક્યાં છે સર્વેને માટે સરખું સુખ ?

ત્રીજું ગીત આપણને જુદા ભાવજગતમાં ખેંચી જાય છે. રાધાજીનું રૂસણું ને કહાનનું મનામણું અહીં વર્ણવાયું છે અને સાથે સાથે એક નવો, હકારાત્મક સંદેશ લઈને આવે છે આ ગીત. (ગીત-૧૧૧)

*"વાલે નિંદર ભરી રથ જોડિયા, વાલો પરદેશી ફૂલ લાવ્યા."*

જેમાં કૃષ્ણ પરદેશી ફૂલ લાવીને રાધાને આંગણે રોપે છે – પછી રાધાને જ જાણે ભૂલી જાય છે ! જ્યારે વૃક્ષ ફાલે છે ને ફૂલ ખીલે છે ત્યારે ભરીસભામાં છાબ ભરીને ફૂલ લઈ જાય છે. કૃષ્ણ યાદ કરી કરીને ફૂલ વહેંચે છે; એક રાધાજીને ભૂલી જાય છે ! કિશોરવયે પ્રેમનું પહેલું ફૂલ ખીલેલું તે રાધા સાથેનો પ્રેમ ! પછી મથુરાનગરીના રાજકુમાર થવા ગયા ને વયે યુવાન બન્યા ને પ્રેમનો મરમ પામ્યા ત્યારે અન્ય સૌને એ પ્રેમ આપ્યો : કુબ્જાને, સત્યભામાને, રુક્ષ્મણિને... આઠેય પટરાણીને – એક રાધાને જ વિસરી ગયા ! જ્યાંથી પ્રેમની શરૂઆત કરેલી તેને જ જાણે ભૂલી ગયા ! પરિણામે રિસાયેલી રાધા મહેણું મારે છે – "જાવ જાવ રે જુઠેરા ! નહીં બોલું !" પ્રેમ સાચો હોય ઊંડો હોય તો આમ રિસાવાનોય અધિકાર ખરો જ ને ? – ને રાધા રિસાયેલી હોય તે કૃષ્ણ કેટલા દહાડા સહી શકે ? એને મનાવ્યા વગર ચાલે કેમ ? ને વળી પાછા રથ જોડીને કૃષ્ણ જાય છે – પરદેશી ફૂલ લાવે છે – ફક્ત રાધાને છાબ ભરીને ફૂલ આપે છે – બીજાંને આઘાં રાખે છે. બસ, રાધાજી રિઝાઈ જાય છે – ને હવે જ તો મજા છે આ ગીતની : રાધા કૃષ્ણને આમંત્રણ આપે છે સાથે સાથે કામ કરવાનું : "લાવો લાવો રે, ગોવાળિયા – ગા દોવી; માતા જસોમાના જાયા સાથે ગા દોવી; લાવો લાવો રે સૂપડાં-તલ સોવી; બેની સુભદ્રાના વીરા સાથે તલી સોવી !" – પ્રેમ હોય ત્યાં સમાનતા હોય અને સમાનતા માત્ર સાથે સુખ ભોગવવા પૂરતી જ નહીં – સાથે કામ કરવું, સાથે પસીનો પાડવો એ પણ પ્રેમની જ નિશાની છે. પતિપત્ની, સ્ત્રીપુરુષ ખભેખભો મિલાવીને કામ કરે – જીવે એ જ મોટામાં મોટું સુખ ! – આ ગીતમાં આવાં જ સુખનો ઈશારો કરાયો છે. ભલે રાધાકૃષ્ણના પ્રેમપ્રસંગનું ઓઠું હોય; આપણી બહેનો માટે આ સહિયારા કામ ને સહિયારા સુખનો સંદેશ છે.

પ્રભુભક્તિનું ચોથું ગીત એક પારંપરિક ભજન છે. એની રચના અને શબ્દાવલિ ઉપરથી એ પુરુષો દ્વારા ગવાતું હોય તેવું ભજન લાગે છે અને બીજું, કહેવાતા સવર્ણોની વિચારસરણીનો પ્રભાવ પણ દેખાય છે. ભક્તિ અને ભજનનો અહીં મહિમા કરવામાં આવ્યો છે. (ગીત-૧૧૨)



*"ભાઈ ભજન મળી તલવાર... રાધે ગોવિંદા !"*

અહીં "રાધે-ગોવિંદા" તે માત્ર ધ્રુવપંક્તિ છે. આગળ કહે છે : "રામ ભજો તો બેડો પાર..." પણ આ રામ તે સર્વસામાન્ય ઈશ્વરનું જ નામ છે – કેમ કે નરસિંહ મહેતાએ ભજીયા રામ... પંક્તિમાં નરસિંહના "રામ" એટલે "કૃષ્ણ." એ નરસિંહ વિશેની દંતકથાઓના જાણકાર સહેલાઈથી કહી શકે ! ને એ "રામ" ભજ્યાથી નરસિંહને જે "ભજનસર્જન"નું વરદાન સાંપડ્યું એનાથી તો ગુજરાતભરનું નાનું છોકરુંયે અજાણ નથી ! આ ભજન સાચા અર્થમાં – પારંપરિક છે અને "સર્વસાધારણ" છે. ભાલની બહેનો, મિશ્ર ભજનમંડળીમાં આ શીખી હશે – ગાતી હશે અને સદીઓથી ભજનભક્તિનો મળેલો વારસો જાળવતી હશે. અહીં આગવી રીતે – શ્રમિક સ્ત્રીઓના દૃષ્ટિકોણથી થતી ભક્તિનો મુદ્દો જોવા મળતો નથી.

સર્વસાધારણ ભાવથી ગવાયેલું ભલે હોય; પણ આ ભજન નવતર ભાત પાડે છે. (ગીત-૧૧૩)

*"પ્રભુ જન્મારો મારો લખજે રે,*
*પરભુ લાંબા લખજે લેખ, મોંઘો મનખો ફરી નંઈ મળે રે."*

ભક્ત જાણે ઈશ્વરને પોતાનો આ જન્મારાના, નસીબના લેખ લખવા વિનવે છે. કહો કે, એ લેખમાં શું શું લખવું તે સૂચવે છે. "મને સ્ત્રી સરજી તો ભલે, હવે મારી આસપાસનો આખો સંસાર સર્જી દેજો." પણ આ વાત કહેવાની રીત તો જુઓ – પ્રભુ, બાપ વિના શી બેટડી રે, પરભુ, માત વિના શા લાડ ? પરભુ, ભાઈ વિના શી બેનડી રે, પરભુ ભોજાઈ વિના શાં હેત ? આમ, એક પછી એક, સ્વજનો અને તેમના દ્વારા મળતો સ્નેહભાવ માગે છે આ સ્ત્રી. પછીના ખંડમાં સ્ત્રીના "બીજા' અવતારના સ્વજનોનો ઉલ્લેખ છે : "સસરા વિના શાં સાસરા રે ?" – જે સાસરીમાં સસરો નથી એની શી કિંમત ? "પરભુ સાસુ વના શી શીખ" – સાસુ વગર શિખામણ કોણ આપે ? એમ, જેઠ ન હોય તો ઘૂંઘટ કોને માટે કાઢીએ ને ઘૂંઘટ તો સ્ત્રીની શોભા કહેવાય. "જેઠાણી વના શો વાદ" ચડસાચડસી કરવાયે જેઠાણી તો જોઈએ ને ? આમ પિતૃપ્રધાન મૂલ્યો ધરાવતાં સાસરિયાં ને તેમનાથી મળતું "સુખ" સ્ત્રી સામે ચાલીને માગે છે... એ વિના બીજું કોઈ સુખ જાણે છે જ નહીં !

સાધારણ રીતે ભક્તો, પ્રભુ પાસે મોક્ષની – ભવસાગરમાંથી છૂટી જવાની, જન્મજન્માંતરના ફેરા ટાળવાની માગણી કરે, પણ અહીં એક સ્ત્રી છે જે આ જન્મમાં સંસારની માયાની માંગણી કરે છે. સ્ત્રીઓનાં મન-હૃદયમાં સંસારની માયા વિશે જે મૂલ્યો ઠસાવવામાં આવ્યાં છે એ એને મન આધ્યાત્મિક સિદ્ધિ કરતાં ચડિયાતાં છે. એને પરંપરામાં એમ શિખવાડવામાં આવ્યું છે કે "પતિ એ જ પરમેશ્વર" કે પછી "ઘેર બેઠાં ગંગા" અથવા તો "છૈયાંછોકરાં શાલીગ્રામ ને સેવા બીજા કોની કરું ?" – ટૂંકમાં ઘરસંસારને, ગૃહિણીની ફરજોને, સગાંસંબંધીઓનાં સ્નેહને, કૌટુંબિક બંધનોને સ્ત્રી સર્વસ્વ માનીને જીવે છે અને પ્રભુ પાસે પણ એ જ આશા રાખે છે કે એનો સંસાર સુખી રહો.

વળી પેલી ચાકર રાખોજી...ની પરંપરાને જ પુનર્જિવિત કરે છે.

"હેલ ભરીને હું તો હાલુ ઉતાવળી, માર હૈયે હરખ ન માય રે, મારા દીર પ્રભુ પધાર્યાં..." (ગીત-૧૧૪)

અને પછી એ જ મહેમાનગતિ – ઉતારા, ઓરડા, દાતણ દાડમી, ભોજનમાં કંસાર ને પોઢણમાં ઢોલિયા... એક દાસી રાજા-રાજવીની જેમ સરભરા કરે તેમજ પ્રભુનો આદર-સત્કાર ગાતી આપણી બહેનો આ ભાષા પેલા કહેવાતા ઉજળિયાતો પાસેથી શીખી હશે !

સર્વસાધારણ ભાવનાયુક્ત ભજન (ગીત-૧૧૫) લોકપ્રિય પણ છે અને લાક્ષણિક પણ છે. એમાં ભક્તિ-ભજન ને ભગવાનનો મહિમા છે. ઘટમાળમાં સપડાયેલા સંસારી જીવનો પશ્ચાત્તાપ છે કે :

*"રાતે નીંદરાં, દિવસે કામ – ક્યારે ભજસું શ્રી ભગવાન ?"*

ખરેખર, વહેલી પરોઢથી જ ઘરઘંટીમાં ઓરાઈ જતી આપણી બહેનોના દિલમાં પણ આવું જ થતું હશે ને ? "એક એક પળ જાય લાખની રે..." સમય કીમતી છે, પણ એનો સદુપયોગ કર્યો નથી – પ્રભુભજન કર્યું નથી ને પછી... ભક્તિ સે ખાંડાની ધાર ! આ લોકવાણીમાં કવિ પ્રીતમનો પેલો પહાડી સૂર સંભળાય છે ને – "હરિનો મારગ છે શૂરાનો, નહીં કાયરનું કામ જો ને... !" ને બહેનો જાણે છે કે આ જીવનમાં આટલી અડગ અને નિઃસ્વાર્થ ભક્તિ અઘરી છે. મન જીવનને ભક્તિભાવથી પ્રભુસ્મરણથી ધન્ય બનાવવાની વાતો સારી લાગે છે, પણ માણસમાત્ર ઈશ્વરથી દૂર થઈ ગયો છે, એને આમ પ્રશ્ન પૂછીને એક વાર નહીં વારંવાર ઢંઢોળવાની જરૂર છે. "ક્યારે ભજસું શ્રી ભગવાન ?" સાથે સાથે એક સંદેશ પહોંચવો જોઈએ કે શ્રમિકોનાં જીવનમાં, કહેવાતા ઉજળિયાતોના જીવનમાં, કહેવાતાં સુખી સુંવાળાં લોકો કરતાં ભગવાનનું સ્થાન પણ જુદું છે અને ભગવાન સાથે એમનો સંબંધ પણ નિરાળો ! આખો દહાડો ઠાકોરજીની મૂર્તિ આગળ કાલાંવાલાં કરવાનો કે લાલાને નવડાવવા-ખવડાવવાનો નથી તો એમની પાસે સમય કે નથી સંપત ! "ભક્તિ"ના દેખાડા કરતાં અંતરની શ્રદ્ધા એ જ ગરીબો-શ્રમિકોની મૂડી !

આમ છતાં પણ પેલું કહ્યું છે ને – માણસમાત્ર રોટલા પર પણ ન ટકી શકે ! (not by bread alone !) એમ આ દલિતો-શ્રમિકો-ગરીબો અને ખાસ તો ઘરખટલામાં ગૂંચવાયેલી સ્ત્રીઓ પણ તક મળતાં જ જાત્રાએ જવા નીકળી પડે છે ! એક ગીત/ભજન મળે છે જેમાં આવી "તક" અને "યાત્રા" બન્ને વિશે "ગવાયું" છે. (ગીત-૧૧૬)

*"સયૈર ચાલોને જાવી કાશીએ રે..."*

યાત્રા છે કાશીની – અહીં એક રીતે જુઓ તો કહેવાતા ઉજળિયાતો જેને યાત્રાધામ માને છે તેવું સ્થળ કાશી. જોકે ગુજરાતના સમાજજીવનમાં સામૂહિક પદયાત્રાઓ – ધજા ચડાવવાની યાત્રાઓ – પૂનમની જાતરા વગેરે આમ તો હિંદુ



ધર્મનાં મુખ્ય પ્રવાહનાં ધર્મસ્થળોની જ હોય છે, પણ યાત્રાળુઓમાં અમુક કક્ષા સુધીનાં (કહેવાતા અસ્પૃશ્યો સિવાયના) ગ્રામીણો, ગરીબો, શ્રમિકોની સંખ્યા હમણાં હમણાંથી મોટા પ્રમાણમાં જોવા મળે છે. હિંદુ ધર્મના કેટલાક આચાર્યો, ગુરુઓ-બાપુઓ દ્વારા નવેસરથી જે રીતનું હિંદુકરણ કરવાની ઝુંબેશ ચલાવાઈ રહી છે તેનું આ પરિણામ હશે ? ગાંફ જેવા વિસ્તારમાં આમેય દલિતો ઉપર કહેવાતી ઉજળિયાત કોમોનો, સ્વામીનારાયણ-વૈષ્ણવ જેવા મુખ્ય પ્રવાહના ધર્મસંપ્રદાયોનો ઠીક ઠીક પ્રભાવ છે જ, તેથી અહીં ગાનારી બહેનો સ્થળ વિશે એટલી બધી સજાગ હોય એવું માની લેવાને કારણ નથી !

પણ મુખ્ય વાત કંઈક બીજી છે. ગાનાર સ્ત્રી સૈયરોને ભેગી કરે છે ને કહે છે : "સૈયર ! ચાલો જાવીં કાશીએ રે..." ને પછી એક ગૃહિણીને યાત્રાએ નીકળવું હોય – લાંબા સમય માટે ઘર છોડીને બહાર જવું હોય તો કેટકેટલી ચિંતા કરવી પડે છે એનો આબેહૂબ ચિતાર મળે છે.

સ્ત્રી "ગૃહિણી" તો છે જ ઉપરથી મા છે – દીકરીની "મા !" સૌથી પહેલી ચિંતા જુવાનજોધ દીકરીની જ થાય ને ? ને દીકરીને સલામત જગ્યાએ – સાસરે વળાવીએ પછી જ આગળ ચાલવાની વાત છે. આ સમાજ બાળલગ્ન કે આણાં કરતી કોમનો હશે, જેમાં દીકરીનાં લગ્ન તો થયેલાં જ છે. સાસરે મોકલવાની બાકી છે. દીકરી પછી મા દીકરાને યાદ કરે છે, પણ એ તો કહે છે, દીકરાને તો સાથે જ લઈ લઈશું. કેમ ? દીકરો નાનો હશે તેથી ? કે રસ્તે નાનાંમોટાં કામ કરવાં લાગે તેથી ? કે પછી વધારે વહાલો છે તેથી ? પેટના જણ્યાં પછી ગ્રામીણ ગૃહિણી તરત જ ઢોરાંને યાદ કરે છે. ઢોર એને એટલાં જ વહાલાં છે. ઢોરની એને છોકરાં જેટલી જ ચિંતા છે. ઢોર એની આજીવિકાનાં સહાયકો છે ને ઘરનાં સભ્યો જેવા આત્મીય પણ છે. ઢોરમાં પહેલાં કહે છે 'વાછરડાંને વાઢિયારમાં મૂકજો' – વઢિયારી બળદ પ્રખ્યાત છે. વાછરડાં ત્યાં ઊછરી જશે તંદુરસ્ત બળદ બનશે. પણ ગાય... ? 'ગાયને લેજો રે સંગાથ !' ગાય તો પવિત્ર છે, એને જ્યાં-ત્યાં ના રખડાવાય, એને ભૂખી, તરસી ના રખાય... ને ગાય લાગણીશીલ પ્રાણી છે. એને હેત ના મળે તો ઝૂરી ઝૂરીને મરી જ ય; માટે ગાયને સાથે લેવાની વાત છે. ગાય સાથે હોય તો રસ્તે દૂધની છૂટ રહે, એ એક બીજો ફાયદો છે. ને એ દૂધથી ઠેકઠેકાણે આવતાં મંદિરોનાં દેવીદેવતાનું સ્નાન પૂજન પણ કરી શકાશે એ જુદું ! આમ ગાય સાથે હસે તો જાણે જાત્રાનું પુણ્ય તો અધિકું થઈ જશે.

આ ભજન જાત્રાનું મહાત્મ્ય તો કરે જ છે, ગૃહિણીના ખાસ સ્વભાવનું વર્ણન કરે છે. સાથે સાથે શ્રમજીવી બહેનોનાં જીવનમાં આવાં જાત્રા જેવાં કારણો જ "મુક્તિ" – મોકળાશની જગ્યાઓ હોય છે, તેની વાત કરે છે. બાકી તો પ્રવાસ-પર્યટન-ઉજાણી આપણી સંસ્કૃતિમાં જ ક્યાં છે ? એમાંય ગ્રામીણ ગૃહિણી માટે તો જાત્રા સિવાય બહાર નીકળવા એકેય બહાનું હોતું નથી. ગૃહિણીનો ઉમંગ, મુક્તિની ઝંખના અને ભક્તિભાવના... ત્રણેનો સુમેળ આ ગીતમાં છે.

જરા જુદી તરાહનું ભક્તિગીત છે – અહીં ભગવાનને શોધતા ભક્તનો પોકાર છે : (ગીત-૧૧૭)

*"હું શોધી રહ્યો ભગવાન, માટે કોનું ધરવું ધ્યાન ?"*

અહીં એક અલગ ભાતની અધ્યાત્મભૂખ છે. ગાનાર પુરુષ છે – દલિત છે – કહેવાતી અસ્પૃશ્ય કોમનો છે અને ખાસ તો – અસમાનતા, અન્યાય અને ઘેટાંશાહી ધાર્મિક પરંપરાનો વિરોધી છે. કોઈ વિચારશીલ દલિત કવિનું આ ગીત હશે, પણ લોકજીભે એટલું ચડ્યું હશે કે કવિનું નામ લોપાઈને પણ કવિની વાતો ઘેર ઘેર ને હૈયેહૈયાં સુધી પહોંચાડતું હશે. આ ગીતનો સૂર બુદ્ધિવાદીનો પણ નાસ્તિકનો નથી. એની શોધ છે, સમાનતાને ન્યાયના ધારક એવા કોઈ ધર્મ, એવા કોઈ ભગવાનની. છતાં ગીતમાં ઘણા સવાલો ઊઠે છે – પથ્થરનાં મંદિર, પથ્થરના ભગવાનને "બનાવનાર" પૂજારી પણ પથ્થરદિલ બનીને ભગવાનને "કેદ કરી" રહ્યો છે. અનેક જાતની માન્યતા-પ્રતિબંધ-પવિત્રતાને નામે ચાલતી છેતરપિંડી, દાંભિકતા અને ડોળઘાલુ કહેવાતા ધર્માત્માઓની મુઠ્ઠીમાં ! જો પ્રભુ હોય તો... "મારે કોનું ધરવું ધ્યાન ?" આમાંથી શ્રદ્ધા કોના ઉપર જાગે ? કોને ભરોસો બેસે ? મનને જે જોઈએ તે ક્યાંથી મળે ? કવિ આગળ વધે છે – "કર્મહીન અમે અસ્પૃશ્ય જન્મ્યા; અમથી હરિ અભડાય !" મુખ્ય પ્રવાહના કહેવાતાં શાસ્ત્રો ને શાસ્ત્રીઓએ જે ઝેર દલિતોને સદીઓથી માન્યતા રૂપે પિવડાવ્યું છે એનો જ આ ઓડકાર છે. ઉદ્ગાર છે ! પોતાને "કર્મહીન" કહે છે ! હા, આ તો એ જ પરિભાષા છે જે પેલા કહેવાતા ઉજળિયાતો દલિતોની સ્થિતિની પોતાની જવાબદારીમાંથી છટકી જવા વાપરતા હોય છે ! પોતાને કર્મહીન-અસ્પૃશ્ય ગણાવીને આ દલિત કવિ પોતાનાં લોકોને કેવો નકારાત્મક સંદેશ આપે છે ? કવિનું કામ તે આવા અન્યાય સારુ પડકાર કરવાનું કે ઝૂકી જવાનું ? "અમથી હરિ અભડાય" – આ પંક્તિ કટાક્ષમાં કહેવાઈ હોય તો કહેવાતા ઉજળિયાતો સમસમી ઊઠત; પણ અહીં તો જાણે લાચારી છે ! માણસથી "અભડાય" તે ઈશ્વર શાનો ? એ લોકોની ભાષામાં જ વાત કરીએ તો જે ઈશ્વરે સૌને સરજ્યાં હોય એની નજરે વળી "ઊંચા" કોણ ને "નીચા" કોણ ?

"કોઈ કહે એ રામસીતા ને કોઈ કહે ઘનશ્યામ... લેખ લખે એ માનવી કેવા લાખો જીભે તારું નામ... મારે કોનું ધરવું ધ્યાન ?" જોકે અનેક દેવદેવતાના ગૂંચવાડા ને અનેક નામ ધારણ કર્યા પછી પણ ભગવાન ભાવનો નહીં, પણ ભેદભાવનો જ ભૂખ્યો હોય તો શા માટે લાખ્ખો દલિતો વતી એકાદ કવિએ પોકારવું પડે કે : "હરિ હરિજનથી દૂર વસે તો દર્શન કદી નવ થાય !" "હરિ" હરિજનથી દૂર વસે છે કે હરિના નામે ચરી ખાનારા ? – કવિએ કદાચ આવા અન્યાયના સર્જનારા સામે પોકાર ઉઠાવવાનો છે ! કોઈ પણ પ્રકારનાં દુઃખ, સંકટ, સામાજિક અન્યાય માટે ઈશ્વરને, વિધિને, નસીબને જવાબદાર ઠેરવનાર સાધારણ લોકોની આ મનોદશા ક્યારે બદલાશે, કોણ બદલશે ? ભજનના નામે ગવાતાં આવાં લાચારીનાં ગીતો પાછળનો સૂર જ્યારે સૌ ગાનારાંઓ સમજશે ત્યારે ને તેમના દ્વારા ! પણ અહીં તો એટલું જ કહીને અટકવું પડે છે કે ભજનનો આક્રોશ વાંઝિયો છે ને બંદૂકનું નાળચું માત્ર ખાલી હવામાં જ તકાયેલું છે ! નાળચું ખરા નિશાન ભણી ક્યારે તકાશે ? (ગીત-૧૧૮)



*"પ્રભુ મારા દુઃખનો દહાડો પ્રભુ મારી વેળા વાળો..."*

જેટલું વાસ્તવદર્શી છે તેટલું જ રમૂજી પણ છે. એમાં ઈશ્વર પર ભરોસો મૂકીને પોતાના દુઃખના દહાડા બદલવાની વિનંતી કરાઈ છે. વાત દલિતની છે, ગરીબની છે ને સૌથી વધુ તો નસીબ પર આધાર રાખીને બેસી રહેનારને પાછું એને આમ "હસીને" ગાઈ નાખવાની છે ! પત્ની ખરીદીને લાવ્યો તો માંદી થઈ, માંડ માંડ સાદી થઈ ત્યારે નિઃસંતાનનો પ્રશ્ન ! માંડ બાળક થયું ત્યારે ધાવણનો અભાવ ! માંડ ધાવણ આવ્યું ત્યારે છોકરાં ધાવે નહીં એવાં બીમાર ! ઘરની આ રામાયણ તો પેલી બાજુ ખેતરનું પુરાણ વળી અલગ જાતનું : જેમતેમ કરીને ખેતી કરી ત્યારે માંડ દોઢ શેર ડાંગર પાકી; આખો દિવસ તરસ્યો મર્યો... માંડ મશીન ફરતું સાંભળ્યું ત્યારે એ ખેતરમાં જવા માટે રસ્તો ન જડે ! ભૂખે મર્યો પણ રોટલા ન આવડે ! માંડ ઘડ્યા રોટલા ત્યારે તાવડી ફૂટી ગઈ ! આખો દિવસ ચા વિના ભમ્યો... ચા મળી ત્યારે રકાબી ફૂટી ગઈ !

ગીતની રમૂજ પણ આંખ ભીની કરી દે તેવી છે ! દુઃખોને હસી કાઢવાની હિંમત જોઈએ કે ભાગેડું વૃત્તિ... એ સવાલનો જવાબ આ ગાનાર શોધે તો ઘણું ! અને આ બધી પરિસ્થિતિનો કર્તાહર્તા અને એને બદલનારો – વેળા વાળનારો પણ ઈશ્વર છે. જે ક્યાંય ઊંચે આકાશમાં કે ડુંગર પરની દહેરીમાં કે મહાનગર વચ્ચે મંદિરમાં બેઠો છે ને એનું આ ગાંડાઘેલું કથન સાંભળીને એ જ મદદે દોડવાનો છે એવી વિચારસરણીને "શ્રદ્ધા" કહીશું "ભોળપણ" કહીશું કે પછી "નિષ્ક્રિયતા ?"

**પોતીકો ધર્મ – પોતીકી શ્રદ્ધા – પોતીકાં દેવીદેવતા :**

રામદેવપીર ગુજરાતની તમામ દલિત, શ્રમિક કોમોના આરાધ્યદેવ કહો તો દેવ ને લોકનાયક કહો તો લોકનાયક છે. મૂળ રામદેવપીર – રાજા રામદેવજી – રાજસ્થાન, પુષ્કરજી પાસે આવેલ નગરી રણુંજાના રાજા. જાતે રજપૂત-ક્ષત્રિય. એમના જીવનચરિત્ર સમો "હેલો" જણાવે છે તે પ્રમાણે એ દ્વારકાધીશના વરદાનથી પોતાની માના પેટે જનમેલા. પિતામાતાનાં વાંઝિયામહેણાં ટળેલાં. રણછોડરાયના દિવ્ય અંશવાળા આ વીર યુવકે શરૂથી જ ઘણાં પરાક્રમ કરેલાં એમ હેલો કહે છે. ગાયો, પૂજારીઓ, ગરીબગુરબાં, વાણિયા-વેપારીઓથી માંડીને મુસ્લિમોને અને ખાસ તો લાચાર સ્ત્રીઓને બચાવનાર, ટેકો આપનાર ને નાનીમોટી મુસીબતોમાં વહારે ધાનારા આ વીરપુરુષ જીવતાં જ દેવતાની જેમ પૂજાતા થયા હતા. મુસ્લિમ મૌલવીઓને ચમત્કાર બતાડ્યા પછી એમને પીરની પદવી મળી હતી. એમના નામે ઘણા ચમત્કાર ગવાય છે. આશરે ૧૬મી સદીમાં થઈ ગયેલા આ રાજવી વિશે રાજસ્થાની-ગુજરાતી-સોરઠી ભાષામાં અનેક ભજનો-આરતીઓ વર્ષોથી રચાય છે – ગવાય છે ને આજે પણ નવાં નવાં રચાતાં-ગવાતાં રહે છે.

આ હેલો એક લાચાર દલિત અબળાનો પોકાર છે. (ડાલીબાઈ ?) (ગીત-૧૧૯)

*"હે રણુંજાના રાજા... અજમલજીના બેટા,*
*રાણી હેતલના ભરથાર... મારો હેલો સાંભળોજી..."*

કરીને ગવાતા આ ભજનમાં દેખીતી રીતે રામા પીરનાં પરાક્રમો વર્ણવાયાં છે. કોને કોને મદદ કરવા તે દોડી પહોંચેલા તેની વિગતો આપ્યા પછી ગાનારી... "ઊભી ઊભી અબળા કરે છે પોકાર..." કે મારી વહારે ધાજો ! આ એક સ્ત્રી દ્વારા, સ્ત્રીની મુસીબતોનું થયેલું વર્ણન છે – તેની સાથે સાથે આ દુખિયારી અબળા બીજાઓની આપત્તિ પ્રત્યે પણ સંવેદનશીલ લાગે છે. નાતજાત કે આર્થિક સ્તરના ભેદભાવ સિવાય, આ સ્ત્રી એનાં જેવાં જ બીજાં પીડિતોને પણ જાણે પોતાની "સાથે" લઈને ગાય છે. એક પીડિત બીજા પીડિતની પીડા આમ સમજે તો ? નરસિંહ મહેતા કહેતા હતા તેમ, "વૈષ્ણવજન તો એને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે..." આ સ્ત્રીને "અબળા" કે "પછાત" કેવી રીતે કહેવાય ? ખરું જોતાં આ "હેલો" ગાનારી તો લોકસાહિત્યમાં પોતાનું નામ પાડ્યા વગર જ અમર થઈ ગઈ છે !

આ રામદેવપીરનાં મુખ્ય ભક્ત કે શિષ્યા એક દલિત સન્નારી ડાલીબાઈ હતાં. એમની ભક્તિ અને તપ ઘણાં પંકાયાં છે. આપણા સંગ્રહમાં માત્ર હેલો છે. એય તે આંશિક રૂપે. ગુજરાતમાં દલિતો-શ્રમિકોમાં રામદેવપીરનો મહિમા કેમ આટલો બધો છે તેનું સીધું કારણ કોઈને દેખાતું નથી. સિવાય કે મધ્યકાળમાં રાજસ્થાન-માળવા-ગુજરાતની એકરૂપતા અને સમાન સંસ્કારો. આમ છતાં ગામેગામ નાનાંમોટાં સ્થાનકો, દલિતોનાં ઘેરઘેર રામદેવપીરનાં ફોટા-ચિત્રો, શેરીઓને વાસેવાસે ગવાતો હેલો અને ભાદરવાનાં નવરાત્રિ દરમિયાન ઉજવાતો રામાપીરનો મહોત્સવ, ધજા ચડાવવાની બાધાઓ, પદયાત્રાઓ અને ગુજરાતમાં ઊભાં થયેલાં અનેક નાનાંમોટાં રણુંજા ગામો... રામાપીરની અત્યંત લોકપ્રિયતા તેમજ એક વિશિષ્ટ મુદ્દો – નજીકની કહેવાતી જરાક જ ઉપરની સંસ્કાર પરંપરાનો દલિત સમાજ ઉપરનો પ્રભાવ – પ્રગટ કરે છે. કેમ કે ઠાકોર, રાવળ, બારૈયા, છારા, કુંભાર, ઓડ જેવી કેટલીક સ્થાયી ને કેટલીક વિચરતી – કેટલીક તળ ગુજરાતની તો કેટલીક સૈંકડો વરસ પહેલાં રાજસ્થાન-માળવાથી આવીને સ્થિર થયેલી જનજાતિ રામદેવપીરની અટલ ભક્તિ કરે છે. ગુજરાતનાં દલિતો કરતાં એ જરાક ઉપલી પાયરીએ છે – ગરીબી, સ્થળાંતર, શોષણ અને પરિશ્રમ – આ સૌના સરખાં છે... આ કોમો પાસેથી દલિતોએ રામદેવપીરની પૂજાનો વારસો લીધો છે.

બીજી રીતે જોઈએ તો, શાસ્ત્રો-પુરાણો અને કહેવાતી ઉચ્ચ ભાષાનાં મહાકાવ્યો તેમજ બ્રાહ્મણ પરંપરાએ રાજાઓને ગૌબ્રાહ્મણ પ્રતિપાળ કહીને બિરદાવ્યા છે. રાજા એટલે રક્ષણહાર-રખેવાળ. એ રીતે જોઈએ તો આપણા રામદેવપીર પણ આવા ગૌ-બ્રાહ્મણ પ્રતિપાળ (ગાય, બ્રાહ્મણના રક્ષક) પણ ખરા ! ને એથી આગળ વધીને કહી શકાય કે રાજાઓ સ્ત્રીઓનાય રખેવાળ હતા. કૃષ્ણે પોતે સોળ હજાર અબળા સ્ત્રીઓને અસુરની કેદમાંથી છોડાવીને શરણું આપવા લગ્ન કરેલાં, દ્રૌપદીનાં ચીર પૂરેલાં, રામે અહલ્યાને પથ્થરમાંથી વળી પાછી સ્ત્રી બનાવીને કહેવાતો ઉદ્ધાર કરેલો ! આમ આપણા શાસ્ત્રો-પુરાણોની પરંપરામાં રાજાને-પુરુષને અબળાઓના રક્ષક ઉદ્ધારક તરીકે સ્થાપ્યા છે. આ "હેલો" એ પરંપરાને આજ લગી "જીવંત" રાખતો આવ્યો છે ! પિતૃસત્તાનાં આ મૂલ્યો આપણી બહેનો અને સાથે સાથે એ જ



પિતૃસત્તાથી અનેક દુઃખો વેઠતી આવતી દલિત પ્રજા હોંશે હોંશે અને ભક્તિભાવપૂર્વક આ હેલો લલકારતી હશે ત્યારે આવો પ્રશ્ન એમના મનમાં જાગતો હશે ખરો ?

બીજા લોકપ્રિય પીર છે ગઢપીર. વરસડાના વણકર સમાજના આ માનીતા લોકનાયકનાં બે ગીતો આપણા સંગ્રહમાં છે. (ગીત-૧૨૦, ૧૨૧)

૧૨૦મું ગીત દર્શાવે છે.

*"ધોળી ધજાયુ ને ધોળા રે દેવળ,*
*ધોળી પીરની શેજું જી રે,*
*અમર દીવો અમ મશાનો."*

ગઢપીરના ચમત્કારો અને તેમનો મહિમા. ધોળી ધજા અને ધોળાં દેવળોથી શોભતા-જાણીતા આ પીરનો દીવો અખંડ બળે છે... એમની નામના અમર તપે છે. આંધળા દેખતાં થાય છે, વાંઝિયાને બાળક થાય છે ને દુઃખિયાનાં દુઃખ દૂર થાય છે. ગાનારી બહેનો પીરને આ પીડાઓ દૂર કરવાની વિનંતી કરે છે. સામાન્ય માણસોના જીવનમાં શારીરિક ખોડખાંપણ, સંતાનનો અભાવ અને હૈયાનાં ઊંડાં-ઝીણાં દુઃખ, સર્વસાધારણ બાબત છે. આ ગરીબો-શ્રમિકો રાતોરાત ધનવાન થવાનું કે કોઈ ગામ રાજ્યની સત્તાનું વરદાન કદી નથી માગતા. એમની માગણી પણ એમના જેવી "નાની" હોય છે. ખાસ તો સ્ત્રીઓને માટે "વાંઝિયા-મહેણું" દોહ્યલું હોય છે. એ પછી કોઈ પણ કોમ કે સમાજની સ્ત્રી કેમ ન હોય !

ગઢપીર વરસડા ગામના આદ્ય સ્થાપક વિમળદા વાગળદાના વંશમાં થઈ ગયા. સ્થાનિક ઈતિહાસ મુજબ ઉત્તર ગુજરાતમાં પાટણ શહેરથી (કદાચ સહસ્રલિંગ તળાવમાં શહીદ થયેલા માયાના વંશમાંથી ?) વર્ષો પહેલાં બે ભાઈઓ – વિમળદા અને વાગળદા આ ભાલ પ્રદેશમાં આવીને વસેલા. વણકરનો ધંધો શરૂ કરેલો. તેમણે વણકરોને આ વિસ્તારમાં વસાવ્યા અને આ ગામનું નામ વરસડા (દા ?). આમ ઊંચા ટીંબે વસેલું છે. ગામની ફરતે ગઢ છે. (હતો.) જેના ઉપરથી ભાલ પંથક દૂર દૂર સુધી નિહાળી શકાય છે. આ ભાઈઓના વંશમાં થઈ ગયા તે ગઢપીર. ગઢપીર પવિત્ર અને પ્રખ્યાત હતા. ઘણા ચમત્કારો એમના નામે ગવાય છે. વરસડામાં એમનું સ્થાનક છે. એમના શરણે બાધા ઉતારવા, નૈવેદ્ય કરવા, યાત્રા કરવા ભાલપંથકમાં વણકરો જ નહીં, અન્ય સમાજના લોક તેમજ કહેવાતા ઉજળિયાતો પણ આવે છે. વણકરોમાં બાળકને પગે લગાડવા, નવપરિણીત વરકન્યાને પગે લગાડવા સૌ પ્રથમ ગઢપીરના થાનકે લઈ જવામાં આવે છે.

આ કારણસર જ, વરસડાની વણકર બહેનો ગઢપીરને ઘણી ખમ્મા કરે છે ને પરંપરાગત ભાવનાથી ને પરંપરાગત ઢબછબથી એમના પોતાને આંગણે જાણે સામૈયું કરે છે. (ગીત-૧૨૧)

*"ગઢપીર બાવાના ડંકા વાજીયા રે*
*વાજ્યા વરસડા શહેરની માય ગઢપીર વેલેરા પધારજો."*

પીરને માટે ઉતારા સારુ ઓરડા, મેડી ને મહેલ આપે છે. દાંતણ દામડીને કરણ ડાળકી આપે છે. નાવણ માટે જમનાજળ ભરેલી કુંડીઓ તૈયાર રાખશે. ભોજન માટે ચૂરમું રાંધશે ને ઉપર ગૌરી ગાયનું ઘી ધાર કરીને રેડશે. આમ ગઢપીરનું રજવાડી સ્વાગત કરે છે ને એનાં ગાણાં ગાય છે.

વળી પાછો એ સવાલ ઊઠે છે – રામ હોય, ઠાકોરજી હોય કે પીર હોય... સ્ત્રીઓએ એમની આમ મહેમાનગતિ જ કરવાની ? ચાકરી જ કરવાની ? માનવંતા પુરુષની સગવડો સાચવીને એને રાજી રાખવો એ જ શું સ્ત્રીનું કર્તવ્ય છે ? સ્ત્રીઓનો પીર-ઠાકોરજી કે ભગવાન સાથે, આથી ઊંડો આધ્યાત્મિક સંબંધ હોઈ જ ન શકે ?

સવગણદાદ અથવા સંત સવૈયાનાથ ભાલ વિસ્તારના દલિતોના પૂજનીય અને લોકપ્રિય સંત થઈ ગયા. એમનો જન્મ વિક્રમસંવત ૧૮૧૫ની આસપાસનો મનાય છે. એમના પૂર્વજો મૂળ મહેસાણા – ઉત્તર ગુજરાતના, જાતે-ધંધે વણકર. ઉત્તર ગુજરાતમાં પાણીની ખેંચ અને રોજીરોટીના અભાવે એમના બાપુ સુરા ભગતે ગામ છોડ્યું હતું ને અથડાતા-ભટકતા છેવટે ભાલવિસ્તારના, ધંધુકા તાલુકાના ઝાંઝરકા ગામે આવીને ઠરીઠામ થયા હતા. ત્યાં શાળ નાખીને વણવાનું કામ શરૂ કર્યું. એનો પુત્ર સવો-સવગણ પણ દસેકનો થતાંમાં બાપની સાથે વેજાં વણતો ને પછેડી-ચોફાળની ફેરી કરતો થઈ ગયો હતો. યથા સમયે મેઘાબાઈ સાથે એમનાં લગ્ન થયાં, પરંતુ મન ધીમે ધીમે ઊંડું ઊતરતું જતું હતું. કામ કરતાં કરતાં કિરતારનાં રહસ્યો પામવા અંતરમાં ખટાપટી ચાલતી રહેતી હતી. છેવટે નાથ સંપ્રદાયના સંત તુલસીનાથનો ભેટો થયો. સવા ભગતે દીક્ષા લીધી, પણ ગૃહસ્થજીવનનો ભોગ આપીને નહીં.

આ મુદ્દો બહુ મહત્ત્વનો જણાય છે. ગુજરાતમાં પ્રચલિત કહેવાતા મુખ્ય પ્રવાહના હિંદુ ધર્મ, જૈન ધર્મ અને વિવિધ સંપ્રદાયોમાં, સાધુ થનારા કે દીક્ષા લેનારા, સંતભક્ત તરીકે પ્રસિદ્ધ થનારા ધર્મપુરુષો મોટે ભાગે સંસારનો ત્યાગ કરી જતા એવું વાંચવા-સાંભળવા મળે છે. આધ્યાત્મિક, ધાર્મિક જીવન સાથે દુન્યવી જીવનનો મેળ ન પડે એવું ગાઈવગાડી કહેવાય છે. સંતભક્ત થયા એટલે ઘરગૃહસ્થીથી મોં ફેરવી લીધું, બેદરકાર બની ગયા એવી વાયકાઓ ચાલે છે. નાગરભક્ત નરસિંહ મહેતાનું ઉદાહરણ જગજાહેર છે. પણ દલિત સંત સવા ભગતે તો મેઘાબાઈની સાથે મળીને પ્રભુસેવા કરતાં સદાવ્રત ખોલેલું અને સાથે તપસાધના પણ ખરાં જ !

સમય જતાં સવા ભગત, "સવૈયાનાથ સંત" કે "સવગણદાદ"ના નામથી આખા પંથકમાં જાણીતા થયા. અનેક ચમત્કારો એમના નામે પ્રસિદ્ધ થયા છે. ઝાંઝરકા ગામે એમની સમાધિ છે અને તેની નજીકના પિરાણા પીર સાથે પણ સવગણદાદનો મહિમા સંકળાયેલો છે.

આમ, સ્વાભાવિક રીતે જ ભાલના વણકર-દલિતસમાજ માટે સંત સવૈયાનાથ પોતીકા સંત છે – દાદા છે. ભાલના વણકરો એમનાં ગુણગાન ગાતાં થાકતાં નથી. આપણી બહેનો પણ સવગણદાદનાં ગીતો ગાય છે. (ગીત-૧૨૨)

*"તારા હરગવાડામાં (મલકમાં) આંબા ને આંબલી."*



આ ગીત જાણે સવગણદાદનો સમૈયો (સ્વાગત ગીત) ગવાતો હોય તેવું છે. સૌથી વધારે મહત્ત્વનું તો એ છે કે દલિત બહેનો જાણે કહેવાતા સવર્ણ સમાજને સંભળાવી રહી છે કે જેટલાં માન-પાન-સન્માન "તમારા" સાધુઓ પામે છે એટલાં ને એવા જ માન-પાન-સન્માન "અમારા" દાદા સવગણને થાય છે. આ "અમારી" ખુમારી ખાસ અગત્યની છે. અધ્યાત્મના માર્ગમાં ખરેખર, કોઈ દલિત નથી, કોઈ કહેવાતું સવર્ણ નથી ! ત્યાં વળી ઊંચનીચના ભેદ કેવા ? છતાં આપણા સમાજમાં આ દૂષણ ઘર ઘાલી ગયું છે કે દલિત સંતો ને કહેવાતા ઉજળિયાત સંતો જાણે જુદા છે ! અરે, સ્વામીનારાયણ સંપ્રદાય જેવા લોકપ્રિય અને વિશિષ્ટ ગુજરાતી સંપ્રદાયમાં કહેવાતી ઉજળિયાત કોમમાંથી સાધુ બનેલા અને દલિત કે વર્ણવ્યવસ્થાની કહેવાતી નિમ્નજ્ઞાતિઓ – પટેલ, ભાવસાર, સુથાર આદિ જ્ઞાતિઓમાંથી જો સાધુ બનેલા હોય તો પહેરવેશ સુધ્ધાંમાં ફરક હોય છે. સેવા અને પદવિના ભેદભાવ તો ખરા જ ! આવી સ્થિતિમાં દલિત બહેનો ખુમારીપૂર્વક ગાય કે અમારા સવગણદાદની દિવ્યતા "તમારા" સાધુ જેટલી જ છે એ ખરેખર મહત્ત્વનો મુદ્દો છે. આ ખુમારીની સાથે બદલાયેલી ભાષા પણ જુઓ – "સાધુડા" કંઈક તિરસ્કારથી અને તુચ્છતાપૂર્વક દલિતો પેલા કહેવાતા ઉજળિયાતોના સાધુનો ઉલ્લેખ કરે છે, સ્વાભાવિક છે ને ? દા.ત., ગોલાણા ત્યાં કહેવત છે કે "સીધું વણકરનું અને રાંધવાનું દરબારમાં" એ કહેવાતા ઉજળિયાત અને તેમના કહેવાતા સંતો-સાધુઓએ દલિત સમાજ ઉપર શું વિતાવવાનું બાકી રાખ્યું છે ? આજની તારીખમાં ભલે મંદિર-પ્રવેશ કાયદેસર થઈ ગયો પણ કેટલાં દલિતો માથું ઊંચું રાખીને મંદિરમાં જઈ શકે છે ? ને ખાસ તો પાણી પીવા જાય તો સાધુઓ એમને ફટકારે – ટાંટિયા ભાંગે ! એવા કિસ્સા તો ઠેર ઠેર છાપે ચડેલા જોવા મળશે ! એવા સાધુ માટે દલિત બહેનો "સાધુડા" શબ્દ વાપરે એમાં શું અજુગતું છે ? આ એમનું સ્વમાન બોલી રહ્યું છે.

ગીત આગળ ચાલે છે અને કોઈ પણ મોંઘેરા મહેમાનની મહેમાનગતિ થતી હોય તેમ – પેલા કહેવાતા ઉજળિયાત સાધુના સામૈયાની જેમ જ સવગણદાદને ઉતારા ઓરડાને મેડીનાં મોલ હોય છે, પોઢણ ઢોલિયા-ખાટ છે, નાવણ તાંબાકુંડી ને દાતણ કરેણની ડાળનાં છે. ભોજનમાં લાપશી ને પછી મુખવાસમાં પાનનાં બીડાં છે. દાદા આખા સમાજના આદરણીય અતિથિ છે.

આમ આ ગીતનો સૂર સ્વમાનનો છે, સંતની સુવાસનો છે. ખાસ તો દલિતસમાજના અધ્યાત્મ અને ધર્મજીવના વારસાના દસ્તાવેજનું એક ઉજ્જવળ પૃષ્ઠ છે એમ કહીશું તો જ એનું મહત્ત્વ સાચું આંક્યું લેખાશે.

**દેવીપૂજા :**

શક્તિપૂજા અને ભાલની બહેનોનાં ગીતો વચ્ચે ગાઢ સંબંધ છે. આમ તો એક વાત આંખે ઊડીને વળગે તેવી છે કે માત્ર ભાલની જ નહીં; ગુજરાત આખાયની... ને ભારત આખાયની સ્ત્રીઓ દેવીપૂજા અને દેવીનો મહિમા બીજા દેવતાઓ કરતાં ઘણા વધારે પ્રમાણમાં કરતી જોવા મળે છે. હિન્દુ ધર્મમાં ને આદિધર્મમાં અનેક દેવતાઓની

સરખામણીએ દેવીપૂજા મોટી સંખ્યામાં થાય છે. દેવીભક્તોની સંખ્યા ભક્તજનોમાં નોંધપાત્ર રીતે વધારે છે. ભારતનાં દેવીતીર્થો ઉપર જામતી ભીડ અન્ય તીર્થધામો કરતાં ઝાઝેરી હોય છે ને એમાંય સ્ત્રીઓની સંખ્યા ધ્યાનપાત્ર હોય છે.

આપણને દેવીપૂજા/શક્તિપૂજાનાં એટલે કે માતાજીઓનાં ઘણાં ગીતો/ગરબા મળે છે. ભાલની બહેનો આસો મહિનાની નવરાત્રિમાં, શુભપ્રસંગે કે જે તે દેવી-માતાના વ્રતના ખાસ દિવસે આ ગીતો/ગરબા ગાતી જોવા મળે છે. અમસ્તાં પણ આવાં ગીત/ગરબા કામ કરતાં કરતાં પણ ગવાતાં રહેતાં હોય છે.

દલિતોની તદ્દન નજીકના કહેવાતા ઉજળિયાતો – દરબારો પણ દેવીભક્તો છે. આ કહેવાતા મુખ્ય પ્રવાહની દેવીઓના મહિમા આ રીતે ભાલની બહેનોનાં મનમાં પણ ઝિલાયો હશે. ખાસ દલિત સમાજની દેવીઓ ઉપરાંત કહેવાતી ઉજળિયાત માતાઓ જેમ કે અંબામા, બહુચરમા, કાળકામા, રાંદલમા, દશામાની સાથે સાથે દલિતસમાજની દેવીઓ જેમ કે ખોડિયારમાની આરાધના પણ ભાલના દલિત સમાજમાં શ્રદ્ધાપૂર્વક અને ધામધૂમથી થાય છે. શાસ્ત્રો-દંતકથાઓ મુજબ, ખોડિયારમા પણ ગોહિલ રાજપૂતોની કુળદેવી ગણાય છે. એટલે આમ જોવા જઈએ તો દેવીપૂજા એ દલિત-સમાજ ઉપર કહેવાતા ઉજળિયાત સમાજનો પ્રભાવ હોઈ શકે. વિહત, ચેહર, મૂટભવાની, વડુચી, વહાણવટી, મેલડીમા જેવી બહોળા દલિત તેમજ બિનદલિત છતાં શ્રમજીવી અને કહેવાતી પછાત કોમોની માતાઓ પણ આ વિસ્તારની દલિત બહેનોમાં પૂજાતી હશે જ. પણ ગીતો નથી મળ્યાં; અથવા મળેલાં – પસંદ કરેલા ગીતોમાં આ લોકમાતાઓનો ઉલ્લેખ મળ્યો નથી.

કહેવાતી સવર્ણ દેવીઓની ભક્તિ જેમાં જોવા મળે એવાં ગીતો/ગરબા જોતાં પહેલાં એક મુદ્દો કહી લેવા જેવો લાગે છે. હિન્દુધર્મ વિશે થોડુંઘણું જાણનારા પણ એટલું તો અચૂક કહી શકે કે જનસાધારણમાં દેવીપૂજા ઘણા મોટા પ્રમાણમાં થાય છે. છતાં પંથો-પ્રવાહો-મંડળો-દીક્ષા-કંઠી – પેટા સંપ્રદાયો તો શિવ, કૃષ્ણ, રામ જેવા દેવોના જ ચાલે છે, ને વધારે મહત્ત્વ ધરાવે છે. શાસ્ત્રોમાં આપેલી કથાઓ મિશ્ર પ્રકારનો સંદેશ આપતી હોય છે. એક તરફ દેવીઓનો એટલો બધો મહિમા કરાય છે કે જ્યાં દેવો ના ફાવ્યા ત્યાં દેવીઓ તારણહાર બની અને બીજી તરફ મોટે ભાગે દેવીઓને દેવોની પત્ની બનાવીને એમનું સામાન્ય ગૃહિણીથી જરાક જ ઊંચું ચિત્રણ કરીને, દેવીઓનો મહિમા ઘટાડી દેવાય છે.

નવરાત્રિ તો હવે ગુજરાતનો જ નહીં; ભારત આખાયનો ને ભારત બહાર પણ – એક જાતનો સાંસ્કૃતિક તહેવાર બની ચૂક્યો છે. એની પાછળની દેવીપૂજા બાજુમાં રહી ગઈ છે. માત્ર નાચ-ગાન ને મેળાવડાવાળું રૂપ જ ઊપસી આવ્યું છે.

નવરાત્રિની વાત નીકળી છે ત્યારે નવરાત્રિ અને દેવીઓનો આટલો બધો મહિમા ક્યારે ને શા માટે શરૂ થયો તેની હિંદુશાસ્ત્રોએ આપેલી વિગતો/કથાઓની થોડી જરૂરી માહિતી મેળવી લઈએ.

પુરાણકથાઓમાં આપ્યા મુજબ, પ્રાચીનકાળમાં માનવજાતને અસુરો/રાક્ષસો બહુ રંજાડતા હતા. હિંસા અને ત્રાસથી માણસજાત તોબા તોબા પોકારી ગઈ હતી. આ



અસુરો/રાક્ષસો/દૈત્યો/દાનવો... ભયાનક દેખાવના, માંસાહારી, લોહી પીનારા, અનેક હાથ-માથાંધારી એટલે કે વિરાટશક્તિ ધરાવતા અને એ શક્તિનું પુષ્કળ અભિમાન ધરાવતા હતા. પૃથ્વીનું સામ્રાજ્ય હડપ કરવાનો એમનો ઇરાદો પૂરો પાડવા લોહિયાળ હિંસાખોરી કરતા હતા. પૃથ્વી પરના ધાર્મિક-પવિત્ર ઋષિમુનિઓ અને સ્વર્ગના અસંખ્ય દેવો પણ એમનાથી ધ્રૂજતા હતા. વરસો વરસ અને યુગે યુગે આવા અસુરો પાકતા અને દેવો વિવિધ કારી કરી એમને હંફાવતા-મારતા. ખાસ તો દેવોના રાજા ઇન્દ્રને પોતાના સ્વર્ગની ગાદી-ઇન્દ્રાસન-છિનવાઈ જવાની બીક રહેતી તેથી એ આવા અસુરો/દૈત્યો આદિ દુશ્મનો સામે નાના-મોટા યુદ્ધો કરતો અથવા તો કપટલીલા કરીને એમને હંફાવતો રહેતો હતો.

છતાં એક વખત એવો આવ્યો કે ચંડ-મુંડ, શુંભનિશુંભ વગેરે દૈત્યો અને એમનાય સરદાર સમો મહિષાસુર... આ સર્વે એવા માથાભારે થઈ ગયા કે દેવોની કોઈ કારી ફાવી નહીં ! બધા દેવો વિષ્ણુ પાસે ગયા અને ઉગારવાનો ઉપાય યાચ્યો. ખાસ તો એવું બન્યું કે આ રાક્ષસોએ શિવ પાસેથી એ વરદાન માંગી લીધેલું કે કોઈ પુરુષદેવતાથી તેઓ નહીં મરે ! હવે ? છેવટે વિષ્ણુએ ઉપાય બતાવ્યો કે દેવી શક્તિ ધરાવતી સ્ત્રીઓ-દેવીઓ દ્વારા જ આ રાક્ષસોને મારવા પડે ! આવી સ્ત્રી ક્યાંથી મળે ? બધી દેવીઓ તો દેવોની પત્નીઓ બની ચૂકી હતી ! સ્વતંત્ર અને પ્રચંડ શક્તિ ધરાવતી દેવી ક્યાં મળે ? છેવટે દેવોએ મળીને એક "નવસર્જન" કર્યું. ત્રિમૂર્તિમાન બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને અન્ય દેવોની શક્તિ એકઠી કરીને એમાંથી મહાશક્તિ દુર્ગાનું નિર્માણ કર્યું. અનેક હાથ અને તેમાં અનેક હથિયાર ધારણ કરેલી આ દેવી રાક્ષસોના સંહાર માટે અને દેવો અને માનવોના રક્ષણ અને કલ્યાણ માટે સર્જવામાં આવી હતી.

આ કથામાં એક રીતે જોતાં મહાશક્તિમાનો મહિમા દેખાય પણ બીજી રીતે જોઈએ તો આ શક્તિ તો દેવો-પુરુષોની શક્તિનો સરવાળો હતી ! એટલે આટલી ભવ્ય અને પૂજનીય માતાના સર્જનના મૂળમાં તો પુરુષોની જ કરામત !

પુરાણકથા જણાવે છે તે મુજબ મહાશક્તિ-દુર્ગામાંથી બીજી પેટા શક્તિઓ... દેવીઓનું નિર્માણ થયું અને પેલા ભયાનક રાક્ષસો સાથે નવ દિવસ યુદ્ધ ચાલ્યું. બધા રાક્ષસો મરાયા અને છેવટે મહિષાસુરને પણ મહાદુર્ગાએ ત્રિશૂળથી વધેરી નાંખ્યો. દેવો ઋષિઓ અને માનવોએ મહાશક્તિ ને શક્તિનો જયજયકાર કર્યો. આ નવરાત્રિ અને વિજયાદશમી (દશેરા) આ યુદ્ધ અને વિજયના માનમાં ઉજવાય છે. શક્તિપૂજા થાય છે. ગરબા દ્વારા માતાઓની સ્તુતિપ્રાર્થના થાય છે. ગરબા-ગર્ભદીપ-કાણાવાળા ઘડામાં નવ દિવસ ને નવરાત્રિ અખંડ દીવો રાખીને રોજ માતાની પ્રાર્થના-આરતી થાય છે. ધૂપ-દીપ-નૈવેદ્ય ધરાવાય છે. દશેરાના દિવસે મોટો હવન (યજ્ઞ) કરીને માતાઓને બલિ અર્પણ કરી, શાંત કરીને વિદાય આપવામાં આવે છે. શક્તિપૂજા કરનારામાં સ્ત્રી-પુરુષ સૌ કોઈ છે, ઘણો ભક્તિભાવ છે, ઉત્સાહભાવ પણ છે, પણ સવાલ તો એ થાય છે કે જે સંસ્કૃતિમાં મહાશક્તિમાતા – અનેક દેવીઓની આટલી બધી ભક્તિ થતી હોય, આટલાં બધાં દેવીઓનાં તીર્થધામો યાત્રાળુઓથી ઊભરાતાં હોય, હવન-નૈવેદ્યની અખંડ પરંપરા ચાલતી હોય, પદયાત્રા અને ધજા ચડાવવાનાં પર્વો વારંવાર ઉજવાતાં

હોય એ જ દેશમાં, એ જ સંસ્કૃતિમાં સ્ત્રીઓનું આટલું બધું શોષણ કેમ ? મહેણાંટોણાં – મારપીટથી માંડીને જીવતી સળગાવી મૂકવા જેટલી ક્રૂરતા કેમ ? સ્ત્રી ઘરની દાસી કેમ ? છોકરાં જણવાનું અને વંશ વધારવાનું સાધન કેમ ? પૂતળીની જેમ શણગારીને ભોગવવાની "વસ્તુ" કેમ ? પૈસા આપીને ખરીદવાની કે પૈસા લઈને વેચવાની "જણસ" કેમ ? શાસ્ત્રો-સ્મૃતિઓ-સાહિત્ય-કળાઓ અને આધુનિક યુગમાં ટીવી-સિનેમા જેવાં માધ્યમોમાં પ્રદર્શન કરવાની અને આનંદ માણવાની "ચીજ" કેમ ? શું પેલી તો બધી "દેવીઓ/માતાઓ" છે પણ બધી તો "હાડમાંસની પૂતળીઓ" સામાન્ય સ્ત્રીઓ છે એટલા માટે ? આપણી સંસ્કૃતિમાં આમ, દેખાડવાના ને ચાવવાના દાંત જુદા જુદા કેમ ? "સ્ત્રીને" જોવા-સમજવાનાં કાટલાં અલગ અલગ કેમ ?

આવા અસંખ્ય સવાલો ઊભા જ રહે છે. જ્યારે જ્યારે દેવીપૂજાનો મુદ્દો નીકળે છે ત્યારે ! અને આ મુદ્દે એક રીતે જોતાં, કહેવાતાં ઉજળિયાત સમાજની આ અસર દલિત-શ્રમિક સમાજને પણ ભરખી ગઈ છે એવું કહેવાની કશી જરૂર ખરી ?

તો શું સ્ત્રીઓ પણ – કહેવાતી ઉજળિયાત હોય કે દલિત સ્ત્રીઓ પણ "માતાઓ" સાથે આ જ વહેવારે સંકળાયેલી છે ? કદાચ "ના." સાવ સ્વાભાવિક રીતે જ, સ્ત્રીઓને આ માતાઓ "પોતીકી" લાગે છે. એક દીકરી પોતાની, માની આગળ જેમ પેટછૂટી વાત કરે, કંઈ જોઈતું કરતું હોય તો ગાંગી લે – ખાસ તો પુત્રસંતાન અને પોતાની, પોતાનાં બાળકોની ને કુટુંબની સલામતી માતાજીના શરણે સોંપી દે એ જાતનો સીધો અને આત્મીય સંબંધ છે માતા અને મહિલાઓ વચ્ચે. આમ ભાલબારાની બહેનો પણ આ જ રીતે, વધુ સીધી રીતે વધુ નિખાલસતાથી અને કોઈ જાતના પડદા-છોછ રાખ્યા સિવાય માતાઓ સાથે વાત કરતી, વિનંતી કરતી દેખાય છે. મોટે ભાગે સ્ત્રીઓ અને દેવીઓ વચ્ચે કોઈ પૂજારી-પુરોહિત જેવો "આડતિયો" – "વચેટિયો" નથી હોતો – માટીનાં, વેળુનાં દેવલાં એ જાતે જ બનાવી લેતી હોય છે ને પાણી-પાંદડાં દૂધ ચડાવીને જાતે જ પૂજી લેતી હોય છે. એમાંય આ ગીતો-ગરબા-આરતી દ્વારા થતી એની ભક્તિ તો સાવ સીધી "ડાયરેક્ટ ડાયલિંગ" જેવી હોય છે ને તેથી જ એમાં અંતરના ઉદ્ગાર હોય છે.

ગીતોમાં "માતા" અને સ્ત્રીઓ વચ્ચેનો સંબંધ તપાસવાની શરૂઆત એક જાણીતા લોકગરબાથી જ કરીએ. (ગીત-૧૨૩)

*"છલકાતું આવે બેડલું..."*

આ ગરબામાં મલક મલક મલકાતી સ્ત્રી કહે છે "મારી સાહેલીનું બેડલું !" સાહેલીના માથે છલકાતું બેડું છે. આ સમૃદ્ધિ અને શુભ શુકનનું પ્રતીક છે. બેડું તો માત્ર પાણીનું બેડું નથી. નવરાત્રિના ગરબાનું બેડું છે. અખંડ દીવાની આરાધના જેમાં થવાની છે એવું બેડું છે. પછી ગીતમાં બહેનો, આ બેડાંને – "ગરબો" બનાવવા સુધીની પ્રક્રિયા કરે છે સામાન્ય વાસણને પવિત્ર કુંભ બનાવવાની ક્રિયા છે. આ ક્રિયામાં ગામના તમામ કારીગરોનો ફાળો હોય છે. સમાજનો કોઈ તહેવાર સામાન્ય કારીગરોનાં સહકાર વગર ઉજવી શકાતો નથી. પુરોહિત-પૂજારીઓ ભલેને કહેવાતી



ઉજળિયાત કોમના હોય પણ પૂજાની સાધનસામગ્રી તો સ્ત્રીઓ અને કારીગરોનાં કામ અને સહકારથી જ તૈયાર થાય છે. જેમને શાસ્ત્રો અને કર્મકાંડમાં ધાર્મિક વિધિનો પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે એવા બે વર્ગ – સ્ત્રીઓ અને શૂદ્રો – શ્રમિકો જ ખરેખર તો કર્મકાંડના પાયામાં છે. આપણી બહેનો અને શ્રમજીવીઓ આવાં ગીત-ગરબા તો અસંખ્ય વાર ગાય છે પણ ધર્મવિધિઓના પાયામાં પોતાનો શ્રમ પુરાયેલો છે, પોતાની કલાકારીગરી અને વારસાગત આવડત અનિવાર્ય રીતે જોડાયેલી છે એ પ્રત્યે તેઓ સભાન છે ખરાં ? એટલું જ નહીં, આ જ ધર્મો-સંપ્રદાયો એમને – "નીચાં" – "હલકા" – "શૂદ્ર" ગણીને પૂજાસેવાનો અધિકાર આપતાં ખચકાય છે એ પ્રત્યે તેઓ જાગ્રત છે ખરાં ?

ખેર, ગીત તો પારંપરિક રીતે જ શરૂ થઈને આગળ વધે છે. ગરબો (બેડું) વધાવતી સ્ત્રીઓ એક પછી એક કારીગરને વિનવે છે... એમની ભાષા, વિનય, વિવેક જુઓ – "વીરા" તમને વિનવું. દરેક કારીગર તે "ભાઈ" છે, માતાને માટે વિવિધ સામગ્રી એમની પાસે કરાવવાની છે. તે તકાજા-દાદાગીરીથી નહીં; વિનંતીથી ! આ ભાષા પણ એક સંદેશ આપે છે – આ કારીગરો – કસબીઓ પ્રત્યે રાખવામાં આવતા સ્ત્રીઓનાં વલણનો.

આ સ્ત્રીઓ સુથાર પાસે માની માંડવી (માંડવડી-મંડપ-નાની માંડવી), રંગાટી પાસે માંડવીના લાલપીળા રંગ, કુંભાર પાસે કોડિયામાં અને પિંજારા પાસે કોડિયામાં મૂકીને પ્રગટાવવાતી દીવેટોની વિનવણી કરે છે. એ ખાસ મુદ્દો ધ્યાનમાં લેવા જેવો છે કે ગુજરાતની પિંજારા કોમ એટલે મુસ્લિમો. મુસ્લિમો દ્વારા દેવના દીવાની દિવેટો બને છે ! આ પણ અગત્યનું છે કે સારાયે ભારતમાંના હિંદુ તહેવારોની સામગ્રી મુસ્લિમ કસબીઓ દ્વારા જ મોટે ભાગે બનાવવામાં આવે છે. જેમકે, દિવાળીના ફટાકડા, ઊતરાણના પતંગ ને દોરી-ફિરકી, રક્ષાબંધનની રાખડીઓ, જન્માષ્ટમીના પવિત્રાં (ભગવાનની મૂર્તિ કે છબી ઉપર ચડાવાતાં રેશમી રંગીન હાર) વગેરે. ગાનારી બહેનો એ આપણા દેશના તમામ ભાગલાવાદીઓનું ધ્યાન આ તરફ ખેંચવા જેવું નથી ?

ટૂંકમાં, આ ગરબો એટલો જાણીતો છે કે એની પાછળ આવા છૂપા- નાનામોટાં સંદેશ ભાગ્યે જ આપણી નજરમાં આવે છે; આપણે બસ ગાઈ નાખતાં હોઈએ છીએ ! ગાતાં ગાતાં વિચારવાની પ્રક્રિયા તો છે જ પણ આપણા સમાજની કેટલીક સદીઓથી વણાઈને ઓતપ્રોત થઈ ગયેલી હકીકતો પણ છે. આ જ તરાહનો બીજો ગરબો પણ મળે છે. અહીં વળી પેલા સંદેશથીયે વધુ ઊંડો ને આગવો સંદેશ સાંપડે છે. (ગીત-૧૨૪)

*"માનો ગરબો રે રમે રાજને દરબાર !"*

ગાનારી બહે[illegible]. દલિત છે પણ અન્ય કોમની બહેનો પણ આ ગરબો ગાતી જ હશે. અહીં દરબાર [illegible]ની વસ્તી, રજવાડી ગામનું વાતાવરણ અને પેલી કહેવાતી ઉપલી કોમનો નિર્દેશ ચોખ્ખાં લક્ષણો છે. જાણે કે દરબારગઢમાં માતાનો ઉત્સવ ઊજવવાનો છે. માના ગરબાની સ્થાપના માટે માંડવી, કોડિયાં વગેરેની આગલા ગરબા

જેવી જ માંગણી છે. અહીં ભાષા જુદી છે, તોર જુદો છે. અહીં ગરબો "રમતો-રમતો" જુદા જુદા કારીગરોને ઘેર જાય છે. – "રમતો ઘૂમતો ગયો સુતારીને ઘેર" વગેરે. ને પછી જ ખરી મજા છે. જાણે કે ગરબો કહે છે – "ઓલી સુતારીની નાર – તું તો સૂતી હોય તો જાગ; માના ગરબે રે રૂડી માંડવડી ઘડી લાય" – અહીં આગલા ગરબાની જેમ વિવેકી ભાષા નથી. કારીગરોને "વીરા-ભાઈ" કહેવાની મીઠાશ-સ્નેહ કે નમ્રતા નથી. અહીં તો દરેક કારીગરની પત્નીને ઊંઘમાંથી ઉઠાડીને સામાન તૈયાર કરાવવાની આજ્ઞા છે – હુકમ છે ! લુહારીની સ્ત્રી પાસે માંડવી જડવાનું કામ કરાવાય છે. રંગનારાની સ્ત્રી પાસે માંડવી રંગાવાય છે, કુંભારણ પાસે કોડિયાં ઘડાવાય છે ને પીંજારણ પાસે દિવટો વણાવાય છે... પણ હુકમથી ! – શા માટે આવી ભાષા ? ફક્ત ઉત્સવ ઊજવવાની ઉતાવળ, તાકીદ જ હશે ? કે પછી ગરબો "રાજને દરબાર ઘૂમે છે" તેથી "દરબારી વલણ" ને "દરબારી ભાષા" હશે ? પહેલો ગરબો સ્ત્રીઓના દષ્ટિકોણથી છે એ સ્પષ્ટ છે; દરેક કારીગરની નાર/પત્ની છે – સ્ત્રીઓ જ આ કામ કરી આપે છે; એમના કારીગર કહેવાતા પતિઓ નહીં – એ સંદેશ પણ ધ્યાનપાત્ર છે ! સમાજમાં કહેવાય છે શું ? "કારીગરભાઈઓ" – "કસબીઓ ભાઈઓ"... પણ અહીં એમની સ્ત્રીઓની ભાગીદારીની વાત નવી છે. આ મુદ્દો ગાનારી બહેનોના ધ્યાન ઉપર આવતો હશે ? સ્ત્રીઓ સાથે સમાજ તોછડાઈથી વર્તે છે એ હકીકત બહેનોને કઠતી નહિ હોય ?

આપણા દૂરદર્શન – આકાશવાણી જેવા માધ્યમો પણ આવું જ વલણ ધરાવે છે. એનો ખ્યાલ છે ? "ખેડૂતભાઈઓ" – "મજૂરભાઈઓ"ના કાર્યક્રમ : "એમ જ બોલાય છે – એમ જ સમજાય છે – સમજાવાય છે ! શું મજૂરો કે ખેડૂતોમાં સ્ત્રીઓ નથી હોતી ? એમ કેમ નથી બોલતા કે ખેડૂતભાઈબહેનો અને મજૂરભાઈબહેનો ? શ્રમમાં સ્ત્રીઓની ભાગીદારી, કારીગરો-કસબીઓની કલામાં સ્ત્રીઓનો ફાળો અને તેમની કદર, તેમનું સન્માન... બહુ જ ઓછા પ્રમાણમાં કરવામાં આવે છે. રાષ્ટ્રીય સ્તરે અંગ્રેજીમાં શું કહેવાય છે જાણો છો ? "ક્રાફ્ટસમેન" – અને ઇનામો-પુરસ્કારો પણ "માસ્ટર ક્રાફ્ટસમેને"/"મેન"ના નામે જ અપાય છે; જેમાં અડધાથી ઉપરાંતની સંખ્યા કલાકાર-કસબી બહેનોની હોય છે; જેમણે ભરતગૂંથણ-બાંધણી-અજરખ-માટીકામ-પેચવર્ક... આદિમાં સિદ્ધિ હાંસલ કરી હોય છે ! આપણા સમાજમાં કલા-કારીગરી અને વિદ્યાઓ... કેમ જાણે પુરુષોનો ઈજારો ના હોય એવી આ ભાષા ક્યારે બદલાશે ? – વલણો બદલાય ત્યારે ?... પણ પેલી બાજુ વાસ્તવિકતા તો જુદી જ છે ! આપણી બહેનો આવા દેખીતા અન્યાયનાં ગીત ક્યારે ગાશે ?

એક ખાસ પ્રકારનો ગરબો મળે છે, જેમાં બહેનો અલગ અલગ માતાઓને પોતાની ભીડ ભાંગવા એવી રીતે પોકારે છે કે "જો તમે નહિ આવો તો તમારી લાજ જશે !" ભગવાન અને ભક્ત વચ્ચે આવો વિશિષ્ટ સંબંધ તો પરાપૂર્વથી ચાલ્યો આવે છે. ભક્તો આવે વખતે નમ્ર દેખાવા કરતાં નિકટના સ્વજન જેવા વધુ જોવા મળે છે; જાણે કે ભગવાનને પોતાને જ્યારે જરૂર પડે ત્યારે કાળી રાતે પણ બોલાવી શકાય; ને જો ભગવાનને મોડુંવહેલું થાય તો આબરૂ ભગવાનની જાય એમ ની નહીં ! સૂરદાસ,



તુલસીદાસ, મીરાં, નરસિંહ જેવા ભક્તિયુગના – મધ્યકાળનાં સંત-ભક્તિ-કવિઓએ આ પ્રકારનાં પદો, ભજન અસંખ્ય આપ્યાં છે. ઉપરોક્ત ગરબો આવો જ સૂર લઈને આવે છે. શરૂઆત રંગીન છે – (ગીત-૧૨૫)

*"ગુલાબવાડી, ગુલાબવાડી, ચૌટા વચ્ચે રોપી રે..."*

"પહેલું ગુલાબ મારું... પહેલું ગુલાબ મારું ચોટીલા મોકલાવો રે !" – ચોટીલા કોના માટે ? – બહેનો ચોટીલાનાં ચામુંડાને ગુલાબ મોકલીને જાણે સંદેશો મોકલે છે. "વ્હેલાં આવો રે ! નહિ આવો તો માડી, લાજ તમારી જાશે રે !" દેવ-દેવીને પૂજનઅર્ચન કરીને, ફૂલ પાંખડી-નૈવેદ્ય ધરાવીને પ્રસન્ન કરાય; આપણી બહેનો આ રસમ બરોબર સમજે છે – પોતાની મુશ્કેલીની વેળાએ માતાને બોલાવવાનાં છે, તાકીદ છે છતાં ફૂલ ચડાવવાનાં છે.

સ્ત્રીની ઇજ્જત-ઘરની ઇજ્જત; એવી રીતે માતાની ઇજ્જત એમની અલૌકિક શક્તિ. બહેનો ફરિયાદ કરવા જાય તોય વિવેક ચૂકતી નથી ! તાકીદ કરે છે, દેવીની પોતાની આબરૂ જવાની – બિરુદ જવાની મીઠી શી ધમકી આપે છે પણ ગુલાબનું ફૂલ એમનાં ચરણે મૂકીને જ ! ચોટીલાનાં ચામુંડા, પાવાગઢમાં મહાકાળી, કોયલા ડુંગરનાં હર્ષિધ માતા, ભાવનગરમાં ખોડિયારમા, આરાસુરના અંબામા... ગુજરાતનાં મુખ્ય – પ્રસિદ્ધ – હાજરાહજૂર માતાઓને વિનવણી કરવામાં આવી છે. સ્વાભાવિક રીતે જ આ "માતાઓ" કહેવાતા મુખ્ય પ્રવાહના હિંદુધર્મની દેવીઓ છે, પરંતુ આપણે અગાઉ નોંધ્યું તે મુજબ, દલિતકોમની સ્ત્રીઓ પણ પૂરા ભક્તિભાવથી અને હોંશે હોંશે આ કહેવાતી ઉજળિયાત માતાઓની પણ ભક્તિ કરતી જ હોય છે. અહીં માત્ર કહેવાતી સવર્ણ કોમોનો પ્રભાવ જ હશે કે પછી "દેવી"ઓ હોવાને લીધે, સ્ત્રીઓ તમામ – દલિત કે કહેવાતી સવર્ણ – એમની સાથે આત્મીયતા અને એકત્વ અનુભવતી હશે તેથી ? એક બીજો નોંધપાત્ર મુદ્દો પણ જોવા મળે છે. આ પ્રત્યેક દેવીનાં ધામ સાથે ડુંગરનું નામ સંકળાયેલું છે. બહેનો જ્યારે ગાય ત્યારે તીર્થધામ અંગેની ભૌગોલિક માહિતી પણ અંકે કરતી જાય... ! આમ આવાં ગીતો સ્ત્રીઓના સામાન્ય જ્ઞાન, ભૌગોલિક જ્ઞાનમાંય વધારો કરતાં હશે ? સાધારણ રીતે અશિક્ષિત કે અલ્પશિક્ષણ આપણી દલિત-શ્રમિક અને અન્ય કોમોની બહેનો સુધી અમુક માહિતી અને જ્ઞાન તો આવાં ગીતો દ્વારા જ પહોંચતું હશે ને ? આ જ રીતે, નવું જ્ઞાન – નવી માહિતી પણ ગીતો દ્વારા પહોંચાડવામાં આવે તો ?

બહેનો અંબામા આદિ પૌરાણિક દેવીઓનો ઉલ્લેખ કરે છે પણ ત્યાં સંદેશ કંઈક અનોખો જ છે. ગીતમાં કહે છે : (ગીત-૧૨૬)

*"અંબેમાની ચૂંદડી નવ નવ રંગની...*
*એ રે ચુંદડિયે કિયા રાજા મોહ્યા"*

આ વાત કંઈક, કદી ન કહેવાયેલી વાત છે. ગરબામાં પુરાણકથાઓના એવા એવા પ્રસંગોના ઉલ્લેખ છે, જેમાં માતા-સીતા વગેરે દેવી – અલૌકિક સ્ત્રીઓ ઉપર

રાજા, રાક્ષસ... આદિ પુરુષજાતિની વ્યક્તિઓએ કુદૃષ્ટિ કરી હોય, છેડછાડ કરી હોય, પરંતુ અહીં સીધી રીતે નહીં; આડકતરી અને પ્રતીકાત્મક/રૂપકાત્મક રીતે આ પ્રશ્ન ઉઠાવાયો છે. શરૂઆત જુઓ – "નવરંગી ચૂંદડીએ" કિયા રાજા મોહ પામ્યા ? ચૂંદડી સ્ત્રીનું ઓઢણ-ઢાંકણ છે. સ્ત્રીની લાજ-આબરૂ ઢાંકવા ઓઢાય છે. કબીરથી માંડીને અનેક કવિઓ અને લોકકવિઓએ જીવનને, શરીરને ચૂંદડીનું રૂપક આપ્યું છે ને જીવનરૂપી-શરીરરૂપી ચૂંદડી પર ડાઘ લાગે – કલંક લાગે તો સ્ત્રી ક્યાંયની ના રહે – એવી વાત ભક્તિયુગમાં – પારંપરિક રીતે કહેવાતી જ આવી છે. હિન્દી ફિલ્મી ગીતોએ પણ આ રૂપક ઉઠાવીને અસંખ્ય લોકપ્રિય ગીતો આપ્યાં છે. જીવન સાથે, શરીર સાથે, કૌમાર્ય કે સ્ત્રીના શિયળ સાથે ચૂંદડીનું રૂપક આમ સાહિત્ય ને લોકસાહિત્યમાં ખાસું એવું સંકળાયેલું છે.

આ ગરબામાં "અંબેમા"ની ચૂંદડીની વાત છે ત્યારે ચૂંદડી ઉપર મોહ પામનારા, એને અભડાવવાની દાનત માત્ર કરનારા ઉપર માતાનો એવો કોપ ઊતર્યો કે એમનું ધનોતપનોત નીકળી ગયેલું. માતાની શક્તિ, માતાની પવિત્રતા, માતાનું સત એટલું પ્રબળ અને ભયાનક કે આવા દુષ્ટ વિચાર કરનાર એની આગળ ટકી ના શકે. અંબેમાના નામે આમ તો પાવાગઢ મહાકાલિ માતાને પતાઈ રાવળની કથા, સીતા અને રાવણની કથા તેમજ નાગબાઈ અને રાજા માંડલિક(જૂનાગઢનો "ગંગાજળિયો" ગણાતો મહાતપસ્વી રાજા)ની કથાઓ ટૂંકમાં વણી લેવાય છે. કેટલા ઓછા શબ્દોમાં કેટલી ગર્ભિત વાત છે ? – ચૂંદડીએ મોહ્યા... આટલામાં જ એ ત્રણે રાજાઓની કુદૃષ્ટિ, દાનત અને કુચેષ્ટાનું એકસામટું જ વર્ણન થઈ જાય છે ! (પાવાગઢ ખોયા – ધડમસ્તક ખોયાં) શક્તિના પ્રતાપે. અહીં આપણી બહેનો આ શક્તિનો ઉલ્લેખ કરીને શું સૂચવવા માંગે છે ? સ્ત્રી ધારે તો પોતાની તરફ બદદાનત રાખનારાનો સર્વનાશ કરી શકે !

પણ કરુણતા એ છે કે હકીકત આનાથી અવળી છે ! આપણી બહેનો કે પછી તમામ સ્ત્રીઓ... પોતાના ઉપર થતા જાતીય હુમલા કે પોતાને વિશે સેવાતી બદદાનત, પોતાની સામે મંડાતી લાલચુ નજરો કે પોતાને માટે બોલાતા ભૂંડા અપશબ્દોનો સામનો ભાગ્યે જ કરી શકતી હોય છે ! એમાંય દલિત-શ્રમિક બહેનો ઉપર દરબારો કે એવા માથાભારે કહેવાતા ઉજળિયાત પુરુષો આમાંનું કોઈ પણ કૃત્ય આચરે ત્યારે મજબૂરીથી મોટાભાગે સ્ત્રીએ કાં તો તાબે થવું પડતું હોય છે, કાં તો જુલમ વેઠવો પડતો હોય છે. એ ધારે તોય... ઇચ્છે તોય... "અંબેમા"ની જેમ પેલા લોકોનું ધનોત પનોત શું – વાળેય વાંકો નથી કરી શકતી ! આ વાત મોટા ભાગની – સર્વસાધારણ સ્ત્રીઓની સ્થિતિની છે. અપવાદરૂપ કિસ્સા હશે જ – હોવા જ જોઈએ – વધવા પણ જોઈએ ! પણ ગ્રામીણ સમાજમાં કહેવાતા ઉજળિયાતોનો ભોગ બનતી દલિત શ્રમિક સ્ત્રીઓની વિતકવાતો ભાગ્યે જ બહાર આવતી હોય છે !

આવું ગીત ગાઈને આ બહેનો જે નથી તે નહિ પણ જે હોવું જોઈએ તેની ઝંખના રજૂ કરે છે. જાણે કે અંદરોઅંદર, આત્મવિશ્વાસ એકઠો કરી લે છે. માતાની શક્તિ જાણે એમની અંદર નવી આશા – નવી હિંમત જગાડે છે. હજુ સુધી પરંપરાની



બેડીમાં જકડાયેલી જૂની પેઢીની બહેનો ભલે આશામાં અને આશામાં આવા ગરબા ગાઈને મનોરથ પ્રગટ કરી લે પરંતુ આવનારી પેઢીની બહેનો, પોતે આવી શક્તિશાળી બનીને – પુરુષોના આવા હુમલા, આવી દૃષ્ટિ અને આવાં વલણો વર્તનનો સામનો કરતી થાય એવો સંદેશો પણ આ ગીતમાંથી બહેનો પામતી જ હશે ને ? (ગીત-૧૨૭)

*"પાળેથી ચકલી થઈને ફરે તાંતણિયાવાળી ખોડીયારમાડી રે"*

અગાઉ આવેલા એક ગીતના જ ભાવને જરાક જુદી રીતે રજૂ કરે છે. ગાનારી બહેનો વારાફરતી દરેક માતાને મળવાની ઇચ્છા પ્રગટ કરે છે. ખૂબીની વાત તો એ છે કે આ દરેક દેવીઓ જાણે એની સખી-સૈયરો હોય, એની આત્મીય હોય, હાથવેંતમાં જ ઢૂંકડી હોય ને એમને મળવું જાણે સાવ સ્વાભાવિક, રોજિંદી ક્રિયા હોય – જાણે કે પાડોશમાં જઈને ડોકિયું કરી આવવાનું હોય એવી સાહજિક હળવાશથી ગાઈ લે છે. માથે મટુકડી ને હાલી આવું... આરાસુરમાં થતી આવું... અંબે માને મળતી આવું... પછી ચોટીલા, પાવાગઢ – અનેક જાણીતાં દેવીધામની યાત્રા કરવાની ઝંખના પ્રગટ થાય છે. અહીંયા કહેવાતા મુખ્ય પ્રવાહની દેવીઓનાં ધામની વાત થાય છે પણ જેટલી સ્વાભાવિકતાથી, શ્રદ્ધાભક્તિથી અને આંતરિક મુક્તિથી વાત થઈ છે તે બતાવે છે કે આવા બોલ પેલી પરંપરામાં જકડાયેલી, મધ્યમવર્ગની, કહેવાતી ઉજળિયાત બહેનો ભાગ્યે જ બોલી શકે... આ તો મોકળો મોઢે બોલી શકનારી, હિંમતવાળી શ્રમિક બહેનોની જ વાણી !

અહીં બીજો સંદેશ મળે છે કે યાત્રાને બહાને આ સ્ત્રીઓ મુક્તિનો અનુભવ માણી શકે છે. આમેય યાત્રા, ભજનમંડળી, વારતહેવારે મંદિરે જવું... મોકળાશની બારીઓ છે ને ?

ગીત-૧૨૮, ૧૨૯ ખોડિયારમાની સ્તુતિનાં છે. આગળ નોંધ્યું તેમ, આમ તો ખોડિયાર ક્ષત્રિયોની, ને ખાસ તો ભાવનગરનાં રાજકુટુંબોની કુળદેવી – પણ દલિત-શ્રમિક કોમોમાં પણ એનો ખાસો એવો પ્રચાર-પ્રભાવ છે. ગીતમાં તાંતણિયા ધરાવાળાં ખોડિયારનું સ્મરણ છે. ગાનાર કોઈ પુરુષ હશે, તેમ પંક્તિઓ ઉપરથી લાગે છે : (ગીત-૧૨૮)

*"બોલાવે તમારો બાળ, ખોડિયાર આવીને રમવા..."*

પણ તીર્થનું નામ તાંતણિયો ધરો છે. જે વણકર સમાજનું સૂચન કરે છે તે મહત્ત્વનું છે. વણકર બહેનો આથી જ આ ગીત – ભલે કોઈ ભક્ત પુરુષ દ્વારા રચાયું હોય છતાં ગાય છે – રમે છે. ગીતમાં માના સ્વરૂપ-સ્વભાવ, પ્રતાપ-ચમત્કારી શક્તિઓ અને મા ગરીબો-અપંગો – ખાસ તો સ્ત્રીઓનાં તારણહાર છે; એવી વારંવાર સ્થાપના કરવામાં આવી છે. છોરું કછોરું થાય પણ માવતર કમાવતર ના થાય એ કહેવત વણી લઈને, ભક્ત માતાને કાલાંવાલાં કરે છે, પોતાના અપરાધોની ક્ષમા માંગે છે; ને પેલા ભજનમાં છે તેમ, મા જો પોતાની ભીડ ભાંગવા નહીં આવે તો એમની "લાજ" જશે... એવું પણ કહી જ નાંખે છે ! છેલ્લી બે પંક્તિમાં માના મંદિરીયે દુઃખયારી બહેનો આવી આવીને રડે છે – કકળે છે. માથું કૂટે છે – વિલાપ કરે છે;

મા એમને આશ્રય આપે – આશા આપે તો પાછી ફરે એવું એલાન કરવામાં આવે છે. સંક્ષેપમાં, મા સર્વશક્તિમાન છે, દયાળુ છે, કૃપાળુ છે – અને ભક્તો; દુખિયારી સ્ત્રીઓ માટે એની એક માત્ર આધાર છે. એ સંદેશ આ ગરબો આપે છે. અહીં પુરુષભક્ત દ્વારા આ વિનવણી-મહિમા થયાં છે; એ શું બતાવે છે ? – પુરુષો માતાની અપાર શક્તિનો વિનમ્રપણે સ્વીકાર કરે છે; પણ ઘરઆંગણે સ્ત્રીની શક્તિની કદર કરવાની આવે ત્યારે ?

ખોડિયારમા વિશેનું બીજું ગીત વિશિષ્ટ છે. આપણે જાણીએ છીએ કે ભાલપ્રદેશમાં રોઝ-નીલગાય ઘણી જોવા મળે છે. આવો એક નર-રોઝ જાણે ખોડિયારમાનો (ખોડલ) કૃપાપાત્ર છે. એના અંગેની કોઈ દંતકથા ગીતમાં વણી લેવામાં આવી છે. (ગીત-૧૨૯)

*"મા ખોડલનો રોઝો... વનમાં ચરવા છોડ્યો..."*

એભલવાળે માર્યો... એક ભડાકે માર્યો... અમરા દૈત્યે માર્યો... એક ભડાકે માર્યો ! આમ એ દૈવી રોઝ વનમાં મુક્ત મને, નીડરપણે હરતો-ફરતો-ચરતો હશે ત્યારે જાણીતા કાઠી દરબાર એભલવાળાએ એને ભડાકે દીધો હશે/ઠાર માર્યો હશે એનો ઉલ્લેખ છે. એવી જ રીતે અમરા દૈત્યનો પણ ઉલ્લેખ છે. દૈત્ય અને કાઠી સાથે શિકારે નીકળ્યા હશે ? દરબાર ને દૈત્ય વચ્ચે દોસ્તી અને સહિયારા શિકારશોખ પ્રત્યે બહેનો આંગળી ચિંધતી હશે ? જે હોય તે – પણ પરિણામ એ આવ્યું કે આ હિંસાનો બદલો લેવા ખોડિયારનાં સહિયર સમા મેલડીમા રથ જોડીને આવ્યાં અને બોકડાનો બલિ માંગી લીધો.

સંદેશ છે દેવીના પશુપ્રેમનો; અને દૈત્ય પ્રત્યેના આમજનાતાના ધિક્કારનો. ખોડલમાની જેમ જ મેલડીમા, નાગબાઈમા સ્થાનિક દલિતકોમોની આરાધ્ય દેવીઓ છે અને કોપ કરવા માટે જાણીતી છે. એક બહુ દૂરગામી સંદેશ એ પણ લાગે છે કે રાજા-દૈત્ય-કાઠી-દરબાર... જાણે માતાના અપરાધીઓ છે અને માતા એમનો બદલો લીધા વિના છોડવાની નથી એવી આપણા દલિતો શ્રદ્ધાળુઓની અતૂટ શ્રદ્ધા છે. પોતાના મનમાં ધરબી રાખેલો આક્રોશ આ રીતે દેવીઓના નિમિત્તે પ્રકટ થતો હશે ?

ગીત-૧૩૦ અને ૧૩૧ આમ તો એક જ સંદેશ લઈને આવે છે – દેવી માતા પાસે પુત્રસંતાન ઝંખતી માનો મનોભાવ. જેમાં બાવનમું ગીત કોઈ ખાસ દેવીને ધ્યાનમાં રાખીને નથી ગવાયું... માત્ર "મા"ને પોકારે છે પણ છાંસઠમા ગીતમાં દશામાને વિનવણી છે કે "દીકરો દેજો મા !" બંને ગીતની ઘણીખરી પંક્તિઓ સરખી છે.

*"ચકરડી ભમરડી માર ઘેર ઝાઝી રે માયાળુ મા..."* (ગીત-૧૩૦)
*"ચકરડી ભમરડી માર ઘેર ઘણી રે દશામા..."* (ગીત-૧૩૧)

આમ ઘર તો રમકડાંથી ભર્યુંભર્યું છે પણ રમકડાં રમનાર નથી. લીલાપીળા પતંગ છે, મેવામીઠાઈના પકવાન છે, લીલાપીળા "બાબાસુટ" પણ છે... પણ પતંગ



ઉડાવનાર, મમ્ મમ્ માંગનાર, બુશર્ટ પહેરનારો ક્યાં છે ? વાંઝિયામહેણાનાં માર ખાનારી દુઃખયારી નારી પોકારે છે – "એક દીકરો દેજો રે !... માયાળુ મા."

બીજા ગીતમાં, ગૃહિણી દશામાની આગળ બહુ રસપ્રદ રીતે પોતાની યાચના મૂકે છે : "રોટલી કરીને હું તો ઉભી રે દશામા, ચાનકીનો માંગનાર દેજો રે, દશામા !" ને એમ પોતાનાં રોજિંદા ઘરકામ વર્ણવતી નિઃસંતાન સ્ત્રી વિનવે છે કે પાણીનો પીનાર, છેડાનો ઝાલનાર... પગલીનો પાડનાર દેજો રે દશામા ! – ગીતો બહુ જાણીતાં છે. માત્ર દલિતબહેનો જ નહીં; ગુજરાતભરની બહેનો આ ગીત આમતેમ શબ્દફેરે ગાતી જ રહે છે. ક્યાંક અંબામા છે, તો ક્યાંક રાંદલમા ! દેવી પાસે દીકરી માંગતી, ગરીબડી થઈને પુત્ર ઝંખતી આપણી નારીનું આ ચિરંતન શબ્દચિત્ર એકબાજુ આપણી આંખોને ભીંજવી દે છે તો બીજી બાજુ વિચાર કરતાં કરી મૂકે છે કે કેટલી લાચારીથી આપણી બહેનો દીકરો માંગે છે ? – શા માટે ? – મરતાં મોંમાં અગ્નિ મૂકે એટલા માટે, જીવતાં જાળવીને ચાકરી કરે એટલા માટે, મર્યા પછી પિંડ મૂકીને શ્રાદ્ધ સરાવે કે જેથી ઘરડી માનો જીવ અવગતિએ ન જાય એટલા માટે, "પું" નામના નરકમાં પડતાં બચાવે એટલા માટે... કે પછી જીવતેજીવ આ સમાજનાં વાંઝિયાંમહેણાથી ઉગારે એટલા માટે ? પરંપરાના આ કડવા ઘૂંટડા અને આંસુ પીતી આપણી બહેનો આવી લાચારીમાંથી ક્યારે છૂટશે ? એમના હોઠ પર રમતું આ ગીત ક્યારે અટકશે ? – દીકરો મળશે ત્યારે કે અંધશ્રદ્ધા ખેરવીને એમની આંખો ઊઘડશે ત્યારે ?

દશામાના મહિમાના મુદ્દે એક નોંધપાત્ર બાબત એ છે કે આમ તો આ માતા વિશે કોઈ પુરાણ કે શાસ્ત્ર કે મહાકાવ્ય વગેરેમાં ઉલ્લેખ નથી, પરંતુ સૌરાષ્ટ્રમાં લોકસમુદાયમાં એ પછી કહેવાતો ઉજળિયાત હોય કે કહેવાતો પછાત – સ્ત્રીઓ દશામાનું વ્રત ઘણા સમયથી કરતી આવી છે; પણ છેલ્લા દાયકામાં એનો મહિમા ખાસ વધી ગયો છે. દશા એટલે વિધાત્રી/વિધાતા. હિંદુ પુરાણોમાં એમ માનવામાં આવે છે કે વિધિ દેવી આપણા નસીબના લેખ લખે છે અને એની રાજી-નારાજી ઉપર આપણી સારી-માઠી સ્થિતિનો આધાર છે. દશા ફરે તો તમારો દિ' ફરી જાય : સારો કે માઠો – એ દશામાના હાથમાં ! આવી પ્રારબ્ધવાદી માન્યતા અને માત્ર નસીબ ઉપર સુખદુઃખનાં કારણોને છોડી દેવાનું વલણ આમેય આપણા દેશના ઘણા મોટા સમુદાયમાં પ્રવર્તે છે. એ પછી શિક્ષિત હોય – અલ્પશિક્ષિત હોય કે અભણ; ગરીબ કે તવંગર, શહેરી કે ગ્રામીણ... મોટી સંખ્યામાં લોકો/ સ્ત્રીઓ ને પુરુષો – આવા નસીબવાદી વલણને કારણે મહેનત-પુરુષાર્થ કરતાં અટકી જાય છે, અથવા તો થોડીઘણી મહેનત કરીને નસીબના આશરે છોડી દે છે. વાતવાતમાં મહૂરત જોવડાવે છે, જોષીને પૂછે છે, છાપાંપત્રિકામાં આવતાં અઠવાડિક ભવિષ્યના વિભાગો ઉપર આંધળો ભરોસો મૂકે છે – પૈસા ખરચીને રાશિફળ જોવડાવે છે, કમ્પ્યૂટર જેવા આધુનિક વૈજ્ઞાનિક સાધનને પણ આ અંધશ્રદ્ધાનું સાધન બનાવે છે. દશામાના કોપથી ડરી ગજા બહારનાં વ્રત, ઉપવાસ કરે છે, એની પાછળ પાણીની જેમ પૈસા વહેવડાવે છે; આવાં લોકો લાખ્ખોની સંખ્યામાં જોવા મળશે. આજકાલ તો દલિત, કારીગર, શ્રમિક વર્ગની બહેનો દશામાના વ્રતને વખતે કામકાજ કરતાં કરતાંયે ઉપવાસનું કષ્ટ

વેઠે છે ને એમાં ધાર્મિક સંતોષ માને છે ! પણ આવે વખતે શરીરના કુપોષણથી આમેય પીડાતી, સખત વૈતરાં કરીને નિર્બળ થઈ ગયેલી અને ઉપવાસ સાથે સાથે સખત વૈતરાં કૂટતી બહેનો, બે પળ થંભીને વિચારે અને પોતાની મહેનત, પોતાની આવડત ઉપર વધારે ભરોસો મૂકીને, કોઈ અદૃશ્ય કે કાલ્પનિક શક્તિઓ ઉપરનો આંધળો વિશ્વાસ ઘટાડતી જાય તો કેવું સારું ? પણ હાલ તો લાગે છે કે આ વાત જાણે પથ્થર ઉપર પાણી ! દશામા ઉપરની શ્રદ્ધા અને એમની સાથેની ઊંડી આત્મીયતા સ્ત્રીઓમાં એટલી બધી જોવા મળે છે કે બે ઘડી વિચારમાં પડી જવાય છે કે આટલી મહેનતુ, આટલી હિંમતવાળી આપણી બહેનો આવા નસીબવાદી ચકરાવમાં શા માટે ફંગોળાતી હશે ? અને હૈયે હોય તે હોઠે આવે – એ ન્યાયે આપણી પાસે દશામાનાં અનેક ગીતો આવ્યાં છે. જેમાં મોટે ભાગે તો પોતાની સ્થિતિનો ચિતાર આપીને એ સ્થિતિ બદલવા વિનંતી છે પણ કેટલાક ભાવ – કેટલીક લાગણી વિશિષ્ટ રીતે અલગ તરી આવે છે તે જોવું રસપ્રદ બનશે. (ગીત-૧૩૨)

*"દશામાની સાંઢડી આવે દોડતી રે,*
*હે પગમાં ઘુઘરા ઘમ ઘમ થાય."*

પારંપરિક રીતે દશામાની પધરામણી અને શણગારનું વર્ણન છે. સ્ત્રીઓનાં ગીતમાં વસ્ત્રો અને અલંકારોનું વર્ણન ન હોય એવું ભાગ્યે જ બને છે ! એની પણ એક પરંપરા, એક ઢાંચો બનાવી દેવામાં આવ્યો છે જે બીજાં ગીતોમાં બીજી માતાઓ અથવા કોઈ વ્યક્તિ વિશે ગવાય છે. નાક પ્રમાણે નથડી ને ટીલડીના શણગાર હોય કે પછી અંગ પ્રમાણે ઘાઘરો ને ઓઢણીના શણગાર હોય... વાત એની એ જ છે સવાલ માત્ર ગાનારીઓના ઉમળકાનો છે ! નોંધપાત્ર બાબતો બે છે : દશામાને પણ બહેનો, ભાલવિસ્તારની કે ઉત્તર ગુજરાત રાજસ્થાન બાજુની સ્ત્રીઓ જે પહેરે છે તેવાં જ ઘરેણાં-લૂગડાં પહેરાવે છે. આ એક જાણીતું વલણ છે કે જે "દેહને તે દેવને !" ને બીજો મુદ્દો એ છે કે આ દશામાનું વાહન છે સાંઢણી ! સાંઢણી તો વાગડ-કચ્છ-રાજસ્થાન અને તેના પ્રભાવે કરીને ઉત્તર ગુજરાતનું જાણીતું ને પ્રચલિત વાહન છે – હેરફેરનું સાધન છે. દશામા પૂજાય છે વધારે સૌરાષ્ટ્ર – આ શું બતાવે છે ? – રજવાડી અસર ? રાજસ્થાનની સ્ત્રીઓ પણ "સાંપદા મા"નું વ્રત કરે છે જેની કથા, મહિમા આદિ આપણા દશામા જેવાં જ છે. પડોશી પ્રદેશોનો પ્રભાવ ?

બીજું દશામા ગીત એ જ પારંપરિક ઢાંચામાં છે જેમાં ઠાકોરજી, રામજી કે અન્ય દેવી-દેવતાનો અતિથિસત્કાર કરવામાં આવે છે. શરૂઆત જોકે બહુ કાવ્યમય અને કાલ્પનિક છે : (ગીત-૧૩૩)

*"દશામા ચંપે ચઢે ને મરવે ઊતરે,*
*હું તો જોવ મારા દશામાની વાટ...*
*દશામા ક્યાર આવશે ?"*

આમાં શરૂઆતની પંક્તિ આલંકારિક હોવા છતાં અમુક ચોક્કસ ઋતુ દરમ્યાન



દશામાના વ્રતનો ઈશારો કરતી હશે ? ચંપે ચઢે ને મરવે ઊતરે. – માં દશામા જાણે અલ્લડ ગ્રામીણ કન્યા હોય એવી રમતિયાળ છબી પણ ઊપસે છે. એક બાજુથી એ "માતા" છે ને બીજી બાજુ એની સક્રિયતા કિશોરી કન્યા જેવી છે ! પછીની પંક્તિઓમાં જો દશામા આવે તો એમને ઉતારા ઓરડા, નાવણ તાંબાકુંડી, ભોજન લાપસી ને સાકરિયો કંસાર... વગેરે ભાવભીની મહેમાનગીરી છે ! આપણે ત્યાં તો કહેવાયું છે ને કે ભગવાન તો "ભાવના" ભૂખ્યા છે – છતાં આપણી બહેનો આ બધી ભાવના માતાને ચરણે ધરવાનો હંમેશાં આગ્રહ રાખે છે. એ બતાવે છે કે સ્ત્રીઓ માટે આતિથ્યભાવના એ માત્ર ગૃહિણીની ફરજ જ નહીં; અંતરનો ઉમળકો પણ છે જ... બાકી એમની વાસ્તવિકતા તો મોટે ભાગે રોટલા-છાશ ને કાથીના ખાટલા હોય છે ! (ગીત-૧૩૪)

*"રાતું રાતું ફૂલડું અને એથી રાતો રંગ*
*એવો રંગ લાગ્યો મને દશામાના ધૂનમાં"*

આવી જ ભાવનાસભર આરતી છે. "આરતી" શબ્દ જ બતાવે છે તે પ્રમાણે "દુઃખની રજૂઆત." ભક્તો પોતાની વ્યથા – પોતાની તકલીફો – પોતાની દીનતા પ્રભુને અર્પણ કરે છે અથવા તો પ્રભુ આગળ મૂકે છે; એનો નિવેડો આવે એ અપેક્ષામાં ! સાથે દીવા છે – અંતરમાં ઉજાસ થાય એ માટે ને આરતીમાં ઘંટડી પણ અનિવાર્ય છે. પોતાની વાત માને (દેવી-દેવતાને) સારી રીતે સંભળાવવા એમનું ધ્યાન ખેંચવા માટે ! આપણી બહેનો આરતી જેવો કહેવાતો ઉજળિયાત કર્મકાંડ વર્ષોથી સ્વીકારતી થઈ છે એ પણ પેલા પ્રભાવેસ્તો ! વળી ગીતમાં પણ વારાફરતી જે જે પૂજાસામગ્રીનો નિર્દેશ છે તે પણ આ કહેવાતા સવર્ણ કર્મકાંડની દેણગી છે. બહેનો કહે છે : ચોખાના થાળ ભર્યા ને માતાને ચરણે ધર્યા, એના સાથિયા પુરાવો; કંકુના ભરેલા થાળમાંથી ચાંદલા ચોડાવો, નાળિયેરના થાળમાંથી માને મંદિરે તોરણ લટકાવો. લાડુ ભરેલા થાળનો માને પ્રસાદ ધરાવો ને ઘી ભરેલા થાળ ધરીને દીવડા પ્રગટાવો. આમ વિવિધ રીતે માને પ્રસન્ન કરીને પોતાની તકલીફો દૂર કરવાને વિનવણી થાય છે આ આરતીમાં.

આમ તો ચોખા-કંકુ-નાળિયેર-તોરણ-સાથિયા-ચાંદલા-ઘીના દીવા હિંદુ સંસ્કૃતિનાં તત્ત્વો છે છતાં સર્વસાધારણ રીતે એને ભારતીય સંસ્કૃતિનાં તત્ત્વો પણ ગણવામાં આવે છે. પારંપરિક રીતે આ દરેક તત્ત્વ પાછળ કંઈ ને કંઈ અર્થ છુપાયેલો છે. આપણો દલિત સમાજ આ તબક્કે સામગ્રીનો એ પ્રતિકાર્થ જાણવા પામે તો કદાચ વધુ સારું નહીં ? કે ચોખા તો સમૃદ્ધિનું પ્રતીક છે. "કોઠીએ જાર" કે કોઠી ભરીને કણ... એ આપણા દેશમાં સભરતાની નિશાની મનાય છે. કંકુનો લાલ રંગ મંગળતા સૂચવે છે. લાલ રંગમાં ઉમંગ-ઉલ્લાસ-તેજ અને બલિદાનની ભાવનાઓ છુપાયેલી છે. નાળિયેર પૂર્ણતાનું પ્રતીક છે. ઉપરથી કઠોર, અંદરથી નરમ, સફેદ, મીઠાં જળથી ભરેલું આ ફળ "શ્રીફળ" તરીકે ઓળખાય છે. "શ્રી" એટલે પણ સમૃદ્ધિ. ઘી પણ સમૃદ્ધિ સૂચવે છે : ઘેર દૂઝણું હોય તો જ ઘી પમાય – ને તેય છોકરાંછૈયાંને ખવડાવીને જ દેવને દીવા કરાય ! આમ આ તત્ત્વો બધાં ઘર-ગૃહસ્થીની, ખેતીવાડીની, પશુધનની

સમૃદ્ધિ સૂચવે છે. તો તોરણ-સાથિયો-ચાંદલો આપણે ત્યાં શુભ-શુકન, આવકાર, ઉમંગ અને મંગળ પ્રસંગનાં પ્રતીકો મનાયાં છે. આમ, હિંદુ સંસ્કૃતિનાં આ પ્રતીકો દલિત કે બિનહિંદુ સમાજે પણ અપનાવી લીધાં છે તેની પાછળ એના આ પ્રતિકાર્થનો વધારે પ્રભાવ હોય એવું કહી શકાય ?

બહુ વિશિષ્ટ ભાવના લઈને આવે છે. વાત તો છે દશામાની જાતરાની ને માને ભેટ-નૈવેદ્ય વગેરે અર્પણ કરવાની... પણ અહીં સ્ત્રીની પારદર્શકતા અને પ્રામાણિકતાનાં ગુણો આંખે ઊડીને વળગે તેવાં છે. "રાતું રાતું ફૂલડું ને એથી રાતો રંગ, એવો રંગ લાગ્યો મને દશામાની ધૂનમાં..." ગાતી આ ભક્તિઘેલી નાર સાચી શ્રદ્ધા અને સાચાં દાનનું મૂલ્ય સમજાવી જાય છે. ગીતમાં કહેવાયું છે – "કોઈ આવે હાથીડે ને કોઈ આવે ઘોડલે; કોઈ આવે પગે ચાલી દશામાની ધૂનમાં..." ને એમાં પોતે પગે ચાલીને આવનારી છે; "કોઈ ચઢાવે રોકડો રૂપિયો કોઈ ચઢાવે ફૂલ..." પણ હું ચઢાવું "બીલીપત્ર દશામાની ધૂનમાં..." ને એમ રાજા અને અન્ય રૈયત બરફી-પેંડા-સૂકા મેવાના નૈવેદ્ય ચઢાવે છે, પણ આપણી બહેન કહે છે, "હું લાવું સાચા લાડુ દશામાની ધૂનમાં..." રોજિંદગી વાનગી લાડુ – પણ શ્રમિક બહેનો માટે તો એ મહામૂલી મીઠાઈ છે – ને તેય સાચો લાડુ કહે છે ત્યારે બે અર્થ નીકળે છે – એક તો સાદોસીધો અર્થ છે – સાચા/ચોખ્ખા ઘીનો લાડુ અને બીજો ગર્ભિત અર્થ છે – સારી શ્રદ્ધા-પ્રેમ-ભક્તિથી બનાવેલો, જાતે બનાવેલો લાડુ ! સ્ત્રીઓને મન આ મોંઘું મૂલ્ય છે. મોંઘું નૈવેદ્ય છે. અહીં "બાઈબલ"ની પેલી સાચાં દાનની... વિધવાની કોડીની કથા યાદ આવે છે : જેમાં મોટા મોટા અમીર ઉમરાવો ને ધનવાનો તથા શાસ્ત્રી પંડિતો જેરૂસાલેમના મહામંદિરની દાનપેટીમાં સોનારૂપાના સિક્કા નાખતા જાય ને આજુબાજુ જોતા જાય કે બધા અમારું દાન જુએ છે કે નહીં ! – કરોડોની કમાણીમાંથી થોડાક રૂપિયા પ્રભુને આપો એમાં શી ધાડ મારી ? પણ ત્યાં તો એક ચિંથરેહાલ વિધવા આવીને, ખૂબ નમ્રતા ને ભક્તિપૂર્વક પોતાની પાસે મહામહેનતે બચાવી રાખેલી માત્ર એક કોડી (આપણા દસ પૈસા જેવું ઓછામાં ઓછું નાણું) દાનપેટીમાં નાખે છે ત્યારે ઈસુ કહે છે કે આ સાચું દાન ! અડધો રોટલો ખાતા હો ને અતિથિ આવે કે ગરીબ ભિખારી માગે ત્યારે એ અડધાનોય અડધો એને આપો એનું જ નામ માનવતા ! આ ગીતમાં પણ શ્રદ્ધાળુ શ્રમિક સ્ત્રી, પોતાનું ને પતિબાળકોનું માંડ પૂરું કરતી હશે એમાંથી માતાને માટે સાચા ઘીના લાડુ લાવીને ખરે જ; મોંઘામૂલો પ્રસાદ ધરાવે છે. આ નમ્રતા સ્ત્રીની ખાસિયત છે જે ધનિકો ને ધર્માચાર્યોથી જોજનો દૂર છે. દાન કરીને ભીંતે તકતી ચોડાવનાર ને નામ કોતરાવનારની પ્રદર્શનવૃત્તિથી પણ આ નમ્ર ભાવ જોજનો દૂર છે !

ગીત-૧૩૫ પણ વિશિષ્ટ ગીત છે. શ્રદ્ધાળુ બહેન ખુદ દશામાને કહે છે :

*"હાંકો હાંકો દશામા સાંઢ, ઘૂઘરા ઘમકે સે –*
*મારે જાવું મુંબઈ શહેર... ઘૂઘરા ઘમકે સે !"*

અહીં પોતાની સાથે સાથે માતાજીને લઈ જવાની વાત શું સૂચવે છે ? આ



સાદીભલી સ્ત્રીઓ પોતે જ્યાં જાય, જ્યાં રહે ત્યાં માતાજીને સાથ-સંગાથ, માતાની કૃપા-દયા ઝંખે છે. સીધી રીતે જ માને કહે છે, "ચાલો મારી સાથે; અને પછી મને તમારી સાથે સાંઢ ઉપર ભેગી લઈ ચાલો." – આ નિખાલસતા તો ગ્રામીણ-શ્રમજીવી બહેનોમાં જ જોવા મળે !

સાથે સાથે બહેનો જે જે ગામના નામ કહે છે તેય મહત્ત્વનાં છે. આ ગાંફની બહેનોનું ગીત છે. આ વિસ્તારમાંથી પુષ્કળ સ્થળાંતર થાય છે. રોજીરોટી માટે પહેલાં પુરુષો અને પછી એમનાં સ્ત્રીબાળકો ઠેઠ મુંબઈ સુધી જતાં જ હોય છે. મુંબઈ, સુરત, ચાણસ્મા, ભાવનગર જેવાં શહેરોનાં નામ સ્ત્રીઓની જે તે ગામ/શહેર અંગેની જાણકારી અને વાસ્તવિકતા દર્શાવે છે.

ગીત-૧૩૬માં "દશામા જાણે ગાંફ ગામે પધાર્યા છે."

*"દશામા ઊતર્યાં ગાંફ ગામની પાળ... સરોવર સોહામણો."*

અને પછી ગાનારી સ્ત્રી ને તેની સખીઓ દર્શન કરવા ઊમટે છે. કંકુકેસરના મંગળ સાથિયા પુરાય છે. દુઃખિયાં-વાંઝિયાં-આંધળાં આસ્થાળુઓની ભીડ ભરાય છે ને ગાનારી બહેનો દશામાને વિનવે છે કે આ સૌની ભીડ ભાંગજો ને માડી ! તમારું બિરુદ રાખજો.

પારંપરિક ઢાંચો ને જુગજૂની વિનવણીનું આ ગીત આમ તો નવી વાત નથી કરતું; સ્ત્રીઓની ભોળી શ્રદ્ધાનું પુનરુચ્ચારણ માત્ર કરે છે. પણ આપણી ગ્રામીણ-શ્રમિક-દલિત બહેનોનો દશામા આગળ માત્ર આવી જ માગણીઓ મૂકવાનો સ્વભાવ પણ નથી ને સંબંધ પણ નથી. દશામા તો જાતે એમની ખરી મા છે – ઘરડી બા છે ! આવી અંગત આત્મીયતાનો અચ્છો નમૂનો છે : (ગીત-૧૩૭)

*"હું હમણાં પાસી આવું રે, દશામા ! મારું ઘર સાચવજો !"*

આપણી શ્રમિકબહેન કંઈ બારણાં વાસીને ઘરખૂણે-કલાકો પૂજાપ્રાર્થનામાં ગાળી શકતી નથી – એ એની પ્રકૃતિમાંય નથી ને એની એવી પરિસ્થિતિ પણ નથી ! એવા કહેવાતાં ઉજળિયાતોનાં પૂજાપાઠ-ધરમ-ધ્યાન એનું કામ નહીં – એને વહેલી સવારે કે ભરબપોરે – સમીસાંજે કે કાળી રાત્રે પાણી ભરવા, ચાર-પૂળા લેવા, છાણાં-ઈંધણાં વીણવા, નીંદવા-લણવા, ભાત દેવા કે દરબારની ડેલીએ વાસીદાં વાળવા જવાનું જ હોય છે. શ્રમિક સ્ત્રીને ઘેર બેસવું કેમનું પોસાય ? આવી વેળા-કવેળાએ બહાર જતી સ્ત્રી પોતાનું ઘર દશામાને સોંપીને જાય છે ! છે ને કમાલની શ્રદ્ધા ને અજબની આત્મીયતા ! રેઢાં બારણાં માને સોંપતી જાય છે; એટલું જ નહીં, આ "ઘર સાચવવાની" એક બીજી વિનવણી છે – "ભીડ ભાંગજો – મારી લાજ રાખજો – સારા/માઠા પ્રસંગે મને ટેકો કરજો..." શબ્દ કેટલા ઓછા ને કેટલા રૂપકાત્મક છે : "મેં ખાધા નહીં એટલા વેર્યાં રે." જે કંઈ મહેનતાણું મળે છે એમાંથી પૈસા તો વેડફાઈ ગયા છે – એની ક્ષમાયાચના છે, પોતાની મૂર્ખતા ઉપર ફિટકાર છે માટે જ "મારી ભીડ ભાંગજો ! મારું ઘર સાચવજો ! મારી આબરૂ જાળવજો !"

શ્રદ્ધા-ભક્તિમાં પોતાનાં દુઃખનો ઈલાજ ભલે જોતાં આ પણ વાસ્તવિકતા તો કપરી જ છે ! ગરીબો-ગ્રામીણ-શ્રમિકો ને એમાંય સ્ત્રીઓની સ્થિતિ ખરે જ કરુણ છે – ગીત પણ આની સાક્ષી પૂરે છે. (ગીત-૧૩૮)

*"સોળ સોળ સોમવારના બેની, વ્રત કર્યાં રે લોલ...*
*ઝાઝાં કર્યાં દશામાનાં વ્રત જો,*
*દુનિયામાં દુઃખી એક દીકરી રે લોલ."*

શું કહે છે આ દીકરી ? માતાપિતા, બેનભાઈની લાડકી, કાકાકાકી, ફોઈ સૌ કુટુંબીજનોની લાડકી આ દીકરી દુનિયામાં દુઃખીમાં દુઃખી છે ! – કેમ ? કોઈ દેવીદેવતાનાં વ્રત-પૂજાથી એની દશા ન સુધરી, કોઈ દિવ્ય-અદૃશ્ય શક્તિ વહારે ધાવાની નથી. દીકરી કેમ દુઃખી છે એ આપણે હવે સારી પેઠે સમજીએ છીએ. એનો જન્મ આવકારદાયક નથી. દૂધ પીતી થતી બચી ત્યારે લૂખુંસૂકું ખાઈને ઊછરે છે – કુપોષણ અને ભેદભાવોનો ભોગ બને છે. ભણતર નામનું મળે છે – કે લગારે નથી મળતું – કેમ કે પારકે ઘર જવાની છે; એની પાછળ પૈસા શા માટે ખરચવા ? માબાપને મન એ પારકું ધન જ છે ! સાપનો ભારો ને ગરીબ ગાય જ છે ! ધન છે એટલે ઝટ ઝટ એનું કન્યાદાન કરીને માબાપ છૂટકારાનો દમ ખેંચે છે ! નાનપણથી જ વૈઠવૈતરે લાગેલી ને સાસરે પણ એ જ સંતાપ છે ! ઓછું હોય તેમ સાસરિયાંની મનમરજી સાચવતાં કોઈ કદરનો એક શબ્દ કહેવાનું નથી ! બે વરસે દીકરો ના દીધો તો વર વહેતી મૂકશે કે સમાજ મહેણાંટશે... એનો ડર લટકતી તલવાર સમો તોળાતો રહે છે ! મર્યાદા-લાજ-આબરૂ-ફરજ બધું એના જ માથે છે ! રાતદહાડો એક કરીને કુટુંબનું પેટ પાળવાનું છે ને ઉપરથી કદી કદી મારપીટ ને ગદડાપાટુય ખરા ! જીવતેજીવ દુઃખનાં દળણાં દળતી આ વીર નારી આ છતાંય જીવી જાય છે... ને પરંપરાએ મોં ખોલવાની એવી રીતે તો મનાઈ કરી હોવા છતાં આમ, લાગ મળે કે ગાઈ નાંખે છે... ફરિયાદ કરી લે છે... એનાથી થાય એટલો બળવો પોકારી દે છે – દુનિયામાં દુઃખી એવી આ દીકરી !

આ નાનકડા ગીતની, થોડી શી પંક્તિઓમાં કેટલી આસ્થા અને કેટલી ભાવના ભરી પડી છે ! આ શ્રદ્ધાભક્તિ ન હોય તો એમને માટે જીવનનો બીજો આધાર શો ? જીવતાં જણ એમને ઠુકરાવતા રહે છે. સમાજે એમને કદી જાળવ્યા નથી – આવી અદૃશ્ય – કાલ્પનિક શક્તિ ઉપર ભરોસો મૂકી દે. ભોળપણથી ચમત્કારો ને બાધા-આખડીઓને વળગી રહે એમાં શી નવાઈ ? પણ આ સારી સ્થિતિ તો નથી જ. આ સ્થિતિ ક્યારે બદલાશે એમ કહેવાનું મન થઈ જાય છે કે વિધિ કે નસીબે નહિ... આ કઠોર ભેદભાવમૂલક સમાજવ્યવસ્થાએ એમની "દશા" બગાડી છે. એ જ્યારે પ્રયત્ન કરે – જાગૃત બનીને એનો સામનો કરે... જાતે પોતાની દશા બદલવાનો સંકલ્પ કરશે ત્યારે જ આવા માંગણી-વિનવણીનાં ગીતો એમની પાસેથી મળતાં અટકશે.

શું સવર્ણોની કે શું દલિતોની શું પુરુષોની કે શું સ્ત્રીઓની – શ્રદ્ધા-ભક્તિ-કર્મકાંડ અને મોક્ષની ઝંખનાનો મુદ્દો આવે છે ત્યારે કેટલાક પ્રશ્નો પજવતા જ હોય છે.



ભાલની બહેનોનાં આ ગીતો વાંચતાં; કંઈક એમની આગળ કંઈક આ વાંચનાર સર્વ કોઈ વાંચનારની આગળ આ પ્રશ્નો મૂક્યા વગર રહેવાશે નહિ :

શું માણસજાતને... ને ખાસ તો સ્ત્રી સમુદાયને – ધર્મના આધાર સિવાય નહિ ચાલે ? એ ધર્મોએ કદી સ્ત્રીઓને ચોક્કસ અધિકારો આપ્યા નથી કે અમુક અધિકારો અન્ય સત્તાઓ દ્વારા અપાવવાનો પ્રયત્ન પણ નથી કર્યો. આ ધર્મોની મહોર વાગી એટલે તો દલિતોનું દલિતપણું, ગરીબોની ગરીબી, અસ્પૃશ્યોની અસ્પૃશ્યતા અને સ્ત્રીઓની લાચારી ટકી રહ્યાં છે યુગયુગાંતરથી. છતાં ધર્મ-કર્મકાંડ અને અંધશ્રદ્ધાનું એવું કેવું વશીકરણ છે કે સામાન્યથી લઈને અસામાન્ય – સૌ કોઈ એના ભણી આંખો મીંચીને દોટ મારી મૂકે છે ? હા, ધરમ વશીકરણ છે. ધર્મઘેલછા એક જાતની ભૂરકી છે જેની અસરમાં આવ્યા પછી માણસજાત કાં તો નસીબવાદી, નિષ્ક્રિય અને ડરપોક બની જાય છે તો કાં તો ઝનૂની બનીને પોતાના જેવી જ માણસજાતની કત્લેઆમ કરવા ગાંડપણથી ધસી જાય છે. કલાઓ – ને તેમાંય સંગીત, ગીત, ભજનકલા એમાં જ્યારે ભળે છે ત્યારે આ ભૂરકી એક નશાનું રૂપ ધારણ કરે છે ને નિષ્ક્રિય બનેલી માણસજાતને વધુ ગાઢ ઘેનમાં ઢાળી દે છે. સમાજવાદી ચિંતક કાર્લ માર્ક્સ ધર્મને 'અફીણ' કહીને વખોડી નાખ્યો છે તે કંઈક આવાં જ પરિણામોની આશંકાથી ! આ બધાં ગીતોનો કેફ એની ગાનારી-સાંભળનારી બહેનોને આમ વરસોવરસ ઘેનમાં ઢાળતો રહેશે તો જાગશે કોણ ? અને તે પણ ક્યારે ? આપણી દલિત બહેનો માટે તો હજી પ્રાથમિક શિક્ષણ પણ પૂરતું નથી અપાયું ! એમની આગળ જ્ઞાન-બુદ્ધિ-વિજ્ઞાન અને દુન્યવી વિદ્યાઓનાં દ્વાર હજી તો ખોલવાનાં જ બાકી છે; ત્યારે એ સ્ત્રીઓને ને દલિત સમુદાયને પોતાની નિષ્ક્રિય-લાચાર-નસીબવાદી અવસ્થામાંથી મુક્ત થવા પ્રેરવાને બદલે; માત્ર લોકસાહિત્યનો મહિમા કે ગીતોની મીઠાશ અને શબ્દોના આકર્ષણની બોલબાલા કરવા બેસીએ તો આપણાંથી મોટું ગુનેગાર કોણ ?!

આવાં શ્રદ્ધા-ભક્તિનાં ગીતો લાખ ટકા વાસ્તવિકતાના નમૂના લાગે, હજારગણાં સુંદર ને મીઠાં લાગે છતાંય એનો પુરસ્કાર તો ન જ હોય ને ? એના પ્રત્યે આ ગાનારી-સર્જનારી બહેનોને પ્રશ્નો ઉઠાવતી – આંખો કાઢતી – કાલ ઊઠીને મુક્કી ઉગામતી પણ આપણે જ નહિ કરવી પડે ? બહેનોને અફીણની આદત છોડવા આપણે જ ઢંઢોળવી નહિ પડે ? આની શરૂઆત કરશે કોણ ? ને એય તે ક્યારે ?

❑

## પ્રકરણ-૭

# દલિત અસ્મિતાની આછેરી ઝલક

**મકવાણા વીરનું કથાગીત :** ઈતિહાસ એવો શબ્દ સાંભળતાની સાથે જ, રાજાઓ, રાજવંશો-રાજધાનીઓ અને રાજખટપટોનાં વિવિધ ચિત્રો નજર સામે તરતાં થઈ જાય. શું પ્રાચીન હસ્તપ્રતોમાં કે શું આધુનિક ટી.વી. સિરિયલોમાં... શું યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણમાં કે બીજા ધોરણના પાઠ્યપુસ્તકોમાં... ઈતિહાસ એટલે યુદ્ધની વાર્તાઓ, હારની ગાથાઓ ને જીતની કથાઓ ! આમ તો જર, જમીન અને જોરૂ જેવાં જમાનાજૂનાં કારણોસર જ આ યુદ્ધો થયાં હોય. સંપત્તિ અને સત્તાના ભાગલા પાડવા ને મોટામાં મોટો કોળિયો ઝૂંટવવા જ હજ્જારોએ જાન ખોયા હોય... જેમાં મરનારા તો માત્ર પગારદાર સિપાઈઓ હોય અને એમને ચલાવનારા જરિયાન તંબુમાં બેઠા બેઠા પાન ચાવતા – હુક્કો ગગડાવતા જાણે કે આમ ને તેમ ઉડાવતા હોય ! વળી એમના આવાં "પરાક્રમો (!)"ની કથાઓ ને ગાથાઓ ગાવા-ગવડાવવા, એના ચોપડા ચીતરવા પગારદાર "ઈતિહાસકારો" રખાયા હોય. એ ઈતિહાસકારો પોતાના અન્નદાતાની પ્રશંસાનાં ગાણાં લખી – ગાઈ-ગવડાવીને રોટલો ખાતા હોય કે ઈનામો મેળવતા હોય; શાલદુશાલ પામતા હોય, સરપાવ પહેરતા હોય ! છતાં આ ઈતિહાસને આપણે ગોખતાં-શીખતાં-ભણતાં રહીએ છીએ ને એને જ પ્રમાણભૂત માનતા રહીએ છીએ. પરિણામે આપણા હાથમાં જે આવે છે તે એકપક્ષી-એકાંગી-અતિશયોક્તિપૂર્ણ વર્ણનો, અર્ધસત્યો અથવા તો કહો કે અસત્યો !

કોઈએ ક્યારેય આ જીતેલાઓના ઈતિહાસને પડકાર્યો ? કોઈએ ક્યારેય હારેલાંઓની હાલત વિશે લખવાની હિંમત કરી ? કોઈએ ક્યારેય રાજાઓનો નહીં, પ્રજાઓનો ઈતિહાસ લખવાની કોશિશ કરી ? કદાચ લોકસાહિત્યે આ બીડું ઝડપ્યું છે !

લોકસાહિત્યમાં, અમુક અંશે કેટલીક વાર આવા પ્રામાણિક પ્રયત્નો થાય છે. સ્થાનિક વીરપુરુષો, વીરયુદ્ધો અને સ્થાનિક વિશિષ્ટ બનાવોનું દસ્તાવેજીકરણ થયેલું અચૂક જોવા મળે છે. અલબત્ત, રંગરૂપ પારંપરિક હોય છે, અતિશયોક્તિનો ઢોળ પણ ચડાવેલો હોય છે. છતાં લોકગાયકના હૈયામાંથી સચ્ચાઈનો સૂર પકડવો મુશ્કેલ નથી હોતો. મોટેભાગે આવા સ્થાનિક સંતો-શૂરા-સતીઓ આમસમાજનાં પ્રતિનિધિ હોઈ જેમને પેલા "પગારદાર" ઈતિહાસકારોના ચોપડામાં જગ્યા ન મળી તેમને



લોકગાયકની વહેતી વાણીમાં સ્થાન અચૂક મળ્યું છે. આવા ઈતિહાસના હાંશિયા પર ધકેલાઈ ગયેલા છે મોટાભાગના સ્થાનિક વંચિત-દલિત ને કહેવાતી પછાત કોમોના વીરો, સંતો અને વીરાંગનાઓ.

આપણી ભાલની બહેનો પણ આવી એક અસલ વીર-ગાથા લઈને આવે છે – મકવાણા વીરના ગીતમાં (ગીત-૧૪૧) સ્થાનિક જાણકારો ને વૃદ્ધો કહે છે કે આ મકવાણો દલિત બહારવટિયો હતો. મહીકાંઠા-બોરસદની આસપાસમાં એનું ગામ ને કામ જાણીતું હતું. આખા ખેડા પંથકમાં એના પરાક્રમનાં ગીત દલિતો ગાય છે. એ અંગ્રેજ સરકાર સામે બહારવટે ચડેલો.

"બહારવટિયા" શબ્દથી આપણે અજાણ નથી. મેઘાણીભાઈના "સોરઠી બહારવટિયા" પ્રખ્યાત છે ને એથીય વધુ પ્રખ્યાત છે એ કહેવાતા ક્રૂર-કઠોર બહારવટિયાના દિલમાં છુપાયેલા "માણસાઈના દીવા".

'માણસાઈના દીવા'માં, ગઈ સદીમાં જમીન અને મિલકતના મુદ્દે અન્યાયી અંગ્રેજ સરકાર સામે બહારવટે ચડેલા બાબર દેવા આદિ બહારવટિયાઓ અને એમાંના કેટલાકના હૃદયપરિવર્તનની સત્યઘટનાઓ છે. અંગ્રેજ સરકારે એ સમયે એવા બહારવટિયાઓને સંતાડનાર, ખેડા જિલ્લાના સામાન્ય નાગરિકો ઉપર કરવેરો નાંખ્યો હતો. લોકોનાં ગળાં દાબીને, દાદાગીરી કરીને લેવાતા આ કરનું નામ લોકોએ "હૈડિયો વેરો" આપેલું. આ કરવેરો એક જુલમી શાસનપદ્ધતિ હતી. આમ જનતાનું દમન અને શોષણ હતું. જેની સામે પાછળથી લોકઆંદોલન જાગેલું અને ગુજરાતભરમાં લોકસેવકોએ જનતાને જાગૃત કરી "ના કર"ની લડત માટે સાબદી કરેલી. રવિશંકર મહારાજ એવા લોકસેવકોમાંના જ એક !

આ હૈડિયાવેરા સામે પેલા બહારવટિયા પણ ઝઝૂમેલા – અલબત્ત એમની રીતે – તલવાર, તીર અને ભાલા-ધારિયા સાથે. પણ એટલું તો નક્કી કે એમની એ હિંસક લડાઈ સરકાર સામે હતી. જનતા સામે નહીં. ઈતિહાસ-દંતકથાઓ-લોકગીતો ભરપૂર છે. બહારવટિયાઓની સચ્ચાઈથી ! આપણે સૌ જાણીએ છીએ કે બહારવટિયા કદી આમ જનતાને નહોતા લૂંટતા. સ્ત્રી-બાળકો પર હાથ નહોતા ઉપાડતા – માત્ર એમને જેમના પર શંકા જાય કે આ સરકારના જાસૂસ છે – તો સગ્ગી બહેનને પણ નહોતા છોડતા !

પણ આવા બહારવટિયાઓ સ્વાભાવિક રીતે જ લોકપ્રિય હતા અને સરકારી કોપ અને કરવેરાના ભોગે પણ જનતા જોખમ લઈને બહારવટિયાઓને છુપાવતી ! પરિણામે સરકાર ચિડાઈને વધુ જુલ્મ કરતી. ગુજરાતનો સ્થાનિક ઈતિહાસ આવી આપણી દંતકથાઓથી ભરપૂર છે. ભાલ-ખેડાની બહેનોના ગીતભંડારમાં, આવા લડવૈયાનું કે આ ઈતિહાસનું પ્રતિબિંબ પાડતું ગીત ન હોય એ કેમ બને ? દલિત બહારવટિયા મકવાણા વીરને આપણી બહેનોએ ખાસો બિરદાવ્યો છે. આપણને પ્રાપ્ત ગીતમાં ઘણા જ ઓછા શબ્દોમાં એની આખી પરાક્રમ કથા ગવાઈ છે. કહેવાય છે કે અંગ્રેજોનાં માણસો જ્યારે લોકો પાસેથી જુલમી હૈડિયાવેરો ઉઘરાવી જતા હોય ત્યારે, રસ્તે જ એમને પકડીને મકવાણો એ પૈસા લૂંટી લેતો – ઝપાઝપીમાં અંગ્રેજોના

સિપાઈઓ મરતા. પેલા પૈસા એ ગરીબોને વહેંચી દેતો. ગરીબોનો બેલી થઈને, સાદાઈમાં જીવતો, લપાતો-છુપાતો રહેતો અને કાયમ પોતાનું માથું હથેળીમાં લઈને ફરતો, પળેપળે જીવને જોખમમાં નાખતો આ બહારવટિયો જાણે "રોબિનહૂડ" હતો ! બહારવટિયાઓના અભ્યાસુ અંગ્રેજ અમલદાર કિનકેઈડ સાહેબે આપણા બહારવટિયાઓની આવી દાનાઈથી જ તો આકર્ષાયા હતા... તે મેઘાણીભાઈએ જેમના પગલે બહારવટિયાઓને ઉજાગર કરીને સમાજમાં, ખાસ કરીને કહેવાતા ઉજળિયાત સમાજમાં એમની નવેસરથી પ્રતિષ્ઠા કરી. (ગીત-૧૩૯)

ગીત કહે છે :ભ

*"ઘડ ઘડ દોડે ઘોડી પણ સમજી ના શકે કોઈ*
*ઘોડલે આ ક્યાં જાય, અસવાર મકવાણા ?"*

ને પછી કોઈ મુખીને કેવી રીતે ઠાર માર્યો, કેવી રીતે ભલાજી નામના સરકારના માણસને ઝાલ્યો, કેવી રીતે વીરમગામ સુધી એનો પીછો કર્યો એની વાત ગવાઈ છે. તે કાળે વીરમગામ કાઠિયાવાડનું મોટું જંક્શન ગણાતું. સૌરાષ્ટ્રથી મુંબઈ અને દેશમાં બીજે જતી ગાડીઓ વીરમગામથી મળતી. વીરમગામ અંગ્રેજી થાણું હતું. મકવાણાએ વીરમગામની ટ્રેનો લૂંટીને, મુંબઈનો માલ હાથ કર્યો હતો. એ મકવાણાએ પોતાની બહાદુરીથી યુગમાં પોતાનું નામ રાખેલું.

એક વાર દેગાવાળા ગામે સગીબહેનને ત્યાં આશરો લેવા છુપાયો. બહેને બહુ વિનવણી કરી કે ધરાણા ગામે ન જઈશ, જઈશ તો તારું શિર સલામત નથી ! બહારવટિયાનાં માથાનાં સરકારે ઈનામ જાહેર કરેલાં ! જે કોઈ બહારવટિયાને જીવતો કે મરેલો, સરકારને સોંપે એને ઈનામ મળે એવી લાલચ આપવામાં આવી હતી. બહેને આ જોખમથી એને ચેતવી દીધો. પણ ડભોડા શહેરનો દારૂ પીવા, એવા કોઈ લોક સાથે મકવાણા બેઠો જેણે ખૂબ પિવડાવી પિવડાવીને એને બેહોશ કરી દીધો અને છેવટે ધરપકડ કરાવી. બહેનનું કહ્યું ન માન્યું – ધરાર પારકે ગામ ગયો, છેતરાયો ને પકડાયો. પણ જીવ ખોળિયામાં રહ્યો ત્યાં સુધી ઝૂઝ્યો. ફાંસીએ ચડતાં પહેલાં "પાંચને માર્યા... નવનાં કાપ્યાં નાક". એવા આ ઝૂઝારૂ વીરનું નામ દલિત સમાજમાં અમર થઈ ગયું. કેમ કે એ અંગ્રેજોના શાસન સામે માથું ઊંચકી ઊઠ્યો'તો અને કદી જીવની પરવા ન કરનાર એ વીર નર ગરીબોનો હામી થઈને છેવટે શહીદ થયો હતો.

સ્થાનિક ઈતિહાસના ખંડેરોમાંથી, આમ શોધી શોધીને જ્યારે દલિત દસ્તાવેજો વધુ ગવાતા થશે – પ્રચલિત થતા થશે ત્યારે પોતાને હીન માનતા, કાયમ દબાઈચંપાઈ મરનારા માનતા અને નિર્બળ માનતા દલિતોની અસ્મિતા અચૂક જાગી ઊઠશે. કહેવાતા ઉજળિયાતોએ એમને આપેલી આવી "નમાલી" ઓળખ ફગાવીને આ જ દલિતો પણ આવા અન્યાય-અત્યાચારની સામે અવાજ ઉઠાવવા તત્પર થશે; ત્યારે ભાલની બહેનોના કંઠે ગવાતા આ ગીતનું સાચું દસ્તાવેજી મહત્ત્વ પુરવાર થશે.

આ ગીતમાં ઘોડા ઉપર ફરતા મકવાણા વીર જાણે રામાપીરની પ્રતિકૃતિસમા લાગે છે. ગીતમાં પણ જાણે-અજાણે સરખામણી છે. રામદેવપીરનો કલંગી ઘોડો



હતો – મકવાણા વીરનો પણ છે. રામદેવપીર પણ ગાયો-સ્ત્રીઓ-ગરીબોના બેલી હતા. મકવાણા વીર પણ એ જ ઈતિહાસ ધરાવે છે. એટલું જ સન્માન પામ્યા છે.

પરંતુ, સવાલ એ છે કે આવા ઐતિહાસિક વીરોને પીરપૈગંબર બનાવી, એના ફોટા લગાવી – પૂજા કરવામાં જ સંતોષ માની લેવો કે પછી એમની ટેક, એમની નિડરતા, એમની અન્યાય સામે મરી ફીટવાની ફનાગારી અને શહીદીનો દાખલો લેવો ?

સ્થાનિક વીરગાથાઓનો આ સંદેશ પણ છે જ... જેને કાન હોય તે સાંભળે !

❑

## પ્રકરણ-૮

# નવી ક્ષિતીજો... નવો ઉઘાડ

## (ઉપસંહાર)

લગભગ ૧૬૦ જેટલાં આ ગીતોમાંથી પસાર થતાં થતાં લાગ્યું કે જાણે ભાલ પ્રદેશની યાત્રા કરી આવ્યા ન હોઈએ ! ઘેર ઘેર, ફળિયે ફળિયે વ્હાલસોઈ-કામગરી-હસમુખી-રમતિયાળ-શ્રદ્ધાળુ-ચબરાક-બટકબોલી-વહેવારુ બહેનોને મળતાં મળતાં; કોઈક ઘેર વળી કામથી – સંસારના ભારથી થાકેલી-લાચાર-દુઃખિયારી-ઓશિયાળી ને જમાનાજૂના ચીલે ચીલે ચાલનારી બહેનો પણ મળી આવી. બધાંએ જાતે, મનમૂકીને પેટ છૂટી વાત કરી. કો'કે હૈયાનો ભાર ઠાલવ્યો. તો કો'કે હોંશહરખની હેલી વરસાવી પણ જે કાંઈ સાંભળવા-જાણવા મળ્યું તે એમના જિવાતા જીવનની હૂંફથી ધબકતું મળ્યું.

આ ગીતો જેમ એમના સંસ્કારો અને સંસ્કૃતિને પ્રગટ કરતાં હતાં તેમ તેમની ચેતનાને પણ પ્રગટ કરતાં જ હતાં. પોતાના વાસ્તવ સામે ઝૂઝતાં રહેવાની, જીવતાં રહેવાની પહેલી શરત સાથે બહેનો જાણે જીવનસંગ્રામના મેદાનમાં ઊતરી આવી હોય તેવી લાગી. જે સમાજવ્યવસ્થાએ એને 'વસ્તુ' ગણી છે એની વચ્ચે એ 'વ્યક્તિ' બનીને – માથું ઊંચકતી – કંઠ ખોલતી – અવાજ ઉઠાવતી લાગી. પેલા સમાજે ચણી લીધેલી અડીખમ દીવાલમાં એણે પંડે કોતરેલી બારી-જાળીમાંથી જગતને જોતી-નિહાળતી દેખાઈ. કામની ઘટમાળમાં ને ઘરઆંગણાંની કેદમાંય પોતાની આગવી ધરતીનો ટુકડો ઢૂંઢીને મોકળાશના શ્વાસ લેતી જણાઈ.

સંબંધોના પારંપરિક ઘેરાથી વિંટળાયેલી હોવા છતાં એમાંથી એણે પોતીકી હૂંફ શોધી લીધી છે. એની જ સમાંતરે જીવતી, એની કેટલીક શહેરી – શિક્ષિત – આધુનિક બહેનોની જેમ એ ખુલ્લેઆમ અધિકારોની માંગ લઈને નથી નીકળી શકી પણ આ ગીતોમાં મોટે ભાગે તો એ એના શોષણકર્તાઓને અણસારે સમજાવી જ ગઈ છે કે મૂગાં રહેવાનો નો સૈયો... ગૂંગળાવવાનો સૈયો ! એણે સમાજના ઢાંચાને ભલે હચમચાવીને તોડ્યો નથી, પણ એ ઢાંચામાં પોતાની આગવી જગ્યા તો ઊભી કરી જ શકી છે.

અલબત્ત સવાલ એ છે કે, આ ગીતો દ્વારા પોતે જે કંઈ કરી રહી છે – કરી શકી છે એની એને પોતાને જાણ છે ખરી ? કેટલાક ગીતમાં એ પરંપરાઓનો



આડકતરો સ્વીકાર-પ્રચાર કરી રહી છે એ વિશે એ સભાન હશે ખરી ? ટાણે-અવસરે, હોંશેહોંશે ગવાતાં, પિતૃસત્તાક મૂલ્યોને જડબેસલાક બનાવતાં અમુક ગીતો એની પોતાની – કુટુંબની દાસી તરીકે, પુરુષની નજરે 'વસ્તુ' તરીકે અને આખાય સમાજની દૃષ્ટિએ, પુરુષ કરતાં ઊતરતી – અબળા – તરીકેની સ્થિતિને 'જૈસે થે' રાખ્યા કરે છે. એ વિશે એણે વિચાર કર્યો હશે ખરો ?

ગીતો હથિયાર છે : જેમ પરંપરાનાં, તેમજ પ્રગતિનાં હથિયાર પણ બની શકે. બહેનો સદીઓથી ગીતો સર્જતી આવી છે ને સમયે સમયે એમાં કંઈનું કંઈ બદલતી-ઉમેરતી રહી છે એ આપણે આમાંનાં કેટલાંય ગીતોમાં જાણ્યું અને માણ્યું. જૂના ઢાળ-ઢાંચાના આ ગીતોમાં નવા જમાનાના રંગ પુરાયેલા જોયા – પિક્ચર, હોટલ, મોટર, ઘડિયાળ, ક્રિકેટ, કોલેજ... ઉલ્લેખો ઘૂંટાતા જોયા. બહેનો આંખ-કાન ખાસ્સાં ખુલ્લાં રાખીને જીવે છે અને એમની કોઠાસૂઝ પણ પાક્કી છે એ પણ જોયું... પણ આ બધું એના ઘરસંસારની સીમિત આબોહવામાં ! લગ્નજીવન, તહેવારો, કૌટુંબિક સંબંધોના પરિચિત વર્તુળમાં ! પણ એવામાં અચાનક જ કોઈક ગીત આસપાસના ભેદભાવો, રાજસત્તાની તુમાખી અને અન્યાયકારી નીતિ સામે પ્રશ્નો ઉઠાવતું આવી મળે ત્યારે ? આવું ગીત જાણતાં-માણતાં માત્ર આનંદ અને આશ્ચર્ય જ નથી થતાં; ભાવિ સમાજપરિવર્તનનાં આછાં આછાં ઢોલ ઢબુકતાંય સંભળાય છે. પોતાના ઘરખોરડાની સાંકડી સીમાઓ વળોટીને, દૂરનું દેખી શકતી સ્ત્રીઓની આજ સુધી છૂપી રહેલી દૂરંદેશી દૃષ્ટિનો પણ પરિચય થાય છે... જે બહેતર સમાજવ્યવસ્થાની માંગ ઉઠાવે છે – ભ્રષ્ટાચારને પડકારે છે ને ગરીબીને હણી નાખવાની ખુમારી સાથે ગાઈ ઊઠે છે. આવી રોમાંચક ઘટના બનીને આપણી પાસે ત્રણેક ગીતો આવે છે : (ગીત-૧૪૦, ૧૪૧)

એક નોંધપાત્ર બાબત એ છે કે આ બંને ગીતમાંનું એક વ્યક્તિગત સર્જન છે ને એક સમૂહસર્જન ! પણ લોકસાહિત્યની જેમ જ નહીં... સજાગપણે થયેલું સમૂહસર્જન ! પોતાની વાસ્તવિકતાનું તાદૃશ્ય ચિત્રણ અને પડકાર કરતું સર્જન... જે ભાગ્યે જ, આટલી ખુલ્લે ખુલ્લા વિદ્રોહના રૂપે સમૂહસર્જન બનીને, આ દલિત લોકસમુદાયે – ખાસ તો દલિત સ્ત્રીઓએ ગાયું હોય ! બીજું એ કે, આ સારાં-માઠાં પ્રસંગ કે વારતહેવારનાં ગીત નથી, રિવાજ કે પરંપરાના ગીત નથી, છતાં આ લોકો વિશેનાં ગીત છે. લોકોની નક્કર, નઠોર, વાસ્તવિકતાનાં ગીત છે. લોકોની વાણી-વળોટ અને ઢાળમાં જ સર્જાયાં છે. લોકગીતની જેમ જ મૌખિકરૂપે અવતર્યાં છે ને ગવાતે ગવાતે જ રૂઢ થવાનાં છે. ગીતોમાં ગવાઈ છે તો પીડા જ... પણ એ પીડા જાતની – કુટુંબની – જ્ઞાતિની પીડાથી ઉપર ઊઠીને – બહાર નીકળીને ગવાય છે. પીડાનો વ્યાપ વધ્યો છે, ગાનારાંની ચેતના વધુ તીવ્ર છે અને વધુ વેધક છે એટલે ગીતને લોકગીતને બદલે 'દલિત કવિતા' કહેવી કદાચ વધુ ઉચિત રહેશે.

લોકગીતોમાંથી સાંપડતું દલિતકાવ્ય આપણી આ આખી ગીતયાત્રાનો "આખરી" તો નહીં જ પણ મહત્ત્વનો પડાવ છે. અહીં માળખું લોકગીતનું લાગે, ભાષાનું ઉપલું સ્તર પણ એવું લાગે, પણ ગાનાર બહેનોએ પોતાના સમુદાયોનાં

પ્રતિનિધિ બનીને રચેલાં ગીતો છે, ખાસ તો પરિવર્તન માટેની ઝંખનાનાં પ્રતિનિધિ.

એક પછી એક ગીતોને જોતાં જઈએ અને આજ સુધી ન વ્યક્ત થયેલી, નવી ઝંખનાનો સાક્ષાત્કાર કરીએ.

ગીત-૧૪૦ : ભાલપંથકનાં, ગાંફ ગામના દલિત શ્રમજીવી ઝાલુબહેને પોતાના દિલના જ નહીં; મન-બુદ્ધિના ઉદ્દગારો કાઢ્યા છે. સામે ભડભડ સળગતો ચૂલો, ચૂલા ઉપર તાવડી ને તાવડી ઉપર રોટલો... એક શેકાય છે ને બીજો હથેળીમાં ટિપાય છે... સંસ્થાનાં કાર્યકર બહેન સામે બેઠાં છે ને પૂછી બેસે છે કે તમે લોકો આટલાં આટલાં ગીતો – ભાતભાતના અવસરે – મન મૂકીને, દિલ ખોલીને ગાઓ છો પણ એમાં તમારી અસ્સલ જિંદગીની તકલીફોની વાત ભાગ્યે જ સંભળાઈ છે ! આમ એનાં એ ગીતો ગાવાને બદલે તમને તમારી હાલતનાં ગીત જોડવાનું-ગાવાનું મન "નથી થતું ?" "થાય છે ને ? કેમ નો થાય ? ઘણુંએ થાય છે કે હાચેહાચી વાત કઈ જ દૈયે" પછી રોટલાની ને ચૂલાની સાક્ષીએ પોતાની હૈયાની ઉકલતપૂર્વક, પોતાની જ નહીં; પોતાના આખાય સમાજની, તમામ દલિતો-શ્રમિકો-વંચિતોની વીતકવાત વણી લેતું; હડહડતી ગરીબી ને ધખધખતી વેદનાના સણસણતા સવાલો પૂછતું ગીત જોતજોતામાં "જોડી કાઢ્યું" આપણાં ઝાલુબહેને ભીના સાદે લલકારી ઊઠ્યાં'તાં : (ગીત : ૧૪૦)

*"ભારે થઈ કૉંગ્રેસ સરકાર ! કાયદા ક્યારે ઊઘડશે ?"*

ઢાળ લોકગીતનો, પણ ધારદાર વાણી, સાફ સમજ છે રાજકારણની – ગરીબલક્ષી ફાયદા છે તો ખરા; પણ ચોપડીઓમાં ! એ ચોપડી ચોપડા ઊઘડશે ક્યારે ? એમાં પુરાયેલા કાયદા આમજનતા માટે ક્યારે લાગુ પડશે ? લાંબો સમય કૉંગ્રેસ સરકાર હતી, લાંબા સમયથી જનતા સહન કરતી આવતી હતી. સીધું પૂછતાં કે સીધી આંગળી ચીંધતાં સાધારણ લોકોને, તેમાંય સ્ત્રીઓને તો ખાસ – કોઈની શેહશરમ નહિ નડે ! નિખાલસતા ને પારદર્શકતા એના સ્વભાવમાં છે. તક મળે ત્યારે એ સ્વભાવગુણ સકારાત્મક પરચો બતાડે છે.

ગોળ ગોળ ફેરવ્યા વિના, ગોળ વિંટ્યા વિના, પ્રતીકો ને અલંકારો વાપર્યા વિના સાચી વાત સીધી રીતે કહેવાઈ છે.

"ગરીબ જુએ છે દાદા, તમારી રાહું... તમારી રાહુંમાં અકળાઈ જાય... કાયદા ક્યારે ઊઘડશે ?" – અકળાઈ ઊઠે, પુણ્યપ્રકોપ બતાડી દે તે ખરી વાણી – નક્કર કવિતા. અઢળક મીઠાંમધ ગીતો વચ્ચે, અસંખ્ય આંસુભીનાં ગીતો વચ્ચે આવું અકળામણનું તાતું તીર કેવું વિંધી નાંખે છે ! નવી ભા ., નવો મિજાજ દાખવે છે !

ઝાલુબહેન આગળ જતાં વર્ણવે છે ઘઉંના વધેલા ભાવ, કપડાંના વધેલા ભાવ અને વચ્ચે "રોટલી સાની બનાવું સરકાર ?", "સાડલો સીનો લઉં સરકાર ?" – જેવા સવાલો ભલભલી સરકારોને મૂંઝવી નાંખે તેવા છે. દેશભરનાં ગરીબોનો આ ધા-પોકાર માત્ર બૂમાબૂમ કે ધમપછાડા નથી; જે શ્રમિકો કમ્મર તોડીને કણ કણ પકવે છે એમની ફરિયાદ છે. એકવીસમી સદીના આ શ્રમિકો ભોળાં મૂરખ નથી. ભલે ભણ્યાં નહીં હોય પણ ગણેલાં જરૂર છે – જાણે છે કે બંધારણ જે ું કંઈક છે – કાયદા છે; જે ગરીબપક્ષી છે – પણ સવાલ એના અમલીકરણનો છે. આ શ્રમિકો – દલિતોની આંખમાં ધૂળ નાંખી શકાય તેમ નથી – એમની આંખ ઊઘડી ચૂકી છે. એ ભલે છાપાં વાંચી નહીં શકતા હોય, પણ મજૂરીએ જતાં શહેરની હવા એમને ખાવી પડે છે. સતતના દુષ્કાળ-હોનારતો-રમખાણો-રોગચાળો-જમીન, રોજગારીનો અભાવ – વિકાસની અસમતોલ તરાહ – જેવાં કારણોને લીધે નિરંતર વિસ્થાપન, સતતના સ્થળાંતરની હડિયાપટી વેઠનારી આ પ્રજા છે. એ ગાય છે – "મજૂરી કરવા બારે જઈએ સીં, સોકરાં સીનાં ભણાવું, સરકાર ?" આ શ્રમિકોને માત્ર રોટલાની ચિંતા નથી – બાળકોના, આવનારી પેઢીના ભણતરનીય ચિંતા છે જ ! આ સમુદાય હવે સળવળતો થયો છે.



જેનાં કારણો ઘણાં હશે... વિસ્થાપન અને સ્થળાંતરને કારણે બહારની દુનિયા સાથેનો સંપર્ક, ગામમાં ફરતાં થયેલાં છાપાં-પત્રિકાઓ, ગાજતાં થયેલા ટી.વી. અને વિકાસલક્ષી કાર્યો કરતી સ્વયંસેવી સંસ્થાઓનો સંપર્ક પણ ખરો જ ! આમ તો આ પરિબળો મોટે ભાગે આખા સમુદાયને અસર કરે પણ ઝીલનારની ચેતનાનો પણ મુદ્દો નકારી ન શકાય. એવાં એકાદ ઝાલુબહેન આખી પરિસ્થિતિને જોતાં થાય – ગાતાં થાય એ એક રીત તો પરિવર્તનનું પહેલું પગલું ગણાય – જરૂર ગણાય.

જોકે ઝાલુબહેન કંઈ એકલાં નથી. આ જાગ્રત સરવાણીમાં ભળે છે ગંગુડોશી, લખુબહેન અને રતનબહેનના સૂર ! વરસડા વિસ્તારનાં ગગુડોશી આમ તો સાઠી વટાવેલાં ને લખુબહેન-રતનબહેન પણ પરંપરાનાં ગીતોમાં રાચનારાં... પણ સંસ્થાના મહિલામંડળ – બચતમંડળનાં સક્રિય કાર્યકરો. શિબિર માટે – મિટિંગ માટે અમદાવાદ આવે. જુએ-જાણે ને મનમાં વિચાર... કેટલાં વરસ ? હજુ એમને સાચી આઝાદી મેળવતાં કેટલાં વરસ લાગશે ? (ગીત-૧૪૧)

*"ચેટલા વરસ થયા બેન સ્વરાજ મળ્યાને*
*તોયે સુખ નથી આપણા ગરીબને."*

વાત તો અહીં પણ આઝાદીની અર્ધી સદીનાં લેખાં-જોખાંની છે પણ મુકાઈ છે સ્પષ્ટ વર્ગભેદના રૂપમાં. ગરીબોને ધનિકોની જીવનપદ્ધતિ વચ્ચેના ચોખ્ખા, ઉઘાડા ભેદભાવનાં દર્શનરૂપે ! પોતાની નજર સામે, પોતાનાં લોહી પસીના અને મહેનત ઉપર ઊભા થતા – વધતાં જતાં – સમૃદ્ધ બનતાં શહેરોને જોઈને આ શ્રમજીવી બહેનોને સવાલ થાય છે – "ગરીબોને રહેવાને ઝૂંપડા જ રહ્યા પણ માલદારો મહેલ-મહેલાતોમાં મ્હાલે છે. આ તો કેવી આઝાદી ?" આ તે કોની આઝાદી ? ગરીબો રોટલો-ચટણી ખાઈને પેટ ભરે છે; પણ અમીરો મેવામીઠાઈ આરોગે છે. ગરીબો ફાટીતૂટી ગોદડીમાં ઊંઘ ખેંચે છે તો અમીરો ગાદલા-તકિયાની મોજ માણે છે ! આવું કેમ ? પચ્ચાસ પચ્ચાસ વરસ થઈ ગયાં "સ્વરાજ" મળ્યાંને; પણ ગરીબોને સુખ નથી જ મળ્યું ! આવું કેમ ? "સ્વરાજ" બધાંનું નહીં ? સુખ બધા માટે નહીં ?

કેવો સળગતો સવાલ ? કેવી સાચી વાત ? ભાલના ખૂણાના એકાદ ગામના છેવાડે, કૂબા-ખોરડામાં ચૂલો ફૂંકતી, લાજ કાઢીને જાતને બચાવતી-છુપાવતી આ

દલિત સ્ત્રીઓની બુદ્ધિ ઉપર ક્યાંય પડદા નથી પડેલા ! એના માંહ્યલાને પૂછતો-અકળાવતો અને બંધનમાંથી મુક્તિ ઝંખતો રોકવાની કોઈની દેન નથી ! આ મુક્તિની ઝંખના વ્યક્ત થાય છે બંધન વિશેની સમજદારીમાંથી... પોતાને થયેલા અન્યાયને સરેઆમ ગાવાની હિંમતમાંથી.

આટલે પહોંચ્યા પછી એક બીજો વિચાર પણ ઊઠે છે. ગુજરાતમાં છેલ્લાં વીસ વર્ષથી દલિત-સાહિત્ય નવા જમાનાના પ્રશ્નો અને પડકારો સાથે, માથું ઊંચકીને ગાજતું થયું છે. તીખી-ધારદાર અને બીજી તરફ હૃદય વલોવી નાખે એવી વ્યવસ્થા સામે – સ્થાપિત હિતો સામે સૌ કોઈ સવાલો કરતા કરી મૂકે એવી નવલકથાઓ, ટૂંકીવાર્તાઓ અને કવિતા સારા એવા પ્રમાણમાં રચાતી રહે છે – પ્રગટ થતી રહે છે – ચર્ચાતી રહે છે અને સૌથી વધુ તો – કહેવાતા મુખ્ય પ્રવાહના સાહિત્યકારો-વિવેચકો-અધ્યાપકોએ નોંધ લેવી પડે છે, નમતું જોખવું પડે છે ને દલિત સાહિત્યની કદર પણ કરવી પડે છે.

આમ છતાં દલિત-મહિલા-સર્જકો તો આંગળીના વેઢે ગણાય એટલાંય નથી સાંપડતાં. આનાં અનેક સાંસ્કૃતિક-સામાજિક-આર્થિક કારણો છે, તે આપણે સૌ સમજી શકીએ તેમ છે. છતાં આ મુદ્દો ઉપાડીને, ખુલ્લી ચર્ચા કદી છેડવામાં નથી આવી. ખાસ તો – ગણ્યાંગાંઠ્યાં દલિત-મહિલા વાર્તાકારો કે ગદ્યલેખિકા જોવા મળે છે પણ કવયિત્રીઓ હજી બહાર નથી આવી. દલિત સમાજ અને દલિત સાહિત્ય અંગે ચિંતા સેવનારાંઓએ કેમ આ મુદ્દાનો અભ્યાસ નહીં કર્યો હોય ? કેમ આ મુદ્દે શિક્ષિત દલિત-સમાજમાં પણ ચિંતા-મંથન નહિ થતાં હોય ? આવે વખતે, ઝાલુબહેન-ગગુડોશી કે રતનબહેન, લખુબહેનને જ આપણે 'દલિત કવયિત્રી' માનીએ તો ખોટું શું છે ? આ ઘરખૂણાની ચિનગારીઓ કાલ ઊઠીને 'મશાલ' બને એની રાહ જોઈશું ને ?

સવાલ છે આવી ચિનગારીઓને ભભૂકતી રાખવાનો ! આ પિતૃપ્રધાન સમાજવ્યવસ્થા, આ પ્રલોભનકારક બજારસંસ્કૃતિ, આ નરી ભોગપ્રધાન પ્રગતિમાં ઝંખવાઈ તો નહિ જાયને આ દલિતબહેનની સમાનતાની સ્વતંત્રતાની – શોષણવિહીન સમાજની ઝંખના ? લોકોને નર્યા લોકગીતોના રોમાંચક રાગમાં રાચતાં રાખનારાઓ – કહેવાતી ભવ્ય સંસ્કૃતિના કહેવાતા ભવ્ય વારસની જાળવણી કરનારાઓની સંકુચિત જમાત ટાંપીને બેઠી છે. આવાં ઊઠતાં માથાંને પાછાં હેઠાં નમાવવાં ! પુરાતનપંથી મૂલ્યોની વાહ-વાહ કરી ને નવા અવાજને દબાવી દેવા ! દલિત સમાજને બોટી લેવા, પેલા કહેવાતા સાહિત્યક્ષેત્રમાં પણ હરીફાઈ ચાલી રહી છે. આપણી કોણીએ ગોળ લગાડીને આપણાં જ કાંડાં કાપવા એ પંડિતો તલપાપડ છે. આ બધાંમાં ઠરી તો નહીં જાય ને આ ધગધગતી ચિનગારીઓ ? અન્યાય અને અત્યાચાર સામેનો આ પડકાર છે. આવે વખતે દલિત-શ્રમિક સમાજે પણ સતત જાગતા ને ચેતતા રહેવું પડશે. એમને સાથ આપવો પડશે આવી વિકાસલક્ષી કાર્યો કરતી સંસ્થાઓએ ! માત્ર મહિલાબેન્કો કે બચતમંડળો કરીને થોડું બેસી રહેવાશે ? આવા અંગારા પરની રાખ હવે એક વાર ઊડી જ ચૂકી હોય તો એ અંગારાને ફૂંકીફૂંકીને સતત ચેતતા રાખવા પડશે ! એકબે ઝાલુબહેન, રતનબહેન, લખુબહેનના અવાજ, આ પિતૃપ્રધાન-મૂડીવાદી-બજારલક્ષી-ગરીબદલિત વિરોધી સમાજરચનાની જમાનાજૂની દીવાલો હચમચાવવા



પૂરતા નહીં પડે. આવાં અસંખ્ય બહેનો-અસંખ્ય વંચિતો-પીડિતો-શ્રમિકો એક થઈને પોતાના પ્રશ્નો જગાડશે ત્યારે ને ત્યારે જ ભોંય ભેગી થશે આ દીવાલો !

આ ગીતોની તરતપાસના અંતે, ઉપસંહારવેળાએ એટલું જ કહેવાનું કે પરંપરાની રેતીમાં, બહેનો ગોતીગોતીને ભલે મોતી વીણતી... પણ અસલ રંગ તો ત્યારે આવશે જ્યારે એ લોકો પોતે – પોતાના પ્રશ્નો, પીડાઓ, આનંદ અને આશાઓ પોતાની રીતે – પોતાની હિંમતથી ગાતી થશે !

❑

# પરિશિષ્ટ-૧
# ગીતોની યાદી

૧. દિકરો જનમે તારે દેવળ કેવાય
દિકરી જનમે તારે પત્થર કેવાય

૨. હંસાબહેન દૂધના સવાદી રે પાડી દોવા જાય
પાડે મેલીસે પાટું રે મા... મા... કરતા જાયશે

૩. લીલા પીળા મારા જસીબહેનના હાથ (૨)
રૂપાળા હાથોમાં બંગડી શોભે રે કે રંગી મારા રાજ (૨)

૪. મેડીએ મેલ્યો સોનાનો બાજઠીયો,
મા મારો સોના રૂપાનો બાજઠીયો, મેડીએ મેલ્યો સોનાનો બાજઠીયો.

૫. ફૂલડું ઊતર્યું રે ફૂલની વાડીએ રે લોલ
શૈલેષભાઈ ઊતર્યા આંબાની ડાળ.

૬. એક રંગીન મેલમાં બેઠા પ્રેમુબહેન દાદાએ હસીને બોલાવ્યા
એક ઊંચો વરનો ઓરો હો દાદા ઊંસો તે નત નેવા ભાંગસે રે

૭. ઊંચા તે ઊંચા દાદે ગઢડા ચણાવ્યા,
એથી રે ઊંચા ગઢના કાંગરા.

૮. એક ભર રે જોબનીયામાં બેઠા રેખાબહેન, દાદાએ હસીને બોલાવીયા રે...
કેમ રે દીકરી તારા મનડા ઉદાસ કે કેમરે, આંખોમાં આંસુ આવીયા રે...

૯. આવું તે રૂડું આસોપાલવનું ઝાડ રે,
તેની રે નીચે લીલાબહેન સોડ તાણી સૂતા રે.

૧૦. અમારા બેની કોલેજ કરવા ગ્યાતા, ત્યારે જમાઈ પટ્ટાવાળા થીયાતા
પટ્ટાવાળાની નજરું અમારા બેનીને લાગીતીરે,
ઉડ રે પંખીડા તારે પ્રીત બંધાણી.



૧૧. નદી કિનારે બેન રમતાતા એકલા,
જોતાંતા દાદાની વાટો રે લગનની કાજે ઉજાગરા,
દાદાએ સાસરું ગોત્યું છે ગામડું, બેની મારા શેરના શોખીન રે.

૧૨. મારી બેની અંગ્રેજી ભણેલા ને સાથે ગુજરાતી ભણેલા,
કે બેનના જીવન ઉદાસ ઉદાસ, મારી બેની...

૧૩. પીયર છોડીન જવું સગુણાન પરદેશ,
કાકા કુટુંબ રે માડી મારું કોઈ નથી રે.

૧૪. મારી બેને ભરી સભામાં ફૂલ ફેંક્યા રે ગજરો ગુલાબી રે,
મારી બેને વરસડાની માયા છોડી રે ગજરો ગુલાબી રે.

૧૫. સવ કોઈ પીયરમાં જાય રે મહાદેવજી
પાર્વતીને પીયર જવાના ઘણા કોડ છે.

૧૬. જેવી વડુલિયાની સાયા એવી માતપિતાની માયા,
બેનને છોડવી પડશે સાસરે જવું પડશે.

૧૭. ગીતાબેની સાસરીમાં જાવ તો સાવધ રહેજો સાસરિયું છે ચોર
હો બેની સાસરિયું છે ચોર.
તમારી સાસુ ઘડિયાળ ચોરસે તમને બનાવશે ચોર
હો બેની સાસરિયું છે ચોર.

૧૮. સૌ કોઈ મને વહુ કહી બોલાવે,
હું નહિ જાઉં સાસરિયે મને પિયર વાલુ લાગે.

૧૯. દાદા હો દિકરી દાદા હો દિકરી વાગળ શહેરના દેશોજી રે,
વાગળની વઢીયાળી સાસુ દોયલી રે... દાદા...

૨૦. બાઈએ મેલ્યા ઢીંગલ મેલ્યા પોતીયાં રે,
બાઈએ મેલ્યો સૈયરુંનો સાથ રે મેલીને ચાલ્યા સાસરે રે.

૨૧. મારું પાંખ વિનાનું પંખી બેની તમે પાળજો રે,
બેનના માતાપિતા છે દૂર બેનની કોણ લેશે સંભાળ, મારું પાંખ વિનાનું...

૨૨. કિશોર જમાઈ તમને વીનવું રે,
મારી બેની છે નાનેરું બાળ રે.

૨૩. વનનો તે મોરલો આંગણે આવ્યો આવ્યો અમારા દેશ રે
બેની તમે થોડા દિવસના મહેમાન છો.

૨૪. દાદાના ખોળા બેનીએ વિસાલી મેલ્યા, (૨)
સસરાના ખોળા વાલા લાગ્યા ચંપા બેની,
દેખાતા ડુંગર બેનીને વાલેરા લાગ્યા. (૨)

૨૫. રોઈ રોઈ લાડી આંખ જ રાતી, શાને તમને દુઃખ આયા.
સસરા તમારા દશરથ જેવા, સાસુ તમારા કૌશલ્યા જેવા.

૨૬. મસ્ત મારી બેની તું મસ્ત રેવાની, તિજોરીની ચાવી તારી પાસે રેવાની.
દાદાના બંગલા આજ સુના રેવાના, સસરાના બંગલા આજ ગાજી રેવાના.
મસ્ત મારી...

૨૭. ઝીણી ઝીણી વાદળીમાં વીજલડી ચમકે વીજલડી ચમકે
માર આંખલડી જાવને વીરા માંડવડે કન્યા કુમારી.

૨૮. કાળી છે કોયલડી ને સાદે સોહામણી, આવ રે કોયલડી આપણા દેશમાં
કાળી છે કોયલ ને સાદે સોહામણી આવ રે...

૨૯. કાળી તે કોયલ સાદે સોહામણી .આય રે કોયલ આપણા દેશમાં (૨)
આપણા – દેશડિયામાં નદિયું ઝાંઝેરી કેમ કરી આવું રે આપણા દેશમાં

૩૦. માર બાર તે હાથનું બાજરીયું,
માર તેર હાથનું રાંડુ બાલુજીનું બાજરીયું.

૩૧. સાસુને આંગણે લીબોડી જી રે મારે આતે વળતી છાય લીલાધર લીબોડી રે
સાસુને ઘરે મહેમાન આવ્યા મારે આવે મારો વીર લીલાધર લીબોડી રે.

૩૨. રસોડાની રાણી પીરસોને થાળી
દાળ, ભાત, રોટલી ને માથે ખમણ ઢોકળી.

૩૩. સૈયર મોરી ચાલોને રમીએ, અમને રમતાં ન આવડે,
અમે રમી બતાઈએ, તમારું રમેલું ન રમીએ.

૩૪. મરચું બાંધ્યું ઓલી આંબલિયાની ડાળ...
મારે લડવું ઓલી જશી વહુ સંગાથ.

૩૫. કોના ઘોડા ને કોની વેલ માતા મોરી કોના ઘોડા ને કોની વેલ રે
કોના હાથીડા આવેય ઝુલતા હો જી. (૨)

૩૬. મીરાબાઈ દેગમ આવળગાની દીકરી રે (૨)
એના સગપણ રાણાદેની સાથ વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે.

૩૭. વીરા ચાંદલીયો ઉગ્યોન અરણયુ આથમી રે
વીરા ક્યાંય લગણ જોઉં તમારી વાટ રે.

૩૮. હે એવા ઊંચા ટીંબે રે માડી મારું સાસરું,
નીચા છે કાંઈ મૈયરીના મોલ રે.

૩૯. આવી આવી પાવાગઢની ચૂંદડી
મૂલવો મૂલવો જગદીશભાઈ પાવાગટની સુંદડી...



૪૦. ચોક વચ્ચે ચંપલીયો રોપાવો રે દેરાણી (૨)
ઊંચી ચડે રે ઊચેરડી રે (૨)
જોઉ મારા વીરાની વાટ રે દેરાણી (૨)
ચેટલે રહ્યો રે માડીજાયો એકલો રે (૨)

૪૧. દાદાની આજ્ઞામાં બેની ઉપવાસ ઘડી
વીરા એમના આજ્ઞા આલો પરણાવવાની ઘડી.

૪૨. આવી રૂડી આંબલીયાની ડાળે, હિચકો રે બાંધ્યો હીરનો રે માણા રાય,
એ... કાકા મોરા દેવું હોય તે દેજો, લાંબાની વાટ મારે જાવું રે માણા રાય.

૪૩. માંડવળો રોપાવો મારો માંડવળો રોપાવો મારા રાય,
ઝીણી ઝીણી ચાંદલીયે સોહાવો મારા રાય.

૪૪. ઝાલાવાડી મેમાન આયા રાય (૨), ચોખલીયે વધાઈ લેજો રાય (૨)
મોંઘીબેનના મામા આયા રાય (૨), મોતીડે વધાઈ લેજો રાય. (૨)

૪૫. પાછલી ચીઠ્ઠી તે લખીએ આપણે સઘળે (૨), ગદ્ગદ લખ્યા ફૂલવા રે (૨)
ઘમ્મર વલોણા રે (૨), અવસર આવ્યો આંગણે.

૪૬. કેડે ડુંડાળા ગણપત કેડે ડુંડાળા, લાડાના લગન જો.
ચાલો ગણેશ મારા કેડે ડુંડાળા ગણેશ કેડે ડુંડાળા.

૪૭. દેવ દૂંદાળા ને મોટી ફાંદાળા,
તેત્રીસ કરોડ દેવતા સીમાડે આવ્યા.

૪૮. ભમરે ડુંગર ખુંધા રે, ભમરો ધોળો છમ રે,
ભમરે ફરફર કરતો ભમરો ઊડી બેઠો રે.

૪૯. લીલુડા વાંસની વાસંડી રે આળા માર્ગ વાગતી જાય
ગામના ગરાસીયે પૂછ્યું રે આ કેનો રાજા જાય.

૫૦. ભમરો ઉડ્યો રંગ મોલમાં રે
પડી નગારાની દાંડી ભમર તારી જાનમાં રે

૫૧. મોટર હાલે ઝાડી જંગલ એક (૨)
કેમ રે ઈશ્વરભાઈ મોટર ધીમી હાલે મોરા રાજ (૨)

મારે મારા દાદાજીની વાટ (૨)
દાદોય આવે તો મોટર ધીમી ચાલે મોરા રાજ. (૨)

૫૨. હીર મોતીનો લુમખો ન કન્યા મોતીનો દાણો
કન્યા કાગળ મોકલે તમે રાયવર વેલા આવજો.

૫૩. ધીમે ધીમે ચાલો બેની ઠેસલડી ના વાગે રે
સામે તમારા સસરા બેઠા ઠેસલડી ના વાગે રે.

૫૪. લીલી ઈંઢોણી હીરની રે, મને પાણી ભર્યાની ઘણી હોંશ રે, લીલી...
સાંકડી શેરીમાં મારા સસરા સામા મળ્યા રે,
મને લાજ કાઢ્યાની ઘણી હોંશ રે... લીલી...

૫૫. સાસુજી ઘડૂલો ફૂટ્યો, વહુ રે કેમ કરતા તૂટ્યો.
વાછરડાને પાણી પાતા, હાથ વછૂટ્યો ઘડૂલો ફૂટ્યો.

૫૬. લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો,
ફૂલ કેરે દડૂલિયે સીતાએ વેર વાળ્યા જો.

૫૭. માર સોનાની સોપારી રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
હું છાણા વીણવા ગઈ તી રે, અરરર... ઓય ઓય વીંછુડો. (૨)

૫૮. વનડા રે વન એક ગાવલડી પોદરા ઝાઝા કરે જો,
ભાનુ ગઈતી છાણા વીણવા વીંછુડે ચટકારી જો,
હાથના હલ પગના હલ જબરી કરી નાખી જો,
વીંછુડાના વૈદ્ય તેડાવો, વીંછુડા ઊતરાવો જો.

૫૯. ગરબરીયા કોરાવો ગોરી ગરબે રમવા આવો જો
કયા ભાઈની નાર મારા ગરબે રમવા આવો જો.

૬૦. આંબળી પીપળી રમતા જસુબેન
ત્યાં ચંદુ જમાઈ નીસરયા રે લોલ.

૬૧. ચોરીના થંભે નીંદરડી આવે (૨) બાળેકડા પરણાવીયા
ઘણું જીવો બેનના દાદા મોતીભાઈ (૨) બાળેકડા પરણાવીયા.

૬૨. મારી પૈસાની પેટી મારે પ્રેમ ચઢી
સુનિલભાઈ નવી ગોરી લાયા મારે પ્રેમ ચઢી.

૬૩. મેળે નથી જાવું માર, જમના ઝાંઝરિયું,
મળ્યું હોય તો આલો મારું, જમના ઝાંઝરિયું.

૬૪. કોરું કંકુ શીશી ભરેલ, મંઈ અત્તરનો વાસ,
ખોડિયું મારું ખાલી પડ્યું, ને જીવ છે બેન પાસ.

૬૫. ચાલી રે મારા સસરાની પોઠ આપણી પોઠ ક્યારે ચાલસે વણઝારા હો જી (૨)
નથી રે મારી ગાંઠના નાણા નાણા વેચી લાવું દોકડો રે વણઝારા હો જી. (૨)

૬૬. રમીલાની બેની મુંબઈ ગઈતી નવ મહિના રહી આઈ
મસુપર ગઈતી મસુ પર ગઈતી.



૬૭. ભાણી થઈ ગઈ ભજનમાં ભગતાણી
તાલ તંબૂરો વાગે એ તો ત્યારે જઈને એ તો બેસતી ભજનમાં.

૬૮. આગળ મેડીયો પાછળ કાળો,
વચ્ચે રાજુડીન એ રાજુડી તારો એળે અવતાર જશે જો.

૬૯. લાડી લાડો જમે છે કંસાર કેવો લાગે છે.
લાડાનો બાપો પુછે લા કંસાર કેવો લાગે છે.

૭૦. જમાઈનો ભાઈબંધ ઉંદરડો
હાલતો જાય માલતો જાય કંસારનો કોડીયો ભરતો જાય.

૭૧. દેખો દેખો આ દુનિયાની નવી ફિલ્મ
પેલા વેવાઈના પેટમાં બટાટા બફાઈ.

૭૨. કૂવાને કાંઠડે એલચી જળ ભરવા દો,
એલચીના લાંબા પાન, પાણીડા ભરવા દો.

૭૩. રાજા રામની તલાવડીમાં માછલી રોળાય (૨)
જેવી માછલી રોળાય એવા જડીબેન રોળાય. (૨)

૭૪. છોરા આવડો શો કાળો મોતી સેર મનડા રે,
હોંચે (શોક્ય) તડકામાં જણ્યો મોતી સેર મનડા રે,
આડા પડદાના બાંધ્યા મોતી સેર મનડા રે,
ટેંપુ તેલના પાડ્યું મોતી સેર મનડા રે.

૭૫. આછી આછી બંગડીયું પેર મારી વેવાણ,
અમદાવાદના ભાયડા કરવા મેલ મારી વેવાણ,
વરસડા શેરના પૂંજા ભઈન આય મારી વેવાણ,
આછી આછી બંગડીયું પેર મારી વેવાણ.

૭૬. લાલ પીળો હલવો વેચાય મુંબઈના ચોકમાં,
રમેશ તારી માડી વેચાય મુંબઈના ચોકમાં.

૭૭. મારે તે આંગણ પથ્થરની પાણિયારી રે
લખુબહેન તું તો પાંચ બેડા પાણી લાઈ રે.

૭૮. ચાર પાંચ મંકોડા મંકોડાની હાર ચાલી
વીનીયા તારી બેની રે બપોરાની પાણી ગઈ છ.

૭૯. રામપુરાની ટોપલડી રમેશના માથે મૂકી રે,
સુરેશના પાદરીયામાં છાણાં વીણવા ગ્યોતો રે.

૮૦. અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો રે આપણા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય
કાંતિભાઈ ગામ સધવ્યા, રાણી જડીબહેન તો ગીતડા ગાય રે
બારોટજીનો ફેટો લ્હેરાય જાય.

૮૧. થંભી રહો મંડપની બહાર ઉતાવળ શેની કરો છો
હજી અમારી બેની શણગાર સજે છે.

૮૨. રેલગાડી આવી મુંબઈનો માલ લાવી,
જુવોને મારી બેનો આ રેલગાડી આવી.

૮૩. મારા માંડવા હેઠ, હીરની દોર, ચીરના દોર, ઘૂઘરીયાળા ગોદડા,
મારા રતનબેન ચોર ચોરી ગ્યાતા ગોદડા.

૮૪. આવા આહૂરા શુ આયા મારા વેવયો રે (૨)
વાટમાં કૂતરી વિયાણી મારા વેવયો રે. (૨)

૮૫. આઈ આઈ ભાદરવાની રેલ ભાદર ગાજે સે
આપણો વેવાય તણાયો જાય ભાદર ગાજે સે
મેલો મેલો કાંતીભાઈ દોટ ભાદર ગાજે સે આપણો...

૮૬. ડીસ્કો મંડપ ડીસ્કો મંડપમાં લીલા લહેર છે
બેન છે ગોરા ગોરા જમાઈ તો થોડા શ્યામ છે.

૮૭. વાંકો અંબોડો દેવીબોનનો લળી લળી જાય,
એરે અંબોડે વેવઈ વેણી નથી લાવ્યા રે.

૮૮. મોટાના મામેરા આયા ચાલો જોવા જઈએ રે
છાબ માથે સવિતા નાચે ચાલો જોવા જઈએ રે.

૮૯. પીંપરે ચડતોન પેંપરો ખાતો,
ઝાડે ચડીન દુહા કેતો રે ગધાડીનો ગોલો.

૯૦. ચ્યાંથી આયો રે ચ્યાંથી આયો રે, ઓલા બાવળના થડ જેવો ચ્યાંથી આયો રે,
લઈ ચાલ્યો રે લઈ ચાલ્યો રે, મારા ગુલાબના ફુલન લઈ ચાલ્યો રે.

૯૧. કાચા બાવળીયા વઢાવો કેસારી રંગ લો
તેનો રેટિયો બનાવો કેસારી રંગ લો
રેટિયો સેર સુતર કાતે કેસારી રંગ લો
તેનો ઘાઘરો સીવડાવો કેસારી રંગ લો.

૯૨. રેંટિયો શેર સુતર કાંતે એના ઝીણા તાર નીકળે
રેંટિયો શેર સૂતર કાંતે, કસુંબી રંગ લ્યો.



૯૩. ઢમક ઢોલકી વાગછ પરાગડો જમય ઘેર ઘેર નાચ છ,
આવતા આવતા ભૂલો પડ્યો ઘાંયજાના ઘરમાં પેસી ગયો.

૯૪. મારો ઘુઘરો રે અમદાવાદથી મંગાવો, ઘમ્મર ઘુઘર વાગે રે,
વીન્યાન ટાંટીયે બંધાવો, ઘમ્મર ઘુઘર વાગે રે.

૯૫. એક સોયો ને સૂતળી મંગાવો રે,
ઓલ્યા રમેશનું નાક વીંધાવો રે.

૯૬. જજો કૈલાસબહેન સાસરે જરા માપમાં રેજો,
સસરો ભાળી ઘુંઘટ તાણજો, સાસુડીને પાયે પડજો.

૯૭. સુરતની છોડિયું અમને પુછે ગાંફના છોકરા કેવા છે.
હાથમાં પુસ્તક ને કાંડે ઘડિયાળ તમને રાખે તેવા સે.

૯૮. કાળી કાળી વાદળીમાં વિમાન ચાલે, નીચેની દુનિયા જોયા કરે,
ભણેલા મનહરસિંગ છાપા વાંચે, અભણ મીનાવહુ સમાચાર પૂછે,
કાળી કાળી...

૯૯. આવડી વાર ચ્યાં લાગી ગજરાના વર. (૨)
બેની વેચવા ગ્યોતો ગજરાના વર (૨)
ત્રણ દરવાજા વેચી ગજરાના વર. (૨)
દેગડી રૂપિયા લાયો ગજરાના વર. (૨)

૧૦૦. આંબા પાસે આંબલડીને લળી રે કોયલડી
રસ રોટલી જમે રે મારા જસુબહેનના દાદા.

૧૦૧. ગરબો મારો ગરબરિયો પરઘેર રમવા જાય, ભાઈ મારો ગરબો લો,
કયો ભઈ ગરાસિયો પાઘડીમાં રાખે ફૂલ, ભાઈ મારો ગરબો લો.

૧૦૨. જળ મોરિયા રે આયો મરણ તારા કેરના,
જળ મોરિયા રે, આવ વહી જશે રે જળ મોરિયા રે.

૧૦૩. વહેલી પરોઢમાં મરઘો બોલ્યો રે એક રોજમાં હાય, હાય, હાય,
મરઘ એમના ઘર ન જગાડ્યા હાય, હાય, હાય...

૧૦૪. લીલી પીળી વાદળીય ઘીંસાય, સાય સજન કેવયું,
ભઈ ડોશી તું મારો વીર, અવ નંઈ આવું તારા મેલમાં.

૧૦૫. રામ લક્ષ્મણવનમાં ચાલ્યા સાથે સીતા નારી
સાથે ના આવશો તમે પ્રાણપતિ પ્યારી.

૧૦૬. મારે ઘેર કેળ ચંપો ને મરવો, ડોલર લહેરા રે હો જાવને
આજ પછી સીતાજી રામને કહેશેય, ઉતારા કરતા રે હો જાઓને.

૧૦૭. જગમાં દુઃખની પાછળ મરજો, છાંય છાંય છાંય...
રમતા હસે રામ સીતાના મનમાં રમતાં વસે શ્રીરામ.

૧૦૮. અવળી ગંગા સવળા નીર વહુના ઘેર સાસુ બેસવા જાય (૨)
વહુ રે વહુ મારા સવળી વહુ લખજો રે લંકાના હુરા. (૨)

૧૦૯. ઠાકોર ફૂલવાડીમાં ઊતર્યા રે લોલ (૨)
ઠાકોર દાતણ લેવાય ઘેર આવજો રે લોલ. (૨)

૧૧૦. જોષી માર જોસ રે જુઓને અમને કયા દહાડે મળશે ઘેલો કાન
સુખડા અમારા વાલ, રાઈ, મગ જેવડાને.

૧૧૧. વાલે નિંદર ભરી રથ જોડીયા (૨) વાલો પરદેશી ફુલ લાવીયા (૨)
લાવી રોપ્યું રાધાજીના આંગળિયે ફુલ ફાલ્યું સ દશવીસ પાંખળિયે.

૧૧૨. ભાઈ ભજન મળી તલવાર રાધે ગોવિંદા (૨)
રામ ભજો તો બેડો પાર રાધે ગોવિંદા.

૧૧૩. પ્રભુ જન્મારો મારો લખજે રે, પરભુ લાંબા લખજે લેખ,
મોંઘો મનખો ફરી નંઈ મળે રે (૨)
પરભુ બાપ વના શી બેટડી રે (૨),
પ્રભુ માય વન શા લાડ, મોંઘો મનખો ફરી નંઈ મળે રે. (૨)

૧૧૪. હેલ રે ભરીન હું તો હાલું રે ઉતાવળી,
માર હૈયે હરખ ન માંય રે, માર ઘેર પ્રભુ પધાર્યા (૨)
મારા પ્રભુન ઉતાર જોવશું, (૨)
ઉતાર ઓરડે દેશું રે. મારા ઘેર... હેલ રે ભરીન...

૧૧૫. રાતે નીંદરા દિવસે કામ ચ્યારે ભજસુ શ્રીભગવાન
એક એક પળ જાય લાખની રે.

૧૧૬. સૈયર ચાલોને જાવી કાશીએ રે...
દીકરીને ઓળાવો ઈના સાસરે...

૧૧૭. હું શોધી રહ્યો ભગવાન મારે કોનું ધરવું ધ્યાન (૨)
પથ્થરના મંદિર બનાવ્યા પથ્થરના ભગવાન.

૧૧૮. પ્રભુ મારા દુઃખનો દાડો પ્રભુ મારી વેળા વાળો,
બાર રૂપિયે હું બાયડી લાયો, તરત માંદી થઈ.

૧૧૯. હેલો મારો સાંભળો રે રણુજાના રાજા
હુકમ કરો પીર જાત્રાએ થાય, મારો હેલો સાંભળો.



૧૨૦. ધોળી ધજાયુ ને ધોળા રે દેવળ, ધોળી પીરની શેજુ જી રે,
અમર દીવો અમ મશાનો
આંધળા રે પોકારતા રે આવે આંધળાને આંખ્યુ આલે જી રે... અમર...

૧૨૧. ગઢપીર બાવાના ડંકા વાજીયા રે વાજ્યા વરસડા
શહેરની માય ગઢપીર વેલેરા પધારજો
પીરને ઉતારા દેસું ઓરડા રે...
પીરને દેસું મેડીના મોલ... ગઢપીર વેલેરા...

૧૨૨. તારા હરગવાડામાં આંબાને આંબલી
દાદા સવગણને બોડી બજાર રે સવગણ દાદા.

૧૨૩. છલકાતુ આવે બેડલું મલકાતી ક્યાંથી આવે નાર રે મારી સાહેલીનું બેડલું (૨)
મારા ગામના સુથારી રે વીરા તમને વીનવું. (૨)

૧૨૪. માનો ગરબો રે રમે રાજને દરબાર, રમતો ઘૂમતો રે ગયો સુતારીને ઘેર
ઓલી સુતારીની નાર તું તો સૂતી હોય તો જાગ,
માના ગરબે રે રૂડી માંડવડી ઘડી લાય.

૧૨૫. ગુલાબવાડી ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપો રે,
પહેલું ગુલાબ મારું પહેલું ગુલાબ મારું ચોટીલા મોકલાવો
ચોટીલાના ચોટીલાના ચામુંડા વ્હેલા આવો રે,
નહિ રે આવો તો માડી (૨) લાજુ તમારી જાસે રે.

૧૨૬. અંબેમાની ચૂંદડી નવ નવ રંગની,
નવ નવ રંગમાં ને જુદી જુદી ભાતમાં, અંબે...
એરે ચૂંદડીએ કીયા રાજા મોયા,
એરે ચૂંદડીએ પત્તય રાજા મોયા.

૧૨૭. પાળેથી ચકલી થઈને ફરે તાંતણીયાવાળી ખોડીયાવાળી રે...
માથે મટુકડીને હાલી આવું આરાસુર થતી આવું,

૧૨૮. તાંતણિયા ધરા વાળા ખોડલ મા (૨)
બોલાવે તમારો બાળ ખોડિયાર આવોને રમવા (૨)
માના મંદિરીએ વાંઝિયારે આવતા (૨)
વાંઝિયાને પારણા બંધાય ખોડિયાર આવોને રમવા (૨)

૧૨૯. મા ખોડલનો રોજો મા, મા ખોડલનો રોજો મા,
વનમાં ચરવા છોડ્યો મા, વનમાં ચરવા છોડ્યો મા.

૧૩૦. ચક્કરડી ભમ્મરડી માર ઘેર, ઝાઝી રે માયાળુ મા,
ચકરડીનો રમનાર દેજો રે માયાળુ મા.

૧૩૧. ચક્કરડી ભમ્મરડી મારા ઘેર ઘણી રે દશામા
ચક્કરડીનો રમનાર દેજો રે દશામા.

૧૩૨. દશામાની સાંઢડી આવે દોડતી રે (૨) હે પગમાં ઘુઘરા ઘમ ઘમ થાય
દશામાના નાક પ્રમાણે નથડી રે દશામાને ટીલડીના શણગાર.

૧૩૩. દશામા ચંપે ચઢે ને મરવે ઊતરે
હું તો જોવું મારા દશામાની વાટ દશામા ક્યારે આવશે.

૧૩૪. રાતું રાતું ફુલડું અને એથી રાતો રંગ
એવો રંગ લાગ્યો મને દશામાના ધૂનમાં
કોઈ આવે હાથીડે ને કોઈ આવે ઘોડેલે.
કોઈ આવે પગે ચાલી દશામાની ધૂનમાં

૧૩૫. હાંકો હાંકો દશામા સાંઢ ઘૂઘરા ઘમકે સે
મારે જાવું મુંબઈ શહેર ઘુઘરા ઘમકે સે હાંકો હાંકો દશામા...

૧૩૬. દશામા ઊતર્યા ગાંફ ગામની પાળ સરોવર સોહામણો
સખીઓ આવે છે મા તમારા પાળે.

૧૩૭. હું હમણે પાસી આવું રે દશામા
મારું ઘર સાચવજો.

૧૩૮. સોળ સોળ સોમવારના બેની વ્રત કર્યા રે લોલ
ઝાઝા કર્યા દશામાના વ્રત જો, દુનિયામાં દુઃખી એક દીકરી રે લોલ

૧૩૯. ઘડ ઘડ દોડે ઘોડી પણ સમજી ના શકે કોઈ,
ઘોડલે આ ક્યાં જાય અસવાર મકવાણા.

૧૪૦. ભારે થઈ સે કોંગ્રેસ સરકાર કાયદા ક્યારે ઊઘડશે
ગરીબ જોવે છે, દાદા તમારી રાહુ.

૧૪૧. ચેટલા વરસ થયા બેની સ્વરાજ મળ્યાને
તોયે સુખ નથી આપણા ગરીબને.
ગરીબોને રહેવા માટે નાની નાની ઝૂંપડી (૨)
માલદારોને રહેવા માટે મોટા બંગલા. (૨)

❑

# પરિશિષ્ટ-૨

## પ્રકરણ-૩
## પિતૃસત્તાક મૂલ્યો અને લોકગીતોનું અર્થઘટન

**કુટુંબજીવનમાં દીકરી :**

૧. દીકરો જનમે તારે દેવળ કેવાય
દીકરી જનમે તારે પત્થર કેવાય
ઓછા સે માન ઈના ઓછા સે માન
દશ વર્ષની દીકરી બની ભણીગણીન હોશિયાર બની
સોળ વર્ષની સુંદરી બની
ઓછા સે માન ઈના ઓછા સે માન
સોળ વર્ષની સુંદરી બની એમના મા-બાપની ચિંતા વધી
દીકરો પરણે તારે સાકર વેચાય
દીકરી પરણે તાર આંસુડાંની ધાર
ગાય જેવી દીકરી દોરે ત્યાં જાય એની માતાનો સુનો સંસાર
ઓછા સે માન ઈના ઓછા સે માન.

૨. હંસાબહેન દૂધના સવાદી રે પાડો દોવા જાય
પાડે મેલીસે પાટું રે મા... મા... કરતા જાયશે
માયે મેલ્યો ઢેબો રે બાપા પાસે જાય
બાપે મેલ્યો ઢીકો રે વીરા પાસે જાય
વીરે મેલ્યો સે સેડો રે બેની પાસે જાય
બેને મેલ્યો સે ચૂટીયો રે રડતા રડતા જાય

**લગ્નગીતોમાં કુંવારી કન્યાના કોડ :**

૩. લીલા પીળા મારા જસીબહેનના હાથ (૨)
રૂપાળા હાથોમાં બંગડી સોભે રે કે રંગી મારા રાજ. (૨)
લીલા પીળા મારા વડુલિયાના પાંદ (૨)

રૂપાળા પાંદુમાં વડલો ફાલ્યો રે કે રંગી મારા રાજ (૨)
લીલા પીળા મારા જસીબહેનના પગ (૨)
રૂપાળા પગમાં મ્હેદી શોભે રે કે રંગી મારા રાજ (૨)
લીલા પીળા મારા વડુલિયાના પાંદ (૨)
રૂપાળા પાંદુમાં વડલો ફાલ્યો રે કે રંગી મારા રાજ (૨)
લીલી પીળી મારી જસીબહેનની ડોક (૨)
રૂપાળી ડોકુમાં શણગાર શોભે રે કે રંગી મારા રાજ (૨)

૪. મેડીએ મેલ્યો સોનાનો બાજઠીયો,
મા મારો સોના રૂપાનો બાજઠીયો, મેડીએ મેલ્યો સોનાનો બાજઠીયો,
ઝાંઝરી મેલી સોનાના બાજઠમાં, તોય ના આલ્યો સોનાનો બાજઠીયો,
મા મારો સોના...
ચાંદલી મેલી સોનાના બાજઠમાં, તોય ના આલ્યો સોનાનો બાજઠીયો,
મા મારો સોના...
લોકીટ મેલ્યું સોનાના બાજઠમાં, તોય ના આલ્યો સોનાનો બાજઠીયો,
મા મારો સોના...

૫. ફુલડું ઊતર્યું રે ફુલની વાડીએ રે લોલ
શૈલેસભાઈ ઊતર્યા આંબાની ડાળ
લાડી પુછે વરરાજીયાને શુશુ લાયા શણગાર
હાર લાયા ને હાંસડી લાવસુ
વરમાળા લાવે વહુનો બાપ
ફુલડુ ઊતર્યું...
લાડી પુછે...
શેલુ લાયાને ચૂંદડી લાવસુ
પાનેતર લાવે વહુનો બાપ
ફુલડુ ઊતર્યું...
લાડી પુછે...
ઘડિયાર લાયાને પોંચી લાવસુ
મીંઢણ લાવે વરનો બાપ
ફુલડુ ઊતર્યું...
લાડી પુછે...

૬. આવું તે રૂડું આસોપાલવનું ઝાડ રે,
તેની રે નીચે લીલાબહેન સોડ તાણી સૂતા રે,
એમના રે દાદા બોલાવે તોય ના બોલે રે,
દાદા રે મોરા એક વચન પુરા પાડો રે,



વરસડા શેરમાં છોકરો છે બાળ કુંવારો રે,
તેની રે સાથે પરણાવો તોજ હું તો બોલું રે,
નહીંતર હું તો રહીશ બાળ કુંવારી રે,
આવું તે રૂડું....
તેની રે નીચે લીલાબહેન સોડ તાણી સૂતા રે,
એમના રે માતા બોલાવે તોયે ના બોલે રે,
માતા રે મોરા એક વચન પુરા પાડો રે,
વરસડા શેરમાં છોકરો છે બાળ કુંવારો રે,
તેની રે સાથે લગન કરો તો જ હું તો બોલું રે

૭. એક રંગીન મેલમાં બેઠા પ્રેમુબહેન દાદાએ હસીને બોલાવ્યા
એક ઉંચો વરનો ઓરો હો દાદા ઉંસો તે નત નેવા ભાંગસે રે
એક રંગીન મેલમાં બેઠા પ્રેમુબહેન માતાએ હસીને બોલાવ્યા
એક અભણ તે વરના ઓરો હો માતા અભણ તે કુટુંબ લજાવશે રે
એક રંગીન મેલમાં બેઠા પ્રેમુબેન વીરાએ હસીને બોલાવીયા
એક કાળો તે વરના ઓરો હો વીરા કાળો તે કુટુંબ લજાવશે રે
એક રંગીન મેલમાં બેઠા પ્રેમુબેન મામાએ હસીને બોલાવીયો
એક ભણેલ વર ઓરો હો મામા ભણેલા કુટુંબ સજાવશે રે

૮. એક ભરરે જોબનીયામાં બેઠા રેખાબેન, દાદાએ હસીને બોલાવીયા રે...
કેમ રે દીકરી તારા મનડા ઉદાસ કે કેમ રે, આંખોમાં આંસુ આવીયા રે...
એક કાળો તે વરના જોશો ઓ દાદા, કાળો તે કુટુંબ લજાવશે રે...
એક નીચો તે વરના જોશો ઓ બાપુ, નીચો તે નીત ઠેબે ચડશે રે...
એક ઊંચો તે વરના જોશો ઓ બાપુ, ઊંચો તે નીત નેવા ભાંગશે રે...
એક કોલેજ કરતો ને ક્રિકેટ રમતો,
કેડે પાતળિયો અને મુખે શામળિયે એવો મારી સૈયરે વખાણ્યો રે...
મારી સૈયરે વખાણ્યો રે...

૯. અમારા બેની કોલેજ કરવા ગ્યાતાં, ત્યારે જમાઈ પટ્ટાવાળા થીયાતા
પટ્ટાવાળાની નજરું અમારાં બેનીને લાગીતીરે,
ઊડ રે પંખીડા તારે પ્રીત બંધાણી
અમારાં બેની પિક્ચર જોવા જ્યાતાં, ત્યારે જમાઈ ટિકિટવાળા થ્યાતા,
ટિકિટવાળાની નજરું અમારાં બેનીને લાગીતી રે,
ઊડ રે પંખીડા તારે પ્રીત બંધાણી

૧૦. નદી કિનારે બેન રમતાતાં એકલાં,
જોતાંતાં દાદાની વાટો રે લગનની કાજે ઉજાગરા.

દાદાએ સાસરું ગોત્યું છે ગામડું,
બેની મારા શેરના શોખીન રે,
લગનની...
જોતાં તા કાકાની વાટો રે લગનની,
કાકાએ જમઈ ગોત્યા છે અભણ, બેની મારા મૅટ્રિક પાસ રે,
લગનની...
નદી કિનારે બેન રમતાતાં,
જોતાતાં માતાની વાટો રે લગનની,
માતાએ જમઈ ગોત્યા છે કાળા, બેની મારા ચંદરમાનું તેજ રે,
લગનની...
નદી કિનારે...

૧૧. ઊંચા તે ઊંચા દાદે ગઢડા ચણાવ્યા,
એથી રે ઊંચા ગઢના કાંગરા,
ગઢરે ચડીને બેની દેવીબા જુએ,
ચેટલેક આવે રે વર લાડલો
છેટેથી આવ રાયવર રસનો ભરેલો,
તડકાના તેજે રાયવર શામળો,
ઉજળા રે ઉજળા મારા વરના જાનૈયા,
તેથી રે ઉજળો રે વર લાડલો.

૧૨. મારી બેની અંગ્રેજી ભણેલાં ને સાથે ગુજરાતી ભણેલાં,
કે બેનના જીવન ઉદાસ ઉદાસ, મારી બેની...
બેનની શહેરની અતિબોલી કે બેનને ગામડામાં પરણાયા,
કે બેનના જીવન ઉદાસ ઉદાસ, મારી બેની...
બેનની હારની બોલી કે બેનને ચેનમાં સમજાયા,
કે બેનના જીવન ઉદાસ ઉદાસ, મારી બેની...
બેનની એરિંગની બોલી કે બેનને રિંગોમાં સમજાયા,
કે બેનના જીવન ઉદાસ ઉદાસ, મારી બેની...

**લગ્નગીતોમાં પિયરનો ઉલ્લેખ :**

૧૩. પિયર છોડીન જવું સગુણાન પરદેશ,
કાકા કુટુંબ રે માડી મારું કોઈ નથી રે,
ત્યાં મારી કુણ લે સંભાળીયું રે માતા મારી,
પીયર છોડીન સગુણાન જવું પરદેશ,
મામા મારે મોસાળે રે મારું કોઈ નથી રે,



મા મારી કુણ લે સંભાળીયું રે માતા મારી,
પીયર છોડીન સગુણા જવા પરદેશ,
માતા હું તો બેનડી કેવાઉં,
ભઈ વિનાની માતા હું બેનડી કેવાઉં,
ત્યાં મારી કુણ લે સંભાળીયું રે માતા મારી,
પિયર છોડીને સગુણાન જવું પરદેશ.

૧૪. મારી બેને ભરી સભામાં ફૂલ ફેંક્યા રે ગજરો ગુલાબી રે,
મારી બેને વરસડાની માયા છોડી રે ગજરો ગુલાબી રે,
મારી બેનને સાસરીની માયા લાગી રે ગજરો ગુલાબી રે,
મારી બેને દાદાની માયા છોડી રે ગજરો ગુલાબી રે,
મારી બેને ભરી સભામાં...
મારી બેને માતાની માયા છોડી રે ગજરો ગુલાબી રે,
મારી બેનને સાસુની માયા લાગી રે ગજરો ગુલાબી રે,
મારી બેને ભરી સભામાં...
મારી બેને વીરાની માયા છોડી રે ગજરો ગુલાબી રે,
મારી બેનને દિયરની માયા લાગી રે ગજરો ગુલાબી રે,
મારી બેને ભરી સભામાં...
મારી બેને બેનીની માયા છોડી રે ગજરો ગુલાબી રે,
મારી બેનને નણંદની માયા લાગી રે ગજરો ગુલાબી રે.

૧૫. સવ કોઈ પીયરમાં જાય રે મહાદેવજી
પાર્વતીને પીયર જવાના ઘણા કોડ છે.
રથ કરીયો તૈયાર પારવતી રથ કરીયો તૈયાર જો
એવા પારેવતી પીયર જવા ચાલીયા
કેટલા દિવસનો વદાળ પારેવતી કેટલા દિવસનો વદાળ
એ તમે કેટલા દિવસે પાછા આવશો
ત્રણ દિવસનો વદાળ મહાદેવજી ત્રણ દિવસનો વદાળ રે
એ એવા ચોથા દિવસે પાછા આવશો
વીતી ગયા નવ નવ માસ પારેવતી વીતી ગયાં નવ નવ માસ રે
એ એવા પારેવતી પાછા નવ આવીયા
ગણો પીપલડીનાં પાન મહાદેવજી ગણો પીપલડીનાં પાન રે
એ એવા એટલા દિવસે પાછા આવશું
પાછા નય આવે પારેવતીજી પાછા નય આવે
લીધો મોચીડાનો વેસ જો મહાદેવજીએ લીધો મોચીડાનો વેસ જો
એ એવી ખભે લીધી છ લાલ મોજડી

સખી સાહેલીઓની સાથે પારેવતી સખી સાહેલીની સાથ રે
એ એવી પારેવતી પાણી ભરવા નીકળીયાં
કરો મોજડીઓના મુલ રે મોચીડા કરો મોજડીઓના મુલ રે
મારા પગમાં પેરાવો લાલ મોજડી
આલુ બેચાર ગામ મોચીડા તને આલુ બેચાર ગામ રે
એ તને આલુ મારા હૈયા કેરો હારલો
ના જોઈએ બેચાર ગામ મારે મોચીડા ના જોઈએ બેચાર ગામ રે
મારે ના જોઈએ હૈયા કેરો હારલો
રાધો ને ભાવતા ભોજન પારેવતી રાધોને ભાવતા ભોજન રે
તારા હાથે જમવાને ઘણા કોડ છે
ગુરુ પ્રતાપે જાય કલ્યાણજી ગુરુ પ્રતાપે જાય રે
હું તો તમાર ચરણોનો દાસ છું.

**સાસરું-સાસરિયાં વિશેનાં ગીતો :**

૧૬. જેવી વહુલિયાની સાયા એવી માતપિતાની માયા
બેનને છોડવી પડશે સાસરે જાવું પડશે
જેવા મોટરના ઝપાટા એવા સાસુના ઝપાટા
બેનને વેઠવા પડશે સાસરે જાવું પડશે
જેવી વહુલિયાની સાયા એવી માતપિતાની માયા
બેનને છોડવી પડશે સાસરે જાવું પડશે.
જેવા સાઈકલના ઝપાટા એવા નણંદલના ઝપાટા
બેનને વેઠવા પડશે સાસરે જાવું પડશે
જેવી વહુલિયાની સાયા એવી માતપિતાની માયા
બેનને છોડવી પડશે સાસરે જાવું પડશે
જેવા ગાડીયુના ઝપાટા તેવા સસરાના ઝપાટા
બેનને વેઠવા પડશે સાસરે જાવું પડશે

૧૭. ગીતાબેની સાસરીમા જાવ તો સાવધ રહેજો
સાસરિયુ છે ચોર હો બેની સાસરિયુ છે ચોર
તમારી સાસુ ઘડિયાળ ચોરસે તમને
બનાવશે ચોર હો બેની સાસરિયુ છે ચોર
ગીતાબેની સાસરીમાં જાવ તો સાવધ રહેજો
સાસરિયુ છે ચોર હો બેની સાસરિયુ છે ચોર
તમારી સાસુ નથણી ચોરસે તમને
બનાવશે ચોર હો બેની સાસરિયુ છે ચોર



ગીતાબા બેની સાસરીમા જાવ તો સાવધ રહેજો
સાસરિયુ છે ચોર હો બેની સાસરિયુ છે ચોર
તમારી નણંદી રૂમાલ ચોરશે તમને
બનાવશે ચોર હો બેની સાસરિયુ છે ચોર
ગીતાબા બેની સાસરીમા જાવ તો સાવધ રહેજો
સાસરિયુ છે ચોર હો બેની સાસરિયુ છે ચોર
તમારી જેઠાણી સાડી ચોરસે તમને
બનાવશે ચોર હો બેની સાસરિયુ છે ચોર
તમારા દિયર વીટીયુ ચોરસે તમને
બનાવશે ચોર હો બેની સાસરિયુ સે ચોર
ગીતાબા બેની સાસરીમા જાવ તો સાવધ રહેજો
સાસરિયુ સે ચોર હો બેની સાસરિયુ છે ચોર
તમારી દેરાણી ઘડિયાળ ચોરસે તમને
બનાવશે ચોર હો બેની સાસરિયુ છે ચોર

૧૮. સૌ કોઈ મને વહુ કહી બોલાવે
હું નહિ જાઉ સાસરિયે મને પિયર વાલુ લાગે
રીંગણા જેવો જેઠ મને વહુ કહી બોલાવે
હું નહિ જાઉ સાસરિયે મને પિયર વાલુ લાગે
બટાકા જેવડા સસરા મને વહુ કહી બોલાવે
હું નહિ જાઉ સાસરિયે મને પિયર વાલુ લાગે
દડા જેવો દિયર મને ભાભી કહી બોલાવે
હું નહિ જાઉ સાસરિયે મને પિયર વાલુ લાગે
જોડા જેવડી જેઠાણી મને પગડા ધોવડાવે
હું નહિ જાઉ સાસરિયે મને પિયર વાલુ લાગે
નાની મારી નણંદી માથેડા ગુથાવે
હું નહિ જાઉ સાસરિયે મને પિયર વાલુ લાગે
સૌ કોઈ મને વહુ કહી બોલાવે

૧૯. દાદા હો દીકરી દાદા હો દીકરી વાગળ શહેરના દેશોજી રે
વાગળની વઢીયાળી સાસુ દોયલી રે... દાદા...
દિવસે ખંડાવે મા મને રાતલડે દળાવે જો
ફસલના પરોઢિયે પાણી મોકલે... (૨)
ઓશિકે ઈંઢોણી મા મારી પાંગતે દોતરડું રે
ખોરડાને ઓસરિયે મા મારુ વેલડું... (૨)
ઘડૂલોના પહોંચે મા મારી રાસલડીના પહોંચે જો
કૂવાના પાવડે ઊંચી આસનો... (૨)

**કન્યા વિદાય :**

૨૦. બાઈએ મેલ્યા ઢીંગલ મેલ્યા પોતીયાં રે
બાઈએ મેલ્યો સૈયરુંનો સાથ રે મેલીને ચાલ્યા સાસરે રે
બાઈએ મેલ્યા ઢીંગલ મેલ્યા પોતીયા રે
બાઈએ મેલ્યો મા-બાપનો સાથ રે મેલીને ચાલ્યા સાસરે રે
બાઈએ મેલ્યા ઢીંગલ મેલ્યાં પોતીયા રે
બાઇએ મેલ્યો ભોજાઈઓનો સાથ રે મેલીને ચાલ્યા સાસરે રે

૨૧. મારું પાંખ વિનાનું પંખી બેની તમે પાળજો રે,
બહેનના માતાપિતા છે દૂર બહેનની કોણ લેશે સંભાળ,
મારું પાંખ વિનાનું...
બહેનના કાકા છે દૂર, બહેનની કોણ લેશે સંભાળ, મારું પાંખ વિનાનું...
બહેનના મામા છે દૂર, બહેનની કોણ લેશે સંભાળ, મારું પાંખ વિનાનું...
બહેનના વિરા છે દૂર, બહેનની કોણ લેશે સંભાળ, મારું પાંખ વિનાનું...

૨૨. કિશોર જમાઈ તમને વીનવું રે
મારી બેની છે નાનેરું બાળ રે
પ્રેમથી સાચવજો રે
પાણી માંગે તો દૂધ આપજો રે
એને ઝાઝા લડાવજો લાડ રે પ્રેમથી સાચવજો રે

૨૩. વનનો તે મોરલો આંગણે આવ્યો આવ્યો અમારા દેશ રે
બેની તમે થોડા દિવસના મહેમાન છો
બેની મોરા હાલુ ચાલુ થઈ રીયા રે બેની રાધા હવે જાય રે
બેની તમે આજઘડીના મહેમાન છો
બેની તમે થોડા દિવસના મહેમાન છો
માતા છોડી દો પીતા છોડી દો છોડી દો નાનેરા ભાઈ રે
બેની તમે આજ ઘડીના મહેમાન છો
વનનો તે મોરલો આંગણે આયો બેની ઢડકતી ઢેલ રે
બેની તમે આજ ઘડીના મહેમાન છો
બેની મોરા હાલુ ચાલુ થઈ રીયા રે માતા રડતા જાય રે
બેની તમે આજ ઘડીના મહેમાન છો
કાકા છોડી દો કાકી છોડી દો છોડી દો નાનેરી બહેન રે
બેની તમે આજ ઘડીના મેમાન છો
મામા છોડી દો મામી છોડી દો સૈયુરોનો સાથ રે
બેની તમે આજ ઘડીના મેમાન છો.



૨૪. દાદાના ખોળા બેનીએ વિસારી મેલ્યા, (૨)
સસરાના ખોળા વાલા લાગ્યા ચંપા બેની,
દેખાતા ડુંગર બેનીને વાલેરા લાગ્યા (૨)
માતાના ખોળા બેનીએ વિસારી મેલ્યા,
સાસુના ખોળા વાલા લાગ્યા ચંપાબેની,
દેખાતા ડુંગર બેનીને વાલેરા લાગ્યા (૨)
વીરાના ખોળા બેનીએ વિસારી મેલ્યા,
પૈણ્યાના ખોળા વાલા લાગ્યા ચંપાબેની,
દેખાતા ડુંગર બેનીને વાલેરા લાગ્યા. (૨)

૨૫. રોઈ રોઈ લાડી આંખ જ રાતી, શાને તમને દુઃખ આયા,
સસરા તમારા દશરથ જેવા, સાસુ તમારા કૌશલ્યા જેવા,
સ્વામી તમારા રામ જેવા શાને તમને દુઃખ આયા,
દિયર તમારા લક્ષ્મણ જેવા, દેરાણી તમારા ઉર્મિલા,
શાને તમને દુઃખ આયા

૨૬. મસ્ત મારી બેની તું મસ્ત રેવાની, તિજોરીની ચાવી તારી પાસે રેવાની,
દાદાના બંગલા આજ સુના રેવાના,
સસરાના બંગલા આજ ગાજી રેવાના, મસ્ત મારી...
કાકાના બંગલા આજ સુના રેવાના, જેઠજીના બંગલા આજ ગાજી રેવાના,
મામાના બંગલા આજ સુના રેવાના, દિયરજીના બંગલા આજ ગાજી રેવાના

૨૭. ઝીણી ઝીણી વાદળીમાં વીજલડી ચમકે વીજલડી ચમકે
માર આંખડી જાવને વીરા માંડવડે કન્યા કુમારી
દેશો પરદેશના વેવયો જોય વળ્યાં દેશો પરદેશની કન્યાઓ જોય
વળ્યા દિપિકા વહુને જોઈને મારી આંખલડી જાવને વીરા
માંડવડે કુંવારી કન્યા કુમારી દેશો પરદેશનો વેવયો જોઈ
વળ્યા અમૃતભાઈને જોઈને મારી આંખલડી જાવને વીરા
માંડવડે કન્યા કુંવારી ઝીણી ઝીણી વાદળીમાં વીજલડી
ચમકે વીજલડીને ચમકે મારી આંખલડી
જાવને વીરા માંડવડે કન્યા કુંવારી

**લગ્નગીતોમાં વરપક્ષનો સૂર :**

૨૮. કાળી છે કોયલડી ને સાદે સોહામણી, આવ રે કોયલડી આપણા દેશમાં
કાળી છે કોયલ ને સાદે સોહામણી આવ રે...
ગામે ના જાણું નામે ના જાણું, આવરે કોયલડી આપણા દેશમાં.
સસરા ના જાણ્યા સાસુ ના જાણ્યા, કેમ કરી આવું આપણા દેશમાં,

સસરા મોતીભા સાસુ ગલાલમા આવરે કોયલડી.
કાકાના જાણ્યા કાકી ના જાણ્યા,
કેમ કરી આવું, કાકા ખુશાલભાઈ કાકી શાન્તુમા આવરે કોયલડી.

૨૯. કાળી તે કોયલ સાદ સોહામણી આય રે કોયલ આપણા દેશમાં (૨)
આપણા – દેશડિયામાં નદિયુ ઝાંઝેરી કેમ કરી આવું રે આપણા દેશમાં
તેડાઓ માછીડાના હોડિયુ હોડકાઓ.

**લગ્નગીતો અને અન્ય ગીતોમાં સાસુવહુનો સંબંધ :**

૩૦. માર બાર તે હાથનું બાજરીયું,
માર તેર તે હાથનું રાડુ બાલુજીનું બાજરીયું,
માર સાસુને વહુનો ઝઘડો થયો,
માર સાસુએ ઝાલ્યો ચોટલો,
કંઈ મેરે ઝાલ્યા બે કાન બાલુજીનું બાજરીયું,
કંઈ મેલોન બયજી ચોટલો,
કંઈ જશે તમારા કાન બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુએ લીધુ સાંબેલું,
કંઈ મેરે લીધી જાડી ઈહ બાલુજીનું બાજરીયું,
કંઈ જાડી ઈહ પડાવે ચીહ બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુ ચાલ્યા શેરીએ,
કંઈ હું રે ચાલી રે બજાર બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુના ઘરે મેમાન આયા
કંઈ મારે આયા મારા વીર બાલુજી...
કંઈ સાસુએ ઓરી કોદરી,
કંઈ મેરે ઓરી ઝીણી સેવ બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુજીની કોદરી ખદબદ,
કંઈ ભલે ચડે મારી ઝીણી સેવ બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુના મેમાન જમીયા,
કંઈ મારા વીરા જમ્યા બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુને આલ્યું કાપડું,
મારા વીરે આલી મને ભૂરી ભેંસ બાલુજીનું બાજરીયું,
કંઈ સાસુનું કાપડું ફાટી ગયું,
કંઈ મારી રહી ભૂરી ભેંસ બાલુજીનું...

૩૧. સાસુને આંગણે લીબોડી જી રે મારે આવે વળતી છાય લીલાધર લીબોડી રે
સાસુને ઘેર મહેમાન આવ્યા મારે આવે મારો વીર લીલાધર લીબોડી રે



સાસુ તે હાલયાં હાટ રે હું રે હાલી બજાર લીલાધર લીબોડી રે
સાસુએ ઓરીયા કોદરા રે મેરી ઓરી ઝીણી સેવ લીલાધર લીબોડી રે
સાસુના કોદરા ખદબદ મારે ચઢે ઝીણી સેવ લીલાધરલીબોડી રે
સાસુના મહેમાન જમી ઊઠ્યા મારે જમે માર વીર લીલાધર લીબોડી રે
સાસુને લીધું કાપડું મને તે લીધી ભૂરી ભેસ લીલાધર લીબોડી જીરે
સાસુનું કાપડું ફાટી ગયું મારે દુજે ભૂરી ભેસ લીલાધર લીબોડી જીરે
સાસુ ને વહુ બે ઝઘડી પડ્યા સાસુએ લીધું સાબેલું લીલાધર લીબોડી જીરે
મેરે લીધી બેવડી રાસ લીલાધર લીંબોડી રે
સાસુનું સાબેલું ભાંગી ગયું લીબોડી જીરે
રાસ પડાવે હાસ લીલાધર લીબોડી જીરે
સાસુએ ઝાલીયા ચોટલા લીબોડી જીરે
મેરે ઝાલીયા બે કાન લીલાધર લીબોડી જીરે
મેલી દો સાસુ ચોટલો લીબોડી જીરે
તુટી જશે બે કાન લીલાધર લીબોડી જીરે

૩૨. રસોડાની રાણી પીરસોને થાળી
દાળ, ભાત, રોટલી ને માથે ખમણ ઢોકળી
મારો વીર બોલાવે ભાભી બજાર ફરવા જાવને
બજાર ઘણી દૂર છે ને તમારી જરૂર છે.
રસોડાની રાણી પીરસોને થાળી
મારો વીર બોલાવે ભાભી પિક્ચર જોવા જાવને
ટોકીઝ ઘણી દૂર છે ને તમારી જરૂર છે
મારો વીર બોલાવે ભાભી ફોટા પડાવા જાવને
સ્ટુડિયો ઘણો દૂર છે ને તમારી જરૂર છે.

૩૩. સૈયર મોરી ચાલોને રમીએ, અમને રમતાં ન આવડે,
અમે રમી બતાઈએ, તમારું રમેલું ન રમીએ,
તમન દાદાજી બોલાવે, તમન દાદી બોલાવે,
તમન કડલા લઈ આપે, અમન પેરતાં ના આવડે,
અમે પેરી બતાઈએ, તમારું પેરેલું ના પેરીએ,
સાંકડાની જોડ છે, મય મારો ભાગ સે,
મેં બોલાઈ કેમ ના આઈ, એટલો મારો વાંક સે.
સૈયર મોરી ચાલોન રમીએ...
અમન રમતાં ના આવડે, તમન રમી બતાઈએ,
તમારું રમેલું ન રમીએ, તમન માતાજી બોલાવે,
અમન શા માટે બોલાવે, તમન છત્તર લઈ આલે,

તમને પેરી બતાઈએ, તમારું પેરેલું ના પેરીએ,
સૈયર ચાલોન રમીએ..
અમન રમતાં ના આવડે, તમન રમી બતાઈએ,
તમારું રમેલું ન રમીએ, તમન વીરાજી બોલાવે,
અમને શા માટે બોલાવે, તમન લોકીટ લઈ આલે,
અમને પેરતાં ના આવડે,
અમે પેરી બતાઈએ, તમારું પેરેલું ના પેરીએ,
સૈયર ચાલોન રમીએ...
અમન રમતાં ના આવડે, તમન રમી બતાઈએ,
તમારું રમેલું ન રમીએ, તમન ભોજાઈજી બોલાવે,
અમન શા માટે બોલાવે, તમન હાર લઈ આલે,
તમને પેરી બતાઈએ, તમારું પેરેલું ના પેરીએ,
સૈયર ચાલોન રમીએ...

૩૪. મરચું બાંધ્યું ઓલી આંબલિયાની ડાળ...
મારે લડવું ઓલી જશી વહુ સંગાથ
જીત્યો જીત્યો રે ઓલી સહિયરુંનો સાથ
હાર્યો હાર્યો રે ઓલી વહુવારુનો સાથ
જીત્યા ઉપર તે કંઈ નોબતું વગડાય
હાર્યા ઉપર તે કંઈ ગધેડા મૂતરાય
મરચું બાંધ્યું...
મારે લડવું ઓલી લલીબોન સંગાથ
જીત્યો જીત્યો રે ઓલી વહુવારુનો સાથ
હાર્યો હાર્યો રે ઓલી સહિયરુંનો સાથ
જીત્યા ઉપર તે કંઈ શરણાયું વગડાય
હાર્યા ઉપર તે કંઈ કૂતરા મૂતરાય
મરચું બાંધ્યું...

**મીરાં : વિદ્રોહી વહુવારૂ :**

૩૫. કોના ખોડાને કોની વેલ માતા મોરી કોના ખોડાને કોની વેલ રે
કોના હાથીડા આવેય ઝુલતા હો જી (૨)
ચિત્રકોટની આવે જાન હો મીરા મોરી ચિત્રકોટની આવે જાન રે
રાણોજી આવે તમને પરણવા હો જી (૨)
રાણો માડી જાયો વીર હો માતા મોરી રાણો માડી જાયો વીર રે
ઓલા તો ભવનો મારો બંધવો હો જી (૨)



લજવ્યા કાકા ને કુટુંબ હો મીરા મોરી લજવ્યા કાકા ને કુટુંબ રે
લજવ્યો માડી જાયો બંધવો રે હો જી (૨)
લજવ્યા મામા ને મોસાળ હો મીરા મોરી લજવ્યા મામા ને મોસાળ રે
લજવ્યો મેં સખી માંડવો હો જી (૨)
પથરો આવ્યો હોત તો પેટ હો મીરા મોરી પથરો આવ્યો હોત રે
ધોબીડા ધોવત ઉપર ધોતિયા હો જી (૨)
હીરલો આવ્યો તાર પેટ હો માતા મોરી હીરલો આવ્યો તાર પેટ રે
પારખવી હોય તો પારખો હો જી (૨)
ખોલો ખડકીનાં દ્વાર રે હો માતા મોરી ખોલો ખડકીના દ્વાર રે
મીરાબાઈ ખોલે એમના રુદિયા હો જી (૨)

૩૬. મીરાબાઈ દેગમ આવળગાની દીકરી રે (૨)
એના સગપણ રાણાદેની સાથ વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે
રાણોજી લખી કાગળિયા મોકલ રે (૨)
જઈને તમે દેજો મીરાબાઈ હાથ, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
મીરા કહે કાગળ નથી મારા કામના રે (૨)
મારે મારા હરિ સાથે કીરતાર, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
રાણોજી રેશમી પટોળા મોકલ રે (૨)
જઈને તમે દેજો મીરાબાઈ હાથ વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
મીરા કહે રેશમ પટોળા ના કામના રે (૨)
મારે પહેરવા ભગવા ભેખ, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
રાણોજી મિઠાઈ ને મેવા મોકલ રે (૨)
જઈને તમે દેજો મીરાબાઈને હાથ વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
મીરા કહે મિઠાઈ મેવા નથી જમવા રે (૨)
મારે ખાવા ખીચડી ને આટોય, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
રાણોજી દૂધના કટોરા મોકલ રે (૨)
જઈને તમે દેજો મીરાબાઈને હાથ, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
મીરા કહે દૂધસાકર નથી કામના રે (૨)
મારે પીવા ના સરવર નીર, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
રાણોજી હીરાના હારલા મોકલે રે (૨)
જઈને તમે દેજો મીરાબાઈને હાથ વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
મીરા કહે હારલા નથી મારા કામના રે (૨)
મારે જોઈએ તુળસીની માળા, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)
રાણોજી ઝેરના કટોરા મોકલે રે
જઈને તમે દેજો મીરાબાઈના હાથ, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે (૨)

મીરાબાઈએ અમૃત જાણીને આરોગી લીધા રે (૨)
ઝેરની બધી શીતરવરણી કાય, વૈરાગ લાગ્યો સે બાળા વેશમા રે.

**સમાજમાં ભાઈ-બહેનનો સંબંધ :**

૩૭. વીરા ચાંદલીયો ઉગ્યોન અરણયુ આથમી રે
વીરા ક્યાંય લગણ જોઉં તમારી વાટ રે
મેમેરા વેળા વયે જસે રે (૨)
બેની સોનીડાને હાટે ઘોડો અડ રહ્યો
બેની હારલા મુલાવતા લાગી વાર રે (૨)
મેમેરા વેળા વયે જશે રે (૨)
વીરા ચાંદલીયો...
બેની માડીડાને હાટે ઘોડો અડ રહ્યો
બેની મોડીયા ઘડાવતા લાગી વાર રે (૨)
મેમેરા વેળા વયે જશે રે (૨)
વીરા ચાંદલિયો...
બેની દરજીડાને હાટે ઘોડો અડ રહ્યો
બેની કપડા ઓરતા લાગી વાર રે (૨)
મેમેરા વેળા વયે જશે રે (૨)
વીરા ચાંદલિયો...
બેની જોશીડાને હાટે ઘોડો અડ રહ્યો
બેની જોશ જોવડાવતા લાગી વાર રે...
મેમેરા વેળા વયે જશે રે (૨)
વીરા ચાંદલિયો...

૩૮. હે એવા ઊંચે રે ટીંબે માડી મારું સાસરું.
નીચા છે કાંઈ મૈયરીના મોલ રે,
મારા વીરને કેજો કે આણા મોકલે,
એવો ઘાઘરો ફાટ્યો રે માડી મારા ઢીંચણે રે,
જશે રે મારા પીયરીયાની લાજ રે માડી મારા વીરને,
વીરને રે કેજો કે આણા મારા મોકલે રે,
એવો પોલકું ફાટ્યું રે માડી મારા ઉરથી રે,
જશે રે મારા પીયરીયાની લાજ રે માડી મારા વીરને,
વીરને રે કેજો કે આણા મારા મોકલે રે,
એવી ઓઢણી ફાટી રે માડી મારા ઘુંઘટે રે,
જશે રે મારા પીયરીયાની લાજ રે માડી મારા વીરને,
વીરને રે કેજો કે આણા મારા મોકલે રે.



૩૯. આવી આવી પાવાગઢની સુંદડી
મૂલવો મૂલવો જગદીશભાઈ પાવાગઢની સુંદડી...
બેની મુલવું તો લાખ બે લાખ પાવાગઢની સુંદડી...
ઓઢો ઓઢો પ્રેમુબા બેની પાવાગઢની સુંદડી
વીરા ઓઢું તો શેરી બોરાયે પાવાગઢની સુંદડી
ઘોવો ઘોવો પ્રેમુબા બેની પાવાગઢની સુંદડી
વીરા ઘોવું તો દરિયો ડહોળાય પાવાગઢની સુંદડી
વીરા સુકવું તો ધરતી ઢંકાયે પાવાગઢની સુંદડી

૪૦. ચોક વચ્ચે ચંપલીયો રોપાવો રે દેરાણી (૨) ઉંચી ચડે રે ઉચેરડી રે (૨)
જોઉ મારા વીરાની વાટ રે દેરાણી (૨)
ચેટલે રહ્યો રે માડીજાયો એકલો રે (૨)
વન રે વગડામાં છેપટ ઉડે (૨) ઘડ રે ઉડવાને આવે ઉક્તી રે (૨)
ઝબચ્યા રે ના વાસ રે દેરાણી (૨) ઝબચ્યા ઘોળી કેરા શીંગડા રે (૨)
ઝબકી વીરા માથે ઓઢ રે દેરાણી (૨) ઝબક્યો ભાભી હાથે ચૂડલો રે (૨)
વીરો જી આવ્યા ને વાડીએ ઊતર્યા (૨) બેનીને તેડા મોકલો રે (૨)
કેતારી નગરીની રીત મારી બેની (૨) લેવાને તેડા મોકલું રે (૨)
સસરાને ડગલીને ધોતી માના જાયા (૨) સાસુનો મીઠીયો સાડલો રે (૨)
દેરાણી જેઠાણીને સાકડાની જોડુ (૨) નણદીને નવલક ચૂંદડી રે (૨)
તારા બનેવીને તેડ માના જાયા (૨) કેડે કંદોરા વાકડા રે (૨)
એટલી સંપત હોય તો આય માના જાયા (૨)
બેનીનો બત્રીસ મોળીયો રે (૨)
એટલી સંપત હોય તો આય માના જાયા (૨)
વાડીયેથી પાછો વળજે રે (૨)

૪૧. દાદાની આજ્ઞામાં બેની ઉપવાસ ઘડી
વીરા એમના આજ્ઞા આલો પરણાવવાની ઘડી
સોના કેરો ગજરો રૂપા કેરી સાડી
માતાની આજ્ઞામાં વીરા ઉપવાસ ઘડી
વીરા એમના આજ્ઞા આલો પરણાવવાની ઘડી
સોના કેરો ગજરો રૂપા કેરી સાડી

૪૨. આવી રૂડી આંબલીયાની ડાળે, હિચકો રે બાંધ્યો હીરનો રે માણા રાય,
એ... કાકા મોરા દેવું હોય તે દેજો, લાંબાની વાટ મારે હાલવું રે માણા રાય,
કાકે દીધા કન્યા કેરા દાન, દીકરી દીધી સાસરે રે મારા રાય આવી રૂડી...
એ... વીરા મારા દેવું હોય તે દેજો રે, લાંબીની વાટ મારે હાલવું રે માણા રાય,
વીરાએ દીધા વેલડીયુના દાન, બેની ઓળાવ્યા સાસરે રે મારા રાય આવી રૂડી...

## પ્રકરણ-૪

## લગ્નની અલગ અલગ વિધિઓ અને એમાંથી પ્રગટતી વડીલશાહી

૪૩. માંડવળો રોપાવો મારો માંડવળો રોપાવો મારા રાય,
ઝીણી ઝીણી ચાંદલીયે સોહવો મારા રાય
દાદાને તેડાવોન એમના વીરાન તેડાવો મારા રાય,
લાડે કોડે દીકરી પૈણાવો મારા રાય
એમના માતાને તેડાવી શોભનાબેનીના બાપુને તેડાવો મારા રાય,
લાડેકોડે દિકરી પૈણાવો મારા રાય.

૪૪. ઝાલાવાડી મેમાન આયા રાય (૨), ચોખલીયે વધાઈ લેજો રાય (૨)
મોંઘીબેનના મામા આયા રાય (૨), મોતીડે વધાઈ લેજો રાય (૨)
અમદાવાદી મેમાન આયા રાય (૨), ફૂલડે વધાઈ લેજો રાય (૨)
મોંઘીબેનના મામી આયા રાય (૨), ચોખલીયે વધાઈ લેજો રાય (૨)

૪૫. પાછલી ચીઠ્ઠી તે લખીએ આપણે સઘળે (૨), ગદ્દ ગદ્દ લખ્યા ફૂલવા રે (૨)
ઘમ્મર વલોણા રે (૨), અવસર આવ્યો આંગણે
સજનીયા તો શકુબેનના મામા તો ઘોળે ઘોડે આવશે,
સજનીયા તો શકુબેનના મામા ઘોળે ઘોડે આવશે.

### ગણેશ-ગણપતિ : સવર્ણોનો પ્રભાવ કે પછી અવળીગંગા ?

૪૬. કેડે દુંડાળા ગણપત કેડે દુંડાળા, લાડાના લગન જો.
ચાલો ગણેશ મારા કેડે દુંડાળા, કેડે દુંડાળા ગણેશ કેડે દુંડાળા.
લાંબી સોટી શી, સોટી કામણગારા, ચાલો ગણેશ મારા કેડે દુંડાળા
કેડે દુંડાળા ગણપત કેડે દુંડાળા.

૪૭. દેવ દુંડાળાને મોટી ફાંદાળા,
તેત્રીસ કરોડ દેવતા સીમાડે આવ્યા,
સીમાડે ગોવાડીએ વખાણ્યા રે મારા દેવદુંડાળા...
તેત્રીસ કરોડ દેવતા સરોવરે આવ્યા,
સરોવરે પાણીઆરીએ વખાણ્યા રે મારા દેવદુંડાળા...
તેત્રીસ કરોડ દેવતા વાડીએ આવ્યા,
વાડીએ રે માડીએ વખાણ્યા રે મારા દેવદુંડાળા...
તેત્રીસ કરોડ દેવતા ઝાંપલીએ આવ્યા,
ઝાંપલીએ ઢોલીડે વખાણ્યા રે મારા દેવદુંડાળા...
તેત્રીસ કરોડ દેવતાં માંડવડે આવ્યા,
માંડવડે બ્રાહ્મણે વખાણ્યા રે મારા દેવદુંડાળા...



૪૮. ભમરે ડુંગર ખુંધ્યા રે, ભમરો ધોળો છમ રે,
ભમરે ફરફર કરતો ભમરો ઉડી બેઠો રે,
ભમરો જઈને બેઠો નાળિયેરીના છોડે રે, (૨)
ભમરો મોરે ડાળિયોએ નાળિયેર શોભે શું કઉં રે,
મારે લાડે ઘોડે જમનાબેનને નાળિયેર જોઈએ.
ભમરે ડુંગર ખુંધ્યા...
ભમરો જઈને બેઠો હળદરીના છોડ રે,
ભમરો જઈને બેઠો હળદરી શોભે શું રે કઉં રે
મારે લાડે ઘોડે જમનાબેનને હળદર ચોળીએ રે
ભમરે ડુંગર ખુંધ્યા...
ભમરો જઈને બેઠો સોપારીના છોડ રે,
ભમરો મોરે ડાળીઓએ સોપારી શોભે શું રે કઉં રે,
મારે લાડે કોળે જમનાબેનને સોપારી જોઈએ.

### માતૃપક્ષથી ચાલો, વળી પાછા વરપક્ષે – પિતૃપક્ષે જઈએ :

૪૯. લીલુડા વાંસની વાંસડી રે આળા માર્ગ વાગતી જાય
ગામના ગરાસીયે પૂછ્યુ રે આ કેનો રાજા જાય
નથી રાજા નથી રાજવીર કે મારા બળવતભાઈ પરણવા જાય
લીલુડા વાંસની વાંસડી રે આળા માર્ગ વાગતી જાય
ગામના ગરાસીયે સરપંચને પૂછ્યુ રે આ કોનો રાજા જાય
નથી રાજા નથી રાજવીર કે આ તો મારા બળવતજી પરણવા જાય
લીલુડા વાંસની વાંસડી રે આળા માર્ગ વાગતી જાય.

૫૦. ભમરો ઉડ્યો રંગ મોલમાં રે
પડી નગારની દાંડી ભમર તારી જાનમા રે
દાદા વિના કેમ ચાલશે રે
દાદા કરશનભાઈ હોય રે ભમર તારી જાનમા રે
પિતા વિના કેમ ચાલશે રે
પિતા મોતીભાઈ હોય રે ભમર તારી જાનમાં રે
માતા વિના કેમ ચાલશે રે
માતા મણિબેન હોય રે ભમર તારી જાનમા રે
બેન વિના કેમ ચાલશે રે
બેની પ્રેમુબેન હોય રે ભમર તારી જાનમા રે
ફોઈ વિના કેમ ચાલશે રે
ફેઈ હંસાબાઈ હોય રે ભમર તારી જાનમા રે

૫૧. મોટર હાલે ઝાડી જંગલ એક (૨)
કેમ રે ઈશ્વરભાઈ મોટર ધીમી હાલે મારા રાજ (૨)
મારે મારા દાદાજીના વાટ (૨)
દાદોય આવે તો મોટર ધીમી ચાલે મારા રાજ (૨)
મારે મારી માતીજીની વાટ (૨)
માતાય આવે તો મોટર અહીંથી ચાલે મારા રાજ (૨)
કેમ રે ઈશ્વરભાઈ મોટર ધીમી હાલે મારા રાજ (૨)
મારે મારા વીરાજીની વાટ (૨)
વીરોય આવે તો મોટર અહીંથી ચાલે મારા રાય (૨)
કેમ રે ઈશ્વરભાઈ મોટર ધીમી હાલે મારા રાય (૨)
મારે મારા ભાભીજીની વાટ (૨)
ભાભીય આવે તો મોટર અહીંથી ચાલે મારા રાય (૨)
કેમ રે ઈશ્વરભાઈ મોટર ધીમી હાલે મારા રાય (૨)
મારે મારા મામાજીની વાટ (૨)
મામાય આવે તો મોટર અહીંથી ચાલે મારા રાય.

૫૨. હીર મોતીનું લુમખોને કન્યા મોતીનો દાણો
કન્યા કાગળ મોકલે તમે રાયવર વેલા આવજો,
હું ચ્યમ આવું એકલો ને મારા દાદા છે રિસામણે,
તમારા દાદાને તમે મનાવો રાયવર વેલા આવજો.
હીર મોતીનો લુમખોને કન્યા મોતીનો દાણો
કન્યા કાગળ મોકલે તમે રાયવર વેલા આવજો,
હું ચ્યમ આવું એકલોને મારા કાકા છે રિસામણે,
તમારા કાકાને તમે મનાવો રાયવર વેલા આવજો,
હીર મોતીનો લુમખોને કન્યા મોતીનો દાણો
કન્યા કાગળ મોકલે તમે રાયવર વેલા આવજો,
હું ચ્યમ આવું એકલોને મારા વીરા છે રિસામણે,
તમારા વીરાને તમે મનાવો રાયવર વેલા આવજો,
હીર મોતીનો લુમખોને કન્યા મોતીનો દાણો
કન્યા કાગળ મોકલે તમે રાયવર વેલા આવજો,
હું ચ્યમ આવું એકલોને મારા મામા છે રિસામણે,
તમારા મામાને તમે મનાવો રાવયર વેલા આવજો.

૫૩. ધીમે ધીમે ચાલો બેની ઠેસલડી ના વાગે રે
સામે તમારા સસરા બેઠા ઠેસલડી ના વાગે રે
સસરાની લાજ રાખો ઠેસલડી ના વાગે રે
સામા તમારા જેઠ બેઠા ઠેસલડી ના વાગે રે
જેઠ જોઈ ઘુંઘટ ઉતારો ઠેસલડી ના વાગે રે
સામે તમારા દેર બેઠા ઠેસલડી ના વાગે રે
દેર જોઈ મસ્તી ના કરો ઠેસલડી ના વાગે રે
પડખે તમારા પિતા બેઠા ઠેસલડી ના વાગે રે
પિતા જોઈ ઝીણું બોલો ઠેસલડી ના વાગે રે.



૫૪. લીલી ઈંઢોણી હીરની રે, મને પાણી ભર્યાની ઘણી હોંશ રે, લીલી...
સાંકડી શેરીમાં મારા સસરા સામા મળ્યા રે,
મને લાજ કાઢ્યાની ઘણી હોંશ રે... લીલી...
સાંકડી શેરીમાં મારી સાસુ સામા મળ્યા રે,
મને પગે પડ્યાની ઘણી હોંશ રે... લીલી...
સાંકડી શેરીમાં મારા જેઠ સામા મળ્યા રે,
મને ઝીણું બોલ્યાની ઘણી હોંશ રે... લીલી...
સાંકડી શેરીમાં મારા દેર સામા મળ્યા રે,
મને ઠેકડી કર્યાની ઘણી હોંશ રે... લીલી...
સાંકડી શેરીમાં મારા નણંદી સામા મળ્યા રે,
મને માથા ગૂંથ્યાની ઘણી હોંશ રે... લીલી...
સાંકડી શેરીમાં મારા પરણ્યા સામા મળ્યા રે,
મને મોઢું મલકાવ્યાની ઘણી હોંશ રે... લીલી...

૫૫. સાસુજી ઘડૂલો ફૂટ્યો વહુ રે કેમ કરતાં તૂટ્યો
વાછરડાને પાણી પાતા હાથ વછૂટ્યો ઘડૂલો ફૂટ્યો.
વહુ રે ઘરમાંથી જાવ, હમણાં જઈશ તમણાં જઈશ
મારા સસરા આવશે ત્યારે જઈશ.
સસરાજી ઘડૂલો ફૂટ્યો વહુ રે કેમ કરતાં તૂટ્યો
વાછરડાને પાણી પાતા હાથ વછૂટ્યો ઘડૂલો ફૂટ્યો.
વહુ રે ઘરમાંથી જાવ, હમણાં જઈશ તમણાં જઈશ
મારા જેઠ આવશે ત્યારે જઈશ.
જેઠજી ઘડૂલો ફૂટ્યો વહુ રે કેમ કરતાં તૂટ્યો
વાછરડાને પાણી પાતા હાથ વછૂટ્યો ઘડૂલો ફૂટ્યો.
વહુ રે ઘરમાંથી જાવ, હમણાં જઈશ તમણાં જઈશ
જેઠાણી આવશે ત્યારે જઈશ.
જેઠાણી ઘડૂલો ફૂટ્યો વહુ રે કેમ કરતાં તૂટ્યો
વાછરડાને પાણી પાતા હાથ વછૂટ્યો ઘડૂલો ફૂટ્યો.

વહુ રે ઘરમાંથી જાવ, હમણાં જઈશ તમણાં જઈશ
મારો પરણ્યો આવશે ત્યારે જઈશ.

પરણ્યાજી ઘડૂલો ફૂટ્યો રાણી રે કેમ કરતાં તૂટ્યો
વાછરડાને પાણી પાતા હાથ વછૂટ્યો ઘડૂલો ફૂટ્યો.
વહુ રે ઘર વચ્ચે રો.

૫૬. લવિંગ કેરી લાકડીયે રામે સીતાને માર્યા જો,
ફૂલ કેરે દડુલિયે સીતાએ વેર વાળ્યા જો,
રામ તમારે બોલણીએ હું પરઘેર દળવા જઈશ જો,
તમે જશો જો પરઘેર દળવા હું ઘંટુલીયો થઈશ જો,
રામ તમારે બોલણીયે હું નીર ભરવા જઈશ જો,
તમે જશો જો નીર ભરવા નદીનું નીર થઈશ જો.

**સ્ત્રીની જાતીય લાગણીઓ માંગણીઓ દર્શાવતાં ગીતો :**

૫૭. માર સોનાની સોપારી રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
હું છાણા વીણવા ગઈ તી રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
મન વીંછુડે ચટકારી રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
મન અવળા લેર, સવળા લેર આવેરે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
માર દાદાને તેડાવો રે, અરરર.... ઓય ઓય વીંછુડો, (૨)
મારો દાદો વૈદડા લાવશે રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
મારા દાદા દુઃખડા લેશે રે, અરરર.... ઓય ઓય વીંછુડો, (૨)
મન ઝેરી આંકડો માર્યો રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
મારા સસરાન તેડાવો રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
મારા સસરા દુઃખડા લેશે રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
મારા સસરાના વૈદડા ખોટા રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
ઈના પૈણ્યાન તેડાવો રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)
એનો પૈણ્યો વીંછુડો ઉતારશે રે, અરરર... ઓય ઓય વીંછુડો, (૨)

૫૮. વનડા રે વન એક ગાવલડી પોદરા ઝાઝા કરે જો,
ભાનુ ગઈતી છાણા વીણવા વીંછુડે ચટકારી જો,
હાથના હલ પગના હલ જબરી કરી નાખી જો,
વીંછુડાના વૈદ્ય તેડાવો, વીંછુડા ઉતરાવો જો,
હાથના હલ પગના હલ જબરી કરી નાખી જો,
વીંછુડાના વૈદ્ય સમુબેન વીંછુડા ઉતરાવો જો,
હાથના હલ પગના હલ જબરી કરી નાખી જો,



૫૯. ગરબરીયા કોરાવો ગોરી ગરબે રમવા આવો જો
કયા ભાઈની નાર મારા ગરબે રમવા આવી જો
દેવજીભાઈની નાર મારા ગરબે રમવા આવો જો
હું કેમ આવુ એકલી રાત છે અંધારી જો
રાત ભલેને હોય અંધારી ગોખે દીવા મેલુ જો
ગોખે દીવા મેલુ તો નાની નણંદ બા જાગે જો
નાની નણંદ બા જાગે તો સાડી ન કાપડુ માંગે જો
સાડી ન કાપડું માંગે તો કેડિયુ ન કબજો લાવી દયો
ગરબરીયા કોરાવો ગોરી ગરબે રમવા આવો જો

૬૦. આંબળી પીપળી રમતા જસુબેન
ત્યાં ચંદુ જમાઈ નીસરયા રે લોલ
રમત રમાડો નયતો બાઝી બગાડસુ
અમે સે બાળકુંવારા રે લોલ
કોના સો દીકરીને શુ તમારા નામ
કયા તે ગામના રહેવાસી જીરે
ગલાભાઈની દીકરી ઝમખુ મારુ નામ
ગાંફ ગામના રહેવાસી જીરે
કોના છો કુંવરને શુ તમારા નામ,
કયા તે ગામના રહેવાસી
પૂજાભાઈનો દીકરોને ચંદુકુમાર મારુ નામ
કમીયાળા ગામના રહેવાસી જીરે

૬૧. ચોરીના થંભે નીંદરડી આવે (૨) બાળેકડા પરણાવીયા
ઘણુ જીવો બેનના દાદા મોતીભાઈ (૨) બાળેકડા પરણાવ્યા
મોટા થયાને વીસારી મેલ્યા (૨) નાનકડા પરણાવીયા
ઘણુ જીવો બેનના માતા મણીબેન (૨) બાળેકડા પરણાવીયા
મોટા થયાને વીસારી મેલ્યા (૨) નાનકડા પરણાવીયા
ઘણુ જીવો બેનના વીરા જગદીશભાઈ (૨) બાળકડા પરણાવીયા
મોટા થયાને વીસારી મેલ્યા (૨) નાનકડા પરણાવીયા

૬૨. મારી પૈસાની પેટી મારે પ્રેમ ચઢી
સુનિલભાઈ નવી ગોરી લાયા મારે પ્રેમ ચઢી
નવી નવદાડા રહેશે મારે પ્રેમ ચઢી.
જૂની જનમારો રહેશે મારે પ્રેમ ચઢી
સરોજ ખૂણે બેસી રડે મારે પ્રેમ ચઢી

સરોજ શીદને રડે છે મારે પ્રેમ ચઢી
જૂની જતી રહેશે મારે પ્રેમ ચઢી
મારી પૈસાની પેટી મારે પ્રેમ ચઢી.

૬૩. મેળે નથી જાવું માર, જમના ઝાંઝરિયું,
મળ્યું હોય તો આલો મારું, જમના ઝાંઝરિયું,
મેં નથી ભાળ્યું તારું, જમના ઝાંઝરિયું,
રસ્તામાં ખોવાયું મારું, જમના ઝાંઝરિયું,
મણચીન જડ્યું મારું, જમના ઝાંઝરિયું,
જડયું હોય આલ મારું, જમના ઝાંઝરિયું,
જડ્યું હોય તો આલ નઈતર કરું કલ્યાણ,
મારું જમના ઝાંઝરિયું.

૬૪. કોરું કંકુ શીશી ભરેલ, મંઈ અત્તરનો વાસ,
ખોડિયું મારું ખાલી પડ્યું, ને જીવ છે બેન પાસ
એ... જીરે શકન જોને આ જુવાન, વળતાના જોને વળામણા
એ... આવશે તો અમે આવશું, એ તમને છેલ્લે છેલ્લા જુહાર
એ... માયા રે... એ રાખજે બેનડી, આજ ઓલ્યા હૈયે રે...
રાખજો જૂની પ્રીત
પણ અમારા બોલ્યા ચાલ્યા કરજો માફ, બેની અમે ચાલ્યા અમારે દેશ
એ... બેનડી રે... હાલ્યા જોને દેશ મારે.
આ... જીવ આલ્યા હોઠી રે નાખ્યા જોને પલાણ
ફુલવાળાએ તારા જોને રાજમાં રે, મારી ભેળાય છે ભાદરભેંસ
એ... બેનું રે... એ પરદેશી જોને આ પાંદ,
જીવ આલ્યા વના રે ઉજળેથી અમે આવીયા
પણ બેનુએ દિધા ઘણા આદરને માન, ને ઓલા પાદરથી પાછા ના વળ્યા

૬૫. ચાલી રે મારા સસરાની પોઠ આપણી પોઠ ક્યારે ચાલસે રે
વણઝારા હો જી (૨)
નથી રે મારી ગાંઠના નાણા નાણા વેચી લાવુ દોકડો રે
વણઝારા હો જી (૨)
આલુ રે મારા નાકની વારી વાળી વેચી લાવો દોકડો રે
વણઝારા હો જી (૨)
ચાલી રે આપણા જેઠની પોઠ આપણી પોઠ ક્યારે ચાલસે રે
વણઝારા હો જી (૨)



નથી રે મારી ગાંઠના નાણા નાણા વેચી લાવુ દોકડો રે
વણઝારા હો જી (૨)
આલુ રે મારા હૈયા કેરો હાર, હાર વેચી લાવો દોકડો રે
વણઝારા હો જી
ચાલી રે આપણા દિયરની પોઠ આપણી પોઠુ ક્યારે ચાલસે રે
વણઝારા હો જી (૨)
નથી રે મારી ગાંઠના નાણા, નાણા વેચી લાવુ દોકડો રે
વણઝારા હો જી
આલુ રે મારા પગનું ઝાંઝર, ઝાંઝર વેચી લાવો દોકડો રે
વણઝારા હો જી (૨)
તમે રે નાયક ચાલ્યા પરદેશ શી શી ભાળવણી આલસો રે
વણઝારા હો જી (૨)
આલુ રે મારા હાથની વીંટી વીંટી જોઈ દન જસે રે
વણઝારા હો જી (૨)
તમે રે નાયક ચાલ્યા પરદેશ શી શી ભાળવણી આલસો રે
વણઝારા હો જી (૨)
દેહજો રે તારી ઘડિયાની પાસ ખડખડ દાંત ના કાઢસો રે
વણઝારા હો જી (૨)
આવી રે મારા સસરાની પોઠ ચાલો સાસુડી ઘરે પૂછવા
વણઝારા હો જી (૨)
તમે રે મારા ઘરમીના બાપ તમે આયા નાયક ચ્યાં મેલ્યા
વણઝારા હો જી (૨)
આવી રે મારા જેઠની પોઠ આપણી પોઠુ ક્યારે આવસે
વણઝારા હો જી (૨)
તમે રે મારા ઘરમીના જેઠ તમે આયા નાયક ચ્યાં મેલ્યા
વણઝારા હો જી

૬૬. રમીલાની બેની મુંબઈ ગઈતી નવ મહીના રહી આઈ
મસુ પર ગઈતી મસુ પર ગઈતી
નવ મહિનાના નવ છયા લાઈ મસુ પર ગઈતી મસુ પર ગઈતી
સીમાડે આઈ ગોવાળે પૂછ્યું સો ગજબ વાળીયો
મસુ પર ગઈતી મસુ પર ગઈતી
નય તારા બાપના નય તારા ભઈના બોનનો શેડો લાઈ
મસુ પર જઈતી મસુ પર જઈતી
ત્રોણને લંગોટીયું ત્રોણને ગોઠિયું ત્રોણને ઉઘાડા લાઈ
મસુ પર ગઈતી મસુ પર ગઈતી

૬૭. ભાણી થઈ ગઈ ભજનમાં ભગતાણી
તાલ તંબૂરો વાગે એ તો ત્યારે જઈને એ તો બેસતી ભજનમાં,
ભાણી થઈ ગઈ ભજનમાં ભગતાણી,
નાગ ગુરુને બેહર ચેલો ભાણીને ભટકાણો,
ભાણી ભેખડમાં ભચકાણી ભાણી થઈ ગઈ ભગતાણી,
કડવો ભગત કહે આવી ભાણીને, ખેંચીને લાવો તાણી,
ભાણીને તો રહ્યો ગર્ભને ભેખડે ભરાણી,
ગંગા જમનાના પાણી લાવો ભાણીને કરો નિરવાણી,
ભાણી થઈ ગઈ ભગતાણી

૬૮. આગળ મેડીયો પાછળ કાળો,
વચ્ચે રાજુડી એ રાજુડી તારો એળે અવતાર જશે જો,
સવરે છોડીયું કાપડુ પેરે, રાજુડી પોલકું પેરે,
રાજુડી તારો એળે અવતાર જશે
સવરે છોડીયું કાપડુ પેરે, રાજુડી ચણીયો પેરે,
રાજુડી તારો એળે અવતાર જશે
સવરે છોડીયું ઓઢણીયું ઓઢે, રાજુડી સાડી પેરે,
રાજુડી તારો એળે અવતાર જશે
મા-બાપ છોડીયા, વીરા છોડીયા છોડી નાનેરી બેની,
રાજુડી તારો એળે અવતાર જશે
વડગામ મેલ્યું, આખોલ મેલ્યું તારાપુર રાજુડીએ ઝાલ્યું,
રાજુડી તારો એળે અવતાર જશે
સવરે છોડીયું બંગડીયું પેરે, રાજુડી ઘડીયાળ પેરે,
રાજુડી તારો એળે અવતાર જશે
વડગામમાં હંગરી નંઈ, આખોલમાં ના હંગરી
તારાપુરમાં ઠેકાણું પડ્યું, રાજુડી તારો એળે અવતાર જશે
દુગારીમાં રય, ઊંટવાડામાં રય, એકઠી વાતુ લીધી,
રાજુડી તારો એળે અવતાર જશે
ગાડીમાં બેઠી, રિક્ષામાં બેઠી, લોકલ બસમાં બેઠી,
રાજુડી તારો એળે અવતાર જશે
જણસુ રે લીધી, દાગીના લીધા માતાના કપડાં લીધા,
રાજુડી તારો એળે અવતાર જશે
વાહબાર મેલ્યા, વસ્તી બાર મેલ્યા નાત બાર મેલ્યા,
રાજુડી તારો એળે અવતાર જશે



તારી માયન કૂવ પાણી ના દીધા ભરવારે રાજલી,
રાજલી તે કશોય વિચાર ના કર્યો
વાહમાં નીકળી તાર તારી માન નીચું ઘાલવાનું,
રાજુડી તારો એળે અવતાર જશે
માતા રે રુવે, બાપ રે રુવે, નાનકડી ભય રુવે,
રાજુડી તારો એળે અવતાર જશે
સાસરીમાં સાસુ રે રુવે, નાની નણંદી રે રુવે,
રાજલી તે કશોય વિચાર ના કર્યો

૬૯. લાડી લાડો જમે છે કંસાર છે કંસાર કેવો લાગે છે.
લાડાનો બાપો પુછે લા કંસાર કેવો લાગે છે
બાપા તુ તો પરણ્યો છો કે નહિ
કંસાર ગળ્યો લાગે સે.

**ફટાણાં :**

**(૧) વડીલશાહીની સામે ઉડાવેલી મજાક પ્રગટ કરતાં ફટાણાં :**

૭૦. જમાઈનો ભાઈબંધ ઉંદરડો
હાલતો જાય માલતો જાય કંસારનો કોડીયો ભરતો જાય
હાલતો જાય ચાલતો જાય કંસારનો કોડીયો ભરતો જાય

૭૧. દેખો દેખો આ દુનિયાની નવી ફિલ્મ
પેલા વેવાઈના પેટમાં બટાટા બફાઈ
બટાટા બફાઈ પાછળ ભજીયાં તળાઈ
દેખો દેખો આ દુનિયાની નવી ફિલ્મ
પેલા વેવાઈના પેટમાં પુરીયું તળાઈ
પુરીયું તળાઈ પાછળ શીખંડ ગળાઈ
દેખો દેખો આ દુનિયાની નવી ફિલ્મ

૭૨. કૂવાને કાંઠે એલચી જળ ભરવા દો
એલચીના લાંબા પાન પાણીડા ભરવા દો
સસરો મારો સોગઠિયો જળ ભરવા દો
સાસુજી સોગઠિયાની નાર પાણીડા ભરવા દો
જેઠ મારો જુગારિયો જળ ભરવા દો
જેઠાણી જુગારિયાની નાર પાણીડા ભરવા દો
દેર મારો દરૂલિયો જળ ભરવા દો

દેરાણી દદૂલિયાની નાર પાણીડા ભરવા દો
એલચીના લાંબા પાન જળ ભરવા દો

૭૩. રાજા રામની તલાવડીમાં માછલી રોળાય (૨)
જેવી માછલી રોળાય એવા જડીબેન રોળાય (૨)
જેવી માછલીના રૂપ એવા જડીબેનના રૂપ (૨)
જેવી માછલી ગંધાય એવા જડીબેન ગંધાય (૨)
માછલી હાટે વેચાય. જડીબેન વાટે વેચાય (૨)
માછલીને સૌ કોઈ લઈ જાય જડીબેનને કોઈ ના લઈ જાય.

૭૪. છોરા આવડો શો કાળો મોતી સેર મનડા રે,
હોંચે (શોક્ય) તડકામાં જણ્યો મોતી સેર મનડા રે,
આડા પડદાના બાંધ્યા મોતી સેર મનડા રે,
ટેંપુ તેલના પાડ્યું મોતી સેર મનડા રે,
કાંકરી ગોળના આલ્યો મોતી સેર મનડા રે,
જોશનાબેન એમ એમ છ ગોરા મોતી સેર મનડા રે,
માયે મેલોમાં જન્મ્યા મોતી સેર મનડા રે,
આડા પડદા બાંધયા મોતી સેર મનડા રે,
બોને લોટની ગુણો મંગાઈ મોતી સેર મનડા રે,
બોને ઘીના ડબા મંગાયા મોતી સેર મનડા રે,
બોને ગોળની ભીડ્યું જમાડી મોતી સેર મનડા રે

૭૫. આછી આછી બંગડીયું પેર મારી વેવાણ,
અમદાવાદના ભાયડા કરવા મેલ મારી વેવાણ,
વરસડા શેરના પૂંજા ભઈન આય મારી વેવાણ,
આછી આછી બંગડીયું પેર મારી વેવાણ.

૭૬. લાલ પીળો હલવો વેચાય મુંબઈના ચોકમાં,
રમેશ તારી માડી વેચાય મુંબઈના ચોકમાં,
લેવી હોય તો જજો બજાર મુંબઈના ચોકમાં,
રમેશ તારી ફુઈબા વેચાય મુંબઈના ચોકમાં,
લેવી હોય તો જજો બજાર મુંબઈના ચોકમાં,
રમેશ તારી માસી વેચાય મુંબઈના ચોકમાં,
લેવી હોય તો જજો બજાર મુંબઈના ચોકમાં.

૭૭. મારે તે આંગણ પથ્થરની પાણિયારી રે
લખુબેન તું તો પાંચ બેડા પાણી લાઈ રે,



લખુબેન તન છક્કે બેઉ હારું લાગ્યું રે,
લખુબેન તન છગન ભાયડો ના ગમ રે,
લખુબેન તન રમણ ભય પામીયાની હોંસુ રે

૭૮. ચાર પાંચ મંકોડા મંકોડાની હાર ચાલી
વીનીયા તારી બેની રે બપોરાની પાણી ગઈ છ,
બેડલીયા તો ફોડી નાખ્યા, ઈંઢોણી તો ડાળે ભરવી,
ફૂલાભાઈને રેવા રે, હવારાની લેરા લે છ.

૭૯. રામપુરાની ટોપલડી રમેશના માથે મુકો રે,
સુરેશના પાદરીયામાં છાણાં વીણવા ગ્યો તો રે,
મેં જાણ્યું ......નો છોકરો ઢેબે ઢેબે માર્યો રે,
રોતો રોતો મારી બેની પાસે આવ્યો રે,
શું છે રે ......ના છોકરા તને કોણે માર્યો રે,
અમથી મોટા તમથી મોટા સુરેશે માર્યો રે,
એક માર્યો બે માર્યા ત્રીજાએ રોયો રે.

૮૦. અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો રે આપણા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય
કાંતિભાઈ ગામ સઘવ્યા, રાણી જડીબેન તો ગીતડા ગાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય
બસેર પલાળેલી બાજરી, રાણી હરતા ને ફરતા ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય
ધોળિયા તે ઘઉની રોટલી, રાણી ઘીમાં ઝબોડિને ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો આયો રે અમારા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
બેચરદાદા તે ગામ સધાવ્યા, જાણે લખુબા તે ધાન ન ખાય રે (૨)
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
ચોખા તે ઘીનો શીરો કરો, એતો હરતા ને ફરતા ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો આયો રે અમારા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
મૂળોભાઈ તે ગામ સધાવ્યા, રાણી લખુ વહુ તે ધાન ન ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)

બાજરીના બનાયા પુડલા, રાણી હરતા ને ફરતા ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો આયો રે અમારા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
ઈશ્વરલાલ તે ગામ સધાવ્યા, રાણી રતનવહુ, તે ધાન ન ખાય
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
ધોળિયા તે ઘઉંની પૂરીયું, રાણી દૂધમાં ઝબોળીને ખાય
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય
અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો આયો રે અમારા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
ડૉક્ટર તે ગામ સધાવ્યા, ત્યાં તો ગીતાબેન તે ધાન ન ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
ઘીમા જ આમલેટ કર્યા, એતો દૂધમાં ઝબોળીને ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
અંગ્રેજી ફેંટો વાપર્યો, આયો આયો રે અમારા દેશ રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)
પ્રોફેસર તે ગામ સધાવ્યા બેની જ્યોત્સનાબેન તે ધાન ન ખાય રે
બારોટજીનો ફેંટો લ્હેરાય જાય (૨)

૮૧. થંભી રહો મંડપની બહાર ઉતાવળ શેની કરો છો
હજી અમારી બેની શણગાર સજે છે
શણગાર સજનતા લાગે વાર ઉતાવળ શેની કરો છો
નથી તમારા બાપાનું ગામ ઉતાવળ શેની કરો છો
થંભી રહો મંડપની બહાર ઉતાવળ શૂની કરો છો

૮૨. રેલગાડી આવી મુંબઈનો માલ લાવી,
જુવોને મારી બેનો આ રેલગાડી આવી,
ગાડીમાં ભર્યા રીંગણા, જાનૈયા બધા ઠીંગણા. જુઓને મારી...
ગાડીમાં ભર્યા ચોખા, જાનૈયા બધા બોખા. જુઓને મારી...
ગાડીમાં ભર્યા ગાભા, જાનૈયા બધા બાઘા. જુઓને મારી...
ગાડીમાં ભરી બાજરી, જાનૈયા બધા ...... . જુઓને મારી...

૮૩. મારા માંડવા હેઠ, હીરના દોર, ચીરના દોર, ઘૂઘરીયાળા ગોદડા,
મારા રતનબેન ચોર ચોરી ગ્યાતા ગોદડા,
મારા ગગુબેન ધોકો લઈન ફરી વળ્યા,
રેવા દો બેન, ગગુબેન અવ નંઈ ચોરું ગોદડા.



૮૪. આવા આહૂરા શુ આયા મારા વેવયો રે (૨)
વાટમાં કૂતરી વિયાણી મારા વેવયો રે (૨)
તેની બળી ખાવા રયાતા મારા વેવયોરે (૨)
આવા આહૂરા શું આયા મારા વેવયો રે (૨)
વાટમાં ગધેડી વિયાણી મારા વેવયો રે (૨)
તેની બળી ખાવા રયાતા મારા વેવયો રે (૨)
તેની હુવાવડ હાચવા રયાતા મારા વેવયો રે (૨)

૮૫. આઈ આઈ ભાદરવાની રેલ ભાદર ગાજે સે
આપણો વેવાય તણાયો જાય ભાદર ગાજે સે
મેલો મેલો કાંતીભાઈ દોટ ભાદર ગાજે સે આપણો...
નાખો નાખો કાંતીભાઈ દોર ભાદર ગાજે સે આપણો...
તાણું તો તૂટી જાય ભાદર ગાજે સે મેલુ તો તરબોળ જાય ભાદર ગાજે સે
આઈ આઈ ભાદરવાની રેલ ભાદર ગાજે સે
આપણી વેવાણ તણાઈ જાય ભાદર ગાજે સે
નાંખો નાંખો જડીબેન દોર ભાદર ગાજે સે
આપણી વેવાણ તણાઈ જાય ભાદર ગાજે સે
તાણુ તો તૂટી જાય ભાદર ગાજે સે મેલું તો તરબોળ જાય ભાદર ગાજે સે

૮૬. ડીસ્કો મંડપ ડીસ્કો મંડપમાં લીલા લહેર છે
બેન છે ગોરા ગોરા જમાઈ તો થોડા શ્યામ છે
લોટની પેટી લાવો પાઉડરનું શું કામ છે.
ડીસ્કો મંડપ ડીસ્કો મંડપમાં લીલા લહેર છે
બેન છે ગોરા ગોરા જમાઈ તો જરા શ્યામ છે

૮૭. વાંકો અંબોડો દેવીબોનનો લળી લળી જાય,
એરે અંબોડે વેવઈ વેણી નથી લાવ્યા રે,
વાંકો ચોટલો દેવીબોનનો લળી લળી જાય,
એરે ચોટલે વેવઈ ફૂલડા નથી લાવ્યા રે,
વાંકા કાન રે દેવીબોનના લળી લળી જાય,
એરે કાને વેવઈ વાળીયુ નથી લાવ્યા રે,

૮૮. મોટાના મામેરા આયા ચાલો જોવા જઈએ રે,
છાબ માથે સવિતા નાચ ચાલો જોવા જઈએ રે,
ઊંચી છ પણ ભલે નાચ ચાલો જોવા જઈએ રે,
છાબ લાયા, ચૂડીયો લાયા વાટકડીના વાયદા કર્યા,

હાડી લાયા, પાડી લાયા, લાયા કન્યાની માડી રે,
છાબ લાયા, ચૂડીઓ લાયા વાટકડીના વાયદા કર્યા.

૮૯. પીંપરે ચડતોન પેંપરા ખાતો,
ઝાડે ચડીન દુહા કેતો રે ગધાડીનો ગોલો,
અમારા રતનબા પગે છે અળવા,
કડલા વિના શીનો આયો રે, ગધાડીનો ગોલો,
પીંપરે ચડતો ન...
અમારા રતન બા ડોકે છે અળવા,
હાર વિના શીનો આયો રે, ગધાડીનો ગોલો,
પીંપરે ચડતો ન...
અમારા રતનબા હાથે છે અળવા,
લોકીટ વીના શીનો આયો રે ગધાડીનો ગોલો,
પીંપરે ચડતો ન...

૯૦. ચ્યાંથી આયો રે ચ્યાંથી ઓયો રે,
ઓલા બાવળના થડ જેવો ચ્યાંથી આયો રે,
લઈ ચાલ્યો રે લઈ ચાલ્યો રે, મારા ગુલાબના ફુલન લઈ ચાલ્યો રે
ચ્યાંથી આયો રે ચ્યાંથી આયો રે (૨)
ઓલા બાવળના થડ જેવો ચ્યાંથી આયો રે,
લઈ ચાલ્યો રે લઈ ચાલ્યો રે મારી કોયલનો ટહૂકો લઈ ચાલ્યો રે

૯૧. કાચા બાવળીયા વઢાવો કેસારી રંગ લો
તેનો રેટિયો બનાવો કેસારી રંગ લો
રેટિયો સેરં સુતર કાંતે કેસારી રંગ લો
તેનો ઘાઘરો સીવડાવો કેસારી રંગ લો
પેલા ઘનશ્યામને પેરાવો કેસારી રંગ લો
ઘનશીયો પેરી પેરી નાચ કેસારી રંગલો
કાચા બાવળીયા વઢાવો કેસારી રંગલો
તેનો રેટિયો ઘડાવો કેસારી રંગલો
રેટિયો શેર સુતર કાંતે કેસારી રંગલો
તેનો ઘાઘરો સીવડાવો કેસારી રંગલો
પેલા રામજીને પેરાવો કેસારી રંગલો
રામજી પેરી પેરી નાચ કેસારી રંગલો

૯૨. રેંટિયો શેર સુતર કાંતે એના ઝીણા તાર નીકળે
રેંટિયો શેર સૂતર કાંતે, કસુંબી રંગ લ્યો,



એનાં ઝીણા તાર નીકળે, કસુંબી રંગ લ્યો,
એની મેક્સી સીવડાવો, કસુંબી રંગ લ્યો,
મેક્સી રમેશને પેરાવો, કસુંબી રંગ લ્યો,
મય બે બાબલા બેસાડો, કસુંબી રંગ લ્યો,
બાબલા મમ્મી પપ્પા બોલે, રમેશનાં મનડાં ડોલે, કસુંબી રંગ લ્યો,
રેંટિયો શેર સુતર કાંતે, કસુંબી રંગ લ્યો,
એની સ્કટમીડી સીવડાવો, કસુંબી રંગ લ્યો,
સ્કટમીડી રમેશને પેરાવો, કસુંબી રંગ લ્યો,
મય બે મીંદડા બેસાડો, કસુંબી રંગ લ્યો,
મીંદડા મ્યાઉં મ્યાઉં બોલે, રમેશના મનડાં ડોલે, કસુંબી રંગ લ્યો,
રેંટિયો શેર સુતર કાંતે, કસુંબી રંગ લ્યો,
એનો પંજાબી ડ્રેસ સીવડાવો, કસુંબી રંગ લ્યો,
પંજાબી ડ્રેસ રમેશને પેરાવો, કસુંબી રંગ લ્યો,
મય બે વાંદરા બેસાડો, કસુંબી રંગ લ્યો,
વાંદરા હૂપ હૂપ બોલે, રમેશનાં મનડાં ડોલે, કસુંબી રંગ લ્યો.

૯૩. ઢમક ઢોલકી વાગછ પરાગડો જમય ઘેર ઘેર નાચ છ,
આવતા આવતા ભૂલો પડ્યો ઘાંચજાના ઘરમાં પેસી ગયો,
ઘાંચજાના ઘરમાં પેસી ગયો અસ્ત્રો ફેરવતાં શીખી ગયો,
ઢમક ઢોલકી વાગછ પરાગડો જમય ઘેર ઘેર નાચ છ,
આવતા આવતા ભૂલો પડ્યો ચમારના ઘરમાં પેસી ગયો,
ચમારના ઘરમાં પેસી ગયો છરી ફેરવતાં શીખી ગયો,
ઢમક ઢોલકી વાગછ પરાગડો જમય ઘેર ઘેર નાચ છ,
આવતા આવતા ભૂલો પડ્યો ......ના ઘરમાં પેસી ગયો,
......ના ઘરમાં પેસી ગયો ઢોલકી વગાડતાં શીખી ગયો.

૯૪. મારો ઘુઘરો રે અમદાવાદથી મંગાવો, ઘમ્મર ઘુઘર વાગે રે,
વીન્યાન ટાંટીયે બંધાવો, ઘમ્મર ઘુઘર વાગે રે,
વીન્યો થેક થેક નાચે, ઘમ્મર ઘુઘર વાગે રે,
વીન્યાની સુતી બેની જાગે, ઘમ્મર ઘુઘર વાગે રે,
એતો જાગે એવી માંગે, ઘમ્મર ઘુઘર વાગે રે.

૯૫. એક સોયોને સૂતળી મંગાવો રે,
ઓલ્યા રમેશનું નાક વીંધાવો રે,
એનું નાક નાનું ને નથણી મોટી રે,
એને ઘમઘમતો ઘાઘરો પેરાવો રે,

એને કડકડતું કાપડું પેરાવો રે,
એને સડસડતો સાડલો ઓઢાડો રે,
એને ગાંફના ચોકમાં નચાવો રે,

૯૬. જજો કૈલાસબેન સાસરે જરા માપમાં રેજો,
સસરો ભાળી ઘુંઘટ તાણજો, સાસુડીને પાયે પડજો,
જેઠ ભાળી ઝીણુ બોલજો, જેઠાણીના વાદે ના વદજો,
દિયર ભાળી ડોળા કાઢજો, દેરાણીને ગોદો મારજો.

૯૭. સુરતની છોડિયું અમને પૂછે ગાંફના છોકરા કેવા છે.
હાથમાં પુસ્તક ને કાંડે ઘડિયાળ તમને રાખે તેવા સે
સુરતની ડોશિયું અમને પુછે ગાંફના ડોશા કેવા છે.
આટીયાળી પાઘડી ને હાથમાં લાકડી તમને રાખે એવા સે.

૯૮. કાળી કાળી વાદળીમાં વિમાન ચાલે, નીચેની દુનિયા જોયા કરે,
ભણેલા મનહરસિંગ છાપા વાંચે, અભણ મીનાવહુ સમાચાર પૂછે,
કાળી કાળી...
ભણેલા હિંમતભાઈ ઘડિયાળ બાંધે, અભણની છોકરી ટાઈમ પૂછે,
કાળી કાળી...
ભણેલા અનિલભાઈ કપડાં પહેરે, અભણની છોકરી ઈસ્ત્રી કરે.

૯૯. આવડી વાર ચ્યાં લાગી ગજરાના વર, (૨)
બેની વેચવા ગ્યોતો ગજરાના વર (૨)
ત્રણ દરવાજા વેચી ગજરાના વર, (૨)
દેગડુ રૂપિયા લાયો ગજરાના વર (૨)
તેનું પૈણવા આયો ગજરાના વર, (૨)
પૈણવું હોય તો પૈણ નૈતર વેલુ પાછી વાળ ગજરાના વર (૨)
આવડી વાર ચ્યાં લાગી ગજરાના વર, (૨)
માડી વેચવા ગ્યોતો ગજરાના વર (૨)
ત્રણ દરવાજા વેચી ગજરાના વર, (૨)
ત્રણસો રૂપિયા લાયો ગજરાના વર. (૨)

૧૦૦. આંબા પાસે આંબલડીને લળી રે કોયલડી
રસ રોટલી જમી રે મારે જસુબેનના દાદા
ગોટલા સોટલા સુસે રે ઓલા ચંદુ બનેવીના દાદા
આંબા પાસે આંબલડીને લળી રે કોયલડી



## પ્રકરણ-૫

## સામંતશાહીના પડછાયા અને આપણાં આ ગીતોમાં એના પડઘા

૧૦૧. ગરબો મારો ગરબરિયો (લાડકો) પરઘેર રમવા જાય,
ભાઈ મારો ગરબો લો
કયો ભાઈ ગરાસિયો પાઘડીમાં રાખે ફૂલ, ભાઈ મારો ગરબો લો,
સુનીલભાઈ ગરાસિયો પાઘડીમાં રાખે ફૂલ, ભાઈ મારો ગરબો લો,
કઈ વહું ગરાસણી ફરતે વીણે ફૂલ, ભાઈ મારો ગરબો લો,
સરોજ વહું ગરાસણી ફરતે વીણે ફૂલ, ભાઈ મારો ગરબો લો.

**મરસિયા :**

૧૦૨. જળ મોરિયા રે આયો મરણ તારા કેરના જળ મોરિયા રે,
આય વહી જશે રે જળ મોરિયા,
જળ મોરિયા રે દાંતણવેળા વહી જશે રે જળ મોરિયા રે,
આય રે મરણ તારા ઘેરના રે, જળ મોરિયા રે,
જળ મોરિયા રે નાવણ તાર ઘેરના રે, જળ મોરિયા રે,
ભોજન વહી જશે રે જળ મોરિયા રે,
પોઢણ વેળા વહી જશે રે જળ મોરિયા રે
આરે મરણ તારા કેરના રે જળ મોરિયા રે
હાય, હાય નાડી (નારી) તૂટી હાય, હાય.

૧૦૩. વહેલી પરોઢમાં મરઘો બોલીયો રે એક રોજમાં,
હાય, હાય, હાય, હાય
મરઘ એમના ઘરન જગાડિયા
હાય, હાય, હાય, હાય
છેલ્લી વારકા જુહાર રે અવ નઈ આવુ તારા બારણે રે
હાય, હાય, હાય, હાય
મરઘ એમના કુટુંબન જગાડિયા
કુટુંબકા છેલ્લુકા જુહાર રે અવ નઈ આવુ તારા બારણે રે.

૧૦૪. લીલી પીળી વાદળીય ઘીસાય, સાય સજન કેવયું,
ભઈ ડોશી તુ મારો વીર, અવ નંઈ આવું તારા મેલમાં,
કાળે કાળે મોતીડાની જોડ, આજ મારા ફલાણા ભઈ ઘેર ના
લીલી પીળી...
ભઈ સોનીડા તુ મારો વીર, અવ નંઈ આવું તારા મેલમાં,
કાળે કાળે ખૂંપીયાની જોડ, આજ મારા ફલાણા ભઈ ઘેરના

લીલી પીળી...

ભઈ માળીડા તું મારો વીર, અવ નંઈ આવું તારા મેલમાં,
કાળે કાળે ચૂંદડીની જોડ, આજ મારા ફલાણા ભઈ ઘેરના
લીલી પીળી...

## પ્રકરણ-૬
## સ્ત્રીઓ અને ધર્મશ્રદ્ધા

૧૦૫. રામ લક્ષ્મણ વનમાં ચાલ્યા સાથે સીતા નારી (૨)
સાથે ના આવશો તમે પ્રાણપતિ પ્યારી
પતિવંતા પાડી લેજો જનક કુમારી
વનમાં તમે બેસણ માંગો વનમાં બેસણ ક્યાંથી (૨)
ત્યાં નથી સાગવાશી પ્રાણપતિ પ્યારી
પતિવંતા પાડી લોને જનક કુમારી (૨)
વનમાં તમે દાતણ માંગો વનમાં દાતણ ક્યાંથી (૨)
ત્યાં નથી આવળ બાવળ પ્રાણપતિ પ્યારી
પતિવંતા પાડી લોને જનક કુમારી (૨)
રામ લક્ષ્મણ વનમાં ચાલ્યા સાથે સીતા નારી
સાથે ના આવશો તમે પ્રાણપતિ પ્યારી
પતિવંતા પાડી લોને જનક કુમારી (૨)
વનમાં તમે નાવણ માંગો વનમાં નાવણ ક્યાંથી (૨)

૧૦૬. મારે ઘેર કેળ ચંપો ને મરવો, ડોલર લહેરા રે હો જાવને
આજ પછી સીતાજી રામને કહેશેય, ઉતારા કરતા રે હો જાઓને
ઉતારા કેમ કરુ ઓ નારી, આજ મારી વનવાસની છે વારી...
આજ પછી સીતાજી રામને કહેશેય, દાતણ કરતા રે હો જાઓને
દાતણ કેમ કરુ ઓ નારી, આજ મારી વનવાસની છે વારી...
આજ પછી સીતાજી રામને કહેશેય, નાવણ કરતા રે હો જાઓને
નાવણ કેમ કરુ ઓ નારી, આજ મારી વનવાસની છે વારી...
આજ પછી સીતાજી રામને કહેશેય, ભોજન કરતા રે હો જાઓને
ભોજન કેમ કરુ ઓ નારી, આજ મારી વનવાસની છે વારી...
આજ પછી સીતાજી રામને કહેશેય, મખવાસ કરતા રે હો જાઓને
મખવાસ કેમ કરુ ઓ નારી, આજ મારી વનવાસની છે વારી...

૧૦૭. જગમાં દુઃખની પાછળ મરજો, છાંય છાંય છાંય...
રમતા હસે રામ સીતાના મનમાં રમતાં વસે શ્રીરામ



ક્યો તો સીતાજી ચૂંદડી લઈ આપું, છોડી દો રામનું નામ,
સીતાના મનમાં...
સીતામાતાએ મઢી બનાવી તેમાં રહે છે સીતામા,
સાધુનો વેશ લઈ રાવણ આવ્યો, ભિક્ષા દીયો સીતામા,
સીતાના મનમાં...
થાળ ભરીને સીતા વનફળ લાવ્યા, ભીક્ષા લીયોને મહારાજ,
સીતાના મનમાં...
ક્યો તો સીતાજી હારલો ઘડાવી દઉં, છોડી દો રામનું નામ,
સીતાના મનમાં...
તારાતે હારલાને પથ્થર પછાડું, નહીં છોડું રામનું નામ,
સીતાના મનમાં...

૧૦૮. અવળી ગંગા સવળા નીર વહુના ઘેર સાસુ બેસવા જાય (૨)
વહુ રે વહુ મારા સવળી વહુ લખજો રે લંકાના હુરા (૨)
કાનેન હાંભર્યા કદી નજરે ના નીરખ્યા રાજા લખવી લંકાના હુરા (૨)
સાસુ ન તો રીહુ સડી હળવણ હળવળ હાલ્યા જાય (૨)
વહુ રે વહુ મારી અરજી રે લંકા લછી બતાવું (૨)
પાણી ભરતાં પાણીઆરી લખી છાણ વીણતા સોકરા લછ્યા (૨)
દાતણ કરતા ડોસી લછી તલવાઢતા ડોહલિયો લછ્યો (૨)
તલ વાઢતા ડોહલિયો લછ્યો હળ હાંકતા હળિયારો લછ્યો (૨)
હળ હાંકતા હળિયારો લછ્યો ભાત આપતા ભાતિયારો લછ્યો (૨)
ભાત આલતા ભાતિયારણ લછી છાણ વીણતા સોકરા લછ્યા (૨)
ભીના પોતિયે બ્રાહ્મણ લછ્યો રામ લક્ષ્મણ બે બંધવા લછ્યા (૨)
રામ લક્ષ્મણ બે બંધવા લછ્યા રાવણ સરખો મેઘો લછ્યો (૨)
રાવણ સરખો મેઘો લછ્યો, ચાંદો સુરજ બે સખીયા લછ્યા (૨)
ચાંદો સૂરજ બે સખીયા લછ્યા નવ લાખ રે ચાંદલિયુ લછી (૨)
નવલાખ રે ચાંદલિયુ લછી છપ્પન લાખ રે તારલિયા લછ્યા (૨)
વહુ રે વહુ મારી બયજી રે લંકા લખી બતાવુ (૨)
રામે સકરા બીન આવીયા રે માતા કાગળ તેણે લછ્યા
હું ના જાણુ મારા રામજી રે કાગળ સીતાએ લછ્યા
લખાવો લખાણ બંધેવા રે સીતા ન વનવાસ આપો (૨)
સારે બાજ્યા સારે ભળીયા રે અમને વનવાસ આપો (૨)
નથી પોઢ્યા નથી છકાજીયા રે સીતાને વનવાસ આપો (૨)
કાળા બળદ કાળા હેલડા રે સીતાને વનવાસ આપો (૨)

કાળા વેલડા કાળો ઘોડલા રે સીતાને વનવાસ આપો (૨)
રખેવાળો રખેવા બંધેવા વનમાં બીકુ બહુ લાગ (૨)
ધરતીમા જાવો જનક માડી રે મગન મગન રીજો (૨)
ધરતીમા કા મારી માવડી રે મગન મગન રીએ (૨)
ધરતીમા કાણા ફાટીયા રે સીતા સમાઈ રે ગયા (૨)
તાંથી તે લખણ દોડીયો રે સીતાનો સોટલો તે ઝાલ્યો.

૧૦૯. ઠાકોર ફૂલવાડીમાં ઊતર્યા રે લોલ (૨)
ઠાકોર દાતણ લેવાય ઘેર આવજો રે લોલ (૨)
દાતણ આલુ હરિને હાથ, ગોકુલ ગામ, મદરો માનજો રે લોલ (૨)
ઠાકોર ફૂલવાડીમાં...

ઠાકોર નાવણ લેવાય ઘેર આવજો રે લોલ (૨)
નાવણ આલુ હરિને હાથ, ગોકુલ ગામ, મદરો માનજો રે લોલ (૨)
ઠાકોર ફૂલવાડીમાં...

ઠાકોર ભોજન વેળાએ ઘેર આવજો રે લોલ (૨)
ભોજન આલુ હરિને હાથ, ગોકુલ ગામ, મદરો માનજો રે લોલ (૨)
ઠાકોર ફૂલવાડીમાં...

ઠાકોર પોઢણ વેળાએ ઘેર આવજો રે લોલ (૨)
પોઢણ આલુ હરિને હાથ, ગોકુલ ગામ, મદરો માનજો રે લોલ (૨)
ઠાકોર ફૂલવાડીમાં...

ઠાકોર મુખવાસ વેળાએ ઘેર આવજો રે લોલ (૨)
મુખવાસ આલુ હરિને હાથ, ગોકુલ ગામ, મદરો માનજો રે લોલ (૨)

૧૧૦. જોષી માર જોસ રે જુઓને અમને કયા દહાડે મળશે ઘેલો કાન
સુખડા અમારા વાલ, રાઈ, મગ જેવડાને
દુઃખડા છે મેરુ સમાન... જોષી મારાં
દુઃખડાની મારી હું તો દુબડી રે થઈ છું ને
થાકીને થઈ છુ પીળી પાન... જોષી મારા
કહીને કહીને તમને કેટલુક કહીએ
ભૂલી બેઠા શુ ભાન... જોષી માર
પ્રીત કરીને વાલે પાગલ કીધાં
બાણે વિંધ્યા છે મારા પ્રાણ... જોષી મારે
મીરાંબાઈ કહે વાલા ગિરીધર નાગર
પરણોની દાસ છું હું શ્યામ... જોષી માર
લોચનિયું સુનુ એવું કાજળ રે વિના
મારી દેહ રે સુની હરીના ભજન વિના.



૧૧૧. વાલ નિંદર ભરી રથ જોડીયા (૨) વાલો પરદેશી ફુલ લાવીયા (૨)
લાવી રોપ્યુ રાધાજીના આંગળિયે ફૂલ ફાલ્યુ સ દશવીસ પાંખળિયે
વાલે છાબ ભરીને ફૂલ વીણીયા વાલે ભરી રે સભામાં પગ પાડીયા
વાલે સવન (સહૂને) તે આલ્યા સંભાળીને રાણી રાધાજીને મેલ્યા વીસારીને
જાવ જાવ રે જૂઠેરા નહિ રે બોલુ માતા જસોમાના જાયા સાથે નહિ બોલુ
વાલે નિંદર ભરી રથ જોડીયા વાલો પરદેશી ફૂલ લાવીયા (૨)
લાવી રોપ્યુ રાધાજીના આંગળિયે ફૂલ ફાલ્યુ સ દશવીસ પાંખળિયે
વાલે છાબ ભરીને ફૂલ વીણીયા વાલે ભરી રે સભામાં પગ પાડીયા
વાલે સવન (સહુ) તે મેલ્યા વીસારીને રાણી રાધાજીને આલ્યા સંભારીને
આવો આવો રે છોગાળા હસી બોલી બેની સુભદ્રાના વીરા સાથે હસી બોલી
લાવો લાવો રે ગોળિયા ગા દોવી માતા જસોમાના જાયા સાથે ગા દોવી.
લાવો લાવો રે સૂપડા તલ સોવી બેની સુભદ્રાના વીરા સાથે તલ સોવી.

૧૧૨. ભાઈ ભજન મળી તલવાર રાધે ગોવિંદા (૨)
રામ ભજો તો બેડો પાર રાધે ગોવિંદા
નરસિંહ મહેતાએ ભજ્યા રામ રાધે ગોવિંદા
ભાઈ ભજન મળી તલવાર રાધે ગોવિંદા
રામ ભજો તો બેડો પાર રાધે ગોવિંદા
ભક્ત પહેલા જ ભજીયા રામ રાધે ગોવિંદા
પીતાનો પડ્યો માર રાધે ગોવિંદા.

૧૧૩. પ્રભુ જન્મારો મારો લખજે રે, પરભુ લાંબા લખજે લેખ,
મોંઘો મનખો ફરી નંઈ મળે રે (૨)
પરભુ બાપ વના શી બેટડી રે (૨),
પ્રભુ માય વના શા લાડ, મોંઘો મનખો ફરી નંઈ મળે રે (૨)
પરભુ ભઈ વના શી બેનડી રે (૨),
પરભુ ભોજઈ વના શા હેત, મોંઘો મનખો ફરી નંઈ મળે રે (૨)
પરભુ સસરા વના શા સાસરા રે (૨),
પરભુ સાસુ વના શી શીખ, મોંઘો મનખો ફરી નંઈ મળે રે (૨)
પરભુ જેઠ વના શા ઘૂંઘટા રે (૨),
પરભુ જેઠાણી વના શો વાદ, મોંઘો મનખો ફરી નંઈ મળે રે (૨)

૧૧૪. હેલ રે ભરીને હુંતો હાલું રે ઉતાવળી,
માર હૈયે હરખ ન માંય રે, માર ઘેર પ્રભુ પધાર્યા (૨)
મારા પ્રભુન ઉતારા જોવશું, (૨)
ઉતારા ઓરડા દેશું રે. માર ઘેર... હેલ રે ભરીન...
મારા પ્રભુન દાતણ જોવશું, (૨)

દાતણ દાડમી દેશુ રે. માર ઘેર... હેલ રે ભરીન...
મારા પ્રભુન ભોજન જોશું, (૨)
ભોજનમાં કંસાર દેશું રે. માર ઘેર... હેલ રે ભરીન...
મારા પ્રભુન પોઢણ જોશું, (૨)
પોઢણ ઢોલીયા દેશું રે. માર ઘેર...

૧૧૫. રાતે નીંદરા દિવસે કામ ચ્યારે ભજશુ શ્રીભગવાન
એક એક પળ જાય લાખની રે
તુતો માળા રે જપી લે રાધેશ્યામની
ભક્તિ સે ખાંડાની ધાર, નથી ઉંઘણસીના કામ
મન બનાવો ભક્તિભાવથી
એ જીવન ધન્ય રે બનાવો ભક્તિભાવથી રે
તુતો માળા રે જપી લે રાધેશ્યામની.

૧૧૬. સૈયર ચાલોને જાવી કાશીએ રે...
દીકરીને ઓળાવો ઈના સાસરે રે...
દીકરાને લેજો રે સંગાથ સૈયર ચાલોને જાવી કાશીએ રે...
વાછરડાંને મેલો રે વઢીયાર મા રે...
ગાયને લેજો રે સંગાથ સૈયર ચાલોને જાવી કાશીએ રે...
કાનાજીનો થાશે દિવડો રે.
ગાયેનું થાશે રે પૂજાન સૈયાર ચાલોને જાવી કાશીએ રે...
કાનાજીનો થાશે દિવડો રે.
દૂધનુ થાશે રે પૂજાન સૈયર ચાલોને જાવી કાશીએ રે...

૧૧૭. હુ શોધી રહ્યો ભગવાન મારે કોનુ ધરવુ ધ્યાન (૨)
પથ્થરના મંદિર બનાવ્યા પથ્થરના ભગવાન
બન્યા પૂજારી પથ્થર જેવા કેદ કિધા ભગવાન
મારે કોનુ ધરવુ ધ્યાન કર્મ હિન અમે અશ્પૃશ્ય જન્મ્યા
અમથી હરિ અભડાઈ હરિજનથી હરિ દુર વસે તો (૨)
દર્શન કદી નવ થાય... મારે કોનુ
કોઈ કહે એ રામ-સીતાને કોઈ કહે ઘનશ્યામ
લેખ લખે એ માનવી કેવાં
લાખો જુબ્ભે તારા નામ મારે કોનુ ધરવુ ધ્યાન.

૧૧૮. પ્રભુ મારા દુ:ખનો દાડો પ્રભુ મારી વેળા વાળો,
બાર રૂપિયે હું બાયડી લાયો, તરત માંદી થઈ,
જેમ તેમ કરીને દવા કરીન તો છોકરા થાય નય, પ્રભુ મારા...



જેમ તેમ કરીને છોકરાં થયાં તાર ધાવણ આવ નયં,
જેમ તેમ કરીને ધાવણ આયું તાર છોકરો ધાવ નંઈ, પ્રભુ મારા...
બાર રૂપિયે હું ચોકઠું લાયો તાર મોઢ દાંત નય,
જેમ તેમ કરીને ખેતી કરી તાર દોઢસેર ડાંગર થઈ,
પ્રભુ મારા દુ:ખનો દાડો તમે મારી વેળા વાળો,
આખા દિવસથી તરસ્યો ફરું તોય પાણી મળ નઈ,
એક જગ્યાએ મશીન ફર તાર છીંડું જડ નઈ, પ્રભુ મારા...
આખા દિવસથી ભૂખ્યો મરું પણ રોટલા આવડ નઈ,
જેમ તેમ કરીન રોટલો ઘડ્યો તાર તાવડી ફૂટી ગઈ, પ્રભુ મારા...
આખા દિવસનો ચા વનો ફરું પણ ચા ખાંડ મળ નઈ,
ચા મળ્યો તાર રકાબી ફૂટી ગઈ.

**પોતીકો ધર્મ – પોતીકી શ્રદ્ધા – પોતીકાં દેવી-દેવતાં :**

૧૧૯. હેલો મારો સાંભળો રે રણુજાના રાજા
હુકમ કરો પીર જાત્રાએ થાય, મારો હેલો સાંભળો
રણુજાના રાજા, યજમલજીના બેટા, રાણી હેતલનો ભરથાર, મારો હેલો...
ઊભી ઊભી અબળા કરે પોકાર, વાણિયો ને વાણિયણ જાત્રાએ જાય...
હે લીલુડો ઘોડલો કરો સાબદો,
હે વાણિયાનો માલ તમે કેટલા દાડે ખાઓ...
હે જાવ જાવ ચોર તમે કેટલે તે જાવ,
હે વાણિયાનો માલ તમે કેટલા દાડે ખાઓ...
હે સોગટે રમતા પીરને કાને ગયો અવાજ,
ઊભી ઊભી અબળા કરે પોકાર...
હે મારી નાખ્યો વાણિયાને માલ લઈ ગયા ચોર,
હે વાણિયાનો માલ તમે કેટલા દાડા ખાઓ.

૧૨૦. ધોળી ધજાયુને ધોળા રે દેવળ, ધોળી પીરની શેજુ જી રે,
અમર દીવો અમ મશાનો
આંધળા રે પોકારતા રે આવે આંધળાને આંખ્યુ આલે જી રે... અમર...
વાંઝિયા રે પોકારતા રે આવે વાંઝિયાને પારણા બંધાવો જી રે... અમર...
દુ:ખિયા રે પોકારતા રે આવે દુ:ખિયાની ભીડ્યું ભાંગજો જી રે... અમર...

૧૨૧. ગઢપીર બાવાના ડંકા વાજીયા રે વાજ્યા
વરસડા શહેરની માય ગઢપીર વેલેરા પધારજો
પીરને ઉતારા દેસુ ઓરડા રે...
પીરને દેસું મેડીના મોલ... ગઢપીર વેલેરા...

પીરને દાતણ દેસું દાડમી રે...
પીરને દેસું કનેરી કાન... ગઢપીર વેલેરા...
પીરને નાવણ દેસું કુંડીયું રે...
પીરને દેસું જમનાના નીર... ગઢપીર વેલેરા...
પીરને ભોજન દેસું ચૂરમા રે...
પીરને દેસું ગૌરીના ઘી... ગઢપીર વેલેરા...

૧૨૨. તારા હરગવાડામાં આંબાને આંબલી
દાદા સવગણને બોડી બજાર રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
પાવા ઝાંઝરકાની બોડી બજારે સવગણદાદા
વયકુંઠથી મેમાન આવીયા,
તારા સાધુડાને ઉતારા ઓરડા,
માતા સવગણ ને મેડીના મોલ રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
તારા સાધુડાને દાંતણ દાડમી,
દાદા સવગણને કનેરીની કાન રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
તારા સાધુડાને નાવણ કુડીયું
દાદા સવગણને ઝીલણીયાં કલાઈ રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
તારા સાધુડાને ભોજન લાબસી
દાદા સવગણને સાકરીયો કંસાર રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
તારા સાધુડાને મખવાસ-સોપારી
દાદા સવગણને બાંધેલા બીડા રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
તારા સાધુડાને પોઢણ ઢોલીયા
દાદા સવગણને હિંડોળા ખાટ રે સવગણ દાદા
વયકુંઠથી મેમાન આવીયા
તારા હરગવાડામાં આંબાને આંબલી.

**દેવીપૂજા :**

૧૨૩. છલકાતું આવે બેડલું મલકાતી આવે નાર રે મારી સાહેલીનું બેડલું (૨)
મારા ગામના સુથારી રે વીરા તમને વીનવું (૨)



મારી માંડવડી ઘડી લાય રે, મારી સાહેલીનું બેડલું (૨)
છલકાતું આવે બેડલું...
મારા ગામનાં રંગારી રે વીરા તમને વીનવું (૨)
મારી માંડવડી રંગી લાવ રે, મારી સાહેલીનું બેડલું (૨)
છલકાતું આવે બેડલું...
મારા ગામના કુંભારી રે વીરા તમને વીનવું (૨)
મારા કોડીયા ઘડી લાય રે, મારી સાહેલીનું બેડલું. (૨)
છલકાતું આવે બેડલું...
મારા ગામના પીંજારી રે વીરા તમને વીનવું (૨)
મારી દિવેટીયું પૂરી લાવે રે, મારી સાહેલીનું બેડલું. (૨)

૧૨૪. માનો ગરબો રે રમે રાજને દરબાર, રમતો ઘૂમતો રે ગયો સુતારીને ઘેર
ઓલી સુતારીની નાર તુ તો સૂતી હોય તો જાગ,
માના ગરબે રે રૂડી માંડવડી ઘડી લાય
માનો ગરબો રે રમે રાજને દરબાર, રમતો ઘૂમતો રે ગયો લુહારીને ઘેર
ઓલી લુહારીની નાર તુ તો સૂતી હોય તો જાગ,
માના ગરબે રે રૂડી માંડવડી જડી લાય
માનો ગરબો રે રમે રાજને દરબાર, રમતો ઘૂમતો રે ગયો રંગારીને ઘેર
ઓલી રંગારીની નાર તુ તો સૂતી હોય તો જાગ,
માના ગરબે રે રૂડી માંડવડી રંગી લાય
માનો ગરબો રે રમે રાજને દરબાર, રમતો ઘૂમતો રે ગયો કુંભારીને ઘેર
ઓલી કુંભારીની નાર તુ તો સૂતી હોય તો જાગ,
માના ગરબે રે રૂડા કોડિયા ઘડી લાય
માનો ગરબો રે રમે રાજને દરબાર, રમતો ઘૂમતો રે ગયો પીંજારીને ઘેર
ઓલી પીંજારણની નાર તુ તો સૂતી હોય તો જાગ,
માના ગરબે રે રૂડી દિવેટો વણી લાય.

૧૨૫. ગુલાબવાડી ગુલાબવાડી ચૌટા વચ્ચે રોપો રે,
પહેલુ ગુલાબ મારુ પહેલુ ગુલાબ મારુ ચોટીલા મોકલાવો રે
ચોટીલાવાળા ચોટીલાવાળા ચામુંડા વ્હેલા આવો રે,
નહિ રે આવો તો માડી (૨) લાજુ તમારી જાસે રે
બીજુ ગુલાબ મારુ (૨) પાવાગઢ મોકલાવો રે,
પાવાગઢથી પાવાગઢથી મા કાળી વ્હેલા આવો રે
નહિ રે આવો તો માડી (૨) લાજુ તમારી જાસે રે,
ત્રીજુ ગુલાબ મારુ (૨) કોયલા ડુંગર મોકલો રે

કોયલા ડુંગરથી (૨) હર્ષદ વહેલા આવો રે,
નહિ રે આવો તો માડી (૨) લાજુ તમારી જાસે રે
ચોથુ ગુલાબ મારુ (૨) ભાવનગર મોકલાવો રે,
ભાવનગરથી (૨) ખોડિયાર વ્હેલા આવો રે
નહિ રે આવો તો માડી (૨) લાજુ તમારી જાસે રે, ગુલાબવાડી (૨)
ચૌટા વચ્ચે રોપો રે
પાંચમુ ગુલાબ મારુ (૨) આરાસુર મોકલાવો રે, આરાસુરના (૨)
અંબે મા વ્હેલા આવો રે
નહિ રે આવો તો માડી (૨) લાજુ તમારી જાસે રે.

૧૨૬. અંબેમાની ચૂંદડી નવ નવ રંગની,
નવ નવ રંગમાં ને જુદી જુદી ભાતમાં, અંબે...
એરે ચૂંદડીએ કીયા રાજા મોયા, એરે ચૂંદડીએ પત્તય રાજા મોયા,
પત્તય રાજા મોયા એના પાવાગઢ ખોયા... અંબે
એરે ચૂંદડીએ કીયા રાજા મોયા, એરે ચૂંદડીએ રાજા રાવણ મોયા,
રાજા રાવણ મોયા એના ધડ-મસ્તક ખોયા... અંબે
એરે ચૂંદડીએ કીયા રાજા મોયા, એરે ચૂંદડીએ રાજા માંડલીક મોયા,
રાજા માંડલીક મોયા એના રાજપાટ ખોયા... અંબે

૧૨૭. પાળેથી ચકલી થઈને ફરે તાંતણીયાવાળી ખોડીયાર માડી રે...
માથે મટુકડીને હાલી આવું આરાસુરમાં થતી આવું,
આરાસુરમાં થતી આવું અંબેમાને મળતી આવું, માથે મટુકડીને...
ચોટીલામાં થતી આવુંને ચામુંડા માને મળતી આવું,
માથે મટુકડીને હાલી આવુંને પાવાગઢ થતી આવું,
પાવાગઢ થતી આવુંને કાળકામાને મળતી આવું.

૧૨૮. તાંતણિયા ધરા વાળા ખોડલ મા (૨)
બોલાવે તમારો બાળ ખોડિયાર આવોને રમવા (૨)
માના મંદિરીએ વાંઝિયારે આવતા (૨)
વાંઝિયાને પારણા બંધાય ખોડિયાર આવોને રમવા (૨)
તાંતણિયા ધરા વાળા ખોડલ મા બોલાવે
તમારો બાળ ખોડિયાર મેલો અબોલડા
સોરુ કસોરુ થાય મારી માવડી કમાવતર ના થાય
ખોડિયાર મેલો અબોલડા
તાંતણિયા ધરા વાળા ખોડલ મા બોલાવે તમારો બાળ
ખોડિયાર આવોને રમવા
માના મંદિરીએ આંધળા રે આવતા (૨)



આંખ્યુ આલો તો ઘેર જાય ખોડિયાર આવોને રમવા
તાંતણિયા ધરા વાળા ખોડલ મા બોલાવે તમારો બાળ
ખોડિયાર આવોને રમવા
નહિ રે આવો તો માડી લાજુ તમારી જસે (૨)
ખોડિયાર આવોને રમવા
તાંતણિયા ધરાવાળા ખોડલ મા બોલાવે તમારો બાળ
ખોડિયાર આવોને રમવા
માના મંદિરીયે પાંગળા રે આવતા પગ આપો તો ઘરે જાય
ખોડિયાર આવોને રમવા
સોરુ કસોરુ થાય મારી માવડી માવતર ના થાય
ખોડિયાર આવોને રમવા
તાંતણિયા ધરાવાળા ખોડલ મા બોલાવે તમારો બાળ
ખોડિયાર આવોને રમવા
માના મંદિરીયે દુખિયારી બેનુ રોતી કકળતી માથુ કુટતિયે આવે
આશ્રય આપો તો ઘેર જાય
ખોડિયાર આવોને રમવા

૧૨૯. મા ખોડલનો રોજોમા, મા ખોડલનો રોજોમા,
વનમાં ચરવા છોડ્યો મા, વનમાં ચરવા છોડ્યો મા,
આભલ વાડે માર્યો મા, આભલ વાડે માર્યો મા,
એક ભડાકે માર્યો મા, એક ભડાકે માર્યો મા,
મા ખોડલનો રોજો મા, મા ખોડલનો રોજો મા,
વનમાં ફરવા છોડ્યો મા, વનમાં ચરવા છોડ્યો મા,
અમરા દૈત્યે માર્યો મા, અમરા દૈત્યે માર્યો મા,
એક ભડાકે માર્યો મા, એક ભડાકે માર્યો મા,
રથડા જોડી આયા મા, રથડા જોડી આયા મા,
રથમાં બેઠા મેલડી મા, રથમાં બેઠા મેલડી મા,
બોકડો માગી લીધો મા, બોકડો માગી લીધો મા,
મા ખોડલનો રોજો મા, મા ખોડલનો રોજો મા,
વનમાં ચરવા છોડ્યો મા, વનમાં ચરવા છોડ્યો મા,
આભલ વાડે માર્યો મા, આભલ વાડે માર્યો મા,
એક ભડાકે માર્યો મા, એક ભડાકે માર્યો મા,
રથડા જોડી આયા મા, રથડા જોડી આયા મા,
રથમાં બેઠા નાગબાઈ મા, રથમાં બેઠા નાગબાઈ મા.

મા ખોડલનો રોજો મા, મા ખોડલનો રોજો મા,
અમરા દૈત્યે માર્યો મા, અમરા દૈત્યે માર્યો મા,
એક ભડાકે માર્યો મા, એક ભડાકે માર્યો મા,
રથડા જોડી આયા મા, રથડા જોડી આયા મા.

૧૩૦. ચક્કરડી ભમ્મરડી માર ઘેર, ઝાઝી રે માયાળુ મા,
ચકરડીનો રમનાર દેજો રે માયાળુ મા,
લાલ પીળા પતંગ માર ઘેર ઝાઝા રે માયાળુ મા,
પતંગનો ઉડાડનાર દોરનો લૂંટનાર દેજો રે માયાળુ મા,
મેવા મીઠા પકવાન માર ઘેર ઝાઝા રે માયાળુ મા,
મમ મમ માંગનાર દેજો રે માયાળુ મા,
લીલા પીળા બુશર્ટ માર ઘેર ઝાઝા રે માયાળુ મા,
બાબાશુટનો પેરનાર દેજો રે માયાળુ મા

૧૩૧. ચક્કરડી ભમ્મરડી મારા ઘેર ઘણી રે દશામા
ચક્કરડીનો રમનાર દેજો રે દશામા
રોટલી કરીને હુતો ઊભી રે દશામા
સાનકીનો માંગનાર દેજો રે દશામા
પાણી રે ભરીને હું તો ઊભી રે દશામા
પાણીનો પીનાર દેજો રે દશામા
ધોયો ધપોયો મારો સાડલો દશામા
છેડાનો ઝાલનાર દેજો રે દશામા
લીપ્યુને ગુપ્યુ મારુ આગણુ દશામા
પગલીનો પાડનાર દેજો રે દશામા
ચક્કરડી ભમ્મરડી મારા ઘેર ઘણી રે દશામા
ચક્કરડીનો રમનાર દેજો રે દશામા.

૧૩૨. દશામાની સાંઢડી આવે દોડતી રે (૨) હે પગમાં ઘુઘરા ઘમ ઘમ થાય
દશામાના નાક પ્રમાણે નથડી રે દશામાને ટીલડીના શણગાર
દશામાના અંગ પ્રમાણે ઘાઘરો રે દશામાને ઓઢણીના શણગાર
દશામાની સાંઢડી આવે દોડતી રે પગમા ઘૂઘરા ઘમ ઘમ થાય
દશામાને હાથ પ્રમાણે ચૂડલો રે દશામાને બંગડીનો શણગાર
દશામાને પગ પ્રમાણે કડલા રે દશામાને કાંબિયુંના શણગાર
દશામાને અંગ પ્રમાણે કાપડું રે દશામાને કાપડાનો શણગાર
દશામાની જય.



૧૩૩. દશામા ચંપે ચઢે ને મરવે ઊતરે
હુ તો જોવુ મારા દશામાની વાટ દશામા ક્યારે આવશે.
દશામા આવો તો ઉતારા આલુ
મારા દશામાને મેડીના મોલ દશામા ક્યારે આવશે
દશામા ચંપે ચઢેને મરવે ઊતરે
હુ તો જોવુ મારા દશામાની વાટ દશામા ક્યારે આવશે
દશામા આવો તો નાવળ કુડીયું
મારા દશામાને મેડીના મોલ દશામા ક્યારે આવશે.
દશામા ચંપે ચઢે ને મરવે ઊતરે.
હુ તો જોવુ મારા દશામાની વાટ દશામા ક્યારે આવશે.
દશામા આવો તો ભોજન લાપસી
મારા દશામા ને સાકરીયો કંસાર દશામા ક્યારે આવશે.
દશામા ચંપે ચઢે ને મરવે ઊતરે
હુ તો જોવુ મારા દશામાની વાટ દશામા ક્યારે આવશે.

૧૩૪. રાતુ રાતુ ફુલડુ અને એથી રાતો રંગ એવો રંગ લાગ્યો મને
દશામાના ધૂનમાં
કોઈ આવે હાથીડે ને કોઈ આવે ઘોડલે. કોઈ આવે પગે ચાલી
દશામાની ધૂનમાં
રાજા આવે હાથીડેને રયત આવે ઘોડલે ને હુ આવુ પગે ચાલી
દશામાની ધૂનમાં
રાતુ રાતુ ફુલડુ અને એથી રાતો રંગ એવો રંગ લાગ્યો મને
દશામાની ધૂનમાં
કોઈ ચઢાવે રોકડો રૂપિયો કોઈ ચઢાવે ફૂલ કોઈ ચઢાવે બીલીપત્ર
દશામાની ધૂનમાં
રાજા ચઢાવે રોકડો રૂપિયો રૈયત ચઢાવે ફૂલ હું ચઢાવું બીલીપત્ર
દશામાની ધૂનમાં
રાતુ રાતુ ફુલડુ અને એથી રાતો રંગ એવો રંગ લાગ્યો મને
દશામાની ધૂનમાં
કોઈ લાવે બરફી પેડા કોઈ લાવે સુકા મેવા કોઈ લાવે સાચા લાડુ
દશામાની ધૂનમાં
રાજા લાવે બરફી પેડા રૈયત લાવે સુકા મેવા હું લાવુ સાચા લાડુ
દશામાની ધૂનમાં
રાતુ રાતુ ફુલડું અને એથી રાતો રંગ એવો રંગ લાગ્યો મને
દશામાની ધૂનમાં

૧૩૫. હાંકો હાંકો દશામા સાંઢ ઘૂઘરા ઘમકે સે
મારે જાવું મુંબઈ શહેર ઘુઘરા ઘમકે સે હાંકો હાંકો દશામા...
મારે જાવું બલોલ શહેર ઘુઘરા ઘમકે સે હાંકો હાંકો દશામા...
મારે જાવું ચાણસમા શહેર ઘુઘરા ઘમકે સે હાંકો હાંકો દશામા...
મારે જાવું ગાંફ શહેર ઘુઘરા ઘમકે સે
મારે જાવું ભાવનગર શહેર ઘુઘરા ઘમકે સે હાંકો હાંકો દશામા...

૧૩૬. દશામા ઊતર્યા ગાંફ ગામની પાળ સરોવર સોહામણો
સખીઓ આવે છે માં તમારા પાળે
દર્શન કરવાને કાજ સરોવર સોહામણો
દશામા ઊતર્યા ગાંફ ગામની પાળ, સરોવર સોહામણાં
કંકુ કેસરના સાથિયા પુરાય માં
સખિયોને આનંદ થાય સરોવર સોહામણાં
વાંઝિયા આવે છે મા તમારા પાળે
વાંઝિયાને પુત્ર દેતા જાવ સરોવર સોહામણાં
દશામા ઊતર્યા ગાંફ ગામની પાળ, સરોવર સોહમણાં
દુખિયા આવે છે માડી તમારા પાળે
દુખિયાને સુખ દેતા જાવ
દશામા ઊતર્યા ગાંફ ગામની પાળ, સરોવર સોહામણાં
આંધળા આવે છે માડી તમારા પાળે
આંધળા ને આંખો દેતા જાવ સરોવર સોહામણાં.

૧૩૭. હું હમણે પાસી આવુ રે દશામા
મારુ ઘર સાચવજો
મારા રેઢા બહારણા ઉઘાડા રે દશામા,
મારુ ઘર સાચવજો
મે ખાધા નહિ એટલા વેર્યા રે
દશામા મારુ ઘર સાચવજો.

૧૩૮. સોળ સોળ સોમવારના બેની વ્રત કર્યા રે લોલ
ઝાઝા કર્યા દશામાના વ્રત જો, દુનિયામાં દુઃખી એક દીકરી રે લોલ
માતા-પિતાની હતી લાડકી રે લોલ
    એની મોટી બેને લડાવેલા લાડ રે લોલ... દુનિયામાં...
કાકા-કાકીની હતી લાડકી રે લોલ
    એની મોટી ફૂઈએ લડાવેલા લાડ રે લોલ... દુનિયામાં...
વીરા-ભાભીની હતી લાડકી રે લોલ
    એની મોટી બેને લડાવેલા લાડ રે લોલ... દુનિયામાં...



## પ્રકરણ-૭

## દલિત અસ્મિતાની આછેરી ઝલક :

૧૩૯. ઘડ ઘડ દોડે ઘોડી પણ સમજી ના શકે કોઈ,
ઘોડલે આ ક્યાં જાય અસવાર મકવાણા,
ચડતા મૂકીને માર્યો, માર્યો પીપળની હેઠ મકવાણા,
ઝટકા દીધા ત્રણ જગાએ, ટુકડા કર્યા ચાર મકવાણે.
ઘોડલીયા સીમને ઠેલો, ભલાજીને છેતરી ઝાલી,
પણ પીધો દલિયા દોડાવીયા કલગી, વીરમનામે ગામ મકવાણા,
વીરમગામની ગાડીયું લૂંટી, કાઢ્યો મુંબઈનો માલ મકવાણા,
પોતળો સૂતર પેર મકવાણા, જીવતા નંઈ આવ ઘેર ઘરાણા,
યુગનો રાખેલ નામ મકવાણા, ઘોડલીયા સીમને ઠેલો,
    ભલાજીન છેતરી ઝાલો
ત્યાંથી ઘોડલીયા દોડાવ્યા કલગી, આયા દેગાવાળા ગામ મકવાણા,
આયા દેગાવાળા ગામ ઘરાણા, સગીબેન બેની મુખથી બોલી,
નવ જઈશ ભઈ એ ગામ ઘરાણા, નવ શિર આવ ઘેર ઘરાણા,
    ઘોડલીયા સીમને...
દારૂ મંગાયો ડભોડા શેરનો, દારૂ પીવડાઈન બેભાન કર્યો કલગી,
નશામાં ના રયું ભાન મકવાણા, જીવતા નંઈ આવ ઘેર ઘરાણા,
    ઘોડલીયા સીમને...
હાંજ પડ્યે એના ઢોલીયા ઢળ્યા, ઘોડી બાંધી ઘરબાર મકવાણા,
દારૂ પીવાડાઈન તેન બેભાન કર્યો, નશામાં ના રયું ભાન મકવાણા,
    ઘોડલીયા સીમને...
સગીબેનીનું કયુ ના માન્યા, દેગાવાળા ગામ ઘરાણા,
ફાંસીએ ચડતા પાંચને માર્યા, નવના કાપ્યા નામ ઘરાણા,
    ઘોડલીયા સીમને...

## પ્રકરણ-૮

## નવી ક્ષિતિજો... નવો ઉઘાડ (ઉપસંહાર)

૧૪૦. ભારે થઈ સે કોંગ્રેસ સરકાર કાયદા ક્યારે ઊઘડશે
ગરીબ જોવે છે, દાદા તમારી રાહુ
તમારી રાહુમાં અકળાઈ જાય કાયદા ક્યારે ઊઘડશે
ભારે થઈસે કોંગ્રેસ સરકાર કાયદા ક્યારે ઊઘડશે
પાંચના મણ ઘઉં બસોએ વેચાય સે

રોટલી સીની બનાવું સરકાર કાયદા ક્યારે ઊઘડશે
રાહુની રાહુ દાદાને જોઉં ઉંમર વહી ગઈ
દસના મણ ચોખા સોયે વેચાય સે
દાળ-ભાત સીના બનાવું સરકાર કાયદા ક્યારે ઊઘડશે
બસોની સાડી, પાંચસોમાં વેચાય સે,
કપડાં સીનાં પેરું રે સરકાર કાયદા ક્યારે ઊઘડશે
મજૂરી કરવા બારે જઈ સીએ
છોકરા સેના ભણાવું સરકાર કાયદા ક્યારે ઊઘડશે
જોઈ તમારી દાદાની વાટું
વાટું જોઈને અકળાઈ વાવટા ક્યારે ફરકાવશે
ભો થઈ સે કોંગ્રેસ સરકાર કાયદા ક્યારે ઊઘડશે.

૧૪૧. ચેટલા વરસ થયા બેની સ્વરાજ મળ્યાને તોયે સુખ નથી આપણા ગરીબને
ગરીબોને રહેવા માટે નાની નાની ઝૂંપડી (૨)
માલદારોને રહેવા માટે મોટા બંગલા (૨)
ચેટલા વરસ થયા બેની સ્વરાજ મળ્યાને તોયે સુખ નથી આપણા ગરીબને
ગરીબોને જમવા માટે ચટણીને રોટલા (૨)
માલદારોને જમવા માટે શીરોને પૂરી (૨)
ચેટલા વરસ થયા બેની સ્વરાજ મળ્યાને તોયે સુખ નથી આપણા ગરીબને
ગરીબોને ઊંઘવા માટે ફાટી તૂટી ગોદડી (૨)
માલદારોને ઊંઘવા માટે ગાદલા તકિયા (૨)
કેટલા વરસ થયા બેની સ્વરાજ મળ્યાને તોયે સુખ નથી આપણા ગરીબને
ગરીબોને ચાલવા માટે પગપાળા (૨)
માલદારોને ફરવા માટે મોટરગાડી (૨)
કેટલા વરસ થયા બેની સ્વરાજ મળ્યાને તોયે સુખ નથી આપણા ગરીબને
પચાસ વરસ થયા બેની સાથે મળ્યાના તોયે સુખ નથી આપણા ગરીબને

❑

# સંદર્ભ સૂચિ


| ક્રમ | ચોપડીનું નામ | લેખકનું નામ |
|---|---|---|
| ૧. | લોકસાહિત્ય ચારણી સાહિત્ય (વ્યાખ્યાઓ અને લેખો) | ઝવેરચંદ મેઘાણી |
| ૨. | પિતૃસત્તાક સમાજ, સંસ્કૃતિ અને સ્ત્રીઓ | ડૉ. નીરા દેસાઈ, શિરાજ બલસારા |
| ૩. | સંત અને લોકસાહિત્ય (કંથસ્થથી ગ્રંથસ્થ) | ડૉ. દલપતભાઈ શ્રીમાળી |
| ૪. | કંકાવટી (ભાગ : ૨) | ઝવેરચંદ મેઘાણી |
| ૫. | લોકસાહિત્યમાં કન્યા-કેળવણી | ખોડીદાસ પરમાર |
| ૬. | બનાસકાંઠાના લોકસંસ્કાર અને લોકવાણી | જયંતીલાલ દવે |
| ૭. | દિવ્ય મંદિર મારાં દેવતાં રે | જોરાવરસિંહ જાદવ |
| ૮. | પિતૃસત્તા એટલે શું ? | કમલા ભસીન |
| ૯. | નારી મુક્તિ સંઘર્ષ સંમેલન, પટના, ૧૯૮૮ના રિપોર્ટમાંથી | |
| ૧૦. | કન્સેપ્ચુ અકાઈઝીંગ બ્રાહનનિકલ પેટ્રીયાર્કી ઇન અલી ઇન્ડિયા જેંડર કાસ્ટ ક્લાસ એન્ડ સ્ટેટ | ઉમા ચક્રવર્તી ઇકોનોમિક એન્ડ પોલિટિકલ વીકલી ૩ એપ્રિલ, ૧૯૯૩. |
| ૧૧. | ગેલ ઓમ વે ? પેટ્રીયાર્કી એન્ડ મેટ્રીયાર્કી ફેમિનિસ્ટ કન્સટટસ | સિરીઝ એસ. એન. ડી. ટી. મુંબઈ. |
| ૧૨. | ભારતમાં સ્ત્રીઓની સ્થિતિ ૧૯૮૪ (અંગ્રેજી) | |
| ૧૩. | ટુવર્ડસ એન્વાયર મેન્ટ ૧૯૮૪ (અંગ્રેજી) | |
| ૧૪. | The Silken Swing (unpublished) | B. S. C. Ahmedabad |
| ૧૫. | Ganesha – Sthapana | S. S. Nitkari The Folk Art of Gujarat |
| ૧૬. | The Reliasious Culture of India (Power, Love & Wisdom) | Fried Helm Hardy. |
| ૧૭. | લોકસાહિત્યની સમાલોચના | ઝવેરચંદ મેઘાણી |
| ૧૮. | લોકસાહિત્ય માળા (૧ થી ૫ ભાગ) | ગુજરાતી લોકસાહિત્ય સમિતિ અમદાવાદ. |
| ૧૯. | ગુજરાતનાં લોકગીતો | ખોડીદાસ પરમાર. |

## Notes on Writer & Contributors

શોભના પરમારે બિહેવિયરલ સાયન્સ સેન્ટર અમદાવાદ દ્વારા ચાલતા પોસ્ટગ્રેજ્યુએટ ફેલોશીપ પ્રોગ્રામ ઈન સોસ્યલ મેનેજમેન્ટ કોર્સ કરેલ છે. તેઓએ આ કોર્સમાં ભણાવવાનું કાર્ય કરેલ છે. હાલમાં તેઓ રિસોર્સ સ્પોર્ટ ટીમમાં સંશોધન અને તાલીમ ઑફિસર તરીકે કાર્ય કરે છે. આ પ્રોજેક્ટનાં તેઓ કો-ઑર્ડિનેટર હતાં.

જ્યોત્સના મેકવાને અર્થશાસ્ત્ર વિષય સાથે એમ.એ.ની પદવી મેળવેલ છે. હાલમાં તેઓ બિહેવિયરલ સાયન્સ સેન્ટરમાં રીસોર્સ સ્પોર્ટ ટીમના મેનેજર તરીકે કાર્ય કરે છે. તેઓ બહેનો, દલિતો, આદિવાસીઓનાં જૂથોને તાલીમો આપવી અને નવાં જૂથો ઊભાં કરી તેમને સક્ષમ બનાવવાનાં કાર્યમાં વિશેષજ્ઞ છે.

ડૉ. સ્વરૂપ ધ્રુવ લોકસાહિત્યમાં પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કર્યા પછી જનવાદી સાહિત્ય તેમજ વિકાસલક્ષી લેખ-સર્જનક્ષેત્રે પ્રવૃત્ત તેઓ 'ઈસુસંઘ'માં ગુજરાતી ભાષા સાહિત્ય અને સંસ્કૃતિનું અધ્યાયન પણ કરતાં આવ્યાં છે. હાલમાં તેઓ 'દર્શન' સંસ્થાના ઉપક્રમે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા સમાજ પરિવર્તન આણવાની દિશામા પ્રવૃત્ત છે.

•••